| ૨ | પાલીતાણા | તા. ૧૨-૮-૧૫ |
| ૩ | શિહોર | તા. ૨૬-૮-૧૫ |
| | ઘોઘા | |
| | ઉમરાળા | |

(૨) તે અન્વયે કઈ એજન્સીને કામ સોંપવામાં આવ્યું,

(૨) નીચે જણાવ્યા મુજબની એજન્સીને કામ સોપવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | એજન્સીનું નામ |
|---|---|---|
| ૧ | ચિત્રા- ભાવનગર | શ્રી ગુરૂકૃપા કન્સ્ટ્રકશન કંપની, રાજકોટ |
| ૨ | મહુવા | |
| ૩ | ગારીયાધાર | |
| ૪ | પાલીતાણા | મે. પટેલ ઈશ્વરલાલ મોહનલાલ મુ. લાઠીદડ |
| ૫ | શિહોર | મા. અને મ. વિભાગ કક્ષાએ ટેન્ડર પ્રક્રિયા બાકીમાં |
| ૬ | ઘોઘા | |
| ૭ | ઉમરાળા | |

(૩) તેમાં કામની ગુણવત્તા બાબતે કેટલી ફરિયાદો મળી, અને

(૩) કોઈ ફરિયાદ મળેલ નથી.

(૪) મળેલ ફરિયાદો અન્વયે શું કાર્યવાહી કરવામાં આવી?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### પંચમહાલ જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે આદર્શ નિવાસી શાળાઓ

* ૨૬૧૯૮ શ્રીમતી નિમિષાબેન સુથાર (મોરવાહડફ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કેટલી આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે,

(૧) ૦ (શૂન્ય).

(૨) તે પૈકી કેટલી કુમાર તથા કન્યાની છે,

(૨) ૦ (શૂન્ય).

(૩) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે, અને

(૩) ૦ (શૂન્ય).

(૪) ઉક્ત શાળાના બાળકોને મુખ્યત્વે શું સવલતો આપવામાં આવે છે ?

(૪) પ્રશ્ન રહેતો નથી.

### વલસાડ જિલ્લામાં બી.પી.એલ. કાર્ડ ધારકોને ચીજ વસ્તુઓનું વિતરણ

* ૨૬૨૫૬ શ્રી કનુભાઈ દેસાઈ (પારડી) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) વલસાડ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બી.પી.એલ. કાર્ડ ધારકોને કઈ ચીજ વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું,

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં બી.પી.એલ. કાર્ડ ધારકોને ઘઉં, ચોખા, ખાંડ, કપાસીયા તેલ, (વર્ષમાં બે વાર), આયોડીનયુક્ત મીઠું, કેરોસીનનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) કયા ભાવથી અને કેટલા પ્રમાણથી વિતરણ

(૨) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક

કરવામાં આવ્યું, અને

વર્ષમાં બી.પી.એલ. કાર્ડ ધારકોને નીચે મુજબના માસિક વિતરણ–પ્રમાણ તથા ભાવે વિતરણ કરવામાં આવેલ છે.

| ક્રમ | જન્સી | માસિક વિતરણ પ્રમાણ | ભાવ રૂ. પૈસા (પ્રતિ કિલો/લીટર) |
|---|---|---|---|
| ૧ | ઘઉં | પ્રતિ કાર્ડ ૧૩ કિલો | ૨.૦૦ |
| | સ્પે. ઘઉં | પ્રતિ કાર્ડ ૧૫ કિલો | ૭.૭૦ (તા.૧–૧–૧૫ થી ૩૦–૪–૧૫) |
| | | | ૭.૩૦ (તા.૧–૫–૧૫ થી ૩૧–૧૨–૧૫) |
| ૨ | ચોખા | પ્રતિ કાર્ડ ૩ કિલો | ૩.૦૦ |
| | સ્પે.ચોખા | પ્રતિ કાર્ડ ૪ કિલો | ૭.૨૦ |
| ૩ | ખાંડ | વ્યક્તિદીઠ ૦.૩૫૦ ગ્રામ તહેવારમાં વર્ષમાં બે વાર પ્રતિકાર્ડ ૧ કિલો | ૧૩.૫૦ |
| ૪ | કપાસીયા તેલ | પ્રતિ કાર્ડ ૧ લીટર (પાઉચ) (વર્ષમાં બે વાર) | ૪૩.૦૦ (પ્રતિ લીટર) |
| ૫ | આયોડીનયુકત મીઠું | *૧ થી ૬ સભ્યો ધરાવતા કાર્ડ માટે – ૧ કિલો *૬ થી વધુ સભ્યો ધરાવતા કાર્ડ માટે – ૨ કિલો | ૧.૦૦ |
| ૬ | કેરોસીન | વ્યક્તિદીઠ ૨ લીટર મહત્તમ ૮ લીટર | ૧૫.૨૦ થી ૧૫.૩૦ |

(૩) કેટલું વિતરણ કરવામાં આવ્યું ?

(૩) તા.૧–૧–૧૫ થી ૩૧–૧૨–૧૫ સુધીમાં બી.પી.એલ. કાર્ડ ધારકોને નીચે મુજબ ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવેલ છે.

| ક્રમ | જન્સી | વિતરણ |
|---|---|---|
| ૧ | ઘઉં | ૭૪૫૦ મે.ટન |
| ૨ | ઘઉં સ્પે. | ૭૬૫૩ મે. ટન |

| | | |
|---|---|---|
| ૩ | ચોખા | ૧૭૯૫ મે.ટન |
| ૪ | ચોખા સ્પે. | ૩૦૮૧ મે. ટન |
| ૫ | ખાંડ | ૧૨૩૧ મે.ટન |
| ૬ | કપાસીયા તેલ (૧ લીટરના પાઉચ) | ૧૫૦૭૪૪ લીટર |
| ૭ | આયોડીનયુકત મીઠું | ૨૧૪૮ મે.ટન |
| ૮ | કેરોસીન | ૧૩૦૪૬ કિલો-લીટર (તમામ નોન ગેસ કાર્ડ ધારકોને) |

બનાસકાંઠા જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાન પ્રવાહની શાળાઓ

* ૨૬૨૦૪ શ્રી પરબતભાઈ પટેલ (થરાદ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે ઉચ્ચતર માધ્યમિક સાયન્સ પ્રવાહની કેટલી આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે, | (૧) ૩ (ત્રણ). |
| (૨) તે પૈકી કેટલી કુમાર તથા કન્યાની છે, અને | (૨) ૦૧ (એક)-કુમાર<br>૦૨ (બે)-કન્યા. |
| (૩) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલા વિદ્યાર્થીઓ અને કેટલી વિદ્યાર્થીનીઓ છે ? | (૩) ૨૭-વિદ્યાર્થીઓ<br>૯૨-વિદ્યાર્થીનીઓ |

જામનગર જિલ્લામાં ટ્રસ્ટ સંચાલિત નોન ગ્રાન્ટેડ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક કન્યા શાળાઓને ગ્રાન્ટેડ કરવાની માગણીઓ

* ૨૬૭૧૦ શ્રી રાઘવજી પટેલ (જામનગર-ગ્રામ્ય) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ જામનગર જિલ્લામાં તાલુકાવાર કઈ ટ્રસ્ટ સંચાલિત નોન-ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કન્યા શાળાઓની ગ્રાન્ટેડ કરવાની માગણીઓ પડતર છે, | (૧) એકપણ નહીં. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત માંગણીઓ પડતર રહેવાના શા કારણો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તેનો ક્યાં સુધીમાં નિર્ણય કરવામાં આવનાર છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

માંગરોળ શહેરમાં આવેલ ઝૂપડપટ્ટીઓની જગ્યાએ પાકા મકાનો

* ૨૫૮૭૫ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ જુનાગઢ જિલ્લાના માંગરોળ શહેરમાં કેટલી ઝૂપડપટ્ટીઓ આવેલી છે, | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ જુનાગઢ જિલ્લાના માંગરોળ શહેરમાં ૧૧ ઝૂપડપટ્ટીઓ આવેલી છે. |
| (૨) ઉક્ત ઝૂપડપટ્ટીઓની જગ્યાએ સરકાર કાયમી પાકા મકાનો બનાવવા માગે છે, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો કેટલા પાકા મકાનો ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ? | (૩) નગરપાલિકા દ્વારા ડીટેલ પ્રોજેક્ટ રીપોર્ટ રજુ થયેથી ઝૂપડપટ્ટીઓના રહીશો માટે પાકા મકાનો બાંધવાની કામગીરી હાથ ધરી શકાશે. |

વડોદરા જિલ્લામાં અભ્યાસ કરતા બાળકોને વાહન સુવિધા

* ૨૬૨૯૬ શ્રી સતીષભાઈ પટેલ (કરજણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|

અતારાંકિત પ્રશ્નો

(૧) રાજ્યમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકો માટે સરકાર તરફથી વાહન સુવિધા આપવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલા બાળકોને વાહન સુવિધા આપવામાં આવેલ છે, અને

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૪-૧૫ બાળકોની સંખ્યા | વર્ષ ૨૦૧૫- ૧૬ બાળકોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ડભોઈ | ૫૮૮ | ૭૫૭ |
| ૨ | કરજણ | ૩૧૦ | ૨૩૯ |
| ૩ | પાદરા | ૨ | ૨ |
| ૪ | સાવલી | ૬૬૭ | ૪૮૩ |
| ૫ | શિનોર | ૧૦૪ | ૨૯૦ |
| ૬ | વડોદરા | ૩૭૫ | ૪૭૫ |
| ૭ | છોટા ઉદેપુર | ૫૧૯ | - |
| ૮ | પાવી જેતપુર | ૯૯૮ | - |
| ૯ | ક્વાંટ | ૧૦૩ | - |
| ૧૦ | નસવાડી | ૭૦૧ | - |
| ૧૧ | સંખેડા | ૩૨૭ | - |
| ૧૨ | ડેસર | - | ૭૫૭ |

નોંધઃ વર્ષ ૨૦૧૪-૧૫માં એસ.એસ.એ. માં વડોદરા જિલ્લો અને છોટાઉદેપુર જિલ્લાની માહિતી સંયુક્ત રાખવામાં આવેલ હોવાથી બંન્ને જિલ્લાની સંયુક્ત માહિતિ રજુ કરવામાં આવેલ છે.

(૩) આ માટે કેટલો ખર્ચ થયો ?

(૩) વર્ષ-૨૦૧૪-૧૫માં રૂ. ૩૭,૭૨,૯૩૦/-
વર્ષ ૨૦૧૫-૧૬માં રૂ. ૭૩,૯૦,૧૬૦/-

રાજકોટ જિલ્લામાં વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના હેઠળ કન્યાઓને બોન્ડ

* ૨૬૨૨૫ શ્રી બાવનજીભાઈ મેતલીયા (ટંકારા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) રાજકોટ જિલ્લામાં વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કેટલી કન્યાઓને બોન્ડ આપવામાં આવ્યા, અને

(૧)

| વર્ષ | કન્યાઓની સંખ્યા |
|---|---|
| ૨૦૧૫-૧૬ | ૨૨૩૧ |

(૨) કુલ કેટલી રકમના બોન્ડ આપવામાં આવ્યા ?

(૨)

| વર્ષ | બોન્ડની રકમ |
|---|---|
| ૨૦૧૫-૧૬ | ૪૪,૬૨,૦૦૦/- |

જૂનાગઢ જિલ્લામાં રાહતદરે ચીજ વસ્તુઓનું વિતરણ

* ૨૬૨૨૯ શ્રી અરવિંદભાઈ લાડાણી (કેશોદ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) જુનાગઢ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે કેટલા ઘઉં, ચોખા તેમજ આયોડીનયુક્ત મીઠાનું તેમજ ખાદ્યતેલનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૧) જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચે મુજબની વિગતે ચીજ વસ્તુઓનું રાહતદરે વિતરણ કરવામાં આવેલ છે.

| અ.નં. | જન્સી | વિતરણ કરવામાં આવેલ જથ્થો |
|---|---|---|
| ૧ | ઘઉં | ૭૫૧૪ મે. ટન |
| ૨ | ચોખા | ૧૧૯૦ મે. ટન |
| ૩ | આયોડીનયુકત મીઠું | ૭૯૫.૪૬ મે. ટન |
| ૪ | કપાસીયા તેલ (૧ લીટરના | ૧૫૧૮૭૨ લીટર |

| | | |
|---|---|---|
| | પાઉચ) | |

(૨) કયા ભાવે વિતરણ કરવામાં આવ્યું ?

(૨) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચે મુજબના પ્રતિ કિલો/લીટરના ભાવે વિતરણ કરવામાં આવેલ છે.

| અ. નં. | જન્સી | ભાવ (પ્રતિ કિલો/લીટર રૂ.પૈસા) |
|---|---|---|
| ૧ | એએવાય-બીપીએલ ઘઉં | ૨.૦૦ |
| ૨ | એએવાય-બીપીએલ ચોખા | ૩.૦૦ |
| ૩ | એએવાય-બીપીએલ- આયોડીનયુકત મીઠું | ૧.૦૦ |
| ૪ | એએવાય-બીપીએલ-કપાસીયા તેલ | ૪૩.૦૦ (પ્રતિ લીટર) |
| ૫ | બીપીએલ સ્પે. ઘઉં (તા. ૧/૧/૧૫ થી તા. ૩૦/૪/૧૫) | ૭.૭૦ |
| | (તા. ૧/૫/૧૫ થી તા. ૩૧/૧૨/૧૫) | ૭.૩૦ |
| ૬ | બીપીએલ સ્પે. ચોખા | ૭.૨૦ |
| ૭ | એપીએલ ઘઉં | ૭.૭૦ |
| ૮ | એપીએલ ચોખા (તા. ૧/૧/૧૫ થી તા. ૩૧/૩/૧૫) | ૧૦.૧૦ |

### બનાસકાંઠા જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીનીઓ માટે સરકારી છાત્રાલયો

* ૨૬૧૯૯ શ્રી હસમુખભાઈ પટેલ (અમરાઈવાડી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે કેટલાં સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને | (૧) ૧ (એક). |
| (૨) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલી વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે ? | (૨) ૩૨ - વિદ્યાર્થીનીઓ. |

### બનાસકાંઠા જિલ્લાની માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓ દ્વારા વર્ગ વધારાની માંગણી

* ૨૬૨૭૩ ડૉ. નિર્મલાબેન વાધવાણી (નરોડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં સને ૨૦૧૪ અને ૨૦૧૫ના વર્ષમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કઇ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળાઓ તરફથી વર્ગ વધારો માંગવામાં આવેલ, | (૧)<br>➢ સને ૨૦૧૪માં માધ્યમિક શાળાઓ દ્વારા માંગવામાં આવેલ વર્ગ વધારાની વિગતો *પત્રક-૧ તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓની વિગત દર્શાવતું *પત્રક-૨ સામેલ છે.<br>➢ સને ૨૦૧૫માં માધ્યમિક શાળાઓ દ્વારા માંગવામાં આવેલ વર્ગ વધારાની વિગતો *પત્રક-૩ તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓની વિગત દર્શાવતું *પત્રક-૪ સામેલ છે. |
| (૨) તે પૈકી કઇ શાળાઓને તા. ૩૧ મે ૨૦૧૫ સ્થિતિએ વર્ગ વધારો મંજુર કરવામાં આવેલ, અને | (૨)<br>➢ સને ૨૦૧૪માં માધ્યમિક શાળાઓમાં મંજુર કરવામાં આવેલ વર્ગ વધારાની વિગતો *પત્રક-૫ તથા |

## અતારાંકિત પ્રશ્નો

ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મંજુર કરવામાં આવેલ વર્ગ વધારાની વિગતો દર્શાવતું *પત્રક–૬ સામેલ છે.

- સને ૨૦૧૫માં માધ્યમિક શાળાઓમાં મંજુર કરવામાં આવેલ વર્ગ વધારાની વિગતો *પત્રક–૭ તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મંજુર કરવામાં આવેલ વર્ગ વધારાની વિગતો દર્શાવતું *પત્રક–૮ સામેલ છે.

(૩) કઇ શાળાઓનો વર્ગ વધારો નામંજુર કરવામાં આવ્યો અને તેના શાં કારણો છે?

(૩) પત્રક–૯ મુજબ.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

### અરવલ્લી જિલ્લામાં ડ્રોપ આઉટ દર

* ૨૬૬૮૬ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧–૧–૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં ડ્રોપ આઉટ દર શો છે,

(૧)

| વર્ષ : ૨૦૧૪–૧૫ | | |
|---|---|---|
| તાલુકો | કુમાર | કન્યા |
| બાયડ | ૩.૪૫ | ૩.૩૧ |
| ભિલોડા | ૧.૮૪ | ૧.૦૭ |
| ધનસુરા | ૫.૪૮ | ૪.૯૪ |
| માલપુર | ૨.૪૩ | ૨.૧૬ |
| મેઘરજ | ૦.૮૫ | ૧.૪૬ |
| મોડાસા | ૩.૩૬ | ૩.૦૭ |

| વર્ષ : ૨૦૧૫–૧૬ | | |
|---|---|---|
| તાલુકો | કુમાર | કન્યા |
| બાયડ | ૪.૧૬ | ૨.૯૨ |
| ભિલોડા | ૦.૪૩ | –૦.૧ |
| ધનસુરા | ૫.૧૯ | ૪.૨ |
| માલપુર | ૩.૯૮ | ૧.૭૨ |
| મેઘરજ | ૩.૨૧ | ૨.૨ |
| મોડાસા | ૩.૪૨ | ૨.૮૨ |

(૨) શાળા પ્રવેશોત્સવ પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જીલ્લામાં તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨)

| તાલુકો | ૨૦૧૪–૧૫ ખર્ચ | ૨૦૧૫–૧૬ ખર્ચ |
|---|---|---|
| બાયડ | ૧,૩૭,૦૦૦ | ૧,૩૭,૦૦૦ |
| ભિલોડા | ૧,૪૩,૦૦૦ | ૧,૩૦,૦૦૦ |
| ધનસુરા | ૭૫,૦૦૦ | ૭૫,૫૦૦ |
| માલપુર | ૮૦,૫૦૦ | ૮૦,૫૦૦ |
| મેઘરજ | ૧,૩૮,૦૦૦ | ૧,૩૮,૦૦૦ |
| મોડાસા | ૧,૧૨,૫૦૦ | ૧,૧૨,૫૦૦ |

(૩) ઉક્ત જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ કરવાથી ડ્રોપ આઉડ દર ઘટ્યો નથી તે હકીકત સાચી છે ?

(૩) ના.

### ભરૂચ જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ

* ૨૬૨૪૬ શ્રી અરૂણસિંહ રણા (વાગરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) ભરૂચ જિલ્લામાં ધોરણ–૧ થી ૮ સુધીમાં

(૧)

અભ્યાસ કરતાં આદિજાતિના વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬માં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે, અને

| વર્ષ | વિદ્યાર્થીઓ |
|---|---|
| ૨૦૧૪-૧૫ | ૭૬,૪૨૨ |
| ૨૦૧૫-૧૬ | ૭૪,૪૫૬ |

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| વર્ષ | ખર્ચ |
|---|---|
| ૨૦૧૪-૧૫ | રૂ. ૨૪૪.૧૫ લાખ |
| ૨૦૧૫-૧૬ | રૂ. ૪૦૩.૦૪ લાખ |

નવસારી જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ

* ૨૬૨૭૧ શ્રીમતી ઝંખનાબેન પટેલ (ચોર્યાસી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) નવસારી જિલ્લામાં ધોરણ-૧ થી ૮ સુધીમાં અભ્યાસ કરતાં આદિજાતિના વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬માં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે, અને

(૧)

| વર્ષ | વિદ્યાર્થીઓ |
|---|---|
| ૨૦૧૪-૧૫ | ૭૫,૩૫૯ |
| ૨૦૧૫-૧૬ | ૭૬,૧૭૦ |

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| વર્ષ | ખર્ચ |
|---|---|
| ૨૦૧૪-૧૫ | રૂ. ૩૬૯.૩૦ લાખ |
| ૨૦૧૫-૧૬ | રૂ. ૪૬૨.૩૫ લાખ |

અમરેલી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં વીજળીકરણની સુવિધા

* ૨૬૩૨૨ શ્રી બાવકુભાઈ ઉંઘાડ (લાઠી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ અમરેલી જીલ્લામાં જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાઓમાં વીજળીકરણની સુવિધા ઉપલબ્ધ છે,

(૧) ૭૭૯

(૨) કેટલી પ્રાથમિક શાળાઓમાં ઉક્ત સુવિધા ઉપલબ્ધ નથી, અને

(૨) તમામ પ્રાથમિક શાળાઓમાં વીજળીકરણની સુવિધા ઉપલબ્ધ છે.

(૩) ઉક્ત બાકી શાળાઓમાં આ સુવિધા કયારે ઉભી કરવામાં આવશે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

વડોદરા જિલ્લામાં મુખ્યમંત્રી સ્વાવલંબન યોજના હેઠળ વિદ્યાર્થીઓને મફત પાઠયપુસ્તકો

* ૨૬૩૦૧ શ્રી બાલકૃષ્ણ પટેલ (ડભોઈ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત બિનઅનામત કેટેગરીના વિદ્યાર્થીઓને મફત પાઠયપુસ્તકો પુરા પાડવાનું આયોજન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો આ અંગે વર્ષ ૨૦૧૫-૧૬ માં ઉક્ત સ્થિતિએ વડોદરા જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૨) ૨૬૦૦૯

(૩) આ અંગે રાજ્ય સરકાર દ્વારા કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૩) રૂ.૭૮,૭૨,૧૨૭ (અંકે રૂપિયા ઈઠ્ઠોતેર લાખ બોત્તેર હજાર એકસો સત્તાવીસ પુરા)

સાબરકાંઠા જિલ્લામાં આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે સરકારી છાત્રાલયો

* ૨૬૨૨૨ શ્રી કિશોરસિંહ ચૌહાણ (વેજલપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

ચૈત્ર ૧૦,૧૯૩૮ શાકે

અતારાંકિત પ્રશ્નો

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે કેટલાં સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને — (૧) ૩ (ત્રણ)

(૨) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલાં વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે ? — (૨) ૧૯૦ – વિદ્યાર્થીનીઓ

ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓના ઓરડાઓની મરામત

* ૨૬૫૨૨ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાલુકાવાર કેટલા પ્રાથમિક શાળાના રૂમોની મરામત કરવાનું આયોજન હતું,

(૧)

| તાલુકો | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ |
|---|---|---|
| દહેગામ | ૦૮ | ૦૫ |
| ગાંધીનગર | ૨૫ | ૩૦ |
| કલોલ | ૧૭ | ૫૦ |
| માણસા | ૨૦ | ૩૬ |

(૨) તે પૈકી ઉક્ત વર્ષવાર તાલુકાવાર કેટલા રૂમોની મરામત થઈ છે, અને

(૨)

| તાલુકો | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ |
|---|---|---|
| દહેગામ | ૦૮ | ૦૫ |
| ગાંધીનગર | ૨૫ | ૩૦ |
| કલોલ | ૧૭ | ૩૨ |
| માણસા | ૨૦ | ૧૬ |

(૩) ઉક્ત સ્થિતિએ બાકી મરામતનું કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? — (૩) જેમ બને તેમ જલ્દી.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક કન્યા શાળાઓને ગ્રાન્ટેડ કરવાની માગણીઓ

* ૨૬૭૦૦ શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાલિયા, કલ્યાણપુર અને ભાણવડ તાલુકામાં ટ્રસ્ટ સંચાલિત કઈ નોન-ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કન્યા શાળાઓની ગ્રાન્ટેડ કરવાની માગણીઓ પડતર છે, — (૧) એકપણ નહીં.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત માગણીઓ પડતર રહેવાના શા કારણો છે, અને — (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) તેનો ક્યાં સુધીમાં નિર્ણય કરવામાં આવનાર છે ? — (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

તારાપુર, સોજીત્રા અને પેટલાદ તાલુકાની સસ્તા અનાજની દુકાનોમાં દરોડા

* ૨૬૬૪૪ શ્રી પુનમભાઈ પરમાર (સોજીત્રા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તારાપુર, સોજીત્રા અને પેટલાદ તાલુકાઓમાં આવેલ કેટલી સરકારી સસ્તા અનાજની દુકાનોમાં દરોડા પાડવામાં આવ્યા, અને તે અન્વયે કેટલી દુકાનોમાં મુખ્યત્વે ગેરરીતિઓ જણાયેલ, અને

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | દરોડાની સંખ્યા |
|---|---|---|
| ૧ | તારાપુર | ૦૮ |
| ૨ | સોજીત્રા | ૦૮ |
| ૩ | પેટલાદ | ૧૬ |
| | કુલ | ૩૨ |

તારાપુર, સોજીત્રા અને પેટલાદ તાલુકાની ૨૨ દુકાનોમાં નીચે મુજબની મુખ્યત્વે ગેરરીતિઓ પકડાઈ :-

(૧) હાજર જથ્થામાં વધ-ઘટ

(૨) કાર્ડધારકોના રેશનકાર્ડમાં ઈ-બીલ કરતા ઓછો

જથ્થો નોંધવામાં આવેલ છે.

(૩) રેશનકાર્ડમાં જથ્થાની નોંધ કર્યા સિવાય જથ્થો વગે
(૪) ફરીયાદ બુક રાખવામાં આવેલ નથી.
(૫) નામ.સુપ્રિમ કોર્ટની સુચના મુજબની માર્ગદર્શિકા લોકો જોઈ શકે તે રીતે પ્રસિધ્ધ કરેલ નથી.
(૬) ભાવના બોર્ડમાં વિગતો દર્શાવેલ નથી.
(૭) સ્ટોક રજીસ્ટર તપાસણી સમયે રજુ કરેલ નથી.
(૮) બીપીએલ, અંત્યોદય કાર્ડધારકોની યાદી લોકો જોઈ શકે તે રીતે રાખેલ નથી.
(૯) આ.ચી.વ.ના નમુના પ્લાસ્ટીક જારમાં રાખવામાં આવેલ નથી.
(૧૦) ગ્રામ્ય તકેદારી બેઠક નિયમિત બોલાવવામાં આવતી નથી.

(૨) તે અન્વયે કેટલા ઈસમો સામે શાં પગલાં લેવામાં આવ્યા ?

(૨) તારાપુર તાલુકામાં ૦૬ દુકાનદારો સામે નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા.

- રૂ. ૯૬૯૯૪/-ની કિંમતનો અનાજ, તેલ, કેરોસીન અને મીઠુંનો જથ્થો કબજે લીધો.
- રૂ. ૧૨૩૫૧/- કિંમતનો અનાજ, તેલ, કેરોસીન અને મીઠુંનો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો.
- રૂ. ૮,૭૫૦/- પરવાના અનામત રાજ્યસાત.
- ૦૩ પરવાના મોકુફ
- ૦૧ પરવાના રદ

સોજીત્રા તાલુકામાં ૦૭ દુકાનદારો સામે નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા.

- રૂ. ૭૬,૯૫૨/-ની કિંમતનો અનાજ, કેરોસીન, ખાંડ, ખાદ્યતેલ, કઠોળનો જથ્થો કબજે લીધો.
- રૂ. ૪૫૫૩૯/-ની કિંમતનો અનાજ, કેરોસીન, ખાંડ, ખાદ્યતેલ, કઠોળનો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો.
- રૂ. ૧૧,૮૭૫/- પરવાના અનામત રાજ્યસાત
- ૦૧ પરવાના મોકુફ
  ૦૧ પરવાના રદ

પેટલાદ તાલુકામાં ૦૯ દુકાનદારો સામે નીચે મુજબના પગલા લેવામાં આવ્યા.

- રૂ. ૮૯૨૬૫/-ની કિંમતનો અનાજ, કેરોસીન, ખાંડનો જથ્થો કબજે લીધો.
- રૂ. ૩૪૭૯૩/-ની કિંમતનો અનાજ, કેરોસીન, ખાંડનો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો.
- રૂ. ૧૭૫૦૦/- પરવાના અનામત રાજ્યસાત
- ૦૪ પરવાના મોકુફ
  ૦૧ પરવાના રદ.

## મધ્યાહન ભોજન કેન્દ્રોને એલપીજી જોડાણ આપવા બાબત

* ૨૬૬૭૦ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મધ્યાહન ભોજન કેન્દ્રોને એલપીજી જોડાણ પુરૂં પાડવા માટે તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ ક્યારે | (૧) એક પણ નહિ. |

રજુઆત કે દરખાસ્ત કરવામાં આવેલ છે,

(૨) તે અન્વયે ક્યારે શા પ્રતિભાવ મળ્યા, અને — (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) તે અન્વયે અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જીલ્લાવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા મધ્યાહન ભોજન કેન્દ્રોમાં એલપીજી જોડાણ પુરૂં પાડવામાં આવેલ છે ? — (૩) એક પણ નહિ.

## મહેસાણા જિલ્લામાં ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક સ્કુલો

* ૨૬૫૧૨ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક સ્કુલો છે, અને

(૧)

| ક્રમ | તાલુકો | ગ્રાન્ટેડ ઉચ્ચત્તર માધ્યમિક શાળોઓ |
|---|---|---|
| ૧ | બેચરાજી | ૦૬ |
| ૨ | જોટાણા | ૦૩ |
| ૩ | કડી | ૨૫ |
| ૪ | ખેરાલુ | ૧૧ |
| ૫ | મહેસાણા | ૨૯ |
| ૬ | સતલાસણા | ૦૬ |
| ૭ | ઉંઝા | ૧૪ |
| ૮ | વડનગર | ૧૨ |
| ૯ | વિજાપુર | ૨૭ |
| ૧૦ | વિસનગર | ૧૬ |

(૨) ઉક્ત સ્કુલોમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધોરણ–૧૧ અને ૧૨ ના તાલુકાવાર કેટલા વર્ગોને મંજૂરી આપેલ છે?

(૨)

| ક્રમ | તાલુકો | સને ૨૦૧૪ | | સને ૨૦૧૫ | |
|---|---|---|---|---|---|
| | | ધોરણ–૧૧ | ધોરણ–૧૨ | ધોરણ–૧૧ | ધોરણ–૧૨ |
| ૧ | બેચરાજી | ૦૧ | ૦૨ | ૦૧ | ૦૧ |
| ૨ | જોટાણા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩ | કડી | ૦૭ | ૦૬ | ૦૩ | ૦૩ |
| ૪ | ખેરાલુ | ૦૧ | ૦૫ | ૦૩ | ૦૧ |
| ૫ | મહેસાણા | ૦૬ | ૦૮ | ૦૬ | ૦૩ |
| ૬ | સતલાસણા | ૦૦ | ૦૪ | ૦૦ | ૦૦ |
| ૭ | ઉંઝા | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૮ | વડનગર | ૦૨ | ૦૧ | ૦૩ | ૦૦ |
| ૯ | વિજાપુર | ૦૪ | ૦૨ | ૦૦ | ૦૩ |
| ૧૦ | વિસનગર | ૦૧ | ૦૩ | ૦૩ | ૦૧ |

## નર્મદા જિલ્લામાં દૂધ સંજીવની યોજનાના લાભાર્થી વિદ્યાર્થીઓ

* ૨૬૨૦૬ શ્રી મોતીલાલ વસાવા (દેડિયાપાડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) નર્મદા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિના ધોરણ ૧ થી ૮ ના પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને દૂધ સંજીવની યોજનાનો લાભ આપવામાં આવે છે, તે હકીકત સાચી છે, — (૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં કેટલા બાળકોને આ યોજનાનો લાભ આપવામાં આવેલ છે, અને — (૨) કુલ ૮૨,૧૫૦ બાળકોને.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ — (૩) રૂ. ૫૨૦.૭૬ લાખ.

કરવામાં આવેલ છે?

રાજકોટ જિલ્લામાં નિરક્ષર નાગરિકો

* ૨૬૧૬૮ શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલા નિરક્ષર નાગરીકો છે, અને | (૧) |

| તાલુકો | નિરક્ષરો |
|---|---|
| રાજકોટ | ૧૩૦૫૫ |
| ધોરાજી | ૧૭૪ |
| ગોંડલ | ૨૪૮૦ |
| જામકંડોરણા | ૩૪૯૪ |
| જસદણ | ૧૬૩૧ |
| જેતપુર | ૨૮૧ |
| કોટડાસાંગાણી | ૧૭૭૬ |
| લોધીકા | ૨૫૮૨ |
| માળીયા મીયાણા | ૮૦૧ |
| મોરબી | ૭૫૬૩ |
| પડધરી | ૪૫૭૯ |
| ટંકારા | ૪૬૫૭ |
| ઉપલેટા | ૧૪૬૬ |
| વાંકાનેર | ૧૮૪૬૯ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત જિલ્લામાં નિરક્ષર નાગરિકોને સાક્ષર બનાવવા માટે સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કર્યો? | (૨) રૂ. ૧,૦૩,૫૫,૪૧૨/– |

આણંદ અને ખેડા જિલ્લામાં ગુણોત્સવ પાછળ થયેલ ખર્ચ

* ૨૫૮૭૯ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૧૬ની સ્થિતિએ આણંદ અને ખેડા જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં ગુણોત્સવ પાછળ કેટલો ખર્ચ વર્ષવાર થયો, | (૧) |

| જિલ્લો | ગુણોત્સવ પાછળ વર્ષવાર થયેલ ખર્ચ | |
|---|---|---|
| | વર્ષવાર થયેલ ખર્ચ | |
| | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ |
| આણંદ | ૩૭,૦૦૦/– | ૪૦,૨૮૨/– |
| ખેડા | ૯૩,૬૦૭ | ૫૬,૫૮૨/– |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે અન્વયે તાલુકાવાર કેટલી શાળાઓને કેવા પ્રકારના ગ્રેડ અપાયા, અને | (૨) |

| વર્ષ | જિલ્લો | તાલુકો | શાળાની સંખ્યા અને ગ્રેડ | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | એ + | એ | બી | સી | ડી |
| ૨૦૧૪–૧૫ | આણંદ | આણંદ | ૧૧ | ૧૨૪ | ૯૧ | ૧૯ | ૦૭ |
| | | આંકલાવ | ૦૨ | ૪૫ | ૪૧ | ૧૦ | ૦૧ |
| | | બોરસદ | ૧૪ | ૧૧૨ | ૭૪ | ૨૧ | ૦૯ |
| | | ખંભાત | ૧૩ | ૭૫ | ૫૮ | ૧૩ | ૦૪ |
| | | પેટલાદ | ૧૪ | ૯૧ | ૪૮ | ૧૧ | ૦૮ |
| | | સોજીત્રા | ૦૯ | ૩૪ | ૧૪ | ૦૪ | ૦૦ |
| | | તારાપુર | ૦૩ | ૩૧ | ૨૦ | ૦૦ | ૦૧ |
| | | ઉમરેઠ | ૩૭ | ૭૨ | ૦૮ | ૦૦ | ૦૪ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨૦૧૪–૧૫ | ખેડા નડિયાદ | બાલાસિનોર | ૦૨ | ૬૧ | ૬૮ | ૧૧ | ૦૦ |
| | | કપડવંજ | ૦૫ | ૯૯ | ૧૫૨ | ૨ | ૦૯ |
| | | કઠલાલ | ૦૪ | ૯૫ | ૭૦ | ૧૩ | ૦૮ |
| | | ખેડા | ૦૧ | ૧૮ | ૫૦ | ૧૬ | ૦૧ |
| | | મહેમદાવાદ | ૦૪ | ૬૩ | ૮૫ | ૧૭ | ૦૬ |
| | | મહુધા | ૦૦ | ૨૫ | ૪૨ | ૧૬ | ૦૬ |
| | | માતર | ૦૧ | ૩૨ | ૫૯ | ૧૭ | ૦૩ |
| | | નડીયાદ | ૦૮ | ૯૭ | ૧૨૩ | ૩૫ | ૦૯ |
| | | ઠાસરા | ૧૨ | ૧૧૯ | ૧૦૪ | ૨૦ | ૦૭ |
| | | વિરપુર | ૦૫ | ૭૮ | ૪૯ | ૧૨ | ૦૩ |
| ૨૦૧૫–૧૬ | આણંદ | ગુણોત્સવ–૬, પરિણામ જાહેર થયેલ નથી. | | | | | |
| ૨૦૧૫–૧૬ | ખેડા–નડિયાદ | ગુણોત્સવ–૬, પરિણામ જાહેર થયેલ નથી. | | | | | |

(૩) આ ગુણોત્સવ અંતર્ગત મુખ્યત્વે કઈ ખામીઓ જણાઈ આવી?

(૩)

| જિલ્લો | ખામીઓ |
|---|---|
| આણંદ | વાંચન, ગણન, લેખન અને વિષય વસ્તુ આધારિત |
| ખેડા–નડિયાદ | વાંચન,લેખન, ગણનની નબળાઈ<br>–ધો. ૩ થી ૫ માં બાળકોમાં અનિયમિતતા<br>–વાલીઓમાં શિક્ષણ પ્રત્યે જાગૃતતાનો અભાવ<br>–સહ અભ્યાસ પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓની ઓછી ભાગીદારી જોવા મળેલ છે.<br>–શાળાઓમાં શૈક્ષણિક સાધનોનો ઓછો ઉપયોગ. |

કચ્છ જિલ્લાના માંડવી તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર

* ૨૬૩૧૯ શ્રી રમેશ મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના માંડવી તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬માં તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં કેટલા હેક્ટરમાં વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) વર્ષ ૨૦૧૪–૧૫ માં ૭૩૪.૦૦ હેક્ટરમાં અને ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં ૫૭૫.૦૦ હેક્ટરમાં. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) કુલ રૂ. ૬૦૩.૧૨/– લાખ. |

આણંદ જિલ્લાની શાળાઓમાં પીવાના પાણીની સુવિધા

* ૨૬૩૨૪ શ્રી સંજયકુમાર પટેલ (ખંભાત) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ આણંદ જીલ્લામાં કેટલી શાળાઓમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ છે, | (૧) ૧૦૫૩. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલી શાળાઓમાં ઉક્ત સુવિધા ઉપલબ્ધ નથી, અને | (૨) તમામ શાળાઓમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ છે. |
| (૩) આ સુવિધા ક્યારે ઉભી કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## તા. ૩૦મી માર્ચ, ૨૦૧૬
## અતારાંકિત પ્રશ્નો

છોટાઉદેપુર જિલ્લામાં લો લીટરેસી ગર્લ્સ શાળાઓ

* ૨૬૩૧૨ શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ (વાઘોડિયા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલોપમેન્ટ રેસીડેન્સીયલ એજ્યુકેશનલ ઈન્સ્ટીટયુશનલ સોસાયટી સંચાલિત કેટલી અને કયાં લો લીટરેસી ગલ્સ શાળાઓ કાર્યરત છે,

જવાબ

(૧)

| ક્રમ | શાળાનું નામ/સરનામું |
|---|---|
| ૧. | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલ, ખડકવાડા, મુ.પુનીયાવાંટ, તા. છોટાઉદેપુર |
| ૨. | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલ, કીડીઘોઘાદેવ, મુ. પુનીયાવાંટ, તા. છોટાઉદેપુર |
| ૩. | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલ, મલાજા, મુ. પુનીયાવાંટ, તા. છોટાઉદેપુર |
| ૪. | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલ, છોડવાણી મુ. ગોજારીયા, તા.કવાંટ |
| ૫. | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલ, મોગરા, મુ. ગોજારીયા, તા. કવાંટ |
| ૬. | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલ, સૈડીવાસણ, મુ. ગોજારીયા, તા. કવાંટ |
| ૭. | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલ, ભીખાપુરા, મુ. વડાતલાવ, તા. જેતપુરપાવી |
| ૮. | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલ, મુવાડા, મુ. વડાતલાવ, તા. જેતપુરપાવી |
| ૯. | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલ, સાલોજ, મુ. વડાતલાવ, તા. જેતપુરપાવી |
| ૧૦. | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલ, ધારસીમેલ મુ.લીન્ડા ટેકરા, તા.નસવાડી |
| ૧૧. | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલ, ઘુટીયાઆંબા, મુ.લીન્ડા ટેકરા, તા. નસવાડી |
| ૧૨. | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલ, પિસાયતા, મુ. લીન્ડા ટેકરા, તા. નસવાડી |
| ૧૩. | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલ, તણખલા, મુ. તણખલા, તા. નસવાડી. |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત શાળામાં કેટલી વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે, અને

(૨) ૩૫૯૬–વિદ્યાર્થીનીઓ

(૩) તે પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે.

(૩) રૂ. ૧,૬૬૮.૦૦ લાખ.

મહિસાગર જિલ્લામાં ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલોપમેન્ટ રેસીડેન્શીયલ એજ્યુકેશનલ ઈન્સ્ટીટયુશનલ સોસાયટી સંચાલિત શાળાઓ

* ૨૬૨૩૧ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

## અતારાંકિત પ્રશ્નો

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલોપમેન્ટ રેસીડેન્સીયલ એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યુશનલ સોસાયટી સંચાલિત મહિસાગર જિલ્લામાં કેટલી અને કયાં શાળાઓ કાર્યરત છે,

(૧) મહિસાગર જિલ્લામાં કુલ ૫ (પાંચ) શાળાઓ મુ. ખેરવા, તા. સંતરામપુર અને મુ.પો. દિવડા કોલોની, તા. કડાણા ખાતે કાર્યરત છે.

(૨) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે, અને તેઓને મુખ્યત્વે શું સગવડો આપવામાં આવે છે, અને

(૨) કુલ ૧૨૭૯ વિદ્યાર્થીઓ
વિદ્યાર્થીઓને રહેવા જમવાની સગવડ ઉપરાંત તમામ શૈક્ષણિક સુવિધાઓ ગણવેશ, પાઠ્ય પુસ્તકો, સ્ટેશનરી, પરીક્ષા ફી, પ્રવાસ ફી, ભૌતિક સાધનો, રમત ગમતના સાધનો, સંગીતના સાધનો તથા અન્ય દૈનિક જરૂરીયાતોની સુવિધાઓ આપવામાં આવે છે.

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૩) રૂ. ૪૨૫ લાખ.

### ગાંધીનગર જિલ્લામાં આર.ટી.ઈ. એક્ટ હેઠળ પ્રવેશ

* ૨૫૮૯૭ શ્રીમતી કામીનીબા રાઠોડ (દહેગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧-૧-૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર જીલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત કેટલા બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો, અને

(૧) વર્ષ ૨૦૧૪-૧૫-૪૭૯
વર્ષ ૨૦૧૫-૧૬-૧૦૫૧

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર પ્રવેશ ન અપાયા હોય તો તેના કારણો શાં છે?

(૨) છેલ્લા બે વર્ષમાં જેટલી અરજીઓ આવેલ છે તે તમામને પ્રવેશ આપવામાં આવેલ છે.

### જામનગર જિલ્લામાં ઓછું વજન આપતા વ્યાપારી એકમો સામે કાર્યવાહી

* ૨૬૨૨૭ શ્રી ચીમનભાઈ શાપરીયા (જામજોધપુર) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) જામનગર જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વજન કે માપમાં ઓછું આપવા બાબતે કેટલા વ્યાપારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી,

(૧) ૨૪૫.

(૨) તે પેટે કેટલા એકમોના કેસ માંડવાળ કરવામાં આવ્યા, અને

(૨) ૨૪૫.

(૩) તે પેટે કેટલી માંડવાળ ફી વસુલ કરવામાં આવી?

(૩) રૂ. ૬૨,૨૫૦/-

### મહીસાગર અને ખેડા જિલ્લાની સસ્તા અનાજની દુકાનોમાં ગેરરીતી

* ૨૫૮૮૩ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાશિનોર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મહીસાગર અને ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલી સસ્તા અનાજની દુકાનોમાંથી શી ગેરરીતીઓ પકડાઈ, અને

(૧)

| મહીસાગર | ગેરરીતીવાળી દુકાનો | ખેડા | ગેરરીતીવાળી દુકાનો |
|---|---|---|---|
| લુણાવાડા | ૦૩ | નડીયાદ (શ) | ૦૨ |
| ખાનપુર | ૦૨ | નડીયાદ (ગ્રા) | ૧૮ |
| સંતરામપુર | ૦૪ | વસો | ૦૩ |
| કડાણા | ૦૧ | માતર | ૧૧ |
| બાલાશિનોર | ૦૨ | ખેડા | ૦૫ |
| વિરપુર | ૦૧ | મહેમદાવાદ | ૦૮ |
| કુલ | ૧૩ | મહુવા | ૦૯ |
| | | કઠલાલ | ૦૨ |
| | | કપડવંજ | ૦૫ |

| | | | |
|---|---|---|---|
| | | ઠાસરા | ૦૩ |
| | | ગલતેશ્વર | ૦૩ |
| | | કુલ | ૬૯ |

(અ) મહીસાગર જિલ્લામાં ૧૩ સસ્તા અનાજની દુકાનોમાં નીચે મુજબની મુખ્યત્વે ગેરરીતીઓ પકડાઈઃ–

(૧) અનધિકૃત જથ્થો વગે.
(૨) મળવાપાત્ર જથ્થા કરતાં ઓછો જથ્થો આપેલ હોવાનું જણાયેલ.
(૩) સીટીઝન ચાર્ટર મુજબ બોર્ડ નિભાવેલ નથી.
(૪) ફરીયાદ પેટી ફરીયાદ રજીસ્ટર નિભાવેલ નથી.
(૫) પરમીટના નાણાં મોડા જમા કરાવવા તેમજ કુપન કરતા ઓછું વિતરણ.
(૬) પરમીટ સબબના નાણાં ન ભરવા.
(૭) કાર્ડ ધારકોને ઘઉં, ચોખાનો જથ્થો ઓછો આપવો.

(બ) ખેડા જિલ્લામાં ૬૯ સસ્તા અનાજની દુકાનોમાં નીચે મુજબની મુખ્યત્વે ગેરરીતીઓ પકડાઈઃ–

(૧) હાજર જથ્થામાં વધ–ઘટ.
(૨) કાર્ડધારકોના રેશનકાર્ડમાં ઈ–બીલ કરતા ઓછો જથ્થો નોંધવામાં આવેલ છે.
(૩) રેશનકાર્ડમાં જથ્થાની નોંધ કર્યા સિવાય જથ્થો વગે.
(૪) ફરીયાદ બુક રાખવામાં આવેલ નથી.
(૫) નામ.સુપ્રિમ કોર્ટની સૂચના મુજબની માર્ગદર્શિકા લોકો જોઈ શકે તે રીતે પ્રસિદ્ધ કરેલ નથી.
(૬) ભાવના બોર્ડમાં વિગતો દર્શાવેલ નથી.
(૭) સ્ટોક રજીસ્ટર તપાસણી સમયે રજૂ કરેલ નથી.
(૮) બીપીએલ, અંત્યોદય કાર્ડધારકોની યાદી લોકો જોઈ શકે તે રીતે રાખેલ નથી.
(૯) આ.ચી.વ.ના નમુના પ્લાસ્ટીક જારમાં રાખવામાં આવેલ નથી.
(૧૦) ગ્રામ્ય તકેદારીની બેઠક નિયમિત બોલાવવામાં આવતી નથી.

(૨) તે અન્વયે કેટલા ઈસમો સામે શાં પગલાં લીધાં ?

(૨) મહીસાગર જિલ્લામાં ૧૩ દુકાનદારો સામે નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા.

- રૂ.૧૨૫૦૦/– ની કિંમતનો અનાજનો જથ્થો કબજે લીધો.
- રૂ.૫,૨૫૦/– પરવાના અનામત રાજ્યસાત.
- રૂ.૨૨,૦૨૮/– દંડ,
- ૦૯ પરવાના મોકુફ.
- ખેડા જિલ્લામાં ૬૯ દુકાનદારો સામે નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા.
- રૂ.૭૩,૭૬૩/– ની કિંમતનો અનાજ, કેરોસીન, ખાંડ, ખાદ્યતેલ, કઠોળનો જથ્થો કબજે લીધો.

- રૂ.૫૪,૯૪૮/- ની કિંમતનો અનાજ, કેરોસીન, ખાંડ, ખાદ્યતેલ, કઠોળનો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો.
- રૂ.૮૮,૫૦૦/- પરવાના અનામત રાજ્યસાત.
- રૂ,૩,૩૭,૬૨૬/- દંડ.
- ૧૨ પરવાના મોકુફ.

સુરત જિલ્લામાં મુખ્યમંત્રી સ્વાવલંબન યોજના હેઠળ વિદ્યાર્થીઓને મફત પાઠ્યપુસ્તકો

* ૨૬૩૦૦ શ્રી પ્રફુલ પાનશેરીયા (કામરેજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત બિનઅનામત કેટેગરીના વિદ્યાર્થીઓને મફત પાઠ્યપુસ્તકો પુરા પાડવાનું આયોજન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ અંગે વર્ષ ૨૦૧૫-૧૬ માં ઉક્ત સ્થિતિએ સુરત જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૨) ૨૩૪૩૯. |
| (૩) આ અંગે રાજ્ય સરકાર દ્વારા કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂ.૭૮,૫૩,૪૭૨/- (અંકે રૂપિયા ઈકોતેર લાખ ત્રેપ્પન હજાર ચારસો બોંતેર પુરા) |

વડોદરા જિલ્લામાં કન્યાઓ માટે અલગ સેનિટેશનની સુવિધા

* ૨૬૩૨૮ શ્રીમતી મનિષાબેન વકીલ (વડોદરા શહેર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં કન્યાઓ માટે અલગ સેનિટેશનની સુવિધા વિનાની કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ છે, અને | (૧) તમામ શાળાઓમાં કન્યાઓ માટે અલગ સેનિટેશનની સુવિધા છે. |
| (૨) આ શાળાઓમાં ઉક્ત સુવિધા ક્યારે પૂરી પાડવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

પાલનપુર તાલુકાની ટ્રસ્ટ સંચાલિત, ગ્રાન્ટેડ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાઓ

* ૨૬૭૦૨ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાની ટ્રસ્ટ સંચાલિત ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કઈ કન્યાશાળાઓમાં ક્યા વિષયના શિક્ષકોની જગ્યાઓ ક્યારથી ખાલી છે, | (૧) પત્રક-૧ મુજબ. |
| (૨) ઉક્ત જગ્યાઓ ખાલી રહેવાના શા કારણો છે, અને | (૨) સરકારી શાળાઓમાં શિક્ષકો<br>➢ નામદાર હાઈકોર્ટમાં એલ.પી.એ.નં.૧૪૩૦/૨૦૧૫ અને એલ.પી.એ.નં.૧૪૩૧/૨૦૧૫ના આખરી ચૂકાદાને આધિન સરકારી માધ્યમિક શાળાઓમાં ભરતી અંગેની કાર્યવાહી કરવામાં આવશે.<br>ગ્રાન્ટેડ શાળાઓમાં શિક્ષકો<br>➢ સરકારી માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી અંગે નામ.હાઈકોર્ટમાં પીટીશન થયેલ હોઈ, તેના ચૂકાદા બાદ ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં ભરતી અંગે નિયમાનુસાર ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. |
| (૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવનાર છે ? | (૩) નામદાર હાઈકોર્ટના ચૂકાદાને આધિન ભરતીની પ્રક્રિયા કરવામાં આવશે. દરમિયાનમાં રાજ્ય સરકારે શિક્ષણ |

અતારાંકિત પ્રશ્નો

વિભાગના તા.૨૧-૧૨-૨૦૧૫ના ઠરાવથી માનદ વેતનથી પ્રવાસી શિક્ષકોની નિમણૂંક કરવાની જોગવાઈ કરેલ છે.

પત્રક - ૧

| ક્રમ | ગ્રાન્ટેડ કન્યા શાળાનું નામ | વિષયનું નામ | | | | | ક્યારથી ખાલી છે? |
|---|---|---|---|---|---|---|---|
| | | અંગ્રેજી | ગણિત | ગુજરાતી | સંસ્કૃત | સમાજવિદ્યા | |
| | | ગ્રાન્ટેડ માધ્યમિક કન્યા શાળાઓ | | | | | |
| ૧ | માતુશ્રી કુંવરબા કન્યા વિદ્યાલય, પાલનપુર | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ત્રણેય જગ્યાઓ બે વર્ષ ઉપરાંત સમયથી ખાલી છે. |
| ૨ | શ્રીમતી આર.કે.પટેલ કન્યા વિદ્યાલય, લક્ષ્મીપુરા | ૨ | ૨ | ૧ | ૧ | ૧ | બે જગ્યાઓ એક વર્ષ કરતાં વધારે સમયથી ખાલી છે.<br>પાંચ જગ્યાઓ બે વર્ષથી વધારે સમયથી ખાલી છે. |
| ૩ | લોકનિકેતન વિનય મંદિર કન્યા વિદ્યાલય, રતનપુર | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | આ જગ્યા બે વર્ષથી વધારે સમયથી ખાલી છે. |

ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક કન્યા શાળાઓ

| ક્રમ | કન્યા શાળાનું નામ | વિષયનું નામ | | | | | | | ક્યારથી ખાલી છે? |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | આંકડા શાસ્ત્ર | તત્વજ્ઞાન | રસાયણ વિજ્ઞાન | ભૌતિક વિજ્ઞાન | જીવવિજ્ઞાન | અંગ્રેજી | ગણિત | |
| ૧ | માતુશ્રી કુંવરબા કન્યા વિદ્યાલય, પાલનપુર | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | આ જગ્યાઓ બે વર્ષથી વધારે સમયથી ખાલી છે. |
| ૨ | શ્રીમતી આર.કે.પટેલ કન્યા વિદ્યાલય, લક્ષ્મીપુરા | ૦ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | એક જગ્યા એક વર્ષ કરતાં ઓછા સમયથી ખાલી છે.<br>ત્રણ જગ્યાઓ એક વર્ષ કરતાં વધારે સમયથી ખાલી છે.<br>બે જગ્યાઓ બે વર્ષથી વધારે સમયથી ખાલી છે. |

ગાંધીનગર જિલ્લામાં મુખ્યમંત્રી સ્વાવલંબન યોજના અંતર્ગત વિદ્યાર્થીઓને મફત પાઠ્યપુસ્તકો

* ૨૬૨૨૦ શ્રી અશોકભાઈ પટેલ (ગાંધીનગર ઉત્તર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત બિનઅનામત કેટેગરીના વિદ્યાર્થીઓને મફત પાઠ્યપુસ્તકો પુરા પાડવાનું આયોજન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ અંગે વર્ષ ૨૦૧૫-૧૬ માં ઉક્ત સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૨) ૨૦૧૧૩. |
| (૩) આ અંગે રાજ્ય સરકાર દ્વારા કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂ.૪૯,૧૦,૧૨૬/- (અંકે રૂપિયા ઓગણપચાસ લાખ દસ હજાર એકસો છવ્વીસ રૂપિયા પુરા) |

બનાસકાંઠા જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વાવેતર

* ૨૬૨૬૯ શ્રી સુરેશ પટેલ (મણિનગર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬ માં | (૧) વર્ષ ૨૦૧૪-૧૫ માં ૧૦૯૫ હેક્ટર અને ૨૦૧૫-૧૬ માં તા.૩૧-૧૨-૨૦૧૫ અંતિત ૫૪૨ |

અતારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| તા.૩૧-૧૨-૨૦૧૫ અને અંતિત કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને | હેકટરમાં. |
| (૨) તે પાછળ તા.૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) કુલ રૂ.૮૪૭.૩૭/- લાખ. |

કેરોસીનના લાભાર્થીઓને સબસીડીના નાણા રોકડમાં ચૂકવવા બાબત

* ૨૬૨૬૧ ડૉ. ટી.ડી.માણીયા (બોટાદ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૬ની સ્થિતિએ રાજ્ય સરકાર કેરોસીન લાભાર્થીઓને તેઓને મળવાપાત્ર કેરોસીનના જથ્થા સબસીડીના નાણા રોકડમાં ચૂકવવા અંગેની કોઈ યોજના વર્ષ ૨૦૧૫-૧૬ માં અમલમાં મુકવા માંગે છે કે કેમ, અને<br>(૨) જો હા, તો આ બાબતે ઉકત સ્થિતિએ પ્રથમ તબક્કે કેટલા જિલ્લાઓને આવરી લેવામાં આવશે ? | (૧) અને (૨) : રાજ્ય સરકાર દ્વારા કેરોસીન લાભાર્થીઓને તેઓને મળવાપાત્ર કેરોસીનના જથ્થાના સબસીડીના નાણા રોકડમાં ચૂકવવા અંગેની કોઈ યોજના વર્ષ ૨૦૧૫-૧૬ માં અમલમાં નથી. પરંતુ, વર્ષ ૨૦૧૬-૧૭ માં અમલવારી કરવા માટે પાયલોટ પ્રોજેક્ટ તરીકે ૭ જિલ્લાઓ (૧) અમદાવાદ ગ્રામ્ય (૨) બનાસકાંઠા (૩) ભરૂચ (૪) છોટાઉદેપુર (૫) ડાંગ (૬) દેવભૂમિ દ્વારકા અને (૭) પોરબંદરને આવરી લેવામાં આવેલ છે. |

બનાસકાંઠા જિલ્લામાં આરટીઈ એકટ હેઠળ પ્રવેશ

* ૨૫૮૮૭ શ્રી ધારશીભાઈ ખાનપુરા (કાંકરેજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ખાનગી પ્રાથમિક શાળાઓમાં કુલ કેટલા વિદ્યાર્થીઓએ ધોરણ-૧ માં પ્રવેશ મેળવેલ છે,

જવાબ

(૧)

| તાલુકો | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ |
|---|---|---|
| અમીરગઢ | ૧૫૧ | ૧૩૩ |
| ભાભર | ૧૫૩ | ૧૫૯ |
| દાંતા | ૪૮૩ | ૫૭૦ |
| દાંતીવાડા | ૧૬૯ | ૧૩૫ |
| ડીસા | ૧૫૧૨ | ૧૩૨૯ |
| દિયોદર | ૧૬૫ | ૧૦૮ |
| ધાનેરા | ૮૫૩ | ૬૭૦ |
| કાંકરેજ | ૨૧૮ | ૨૨૬ |
| પાલનપુર | ૩૪૬૮ | ૩૨૪૧ |
| થરાદ | ૩૮૭ | ૩૩૪ |
| વડગામ | ૧૦૮૫ | ૯૦૫ |
| વાવ | ૩૬ | ૩૫ |
| કુલ | ૮૬૮૦ | ૭૮૪૫ |

(૨) તે અન્વયે ઉકત વર્ષવાર રાઈટ ટુ એજ્યુકેશન એકટ હેઠળ કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો, અને

(૨)

| તાલુકો | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ |
|---|---|---|
| અમીરગઢ | ૧૦ | ૧૦ |
| ભાભર | ૧૦ | ૧૫ |
| દાંતા | ૩૦ | ૪૦ |
| દાંતીવાડા | ૦૮ | ૨૦ |
| ડીસા | ૧૦૬ | ૧૩૦ |
| દિયોદર | ૧૦ | ૩૦ |
| ધાનેરા | ૩૦ | ૩૦ |
| કાંકરેજ | ૧૫ | ૩૦ |
| પાલનપુર | ૬૭ | ૧૫૦ |
| થરાદ | ૨૨ | ૩૦ |
| વડગામ | ૪૫ | ૫૫ |
| વાવ | ૦૫ | ૧૦ |

(૩) ઉકત જિલ્લામાં ઉકત વર્ષવાર કેટલી ખાનગી શાળા રાઈટ ટુ એજ્યુકેશન એકટનો અમલ કરતી નથી અને તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) તમામ શાળાઓએ રાઈટ ટુ એજ્યુકેશન એકટનો અમલ કરેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

રાજકોટ જિલ્લામાં મુખ્યમંત્રી સ્વાવલંબન યોજના અંતર્ગત વિદ્યાર્થીઓને મફત પાઠ્યપુસ્તકો

* ૨૬૨૨૩ શ્રી કાંતિલાલ અમૃતિયા (મોરબી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત બિનઅનામત કેટેગરીના વિદ્યાર્થીઓને મફત પાઠ્યપુસ્તકો પુરા પાડવાનું આયોજન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ અંગે વર્ષ ૨૦૧૫–૧૬ માં ઉકત સ્થિતિએ રાજકોટ જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૨) ૮૭૬૨. |
| (૩) આ અંગે રાજ્ય સરકાર દ્વારા કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂ.૨૩,૦૪,૧૬૭/– (અંકે રૂપિયા ત્રેવીસ લાખ ચાર હજાર એકસો સડસઠ પુરા) |

પલસાણા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર

* ૨૬૩૨૧ શ્રી ઈશ્વરભાઈ પરમાર (બારડોલી) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૪–૨૦૧૫ અને ૨૦૧૫–૨૦૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં કેટલા હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે, | (૧) વર્ષ ૨૦૧૪–૧૫ માં ૩૩૦૪.૦૦ હેકટર અને ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં ૨૪૨૧.૦૦ હેકટરમાં. |
| (૨) તે પૈકી પલસાણા તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૨) કોઈ વાવેતર કરવામાં આવેલ નથી. |
| (૩) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

વલસાડ જિલ્લાની આશ્રમ શાળાઓ, નિવાસી શાળાઓ અને એકલવ્ય મૉડેલ નિવાસી શાળાઓને ગ્રાન્ટ ફાળવણી

* ૨૬૬૮૩ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં આશ્રમ શાળાઓ, નિવાસી શાળાઓ, એકલવ્ય મોડલ નિવાસી શાળાઓને ન્યુ ગુજરાત પેટર્ન ટ્રાયબલ યોજના અંતર્ગત તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ કયા કયા હેતુ માટે ફાળવવામાં આવેલ છે ?

જવાબ

નીચે મુજબની ગ્રાન્ટ શૈક્ષણિક અને ભૌતિક સુવિધાઓ માટે ફાળવવામાં આવેલ છે.

(રકમ રૂ. લાખમાં)

| તાલુકો | વર્ષ ૨૦૧૪–૧૫ | વર્ષ ૨૦૧૫–૧૬ |
|---|---|---|
| ધરમપુર | ૨૬૨.૨૫ | ૬૪.૩૯ |
| કપરાડા | ૩૦૪.૯૪ | ૯૩.૫૩ |
| પારડી | ૭૭.૮૪ | ૪૨.૭૧ |
| ઉમરગામ | ૮૯.૪૭ | ૯.૧૯ |
| વલસાડ | ૬૬.૩૮ | ૬.૩૮ |
| વાપી | ૦.૦૦ | ૦.૦૦ |
| કુલ | ૮૦૦.૮૮ | ૨૧૬.૨૦ |

રાજકોટ જિલ્લામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયો

* ૨૬૨૮૯ શ્રીમતી ભાનુબેન બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ ૨૦૧૫–૧૬માં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત રાજકોટ જિલ્લાના ક્યા તાલુકાઓમાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય શરૂ | (૧) "શૂન્ય' |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| કરવામાં આવેલ છે, | |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વિદ્યાલયમાં કુલ કેટલી કન્યાઓ અભ્યાસ કરે છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત વિદ્યાલયમાં કન્યાઓને મુખ્યત્વે કઇ સુવિધાઓ આપવામાં આવે છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

૧૦૩

પંચમહાલ જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાન પ્રવાહની શાળાઓ

* ૨૬૨૦૩ શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે ઉચ્ચતર માધ્યમિક સાયન્સ પ્રવાહની કેટલી આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે, | (૧) ૦ (શૂન્ય). |
| (૨) તે પૈકી કેટલી કુમાર તથા કન્યાની છે, અને | (૨) ૦ (શૂન્ય). |
| (૩) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ છે? | (૩) પ્રશ્ન રહેતો નથી. |

---------

૧૦૪

જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં જંગલની જમીનમાં આવેલ ઔદ્યોગિકી એકમો

* ૨૬૩૬૩ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં જીલ્લાવાર જંગલની જમીનમાં કોઈ ઔદ્યોગિક એકમો આવેલ છે, | (૧) હા જી. |
| (૨) જો હા, તો કેટલી જમીનમાં કયા ઔદ્યોગિક એકમો આવેલ છે, અને | (૨) અને (૩) : આ સાથે સામેલ પત્રક મુજબ. |
| (૩) ઉક્ત જમીન કયા હેતુ માટે આપવામાં આવેલ અને ઉક્ત સ્થિતિએ કયા હેતુ માટે ઉપયોગ કરવામાં આવે છે ? | |

પત્રક

| વન સંરક્ષણ ધારો–૧૯૮૦ હેઠળ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઔદ્યોગિક એકમોને ડાયવર્ટ કરેલ જંગલની જમીન | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | ઔદ્યોગિક એકમનું નામ | ડાયવર્ટ કરેલ જંગલ જમીન (હેક.) | કયા હેતુ માટે જમીન આપવામાં આવેલ છે. | કયા હેતુ માટે ઉપયોગ કરવામાં આવે છે. |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| જામનગર જિલ્લો | | | | |
| ૧ | ડી.સી.સી. | ૨૨૦.૮૪ | માઈનીંગ | માઈનીંગ |
| ૨ | એસ્સાર ઓઈલ | ૦.૧૧૭૬ | રેલ્વે લાઇન | રેલ્વે લાઇન |
| ૩ | વીસ વીન્ડ લી. | ૮૮.૮૨ | વીન્ડ ફાર્મ | વીન્ડ ફાર્મ |
| ૪ | જી.એસ.એફ.સી., સિક્કા | ૧૭.૦૮ | જેટી બાંધવા | જેટી બાંધવા |
| ૫ | જી.એસ.એફ.સી., સિક્કા | ૦.૨૮ | ચેનલ માટે | ચેનલ માટે |
| ૬ | જી.એમ.બી., જામનગર | ૦.૯ | ધક્કો બનાવવા | ધક્કો બનાવવા |
| ૭ | રીલાયન્સ પેટ્રો લિ., સિક્કા | ૧૮.૩૬૦૫ | જેટી બાંધવા | જેટી બાંધવા |
| ૮ | ટી.પી.એસ., સિક્કા | ૯૮.૫ | પાવર પ્લાન્ટ | પાવર પ્લાન્ટ |

| | | | | |
|---|---|---|---|---|
| આઠ (૮) ઔદ્યોગિક એકમનું કુલ | | ૪૪૪.૮૯૮૧ | | |
| દેવભૂમિ દ્વારકા જિલ્લો | | | | |
| ૧ | ચમ મરીન પ્રોડક્ટ | ૦.૮૦૯૪ | કોલ્ડ સ્ટોરેજ | કોલ્ડ સ્ટોરેજ |
| ૨ | ટાટા કેમીકલ્સ | ૭.૭૪૮૭ | બ્રાઈન પાઈપ લાઈન | બ્રાઈન પાઈપ લાઈન |
| ૩ | એનારકોન ઈન્ડિયા લી. | ૫૨.૯૫ | વીન્ડ પાવર પ્રોજેક્ટ | વીન્ડ પાવર પ્રોજેક્ટ |
| ૪ | છજડક | ૦.૯૪ | સી વોટર પાઈપ લાઈન | સી વોટર પાઈપ લાઈન |
| ૫ | ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન, વાડીનાર | ૫૬.૧ | લંગર બાંધવા માટે | લંગર બાંધવા માટે |
| ૬ | એસ્સાર ઓઈલ લિ., વાડીનાર | ૧૫.૪૯ | જેટી બાંધવા | જેટી બાંધવા |
| ૭ | બી.ઓ.આર.એલ., વાડીનાર | ૯.૨૭ | ડેટી બાંધવા | જેટી બાંધવા |
| ૮ | એસ્સાર બલ્ક ટર્મીનલ (સલાયા) લિ. | ૪.૬ | જેટી અને મરીન ફેસીલીટી બાંધવા | જેટી અને મરીન ફેસીલીટી બાંધવા |
| આઠ (૮) ઔદ્યોગિક એકમનું કુલ | | ૧૪૭.૯૦૮૧ | | |
| જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લો | | | | |
| ૧ | એનારકોન ઈન્ડિયા લી. | ૧૨૦.૭૪૯૬ | વીન્ડ પાવર પ્રોજેક્ટ | વીન્ડ પાવર પ્રોજેક્ટ |
| એક (૧) ઔદ્યોગિક એકમનું કુલ | | ૧૨૦.૭૪૯૬ | | |
| એકંદરે કુલ | | ૭૧૩.૫૫૫૮ | | |

રાજ્યની યુનિવર્સિટીઓના સત્તામંડળોમાં અનામત પ્રથા

* ૨૬૫૫૯ શ્રી શૈલેષભાઈ પરમાર (દાણીલીમડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) યુજીસીએ આપેલા આદેશ મુજબ રાજ્યમાં આવેલ યુનિવર્સિટીઓના સત્તામંડળો (સેનેટ, સીન્ડીકેટ અને એકેડેમેક કાઉન્સીલ) માં એસસી/એસટી માટે અનામત પ્રથા લાગુ કરવાની થાય છે તે હકીકત તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત આદેશનો અમલ ક્યારથી કરવામાં આવેલ છે, અને

(૩) જો ના, તો કયા કારણોસર અમલ કરવામાં આવેલ નથી અને ક્યાં સુધીમાં ઉક્ત આદેશનો અમલ કરવામાં આવશે?

જવાબ

(૧) હા, જી.

(૨) અમલ કરવામાં આવેલ નથી.

(૩) રાજ્યની તમામ યુનિવર્સિટીઓના સક્ષમ સત્તા મંડળો દ્વારા રાજ્ય સરકારને ભલામણ મળ્યા બાદ નિયત પ્રક્રિયા પૂર્ણ થયેથી.

વલસાડ જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે સરકારી છાત્રાલયો

* ૨૬૨૫૪ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કેટલા સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે ?

જવાબ

(૧) ૧૪ (ચૌદ).

(૨) ૧૨૪૫ – વિદ્યાર્થીઓ

ભાવનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં વીજળીકરણની સુવિધા

* ૨૬૩૨૩ શ્રી શિવાભાઈ ગોહિલ (તળાજા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાઓમાં વીજળીકરણની

જવાબ

(૧) ૧૦૧૪.

સુવિધા ઉપલબ્ધ છે,

(૨) કેટલી પ્રાથમિક શાળાઓમાં ઉક્ત સુવિધા ઉપલબ્ધ નથી, અને

(૨) ૩.

(૩) ઉક્ત બાકી શાળાઓમાં આ સુવિધા કયારે ઉભી કરવામાં આવશે?

(૩) નવી શરૂ થયેલ ત્રણ શાળાઓમાં વિજળીકરણની સુવિધા જેમ બને તેમ જલ્દી પુરી પાડવામાં આવશે.

દાહોદ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન માટે ખાસ ઓરડાઓ

* ૨૫૮૭૨ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન યોજના હેઠળ ભોજન તૈયાર કરવા માટે ખાસ ઓરડાઓ નથી, અને

(૨) આ ખુટતા ઓરડાઓ ક્યા સુધીમાં બનાવવામાં આવશે?

જવાબ

(૧) મધ્યાહન ભોજન તૈયાર કરવા માટે ખાસ ઓરડા આપવાની નિતી નથી. પરંતુ ભોજન તૈયાર કરવા માટે કીચન–કમ–સ્ટોર બાંધવામાં આવે છે. તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં કીચન–કમ–સ્ટોર ન હોય તેવી તાલુકાવાર પ્રાથમિક શાળાની વિગતો નીચે મુજબ છે.

| તાલુકો | મધ્યાહન ભોજન તૈયાર કરવા માટે કીચન–કમ–સ્ટોર ન હોય તેવી શાળાઓની સંખ્યા |
|---|---|
| દાહોદ | ૧૯ |
| દેવગઢ બારિયા | ૧ |
| ધાનપુર | ૨ |
| ફતેપુરા | ૫ |
| ગરબાડા | ૧૦ |
| લીમખેડા | ૯ |
| સંજેલી | ૧ |
| ઝાલોદ | ૧૨ |
| કુલ | ૫૯ |

(૨) જગ્યા ઉપલબ્ધ થયેથી જેમ બને તેમ ઝડપથી.

નવસારી જિલ્લામાં આદિજાતિની વિદ્યાર્થીઓ માટે આદર્શ નિવાસી શાળાઓ

* ૨૬૨૫૨ શ્રી પિયુષભાઈ દેસાઈ (નવસારી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ નવસારી જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કેટલી આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે,

(૨) તે પૈકી કેટલી કુમાર તથા કેટલી કન્યાની છે,

(૩) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે, અને

(૪) ઉક્ત શાળાના વિદ્યાર્થીઓને મુખ્યત્વે શું સવલતો આપવામાં આવે છે ?

જવાબ

(૧) ૩ (ત્રણ).

(૨) ૦૧ (એક) – કુમાર
૦૨ (બે)–કન્યા.

(૩) ૩૧૫ –વિદ્યાર્થીઓ
૩૨૫ –વિદ્યાર્થીનીઓ.

(૪) ગુણવતા સભર શિક્ષણ ઉપરાંત રહેવા–જમવા અને અભ્યાસ માટે જરૂરી પાઠ્યપુસ્તકો, સ્ટેશનરી તેમજ ગણવેશ, બુટ મોજા વિગેરે તમામ સુવિધા વિના મૂલ્યે પુરી પાડવામાં આવે છે.

છોટાઉદેપુર જિલ્લામાં કન્યાઓને વિદ્યાસાધના સહાય યોજના હેઠળ સાયકલનો લાભ

* ૨૬૨૪૧ શ્રી જયંતિભાઈ રાઠવા (જેતપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં ધોરણ–૯માં અભ્યાસ કરતી કેટલી

જવાબ

(૧)

| વર્ષ | કન્યાઓની સંખ્યા |
|---|---|

કન્યાઓને વિદ્યાસાધના યોજના હેઠળ સાયકલનો લાભ આપવામાં આવે છે, અને

| | |
|---|---|
| ૨૦૧૪–૧૫ | ૨૧૫૦ |
| ૨૦૧૫–૧૬ | ૨૧૦૫ |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૨) રૂ. ૧૧૫.૪૦ લાખ.

બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં મંજુર મહેકમ

* ૨૫૯૦૪ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં મંજુર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૧)

| જિલ્લો | તાલુકો | મંજુર મહેકમ | ખાલી જગ્યા |
|---|---|---|---|
| બનાસકાંઠા | અમીરગઢ | ૭૩૯ | ૨૪ |
| | ભાભર | ૭૨૭ | ૮૦ |
| | દાંતા | ૧૩૪૮ | ૬૯ |
| | દાંતીવાડા | ૬૯૧ | ૩૫ |
| | ડીસા | ૨૪૨૮ | ૧૦૪ |
| | દિયોદર | ૧૦૪૯ | ૮૭ |
| | ધાનેરા | ૧૧૭૭ | ૧૩૩ |
| | કાંકરેજ | ૧૫૯૮ | ૭૬ |
| | પાલનપુર | ૧૪૯૧ | ૩૮ |
| | થરાદ | ૧૮૭૨ | ૨૬૦ |
| | વડગામ | ૧૦૨૧ | ૨૦ |
| | સુઇગામ | ૪૬૬ | ૮૫ |
| | વાવ | ૯૬૪ | ૧૭૫ |
| | લાખણી | ૧૦૪૫ | ૭૭ |
| પાટણ | પાટણ | ૮૦૪ | ૨૯ |
| | સરસ્વતી | ૧૦૨૧ | ૨૮ |
| | સિદ્ધપુર | ૬૮૩ | ૦૩ |
| | ચાણસ્મા | ૫૩૯ | ૨૦ |
| | હારીજ | ૫૨૦ | ૦૯ |
| | સમી | ૬૦૭ | ૨૫ |
| | શંખેશ્વર | ૩૭૧ | ૦૯ |
| | રાધનપુર | ૭૪૪ | ૬૫ |
| | સાંતલપુર | ૭૪૦ | ૧૫૬ |

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

(૨) જેમ બને તેમ જલ્દી.

મહેસાણા જિલ્લામાં કન્યાઓ માટે અલગ સેનિટેશનની સુવિધા

* ૨૬૩૨૬ શ્રી નારાયણભાઇ પટેલ (ઉંઝા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં કન્યાઓ માટે અલગ સેનિટેશનની સુવિધા વિનાની કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ છે, અને

(૧) ૨.

(૨) આ શાળાઓમાં ઉક્ત સુવિધા ક્યારે પૂરી પાડવામાં આવશે?

(૨) નવી શરૂ થયેલ બંન્ને શાળાઓમાં શૌચાલયની સુવિધા જેમ બને તેમ જલ્દી પુરી પાડવામાં આવશે.

અરવલ્લી જિલ્લામાં પ્રવાસી શિક્ષકો

* ૨૬૩૪૩ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં

(૧) તા. ૨૧–૧૨–૨૦૧૫થી અમલમાં આવેલ છે.

## અતારાંકિત પ્રશ્નો

પ્રવાસી શિક્ષક રાખવાની શરૂઆત ક્યારથી કરવામાં આવી,

(૨) તેની પસંદગી પ્રક્રિયા શું છે અને તેઓને કેટલું મહેનતાણું આપવામાં આવે છે, અને

(૨)

| પસંદગી પ્રક્રિયાઃ– સ્થાનિક કક્ષાએ શાળાના મુખ્ય શિક્ષક, સિનિયર શિક્ષક તથા શાળા વ્યવસ્થાપન સમિતિ સંયુક્ત રીતે પ્રવાસી શિક્ષક રાખવા નિર્ણય કરશે. | | |
|---|---|---|
| તાસદીઠ માનદ વેતન | મહતમ દૈનિક તાસ | મહતમ દૈનિક માનદ વેતન |
| રૂ. ૫૦ | ૬ તાસ | રૂ. ૩૦૦ |
| તથા વધુમાં વધુ માસિક રૂ. ૭૫૦૦/– | | |

(૩) અરવલ્લી જિલ્લામાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા પ્રવાસી શિક્ષકોને નિમણૂંક કરવામાં આવી?

(૩) એક પણ નહિ.

### અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાઓ

* ૨૬૬૬૮ ડૉ. અનિલભાઇ જોષીયારા (ભિલોડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આવેલી છે,

(૧) પત્રક –૧ મુજબ.

(૨) ઉક્ત જિલ્લાઓમાં ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા શિક્ષકોની જગ્યાઓ મંજુર થયેલ છે, અને

(૨) પત્રક –૨ મુજબ.

(૩) તે પૈકી તાલુકાવાર કેટલા શિક્ષકોની જગ્યાઓ ભરીએ છે, અને કેટલી જગ્યાઓ ખાલી છે?

(૩) પત્રક –૩ મુજબ.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

### મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ન્યુ ગુજરાત પેટર્ન અન્વયે સંસ્થાઓની તાલીમ માટે માગણી

* ૨૫૮૭૦ શ્રી ગેંદાલભાઇ ડામોર (સંતરામપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર ન્યુ ગુજરાત પેટર્ન અન્વયે તાલીમ માટે કેટલી સંસ્થાઓએ માંગણી કે અરજીઓ કરેલી,

(૧)

| જિલ્લાનું નામ | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ | કુલ |
|---|---|---|---|
| મહીસાગર | ૫ | ૪ | ૯ |
| પંચમહાલ | ૭ | ૮ | ૧૫ |
| કુલ | ૧૨ | ૧૨ | ૨૪ |

(૨) તે અન્વયે કઇ સંસ્થાઓને ક્યા કામ માટે મંજુરી આપવામાં અને કઇ સંસ્થાઓની અરજીઓ/માંગણીઓ ક્યા કારણોસર નામંજુર કરવામાં આવી,

(૨) મહાસાગર જિલ્લામાં બે વર્ષમાં કુલ–૭ સંસ્થાઓને *પત્રક–અ મુજબની તાલીમની મંજુરી આપી અને ૨ સંસ્થાઓની *પત્રક–બ માં જણાવ્યા મુજબ અરજી નામંજુર કરી કારણ કે, (૧) તે બે સંસ્થાઓના ભાવો અન્ય સંસ્થાઓના ભાવો કરતા ઉંચા હોવાથી તેમજ ટેન્ડરની શરતો પરીપૂર્ણ થતી ન હોવાથી.

જ્યારે પંચમહાલ જિલ્લામાં બે વર્ષમાં મળેલ તમામ ૧૫ સંસ્થાઓને *પત્રક–અ મુજબની તાલીમની મંજુરી આપેલ છે. નામંજુરીનો પ્રશ્ન રહેતો નથી.

(૩) આપવામાં આવેલ ઉક્ત મંજુરી અન્વયે કઇ સંસ્થાઓને કઇ કામગીરી માટે ઉક્ત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત બે વર્ષમાં વર્ષવાર–સંસ્થાવાર આપેલ રકમની વિગતો ઉપરના *પત્રક–અ માં સામેલ છે.

(૪) તે અન્વયે કેટલા લાભાર્થીઓએ લાભ લીધો?

(૪) ૩૬૪૪ લાભાર્થીઓને લાભ મળ્યો છે. જેની વિગતો નીચે મુજબ છે.

અતારાંકિત પ્રશ્નો

| જિલ્લાનું નામ | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ | કુલ |
|---|---|---|---|
| મહીસાગર | ૭૩૪ | ૧૯૧૮ | ૨૬૫૨ |
| પંચમહાલ | ૪૩૮ | ૫૫૪ | ૯૯૨ |
| કુલ | ૧૧૭૨ | ૨૪૭૨ | ૩૬૪૪ |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

જૂનાગઢ જિલ્લામાં આવેલ કોલેજો

* ૨૫૮૬૬ શ્રી હર્ષદભાઇ રીબડીયા (વિસાવદર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં કેટલી આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની કોલેજો તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ આવેલી છે, અને | (૧) ૨૭ (સત્તાવીસ). |
| (૨) તે પૈકી કેટલી કોલેજો સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી છે? | (૨) સરકારી – ૦૩<br>ગ્રાન્ટેડ – ૧૨<br>ખાનગી – ૧૨ |

દાહોદ જિલ્લામાં ગેરકાયદેસર વૃક્ષ છેદનના બનાવો

* ૨૫૮૮૧ શ્રી વજેસિંગભાઇ પણદા (દાહોદ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૧૬ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ગેરકાયદેસર વૃક્ષ છેદનના કેટલા બનાવો નોંધાયા અને કેટલી રકમનું લાકડુ જપ્ત કરવામાં આવ્યું, અને | (૧) છેલ્લા બે વર્ષમાં ગેરકાયદેસર વૃક્ષ છેદનના કૂલ ૧૦૫૭ બનાવો નોંધાયા અને રૂપિયા ૨૫,૬૦,૭૨૪/–ની રકમનું લાકડું જપ્ત કર્યું. |
| (૨) તે અન્વયે કેટલા વાહનો જપ્ત કર્યા અને શી કાર્યવાહી કરવામાં આવી? | (૨) ૧૮ વાહનો જપ્ત કર્યા, ૧૪ વાહનોનો દંડ વસુલ કર્યો અને મુક્ત કર્યા અને ૪ વાહનો અંગેની કાર્યવાહી પ્રગતિમાં છે. |

બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓની ઘટ

* ૨૬૬૨૨ શ્રી જોઇતાભાઇ પટેલ (ધાનેરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓના ઓરડાઓની કેટલી ઘટ છે, અને

(૧)

| તાલુકો | ખુટતા ઓરડાની સંખ્યા |
|---|---|
| ડીસા | ૧૭૪ |
| અમીરગઢ | ૩૩ |
| કાંકરેજ | ૧૭૨ |
| થરાદ | ૬૪ |
| દાંતા | ૧૦૧ |
| દાંતીવાડા | ૧૮ |
| દિયોદર | ૭૫ |
| ધાનેરા | ૪૯ |
| પાલનપુર | ૪૧ |
| ભાભર | ૫૨ |
| વડગામ | ૨૩ |
| લાખણી | ૯૮ |
| સુઇગામ | ૧૨ |
| વાવ | ૧૯ |

(૨) એ ઘટ કેટલા સમયમાં પુરી કરાશે? — (૨) જેમ બને તેમ જલ્દી.

વલસાડ અને ડાંગ જિલ્લામાં ગ્રાહકો તોલમાપથી છેતરાય નહીં તે માટેનાં પગલા

* ૨૬૨૫૯ શ્રી રમણલાલ પાટકર (ઉમરગામ) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

## ચૈત્ર ૧૦,૧૯૩૮ શાકે
## અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન**

(૧) વલસાડ અને ડાંગ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગ્રાહકો તોલમાપથી છેતરાય નહીં તે માટે શું પગલાં લેવામાં આવ્યા,

(૨) કેટલા એકમો સામે કાર્યવાહી કરવામાં આવી,

(૩) તે પૈકી કેટલા એકમોના કેસ માંડવાળ કરવામાં આવ્યા, અને

(૪) તે પેટે કેટલી માંડવાળ ફી વસુલ કરવામાં આવી?

**જવાબ**

(૧) વલસાડ અને ડાંગ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગ્રાહકો તોલમાપથી છેતરાય નહીં તે માટે ઓચિંતી મુલાકાત તેમજ તપાસણી અંગે સઘન ઝુંબેશ યોજવામાં આવેલ છે તેમજ ગ્રાહકોની જાગૃતિ માટે ગ્રાહક સુરક્ષા કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

(૨) ૫૮૧.

(૩) ૫૮૧.

(૪) રૂ. ૨,૭૭,૩૦૦/-.

### જૂનાગઢ જિલ્લામાં ટ્રસ્ટ સંચાલિત નોનગ્રાન્ટેડ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક કન્યાશાળાઓને ગ્રાન્ટેડ કરવાની માંગણીઓ

* ૨૬૬૯૭ શ્રી જવાહરભાઇ ચાવડા (માણાવદર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં જુનાગઢ, માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકાની કઇ ટ્રસ્ટ સંચાલિત નોન-ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કન્યાશાળાઓની ગ્રાન્ટેડ કરવાની માંગણીઓ પડતર છે,

(૨) ઉકત માગણીઓ પડતર રહેવાના શા કારણો છે, અને

(૩) તેનો ક્યાં સુધીમાં નિર્ણય કરવામાં આવનાર છે?

**જવાબ**

(૧) શ્રી દાસારામ કન્યા વિદ્યાલય, બગડુ, તાલુકો જુનાગઢ.

(૨) નોન ગ્રાન્ટેડ શાળાઓને ગ્રાન્ટેડ શાળાઓમાં તબદીલ કરવા અંગેની કોઇ નીતિ હાલમાં અમલમાં નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### છોટાઉદેપુર જિલ્લામાં વિદ્યાલક્ષ્મી બોન્ડની પાકતી મુદતે ચૂકવણી

* ૨૬૬૫૭ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૧૫-૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કન્યા કેળવણીને ઉત્તેજન માટે અપાયેલ વિદ્યાલક્ષ્મી બોન્ડની પાકતી મુદતે કેટલી કન્યાઓને કેટલી રકમ ચૂકવવામાં આવી,

(૨) ઉકત સ્થિતિએ તાલુકાવાર કેટલી કન્યાઓને પાકતી મુદતે વિદ્યાલક્ષ્મી બોન્ડની રકમ ચૂકવવાની બાકી છે અને તેના કારણો શાં છે, અને

**જવાબ**

(૧) પત્રક-૧ મુજબ.

(૨)

| વડોદરા | પાકતી મુદતે બોન્ડની રકમ બાકી કન્યાઓની સંખ્યા | રકમ ચૂકવવાની બાકી છે તેના કારણો |
|---|---|---|
| વડોદરા | ૨૧૧ | પ્રાથમિકમાં ચકાસણીની કાર્યવાહી ચાલુ હોવાથી તથા માધ્યમિકમાં માર્ચ-૨૦૧૬ ના પરીણામ બાદ રકમ ચૂકવવામાં આવશે. |
| સાવલી | ૨૮૧ | |
| વાઘોડીયા | ૧૯૭ | |
| પાદરા | ૪૪ | |
| કરજણ | ૪૬ | |
| ડભોઈ | ૬૧ | |
| છોટાઉદેપુર | | |
| કવાંટ | ૧૨૯૪ | |
| નસવાડી | ૭૪૯ | |
| સંખેડા | ૨૯૬ | |
| છોટાઉદેપુર | ૧૯૮૭ | |

| પાવીજેતપુર | ૧૧૬૧ | |
|---|---|---|

(૩) ઉકત બાકી રકમ ક્યારે ચૂકવાશે ?

(૩) પ્રાથમિકમાં ચકાસણી પૂર્ણ થયેથી વિદ્યાલક્ષ્મી બોન્ડની રકમ ચૂકવી દેવામાં આવશે. જ્યારે માધ્યમિકમાં માર્ચ–૨૦૧૬ના પરીણામ બાદ રકમ ચૂકવવામાં આવશે.

પત્રક–૧

| | | ૨૦૧૪–૧૫ | | | | ૨૦૧૫–૧૬ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| જિલ્લો | તાલુકો | કન્યાઓની સંખ્યા પાકતી મુદતે ચૂકવાયેલ રકમ | | | | કન્યાની સંખ્યા તથા પાકતી મુદતે ચૂકવાયેલ રકમ | | | |
| | | પ્રાથમિક | ચૂકવાયેલ રકમ | માધ્યમિક | ચૂકવાયેલ રકમ | પ્રાથમિક | ચૂકવાયેલ રકમ | માધ્યમિક | ચૂકવાયેલ રકમ |
| વડોદરા | વડોદરા | ૧૭ | ૩૨૬૪૦ | ૧૮ | ૪૨૫૫૨ | ૦૦ | ૦૦ | ૨૪ | ૬૦૭૬૮ |
| | સાવલી | ૬૨ | ૧૧૯૦૪૦ | ૩૭ | ૮૭૪૬૮ | ૭૦ | ૧૩૪૪૦૦ | ૨૯ | ૭૩૪૨૮ |
| | વાઘોડીયા | ૫૦ | ૯૬૦૦૦ | ૭૫ | ૧૭૭૩૦૦ | ૪૩ | ૮૨૫૬૦ | ૧૪ | ૩૫૪૪૮ |
| | પાદરા | ૧૬ | ૩૦૭૨૦ | ૫૬ | ૧૨૨૩૮૪ | ૧૦ | ૧૯૨૦૦ | ૧૭ | ૪૩૦૪૪ |
| | કરજણ | ૩૫ | ૬૭૨૦૦ | ૦૦ | ૦૦ | ૨૮ | ૫૩૭૬૦ | ૦૬ | ૧૫૧૯૨ |
| | ડભોઈ | ૧૧૪ | ૨૧૮૮૮૦ | ૦૦ | ૦૦ | ૬૧ | ૧૧૭૧૨૦ | ૦૦ | ૦૦ |
| છોટા ઉદેપુર | કવાંટ | ૭૭૩ | ૧૪૮૪૧૬૦ | ૩૩ | ૭૮૦૧૨ | ૧૨૫૦ | ૨૪૦૦૦૦૦ | ૫૯ | ૧૪૯૩૮૮ |
| | નસવાડી | ૫૭૩ | ૧૧૦૦૧૬૦ | ૬૪ | ૧૫૧૨૯૬ | ૬૫૧ | ૧૨૪૯૯૨૦ | ૫૪ | ૧૩૬૭૨૮ |
| | સંખેડા | ૨૦૨ | ૩૮૭૮૪૦ | ૫૭ | ૧૩૪૭૪૮ | ૨૦૮ | ૩૯૯૩૬૦ | ૪૮ | ૧૨૧૫૩૬ |
| | બોડેલી | ૦૦ | ૦૦ | ૪૬ | ૧૦૮૭૪૪ | ૦૦ | ૦૦ | ૩૫ | ૮૮૬૨૦ |
| | છોટા ઉદેપુર | ૧૭૫૨ | ૩૩૬૩૮૪૦ | ૮૭ | ૨૦૫૬૫૮ | ૧૯૨૭ | ૩૬૯૯૮૪૦ | ૨૦૨ | ૫૧૧૪૬૪ |
| | જેતપુર પાવી | ૧૦૬૬ | ૨૦૪૬૭૨૦ | ૨૮૭ | ૬૭૮૪૫૮ | ૧૦૩૨ | ૧૯૮૧૪૪૦ | ૩૯૮ | ૧૦૦૭૭૩૬ |

ભરૂચ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ કન્યાઓને લાભ

* ૨૬૩૩૨ શ્રી ઈશ્વરસિંહ પટેલ (અંકલેશ્વર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં કેટલી આદિજાતિ કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

જવાબ

(૧)

| વર્ષ | લાભાર્થીની સંખ્યા |
|---|---|
| ૨૦૧૪–૧૫ | ૧૭૦ |
| ૨૦૧૫–૧૬ (તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ) | ૧૯૩ |
| કુલ | ૩૬૩ |

(૨) રૂ.૩૬.૩૦ લાખ.

નર્મદા જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ

* ૨૬૨૪૩ શ્રી શબ્દશરણ તડવી (નાંદોદ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) નર્મદા જિલ્લામાં તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ થયું છે,

(૨) તે પૈકી કેટલા કાર્ડધારકોને કુડકુપન ઉપર વિતરણ કરવામાં આવ્યું, અને

(૩) કુડકુપન પર વિતરણ વધારવા સરકારે શા પ્રયત્ન કર્યા ?

જવાબ

(૧) નર્મદા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૨૬૭૯ બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ થયું છે.

(૨) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માસિક સરેરાશ ૭૬૨૯૩ કુટુંબોને ફીંગર પ્રિન્ટના આધારે કુડકુપન ઉપર જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું.

(૩) કુડકુપન પર વિતરણ વધારવા સરકારે નીચે મુજબના પ્રયત્નો કર્યા છે.

- વાજબી ભાવની દુકાન સંચાલક/સંસ્થા

લેપટોપ/ પ્રિન્ટર ડીવાઈસ ઉપકરણો વસાવે તે આધારે કાર્ડધારકોને જથ્થાનું વિતરણ કરે જેને ઈ–એફપીએસ કહે છે તે માટે તાલીમ આપી શિબિર યોજી સમજૂત કર્યા.

- નવી મંજૂર કરવામાં આવનાર વાજબી ભાવની દુકાનના સંચાલક/સંસ્થાએ કોમ્પ્યુટર/લેપટોપ, પ્રિન્ટર અને બાયોમેટ્રીક ડીવાઈસ અવશ્ય વસાવવા માટેની શરત રાખી છે.
- જે ઈ–એફપીએસ પ્રોજેક્ટ હેઠળ વાજબી ભાવ દુકાન સામેલ થઈ નથી તે ગામની ઈ–ગ્રામ સેન્ટરને બાયોમેટ્રીક ડીવાઈસીસ રાજ્ય સરકારે આપેલ છે તે આધારે કુડકુપન કાર્ડધારક મેળવી દુકાન ઉપરથી જથ્થો મેળવી શકે.
- બાયોમેટ્રીક આધારે વધુમાં વધુ કાર્ડધારકોને મળવાપાત્ર જથ્થાનું વિતરણ થાય તે માટે દર માસે જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓની બેઠકમાં સમીક્ષા કરવામાં આવે છે. અને જરૂર જણાયે તપાસણી સઘન બનાવવામાં આવી છે.

## ભરૂચ જિલ્લામાં ઈકો ટુરિઝમ

* ૨૬૨૪૮ શ્રી દુષ્યંતભાઈ પટેલ (ભરૂચ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ઈકો ટુરિઝમના વિકાસ માટેની યોજના અમલમાં છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનામાં જિલ્લાના ક્યા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને | (૨) ભરૂચ રેંજમાં આવેલ કબીરવડ. |
| (૩) તે પાછળ તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) |

| અ.નં. | વર્ષ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૪–૧૫ | ૫.૬૮ |
| ૨ | ૨૦૧૫–૧૬ | ૮.૦૫ |

## ખેડા અને આણંદ જિલ્લામાં શારીરિક શિક્ષણના અભ્યાસની સંસ્થાઓ બંધ કરવા બાબત

* ૨૫૯૨૨ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને આણંદ જિલ્લામાં શારીરિક શિક્ષણનો અભ્યાસ ચાલતો હતો તેવી ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ કેટલી સંસ્થાઓ બંધ કરવામાં આવી, | (૧) ‘‘શૂન્ય’’ |
| (૨) ઉકત સંસ્થા બંધ કરવાના શાં કારણો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉકત સંસ્થાઓના ફાજલ શૈક્ષણિક સ્ટાફ અને બિન શૈક્ષણિક સ્ટાફને સરકારે રક્ષણ આપેલ છે કે કેમ ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## દાહોદ જિલ્લામાં ઈકો ટુરિઝમ

* ૨૬૨૩૬ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ઈકો ટુરિઝમના વિકાસ માટેની યોજના અમલમાં છે, | (૧) હા, જી. |

(૨) જો હા, તો આ યોજનામાં જિલ્લાના ક્યા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને

(૨) કંજેટા, ઉધાલમહુડા અને ભીન્ડોલ.

(૩) તે પાછળ તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયેલ છે ?

(૩)

| અ.નં. | વર્ષ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૪ | ૨૮.૮૭ |
| ૨ | ૨૦૧૫ | ૧૦.૮૨ |

જાફરાબાદ ખાતે વન વિભાગની કચેરી

* ૨૬૩૭૧ શ્રી હીરાભાઈ સોલંકી (રાજુલા) : માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ જાફરાબાદ ખાતેની વન વિભાગની કચેરી બંધ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો જાફરાબાદ તાલુકામાં બૃહદ ગીર વિસ્તારમાં વસવાટ કરતા સિંહોના રક્ષણ માટે જાફરાબાદ તાલુકામાં વન વિભાગની કચેરી પુનઃ ચાલુ કરવા શું આયોજન છે ?

જવાબ

(૧) ના, જી. જાફરાબાદ ખાતેની વિસ્તરણ રેન્જને વર્ષ ૨૦૦૭ માં મોબાઈલ સ્કવોડમાં તબદીલ કરી ગીર ગઢડા ખાતે રાખવામાં આવેલ છે.

(૨) જાફરાબાદ તાલુકાના વન્યપ્રાણી સંરક્ષણને લગતી કામગીરી પરિક્ષેત્ર વન અધિકારી, વિસ્તરણ રેન્જ, રાજુલા હેઠળ મુકવામાં આવેલ છે. આમ જાફરાબાદ વિસ્તારમાં રાજુલા વિસ્તરણ રેન્જ અને ગીર ગઢડા મોબાઈલ સ્કવોડ દ્વારા વન્યપ્રાણી સુરક્ષાની કામગીરી થાય છે. આથી જાફરાબાદમાં કચેરી પુનઃ ચાલુ કરવાનો પ્રશ્ન રહેતો નથી.

બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં ગ્રાહક સુરક્ષા મંડળો

* ૨૬૨૧૧ શ્રી કેશાજી ચૌહાણ (દિયોદર) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલા ગ્રાહક સુરક્ષા મંડળો માન્યતા ધરાવે છે, અને

(૨) તે પૈકી કાયમી માન્યતા ધરાવતાં કેટલા ગ્રાહક સુરક્ષા મંડળો છે ?

જવાબ

(૧)

| બનાસકાંઠા | પાટણ |
|---|---|
| ૭ | ૬ |

(૨)

| બનાસકાંઠા | પાટણ |
|---|---|
| ૬ | ૫ |

અમદાવાદ જિલ્લામાં આવેલ કોલેજો

* ૨૫૮૯૬ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) અમદાવાદ જિલ્લામાં કેટલી આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની કોલેજો તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ આવેલી છે, અને

(૨) તે પૈકી કેટલી કોલેજો સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી છે ?

જવાબ

(૧) ૮૩ (ત્યાંસી)

(૨) સરકારી – ૦૮
ગ્રાન્ટેડ – ૪૯
ખાનગી – ૨૬

બનાસકાંઠા જિલ્લામાં અન્નમ બ્રહ્મ યોજના હેઠળ રેશનકાર્ડ

* ૨૫૯૨૭ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં અન્નમ બ્રહ્મ યોજના હેઠળ જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા રેશનકાર્ડ આપવામાં આવ્યા ?

જવાબ

તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં અન્નમ બ્રહ્મ યોજના હેઠળ રેશનકાર્ડ ન હોય તેવા ગરીબોને મફત અનાજ આપવા જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા એકપણ રેશનકાર્ડ આપવામાં આવેલ નથી.

છોટાઉદેપુર જિલ્લામાં જંગલની જમીનના હક્ક મેળવવા માટેની અરજીઓ

* ૨૬૬૭૮ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં જંગલની જમીન ખેડતા ખેત

જવાબ

(૧) એક પણ નહીં.

મજુરોએ જંગલની જમીનના હક્ક મેળવવા માટે તાલુકાવાર કેટલી અરજીઓ કરી,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા અરજદારોની અરજીઓ મંજુર કરી જમીનની સનદો આપવામાં આવી, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેતા અરજદારોને કેટલા સમયમાં આપવાનું આયોજન છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### મહુવા તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર

* ૨૬૨૫૦ શ્રી મોહનભાઈ ઢોડિયા (મહુવા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં કેટલા હેક્ટરમાં વાવેતર કરવામાં આવેલ છે, | (૧) વર્ષ ૨૦૧૪–૧૫ માં ૩૩૦૪.૦૦ હેક્ટર અને ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં ૨૪૨૧.૦૦ હેક્ટરમાં. |
| (૨) તે પૈકી મહુવા તાલુકાઓમાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૨) વર્ષ ૨૦૧૪–૧૫ માં ૨૨૧.૦૦ હેક્ટર અને ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં ૧૨૫.૦૦ હેક્ટરમાં. |
| (૩) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) કુલ રૂ.૧૨૯.૪૨/– લાખ. |

### દાહોદ જિલ્લામાં બાયોમેટ્રીક રેશનકાર્ડ આપવા બાબત

* ૨૫૮૬૮ શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (ગરબાડા) : માનનીય અન્ન અને નાગરિકા પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલા બાયોમેટ્રીક રેશનકાર્ડ આપવામાં આવ્યા, અને | (૧) તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર આપવામાં આવેલ બારકોડેડ રેશનકાર્ડની વિગત નીચે મુજબ છે. |

| અ.નં. | તાલુકાનું નામ | બારકોડેડ રેશનકાર્ડની સંખ્યા |
|---|---|---|
| ૧ | દાહોદ | ૬૫૩૧ |
| ૨ | ગરબાડા | ૨૧૪૬ |
| ૩ | ઝાલોદ | ૩૫૦૮ |
| ૪ | ફતેપુરા | ૧૫૭૭ |
| ૫ | લીમખેડા | ૪૮૦૯ |
| ૬ | ધાનપુર | ૧૪૭૭ |
| ૭ | દેવગઢ બારીયા | ૧૯૩૭ |
| ૮ | સંજેલી | ૧૬૬૧ |
| | કુલ | ૨૩૬૪૬ |

| | |
|---|---|
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલા બાયોમેટ્રીક કાર્ડ આપવાના બાકી છે અને તે કેટલા સમયમાં આપવામાં આવશે? | (૨) ઉક્ત સ્થિતિએ એક પણ બારકોડેડ રેશનકાર્ડ આપવાના બાકી ન હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### ગીર સોમનાથ જિલ્લામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય

* ૨૬૬૯૦ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર કેટલી કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય કાર્યરત છે,

(૨) ઉક્ત વિદ્યાલયો ક્યા વર્ષથી, ક્યા સ્થળે ચાલુ કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) અને (૨)

(૧) વેરાવળ તાલુકો– ૨
–૨૦૦૮–વેરાવળ ખાતે,
૨૦૦૭–આદ્રી ખાતે,

(૨) કોડીનાર તાલુકો– ૧
–૨૦૧૫–અરણેજ ખાતે,

(૩) સુત્રાપાડા તાલુકો– ૧
–૨૦૦૬–ધામણેજ ખાતે,

(૪) ઉના તાલુકો– ૨
–૨૦૦૮–દેલવાડા ખાતે,
–૨૦૦૫ કારજડી ખાતે,
કુલ ૬

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર તેમાં કેટલા બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો ?

(૩) વર્ષ ૨૦૧૪–૧૫ – ૨૭૩
વર્ષ ૨૦૧૫–૧૬ – ૩૫૦.

## સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન હેઠળ બાળકોને તાલીમ

* ૨૬૨૧૯ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) રાજ્યમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ ૬ થી ૧૪ વર્ષના બાળકોને શિક્ષણ સ્તર વધે તે માટે ખાસ તાલીમ આપવામાં આવે છે, તે હકીકત સાચી છે,

(૧) હા.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા બાળકોને ખાસ તાલીમ અપાઇ અને

(૨)

| | | |
|---|---|---|
| સાબરકાંઠા | વર્ષ–૨૦૧૪–૧૫ | ૧૪૯૮ |
| | વર્ષ–૨૦૧૫–૧૬ તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ | ૩૪૮૦ |
| બનાસકાંઠા | વર્ષ–૨૦૧૪–૧૫ | ૪૦૩૦ |
| | વર્ષ–૨૦૧૫–૧૬ તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ | ૪૯૩૯ |

(૩) આ માટે કુલ કેટલો ખર્ચ થયો ?

(૩)

| | | |
|---|---|---|
| સાબરકાંઠા | વર્ષ–૨૦૧૪–૧૫ | રૂ.૩૮.૮૦ લાખ |
| | વર્ષ–૨૦૧૫–૧૬ તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ | રૂ.૧૦૮.૬૯ લાખ |
| | કુલ | રૂ.૧૪૭.૪૯ લાખ |
| બનાસકાંઠા | વર્ષ–૨૦૧૪–૧૫ | રૂ.૧૦૧.૭૩ લાખ |
| | વર્ષ–૨૦૧૫–૧૬ તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ | રૂ.૨૯૮.૮૮ લાખ |
| | કુલ | રૂ.૪૦૦.૬૧ લાખ |

## રાજ્યમાં સિંહોના મૃત્યુ

* ૨૫૯૧૯ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) રાજ્યમાં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા સિંહ, સિંહણ અને સિંહબાળના મૃત્યુ થયા,

(૧)

| અનુ. | વર્ષ | સિંહની સંખ્યા | સિંહણની સંખ્યા | સિંહબાળની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૪ | ૨૪ | ૨૨ | ૩૨ | ૭૮ |
| ૨ | ૨૦૧૫ | ૨૬ | ૨૭ | ૩૮ | ૯૧ |

(૨) તે પૈકી કેટલા સિંહ, સિંહણ અને સિંહબાળના કુદરતી મૃત્યુ થયા અને કેટલાના અકુદરતી મૃત્યુ થયા,

(૨)

અને

| અનુ. | વર્ષ | કુદરતી મૃત્યુ | | | | અકુદરતી મૃત્યુ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સિંહ | સિંહણ | સિંહબાળ | કુલ | સિંહ | સિંહણ | સિંહબાળ | કુલ |
| ૧ | ૨૦૧૪ | ૧૯ | ૧૭ | ૨૯ | ૬૫ | ૫ | ૫ | ૩ | ૧૩ |
| ૨ | ૨૦૧૫ | ૨૦ | ૨૨ | ૩૨ | ૭૪ | ૬ | ૫ | ૬ | ૧૭ |

(૩) રાજ્યમાં અકુદરતી મૃત્યુ અટકે તે માટે રાજ્ય સરકારે શા પગલાં લીધા ?

(૩) નીચેની કામગીરી કરવામાં આવે છે.

૧. પાક રક્ષણ માટે ગેરકાયદેસર જીવંત વીજ વાયરના કરંટ ગોઠવતા ખેડૂતો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.

૨. ખુલ્લા કુવાઓને પેરામીટ વોલ થી સુરક્ષિત કરવા.

૩. વન્યપ્રાણીઓ સિંહોના અકુદરતી મૃત્યુના બનાવો અટકાવવા માટે અભ્યારણ્યમાંથી પસાર થતા રસ્તાઓ ઉપર સ્પીડ બ્રેકરો મુકવા.

૪. વેટેનરી ઓફિસરની નિમણૂક.

૫. શિકાર માટે ફાસલા બાબતની ચકાસણી માટે સતત ફેરણું.

૬. સિંહની અવરજવર વાળા સંવેદન શીલ વિસ્તારમાં રેલ્વે ટ્રેકની બન્ને બાજુ ચેનલીક ફેન્સીંગ કરવાની કામગીરી.

૭. સિંહની હત્યા અટકાવવા ક્ષેત્રીય સ્ટાફ દ્વારા લોક જાગૃતિની સાથી સતત ફેરણા અને નાઇટ પેટ્રોલીંગ.

પાટણ જિલ્લાની પ્રાથમિક શાળાઓના રીપેરીંગ માટેની દરખાસ્તો

* ૨૫૯૦૬ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં પ્રાથમિક શાળાના રીપેરીંગ માટે તાલુકાવાર કુલ કેટલી દરખાસ્ત સરકારને મળી, અને

(૧)

| તાલુકો | કુલ મળેલ દરખાસ્ત |
|---|---|
| ચાણસ્મા | ૩૦ |
| હારીજ | ૦૭ |
| પાટણ | ૧૬ |
| રાધનપુર | ૧૩ |
| સમી | ૧૫ |
| સાંતલપુર | ૨૮ |
| સરસ્વતી | ૧૩ |
| શંખેશ્વર | ૦૨ |
| સિધ્ધપુર | ૧૯ |
| કુલ | ૧૪૩ |

(૨) તે અન્વયે તાલુકાવાર કેટલી શાળાઓ કેટલા ખર્ચે રીપેર કરવામાં આવી અને બાકી રહેલ પ્રાથમિક શાળાઓને સરકાર ક્યારે રીપેરીંગ કરવા માંગે છે ?

(૨)

| તાલુકો | શાળાની સંખ્યા | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ચાણસ્મા | ૦૮ | ૨૫.૨૪ |

| | | |
|---|---|---|
| હારીજ | ૦૬ | ૧૨.૦૭ |
| પાટણ | ૦૯ | ૨૬.૬૨ |
| રાધનપુર | ૦૬ | ૧૮.૩૩ |
| સમી | ૦૮ | ૧૧.૬૦ |
| સાંતલપુર | ૧૫ | ૩૮.૧૧ |
| સરસ્વતી | ૦૧ | ૧.૩૦ |
| શંખેશ્વર | ૦૧ | ૦.૭૮ |
| સિધ્ધપુર | ૦૮ | ૧૯.૦૫ |

– જેમ બને તેમ જલ્દી.

કાલોલ તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર

* ૨૬૨૩૪ શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) પંચમહાલ જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં કેટલા હેક્ટરમાં વાવેતર કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી કાલોલ તાલુકાઓમાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૩) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) વર્ષ ૨૦૧૪–૧૫ માં ૧૬૩૮.૦૦ હેક્ટર અને ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં ૨૭૮૩.૦૦ હેક્ટરમાં.

(૨) વર્ષ ૨૦૧૪–૧૫ માં ૧૩૦.૦૦ હેક્ટર અને ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં ૫૫.૦૦ હેક્ટરમાં.

(૩) કુલ રૂ.૪૬.૦૨/– લાખ.

દાહોદ જિલ્લામાં લો લીટરેસી ગર્લ્સ શાળાઓ

* ૨૬૨૩૮ શ્રી વિંછીયાભાઈ ભુરિયા (લીમખેડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલોપમેન્ટ રેસીડેન્સીયલ એજ્યુકેશનલ સોસાયટી સંચાલિત કેટલી અને ક્યાં લો લીટરેસી ગર્લ્સ શાળાઓ કાર્યરત છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત શાળામાં કેટલી વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે, અને

જવાબ

(૧)

| ક્રમ | શાળાનું નામ | સરનામું |
|---|---|---|
| ૧ | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલ, ખરેડી | એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ ખરેડી શાળાના કેમ્પસમાં, મુ.ખરેડી, તા.દાહોદ |
| ૨ | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલ, ઉસરવાણ | |
| ૩ | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલ, ફતેપુરા | મુ.બારીયાની હાથોડ, તા.ફતેપુરા |
| ૪ | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલ, નાની ખજુરી | મુ.અંતેલા, તા.દેવગઢ બારીયા |
| ૫ | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલ, નીનામાનીવાવ | મોડેલ સ્કુલ લીમખેડા કેમ્પસ, તા.લીમખેડા |
| ૬ | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલ, ગરાડીયા | મુ.સંજેલી, તા.સંજેલી |
| ૭ | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલ, નીમચ | મુ.ગાંગરડા, તા.ગરબાડા |
| ૮ | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલ, ધાનપુર (મંડોર) | મુ.લુખડીયા, તા.ધાનપુર |

(૨) ૨૦૦૪–વિદ્યાર્થીનીઓ.

## અતારાંકિત પ્રશ્નો

(૩) તે પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૩) રૂ.૮૫૬.૦૦ લાખ.

### મહેસાણા જિલ્લામાં પેકેટનું ઉત્પાદન કરતા એકમો સામે તપાસ

* ૨૬૨૧૭ શ્રી ઋષિકેશ પટેલ (વિસનગર) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા તા.૩૧–૧૨–૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પેકેટ સ્વરૂપે ઉત્પાદન કરતાં કેટલા ઉત્પાદક એકમોની તપાસ કરવામાં આવી, અને કેટલા એકમો સામે કાર્યવાહી કરવામાં આવી, | (૧) ૧૨૩૭ એકમોની તપાસ કરવામાં આવી અને ૮ એકમો સામે કાર્યવાહી કરવામાં આવી. |
| (૨) તે પેટે કેટલા એકમોના કેસ માંડવાળ કરવામાં આવ્યા, અને | (૨) ૮. |
| (૩) તે પેટે કેટલી માંડવાળ ફી વસુલ કરવામાં આવી ? | (૩) રૂ.૪૬,૦૦૦. |

### પાટણ જિલ્લામાં રેશનકાર્ડ વિભાજનની અરજીઓ

* ૨૬૨૧૩ શ્રી નાગરજી ઠાકોર (રાધનપુર) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં રેશનકાર્ડના વિભાજન અંગેની કેટલી અરજીઓ તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળી, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લામાં રેશનકાર્ડના વિભાજન અંગેની ૯૬૪૮ અરજીઓ મળી. |
| (૨) તે પૈકી કેટલા રેશનકાર્ડ આપવામાં આવ્યા, | (૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ ૯૧૧૮ રેશનકાર્ડ આપવામાં આવ્યા. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર રહેલ છે, અને | (૩) ‘શુન્ય’. |
| (૪) અરજીઓ પડતર રહેવાના કારણો શાં છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### આણંદ અને વડોદરા જિલ્લામાં આર.ટી.ઈ. એક્ટ હેઠળ પ્રવેશ

* ૨૬૬૮૦ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને વડોદરા જિલ્લાની જિલ્લાવાર કેટલી ખાનગી શાળાઓમાં કેટલા વિદ્યાર્થીઓને આર.ટી.ઈ. એક્ટ હેઠળ પ્રવેશ આપવામાં આવેલ છે,

(૧)

| જિલ્લો | ૨૦૧૪–૧૫ | | ૨૦૧૫–૧૬ | |
|---|---|---|---|---|
| | શાળાઓ | વિદ્યાર્થીઓ | શાળાઓ | વિદ્યાર્થીઓ |
| આણંદ | ૬૨ | ૪૩૬ | ૯૨ | ૭૦૯ |
| વડોદરા | ૧૭૧ | ૧૧૦૦ | ૧૯૭ | ૩૪૨૪ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓને સરકાર ફીમાં કોઈ સહાય/ગ્રાન્ટ આપે છે કે કેમ, અને

(૨) હા, જી.

(૩) જો હા, તો ઉક્ત જિલ્લાવાર ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર કેટલી સહાય/ગ્રાન્ટ ચુકવવામાં આવેલ છે?

(૩)

| જિલ્લો | ૨૦૧૪–૧૫ (રૂ.) | ૨૦૧૫–૧૬ (રૂ.) |
|---|---|---|
| આણંદ | ૭,૯૬,૯૧૫ | ૫૨,૪૭,૨૪૫ |
| વડોદરા | ૯૪,૩૫,૦૭૫ | ૪,૩૧,૦૭,૦૭૫ |

### મહીસાગર જિલ્લામાં બી.પી.એલ. રેશનકાર્ડની અરજીઓ

* ૨૫૮૯૨ પ્રો. હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહીસાગર જિલ્લામાં તાલુકાદીઠ બી.પી.એલ. રેશનકાર્ડની કેટલી અરજીઓ મળી, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહીસાગર જિલ્લામાં તાલુકાદીઠ બી.પી.એલ. રેશનકાર્ડની મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે. |

| અ.ક્ર. | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | લુણાવાડા | ૧૭૧ |
| ૨ | ખાનપુર | ૮૬ |
| ૩ | સંતરામપુર | ૨૩૫ |
| ૪ | કડાણા | ૪૦ |
| ૫ | બાલાસિનોર | ૧૭૧ |
| ૬ | વિરપુર | ૨૫ |
| | કુલઃ- | ૭૨૮ |

(૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, અને

(૨) તે પૈકી નીચે મુજબ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો.

| અ.ક્ર. | તાલુકાનું નામ | નિકાલ કરેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | લુણાવાડા | ૧૬૭ |
| ૨ | ખાનપુર | ૮૬ |
| ૩ | સંતરામપુર | ૨૩૫ |
| ૪ | કડાણા | ૩૮ |
| ૫ | બાલાસિનોર | ૧૭૧ |
| ૬ | વિરપુર | ૨૫ |
| | કુલઃ- | ૭૨૨ |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર રહેલ છે, અને તેના શાં કારણો છે?

(૩) ઉક્ત સ્થિતિએ લુણાવાડા તાલુકામાં ૪ અરજીઓ અને કડાણા તાલુકામાં ૨ અરજીઓ એમ કુલ-૬ અરજીઓ પડતર છે.

ઉક્ત ૬ અરજીઓ જરૂરી આધાર-પુરાવા રજુ ન કરવાના કારણે પડતર છે.

### ભાવનગર જિલ્લામાં ચેકડેમ, લિફ્ટઈરીગેશન, જુથકુવા અને વન તલાવડીના કામો

* ૨૬૧૬૧ શ્રી પ્રવિણભાઈ રાઠોડ (પાલીતાણા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વન ખાતા દ્વારા ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા ચેકડેમ, લિફ્ટઈરીગેશન, જુથકુવા અને વન તલાવડીના કામ કરવામાં આવ્યા, અને

જવાબ

(૧) લિફ્ટ ઈરીગેશન અને જુથકુવાની કોઈ કામગીરી કરવામાં આવેલ નથી. જયારે ચેકડેમ અને વન તલાવડીના નીચે મુજબના કામો કરેલ છે.

| તાલુકો | વર્ષ ૨૦૧૪-૧૫ | |
|---|---|---|
| | ચેકડેમ | વન તલાવડી |
| ભાવનગર | ૦ | ૨ |
| ઘોઘા | ૧ | ૨ |
| શિહોર | ૧ | ૦ |
| ઉમરાળા | ૦ | ૦ |
| પાલીતાણા | ૭ | ૧૧ |
| ગારીયાધાર | ૦ | ૦ |
| મહુવા | ૪ | ૦ |
| તળાજા | ૨ | ૨ |
| જેસર | ૯ | ૩ |
| વલભીપુર | ૦ | ૦ |
| કુલઃ- | ૨૪ | ૨૦ |
| તાલુકો | વર્ષ ૨૦૧૫-૧૬ (તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ) | |
| | ચેકડેમ | વન તલાવડી |
| ભાવનગર | ૦ | ૦ |

| | | |
|---|---|---|
| ઘોઘા | ૪ | ૦ |
| શિહોર | ૩ | ૦ |
| ઉમરાળા | ૦ | ૦ |
| પાલીતાણા | ૮ | ૦ |
| ગારીયાધાર | ૦ | ૦ |
| મહુવા | ૦ | ૦ |
| તળાજા | ૦ | ૦ |
| જેસર | ૦ | ૦ |
| વલભીપુર | ૦ | ૦ |
| કુલઃ- | ૧૫ | ૦ |

(૨) તે માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો? (૨) કુલ રૂ. ૨૦૨.૯૬/- લાખ.

મોરવા હડફ તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર

* ૨૬૨૩૨ શ્રીમતી નિમિષાબેન સુથાર (મોરવા હડફ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન જવાબ

(૧) પંચમહાલ જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬માં તા.૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં કેટલા હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે,

(૧) વર્ષ ૨૦૧૪-૧૫માં ૧૬૩૮.૦૦ હેકટર અને ૨૦૧૫-૧૬ માં તા.૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં ૨૭૮૩.૦૦ હેકટરમાં.

(૨) તે પૈકી મોરવા હડફ તાલુકાઓમાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) વર્ષ ૨૦૧૪-૧૫માં ૧૩૮.૦૦ હેકટર અને ૨૦૧૫-૧૬ માં તા.૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં ૩૧૦.૦૦ હેકટરમાં.

(૩) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? (૩) કુલ રૂ. ૮૭.૯૮/-.

વલસાડ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણી અને શૌચાલયની સુવિધા

* ૨૬૨૫૭ શ્રી કનુભાઈ દેસાઈ(પારડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન જવાબ

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની અને કેટલી શાળાઓમાં શૌચાલયની સુવિધા આપવાની બાકી છે, અને

(૧) તમામ શાળાઓમાં પીવાના પાણીની સુવિધા છે. પાંચ નવી શરૂ થયેલ શાળાઓમાં શૌચાલયની સુવિધા આપવાની બાકી છે.

(૨) ઉક્ત બાકી શાળાઓમાં આ સુવિધા ક્યારે પુરી પાડવામાં આવશે?

(૨) નવી શરૂ થયેલ પાંચ શાળાઓમાં શૌચાલયની સુવિધા જેમ બને તેમ જલ્દી પુરી પાડવામાં આવશે.

બનાસકાંઠા જિલ્લામાં પેટ્રોલ પંપો પર દરોડા

* ૨૬૨૦૮ શ્રી પરબતભાઈ પટેલ (થરાદ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન જવાબ

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પેટ્રોલ પંપો પર કેટલા દરોડાઓ પાડવામાં આવ્યા,

(૧) ૩૮ (આડત્રીસ) દરોડા.

(૨) તેમાં કેટલી કિંમતનો કેટલો જથ્થો કબજે લેવામાં આવ્યો, અને

(૨) કોઈ જથ્થો કબજે લેવામાં આવ્યો નથી.

(૩) તે અન્વયે કેટલા ઈસમો સામે શાં પગલાં લીધા ?

(૩) ૧૦ (દશ) ઈસમો સામે કાર્યવાહી કરી. રૂ.૧૬,૦૦૦/- પરવાના અનામત રાજ્યસાત કરી.

સર્વ શિક્ષા અભિયાનના અમલીકરણ માટે કેન્દ્રે ફાળવેલ ગ્રાન્ટ

* ૨૬૭૧૧ શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન જવાબ

(૧) સન ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ના વર્ષમાં સર્વ શિક્ષા અભિયાનના અમલીકરણ અન્વયે વર્ષવાર ભારત સરકાર દ્વારા કેટલી રકમ રાજ્ય સરકારને મળી, અને

(૧) (રૂ. લાખમાં)

| વર્ષ | રકમ |
|---|---|
| ૨૦૧૩-૧૪ | ૮૦૫૫૯.૬૩ |

| | |
|---|---|
| ૨૦૧૪-૧૫ | ૮૯૯૭૫.૪૮ |

(૨) તે રકમ રાજ્ય સરકારે કઈ એજન્સીના હવાલે મૂકી?

(૨) સર્વ શિક્ષા અભિયાન.

જુનાગઢ જિલ્લાના આદિજાતિના વિદ્યાર્થીઓની ઉચ્ચ અભ્યાસ માટે લોનની અરજીઓ

* ૨૫૮૭૬ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જુનાગઢ જિલ્લામાં આદિજાતિના કેટલા વિદ્યાર્થીઓએ ઉચ્ચ અભ્યાસ માટે લોન માટેની માંગણી/અરજીઓ મળેલ છે, | (૧) એક પણ અરજી મળેલ નથી. |
| (૨) તે અન્વયે વર્ષવાર કેટલી અરજીઓ મંજુર કરી અને કેટલી લોન ચુકવવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલી અરજીઓ કયા કારણોસર નામંજુર કરવામાં આવી, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે તથા તેનો કયાં સુધીમાં નિકાલ કરવામાં આવશે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

રાજકોટ જિલ્લામાં સી.એન.જી. અને એલ.પી.જી. પંપોની ખરાઈ

* ૨૬૨૨૬ શ્રી બાવનજીભાઈ મેતલીયા (ટંકારા) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા સ્થાપિત થયેલ સી.એન.જી. તથા એલ.પી.જી. પંપો દ્વારા ગ્રાહકો સાથે છેતરપીંડી ન થાય તે માટે તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શું પગલાં લેવામાં આવ્યા, અને | (૧) સી.એન.જી. અને એલ.પી.જી. પંપોનું ચકાસણી/ મુદ્રાંકન તથા તપાસણી કરવામાં આવેલ છે. |
| (૨) તે અન્વયે કેટલા સી.એન.જી. તથા એલ.પી.જી. પંપોની ખરાઈ કરવામાં આવી, અને કેટલા એકમોનું નિરીક્ષણ કરવામાં આવ્યુ? | (૨) ૧૮ સી.એન.જી. પંપોની ખરાઈ કરવામાં આવેલ છે, અને તેટલા જ એકમોનું નિરીક્ષણ કરવામાં આવેલ છે. |

જૂનાગઢ જિલ્લામાં ખાદ્યતેલ અંગે દરોડા

* ૨૬૨૩૦ શ્રી અરવિંદભાઈ લાડાણી (કેશોદ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખાદ્યતેલ અંગે કેટલા દરોડાઓ પાડવામાં આવ્યા, | (૧) શૂન્ય. |
| (૨) તેમાં કેટલી કિંમતનો કેટલો જથ્થો કબજે લેવામાં આવ્યો, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલી કિંમતનો કેટલો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

અમદાવાદ શહેર અને જિલ્લામાં રોપાનું વાવેતર

* ૨૬૨૭૦ શ્રી હસમુખભાઈ પટેલ (અમરાઈવાડી) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેર અને જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા હેકટરમાં રોપાનું વાવેતર કરવામાં આવ્યું, | (૧) અમદાવાદ શહેરમાં છુટા છવાયા રોપાનું વાવેતર કરવામાં આવતું હોવાથી ચોક્કસ હેકટર દર્શાવી શકાયેલ નથી. પરંતુ વર્ષ ૨૦૧૪માં ૦.૯૩ લાખ અને વર્ષ ૨૦૧૫ માં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ૦.૮૧ લાખ રોપાનું વાવેતર કરેલ છે. જયારે અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૪માં ૧૩૯૮.૦૭ હેકટર અને વર્ષ ૨૦૧૫માં ૧૩૭૨.૪૦ હેકટર. |
| (૨) તેમાં મુખ્યત્વે કયાં પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૨) લીમડા, નીલગીરી, અરડુસો, કણજી, ગુલમહોર, કાસીદ, પેલ્ટો, સીરસ, ઉંમરા, ગરમાળો, સપ્તપર્ણી, કદમ, ટેબુબીયા, પીપળો, વડ, પીલુ વિગેરે. |

(૩) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? (૩) કુલ રૂ.૧૫૬૮.૬૭/- લાખ.

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો

* ૨૬૬૮૭ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાઓમાં તાલુકાવાર કેટલી સસ્તા અનાજની દુકાનો આવેલ છે,

જવાબ

(૧) અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાઓમાં તાલુકાવાર તા.૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ સસ્તા અનાજની દુકાનો નીચે મુજબ આવેલ છે.

જિલ્લાનું નામઃ અરવલ્લી

| ક્રમ | તાલુકાનું નામ | સસ્તા અનાજની દુકાનોની સંખ્યા |
|---|---|---|
| ૧ | મોડાસા | ૭૭ |
| ૨ | માલપુર | ૪૫ |
| ૩ | મેઘરજ | ૬૦ |
| ૪ | બાયડ | ૮૮ |
| ૫ | ભિલોડા | ૮૩ |
| ૬ | ધનસુરા | ૪૬ |
| | કુલ | ૩૯૯ |

જિલ્લાનું નામઃ સાબરકાંઠા

| ક્રમ | તાલુકાનું નામ | સસ્તા અનાજની દુકાનોની સંખ્યા |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૧૨૪ |
| ૨ | ઈડર | ૧૦૭ |
| ૩ | વડાલી | ૪૧ |
| ૪ | ખેડબ્રહ્મા | ૫૫ |
| ૫ | પોશીના | ૩૯ |
| ૬ | વિજયનગર | ૪૦ |
| ૭ | પ્રાંતિજ | ૫૮ |
| ૮ | તલોદ | ૫૬ |
| | કુલ | ૫૨૦ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓમાં વસ્તીના ધોરણે સસ્તા અનાજની દુકાનો પુરતા પ્રમાણમાં છે કે કેમ,

(૨) હા જી.

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં સસ્તા અનાજની દુકાનોમાં પૂરતા પ્રમાણમાં માલનો જથ્થો સમયસર નથી પહોંચતો તે હકીકત સાચી છે, અને

(૩) ના જી.

(૪) જો હા, તો આ અંગે શા પગલાં ભરવામાં આવેલ છે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

વાગરા તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર

* ૨૬૨૪૭ શ્રી અરૂણસિંહ રણા (વાગરા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ભરૂચ જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬માં તા.૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં કેટલા હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે,

જવાબ

(૧) વર્ષ ૨૦૧૪-૧૫ માં ૨૪૯૧.૦૦ હેકટર અને ૨૦૧૫-૧૬માં તા.૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં ૧૫૦૧.૨૦ હેકટરમાં.

(૨) તે પૈકી વાગરા તાલુકાઓમાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) વર્ષ ૨૦૧૪-૧૫ માં ૫૭૫.૦૦ હેકટર અને ૨૦૧૫-૧૬ માં તા.૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં ૩૦૦.૦૦ હેકટરમાં.

(૩) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૩) કુલ રૂ.૨૫૪.૭૮/- લાખ.

## તા. ૩૦મી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નો

અમદાવાદ જિલ્લામાં અભ્યાસ કરતા બાળકોને વાહન સુવિધા

* ૨૬૨૯૪ શ્રી કિશોરસિંહ ચૌહાણ (વેજલપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) રાજ્યમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિએ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકો માટે સરકાર તરફથી વાહન સુવિધા આપવામાં આવે છે, તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલા બાળકોને વાહન સુવિધા આપવામાં આવેલ છે,અને

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૪–૧૫ બાળકોની સંખ્યા | વર્ષ ૨૦૧૫–૧૬ બાળકોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | સીટી | ૩૬૫ | ૧૯૨ |
| ૨ | ધોળકા | ૩૯૦ | ૬૫૫ |
| ૩ | રાણપુર | ૨૩૨ | ૧૩૨૯ |
| ૪ | બરવાળા | ૬૬ | ૧૫૫ |
| ૫ | દસક્રોઈ | ૮૮૬ | ૦ |
| ૬ | દેત્રોજ | ૨૨ | ૦ |
| ૭ | માંડલ | ૨૧૫ | ૯૩૬ |
| ૮ | સાણંદ | ૨૩ | ૧૭૪ |
| ૯ | બાવળા | ૧૧ | ૪૮૫ |
| ૧૦ | વિરમગામ | – | ૯૨ |

(૩) આ માટે કેટલો ખર્ચ થયો ?

(૩) વર્ષ ૨૦૧૪–૧૫માં રૂ.૫૬.૪૫ લાખ
વર્ષ ૨૦૧૫–૧૬માં રૂ.૧૦૨.૪૨ લાખ.

ગાંધીનગર જિલ્લામાં કેરોસીનના વિતરણ માટે પરવાના

* ૨૬૫૨૩ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેરોસીનનું વિતરણ કરતા કેટલા ફેરીયાઓ/દુકાનદારોને પરવાનો આપવામાં આવેલ,

(૧) તા.૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કેરોસીનનું વિતરણ માટે એક પણ ફેરિયાને કે છૂટક વિક્રેતાને નવિન પરવાનો આપવામાં આવેલ નથી. પરંતુ કેરોસીન સહિતની રેશનીંગ ચીજવસ્તુઓનાં વેચાણ માટે ૩ વ્યાજબીભાવની દુકાનના પરવાના આપવામાં આવેલ છે. જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

(૧) ફેબ્રુઆરી–૧૪ થી જાન્યુઆરી–૧૫ સુધીમાં ગાંધીનગર ગ્રામ્ય તાલુકામાં કુલ ૩ પરવાના આપવામાં આવેલ છે.

(૨) ફેબ્રુઆરી–૧૫ થી જાન્યુઆરી–૧૬ સુધીમાં કેરોસીનના કોઈ પરવાના આપવામાં આવેલ નથી.

(૨) ઉક્ત સ્થિતિએ નવો પરવાનો મેળવવા તાલુકાવાર ઉક્ત વર્ષવાર કેટલી અરજીઓ સરકારને મળી, અને

(૨) તા.૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ વાજબી ભાવની દુકાન માટે નવો પરવાનો મેળવવા છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ અરજીઓ મળેલ છે.

વર્ષ(ફેબ્રુઆરી–૧૪ થી જાન્યુ–૧૫)

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજી |
|---|---|---|
| ૧ | ગાંધીનગર ગ્રામ્ય | ૩૮ |
| ૨ | ગાંધીનગર શહેર | ૦ |
| ૩ | માણસા | ૧૧ |
| ૪ | દહેગામ | ૯ |
| ૫ | કલોલ | ૦ |

| | કુલ | ૫૮ |
|---|---|---|

વર્ષ(ફેબ્રુઆરી–૧૫ થી જાન્યુ–૧૬)

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજી |
|---|---|---|
| ૧ | ગાંધીનગર ગ્રામ્ય | ૭૩ |
| ૨ | ગાંધીનગર શહેર | ૦ |
| ૩ | માણસા | ૨૬ |
| ૪ | દહેગામ | ૧૬ |
| ૫ | કલોલ | ૪૯ |
| | કુલ | ૧૬૪ |

(૩) કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી ?

(૩) વર્ષ(ફેબ્રુઆરી–૧૪ થી જાન્યુ–૧૫)
વાજબી ભાવની દુકાન ખોલવા અંગે કુલ ૫૮ અરજીઓ મળેલ તે પૈકી ૫૩ અરજીઓ ના મંજુર કરવામાં આવી.
વર્ષ(ફેબ્રુઆરી–૧૫ થી જાન્યુ–૧૬)
વાજબી ભાવની દુકાનનો પરવાનો મેળવવા કુલ–૧૬૪ અરજીઓ મળેલ. જે પૈકી ૧૧૨ અરજીઓ ના મંજુર કરવામાં આવેલ.

## સર્વ શિક્ષા અભિયાન માટે દેવભૂમિ દ્વારકા જિલ્લાને ફાળવેલ ગ્રાન્ટ

* ૨૬૭૦૧ શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ના વર્ષમાં સર્વ શિક્ષા અભિયાનના અમલીકરણ અન્વયે વર્ષવાર દેવભૂમિ દ્વારકા જિલ્લાને કેટલી ગ્રાન્ટ મળી, | (૧) ‘‘શૂન્ય’’. |
| (૨) તે ગ્રાન્ટની રકમ ઉક્ત વર્ષવાર મુખ્યત્વે કયા હેતુ માટે કેટલી વપરાઈ, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલી રકમ તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વણ વપરાયેલ છે અને તેના શાં કારણો છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) બાકીની ગ્રાન્ટ કયાં સુધી વાપરવામાં આવનાર છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## આણંદ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓની ઘટ

* ૨૬૬૪૫ શ્રી પુનમભાઈ પરમાર (સોજીત્રા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ આણંદ જિલ્લામાં પ્રાથમિક વિભાગની શાળાઓમાં કુલ કેટલા ઓરડાઓની ઘટ છે, અને | (૧) ૫૧૦. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઓરડાઓની આ ઘટ પુરી કરવા સરકારે શું આયોજન કરેલ છે ? | (૨) આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ જલ્દીથી. |

## સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન માટે ફાળવેલ રકમ

* ૨૬૬૭૧ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સર્વ શિક્ષા અભિયાન હેઠળ સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લામાં તાલુકાવાર તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

જવાબ

(૧) છેલ્લા બે વર્ષમાં ફાળવેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં)

| સાબરકાંઠા | | | અરવલ્લી | |
|---|---|---|---|---|
| તાલુકાનું નામ | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ | તાલુકાનું નામ | ૨૦૧૫–૧૬ |
| હિંમતનગર | ૩૧૮.૮૫ | ૩૬૭.૭૭ | – | – |
| ઈડર | ૨૪૩.૭૫ | ૧૯૩.૫૩ | – | – |
| ખેડબ્રહ્મા | ૧૫૧.૪૬ | ૧૫૬.૮ | – | – |
| પ્રાંતિજ | ૨૧૫.૦૧ | ૧૨૫.૨૨ | – | – |

| | | | | |
|---|---|---|---|---|
| તલોદ | ૨૧૭.૬૨ | ૨૩૦.૦૧ | – | – |
| વડાલી | ૯૬.૫૪ | ૬૯.૩૬ | – | – |
| વિજયનગર | ૭૨.૧૮ | ૧૨૨.૯૭ | – | – |
| પોશીના | – | ૨૮૧.૭૨ | – | – |
| બાયડ | ૧૩૧.૪૧ | – | બાયડ | ૮૨.૬૯ |
| ભિલોડા | ૨૭૩.૪૨ | – | ભિલોડા | ૬૨.૮૪ |
| ધનસુરા | ૨૧૪.૯૨ | – | ધનસુરા | ૫૬.૧૩ |
| મોડાસા | ૧૨૬.૨૧ | – | મોડાસા | ૬૮.૭૬ |
| માલપુર | ૭૭.૮૪ | – | માલપુર | ૪૯.૪૫ |
| મેઘરજ | ૨૬૮.૧૧ | – | મેઘરજ | ૭૬.૬૨ |

(૨) તે પૈકી કયા કામ માટે કેટલી રકમ તાલુકાવાર ખર્ચ કરવામાં આવી ?

(૨) પ્રવૃત્તિવાર તથા તાલુકાવાર ખર્ચની વિગતો એનેક્ષર–*૧,૨ અને *૩ મુજબ.

*(એનેક્ષર સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

મહેસાણા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકોની નિમણૂંક

* ૨૬૫૯૮ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં કેટલા વિદ્યાસહાયકોની નિમણૂંક કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર વિદ્યા સહાયકોની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

જવાબ

(૧)

| | |
|---|---|
| ૨૦૧૪–૧૫ | ૬૫ |
| ૨૦૧૫–૧૬ | ૧૮ |

(૨)

| ક્રમ | તાલુકો | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| ૧ | મહેસાણા | ૦૬ |
| ૨ | કડી | ૪૦ |
| ૩ | ખેરાલુ | ૧૯ |
| ૪ | વડનગર | ૦૩ |
| ૫ | સતલાસણા | ૪૩ |
| ૬ | વિસનગર | ૦૧ |
| ૭ | વિજાપુર | ૦૨ |
| ૮ | બેચરાજી | ૨૮ |
| ૯ | ઉંઝા | ૦૧ |
| ૧૦ | જોટાણા | ૧૧ |

(૩) જેમ બને તેમ જલ્દી.

દેડિયાપાડા તાલુકામાં બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ

* ૨૬૨૪૪ શ્રી મોતીલાલ વસાવા (દેડિયાપાડા) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) નર્મદા જિલ્લાના દેડિયાપાડા તાલુકામાં બારકોડેડ રેશનકાર્ડ માટે કેટલા ફોર્મ નં.૧ ભરાઈને મળેલ હતા,

(૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલા બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ થયેલ છે,

(૩) ઉકત સ્થિતિએ કેટલા બાકી છે, અને

(૪) બાકી રહેવાના કારણો શાં છે ?

જવાબ

(૧) બારકોડેડ રેશનકાર્ડ માટે ફોર્મ નં.૧ ભરવાની છેલ્લા તા.૩૦–૯–૨૦૧૦ હતી. ત્યાં સુધીમાં નર્મદા જિલ્લાના દેડિયાપાડા તાલુકામાં બારકોડેડ રેશનકાર્ડ માટે ૨૪૪૧૩ ફોર્મ નં.૧ ભરાઈને મળેલ હતાં.

(૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ૨૪૨૯૦ બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ થયેલ છે.

(૩) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કોઈ બારકોડેડ રેશનકાર્ડ આપવાના બાકી નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ચૈત્ર ૧૦,૧૯૩૮ શાકે

## અતારાંકિત પ્રશ્નો

### રાજકોટ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન માટે ખાસ ઓરડાઓની સુવિધા

* ૨૬૧૬૯ શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન યોજના તૈયાર કરવા માટે ખાસ ઓરડાઓની સુવિધા છે, અને

(૨) ઉકત સ્થિતિએ તાલુકાવાર કેટલી શાળાઓમાં ઉકત સુવિધા નથી અને આ બાકી શાળામાં કેટલા સમયમાં ઉકત સુવિધા આપવામાં આવશે ?

જવાબ

(૧) મધ્યાહન ભોજન તૈયાર કરવા માટે ખાસ ઓરડા આપવાની નીતિ નથી, પરંતુ ભોજન તૈયાર કરવા માટે કીચન–કમ–સ્ટોર બાંધવામાં આવે છે. તા.૩૧–૧–૧૬ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં કીચન–કમ–સ્ટોર હોય તેવી તાલુકાવાર પ્રાથમિક શાળાની વિગતો નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| ધોરાજી | ૪૭ | લોધીકા | ૪૦ |
| ગોંડલ | ૧૧૭ | પડધરી | ૭૨ |
| જામકંડોરણા | ૫૪ | રાજકોટ | ૧૨૯ |
| જસદણ | ૯૬ | ઉપલેટા | ૭૫ |
| જેતપુર | ૬૬ | વીછીયા | ૯૯ |
| કોટડા સાંગાણી | ૫૧ | કુલ | ૮૪૬ |

(૨) કીચન–કમ–સ્ટોર ન હોય તેવી બાકી નીચેની શાળાઓમાં જગ્યાની ઉપલબ્ધી થયેથી જેમ બને તેમ જલ્દી.

| | | | |
|---|---|---|---|
| ધોરાજી | ૩ | લોધીકા | ૩ |
| ગોંડલ | ૫ | પડધરી | ૧૦ |
| જામકંડોરણા | ૩ | રાજકોટ | ૬ |
| જસદણ | ૬ | ઉપલેટા | ૨ |
| જેતપુર | ૧૧ | વીછીયા | ૦ |
| કોટડા સાંગાણી | ૩ | કુલ | ૫૨ |

### મુખ્યમંત્રી સ્વાવલંબન યોજના અંતર્ગત ખાનગી પ્રાથમિક શાળાઓ અને ટ્રસ્ટ સંચાલિત શાળાના વિદ્યાર્થીઓને મફત પાઠયપુસ્તકો આપવા બાબત

* ૨૫૮૮૫ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત રાજ્યની ખાનગી પ્રાથમિક શાળાઓ અને ટ્રસ્ટ સંચાલિત શાળાના વિદ્યાર્થીઓને મફત પાઠય પુસ્તકો આપવામાં વંચિત રખાયા છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેના કારણો શાં છે અને આ લાભ સરકાર આપવા માંગે છે કે કેમ ?

જવાબ

(૧) હા, જી.

(૨) મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનામાં ફકત સરકારી અને અનુદાનિત પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં તમામ વર્ગોના વિદ્યાર્થીઓનો સમાવેશ થયેલ હોઈ ખાનગી પ્રાથમિક શાળાઓ અને ટ્રસ્ટ સંચાલિત શાળાના વિદ્યાર્થીઓને મફત પાઠયપુસ્તકો આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### ખેડા જિલ્લામાં કન્યાઓ માટે અલગ સેનીટેશનની સુવિધા

* ૨૬૩૨૫ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કન્યાઓ માટે અલગ સેનીટેશનની સુવિધા વિનાની કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ છે, અને

(૨) આ શાળાઓમાં ઉકત સુવિધા ક્યારે પૂરી પાડવામાં આવશે ?

જવાબ

(૧) તમામ શાળાઓમાં કન્યાઓ માટે અલગ સેનીટેશનની સુવિધા છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## તા. ૩૦મી માર્ચ, ૨૦૧૬
## અતારાંકિત પ્રશ્નો

ગાંધીનગર જિલ્લામાં તારની વાડ માટે સહાય મેળવવા માટેની અરજીઓ

* ૨૬૩૪૭ શ્રીમતી કામીનીબા રાઠોડ (દહેગામ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૧૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં ખેડૂતોએ ખેતર ફરતે તારની વાડ બનાવવા માટે છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ કરી,

(૨) તે અન્વયે વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરી નાણાકીય સહાય ચૂકવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે અને તેનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

જવાબ

(૧)

| ક્રમ | વર્ષ | કરેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૪–૧૫ | ૮૩ |
| ૨ | ૨૦૧૫–૧૬ (તા.૩૧–૧–૧૬ની સ્થિતિએ) | ૩૬૪ |
| | કુલ | ૪૪૭ |

(૨) અરજીઓ અગ્રતાક્રમ અનુસાર મંજૂર કરવાની રહે છે. બે વર્ષ અગાઉની અરજીઓ પણ પડતર હોવાથી છેલ્લા બે વર્ષમાં મળેલ અરજીઓ મંજૂર થયેલ નથી.

(૩) ઉક્ત સ્થિતિએ કુલ ૪૪૭ અરજીઓ છેલ્લા બે વર્ષમાં પડતર છે. આ અરજીઓનો નિકાલ અગ્રતા યાદી મુજબ તેમજ ગ્રાન્ટની મર્યાદામાં નિકાલ કરવામાં આવશે.

જૂનાગઢ જિલ્લામાં વિદ્યાર્થીઓની જાણકારી માટે ગ્રાહક સુરક્ષા ધારાનો પ્રચાર/પ્રસાર

* ૨૬૨૨૮ શ્રી ચીમનભાઈ શાપરીયા (જામજોધપુર) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્ય સરકાર દ્વારા જૂનાગઢ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને ગ્રાહક સુરક્ષા ધારા અંગે જાણકારી મળે તથા તેનો પ્રચાર પ્રસાર થાય તે માટે શું પગલાં લેવામાં આવ્યા, અને

(૨) કેટલા વિદ્યાર્થીઓને આ અંગે જાણકારી આપવામાં આવી ?

જવાબ

(૧) જૂનાગઢ જિલ્લામાં કુલ ૪૦ શાળાઓમાં કન્ઝયુમર કલબની સ્થાપના કરવામાં આવેલ છે. જે દ્વારા માધ્યમિક શાળાનાં વિદ્યાર્થીઓને ગ્રાહક સુરક્ષા ધારા અંગે જાણકારી આપવામાં આવી.

(૨) ૨૦૦૦

બનાસકાંઠા જિલ્લામાં ઓરડાઓની ઘટ

* ૨૬૭૦૩ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : તા.૧૬–૩–૨૦૧૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૭૪૬૮ (અગ્રતા–૧૪૪) ના અનુસંધાને માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ નિર્ધારીત ધોરણ પ્રમાણે ૯૫૮ ઓરડાની ઘટ હતી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત ખૂટતા ઓરડા માટે કેન્દ્ર સરકારમાં ક્યારે દરખાસ્ત કરવામાં આવી,

(૩) તે અન્વયે કેન્દ્ર સરકારે શો પ્રતિભાવ આપેલ છે, અને

(૪) આ ઘટ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

જવાબ

(૧) ના, જી. પરંતુ, નિર્ધારિત ધોરણ પ્રમાણે ૧૦૭૫ ઓરડાની ઘટ હતી.

(૨) વર્ષ ૨૦૧૫–૧૬ના બજેટમાં ૬૦૩ ઓરડાઓની દરખાસ્ત કરવામાં આવી.

(૩) કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૯ ઓરડા મંજૂર કરવામાં આવ્યા.

(૪) જેમ બને તેમ જલ્દી.

ગાંધીનગર જિલ્લામાં સર્વશિક્ષા અભિયાન હેઠળ બાળકોને ખાસ તાલીમ

* ૨૬૨૯૨ શ્રી અશોકભાઈ પટેલ (ગાંધીનગર ઉત્તર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યમા સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિએ ૬ થી ૧૪ વર્ષના બાળકોનું શિક્ષણ સ્તર વધે તે માટે ખાસ તાલીમ આપવામાં આવે છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં

જવાબ

(૧) હા.

(૨) વર્ષ ૨૦૧૪–૧૫ માં ૫૮૪

અતારાંકિત પ્રશ્નો

છેલ્લા બે વર્ષમાં કેટલા બાળકોને ખાસ તાલીમ અપાઈ, અને | વર્ષ ૨૦૧૫–૧૬ માં ૧૬૦૨ (તા.૩૧–૧૨–૨૦૧૫ સુધી)

(૩) આ માટે કુલ કેટલો ખર્ચ થયો ? | (૩) વર્ષ ૨૦૧૪–૧૫ માં રૂ.૧૮,૭૪,૫૧૯/– વર્ષ ૨૦૧૫–૧૬ માં રૂ.૫૦,૮૩,૮૪૯/– (તા.૩૧–૧૨–૨૦૧૫ સુધી)

બનાસકાંઠા જિલ્લામાં આવેલ કોલેજો

* ૨૫૮૮૮ શ્રી ધારશીભાઈ ખાનપુરા (કાંકરેજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં કેટલી આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની કોલેજો તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ આવેલી છે, અને | (૧) ૩૦ (ત્રીસ) |
| (૨) તે પૈકી કેટલી કોલેજો સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી છે ? | (૨) સરકારી–૦૩<br>ગ્રાન્ટેડ–૦૫<br>ખાનગી–૨૨ |

રાજકોટ જિલ્લામાં પેકેટનું ઉત્પાદન કરતા એકમો સામે કાર્યવાહી

* ૨૬૨૨૪ શ્રી કાંતિલાલ અમૃતિયા (મોરબી) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્ધારા તા.૩૧–૧૨–૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પેકેટ બનાવતા કેટલા ઉત્પાદકોની સામે પેકેટમાં ઓછું વજન આપવા બાબતે શી કાર્યવાહી કરવામાં આવી, | (૧) ૧, |
| (૨) તે પેટે કેટલા એકમોના કેસ માંડવાળ કરવામાં આવ્યા, અને | (૨) કાર્યવાહી હેઠળ છે. |
| (૩) તે પેટે કેટલી માંડવાળ ફી વસુલ કરવામાં આવી ? | (૩) કાર્યવાહી ચાલુ છે. |

વલસાડ જિલ્લામાં આર.ટી.ઈ. એક્ટ હેઠળ પ્રવેશ

* ૨૬૬૮૪ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વલસાડ જિલ્લામાં તાલુકાવાર ખાનગી પ્રાથમિક શાળાઓમાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ ધોરણ–૧ માં કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો,

(૧)

| તાલુકો | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ |
|---|---|---|
| વલસાડ | ૩૦ | ૯૦ |
| પારડી | ૫૫ | ૧૩૦ |
| ધરમપુર | – | ૪૬ |
| કપરાડા | ૧૨ | ૫૬ |
| ઉમરગામ | ૦૭ | ૦૨ |

(૨) ઉક્ત સ્થિતિએ રાઈટ ટુ એજ્યુકેશન એક્ટનો અમલ ન કરતી હોય તેવી તાલુકાવાર કેટલી શાળાઓ છે, અને

(૨) તમામ શાળાઓમાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટનો અમલ કરવામાં આવે છે.

(૩) ઉક્ત સ્થિતિએ આ શાળાઓ સામે શા પગલાં ભરવામાં આવ્યા ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શહેરા અને ગોધરા તાલુકામાં ગેરકાયદે વૃક્ષ છેદન

* ૨૬૬૩૪ શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ શહેરા | (૧)

અને ગોધરા તાલુકામાં છેલ્લા બે વર્ષમાં ગેરકાયદેસર રીતે જંગલમાંથી કપાતા વૃક્ષોની કેટલી ચોરીઓ પકડી,

| અ.નં. | વર્ષ | તાલુકો | ગુના |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૪-૧૫ | ગોધરા | ૭૦ |
| | ૨૦૧૪-૧૫ | શહેરા | ૬૦ |
| ૨ | ૨૦૧૫-૧૬ (તા.૩૧-૧૨-૨૦૧૫ અંતિત) | ગોધરા | ૨૯ |
| | ૨૦૧૫-૧૬ (તા.૩૧-૧૨-૨૦૧૫ અંતિત) | શહેરા | ૩૦ |
| | | કુલ | ૧૮૯ |

(૨) આ ચોરીઓનાં કુલ કેટલા વાહનો જપ્ત કર્યા,

(૩) જપ્ત કરેલ વાહનો ક્યારે મુક્ત કર્યા, અને

(૪) ઉક્ત સ્થિતિએ જંગલમાંથી આ ચોરીઓ થતી અટકાવવા સરકાર દ્વારા શાં પગલાં ભરવામાં આવ્યા ?

(૨) આવા કોઇ ગુના બનેલ નથી.

(૩) આવા કોઇ ગુના બનેલ નથી.

(૪) સતત જંગલ ફેરણા તેમજ નાઇટ પેટ્રોલીંગ કરી વન ગુના ન બને તેની તકેદારી રાખવામાં આવેલ છે.

અમદાવાદ શહેરમાં નોંધાયેલ એ.પી.એલ., બી.પી.એલ. અને અંત્યોદય લાભાર્થીઓ

* ૨૬૫૬૨ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં કેટલા એપીએલ, બીપીએલ અને અંત્યોદય લાભાર્થીઓ નોંધવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બીપીએલ, એપીએલ, અંત્યોદય કાર્ડ બનાવવા માટે કેટલી અરજીઓ આવી,

(૩) તે પૈકી કેટલી અરજીઓ વર્ષવાર મંજૂર કરવામાં આવી, અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૪) વર્ષવાર મંજૂર થયેલ અરજીઓ પૈકી કેટલા બીપીએલ અને કેટલા અંત્યોદય કાર્ડ બનાવવામાં આવ્યા ?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં નીચે મુજબ લાભાર્થીઓ નોંધવામાં આવેલ છે.

| | |
|---|---|
| એપીએલ | ૬૧૫૮૨ |
| બીપીએલ | ૯૩૪ |
| અંત્યોદય | ૩૯૪ |

(૨) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બારકોડેડ રેશનકાર્ડ માટે મળેલ અરજીઓની વર્ષવાર વિગત નીચે મુજબ છે.

| વર્ષ | મળેલ અરજીઓ |
|---|---|
| ૨૦૧૪ | ૩૦૫૧૧ |
| ૨૦૧૫ | ૩૨૪૪૩ |

(૩) તે પૈકી મંજુર અને નામંજુર કરવામાં આવેલ અરજીઓની વર્ષવાર વિગત નીચે મુજબ છે.

| વર્ષ | મંજુર કરેલ અરજીઓ | નામંજુર કરેલ અરજીઓ |
|---|---|---|
| ૨૦૧૪ | ૨૭૧૩૪ | ૩૩૭૭ |
| ૨૦૧૫ | ૩૧૫૬૭ | ૮૬૨ |

(૪) વર્ષવાર મંજુર થયેલ અરજીઓ પૈકી નીચે મુજબ બીપીએલ અને અંત્યોદય કાર્ડ બનાવવામાં આવ્યા.

વર્ષ ૨૦૧૪

| | |
|---|---|
| બી.પી.એલ. રેશનકાર્ડ | ૬૪૧ |
| અંત્યોદય રેશનકાર્ડ | ૨૦૧ |

વર્ષ ૨૦૧૫

| | |
|---|---|
| બી.પી.એલ. રેશનકાર્ડ | ૨૯૩ |
| અંત્યોદય રેશનકાર્ડ | ૧૯૩ |

વલસાડ જિલ્લામાં વધારે કિંમત વસુલતા વ્યાપારી એકમો સામે કાર્યવાહી

* ૨૬૨૫૫ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વલસાડ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પેકેટ

જવાબ

(૧) ૧૭.

ઉપર છાપેલી કિંમત કરતાં વધારે રકમ વસુલ કરવા બાબતે કેટલા વ્યાપારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી,

(૨) તે પેટે કેટલા એકમોના કેસ માંડવાળ કરવામાં આવ્યા, અને — (૨) ૧૭.

(૩) તે પેટે કેટલી માંડવાળ ફી વસુલ કરવામાં આવી ? — (૩) રૂ.૪૨,૦૦૦/-.

દાહોદ જિલ્લામાં આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની આશ્રમશાળાઓમાં મંજુર મહેકમ

* ૨૫૮૭૩ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની કેટલી આશ્રમશાળાઓ આવેલ છે,

(૧) ૭૦ આશ્રમશાળાઓ.

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત શાળાઓમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે, અને તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે તથા સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૨)

| સંવર્ગ | મંજુર થયેલ જગ્યાઓની સંખ્યા | ભરાયેલ જગ્યાઓની સંખ્યા | ખાલી જગ્યાની સંખ્યા |
|---|---|---|---|
| મદદનીશ શિક્ષક/ વિદ્યા સહાયક | ૩૨૨ | ૨૫૫ | ૬૭ |
| મુખ્ય રસોયા | ૬૭ | ૬૭ | ૦ |
| મદદનીશ રસોયા | ૬૪ | ૬૪ | ૦ |
| રસોડા નોકર | ૬૫ | ૬૫ | ૦ |
| કમાઠી | ૫૧ | ૫૧ | ૦ |
| કુલ | ૫૬૯ | ૫૬૯ | ૬૭ |

મદદનીશ શિક્ષક/વિદ્યા સહાયકની ૬૭ ખાલી જગ્યાઓ પૈકી
- બે જગ્યા ૭ વર્ષથી
- બે જગ્યા ૬ વર્ષથી
- પાંચ જગ્યા ૫ વર્ષથી
- આઠ જગ્યા ૪ વર્ષથી
- ચાલીસ જગ્યા ૩ વર્ષથી
- ચાર જગ્યા ૩ વર્ષથી
- એક જગ્યા ૧ વર્ષથી
- પાંચ જગ્યા ચાલુ વર્ષથી ખાલી છે.

(૩) ઉક્ત ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ફીક્સ પગાર અને કેટલી જગ્યાઓ સીધી ભરતીથી ભરાયેલ છે, અને

(૩)

| સંવર્ગ | ફીક્સ પગારથી ભરાયેલ જગ્યાની સંખ્યા | સીધી ભરતીથી પગારથી ભરાયેલ જગ્યાની સંખ્યા | કુલ |
|---|---|---|---|
| મદદનીશ શિક્ષક/ વિદ્યા સહાયક | ૨ | ૨૫૩ | ૨૫૫ |
| મુખ્ય રસોયા | ૦ | ૬૭ | ૬૭ |
| મદદનીશ રસોયા | ૦ | ૬૪ | ૬૪ |
| રસોડા નોકર | ૦ | ૬૫ | ૬૫ |
| કમાઠી | ૦ | ૫૧ | ૫૧ |
| કુલ | ૨ | ૫૦૦ | ૫૦૨ |

(૪) ઉક્ત સ્થિતિએ ખાલી રહેલ જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૪) સત્વરે.

## તા. ૩૦મી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નો

### નવસારી જિલ્લામાં ''ફી પરત ચૂકવણી સહાય'' યોજના હેઠળ સહાય

* ૨૬૨૫૩ શ્રી પિયુષભાઈ દેસાઇ (નવસારી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ ખાનગી પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે 'ફી પરત ચૂકવણી સહાય' યોજના હેઠળ વિદ્યાર્થી દીઠ કેટલી રકમની સહાય ચુકવવામાં આવી, | (૧) વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ.૧૦,૦૦૦/– અથવા ખરેખર થતી ફી ની ચુકવણીની રકમ તે બે પૈકી જે ઓછી હોય તે રકમ. |
| (૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે, અને | (૨) ૪૮૧. |
| (૩) આ યોજના પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) રૂ.૪૮,૧૦,૦૦૦/–. |

### છોટાઉદેપુર જિલ્લામાં ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલોપમેન્ટ રેસીડેન્સીયલ એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યુશનલ સોસાયટી સંચાલિત શાળાઓ

* ૨૬૩૧૦ શ્રી જયંતિભાઈ રાઠવા (જેતપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલોપમેન્ટ રેસીડેન્સીયલ એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યુશનલ સોસાયટી સંચાલિત છોટાઉદેપુર જિલ્લામાં કેટલી અને ક્યાં શાળાઓ કાર્યરત છે, | (૧) છોટા ઉદેપુર જિલ્લામાં ૧૯ (ઓગણીસ) શાળાઓ નીચે મુજબ કાર્યરત છે. |

| ક્રમ | જવાબ |
|---|---|
| ૧ | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલ ખડકવાડા મુ.પુનીયાવાંટ, તા.છોટાઉદેપુર |
| ૨ | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલ કીડીઘોઘાદેવ મુ.પુનીયાવાંટ, તા.છોટાઉદેપુર |
| ૩ | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલ મલાજા, મુ.પુનીયાવાંટ, તા.છોટાઉદેપુર |
| ૪ | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલ છોડવાણી, મુ.ગોજારીયા, તા.ક્વાંટ |
| ૫ | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલ મોગરા, મુ.ગોજારીયા, તા.ક્વાંટ |
| ૬ | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલ સૈડીવાસણ, મુ.ગોજારીયા, તા.ક્વાંટ |
| ૭ | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલ ભીખાપુરા, મુ.વડાતલાવ, તા.જેતપુર પાવી |
| ૮ | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલ મુવાડા, મુ.વડાતલાવ, તા.જેતપુર |
| ૯ | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલ સાલોજ, મુ.વડાતલાવ, તા.જેતપુર પાવી |
| ૧૦ | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલ ધારસીમેલ, મુ.લીન્ડા ટેકરા, તા.નસવાડી |
| ૧૧ | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલ ધુટીયાંબા, મુ.લીન્ડા ટેકરા, તા.નસવાડી |
| ૧૨ | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલ પિસાયતા, મુ.લીન્ડા ટેકરા, તા.નસવાડી |
| ૧૩ | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલ તણખલા, મુ.તણખલા, તા.નસવાડી |
| ૧૪ | મોડેલ સ્કુલ છોટાઉદેપુર, મુ.પુનીયાવાંટ, તા.છોટાઉદેપુર |
| ૨૦૧૫ | ૨૪ | ૭ | ૮ | ૩૯ |
| કુલ... | ૪૫ | ૧૧ | ૨૧ | ૭૭ |

(૨) તે પૈકી તા. ૩૦–૯–૨૦૧૫ની સ્થિતિએ વર્ષવાર ૨૦૧૪ માં ૩૮ અને વર્ષ ૨૦૧૫ માં ૩૯ એમ તમામ બાળકોને સારવાર આપવામાં આવી.

(૨) એક પણ બાળકને સારવાર આપવાની બાકી રહેતી નથી.

-------

સરકારી હોસ્પિટલોમાં વેકસીનેશનોના સ્ટોક માટેના આદેશો

અતારાંકિતઃ ૬૭૯૨ (તા. ૦૨–૧૧–૨૦૧૫) શ્રી શકિતસિંહજી ગોહીલ (અબડાસા)ઃ માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં સરકારી હોસ્પિટલો તથા દવાખાનાઓમાં બાળકોને અપાતા વેક્સીનેશનનો સ્ટોક ખુટી ન પડે અને વિના વિલંબે પહોંચાડવા રાજ્ય સરકારે તા. ૩૧ ઓગષ્ટ–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં શા આદેશો કર્યા છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તેના અમલની જવાબદારી કોને સોંપાઈ છે ?

આરોગ્યમંત્રીશ્રી : (૧૬–૧–૧૬)

## તા. ૩૦મી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નો

(૧) રાજ્યમાં સરકારી હોસ્પિટલો તથા દવાખાનાઓમાં બાળકોને અપાતા વેકસીનેશનનો સ્ટોક ખુટી ન પડે અને વિના વિલંબે પહોંચાડવા રાજ્ય સરકારે તા. ૩૧ ઓગષ્ટ–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં શા આદેશો કર્યા છે અને

૧. કોલ્ડ ચેઈન સાધનોમાં વેકસીન સિવાય અન્ય દવાઓ કે રીએજન્ટ વગેરે ન રાખવાની સંપુર્ણ જવાબદારી સંસ્થાના વડાને સોંપેલ છે.

૨. જે તે આરોગ્ય સંસ્થા ખાતે વેકસીન સ્ટોક, રજીસ્ટર નિભાવવા જેવી બાબતોની તકેદારીની જવાબદારીઓ ફાર્માસીસ્ટે (કોલ્ડ ચેઈન હેન્ડલર) નિભાવવા આદેશ કરેલ છે.

૩. રાજ્યમાં ઓપન વાયલ પોલીસી અંતર્ગત વેક્સીન સ્ટોક અને તેના ઉપયોગ અમલીકરણ કરવાની જવાબદારી જે તે ડીલીવરી પોઈન્ટનાં વડાને સોંપેલ છે.

૪. ADS (એન્ટી ડીપ્થેરીયા સીરમ) ના ભાવ મંજૂર કરી તે અંગેનો સ્ટોક નિભાવવા માટે આદેશ કરેલ છે.

૫. પોલીયો વેકસીનનો સ્ટોક અન્ય આર.ડી.ડી.શ્રીને ફાળવવા આદેશ કરેલ છે.

૬. ઈન્જે. ADS (એન્ટી ડીપ્થેરીયા સીરમ) નો જરૂરી સ્ટોક ઉપલબ્ધ રાખવા તબીબી અધિક્ષક મેડીકલ કોલેજને જરૂરી જણાયે ખરીદવાની મંજૂરી આપવામાં આવેલ છે.

૭. DLIMS Portal માં દવાઓ તથા સાધન સામગ્રીની એન્ટ્રી કરી નિયમિત સ્ટોકનું મોનીટરીંગ કરવા સુચના આપેલ છે.

(૨) આ અંગેના અમલની જવાબદારી જે તે આરોગ્ય સંસ્થાના અધિકારીશ્રી અને ફાર્માસીસ્ટની છે.

-------

### દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બનાવવા બાબત

અતારાંકિતઃ ૭૦૬૦ (તા. ૧૮–૧૨–૨૦૧૫) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાળિયા)ઃ માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા. ૩૦–૦૬–૨૦૧૫ ની સ્થિતિએ કઈ કઈ જગ્યાએ નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ઉભા કરવાની જરૂરિયાત છે ? અને

(૨) તે ક્યાં સુધીમાં ઉભા કરવામાં આવનાર છે ?

આરોગ્ય મંત્રીશ્રી : (૨૫–૧–૧૬)

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા. ૩૦–૦૬–૨૦૧૫ ની સ્થિતિએ ખૂટતા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો માટે જે તે તાલુકાની ભૌગોલિક પરિસ્થિતિ તેમજ જી.આઈ.એસ. મેપીંગને ધ્યાને લઈ તેવા સ્થળોએ ઉભા કરવામાં આવશે.

(૨) ભવિષ્યમાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની સ્થાપનાની સર્વગ્રાહી વિચારણા કરવામાં આવશે.

-------

### ખેડા અને આણંદ જિલ્લામાં પોલીસ સ્ટેશન અને આઉટ પોલીસ સ્ટેશન

અતારાંકિતઃ ૬૬૯૪ (તા. ૨૭–૧૦–૨૦૧૫) શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ)ઃ માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) ખેડા અને આણંદ જિલ્લામાં તા. ૩૦–૦૬–૨૦૧૫ની સ્થિતિએ તાલુકાવાર કયાં પોલીસ સ્ટેશન અને આઉટ પોલીસ સ્ટેશન આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ પોલીસ સ્ટેશનોમાં કુલ મંજૂર જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે ?

માનનીય મુખયમંત્રીશ્રી (ગૃહ)ઃ (૮–૧–૧૬)

(૧) સામેલ પત્રક મુજબ

(૨) ઉક્ત સ્થિતિએ આ પોલીસ સ્ટેશનોમાં કુલ મંજૂર જગ્યાઓ તથા ભરાયેલ જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| જિલ્લો | મંજુર જગ્યાઓ | ભરાયેલ જગ્યાઓ |
|---|---|---|
| ખેડા જિલ્લાના પોલીસ સ્ટેશન | ૧૩૦૬ | ૯૯૧ |
| આણંદ જિલ્લાના પોલીસ સ્ટેશન | ૧૧૮૩ | ૮૨૬ |

પત્રક

ખેડા જિલ્લામાં તાલુકાવાર આવેલ પોલીસ સ્ટેશન અને આઉટ પોલીસ પોસ્ટની માહિતિ દર્શાવતું

તા. ૩૦-૦૬-૨૦૧૫ ની સ્થિતિએ

| ક્રમ | તાલુકો | પોલીસ સ્ટેશનનું નામ | આઉટ પોસ્ટનું નામ |
|---|---|---|---|
| ૧ | નડીયાદ | નડીયાદ ટાઉન | - |
| | | નડીયાદ પશ્ચિમ | - |
| | | નડીયાદ રૂરલ | વીણા |
| | | ચકલાસી | સોડપુર |
| | | | વડતાલ |
| | | મહિલા પોલીસ સ્ટેશન | - |
| ૨ | વસો | વસો | - |
| ૩ | કપડવંજ | કપડવંજ ટાઉન | - |
| | | કપડવંજ રૂરલ | વઘાસ |
| | | | નિરમાલી |
| | | | અંતિસર |
| | | આંતરસુબા | આંત્રોલી |
| ૪ | મહુધા | મહુધા | અલીણા |
| ૫ | માતર | માતર | - |
| | | લીંબાસી | ભલાડા |
| ૬ | ખેડા | ખેડા ટાઉન | લાલી |
| | | | રઢુ |
| | | | ગોબલજ |
| ક્રમ | તાલુકો | પોલીસ સ્ટેશનનું નામ | આઉટ પોસ્ટનું નામ |
| ૭ | કઠલાલ | કઠલાલ | કાણીયેલ |
| | | | રવદાવત |
| | | | ફાગવેલ |
| | | | લસુન્દ્રા |
| | | | છીપડી |
| ૮ | મહેમદાવાદ | મહેમદાવાદ | સરસવાણી |
| | | | સિંહુજ |
| | | | ઘોડાસર |
| ૯ | ઠાસરા | ઠાસરા | ચેતરસુંબા |
| | | ડાકોર | ભદ્રાસા |
| | | | કાલસર |
| ૧૦ | ગળતેશ્વર | સેવાલીયા | થર્મલ |

પત્રક

આણંદ જિલ્લામાં તાલુકાવાર આવેલ પોલીસ સ્ટેશન અને આઉટ પોસ્ટની માહિતી દર્શાવતું

તા. ૩૦-૦૬-૨૦૧૫ ની સ્થિતિએ

| ક્રમ | તાલુકો | પોલીસ સ્ટેશનનું નામ | આઉટ પોસ્ટનું નામ |
|---|---|---|---|
| ૧ | આણંદ | આણંદ ટાઉન | - |
| | | આણંદ રૂરલ | સામરખા |
| | | | નાપાડ |
| | | વિદ્યાનગર | - |
| | | ખંભોળજ | ઓડ |
| | | | રાસનોલ |
| | | મહિલા પોલીસ સ્ટેશન વાસદ | - |
| ૨ | ઉમરેઠ | ભાલેજ | - |
| | | ઉમરેઠ | - |
| ૩ | પેટલાદ | પેટલાદ ટાઉન | - |

| | | | |
|---|---|---|---|
| | | પેટલાદ રૂરલ | નાર |
| | | | ધર્મજ |
| | | મહેળાવ | – |
| ૪ | બોરસદ | બોરસદ ટાઉન | – |
| | | બોરસદ રૂરલ | – |
| | | ભાદરણ | બામણગામ |
| | | વિરસદ | કઠાણા |
| | | | રાસ |
| ૫ | આંકલાવ | આંકલાવ | ભેટાસી |
| | | | ઉમેટા |
| ૬ | ખંભાત | ખંભાત સીટી | – |
| | | ખંભાત રૂરલ | પીપળોઈ |
| | | | કલમસર |
| | | | પાદડ |
| | | | ધુવારણ |
| | | | ગોલાણ |
| ૭ | સોજીત્રા | સોજીત્રા | કાસોર |
| ૮ | તારપુર | તારાપુર | વરસડા |

–––––––

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પોલીસની આરોગ્ય ચકાસણી.

અતારાંકિતઃ ૬૭૫૮ (તા. ૨૭–૧૦–૨૦૧૫) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા)ઃ માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પોલીસ ખાતાના કર્મચારીઓની તા. ૩૦ સપ્ટેમ્બર–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આરોગ્યની ચકાસણી કયારે થઈ,

(૨) આ ચકાસણીમાં કેટલા કર્મચારીઓ મુખ્યત્વે કયા ગંભીર રોગોનો ભોગ બન્યા હોવાનું જણાયું, અને

(૩) આ અંગે સરકારે શી કાર્યવાહી કરી ?

મુખ્યમંત્રીશ્રી : (ગૃહ) (૫–૧–૧૬)

(૧) જાન્યુઆરી–૨૦૧૫ થી જુન–૨૦૧૫ દરમ્યાન આરોગ્ય ચકાસણી થયેલ છે.

(૨) કોઈ કર્મચારી ગંભીર રોગનો ભોગ બનેલ હોવાનું જણાયેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

–––––––

રાજ્યમાં એફ.આઈ.આર. નોંધતા અધિકારી/કર્મચારીને અધ્યતન કાયદાકીય જ્ઞાન માટે તાલીમ આપવા બાબત

અતારાંકિતઃ ૬૭૭૯ (તા. ૬–૧૧–૨૦૧૫) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા)ઃ માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં એફ.આઈ.આર. નોંધતા પોલીસ સ્ટેશન ઓફીસર, હેડ કોન્સ્ટેબલ કક્ષાના હોય છે જેને પૂરતું કાયદાકીય જ્ઞાન હોતું નથી તે ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો એફ.આઈ.આર. નોંધતા કર્ચમારીઓને અધ્યતન કાયદાની જાણકારી આપવા ટ્રેનિંગ આપવા સરકારે કોઈ આયોજન કરેલ છે કેમ, અને

(૩) જો હા, તો તેની શી વિગતો છે અને તેના અમલની જવાબદારી કોને સોંપાઈ છે ?

માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૫–૧–૧૬)

(૧) બેઝીક તાલીમ દરમ્યાન તમામ જરૂરી જાણકારી આપવામાં આવતી હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

–––––––

અમદાવાદ અને વડોદરા જિલ્લામાં પ્રાણીની કસ્ટડી સોંપવા ક્રૂરૂનો ઓબ્જેકશ સર્ટિફિકેટક્રૂરૂ અદાલતને ન આપવા બાબત.

## અતારાંકિત પ્રશ્નો

અતારાંકિતઃ ૬૭૮૦ (તા. ૧૪–૧૨–૨૦૧૫) શ્રી શકિતસિંહજી ગોહિલ (અબડાસા)ઃ માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) કતલખાનામાં લઈ જવાતા પ્રાણીની કસ્ટડી સોંપતી વખતે ક્ક્નો ઓબ્જેકશનક્ક્ સર્ટીફિકેટ પોલીસ દ્વારા અદાલતને આપવાની પ્રથા નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ માન્ય પ્રથા ન હોવા છતાં અમદાવાદ અને વડોદરા જિલ્લામાં સન ૨૦૧૨, ૨૦૧૩ અને ૨૦૧૪ના વર્ષમાં પોલીસ દ્વારા કેટલા ક્ક્નો ઓબ્જેકશન સર્ટીફિકેટક્ક્ અદાલતને આપવામાં આવ્યા,

(૩) તેના શા કારણો છે, અને

(૪) આ ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તે માટે સરકારે કયારે શા લેખિત આદેશો પ્રસિધ્ધ કર્યા છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૧૬–૧–૧૬)

(૧) હા, જી.

(૨) એકપણ નહીં.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

### રાજ્યમાંથી એકસપોર્ટ થતા ગૌમાંસના કન્ટેનરો પકડવા બાબત

અતારાંકિતઃ ૬૭૮૨ (તા. ૨૧–૧૧–૨૦૧૫) શ્રી શકિતસિંહજી ગોહિલ (અબડાસા)ઃ માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં સન ૨૦૧૨, ૨૦૧૩ અને ૨૦૧૪માં એકસપોર્ટ માટે પ્રતિબંધ હોવા છતાં ગૌમાંસ (બીફ) તથા ભેંસના માંસ મિશ્રીત ગૌમાંસ (બીફ) ભરેલા વર્ષવાર કુલ કેટલા કંટેનરો ગુજરાતમાંથી પોલીસ દ્વારા પકડવામાં આવ્યા,

(૨) ઉકત વર્ષવાર પકડેલા કંટેનરોમાં કેટલો જથ્થો પકડવામાં આવ્યો,

(૩) તે અન્વયે કેટલા આરોપી સામે કયા કાયદા હેઠળ ગુન્હા નોંધી શી કાર્યવાહી કરવામાં આવી,

(૪) ઉકત ગુન્હામાં સંડોવાયેલા કેટલા વાહનોને કયા કાયદા હેઠળ જપ્ત કરવામાં આવ્યા અને જપ્ત ન થયાં હોય તો તેના શા કારણો છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૬–૧–૧૬)

(૧) વર્ષ ૨૦૧૨માં સુરત ગ્રામ્યમાંથી ૦૨ અને વલસાડ જિલ્લામાંથી ૦૫ કન્ટેનરો પકડાયેલ છે, જ્યારે વર્ષ ૨૦૧૩ અને ૨૦૧૪માં કોઈ કન્ટેનરો પકડાયેલ નથી.

(૨) વર્ષ ૨૦૧૨માં સુરત ગ્રામ્યમાંથી ૧૦ ટન અને વલસાડ જિલ્લામાંથી ૬૮૪૨૨ કિલોગ્રામ જથ્થો પકડવામાં આવેલ છે,

(૩) સુરત ગ્રામ્યમાંથી વર્ષ ૨૦૧૨માં પકડાયેલ માંસ કાયદેસરનું હોઈ ગુનો દાખલ કરવામાં આવેલ નથી અને કોઈ ઈસમોને પકડવામાં આવેલ નથી. જ્યારે વલસાડ જિલ્લામાં વર્ષ ૨૦૧૨માં વાપી ટાઉન ફર્સ્ટ ગુ.ર.નં.૩૨/૧૨ ઈપીકો ક. ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦બી, ૩૪ તથા ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) અધિનિયમ–૨૦૧૧ની કલમ–૬બી (૧) (૨) (૩) તથા ૮(૨) (૪) તથા ૯, ૧૦, ૧૧(૨) મુજબનો ગુનો નોંધવામાં આવેલ છે. પરંતુ, પકડાયેલ માંસ ભેંસનું હોવાનો એફ.એસ.એલ.નો રીપોર્ટ આવતા કોઈ ઈસમોની ધરપકડ કરવામાં આવેલ નથી.

(૪) વર્ષ ૨૦૧૨માં સુરત ગ્રામ્યમાંથી પકડાયેલ માંસ કાયદેસરનું હોઈ ગુન્હો દાખલ કરાવેલ ન હોઈ, વાહન જપ્ત કરાયેલ નથી. જ્યારે વલસાડ જિલ્લામાંથી વર્ષ ૨૦૧૨માં શંકાસ્પદ ગૌમાંસ ભરેલ વાહન મુંબઈ ખાતે કોલ્ડ સ્ટોરેજમાં મોકલવામાં આવેલ અને મુંબઈના તુર્ભે પોલીસ સ્ટેશન દ્વારા આ અંગે માંસના સેમ્પલો લઈ નામદાર સુપ્રિમ કોર્ટની ગાઈડલાઈન મુજબ પરીક્ષણ માટે મોકલી, વાહન માલિકોને પરત સોંપવામાં આવેલ છે.

-------

### ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં પોલીસનું મહેકમ

અતારાંકિતઃ ૬૯૦૯ (તા. ૦૭–૧૧–૨૦૧૫) શ્રી પુંજાભાઈ વંશ (ઉના)ઃ માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

## તા. ૩૦મી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નો

(૧) તા. ૩૦-૦૯-૨૦૧૫ની સ્થિતિએ ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં જિલ્લાવાર પોલીસની સંવર્ગવાર મંજુર થયેલ જગ્યાઓ કેટલી છે,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉકત ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે ?

માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૮-૧-૧૬)

(૧) અને (૨) } પત્રક-૧ અને ૨ મુજબ

(૩) વહિવટી અનુકુળતા અને જરૂરીયાત મુજબ જગ્યાઓ સમયાંતરે ભરવામાં આવશે.

પત્રક-૧

| તા. ૩૦-૦૯-૨૦૧૫ની સ્થિતિએ ગીર-સોમનાથનું મહેકમ | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | સંવર્ગ | મંજુર | હાજર | ખાલી |
| ૧ | બીન હથિયારી પોલીસ ઈન્સપેકટર (મહિલા સહીત) | ૧૧ | ૧૦ | ૧ |
| ૨ | બીન હથિયારી પોલીસ સબ ઈન્સપેકટર | ૨૩ | ૧૮ | ૫ |
| ૩ | હથિયારી પોલીસ સબ ઈન્સપેકટર | ૫ | ૧ | ૪ |
| ૪ | બિન હથિયારી આસીસ્ટન્ટ સબ ઈન્સપેકટર | ૮૬ | ૮૬ | ૦ |
| ૫ | હથિયારી આસીસ્ટન્ટ સબ ઈન્સપેકટર | ૧૪ | ૧૪ | ૦ |
| ૬ | મહિલા આસીસ્ટન્ટ સબ ઈન્સપેકટર | ૪ | ૪ | ૦ |
| ૭ | બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૧૩૦ | ૫૪ | ૭૬ |
| ૮ | હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૨૬ | ૨૬ | ૦ |
| ૯ | મહિલા હેડ કોન્સ્ટેબલ | ૫ | ૫ | ૦ |
| ૧૦ | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૩૫૪ | ૨૫૮ | ૯૬ |
| ૧૧ | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૧૮૩ | ૧૮૧ | ૨ |
| ૧૨ | મહિલા પોલીસ કોન્સ્ટેબલ | ૨૧ | ૨૧ | ૦ |
| | કુલ | ૮૬૨ | ૬૭૮ | ૧૮૪ |

પત્રક-૨

| તા. ૩૦-૦૯-૨૦૧૫ની સ્થિતિએ જુનાગઢનું મહેકમ | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | સંવર્ગ | મંજુર | હાજર | ખાલી |
| ૧ | બીન હથિયારી પોલીસ ઈન્સપેકટર (મહિલા સહીત) | ૧૧ | ૭ | ૪ |
| ૨ | બીન હથિયારી પોલીસ સબ ઈન્સપેકટર | ૫૩ | ૩૮ | ૧૫ |
| ૩ | હથિયારી પોલીસ સબ ઈન્સપેકટર | ૯ | ૪ | ૫ |
| ૪ | બિન હથિયારી આસીસ્ટન્ટ સબ ઈન્સપેકટર | ૧૪૫ | ૧૩૮ | ૭ |
| ૫ | હથિયારી આસીસ્ટન્ટ સબ ઈન્સપેકટર | ૮૪ | ૮૧ | ૩ |
| ૬ | મહિલા આસીસ્ટન્ટ સબ ઈન્સપેકટર | ૫ | ૫ | ૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૭ | બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૧૦૮ | ૧૦૮ | ૦ |
| ૮ | હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૧૨૨ | ૧૨૦ | ૨ |
| ૯ | મહિલા હેડ કોન્સ્ટેબલ | ૩૧ | ૨૭ | ૪ |
| ૧૦ | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૪૧૬ | ૨૯૭ | ૧૧૯ |
| ૧૧ | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૫૭૬ | ૩૨૯ | ૨૪૭ |
| ૧૨ | મહિલા પોલીસ કોન્સ્ટેબલ | ૮૫ | ૫૯ | ૨૬ |
| | કુલ | ૧૬૪૫ | ૧૨૧૩ | ૪૩૨ |

-------

જુનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં હથિયાર પરવાના

અતારાંકિતઃ ૬૯૧૨ (તા. ૦૭-૧૧-૨૦૧૫) શ્રી પુંજાભાઈ વંશ (ઉના): માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૦૯-૨૦૧૫ની સ્થિતિએ જુનાગઢ અને ગીરસોમનાથ જિલ્લામાં તાલુકાવાર કેટલા ઈસમો હથિયાર પરવાના ધરાવે છે, અને

(૨) ઉકત સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં તાલુકાવાર કેટલા ઈસમોના હથિયાર પરવાનાઓ રદ કરવામાં આવેલ છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૧૬-૧-૧૬)

(૧) અને (૨) } સામેલ પત્રક મુજબ

પત્રક

| જિલ્લાનું નામ | તાલુકાનું નામ | તા. ૩૦-૦૯-૨૦૧૫ની સ્થિતિએ તાલુકાવાર હથિયાર પરવાનાઓ ધરાવતા ઈસમોની સંખ્યા | ઉકત સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં તાલુકાવાર રદ કરવામાં આવેલ પરવાનાઓની સંખ્યા |
|---|---|---|---|
| જૂનાગઢ | જૂનાગઢ (શહેર અને ગ્રામ્ય) | ૫૭૯ | ૮૧ |
| | વંથલી | ૮૦ | ૨૩ |
| | માણાવદર | ૬૦ | ૮ |
| | ભેંસાણ | ૧૦૩ | ૧૨ |
| | વિસાવદર | ૧૨૮ | ૨૪ |
| | કેશોદ | ૧૭૭ | ૧૮ |
| | માંગરોળ | ૮૧ | ૧૩ |
| | માળીયાહાટીના | ૮૪ | ૩૬ |
| | મેંદરડા | ૪૭ | ૨૪ |
| | | | |
| ગીર સોમનાથ | વેરાવળ | ૧૬૪ | ૫ |
| | તાલાલા | ૮૬ | ૧૨ |
| | સુત્રાપાડા | ૩૭ | ૨ |

| | | | |
|---|---|---|---|
| | કોડીનાર | ૬૦ | ૦ |
| | ઉના | ૮૭ | ૫ |
| | ગીર ગઢડા | ૪૨ | ૧ |

તા. ૧૫–૦૮–૨૦૧૩ના રોજ જુનાગઢ જિલ્લામાંથી વિભાજિત થઈ નવો ગીર સોમનાથ જિલ્લો અસ્તિત્વમાં આવ્યા બાદ ૧૨ પરવાનાઓ ગીર સોમનાથ જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી ખાતેથી રદ કરવામાં આવેલ છે.

–––––––

ધોળકા શહેરમાં ‘‘મસડા ગેંગ’’ પાસે વાહનો બાબત

અતારાંકિતઃ ૭૦૧૬ (તા. ૦૩–૧૨–૨૦૧૫) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર): માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) ધોળકા શહેરમાં પ્રાણીઓને ઉઠાવીને ગેરકાયદે કતલખાનામાં લઈ જતી ‘‘મસડા ગેંગ’’ પાસે ૩૧ ઓક્ટોબર–૨૦૧૫ની સ્થિતિએ કેટલા અને કયા કયા વાહનો છે ,

(૨) ગુન્હાહીત પ્રવૃતિમાં સંડોવાયેલા તમામ વાહનો સામે છેલ્લા પાંચ વર્ષમાં શી કાનૂની કાર્યવાહી થઈ છે, અને

(૩) ઉકત સ્થિતિએ કેટલા વાહનો સરકાર હસ્તક લેવાયા છે અને કેટલા લેવાના બાકી છે અને તે કયારે લેવાશે ?

મુખ્યમંત્રીશ્રી : (ગૃહ) (૬–૧–૧૬)

(૧) ધોળકા શહેરમાં પ્રાણીઓને ઉઠાવીને ગેરકાયદે કતલખાનામાં લઈ જતી ‘‘મસડા ગેંગ’’ પાસે ૩૧ ઓકટોબર–૨૦૧૫ની સ્થિતએ સી.એન.જી રીક્ષા–૧૩, મહિન્દ્રા મેકસ–૦૧, સ્કોર્પીયો–૦૩, ટાટા ૨૦૭–૦૧, મોટર સાઈકલ–૦૩, રીક્ષા–૦૨, સ્પેસીયો–૦૧, સ્વીફટ કાર–૦૧, ઈનોવા કાર–૦૧ છે.

(૨) ગુન્હાહીત પ્રવૃતિમાં સંડોવાયેલા તમામ વાહનો ગુનાના કામે કબ્જે લીધેલા છે અને નામદાર ધોળકા કોર્ટના હુકમથી વાહનો વાહન માલિકને પરત સોંપેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

–––––––

જામનગર શહેરમાં મોબાઈલ (સેલફોન) ચોરીની ફરીયાદ

અતારાંકિતઃ ૭૦૨૮ (તા. ૨૨–૧૨–૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય)ઃ માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) જામનગર શહેરમાં પોલીસ સ્ટેશનવાર સન ૨૦૧૩ અને ૨૦૧૪ના વર્ષમાં કેટલા મોબાઈલ (સેલફોન) ચોરી અંગેની ફરિયાદો નોંધાઈ,

(૨) તે પૈકી વર્ષવાર કેટલા મોબાઈલ (સેલફોન) શોધી કાઢી મૂળ માલિકને પરત થયા,

(૩) બાકી રહેલા મોબાઈલ કયાં સુધીમાં શોધી કાઢવામાં આવશે ?

મુખ્યમંત્રીશ્રી : (ગૃહ) (૨૭–૧–૧૬)

(૧)

| પોલીસ સ્ટેશન | સન–૨૦૧૩ | | સન–૨૦૧૪ | |
|---|---|---|---|---|
| | નોંધાયેલ ફરિયાદની સંખ્યા | ચોરાયેલ મોબાઈલની સંખ્યા | નોંધાયેલ ફરિયાદની સંખ્યા | ચોરાયેલ મોબાઈલની સંખ્યા |
| એ. ડીવી. પો. સ્ટે. | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| બી. ડીવી. પો. સ્ટે. | ૦૬ | ૦૬ | ૧૨ | ૧૨ |
| સી. ડીવી. પો. સ્ટે. | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૩ |
| બેડી મરીન | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

(૨) તે પૈકી વર્ષ–૨૦૧૩ માં ૦૫ તથા વર્ષ–૨૦૧૪ માં ૧૩ મોબાઈલ (સેલફોન) શોધી કાઢી ને મૂળ માલિકને પરત કરવામાં આવેલ છે.

(૩) બાકી રહેલ મોબાઈલ (સેલફોન) શોધી કાઢવા માટે પ્રયાસો ચાલુ છે.

–––––––

જૂનાગઢ શહેરમાં મોબાઈલ (સેલફોન) ચોરીની ફરીયાદ

અતારાંકિતઃ ૭૦૨૯ (તા. ૨૨–૧૨–૨૦૧૫) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર): માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) જૂનાગઢ શહેરમાં પોલીસ સ્ટેશનવાર સન ૨૦૧૩ અને ૨૦૧૪ના વર્ષમાં કેટલા મોબાઈલ (સેલફોન) ચોરી અંગેની ફરિયાદો નોંધાઈ,

(૨) તે પૈકી વર્ષવાર કેટલા મોબાઈલ (સેલફોન) શોધી કાઢી મૂળ માલિકને પરત થયા,

(૩) બાકી રહેલા મોબાઈલ કયાં સુધીમાં શોધી કાઢવામાં આવશે ?

મુખ્યમંત્રીશ્રી : (ગૃહ) (૨૭–૧–૧૬)

(૧)

| પોલીસ સ્ટેશન | સન–૨૦૧૩ | | સન–૨૦૧૪ | |
|---|---|---|---|---|
| | નોંધાયેલ ફરિયાદ | ચોરાયેલ મોબાઈલની સંખ્યા | નોંધાયેલ ફરિયાદની | ચોરાયેલ મોબાઈલની સંખ્યા |
| એ. ડીવી. પોલીસ સ્ટેશન | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૦ |
| બી. ડીવી. પોલીસ સ્ટેશન | ૦૩ | ૦૪ | ૦૫ | ૦૬ |
| સી. ડીવી. પોલીસ સ્ટેશન | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૬ |
| ભવનાથ પોલીસ સ્ટેશન | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

(૨) તે પૈકી સન–૨૦૧૩ માં કુલ–૦૪ મોબાઈલ (સેલફોન) શોધી કાઢીને ૦૪ મોબાઈલ મૂળ માલિકને પરત કરેલ છે જ્યારે સન–૨૦૧૪ માં કુલ–૧૨ મોબાઈલ (સેલફોન) શોધી કાઢીને ૧૧ મોબાઈલ મૂળ માલિકને પરત કરેલ છે

(૩) બાકી રહેલ મોબાઈલ (સેલફોન) શોધી કાઢવાની જરૂરી કાર્યવાહી ચાલુમાં છે.

–––––––

ચાપલધરા ગામે ગાયની કતલ બાબત

અતારાંકિતઃ ૭૦૩૩ (તા. ૨૨–૧૨–૨૦૧૫) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા): માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) વાંસદા તાલુકાના ચાપલધરા ગામે કાવેરી નદીમાં તા. ૨૭–૯–૨૦૧૫ના રોજ ગાયની કતલ કરી તેનુ માથુ ફેકી દેવામાં આવ્યું હતું તે હક્કિત સાચી છે, અને

(૨) આ ઘટનામાં કેટલા આરોપીઓ સામે શી કાનૂની કાર્યવાહી થઈ છે ?

મુખ્યમંત્રીશ્રી : (ગૃહ) (૨૫–૧–૧૬)

(૧) હા, જી.

(૨) આ ઘટનામાં વાંસદા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં. ૭૨/૧૫ ઈ.પી.કો. કલમ.૨૯૫એ, ૪૨૯ તથા પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ સને–૨૦૧૧ની કલમ–૫, ૬(ખ), ૮ મુજબ ગુન્હો દાખલ કરી, ૪(ચાર) આરોપીઓની અટક કરી, કોર્ટ કસ્ટડીમાં મોકલી આપેલ.

–––––––

કડી શહેરમાં ભેંસોને બચાવવા બાબત

અતારાંકિતઃ ૭૦૩૪ (તા. ૨૨–૧૨–૨૦૧૫) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા): માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

## તા. ૩૦મી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નો

(૧) કડી શહેરના થોળ રોડ પર આવેલા કમલ સર્કલ પાસેથી બે વાહનોમાં ગેરકાયદે કતલખાનામાં ધકેલાઈ રહેલી ભેંસોને જીવરક્ષા કાર્યકર્તાઓ તથા ટ્રાન્સપોર્ટરોએ તા. ૫–૧૦–૨૦૧૫ના રોજ ઝડપી પોલીસને સોંપી હતી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ ગુનાહિત પ્રવૃતિમાં સંડોવાયેલા કેટલા ગુનેગારો સામે શી કાનૂની કાર્યવાહી કરવામાં આવી છે ?

મુખ્યમંત્રીશ્રી : (ગૃહ) (૨૫–૧–૧૬)

(૧) હા, જી. પરંતુ તેમાં બે વાહનોમાં નહી પણ એક વાહનમાં ભેંસોને લઈ જવાતી હતી.

(૨) આ બાબતે કડી પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં.૨૦૧/૨૦૧૫ પશુ પ્રત્યે ઘાતકીપણા અટકાવવા બાબત અધિનિયમ–૧૯૬૦ની કલમ–૧૧(૧) ડી.એચ.ઈ. મુજબ ૧(એક) આરોપી વિરૂધ્ધ ગુન્હો દાખલ કરી, તેની અટક કરી નામદાર કોર્ટ કસ્ટડીમાં મોકલી આપવામાં આવેલ.

–––––––

દેવભૂમિ–દ્વારકા જિલ્લામાં મોબાઈલ (સેલફોન) ચોરીની ફરીયાદ

અતારાંકિતઃ ૭૦૩૭ (તા. ૨૨–૧૨–૨૦૧૫) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા)ઃ માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) દેવભૂમિ–દ્વારકા જિલ્લામાં પોલીસ સ્ટેશનવાર સન ૨૦૧૩ અને ૨૦૧૪ના વર્ષમાં કેટલા મોબાઈલ (સેલફોન) ચોરી અંગેની ફરિયાદો નોંધાઈ,

(૨) તે પૈકી વર્ષવાર કેટલા મોબાઈલ (સેલફોન) શોધી કાઢી મૂળ માલિકને પરત થયા,

(૩) બાકી રહેલા મોબાઈલ કયાં સુધીમાં શોધી કાઢવામાં આવશે ?

મુખ્યમંત્રીશ્રી : (ગૃહ) (૨૭–૧–૧૬)

(૧) વર્ષ ૨૦૧૩ માં આ અંગે બે પોલીસ સ્ટેશનોમાં નીચે જણાવ્યા પ્રમાણે ફરિયાદ નોંધાયેલ છે.

| પોલીસ સ્ટેશનનું નામ | નોંધાયેલ ફરિયાદની સંખ્યા | ચોરાયેલ મોબાઈલની સંખ્યા |
|---|---|---|
| ઓખા મરીન | ૦૨ | ૦૨ |
| દ્વારકા | ૦૨ | ૦૭ |

જ્યારે વર્ષ ૨૦૧૪ માં આ અંગે કોઈ ફરિયાદ નોંધાયેલ નથી.

(૨) વર્ષ ૨૦૧૩ માં ચોરાયેલ ઉકત તમામ ૦૯ મોબાઈલ (સેલફોન) શોધી કાઢીને મૂળ માલિકને પરત કરાયા છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

–––––––

પિપલાણા–રાજપરા ગામે મેલડી માતાનાં મંદિરમાં બકરાની બલી બાબત

અતારાંકિતઃ ૭૦૩૮ (તા. ૨૨–૧૨–૨૦૧૫) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા)ઃ માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં પ્રાણી–પક્ષીના બલી આપવા તે ગુજરાત પ્રાણી–પક્ષી બલી પ્રતિબંધ અધિનિયમ–૧૯૭૨ મુજબ શિક્ષાપાત્ર ગુન્હો છે તે હકિકત સાચી છે,

(૨) જો હા, તો રાજકોટ જિલ્લાના કોટડા સાંગણી તાલુકાના પિપલાણા–રાજપરા ગામના મેલડી માતાના મંદિરમાં ઓક્ટોબર–૨૦૧૪માં બકરાના બલી આપવામાં આવ્યા હતા તે હકિકત સાચી છે, અને

(૩) આ ગુનાહિત કામના કેટલા આરોપીઓ સામે શી કાનૂની કાર્યવાહી થઈ છે ?

મુખ્યમંત્રીશ્રી : (ગૃહ) (૨૫–૧–૧૬)

(૧) હા, જી.

(૨) હા, જી.

(૩) આ કામે કોટડા સાંગાણી પોલીસ સ્ટેશન તા. ૩–૧૦–૨૦૧૪ના રોજ ગુ.ર.નં. ૫૮/૧૪ ઈ.પી.કો. કલમ.૪૨૯, ૧૧૪ તથા પશુ પ્રત્યે ઘાતકીપણુ અટકાવવાના કાયદાની કલમ–૧૧એલ મુજબ ૪(ચાર) આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો નોંધી, તેમની અટક કરી, કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

## ચૈત્ર ૧૦,૧૯૩૮ શાકે
## અતારાંકિત પ્રશ્નો

-------

### વિસનગર–ખેરાલુ હાઈવે પરથી ગૌમાંસ પકડાયા બાબત

અતારાંકિતઃ ૭૦૬૩ (તા. ૨૨–૧૨–૨૦૧૫) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા)ઃ માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) મહેસાણા જિલ્લાના વિસનગર–ખેરાલુ હાઈવે પર ગૌરક્ષા સમિતિના સભ્યોને મળેલી માહિતીના આધારે પોલીસે તા. ૨૧–૧૧–૨૦૧૫ના રોજ મારૂતિ ઈકો મોટરકાર વાહનમાંથી ૧૦૦૦ કિલો ગૌમાંસ ઝડપી પાડયુ હતુ તે હકિકત સાચી છે,

(૨) જો હા, તો ગૌવંશની કતલ માટે આ ગુનાહિત ઘટનામાં કેટલા આરોપીઓ સામે શી કાનૂની કાર્યવાહી કરવામાં આવી છે, અને

(૩) ગુન્હામાં વપરાયેલ વાહનને ગુજરાત પ્રાણી સંરક્ષણ (સુધારા) અધિનિયમ–૨૦૧૧ મુજબ ૬ માસ માટે જપ્ત કરવામાં આવ્યું છે કે કેમ ?

મુખ્યમંત્રીશ્રી : (ગૃહ) (૨૫–૧–૧૬)

(૧) હા, જી.

(૨) આ બાબતે વિસનગર શહેર પોલીસ સ્ટેશન સે.ગુ.ર.નં. ૧૭૩/૧૫ થી પશુઓ તરફ ઘાતકી વર્તન અટકાવવા કાયદાની કલમ ૧૧(એલ), તથા ગુજરાત પ્રાણી સંરક્ષણ સુધારા અધિ. ૨૦૧૧ની કલમ. ૬, ૬(ક),(૧),(૩),(૪),૮ મુજબ ૨(બે) આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો દાખલ કરવામાં આવેલ છે.

(૩) હા, જી.

-------

### મોડાસાથી રખીયાલ તરફ લઈ જવાતાં પાડાઓને બચાવવા બાબત

અતારાંકિતઃ ૭૦૬૪ (તા. ૨૨–૧૨–૨૦૧૫) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા)ઃ માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) મોડાસાથી રખીયાલ તરફ લઈ જવાતા ૨૬ જેટલા નાની ઉમરના પાડાને મેટાડોર વાહનમાં તા. ૨૦–૯–૨૦૧૫ના રોજ પોલીસે ભાદરોડા ચોકડી પાસેથી બચાવી લીધા હતા તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ ગુનાહિત ઘટનામાં કેટલા આરોપીઓ સામે શી કાનૂની કાર્યવાહી કરવામાં આવી છે ?

મુખ્યમંત્રીશ્રી : (ગૃહ) (૨૫–૧–૧૬)

(૧) હા, જી.

(૨) આ બાબતે રખિયાલ પોલીસ સ્ટેશન સે.ગુ.ર.નં. ૧૨૫/૧૫ થી ઈ.પી.કો. કલમ ૨૭૯ તથા પશુ પ્રત્યે ઘાતકીપણાની કલમ ૧૧(ડી)(ઈ)(એફ) તથા એમ.વી.એકટ કલમ. ૧૭૭, ૧૯૨ મુજબ ૨(બે) આરોપીઓ વિરૂધ્ધ ગુનો દાખલ કરી, તેમની અટક કરી કોર્ટ કસ્ટડીમાં મોકલી આપેલ.માં આવેલ છે.

-------

### મહેસાણા જિલ્લામાં બંધ થયેલ હીરાના કારખાનાં

અતારાંકિતઃ ૩૭૬૧ (૨૦–૧૦–૨૦૧૪) શ્રી પ્રહલાદભાઈ પટેલ (વિજાપુર)ઃ માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

તા. ૩૧–૦૮–૨૦૧૪ની સ્થિતિમાં મહેસાણા જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં તાલુકાવાર કેટલા હીરાના કારખાના હતાં, અને કેટલા બંધ થઈ ગયા ?

મુખ્યમંત્રીશ્રી : (ઉદ્યોગ) (૫–૧–૧૬)

તા. ૩૧–૦૮–૨૦૧૪ની સ્થિતિમાં મહેસાણા જિલ્લાના કુલ–૧૦ તાલુકાઓ પૈકી વિસનગર તાલુકામાં છેલ્લાં પાંચ વર્ષમાં એમએસએમઈ એકટ–૨૦૦૬ અન્વયે હીરા ઉદ્યોગના કુલ સાત (૭) એકમોએ એકનોલેજમેન્ટ મેળવેલ છે. આ તમામ હીરા ઉદ્યોગના એકમો ચાલુ છે એક પણ એકમ બંધ થયેલ નથી.

## તા. ૩૦મી માર્ચ, ૨૦૧૬
## અતારાંકિત પ્રશ્નો

-------

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પાક્ષિક ‘ગુજરાત’ની વહેંચણી બાબત.

અતારાંકિતઃ ૬૭૫૬ (તા. ૨૧-૧૧-૨૦૧૫) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાળીયા)ઃ માનનીય આયોજન મંત્રીશ્રી (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સરકારી પાક્ષિક ‘ગુજરાત’ની સને ૨૦૧૪માં કેટલી નકલો મફત વહેંચવામાં આવી અને કેટલી નકલો પેમેન્ટથી વેચાઈ,

(૨) કુલ કેટલી કિંમતની મફત નકોલ વહેંચવામાં આવી, અને

(૩) કઈ શરતોએ મફત નકલો વહેંચવામાં આવી ?

મુખ્ય મંત્રીશ્રીઃ (માહિતી અને પ્રસારણ) :

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સરકારી પાક્ષિક ‘ગુજરાત’ની સને ૨૦૧૪માં ૮૦૦ નકલો મફત વહેંચવામાં આવી અને ૧૨,૩૭૬ નકલો પેમેન્ટથી વેંચાઈ.

(૨) કુલ રૂ. ૧૫,૮૭૨-ની કિંમતની નકલો મફત વેંચવામાં આવી.

(૩) આ અંગે કોઈ શરતો નક્કી કરવામાં આવેલ નથી. પરંતું રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અને કામગીરી વિષે લોક પ્રતિનીધિઓ, પદાધિકારીઓ, વરિષ્ઠ અધિકારીઓ તેમજ પ્રબુધ્ધ નાગરિકોને અવગત કરવાના હેતુથી કેટલીક નકલોનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવે છે.

-------

પરીએજ જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ લાભાન્વિત ગામો

અતારાંકિતઃ ૬૭૨૨ (૨૭-૧૦-૨૦૧૫) શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ)ઃ માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) ખેડા જિલ્લામાં આવેલ પરીએજ જૂથ પાણી પુરવઠા યોજના કયારે મંજૂર થઈ હતી ? તા. ૩૦-૦૬-૨૦૧૫ની, સ્થિતિએ આ યોજના પાછળ છેલ્લા બે વર્ષામાં કુલ કેટલો ખર્ચ થયો,

(૨) ઉકત સ્થિતિએ આ યોજનામાં કેટલા ફીલ્ટર પ્લાન્ટ આવેલ છે, અને

(૩) ઉકત સ્થિતિએ ઉકત યોજના થકી કયા ગામો અને પેટાપરાંઓમાં પીવાનું પાણી આપવામાં આવે છે ?

પાણી પુરવઠા મંત્રીશ્રીઃ (૨૫-૦૧-૨૦૧૬)

(૧) પરીએજ જુથ પાણી પુરવઠા યોજના

- તા. ૦૧-૦૬-૧૯૮૭માં મંજૂર કરવામાં આવેલ.
- તા. ૩૦-૦૬-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ ખર્ચ થયેલ છે.

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૩-૧૪ | ૩૧૮.૩૮ |
| ૨૦૧૪-૧૫ | ૨૭૯.૫૬ |
| કુલ ખર્ચ | ૫૯૭.૯૪ |

(૨) આ યોજનામાં એક ફીલ્ટર પ્લાન્ટ આવેલ છે.

## અતારાંકિત પ્રશ્નો

(૩) નીચેની વિગતે યોજના થકી કુલ ૪૪ ગામ/પરાંને પીવાનું પાણી આપવામાં આવે છે.

| અનુ. | ગામ/પરાનું નામ | અનુ. | ગામ/પરાનું નામ | અનુ. | ગામ/પરાનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | ચાનોર | ૧૬ | હરીપુરા | ૩૧ | શંકરપુરા |
| ૨ | શેખપુર | ૧૭ | સાયલા | ૩૨ | સેંજુડી |
| ૩ | રણાસર | ૧૮ | ઈન્દ્રવર્ણા | ૩૩ | રામનગર |
| ૪ | દેથલી | ૧૯ | હાડેવા | ૩૪ | માધુપુરા |
| ૫ | વસઈ | ૨૦ | વાલોત્રી | ૩૫ | ડુંગરપુરા |
| ૬ | ભલાડા | ૨૧ | દલોલી | ૩૬ | હરીપુરા |
| ૭ | ધનાતળાવ | ૨૨ | વિતોજા | ૩૭ | લક્ષ્મીપુરા |
| ૮ | વાવોલાપુરા | ૨૩ | અંબઈપુરા | ૩૮ | વાઘજીપુરા |
| ૯ | મોતીપુરા | ૨૪ | બામણગામ | ૩૯ | મઘરોલ |
| ૧૦ | પાનખરા | ૨૫ | પરીએજ | ૪૦ | ઉંટયાફળીયા |
| ૧૧ | સાકરીયાપુરા | ૨૬ | સીંજીવાડા | ૪૧ | ઈન્દ્રણજ |
| ૧૨ | મહુડીયાપુરા | ૨૭ | લુવાકુવા | ૪૨ | મહીયારી |
| ૧૩ | ભાથીપુરા | ૨૮ | કાણીયાપુરા | ૪૩ | ટોલ |
| ૧૪ | હરસિધ્ધપુરા | ૨૯ | નવાપુરા | ૪૪ | ઈસરવાડા |
| ૧૫ | લાખાતળાવ | ૩૦ | રાજુપુરા | | |

-------

### નગરામા જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ લાભાન્વિત ગામો

અતારાંકિતઃ ૬૭૨૩ (૨૭–૧૦–૨૦૧૫) શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ)ઃ માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :–

(૧) ખેડા જિલ્લામાં આવેલ નગરમાં જૂથ પાણી પુરવઠા યોજના કયારે મંજૂર કરવામાં આવી, તેની પાછળ તા. ૩૦–૦૬–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૨) ઉકત સ્થિતિએ ઉકત યોજના થકી કયા ગામો અને પેટા પરાઓમાં પીવાનું પાણી આપવામાં આવે છે, અને

(૩) ઉકત યોજનામાં બાકી રહેતા ગામોમાં કયારે પીવાનું પાણી આપવામાં આવશે ?

પાણી પુરવઠા મંત્રીશ્રીઃ (૨૫–૦૧–૨૦૧૬)

(૧)

- નગરામાં જૂથ પાણી પુરવઠા યોજના તા. ૦૮–૦૨–૧૯૯૦થી મંજુર કરવામાં આવેલ છે.
- તા. ૩૦–૦૬–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ ખર્ચ થયેલ છે.

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૦૭–૨૦૧૩ થી ૦૬–૨૦૧૪ | ૫૩.૯૬ |
| ૦૭–૨૦૧૪ થી ૦૬–૨૦૧૫ | ૪૬.૫૬ |
| કુલ | ૧૦૦.૫૨ |

(૨) નીચે મુજબ ૧૧ ગામ/પરાને પીવાનું પાણી આપવમાં આવે છે.

| અનુ. | ગામ/પરા | અનુ. | ગામ/પરા |
|---|---|---|---|
| ૧ | મોનરપુરા | ૭ | કુંજરા |
| ૨ | રામનગર | ૮ | ભરવાડવાસ |
| ૩ | જીવાપુરા | ૯ | રામનગર |
| ૪ | નંદનવન | ૧૦ | ખરેટી |
| ૫ | કેવલનગર | ૧૧ | અસલાલી |
| ૬ | શેખુપુર | | |

(૩) ઉકત યોજનામાં બાકી રહેતા ગામો હાલ સ્વતંત્ર યોજનાથી પાણી પુરવઠો મેળવે છે.

-------

### મહેમદાવાદ તાલુકાના વણસોલ અને સૂંઢા ગામોને અપૂરતા પાણી બાબત

# તા. ૩૦મી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નો

અતારાંકિતઃ ૬૭૨૪(૨૭–૧૦–૨૦૧૫) શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ)ઃ માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :–

(૧) ખેડા જિલ્લામાં આવેલ સરસવણી જૂથ ૧, ૨ અને વાત્રક જૂથ પાણી પુરવઠા યોજના કાયારે મંજૂર કરાઈ, તા. ૩૦–૦૬–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તેની પાછળ કેટલો ખર્ચ કરાયો,

(૨) ઉકત સ્થિતિએ જિલ્લાના કાય ગામો અને કાયં પેટા પરાઓમાં આ યોજનાઓ થકી પીવાનું પાણી આપવામાં આવે છે, અને

(૩) ઉકત સ્થિતિએ મહેમદાબાદ તાલુકાના વણસોલ અને સૂંડા ગામોને આ જૂથ યોજનાઓ દ્વારા પાણી પૂરતા પ્રમાણમાં મળતું નથી, તે હકીકત સાચી છે કે કેમ, જો હા તો સરકાર આ અંગે કોઈ કાર્યવાહી કરવા માંગે છે કે કેમ ?

પાણી પુરવઠા મંત્રીશ્રી : (૨૫–૦૧–૨૦૧૬)

(૧) • ખેડા જિલ્લામાં આવેલ (સરસવણી જુથ ૧,૨) એટલે કે, મહેમદાવાદ જુથ ભાગ ૧ને તા. ૨૨–૦૪–૧૯૯૭ થી, મહેમદાવાદ જુથ ભાગ–૨ને તા. ૨૭–૦૫–૨૦૦૨ તથા વાત્રક જુથ યોજનાને તા. ૦૧–૧૧–૧૯૯૧ થી મંજુર કરાયેલ છે.

- તા. ૩૦–૦૬–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ યોજના પાછળ થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| અનુ. | યોજના | વર્ષ ૨૦૧૩–૧૪ (રૂ. લાખમાં) | વર્ષ ૨૦૧૪–૧૫ (રૂ. લાખમાં) | કુલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | મહેમદાવાદ જુથ ભાગ–૧ | રૂ. ૫૪.૦૦ | રૂ. ૪૨.૧૨ | રૂ. ૯૬.૧૨ |
| ૨ | મહેમદાવાદ જુથ ભાગ–૨ | રૂ. ૮૬.૦૩ | રૂ. ૫૬.૧૫ | રૂ.૧૪૨.૧૮ |
| ૩ | વાત્રક જુથ યોજના | રૂ. ૬૧.૧૦ | રૂ. ૬૦.૪૭ | રૂ. ૧૨૧.૫૭ |
| | કુલ | ૨૦૧.૧૩ | ૧૫૮.૭૪ | ૩૫૯.૮૭ |

(૨) ઉકત સ્થિતિએ પરિશિષ્ટ મુજબના ૧૭ ગામ, ૫૧ પરાઓને આ યોજના દ્વારા પીવાનું પાણી આપવામાં આવે છે.

(૩) ના જી,

વણસોલ અને સુંઢા ગામોને મહેમદાવાદ જૂથ યોજના ભાગ–૨ દ્વારા પુરતા પ્રમાણમાં પાણી આપવામાં આવે છે.

પરિશિષ્ટ

| અનુ. | ગામ/પરા | | અનુ. | ગામ/પરા |
|---|---|---|---|---|
| મહેમદાવાદ જુથ પાણી પુરવઠા યોજના ભાગ–૧ | | | | |
| ૧ | જરાવત | | ૧૧ | વઘાવત |
| ૨ | ઉમેદપુરા | | ૧૨ | રાયડાનો ટેકરો |
| ૩ | ગોકુલપુરા | | ૧૩ | મહુડીયાપુરા |
| ૪ | વિઠાવત ફળીયું | | ૧૪ | દલપાજીના મુવાડા |
| ૫ | ભીમનાથપુરા | | ૧૫ | બેચરપુરા |
| ૬ | પથાવત | | ૧૬ | અબાડીયાની મુવાડી |
| ૭ | જામ્બાવાળો કુવો | | ૧૭ | ગોકુલપુરા |
| ૮ | કાલેશર | | | |
| ૯ | સમડાવાળી મુવાડી | | | |
| ૧૦ | ઉમાજીની મુવાડી | | | |
| અનુ. | ગામ/પરા | | અનુ. | ગામ/પરા |
| મહેમદાવાદ જુથ પાણી પુરવઠા યોજના ભાગ–૨ | | | | |
| ૧૮ | સરસવણી | | ૩૨ | સોનીપુરા |

| | | | |
|---|---|---|---|
| ૧૯ | રૂદણ | ૩૩ | રાણાજીપુરા |
| ૨૦ | કરોલી | ૩૪ | વનની મુવાડી |
| ૨૧ | વણસોલ સુંઢા | ૩૫ | લક્ષ્મીપુરા |
| ૨૨ | નવાગામ | ૩૬ | નવા મુવાડા |
| ૨૩ | સુંઢા | ૩૭ | વડવાળી મુવાડી |
| ૨૪ | માંકવા | ૩૮ | તુલસીવન |
| ૨૫ | વાંઠવાડી | ૩૯ | મોટી મુવાડી |
| ૨૬ | બિલિયાની મુવાડી | ૪૦ | કડવાસર |
| ૨૭ | ગંગાબાઈની મુવાડી | ૪૧ | ભૈડલ |
| ૨૮ | રઈજીપુરા | ૪૨ | દશરથપુરા |
| ૨૯ | મલઈપુરા | ૪૩ | રામનગર |
| ૩૦ | જીભઈપુરા | ૪૪ | કૈલાસપુરા |
| ૩૧ | મુજરાઈપુરા | ૪૫ | જોષીપુરા |
| વાત્રક જુથ પાણી પુરવઠા યોજના | | | |
| ૪૬ | મલારપુરા | ૫૮ | કેશવલાલલાટ |
| ૪૭ | વૈકુંઠપુરા | ૫૯ | વણઝારીયા |
| ૪૮ | ડામરી | ૬૦ | ઈન્દિરાનગરી |
| ૪૯ | ગોવિંદપુરા | ૬૧ | ભૂપતપુરા |
| ૫૦ | ચાંદણા | ૬૨ | આદીજાતી વિ. |
| ૫૧ | ભેરઈ | ૬૩ | હનુમાનપુરા |
| ૫૨ | કાશીપુરા | ૬૪ | ડુંગરીટીંબા |
| ૫૩ | બીડઆશ્રમ | ૬૫ | શ્રીજીપુરા |
| ૫૪ | તુલશીવન | ૬૬ | ચિત્રાસરલાટ |
| ૫૫ | વિઠ્ઠલપુરા | ૬૭ | ધરમપુરા |
| ૫૬ | શાંતીપુરાલાટ | ૬૮ | મહાદેવપુરા |
| ૫૭ | ઈશ્વરપુરાલાટ | | |

-------

આણંદ, ખેડા અને મહિસાગર જિલ્લામાં ઈન્દિરા આવાસ અને સરદાર આવાસ યોજના

અતારાંકિતઃ ૫૫૪૪ (૨૨-૦૭-૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી): માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૫ની સ્થિતિએ રાજ્ય સરકાર સરદાર આવાસ યોજના બંધ કરવાની વિચારણા કરી રહી છે તે હકીકત સાચી છે,

## અતારાંકિત પ્રશ્નો

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર સરદાર આવાસ યોજના અને ઈન્દિરા આવાસ યોજના હેઠળ આણંદ, ખેડા અને મહિસાગર જિલ્લામાં કેટલા આવાસો બાંધવામાં આવ્યા,

(૩) આ આવાસો બાંધવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર અને લાભાર્થીનો કેટલો ફાળો નકકી કરવામાં આવેલ છે, અને

(૪) ઉકત આવાસો બાંધવા માટે કેન્દ્ર સરકાર પાસે વર્ષવાર કેટલી ગ્રાન્ટની માંગણી સામે કેટલી ગ્રાન્ટ મંજૂર કરી ?

પંચાયત મંત્રીશ્રી: (રાજ્ય કક્ષા) : (૧૩-૦૧-૨૦૧૬)

(૧) ના. જી

(૨) તા. ૩૧-૦૩-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર સરદાર આવાસ યોજના હેઠળ આણંદ, ખેડા અને મહિસાગર જિલ્લામાં કુલ ૮૮૮૯૨ આવાસો બાંધવામાં આવ્યા, જેની વર્ષવાર અને જિલ્લાવાર વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | ખેડા | આણંદ | મહિસાગર | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૦-૧૧ | ૭૮૩૧ | ૫૭૨૭ | ૧૩૧૦ | ૧૪૮૬૮ |
| ૨ | ૨૦૧૧-૧૨ | ૧૫૦૮ | ૧૯૨ | ૭૪૭ | ૨૪૪૭ |
| ૩ | ૨૦૧૨-૧૩ | ૧૩૨૪ | ૨૮૯૩૮ | ૧૯૦૬ | ૩૨૧૬૮ |
| ૪ | ૨૦૧૩-૧૪ | ૧૦૭૬૧ | ૮૦૬ | ૧૦૦૩૨ | ૨૧૫૯૯ |
| ૫ | ૨૦૧૪-૧૫ | ૧૧૬૯૩ | ૦ | ૬૧૧૭ | ૧૭૮૧૦ |
| | કુલ | ૩૩૧૧૭ | ૩૫૬૬૩ | ૨૦૧૧૨ | ૮૮૮૯૨ |

(અ) તા. ૩૧-૦૩-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ આણંદ, ખેડા અને મહિસાગર જિલ્લામાં ૬૩૨૬૩ આવાસો બાંધવામાં આવ્યા જેની વર્ષવાર અને જિલ્લાવાર વિગતો નીચ મુજબ છે.

| ક્રમ | વર્ષ | ખેડા | આણંદ | મહિસાગર | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૦-૧૧ | ૧૬૪૪૦ | ૧૮૩૪૮ | ૨૦૨૩ | ૩૬૮૧૧ |
| ૨ | ૨૦૧૧-૧૨ | ૧૦૨૦ | ૧૭૭૦ | ૫૯૫૧ | ૮૭૪૧ |
| ૩ | ૨૦૧૨-૧૩ | ૩૨૧ | ૧૯૬૧ | ૫૯૭૨ | ૮૨૫૪ |
| ૪ | ૨૦૧૩-૧૪ | ૫૮૧ | ૧૩૦૦ | ૧૧૯૬ | ૩૦૭૭ |
| ૫ | ૨૦૧૪-૧૫ | ૧૩૭૧ | ૪૫૦ | ૪૫૫૯ | ૬૩૮૦ |
| | કુલ | ૧૯૭૩૩ | ૨૩૮૨૯ | ૧૯૭૦૧ | ૬૩૨૬૩ |

(૩) આ ઈન્દિરા આવસો બાંધવા કેન્દ્ર સરકારનો ૭૫% અને રાજય સરકારનો ૨૫% ફાળો છે, લાભાર્થીઓનો ફાળો નથી. જયારે સરદાર આવાસ યોજના હેઠળ રાજય સરકારની સહાય રૂ. ૪૫૦૦૦/-લાભાર્થી શ્રમ ફાળો રૂ. ૭૦૦૦/- છે અને કેન્દ્ર સરકાર તરફથી કોઈ સહાય આપવામાં આવતી નથી.

(૪) ઈન્દિરા આવાસ યોજનામાં ભારત સરકારશ્રીના ગ્રામીણ વિકાસ મંત્રાલયને ૬૦% કે તેથી વધુ ખર્ચ ક રીને બે હપ્તામાં ગ્રાન્ટ દરખાસ્ત મોકલવાની હોય છે. આ દરખાસ્તના અનુસંધાને ભારત સરકારશ્રી તરફથી જિલ્લાને ફાળવેલ લક્ષ્યાંકનાં ૫૦% મુજબની ગ્રાન્ટ પ્રથમ હપ્તામાં અને ૫૦% મુજબની ગ્રાન્ટ બીજા હપ્તામાં ફાળવવામાં આવતી હોય છે, તેથી ગ્રાન્ટ દરખાસ્તમાં રકમ માંગણી કરવાનો પ્રશ્ન રહેતો નથી.

ઉકત આવાસો બાંધવા માટે કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૨૫૩૫૦.૬૫ લાખની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી. વર્ષવાર અને જિલ્લાવાર વિગતો દર્શાવતું પત્રક નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | ભારત સરકારશ્રી દ્વારા મંજુર કરેલ રકમ રૂ. લાખમાં | | | કુલ |
|---|---|---|---|---|---|
| | | આણંદ | ખેડા | મહિસાગર | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૦–૧૧ | ૬૨૭૩.૦૯ | ૫૭૫૧.૨૩ | ૪૭૫.૩૬ | ૧૨૪૯૯.૬૮ |
| ૨ | ૨૦૧૧–૧૨ | ૬૯૬.૯૩ | ૩૭૪.૧૮ | ૩૩૫૨.૧૧ | ૪૪૨૩.૨૨ |
| ૩ | ૨૦૧૨–૧૩ | ૧૩૧૬.૪૮ | ૮૧૦.૩૪ | ૩૨૫૪.૩૬ | ૫૩૮૧.૧૮ |
| ૪ | ૨૦૧૩–૧૪ | ૦.૦૦ | ૦.૦૦ | ૩૦૪૬.૫૭ | ૩૦૪૬.૫૭ |
| ૫ | ૨૦૧૫–૧૬ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| | કુલ | ૮૨૮૬.૫૦ | ૬૯૩૫.૭૫ | ૧૦૧૨૮.૪૦ | ૨૫૩૫૦.૬૫ |

સરદાર આવાસ યોજના ૧૦૦% રાજ્ય પુરસ્કૃત યોજના હોવાથી તેના પૂરતો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

છોટા ઉદેપુર, દાહોદ, ડાંગ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકા પંચાયતોનું સંવર્ગવાર મહેકમ

અતારાંકિતઃ ૬૫૮૩ (૨૪–૧૧–૨૦૧૫) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે :–

(૧) તા. ૩૧–૦૮–૨૦૧૫ની સ્થિતિએ છોટાઉદેપુર, દાહોદ, ડાંગ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર તાલુકા પંચાયતોનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ખાલી જગ્યાઓ સરકાર ક્યાં સુધીમાં ભરવા માંગે છે ?

પંચાયત મંત્રીશ્રીઃ (રાજ્યકક્ષા) : (૨૭–૦૧–૨૦૧૬)

(૧) આ સાથે સામેલ પત્રક–અ મુજબ.

(૨) આ સાથે સામેલ પત્રક–બ મુજબ.

(૩) વહીવટી અનુકૂળતાએ બનતી ત્વરાએ

પત્રક–અ

| ક્રમ | જિલ્લો | તાલુકાનું નામ | તાલુકાવાર મંજુર મહેકમ | | | |
|---|---|---|---|---|---|---|
| | | | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ |
| ૧ | છોટાઉદેપુર | નસવાડી | ૦ | ૧ | ૧૭ | ૫ |
| | | બોડેલી | ૦ | ૧ | ૮ | ૦ |
| | | જેતપુર પાવી | ૦ | ૧ | ૨૦ | ૬ |
| | | સંખેડા | ૦ | ૧ | ૧૬ | ૩ |
| | | છોટાઉદેપુર | ૦ | ૧ | ૧૭ | ૬ |
| | | કવાંટ | ૦ | ૧ | ૭ | ૨ |
| | | કુલ | ૦ | ૬ | ૮૫ | ૨૨ |
| ક્રમ | જિલ્લો | તાલુકાનું નામ | તાલુકાવાર મંજુર મહેકમ | | | |
| | | | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ |
| ૨ | દાહોદ | ઝાલોદ | ૧ | ૦ | ૨૧ | ૫ |
| | | દાહોદ | ૦ | ૧ | ૨૨ | ૫ |
| | | ગરબાડા | ૦ | ૧ | ૧૫ | ૧ |
| | | ફતેપુરા | ૦ | ૧ | ૧૫ | ૧ |
| | | લીમખેડા | ૦ | ૧ | ૨૩ | ૩ |
| | | દેવગઢબારીયા | ૦ | ૧ | ૨૧ | ૩ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | ધાનપુરા | ૦ | ૧ | ૧૫ | ૧ |
| | | સંજેલી | ૦ | ૧ | ૧૨ | ૧ |
| | | કુલ | ૧ | ૭ | ૧૪૪ | ૨૦ |
| ૩ | ડાંગ | આહવા | ૧ | ૦ | ૨૦ | ૧૦ |
| | | વઘઈ | ૦ | ૧ | ૧૨ | ૦ |
| | | સુબીર | ૦ | ૧ | ૧૨ | ૦ |
| | | કુલ | ૧ | ૨ | ૪૪ | ૧૦ |
| ૪ | દેવભૂમિ દ્વારકા | ખંભાલિયા | ૦ | ૧ | ૨૨ | ૪ |
| | | ભાણવડ | ૦ | ૧ | ૨૨ | ૪ |
| | | કલ્યાણપુર | ૦ | ૧ | ૨૨ | ૪ |
| | | દ્વારકા | ૦ | ૧ | ૧૮ | ૪ |
| | | કુલ | ૦ | ૪ | ૮૪ | ૧૬ |

પત્રક–બ

| ક્રમ | જિલ્લો | તાલુકાનું નામ | તાલુકાવાર ભરાયેલ જગ્યા | | | | તાલુકાવાર ખાલી જગ્યા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ |
| ૧ | છોટાઉદેપુર | નસવાડી | ૦ | ૦ | ૫ | ૫ | ૦ | ૧ | ૧૨ | ૦ |
| | | બોડેલી | ૦ | ૧ | ૬ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ |
| | | જેતપુર પાવી | ૦ | ૦ | ૧૧ | ૦ | ૦ | ૧ | ૯ | ૬ |
| | | સંખેડા | ૦ | ૦ | ૭ | ૨ | ૦ | ૧ | ૯ | ૧ |
| | | છોટાઉદેપુર | ૦ | ૧ | ૧૪ | ૨ | ૦ | ૦ | ૩ | ૪ |
| | | કવાંટ | ૦ | ૧ | ૬ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ |
| | | કુલ | ૦ | ૩ | ૪૯ | ૧૦ | ૦ | ૩ | ૩૬ | ૧૨ |
| ૨ | દાહોદ | ઝાલોદ | ૧ | ૦ | ૧૧ | ૨ | ૦ | ૦ | ૧૦ | ૩ |
| | | દાહોદ | ૦ | ૧ | ૧૪ | ૧ | ૦ | ૦ | ૮ | ૪ |
| | | ગરબાડા | ૦ | ૧ | ૮ | ૧ | ૦ | ૦ | ૭ | ૦૦ |
| | | ફતેપુરા | ૦ | ૦ | ૭ | ૧ | ૦ | ૧ | ૮ | ૦ |
| | | લીમખેડા | ૦ | ૧ | ૧૧ | ૩ | ૦ | ૦ | ૧૨ | ૦ |
| | | દેવગઢબારીયા | ૦ | ૧ | ૧૦ | ૧ | ૦ | ૦ | ૧૧ | ૨ |
| | | ધાનપુરા | ૦ | ૦ | ૮ | ૧ | ૦ | ૧ | ૭ | ૦ |
| | | સંજેલી | ૦ | ૦ | ૬ | ૦ | ૦ | ૧ | ૬ | ૧ |
| | | કુલ | ૧ | ૪ | ૭૫ | ૧૦ | ૦ | ૩ | ૬૯ | ૧૦ |
| ક્રમ | જિલ્લો | તાલુકાનું નામ | તાલુકાવાર ભરાયેલ જગ્યા | | | | તાલુકાવાર ખાલી જગ્યા | | | |
| | | | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ |
| ૩ | ડાંગ | આહવા | ૦ | ૦ | ૭ | ૭ | ૧ | ૦ | ૧૩ | ૩ |
| | | વઘઈ | ૦ | ૧ | ૫ | ૦ | ૦ | ૦ | ૭ | ૦ |
| | | સુબીર | ૦ | ૧ | ૬ | ૦ | ૦ | ૦ | ૬ | ૦ |
| | | કુલ | ૦ | ૨ | ૧૮ | ૭ | ૧ | ૦ | ૨૬ | ૩ |
| ૪ | દેવભૂમિ દ્વારકા | ખંભાલિયા | ૦ | ૧ | ૭ | ૨ | ૦ | ૦ | ૧૫ | ૨ |
| | | ભાણવડ | ૦ | ૦ | ૭ | ૩ | ૦ | ૧ | ૧૫ | ૧ |
| | | કલ્યાણપુર | ૦ | ૧ | ૭ | ૩ | ૦ | ૦ | ૧૫ | ૧ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | દ્વારકા | ૦ | ૦ | ૪ | ૪ | ૦ | ૧ | ૧૪ | ૦ |
| | | કુલ | ૦ | ૨ | ૨૫ | ૧૨ | ૦ | ૨ | ૫૯ | ૪ |

\-\-\-\-\-\-\-

બનાસકાંઠા, ભરૂચ, ભાવનગર અને બોટાદ જિલ્લામાં તાલુકા પંચાયતોનું સંવર્ગવાર મંજૂર મહેકમ

અતારાંકિતઃ ૬૫૮૪ (૨૪–૧૧–૨૦૧૫) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ)ઃ માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે :–

(૧) તા. ૩૧–૦૮–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા, ભરૂચ, ભાવનગર અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર તાલુકા પંચાયતોનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ સરકાર ક્યાં સુધીમાં ભરવા માંગે છે.

પંચાયત મંત્રીશ્રી : (રાજ્યકક્ષા) : (૨૭–૦૧–૨૦૧૬)

(૧) આ સાથે સામેલ પત્રક–અ મુજબ

(૨) આ સાથે સામેલ પત્રક–બ મુજબ

(૩) વહીવટી અનુકૂળતાએ બનતી ત્વરાએ

પત્રક–અ

| ક્રમ | જિલ્લો | તાલુકાનું નામ | તાલુકાવાર મંજુર મહેકમ | | | |
|---|---|---|---|---|---|---|
| | | | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ |
| ૧ | બનાસકાંઠા | પાલનપુર | ૦ | ૧ | ૨૨ | ૫ |
| | | વડગામ | ૦ | ૧ | ૧૯ | ૬ |
| | | દાંતા | ૧ | ૦ | ૧૫ | ૫ |
| | | અમીરગઢ | ૦ | ૧ | ૧૧ | ૪ |
| | | ડીસા | ૦ | ૧ | ૨૨ | ૬ |
| | | ધાનેરા | ૦ | ૧ | ૧૫ | ૪ |
| | | થરાદ | ૦ | ૧ | ૧૮ | ૬ |
| | | વાવ | ૦ | ૧ | ૧૭ | ૬ |
| | | દિયોદર | ૦ | ૧ | ૧૪ | ૩ |
| | | ભાભર | ૦ | ૧ | ૧૦ | ૪ |
| | | કાંકરેજ | ૦ | ૧ | ૧૬ | ૬ |
| | | લાખણી | ૦ | ૧ | ૧૧ | ૦ |
| | | સુઈગામ | ૦ | ૧ | ૧૧ | ૦ |
| | | દાંતીવાડા | ૦ | ૧ | ૯ | ૪ |
| | | કુલ | ૧ | ૧૩ | ૨૧૦ | ૫૯ |
| ક્રમ | જિલ્લો | તાલુકાનું નામ | તાલુકાવાર મંજુર મહેકમ | | | |
| | | | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ |
| ૨ | ભરૂચ | ભરૂચ | ૦ | ૧ | ૩૩ | ૭ |
| | | અંકલેશ્વર | ૦ | ૧ | ૨૯ | ૫ |
| | | હાંસોટ | ૦ | ૧ | ૨૪ | ૫ |
| | | આમોદ | ૦ | ૧ | ૨૭ | ૬ |
| | | વાગરા | ૦ | ૧ | ૨૦ | ૬ |
| | | જંબુસર | ૦ | ૧ | ૩૧ | ૯ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | વાલીયા | ૧ | ૦ | ૨૮ | ૬ |
| | | ઝઘડીયા | ૧ | ૦ | ૨૯ | ૭ |
| | | નેત્રંગ | ૦ | ૧ | ૮ | ૨ |
| | | કુલ | ૨ | ૭ | ૨૨૯ | ૫૩ |
| ૩ | ભાવનગર | ભાવનગર | ૦ | ૧ | ૨૩ | ૪ |
| | | ઘોઘા | ૦ | ૧ | ૧૮ | ૩ |
| | | તળાજા | ૦ | ૧ | ૨૪ | ૪ |
| | | મહુવા | ૦ | ૧ | ૨૬ | ૩ |
| | | પાલીતાણા | ૦ | ૧ | ૨૨ | ૪ |
| | | ગારીયાધાર | ૦ | ૧ | ૨૦ | ૪ |
| | | જેસર | ૦ | ૧ | ૧૪ | ૦ |
| | | શિહોર | ૦ | ૧ | ૨૨ | ૪ |
| | | વલ્લભીપુર | ૦ | ૧ | ૧૯ | ૪ |
| | | ઉમરાળા | ૦ | ૧ | ૧૯ | ૩ |
| | | કુલ | ૦ | ૧૦ | ૨૦૭ | ૩૩ |
| ૪ | બોટાદ | બોટાદ | ૦ | ૧ | ૨૫ | ૩ |
| | | ગઢડા | ૦ | ૧ | ૨૩ | ૩ |
| | | બરવાળા | ૦ | ૧ | ૧૦ | ૧ |
| | | રાણપુર | ૦ | ૧ | ૧૧ | ૧ |
| | | કુલ | ૦ | ૪ | ૬૯ | ૮ |

પત્રક–બ

| ક્રમ | જિલ્લો | તાલુકાનું નામ | તાલુકાવાર ભરાયેલ જગ્યા | | | | તાલુકાવાર ખાલી જગ્યા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ |
| ૧ | બનાસકાંઠા | પાલનપુર | ૦ | ૧ | ૧૪ | ૪ | ૦ | ૦ | ૮ | ૧ |
| | | વડગામ | ૦ | ૧ | ૧૫ | ૬ | ૦ | ૦ | ૪ | ૦ |
| | | દાંતા | ૦ | ૦ | ૬ | ૩ | ૧ | ૦ | ૯ | ૨ |
| | | અમીરગઢ | ૦ | ૧ | ૧૦ | ૧ | ૦ | ૦ | ૧ | ૩ |
| | | ડીસા | ૦ | ૦ | ૧૭ | ૬ | ૦ | ૧ | ૫ | ૦ |
| | | ધાનેરા | ૦ | ૧ | ૧૦ | ૪ | ૦ | ૦ | ૫ | ૦ |
| | | થરાદ | ૦ | ૦ | ૧૩ | ૬ | ૦ | ૧ | ૫ | ૦ |
| | | વાવ | ૦ | ૧ | ૧૩ | ૬ | ૦ | ૦ | ૪ | ૦ |
| | | દિયોદર | ૦ | ૦ | ૧૦ | ૩ | ૦ | ૧ | ૪ | ૦ |
| | | ભાભર | ૦ | ૧ | ૯ | ૪ | ૦ | ૦ | ૧ | ૦ |
| | | કાંકરેજ | ૦ | ૦ | ૧૩ | ૬ | ૦ | ૧ | ૩ | ૦ |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | લાખણી | ૦ | ૧ | ૫ | ૦ | ૦ | ૦ | ૬ | ૦ |
| | | સુઈગામ | ૦ | ૦ | ૫ | ૦ | ૦ | ૧ | ૬ | ૦ |
| | | દાંતીવાડા | ૦ | ૦ | ૭ | ૨ | ૦ | ૧ | ૨ | ૨ |
| | | કુલ | ૦ | ૭ | ૧૪૭ | ૫૧ | ૦ | ૬ | ૬૩ | ૮ |
| ૨ | ભરૂચ | ભરૂચ | ૦ | ૦ | ૧૨ | ૪ | ૦ | ૧ | ૨૧ | ૩ |
| | | અંકલેશ્વર | ૦ | ૦ | ૧૩ | ૨ | ૦ | ૧ | ૧૬ | ૩ |
| | | હાંસોટ | ૦ | ૧ | ૬ | ૨ | ૦ | ૦ | ૧૮ | ૩ |
| | | આમોદ | ૦ | ૦ | ૧૨ | ૩ | ૦ | ૧ | ૧૫ | ૩ |
| | | વાગરા | ૦ | ૧ | ૮ | ૨ | ૦ | ૦ | ૧૨ | ૪ |
| | | જંબુસર | ૦ | ૦ | ૧૨ | ૨ | ૦ | ૧ | ૧૯ | ૭ |
| | | વાલીયા | ૧ | ૦ | ૧૨ | ૨ | ૦ | ૦ | ૧૬ | ૪ |
| | | ઝઘડીયા | ૦ | ૦ | ૧૦ | ૫ | ૧ | ૦ | ૧૯ | ૨ |
| | | નેત્રંગ | ૦ | ૧ | ૫ | ૧ | ૦ | ૦ | ૩ | ૧ |
| | | કુલ | ૧ | ૩ | ૯૦ | ૨૩ | ૧ | ૪ | ૧૩૯ | ૩૦ |
| ૩ | ભાવનગર | ભાવનગર | ૦ | ૧ | ૧૨ | ૩ | ૦ | ૦ | ૧૧ | ૧ |
| | | ઘોઘા | ૦ | ૦ | ૯ | ૨ | ૦ | ૧ | ૯ | ૧ |
| | | તળાજા | ૦ | ૦ | ૧૬ | ૪ | ૦ | ૧ | ૮ | ૦ |
| | | મહુવા | ૦ | ૦ | ૧૭ | ૩ | ૦ | ૧ | ૯ | ૦ |
| | | પાલીતાણા | ૦ | ૦ | ૧૪ | ૨ | ૦ | ૧ | ૮ | ૨ |
| | | ગારીયાધાર | ૦ | ૦ | ૧૦ | ૧ | ૦ | ૧ | ૧૦ | ૩ |
| | | જેસર | ૦ | ૦ | ૬ | ૦ | ૦ | ૧ | ૮ | ૦ |
| | | શિહોર | ૦ | ૦ | ૧૫ | ૧ | ૦ | ૧ | ૭ | ૩ |
| | | વલ્લભીપુર | ૦ | ૧ | ૧૧ | ૨ | ૦ | ૦ | ૮ | ૨ |
| | | ઉમરાળા | ૦ | ૧ | ૧૧ | ૨ | ૦ | ૦ | ૮ | ૧ |
| | | કુલ | ૦ | ૩ | ૧૨૧ | ૨૦ | ૦ | ૭ | ૮૬ | ૧૩ |
| ૪ | બોટાદ | બોટાદ | ૦ | ૧ | ૧૨ | ૧ | ૦ | ૦ | ૧૩ | ૨ |
| | | ગઢડા | ૦ | ૧ | ૧૩ | ૩ | ૦ | ૦ | ૧૦ | ૦ |
| | | બરવાળા | ૦ | ૦ | ૪ | ૦ | ૦ | ૧ | ૬ | ૧ |
| | | રાણપુર | ૦ | ૧ | ૬ | ૧ | ૦ | ૦ | ૫ | ૦ |
| | | કુલ | ૦ | ૩ | ૩૫ | ૫ | ૦ | ૧ | ૩૪ | ૩ |

-------

જસદણ તાલુકાના નવાગામની ગૌચર જમીનમાં દબાણ

અતારાંકિતઃ ૬૭૪૨ (૨૧-૧૧-૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના નવાગામની ગૌચર જમીનમાં તા. ૩૧-જૂલાઈ-૨૦૧૫ની સ્થિતિએ દબાણ ઉભું કરી બાંધકામ પ્રક્રિયા ચાલું છે તે ગંભીર હકીકત સરકાર જાણે છે, અને

(૨) જો હા, તો આ દબાણ રોકવા તથા આરોપીઓ સામે કાનૂની કાર્યવાહી કરવા શાં પગલાં લેવાયાં છે ?

પંચાયત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) :(૨૯-૧-૨૦૧૬)

(૧) હા, જી.

(૨) રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના નવાગામે ભરતભાઈ પ્રાગજીભાઈ ચૌહાણને અનઅધિકૃત બાંધકામ દૂર કરવા ગ્રામ પંચાયત નવાગામ દ્વારા ગુજરાત પંચાયત ધારાની કલમ-૧૦૫ મુજબ તા. ૧૦-૧૨-૨૦૧૫ ના રોજ નોટીસ બજાવવામાં આવેલ છે. સદરહું બાંધકામ હાલ અટકાવી દીધેલ છે.

-------

મોરબી, નર્મદા, નવસારી અને પંચમહાલ જિલ્લામાં તાલુકા પંચાયતોનું મહેકમ

અતારાંકિતઃ ૬૮૬૯ (૨૪-૧૧-૨૦૧૫) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

## તા. ૩૦મી માર્ચ, ૨૦૧૬
## અતારાંકિત પ્રશ્નો

(૧) તા. ૩૧–૦૮–૨૦૧૫ ની સ્થિતિએ મોરબી, નર્મદા, નવસારી અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર તાલુકા પંચાયતોનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉકત ખાલી જગ્યાઓ સરકાર કયાં સુધીમાં ભરવા માંગે છે ?

પંચાયત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) :(૨૭–૧–૨૦૧૬)

(૧) આ સાથે સામેલ પત્રક–અ મુજબ %

(૨) આ સાથે સામેલ પત્રક–બ મુજબ %

(૩) વહીવટી અનુકૂળતાએ બનતી ત્વરાએ

પત્રક–અ

| ક્રમ | જિલ્લો | તાલુકાનું નામ | તાલુકાવાર મંજૂર મહેકમ | | | |
|---|---|---|---|---|---|---|
| | | | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ |
| ૧ | મોરબી | મોરબી | ૦ | ૧ | ૨૫ | ૪ |
| | | હળવદ | ૦ | ૧ | ૨૦ | ૪ |
| | | વાંકાનેર | ૦ | ૧ | ૨૦ | ૪ |
| | | માળીયા (મીં) | ૦ | ૧ | ૧૭ | ૫ |
| | | ટંકારા | ૦ | ૧ | ૮ | ૨ |
| | | કુલ | ૦ | ૫ | ૯૦ | ૧૯ |
| ૨ | નર્મદા | નાંદોદ | ૧ | ૦ | ૨૬ | ૧૧ |
| | | દેડીયાપાડા | ૦ | ૧ | ૨૪ | ૬ |
| | | સાગબારા | ૦ | ૧ | ૨૩ | ૩ |
| | | તિલકવાડા | ૦ | ૧ | ૨૬ | ૪ |
| | | ગરૂડેશ્વર | ૦ | ૧ | ૧૨ | ૦ |
| | | કુલ | ૧ | ૪ | ૧૧૧ | ૨૪ |
| ક્રમ | જિલ્લો | તાલુકાનું નામ | તાલુકાવાર મંજૂર મહેકમ | | | |
| | | | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ |
| ૩ | નવસારી | નવસારી | ૦ | ૧ | ૧૯ | ૪ |
| | | જલાલપોર | ૦ | ૧ | ૧૭ | ૧ |
| | | ગણદેવી | ૦ | ૧ | ૨૩ | ૩ |
| | | ખેરગામ | ૦ | ૧ | ૧૩ | ૧ |
| | | ચીખલી | ૧ | ૦ | ૨૧ | ૩ |
| | | વાંસદા | ૧ | ૦ | ૨૧ | ૫ |
| | | કુલ | ૨ | ૪ | ૧૧૪ | ૧૭ |
| ૪ | પંચમહાલ | ગોધરા | ૦ | ૧ | ૧૯ | ૪ |
| | | કાલોલ | ૦ | ૧ | ૧૭ | ૩ |
| | | હાલોલ | ૦ | ૧ | ૧૭ | ૩ |
| | | જાંબુઘોડા | ૦ | ૧ | ૧૩ | ૨ |
| | | શહેરા | ૦ | ૧ | ૧૫ | ૪ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | મોરવા (હ) | ૦ | ૧ | ૭ | ૧ |
| | | ઘોઘંબા | ૦ | ૧ | ૭ | ૧ |
| | | કુલ | ૦ | ૭ | ૯૫ | ૧૮ |

પત્રક–બ

| ક્રમ | જિલ્લો | તાલુકાનું નામ | તાલુકાવાર ભરાયેલ જગ્યા | | | | તાલુકાવાર ખાલી જગ્યા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ |
| ૧ | મોરબી | મોરબી | ૦ | ૦ | ૯ | ૩ | ૦ | ૧ | ૧૬ | ૧ |
| | | હળવદ | ૦ | ૦ | ૯ | ૨ | ૦ | ૧ | ૧૧ | ૦ |
| | | વાંકાનેર | ૦ | ૦ | ૮ | ૩ | ૦ | ૧ | ૧૨ | ૧ |
| | | માળિયા (મીં) | ૦ | ૦ | ૮ | ૨ | ૦ | ૧ | ૯ | ૩ |
| | | ટંકારા | ૦ | ૦ | ૪ | ૧ | ૦ | ૧ | ૪ | ૧ |
| | | કુલ | ૦ | ૦ | ૩૮ | ૧૧ | ૦ | ૫ | ૫૨ | ૬ |
| ૨ | નર્મદા | નાંદોદ | ૦ | ૦ | ૧૦ | ૬ | ૧ | ૦ | ૧૬ | ૫ |
| | | દેડીયાપાડા | ૦ | ૦ | ૧૧ | ૩ | ૦ | ૧ | ૧૩ | ૩ |
| | | સાગબારા | ૦ | ૧ | ૮ | ૧ | ૦ | ૦ | ૧૫ | ૨૦ |
| | | તિલકવાડા | ૦ | ૧ | ૧૨ | ૪ | ૦ | ૦ | ૧૪ | ૦ |
| | | ગરૂડેશ્વર | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૧ | ૧૦ | ૦ |
| | | કુલ | ૦ | ૨ | ૪૩ | ૧૪ | ૧ | ૨ | ૬૮ | ૧૦ |
| ક્રમ | જિલ્લો | તાલુકાનું નામ | તાલુકાવાર ભરાયેલ જગ્યા | | | | તાલુકાવાર ખાલી જગ્યા | | | |
| | | | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ |
| ૩ | નવસારી | નવસારી | ૦ | ૧ | ૮ | ૨ | ૦ | ૦ | ૧૧ | ૨ |
| | | જલાલપોર | ૦ | ૦ | ૮ | ૧ | ૦ | ૧ | ૯ | ૦ |
| | | ગણદેવી | ૦ | ૧ | ૧૦ | ૧ | ૦ | ૦ | ૧૩ | ૨ |
| | | ખેરગામ | ૦ | ૧ | ૩ | ૧ | ૦ | ૦ | ૧૦ | ૦ |
| | | ચીખલી | ૧ | ૦ | ૧૧ | ૧ | ૦ | ૦ | ૧૦ | ૨ |
| | | વાંસદા | ૦ | ૦ | ૧૧ | ૧ | ૧ | ૦ | ૧૦ | ૪ |
| | | કુલ | ૧ | ૩ | ૫૧ | ૭ | ૧ | ૧ | ૬૩ | ૧૦ |
| ૪ | પંચમહાલ | ગોધરા | ૦ | ૦ | ૧૧ | ૨ | ૦ | ૧ | ૭ | ૨ |
| | | કાલોલ | ૦ | ૧ | ૧૦ | ૧ | ૦ | ૦ | ૭ | ૨ |
| | | હાલોલ | ૦ | ૧ | ૯ | ૩ | – | ૦ | ૮ | ૦ |
| | | જાંબુઘોડા | ૦ | ૦ | ૫ | ૨ | ૦ | ૧ | ૮ | ૦ |
| | | શહેરા | ૦ | ૧ | ૫ | ૪ | ૦ | ૦ | ૧૦ | ૦ |
| | | મોરવા (હ) | ૦ | ૧ | ૫ | ૧ | ૦ | ૦ | ૩ | ૦ |
| | | ઘોઘંબા | ૦ | ૧ | ૪ | ૧ | ૦ | ૦ | ૩ | ૦ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કુલ | ૦ | ૫ | ૪૯ | ૧૪ | ૦ | ૨ | ૪૬ | ૪ |

-------

દેવભુમિ દ્વારકા જિલ્લા કલેકટર કચેરીમાં આર.ટી.આઈ. એકટ હેઠળની અરજીઓનો વિલંબથી જવાબ

અતારાંકિતઃ ૬૭૪૪ (૧૪–૧૨–૨૦૧૫) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા): માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

દેવભૂમિ દ્વારકા જિલ્લા કલેકટર કચેરીમાં તા. ૩૧–માર્ચ–૨૦૧૫ની સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ નીચે મળેલી કુલ કેટલી અરજી પૈકી કેટલી અરજીમાં વર્ષવાર નિયત સમયમર્યાદામાં માહિતી આપવામાં આવી નથી ?

મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) : (૨૮–૧–૨૦૧૬)

દેવભૂમિ દ્વારકા જિલ્લા કલેકટર કચેરીમાં તા. ૩૧–માર્ચ–૨૦૧૫ની સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ નીચે મળેલી વર્ષવાર કુલ કેટલી અરજીઓ અને તે પૈકી નિયત સમયમર્યાદામાં માહિતી આપવામાં આવેલ ન હોય તેવી અરજીઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | વર્ષ દરમ્યાન મળેલી કુલ અરજીઓ | મળેલી અરજીઓ પૈકી સમયમર્યાદા બહાર માહિતી આપેલ અરજીઓ |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૩–૧૪ | ૮૮ | ૧૯ |
| ૨ | ૨૦૧૫–૧૫ | ૧૫૧ | ૨૩ |

-------

દેવભુમિ દ્વારકા જિલ્લામાં જમીન મહેસૂલના નિયમ–૧૦૮(૬) હેઠળના કેસો

અતારાંકિતઃ ૬૭૪૫ (૨૧–૧૧–૨૦૧૫) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા): માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા. ૩૦ સપ્ટેમ્બર–૨૦૧૫ની સ્થિતએ જમીન મહેસૂલ નિયમોના નિયમ–૧૦૮(૬) હેઠળના કેટલા કેસો પડતર છે,

(૨) તે પૈકી એક વર્ષ સુધીના અને ૬ માસ સુધીના કેટલા કેસો છે, અને

(૩) ઉકત સ્થિતએ પડતર કેસોનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે?

મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) :(૨૫–૧–૨૦૧૬)

(૧) ૨૧

(૨) એક વર્ષ સુધીના – ૧૬

૬ માસ સુધીના – ૦૫

(૩) અર્ધન્યાયિક પ્રક્રિયા હોવા છતાં, બનતી ત્વરાએ

-------

દેવભુમિ દ્વારકા જિલ્લામાં ૩૨–ક હેઠળના પડતર દસ્તાવેજો

અતારાંકિતઃ ૬૭૪૮ (૧૦–૧૧–૨૦૧૫) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા): માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–સપ્ટેમ્બર–૨૦૧૫ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર સ્ટેમ્પ અધિનિયમની કલમ ૩૨–ક હેઠળ કેટલા દસ્તાવેજો પડતર છે, અને

(૨) ઉકત સ્થિતિએ પડતર દસ્તાવેજોનો કયાં સમય સુધીમાં નિકાલ કરવાનું આયોજન છે.?

મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) :(૧૩–૧–૨૦૧૬)

## ચૈત્ર ૧૦,૧૯૩૮ શાકે

## અતારાંકિત પ્રશ્નો

(૧) તા. ૩૦–સપ્ટેમ્બર–૨૦૧૫ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર સ્ટેમ્પ અધિનિયમની કલમ ૩૨–ક હેઠળનાં પડતર દસ્તાવેજોની તાલુકાવાર વિગત નીચે મુજબ છે–

| તાલુકો | પડતર દસ્તાવેજોની સંખ્યા |
|---|---|
| ખંભાલીયા તાલુકો | ૩૮૨૦ |
| કલ્યાણપુર તાલુકો | ૨૮૫૧ |
| ઓખામંડળ (દ્વારકા) તાલુકો | ૧૩૫૦ |
| ભાણવડ તાલુકો | ૯૫૫ |
| કુલ પડતર દસ્તાવેજો | ૮૮૭૬ |

(૨) ગુજરાત સ્ટેમ્પ અધિનિયમની કલમ–૩૨ (ક) હેઠળના કેસોના નિકાલની કાર્યવાહીમાં સંલગ્ન પક્ષકારોને રૂબરૂ સાંભળી તેઓની લેખિત રજૂઆત/પુરાવા ધ્યાને લઈ તેઓને વાજબી તકો આપી કેસ નિકાલ કરવાનો રહે છે. નામદાર ગુજરાત હાઈકોર્ટના એસ.સી.એ.નં. ૧૦૧૭૭/૨૦૦૮ માં તા. ૨૦–૦૪–૨૦૧૧ના ચુકાદા અન્વયે તા. ૧૫–૦૫–૨૦૦૭ પહેલાંના કલમ–૩૨(ક) હેઠળના તમામ બાકી કેસો નવેસરથી ચલાવવાના થાય છે. આમ, ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ ની કલમ–૩૨(ક) હેઠળના સંબંધિત કેસોમાં નાયબ કલેકટરશ્રીઓ/પ્રાંત અધિકારીશ્રી દ્વારા કાર્યવાહી કરી કેસોનો નિકાલ કરવાની કાર્યવાહી કરવામાં આવે છે. તેમજ નોટિસ પરત આવવાના કિસ્સાઓમાં નવા સરનામા શોધી સંબંધિત પક્ષકારોને નોટિસની બજવણી કરી અને અરજદારોને પૂરતી તક આપવામાં આવે છે. એકંદરે આ સમગ્ર પ્રક્રિયા અર્ધન્યાયિક હોઈ આવા કેસોના નિકાલ અંગે નિશ્ચિત સમયમર્યાદા નક્કી કરવાનું શકય નથી. આમ છતાં આ અંગે બાકી કેસોનો નિકાલ શકય એટલો વહેલો થાય તે પ્રમાણે આયોજન કરવામાં આવેલ છે.

–––––––

### દેવભુમિ દ્વારકા જિલ્લામાં બાકી હક્કપત્રકો નોંધો

અતારાંકિતઃ ૬૭૫૪ (૧૦–૧૧–૨૦૧૫) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા): માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા. ૩૦–સપ્ટેમ્બર–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષથી કેટલા હકકપત્રક નોંધોનો આખરી નિકાલ કરી પ્રમાણીત કરવાની તાલુકાવાર બાકી છે,

(૨) ઉકત નોંધો બાકી રહેવાના શા કારણો છે, અને

(૩) ઉકત સ્થિતિએ બાકી નોંધોનો નિકાલ કયારે કરવામાં આવશે ?

મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) :(૨૫–૧–૨૦૧૬)

| તાલુકાનું નામ | બાકી નોંધોની સંખ્યા |
|---|---|
| ખંભાલીયા | ૧ |
| ભાણવડ | –– |
| કલ્યાણપુર | –– |
| દ્વારકા | –– |
| કુલ | ૧ |

(૨) નામદાર કોર્ટનો મનાઈ હુકમ હોવાથી

(૩) ન્યાયિક બાબત હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

–––––––

### કોડીનાર તાલુકાના ગોહિલની ખાણ ગામે ખેતીની જમીનમાં બિનખેતી કૃત્ય

અતારાંકિતઃ ૬૯૧૬ (૦૭–૧૧–૨૦૧૫) શ્રી પુંજાભાઈ વંશ (ઉના): માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

## અતારાંકિત પ્રશ્નો

(૧) ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના ગોહિલની ખાણ ગામે રેવન્યુ સર્વે ખેતીની જમીનમાં ગેરકાયદેસર બિનખેતી કૃત્ય થયેલ છે તે હકિકત તા. ૩૧–૦૩–૨૦૧૫ ની સ્થિતએ સાચી છે, અને

(૨) જો હા, તો ખેતીની જમીનમાં ગેરકાયદેસર બિનખેતીનું કૃત્ય કરનાર જવાબદારો સામે કયારે કયારે શાં પગલાઓ લીધા, તેની વિગતો શી છે ?

મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) :(૧૩–૧–૨૦૧૬)

(૧) ના જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

મહેમદાવાદ અને ખેડા તાલુકાના ગામોને પાકા ડામર રસ્તાથી જોડવા બાબત.

અતારાંકિતઃ ૬૭૦૨ (૦૨–૧૧–૨૦૧૫) શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ)ઃ માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૦૬–૨૦૧૫ ની સ્થિતિએ ખેડા જિલ્લામાં મહેમદાવાદ તથા ખેડા તાલુકાના કેટલા અને ક્યાં ગામો પાકા ડામર રસ્તાથી જોડાયેલા નથી ,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાના ક્યા ગામો પાકા ડામર રસ્તાથી જોડાયેલ છે, અને

(૩) તે અન્વયે પાકા ડામર રસ્તાઓથી વંચિત ગામોને જોડવા માટે નું સરકારનું શું પ્રયોજન છે ?

માર્ગ અને મકાન મંત્રીશ્રી : (૨૭–૧–૧૬)

(૧) તમામ ગામો પાકા ડામર રસ્તાથી જોડાયેલ છે.
(૨) પરિશિષ્ટ–અ મુજબ.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પરિશિષ્ટ–અ

| તાલુકો | રસ્તાનું નામ |
|---|---|
| મહેમદાવાદ | બાર મુવાડા |
| મહેમદાવાદ | ઉમેદપુરા |
| મહેમદાવાદ | હલદરવાસ |
| મહેમદાવાદ | ગોકલપુરા |
| મહેમદાવાદ | હાથનોલી |
| મહેમદાવાદ | મોટી ટીમ્બલી |
| મહેમદાવાદ | નાની ટીમ્બલી |
| મહેમદાવાદ | નાની અડબોલી |
| મહેમદાવાદ | કોઠીપુરા |
| મહેમદાવાદ | મોટી અડબોલી |
| મહેમદાવાદ | પહાડીયા |
| મહેમદાવાદ | સુરજપુરા |
| મહેમદાવાદ | રાસ્કા |
| મહેમદાવાદ | રોહિસા |
| મહેમદાવાદ | જિંજર |
| મહેમદાવાદ | જમાલપુરા |
| મહેમદાવાદ | અજબપુરા |
| મહેમદાવાદ | ઘોડાસરા |
| મહેમદાવાદ | રતનપુરા |
| મહેમદાવાદ | સરસવણી |
| મહેમદાવાદ | જાળીયા |
| મહેમદાવાદ | રૂદણ |
| મહેમદાવાદ | કરોલી |

| | |
|---|---|
| મહેમદાવાદ | શત્રુંડા |
| મહેમદાવાદ | ચારણના મુવાડા |
| મહેમદાવાદ | ચારણના મુવાડા (ઈનામી) |
| મહેમદાવાદ | કુના |
| મહેમદાવાદ | દાજીપુરા |
| મહેમદાવાદ | કનીજ |
| મહેમદાવાદ | આમસરણ |
| મહેમદાવાદ | મોદજ |
| મહેમદાવાદ | માંકવા |
| મહેમદાવાદ | રીંછોલ |
| મહેમદાવાદ | અકલાચા |
| મહેમદાવાદ | વણસોલી |
| મહેમદાવાદ | નવચેતન |
| મહેમદાવાદ | નવાગામ (દોલપુરા) |
| મહેમદાવાદ | ખાત્રજ |
| મહેમદાવાદ | સોજાલી |
| મહેમદાવાદ | ઘોડાલી |
| તાલુકો | રસ્તાનું નામ |
| મહેમદાવાદ | સણસોલી |
| મહેમદાવાદ | નેનપુર |
| મહેમદાવાદ | મલાતજ |
| મહેમદાવાદ | સાદરા |
| મહેમદાવાદ | વડદલા |
| મહેમદાવાદ | પહાડ |
| મહેમદાવાદ | અરેરી |
| મહેમદાવાદ | વાંઠવાડી |
| મહેમદાવાદ | કેસરા |
| મહેમદાવાદ | સિંહુજ |
| મહેમદાવાદ | વણસોલ સુંઢા |
| મહેમદાવાદ | સુંઢા |
| મહેમદાવાદ | વમાલી |
| મહેમદાવાદ | દેવકી વણસોલ |
| મહેમદાવાદ | કાચ્છાઈ |
| મહેમદાવાદ | વિરોલ |
| મહેમદાવાદ | છાપરા |
| મહેમદાવાદ | કતકપુરા |
| મહેમદાવાદ | ઈયાવા |
| મહેમદાવાદ | બાવરા |
| મહેમદાવાદ | ગોઠાજ |
| મહેમદાવાદ | ગાડવા |
| મહેમદાવાદ | સમસપુર |
| મહેમદાવાદ | ખાંભાલી |
| મહેમદાવાદ | વરસોલા |

| તાલુકો | પાકા ડામર રસ્તાથી જોડાયેલ ગામનું નામ |
|---|---|
| ખેડા | ભેરાઈ |
| ખેડા | પાણસોલી |
| ખેડા | નવાગામ |
| ખેડા | ગોબલજ |

| | |
|---|---|
| ખેડા | કનેરા |
| ખેડા | મહીજ |
| ખેડા | પરસાંતજ |
| ખેડા | દેદેરડા |
| ખેડા | લાલી |
| ખેડા | ઉમિયાપુરા |
| ખેડા | નાયકા |
| ખેડા | હરિયાળા |
| ખેડા | ઘરોડા |
| ખેડા | ઢઠાલ |
| ખેડા | વડાલા |
| ખેડા | વાવડી |
| ખેડા | ડામરી |
| ખેડા | ચાંદણા |
| તાલુકો | પાકા ડામર રસ્તાથી જોડાયેલ ગામનું નામ |
| ખેડા | વારસંગ |
| ખેડા | ખુમરવાડ |
| ખેડા | પીંગલજ |
| ખેડા | મલારપુરા |
| ખેડા | કાજીપુરા |
| ખેડા | વૈકુંઠપુરા |
| ખેડા | ચલીન્દ્રા |
| ખેડા | કઠવાડા |
| ખેડા | કલોલી |
| ખેડા | ગોવિંદપુરા |
| ખેડા | શેત્રા |
| ખેડા | વાસણાબુઝર્ગ |
| ખેડા | રઢુ |
| ખેડા | ચિત્રાસર |
| ખેડા | બીડજ |
| ખેડા | વાસણામારગીયા |
| ખેડા | સારસા |
| ખેડા | સાંખેજ |
| ખેડા | રસિકપુરા |
| ખેડા | સમાદરા |
| ખેડા | વાસણાખુર્દ |

-------

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મરૂન વિલેજ યોજના હેઠળ અસરગ્રસ્ત ગામોને સાંકળવા બાબત

અતારાંકિતઃ ૬૭૬૭ (તા. ૦૨–૧૧–૨૦૧૫) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા): માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) ૠમરૂન વિલેજૠૠ યોજના અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા. ૩૦–૦૯–૨૦૧૫ની સ્થિતિએ ક્યા તાલુકાના ક્યા ગામોને આ યોજનામાં સાંકળવામાં આવ્યા છે, અને

(૨) તે અન્વયે આ ગામોને બારમાસી રસ્તો ક્યાં સમય સુધીમાં બનાવી આપવામાં આવનાર છે ?

માર્ગ અને મકાન મંત્રીશ્રી : (૧૩–૧–૧૬)

(૧) ૠમરૂન વિલેજૠૠ યોજના અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા. ૩૦–૦૯–૨૦૧૫ની સ્થિતિએ ખંભાળીયા તાલુકાનું ૧ અને કલ્યાણપુર તાલુકાના ૪–ગામો મળી કુલ–૫ ગામોને સાંકળવામાં આવ્યા છે.

(૨) ૫–ગામોને બારમાસી રસ્તાથી જોડવામાં આવેલ છે, જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

## અતારાંકિત પ્રશ્નો

### જૂનાગઢ મહાનગરપાલિકામાં મંજૂર મહેકમ

અતારાંકિતઃ ૬૯૬૨ (તા. ૨૧-૧૧-૨૦૧૫) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર)ઃ માનનીય મુખ્ય મંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) જૂનાગઢ મહાનગરપાલિકામાં તા. ૩૦, સપ્ટેમ્બર, ૨૦૧૫ની સ્થિતિએ સરકારે કેટલું મહેકમ મંજૂર કરેલ છે, અને

(૨) મંજૂર થયેલ મહેકમ તેની જરૂરિયાત કરતાં ઓછું હોય, માંગણી મુજબનું મહેકમ ક્યાં સુધીમાં મંજૂર કરવામાં આવનાર છે?

મુખ્યમંત્રીશ્રી : (શહેરી વિકાસ) (૭-૧-૧૬)

(૧) કુલ ૧૫૨૫ જગ્યાઓનું મહેકમ મંજૂર કરેલ છે.

(૨) મંજૂર મહેકમ તેની જરૂરિયાત કરતાં ઓછું હોવાની કોઈ રજૂઆત/માંગણી તાજેતરમાં મળેલ નથી.

-------

### રાજ્યમાં ચાલતી ઉંટગાડીઓમાં રીફલેકટરો લગાવવા બાબત

અતારાંકિતઃ ૬૯૫૩ (૧૪-૧૨-૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર-ગ્રામ્ય)ઃ માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાતના સમયે હાઈવે પર પસાર થતી ઊંટ ગાડીને વાહનોની ટક્કર લાગતા ઊંટને થતા અકસ્માત અને મોતથી બચાવવા ઊંટગાડીમાં રીફલેકટર લગાડવા તા. ૩૦-જૂન-૨૦૧૫ની સ્થિતિએ શી વ્યવસ્થા છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કેટલી ઊંટગાડીને રીફલેકટરો લગાડવામાં આવ્યા છે,

(૩) બાકીની ઊંટગાડીને ક્યાં સુધીમાં રીફલેકટરો લગાડવામાં આવનાર છે, અને

(૪) આ કામગીરી કોને સોંપાઈ છે ?

વાહન વ્યવહાર મંત્રીશ્રી : (૨૮-૧-૧૬)

(૧) ઊંટગાડીમાં રીફલેકટર લગાવવા અંગેની બાબત મોટર વાહન ખાતાના કાર્યક્ષેત્રમાં આવતી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

### રાજ્યની આર.ટી.ઓ. ચેક પોસ્ટનું સેન્ટ્રલાઈઝ મોનિટરીંગ

અતારાંકિતઃ ૭૦૪૮ (૨૨-૧૨-૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર-ગ્રામ્ય)ઃ માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યની આર.ટી.ઓ. ચેકપોસ્ટમાં આર્થિક ગેરરીતીઓ થતી ઘટાડવા અને કાબુમાં લેવા તમામ ચેકપોસ્ટોનું સેન્ટ્રલાઈઝડ મોનિટરીંગ કરવા રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૪માં નિર્ણય કર્યો હતો. તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેની શી વિગતો છે, અને

(૩) તા. ૩૧-ઓકટોબર-૨૦૧૫ સુધીમાં તેમાં શી કાર્ય-પ્રગતિ થઈ છે અને આ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

વાહન વ્યવહાર મંત્રીશ્રી : (૨૯-૧-૧૬)

(૧) હા,

(૨) રાજ્યની આર.ટી.ઓ. ચેકપોસ્ટમાં આર્થિક ગેરરીતીઓ થતી ઘટાડવા અને કાબુમાં લેવા તમામ ચેકપોસ્ટોના સેન્ટ્રલાઈઝડ મોનિટરીંગ માટે સીસ્ટમ ઈન્ટીગ્રેટર પ્રોજેક્ટની અમલવારી કરવામાં આવનાર છે. જેની વિગત નીચે મુજબ છે.

- કોમ્પ્યુટરાઈઝડ ઓટોમેટીક દંડની ગણતરી ઓટોમેટીક કોમ્પ્યુટરાઈઝડ મેમો જનરેશન તથા સ્થળ પર જ દંડની વસુલાત,
- વાહનનું માપનઃ લંબાઈ ӿ પહોળાઈ ӿ ઉંચાઈનું અત્યાધુનિક લેઝર ટેકનોલોજીથી સુ-સજજ ઓટોમેટીક વ્હીકલ મેઝરમેન્ટ સીસ્ટમ (અટખજ) દ્બારા માપન, વજન વિગેરેની કોઈપણ પ્રકારના માનવીય હસ્તક્ષેપ વિના નોંધણી,
- ઓટોમેટીક કન્ટ્રોલ બેરીયર વ્યવસ્થા,

(૩) સીસ્ટમ ઈન્ટીગ્રેટર પ્રોજેકટ અંતર્ગત તા. ૩૧-૦૭-૨૦૧૫ ના રોજ ખ/ત ઇશાજ્ઞિ કર્મિં સાથે કરાર કરવામાં આવેલ. જે અન્વયે તા. ૩૧-૧૦-૨૦૧૫ સુધીમાં થયેલ કાર્યવાહી.

- હયાત પ્રણાલીના ઉંડાણપૂર્વકના અભ્યાસ બાદ વિપ્રો દ્બારા ક્ષ્અજ-ઈજક્ષ્ ડોક્યુમેન્ટ તૈયાર કરવામાં આવેલ.

## તા. ૩૦મી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નો

- આરટીઓ ચેકપોસ્ટ શામળાજી ખાતે પ્રાયોગિક ધોરણે સદર પ્રોજેક્ટની અમલવારીનો નિર્ણય.
- ચેક પોસ્ટ ખાતે સંપૂર્ણપણે સ્વયં સંચાલીત પ્રણાલી માટે ીતયછ્યિીશચિળયક્ષજ્ઞિાયભશરશભફશિંજ્ઞક્ષ અંતર્ગત ચેકપોસ્ટના વિવિધ અધિકારીશ્રીઓ સાથે શ્રુંખલાબધ્ધ બેઠક.
- શામળાજી ચેક પોસ્ટ ખાતે જરૂરી માળખાગત સુવિધાઓ માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા ટેન્ડર, અન્ય ચેકપોસ્ટ માટે પણ સમાંતર કામગીરી શરૂ.
- આ કામગીરી સત્વરે પુર્ણ કરવામાં આવશે.

-------

અતારાંકિત યાદીમાં સમાવેલ પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૬૭૧૪ | ૦૧ |
| ૨ | કૃષિ અને સહકાર વિભાગ | ૬૮૧૯, ૭૦૧૭ | ૦૨ |
| ૩ | અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૬૬૧૭, ૬૬૧૮, ૬૯૨૮ | ૦૩ |
| ૪ | વન અને પર્યાવરણ વિભાગ | ૬૭૧૧, ૬૬૯૯, ૬૮૦૧, ૬૮૨૪ | ૦૪ |
| ૫ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૪૧૯૦, ૬૭૬૮, ૬૭૯૨, ૭૦૬૦ | ૦૪ |
| ૬ | ગૃહ વિભાગ | ૬૬૯૪, ૬૭૫૮, ૬૭૭૯, ૬૭૮૦, ૬૭૮૨, ૬૯૦૯, ૬૯૧૨, ૭૦૧૬, ૭૦૨૮, ૭૦૨૯, ૭૦૩૩, ૭૦૩૪, ૭૦૩૭, ૭૦૩૮, ૭૦૬૩, ૭૦૬૪ | ૧૬ |
| ૭ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૩૭૬૧ | ૦૧ |
| ૮ | માહિતી અને પ્રસારણ વિભાગ | ૬૭૫૬ | ૦૧ |
| ૯ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૬૭૨૨, ૬૭૨૩, ૬૭૨૪ | ૦૩ |
| ૧૦ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૫૫૪૪, ૬૫૮૩, ૬૫૮૪, ૬૭૪૨, ૬૮૬૯ | ૦૫ |
| ૧૧ | મહેસૂલ વિભાગ | ૬૭૪૪, ૬૭૪૫, ૬૭૪૮, ૬૭૫૪, ૬૯૧૬ | ૦૫ |
| ૧૨ | માર્ગ અને મકાન વિભાગ | ૬૭૦૨, ૬૭૬૭ | ૦૨ |
| ૧૩ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૬૯૬૨ | ૦૧ |
| ૧૪ | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૬૯૫૩, ૭૦૪૮ | ૦૨ |
| | | કુલ | ૫૦ |

બારમી અતારાંકિત યાદી

સામાન્ય વહીવટ વિભાગ અને તાબાની કચેરીઓમાં સંવર્ગવાર મહેકમ

અતારાંકિતઃ ૫૬૦૯ (૧૦-૦૬-૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (વિરમગામ): માનનીય મુખ્ય મંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે :-

## ચૈત્ર ૧૦,૧૯૩૮ શાકે
## અતારાંકિત પ્રશ્નો

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં સામાન્ય વહીવટ વિભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ કયારથી ખાલી છેઃ અને,

(૩) ઉક્ત સ્થિતિએ આ જગ્યાઓ કયારે ભરવાનું આયોજન છે. ?

મુખ્ય મંત્રીશ્રી (સામાન્ય વહીવટ) : (૦૧-૦૨-૨૦૧૬)

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં સામાન્ય વહીવટ વિભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમની માહિતી નીચે મુજબ છે.

| કચેરી | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ |
|---|---|---|---|---|
| સામાન્ય વહીવટ વિભાગ | ૦૬૩ | ૦૭૫ | ૦૨૮૬ | ૦૯૮ |
| વિભાગના તાબા હેઠળની કચેરીઓ | ૧૩૯ | ૨૧૯ | ૧૦૨૦ | ૨૮૮ |
| કુલ | ૨૦૨ | ૨૯૪ | ૧૩૦૬ | ૩૮૬ |

(૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ભરેલી અને ખાલી જગ્યાઓની સંવર્ગવાર માહિતી નીચે મુજબ છે.

| | કચેરીનું નામ | વર્ગ-૧ | | વર્ગ-૨ | | વર્ગ-૩ | | વર્ગ-૪ | | કયારથી જગ્યાઓ ખાલી છે. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ભરેલી | ખાલી | ભરેલી | ખાલી | ભરેલી | ખાલી | ભરેલી | ખાલી | |
| | સામાન્ય વહીવટ વિભાગ (ખુદ) | ૪૮ | ૧૫ | ૬૮ | ૦૭ | ૧૮૭ | ૯૯ | ૨૮ | ૭૦ | આ ખાલી જગ્યાઓ જુદા જુદા સમયે વયનિવૃતિ અવસાન, બદલી, બઢતી જેવા કારણોસર વખતોવખત ખાલી પડેલ છે. |
| | વિભાગના તાબા હેઠળની કચેરીઓ નીચે મુજબ | | | | | | | | | |
| ૧ | માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રીની કચેરી | ૦૫ | ૦૨ | ૦૩ | ૦૦ | ૨૩ | ૦૨ | ૨૦ | ૦૨ | |
| ૨ | માન. રાજ્યપાલશ્રીના ગૃહ નિયામકશ્રી | ૦૩ | ૦૦ | ૦૩ | ૦૦ | ૧૮ | ૦૧ | ૪૨ | ૦૭ | |
| ૩ | ગુજરાત જાહેર સેવા આયોગ | ૦૪ | ૧૭ | ૧૮ | ૧૩ | ૫૬ | ૭૩ | ૨૧ | ૦૬ | |
| ૪ | ખાતાકીય તપાસના ખાસ અધિકારીની કચેરી | ૦૪ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૪ | ૦૧ | ૦૩ | ૦૦ | |
| | કચેરીનું નામ | વર્ગ-૧ | | વર્ગ-૨ | | વર્ગ-૩ | | વર્ગ-૪ | | કયારથી જગ્યાઓ ખાલી છે. |
| | | ભરેલી | ખાલી | ભરેલી | ખાલી | ભરેલી | ખાલી | ભરેલી | ખાલી | |
| ૫ | ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ | ૦૫ | ૦૧ | ૦૫ | ૦૩ | ૧૮ | ૧૪ | ૦૬ | ૦૦ | |
| ૬ | લોકાયુકત કચેરી | ૦૪ | ૦૨ | ૦૩ | ૦૧ | ૦૮ | ૦૧ | ૦૮ | ૦૧ | |
| ૭ | ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર | ૦૬ | ૦૦ | ૦૫ | ૦૨ | ૧૦ | ૦૩ | ૦૬ | ૦૨ | |
| ૮ | નિવાસી આયુકત નવી દિલ્હી | ૦૪ | ૦૧ | ૦૭ | ૦૧ | ૫૩ | ૧૧ | ૫૧ | ૦૧ | |
| ૯ | રાજ્ય ચુંટણી આયોગ, ગાંધીનગર | ૦૬ | ૦૦ | ૦૯ | ૦૩ | ૩૩ | ૦૭ | ૧૨ | ૦૦ | |
| | વહીવટી સુધારણા પ્રભાગ | | | | | | | | | |
| | ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર | ૦૨ | ૦૧ | ૦૮ | ૧૨ | ૩૧ | ૦૯ | ૧૨ | ૦૦ | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | આયોજન પ્રભાગ | | | | | | | | | |
| | નિયામકશ્રી, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રની કચેરી તેમજ અન્ય કચેરીઓ | ૨૨ | ૧૬ | ૪૭ | ૧૬ | ૨૧૯ | ૧૫૨ | ૨૭ | ૧૬ | |
| | જિલ્લા આયોજન મંડળની કચેરીઓ | ૨૦ | ૧૩ | ૪૭ | ૧૧ | ૧૯૯ | ૭૪ | ૩૫ | ૧૦ | |

(૩) વર્ગ –૧ થી વર્ગ –૩ ની જગ્યાઓ ખાલી થવાની અને ભરવાની બાબત નિરંતર ચાલુ રહેતી પ્રક્રીયા છે. તેથી ભરતી પ્રક્રીયા અનુસાર અને વહીવટી અનુકૂળતાએ બાકીની ખાલી રહેતી જગ્યાઓ ભરવામાં આવશે જ્યારે વર્ગ –૪ની જગ્યાઓ આઉટ સોર્સિંગથી ભરવામાં આવે છે.

-------

અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ તથા રાજકોટ જિલ્લામાં સરકારી પ્રાથમિક માધ્યમિક શાળાના ધરાશય મકાનો

અતારાંકિતઃ ૬૨૬૭ (૩૧–૦૭–૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :–

(૧) અમરેલી ભાવનગર ગીર સોમનાથ તથા રાજકોટ જિલ્લામાં જુન–૨૦૧૫માં ભારે વરસાદના કારણે તાલુકાવાર સરકારી પ્રાથમીક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના કેટલા મકાનો ધરાશયી થઈ તુટી પડયા છે કે નુકસાન થયું છે અને

(૨) તમામ નુકસાનગ્રસ્ત શાળાઓ કયારે ફરી બાંધવામાં કે રીપેરીંગ કરવામાં આવનાર છે ?

શિક્ષણમંત્રીશ્રી : (૩૦–૦૧–૨૦૧૬)

(૧) પ્રાથમિક

ભાવનગર તથા રાજકોટ જિલ્લામાં જુન–૨૦૧૫ માં અતી ભારે વરસાદના કારણે એકપણ સરકારી પ્રાથમિક શાળાના મકાનો તુટી પડયા નથી કે નુકશાન થયું નથી જ્યારે અમરેલી અને ગીર સોમનાથ જિલ્લામાં જુન –૨૦૧૫ માં અતી ભારે વરસાદના કારણે નુકશાન થયેલ મકાનોની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| અમરેલી | | | ગીર સોમનાથ | | |
|---|---|---|---|---|---|
| તાલુકો | ધરાશયી થઈ તુટી પડયા હોય તેવા મકાનોની સંખ્યા | નુકસાન થયેલ મકાનોની સંખ્યા | તાલુકો | ધરાશયી થઈ તુટી પડયા હોય તેવા મકાનોની સંખ્યા | નુકસાન થયેલ મકાનોની સંખ્યા |
| અમરેલી | ૨૨ | ૫૧ | કોડીનાર | ૦૦ | ૦૭ |
| બાબરા | ૦૦ | ૦૧ | સુત્રાપાડા | ૦૧ | ૦૨ |
| બગસરા | ૦૦ | ૨૬ | તલાલા | ૦૦ | ૦૨ |
| ધારી | ૨૧ | ૦૨ | ઉના | ૦૦ | ૧૭ |
| જાફરાબાદ | ૫૩ | ૦૩ | | | |
| કુંકાવાવ | ૧૮ | ૪૭ | | | |
| ખાંભા | ૦૪ | ૦૦ | | | |
| લીલીયા | ૧૭ | ૦૮ | | | |
| રાજુલા | ૦૯ | ૪૮ | | | |
| સાવરકુંડલા | ૧૬ | ૨૫ | | | |

માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક

એક પણ નહીં.

(૨) પ્રાથમિક

ચૈત્ર ૧૦,૧૯૩૮ શાકે

અતારાંકિત પ્રશ્નો

ધરાશયી થઈ તુટી પડેલ શાળાના મકાનો માટે ગ્રાન્ટ ઉપલબ્ધ થયે બાંધકામ હાથ ધરવામાં આવશે. નુકશાનગ્રસ્ત શાળાના મકાનોનું મરામત વર્ષ ૨૦૧૫–૧૬ માં કરવાનું આયોજન છે.

માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક

પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

શામળાજી વેચાણવેરા ચેકપોસ્ટ પર પકડાયેલ વેટચોરી

અતારાંકિતઃ ૭૦૨૫ (૧૪–૧૨–૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય)ઃ માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :–

(૧) શામળાજી વેચાણવેરા ચેકપોસ્ટ પર બે વેચાણવેરા અધિકારી બે ગાર્ડ તથા વચેટીયા દલાલોની બનેલી સાંઠગાંઠથી ચાલતી રૂ. ૭,૦૦,૦૦૦/- ની વેટચોરી એ.સી.બી.ની રેડમાં નવેમ્બર–૨૦૧૪ માં પકડાઈ હતી તે હકીકત સાચી છે ?

(૨) જો હા, તો આ સમગ્ર વેટચોરીના ગુનામાં સંડોવાયેલ કેટલા શખ્સો સામે શા કાનૂની પગલાં લેવાયા છે ?

(૩) આ વેચાણવેરા ચેકપોસ્ટ વેટચોરી ગેરરીતિઓથી સંપૂર્ણ મુક્ત અને પારદર્શક બનાવવા શા કડક પગલાં સરકારે લીધા છે ?

નાણા મંત્રીશ્રી : (૩૦–૦૧–૨૦૧૬)

(૧) તા. ૨૧–૧૧–૧૪ ના રોજ એ.સી.બી. અધિકારી દ્વારા જુદી–જુદી ટીમો બનાવી રેડ પાડી શામળાજી ચેકપોસ્ટ પહેલાં આવતી ટ્રકો તેમજ શામળાજી ચેકપોસ્ટ બાદ હિમાચલ પંજાબ ઢાબા તરફથી ટ્રકોનું વેરીફીકેશન કરી અટકાવવામાં આવેલ ટ્રકો દ્વારા રૂ. ૬,૯૧,૭૯૩/- ની વેટ ચોરી પકડી પાડેલ હતી.

(૨) ૧. શ્રી ડી. બી. કામદાર, સહાયક વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, શામળાજી ચેકપોસ્ટ તથા ૨. શ્રી સુભાષચંદ્ર જીવાજી ડામોર, વાણિજિયકવેરા અધિકારી, શામળાજી ચેકપોસ્ટ સામે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ–૧૯૮૮ હેઠળ ગુનો દાખલ કરવામાં આવેલ છે. શ્રી ડામોરની તા. ૨૧–૧૧–૨૦૧૪ ના રોજ ધરપકડ કરવામાં આવેલ હતી તેમને કોર્ટના હુકમ અન્વયે તા. ૦૨–૧૨–૨૦૧૪ ના રોજ જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ છે. જ્યારે શ્રી કામદારે એડીશનલ સેસન્શ જજ કોર્ટ, હિંમતનગર જિ. સાબરકાંઠા તરફથી તા. ૦૪–૧૨–૨૦૧૪ ના રોજ આગોતરા જામીન મેળવેલ છે.

શ્રી ડામોર અને શ્રી કામદારને સક્રિય સેવામાંથી ફરજ મોકુફી હેઠળ મૂકવામાં આવેલ છે. તે સિવાયના ખાનગી ઈસમો (૧૧) સામે પણ કાર્યવાહી કરવામાં આવી છે.

(૩) શામળાજી વેટની ચેકપોસ્ટને વેટચોરી ગેરરીતિઓથી સંપૂર્ણ મુક્ત અને પારદર્શક બનાવવા માટે લેવાયેલ પગલાની વિગત નીચે મુજબ છેઃ

(૧) વેટચોરી કરી સરકારી આવકને નુકશાન પહોંચાડી શકે તેવી ગુનાહીત પ્રવૃત્તિ હાથ ધરનાર ઈસમો ચેકપોસ્ટ વિસ્તારમાં પ્રવેશી શકે નહિ તે માટે શામળાજી ચેકપોસ્ટ ખાતે ૨૪–S.R.P. ની નિમણૂંક કરવામાં આવેલ છે.

(૨) કરપાત્ર તમામ ચીજ–વસ્તુઓ માટે ફોર્મ–૪૦૨/૪૦૩ Online રજૂ કરવાની પ્રથા તા. ૨૨–૧૨–૨૦૧૪ થી અમલી કરેલ છે.

(૩) જેમાં માલવાહકે ચેકપોસ્ટ ખાતે ચેકપોસ્ટ અધિકારી સમક્ષ ફોર્મ રજૂ કરવાનું રહે છે તથા તેની ઓનલાઈન ચકાસણી ચેકપોસ્ટ અધિકારી દ્વારા અચૂક કરવામાં આવે છે.

(૪) શામળાજી ચેકપોસ્ટ ખાતે મોબાઈલ ચેકીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

(૫) રેન્ડમ ફીઝીકલ વેરીફીકેશનની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.

-------

રાજ્યના વન અને પર્યાવરણ વિભાગના તાબાના બોર્ડ/નિગમો

અતારાંકિતઃ ૫૦૫૭ (૨૨–૦૭–૨૦૧૫) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યના વન અને પર્યાવરણ વિભાગના તાબામાં કેટલા બોર્ડ/નિગમો કાર્યરત છે.

(૨) તે પૈકી ક્યા બોર્ડ/નિગમોએ ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ નાણાકીય વર્ષમાં વર્ષવાર કેટલી ખોટ અને

(૩) ક્યા બોર્ડ/નિગમ ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ નાણાકીય વર્ષમાં વર્ષવાર કેટલો નફો કર્યો ?

વન મંત્રીશ્રી : (૨૯–૧–૨૦૧૬)

## અતારાંકિત પ્રશ્નો

(૧) ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ વડોદરા (૨) ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગર અને ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડ, ગાંધીનગર.

(૨) છેલ્લા પાંચ નાણાકીય વર્ષમાં ખોટ કરેલ નથી.

(૩) (અ) ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ, વડોદરા

| નાણાકીય વર્ષ | ચોખ્ખો ટેક્ષ પછીનો નફો (લાખમાં) |
|---|---|
| ૨૦૧૦-૧૧ | ૧૧૩.૬૭ |
| ૨૦૧૧-૧૨ | ૧૪૭.૬૮ |
| ૨૦૧૨-૧૩ | ૪૨૬.૧૬ |
| ૨૦૧૩-૧૪ | ૨૮૫.૩૬ |
| ૨૦૧૪-૧૫ | નાણાકીય હિસાબો આખરી થવાના બાકી છે. |

(બ) ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ગાંધીનગરને લાગુ પડતું નથી.

(ક) ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડ ગાંધીનગર ને લાગુ પડતું નથી.

-------

### ખાંભા તાલુકામાં દિપડાના વાહન નીચે આવી જવાથી મોત

અતારાંકિતઃ ૫૭૭૬ (૨૨-૦૭-૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) ખાંભા તાલુકામાં તા. ૧૭-૧૮ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ સાત માસની ઉંમરના દિપડાના બચ્ચાંને વાહનચાલકે ગુનાહીત બેદરકારીભર્યુ ડ્રાઈવીંગ કરીને વાહન નીચે મોત નીપજાવ્યું હતું તે હકીકત સાચી છે.

(૨) આ ઘટનામાં આરોપી કોણ છે અને તેની સામે શા કાનુની પગલાં લેવાયા છે,

(૩) આરોપીની ધરપકડ થઈ છે કે કેમ અને

(૪) ગુનામાં સંડોવાયેલ વાહન જપ્ત થયું છે કે કેમ ?

વન મંત્રીશ્રી : (૧-૨-૧૬)

(૧) હા જી,

(૨) આરોપી વાહન ચાલકની ઓળખ થયેલ નથી પરંતુ વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ હેઠળ તુલશીશ્યામ રેંજ ગુન્હા નં. ૬/૧૪-૧૫ તા. ૧૯-૦૧-૧૫ના રોજ ગુન્હો નોંધી તપાસ હાથ ધરાયેલ છે.

(૩) આરોપી પકડાયેલ નથી.

(૪) કોઈ વાહન પકડાયેલ નથી.

-------

### ગીર રાષ્ટ્રીય ઉદ્યાનમાં ગુનાહિતો સામે કાનૂની કાર્યવાહી કરવા બાબત

અતારાંકિતઃ ૬૬૭૭ (૧૮-૧૨-૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) ગીર રાષ્ટ્રીય ઉદ્યાન તથા ગીર અભ્યારણ્યમાં સન-૨૦૧૩ અને ૨૦૧૪માં કેટલા ગુનાહિતોએ વનવિભાગની પરવાનગી વિના પ્રવેશ કર્યા.

(૨) આ ગુનાહિતો સામે વનવિભાગે શી કાનૂની કાર્યવાહી હાથ ધરી અને

(૩) આ બંને અભ્યારણ્યોમાં ગેરકાયદે પ્રવેશ રોકવા શી વ્યવસ્થા છે ?

વન મંત્રીશ્રી : (૫-૨-૧૬)

## અતારાંકિત પ્રશ્નો

(૧)

| અ.નં. | વર્ષ | ગુન્હાહિતોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૩ | ૧૯૬ |
| ૨ | ૨૦૧૪ | ૧૫૭ |
| | કુલ | ૩૫૩ |

(૨)

| અ.નં. | વર્ષ | વસુલ કરેલ એડવાન્સ રીકવરીની રકમ |
|---|---|---|
| ૧ | ૨૦૧૩ | ૩,૯૫,૧૦૦ |
| ૨ | ૨૦૧૪ | ૨,૪૪,૯૦૦ |
| | કુલ | ૬,૪૦,૦૦૦ |

(૩) ૧. પ્રવેશ સ્થળોએ ચેકીંગ નાકા બનાવવામાં આવેલ છે.

૨. અધિકૃત પ્રવેશ દ્વારોએ ઠેક ઠેકાણે–વન્યપ્રાણી સંરક્ષણની કલમની અને શરતોનો ઉલ્લેખ સાથે નોટીસ બોર્ડ રાખવામાં આવેલ છે.

૩. ક્ષેત્રીય સ્ટાફને વોકીટોકી, મોટર સાયકલો, ફોર વ્હીલરો, જેવા સાધનોથી સજ્જ કરવામાં આવેલ છે.

૪. ક્ષેત્રીય સ્ટાફ દ્વારા બોર્ડર વિસ્તારમાં, અભ્યારણો તથા રાષ્ટ્રીય ઉધાનના વન વિસ્તારમાં સઘન પેટ્રોલીંગ કરવામાં આવે છે.

૫. વન વિસ્તારમાં બોર્ડર પર આવેલ ગામડાઓમાં વન્યપ્રાણી મિત્રોની બાતમીદાર તરીકે સેવા લેવામાં આવે છે.

૬. વન વિસ્તારમાં ગેર કાયદેસર પ્રવેશ કરનાર સામે વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ–૧૯૭૨ તથા તે અંતર્ગત નિયમોનુસાર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.

–––––––

### ગીર રાષ્ટ્રીય ઉદ્યાનમાં વન વિભાગની પરવાનગી વિના વાહનોનો પ્રવેશ બાબત

અતારાંકિતઃ ૬૬૭૮ (૧૮–૧૨–૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) ગીર રાષ્ટ્રીય ઉધાન તથા ગીર અભ્યારણ્યમાં સન–૨૦૧૩ અને ૨૦૧૪માં કેટલા વાહનોએ વનવિભાગની પરવાનગી વિના પ્રવેશ કર્યો.

(૨) ગુનાહિત પ્રવૃત્તિ કરનાર વાહન/માલિકો વાહન ચલાવનાર સામે શી કાનૂની કાર્યવાહી હાથ ધરી અને

(૩) આ બંને અભ્યારણ્યોમાં વાહનોના ગેરકાયદે પ્રવેશ રોકવા શી વ્યવસ્થા કરાઈ છે ?

વન અને પર્યાવરણ મંત્રીશ્રી : (૫–૨–૧૬)

(૧)

| અ.નં. | વર્ષ | વાહનોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૩ | ૨૩ |
| ૨ | ૨૦૧૪ | ૨૮ |
| | કુલ | ૫૧ |

(૨)

| અ.નં. | વર્ષ | વસુલ કરેલ એડવાન્સ રીકવરીની રકમ |
|---|---|---|
| ૧ | ૨૦૧૩ | ૧,૨૩,૦૦૦ |

| | | |
|---|---|---|
| ૨ | ૨૦૧૪ | ૯૧,૬૦૦ |
| | કુલ | ૨,૧૪,૬૦૦ |

(૩) ૧. પ્રવેશ સ્થળોએ ચેકીંગ નાકા બનાવવામાં આવેલ છે.

૨. અધિકૃત પ્રવેશ દ્વારોએ ઠેક ઠેકાણે–વન્યપ્રાણી સંરક્ષણની કલમની અને શરતોનો ઉલ્લેખ સાથે નોટીસ બોર્ડ રાખવામાં આવેલ છે.

૩. ક્ષેત્રીય સ્ટાફને વોકીટોકી, મોટર સાયકલો, ફોર વ્હીલરો, જેવા સાધનોથી સજ્જ કરવામાં આવેલ છે.

૪. ક્ષેત્રીય સ્ટાફ દ્વારા બોર્ડર વિસ્તારમાં, અભ્યારણ્યો તથા રાષ્ટ્રીય ઉદ્યાનના વન વિસ્તારમાં સઘન પેટ્રોલીંગ કરવામાં આવે છે.

૫. વન વિસ્તારમાં બોર્ડર પર આવેલ ગામડાઓમાં વન્યપ્રાણી મિત્રોની બાતમીદાર તરીકે સેવા લેવામાં આવે છે.

૬. વન વિસ્તારમાં ગેર કાયદેસર પ્રવેશ કરનાર સામે વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ–૧૯૭૨ તથા તે અંતર્ગત નિયમોનુસાર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.

–––––––

મહેમદાવાદ, ખેડા અને માતર તાલુકામાં તારની વાડ કરવા માટે અરજીઓ બાબત

અતારાંકિતઃ ૬૭૧૦ (૧૮–૧૨–૨૦૧૫) શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૦૬–૨૦૧૫ની સ્થિતિએ ખેડા જિલ્લાના મહેમદાવાદ, ખેડા અને માતર તાલુકામાં તારની વાડ કરવા માટે કેટલી અરજીઓ આવેલ છે,

(૨) તેમાંથી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને

(૩) આ માટે કેટલી રકમની ફાળવણી કરવામાં આવી ?

વનમંત્રીશ્રી : (૩૦–૧–૧૬)

(૧)

| | | |
|---|---|---|
| ૧ | મહેમદાવાદ | ૫૭ |
| ૨ | ખેડા | ૭૪ |
| ૩ | માતર | ૬૪ |
| | કુલ | ૧૯૫ |

(૨)

| | | |
|---|---|---|
| ૧ | મહેમદાવાદ | ૦ |
| ૨ | ખેડા | ૭ |
| ૩ | માતર | ૦ |
| | કુલ | ૦૭ |

(૩)

| | | |
|---|---|---|
| ૧ | મહેમદાવાદ | ૦ |
| ૨ | ખેડા | ૨૨૨૯૯૧ |
| ૩ | માતર | ૦ |
| | કુલ | ૨૨૨૯૯૧ |

–––––––

અમદાવાદ, સુરત અને વડોદરા શહેરમાં પક્ષીઓના ગેરકાયદે વેચાણ બાબત

અતારાંકિતઃ ૬૮૦૪ (૨૧–૧૧–૨૦૧૫) શ્રી શક્તિસિંહ ગોહિલ (અબડાસા): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

## ચૈત્ર ૧૦,૧૯૩૮ શાકે

## અતારાંકિત પ્રશ્નો

(૧) અમદાવાદ, સુરત અને વડોદરા શહેરમાં જુદા જુદા પ્રકારના પક્ષીઓને પાંજરામાં રાખી વેચાણ કરતી પેટાશોપ્સ/ દુકાનો તા. ૩૦ જૂન ૨૦૧૫ની સ્થિતિએ ચાલી રહી છે તે હકીકત સાચી છે

(૨) નામદાર ગુજરાત હાઈકોર્ટે અબ્દુલકાર મદહંમદ આઝમ શેખ વિ. ગુજરાત સ્ટેટના સ્પેશ્યલ ક્રિમીનલ એપ્લીકેશન નં. ૧૬૩૫/૨૦૧૦ના કેસમાં કોઈ પણ પ્રકારના પક્ષીને પકડવા, પાંજરામાં રાખવા, વેચાણ કરવા પર પ્રતિબંધ મૂક્યો છે અને તેને આકાશમાં ઉડવાનો મૂળભૂત અધિકાર પ્રસ્થાપીત કર્યો છે તેના અનુસંધાને ઉપરોક્ત પેટશોપ્સ/દુકાનમાં વેચાતા પક્ષીઓને જપ્ત કરી કોર્ટના ચુકાદા મુજબ કરવા શી કાર્યવાહી વન વિભાગે કરી ?

વન મંત્રીશ્રી : (૩૦–૧–૧૬)

(૧) ના જી,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં વન્ય પ્રાણીઓ દ્વારા પશુઓ અને માનવીઓ ઉપર હુમલા બાબત

અતારાંકિતઃ ૬૯૩૩ (૨૧–૧૧–૨૦૧૫) શ્રી પુંજાભાઈ વંશ (ઉના): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૦૯–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષવાર ગીર સોમનાથ અને જુનાગઢ અને જિલ્લામાં તાલુકાવાર વન્ય પ્રાણીઓ દ્વારા પશુઓ અને માનવીઓ ઉપર હુમલાના કેટલા બનાવ બન્યા.

(૨) તે અન્વયે વર્ષવાર, તાલુકાવાર કેટલા પશુઓ અને માનવીઓના મૃત્યુ થયા અને કેટલા ઘવાયા અને

(૩) મૃત્યુ કે ઘાયલ થયેલ પશુઓ અને માનવીઓ માટે ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી સહાય ચુકવવામાં આવી.

વન મંત્રીશ્રી : (૩૦–૧–૧૬)

(૧) *પત્રક–૧ સામેલ છે.

(૨) *પત્રક–૨ સામેલ છે.

(૩) *પત્રક–૩ સામેલ છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે)

-------

વડોદરા શહેર અને જિલ્લામાં રક્ષિત મગરોની તસ્કરી બાબત

અતારાંકિતઃ ૭૦૫૧ (૧૮–૧૨–૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર–ગ્રામ્ય): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ–

(૧) વડોદરા શહેર અને જિલ્લામાં તા. ૩૦–૬–૨૦૧૫ની સ્થિતિએ કેટલા રક્ષિત મગરોની તસ્કરી પકડાઈ,

(૨) આરોપીઓ સામે શી કાનૂન કાર્યવાહી થઈ છે, અને

(૩) મગરની તસ્કરી રોકવા શી વ્યવસ્થા આવી છે ?

વન મંત્રીશ્રી : (૩૦–૧–૧૬)

(૧) એક પણ નહિ,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

બાબરા નજીક પાનસડા ગામે વન્યપ્રાણીના ચામડા પર બેસીને તાંત્રિકની સાધના બાબત.

અતારાંકિતઃ ૭૦૫૨ (૧૮–૧૨–૨૦૧૫) શ્રી રાઘવજીભાઈ પટેલ (જામનગર–ગ્રામ્ય) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :–

(૧) બાબરા નજીક પાનસડા ગામે ઓકટોબર–૨૦૧૫માં રક્ષિત વન્યપ્રાણીના ચામડા પર બેસીને તાંત્રિક સાધના કરતા ગુનાહિતોની વનખાતાએ ધરપકડ કરી હતી. તે હકિકત સાચી છે.

(૨) જો હા, તો આ ગુનાહિત ઘટનાની શી વિગતો છે.

(૩) રક્ષિત વન્યપ્રાણીનું ચામડું આરોપીઓએ કયાંથી મેળવ્યુ હતુ અને

(૪) તમામ આરોપીઓ સામે શી કાનુની કાર્યવાહી કરવામાં આવી છે.

વન મંત્રીશ્રી : (૩૦–૦૧–૨૦૧૬)

(૧) હા, જી

(૨) બાબરા તાલુકાના પનસડા ગામના રહે, શ્રી વાલજીભાઈ ખોડાભાઈ ઘણળ પાસેથી વન્યપ્રાણીનું ચામડું નંગ–૧ મળેલ.

(૩) રવિરામ નામના ફરતાં સાધુ કે જેઓ પૂજા પાઠ માટે વિનામુલ્યે તેમને આપી ગયેલ.

(૪) બન્ને આરોપીઓ સામે વન્યપ્રાણીનું ચામડું કબજામાં રાખવા માટે વન્યપ્રાણી અધિનિયમ–૧૯૭૨ની જોગવાઈઓ મુજબ ગુન્હો દાખલ કરી બંને ઈસમોની ધરપકડ કરી ફસ્ટ કલાસ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની બાબરા કોર્ટમાં રજૂ કરવામાં આવેલ. બંને આરોપીઓને અમરેલી જેલમાં મોકલવામાં આવેલ. ત્યારબાદ બંને આરોપીઓ સેશન કોર્ટમાં જામીન અરજી કરતાં નામ.કોર્ટએ સુનાવણી બાદ જામીન આપેલ છે.

------

સાબરકાંઠા અને નર્મદા જિલ્લામાં વૃક્ષોની ગેરકાયદેસર કાપણી બાબત

અતારાંકિતઃ ૭૨૫૨ (૨૨–૦૨–૨૦૧૫) શ્રી અશ્વિન કોટવાલા (ખેડબ્રહ્મા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :–

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સાબરકાંઠા અને નર્મદા જિલ્લામાં વૃક્ષની ગેરકાયદેસર કાપણીના કેટલા ગુના નોંધવામાં આવ્યા છે અને કેટલા વૃક્ષ ગેરકાયદેસર રીતે કપાયેલા નોંધાયા છે, અને

(૨) તે અન્વયે કેટલા ગુનેગારો પકડવામાં આવેલ છે અને કેટલા ગુનેગારો પાસે કેટલી રકમની વસુલાત કરી છે?

વન મંત્રીશ્રી : (૧૪–૦૩–૨૦૧૬)

(૧)

| જિલ્લો | નોંધાયેલ ગુનાની સંખ્યા | ગેરકાયદેસર કપાયેલ વૃક્ષોની સંખ્યા |
|---|---|---|
| સાબરકાંઠા | ૩૭૫ | ૨૪૦૪ |
| નર્મદા | ૯૯૨ | ૪૬૩૯ |
| કુલ | ૧૩૬૭ | ૭૧૧૩ |

(૨) ૫૨૧ ગુનેગારો પાસેથી રૂ. ૯૨૯૬૮૨/-

------

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર–ગાંધીનગરમાં લાંચ અંગેના ગુનામાં ઝડપાયેલ અધિકારી સામે લીધેલ પગલાં

અતારાંકિતઃ ૭૨૨૨ (૦૪–૦૧–૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :–

(૧) ખોરાક અને ઔષધ નિયમન તંત્ર–ગાંધીનગરની કચેરીમાં વર્ગ–૧ના આસીસ્ટન્ટ કમિશ્નર લાંચ લેતા જાન્યુઆરી–૨૦૧૫માં એ.સી.બી.ના હાથે ઝડપાઈ ગયા હતા તે હકિકત સાચી છે,

(૨) જો હા, તો ઉકત ગુના અન્વયે કેટલા આરોપી અધિકારીઓ સામે શા કાનૂની અને વહીવટી પગલાં લેવાયા છે?

આરોગ્ય મંત્રીશ્રી : (૨૯–૦૧–૨૦૧૬)

(૧) આ સમય દરમ્યાન આવો કોઈ કેસ થયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------

પાટણ, બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં ગૌવંશનાં બાકી અપરાધીઓને પકડવા બાબત

અતારાંકિતઃ ૬૯૯૮ (૨૨–૧૨–૨૦૧૫) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :–

(૧) પાટણ, બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં તા. ૩૦–૦૬–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ગોવંશ હત્યા, કતલ અને ગૌવંશની ગેરકાયદે હેરાફેરીના ગુન્હાઓમાં સંડોવાયેલા કુલ કેટલા અપરાધીઓ પકડવાના બાકી છે.

(૨) બાકી રહેલા અપરાધીઓને પકડવા કોઈ વિષેશ ટીમ બનાવાઈ છે કે કેમ, અને

(૩) તેની જવાબદારી કોને સોંપાઈ છે ?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) : (૦૮–૦૨–૨૦૧૬)

(૧) ૧૩ આરોપીઓ પકડવાના બાકી છે.

(૨) ના, જી.

(૩) બાકી રહેલા આરોપીઓને પકડવા અંગે સ્થાનિક પોલીસ સ્ટેશન ઈન્ચાર્જશ્રી, પેરોલફર્લો/નાસતા ફરતા સ્કવોર્ડ તેમજ સ્થાનિક ગુન્હા શોધક શાખા દ્વારા કામગીરી કરવામાં આવે છે.

## અતારાંકિત પ્રશ્નો

------

### ગાંધીનગર, સાબરકાંઠા અને અમદાવાદ જિલ્લામાં ગૌવંશનાં બાકી અપરાધીઓને પકડવા બાબત

અતારાંકિતઃ ૬૯૯૯ (૨૨-૧૨-૨૦૧૫) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) ગાંધીનગર, સાબરકાંઠા અને અમદાવાદ જિલ્લામાં તા. ૩૦-૦૬-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ગૌવંશ હત્યા, કતલ અને ગૌવંશની ગેરકાયદે હેરાફેરીના ગુન્હાઓમાં સંડોવાયેલા કુલ કેટલા અપરાધીઓ પકડવાના બાકી,

(૨) બાકી રહેલા અપરાધીઓને પકડવા કોઈ વિષેશ ટીમ બનાવાઈ છે કે કેમ, અને

(૩) તેની જવાબદારી કોને સોંપાઈ છે ?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) : (૦૮-૦૨-૨૦૧૬)

(૧) ૧૬ આરોપીઓ પકડવાના બાકી છે.

(૨) ના, જી.

(૩) બાકી રહેલા આરોપીઓને પકડવા અંગે સ્થાનિક પોલીસ સ્ટેશન ઈન્ચાર્જશ્રી, પેરોલફર્લો/નાસતા ફરતા સ્કવોર્ડ તેમજ સ્થાનિક ગુન્હા શોધક શાખા દ્વારા કામગીરી કરવામાં આવે છે.

------

### પંચમહાલ, દાહોદ અને અરવલ્લી જિલ્લામાં ગૌવંશનાં બાકી અપરાધીઓને પકડવા બાબત

અતારાંકિતઃ ૭૦૦૦ (૨૨-૧૨-૨૦૧૫) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) પંચમહાલ, દાહોદ અને અરવલ્લી જિલ્લામાં તા. ૩૦-૦૬-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ગૌવંશ હત્યા, કતલ અને ગૌવંશની ગેરકાયદે હેરાફેરીના ગુન્હાઓમાં સંડોવાયેલા કુલ કેટલા અપરાધીઓ પકડવાના બાકી,

(૨) બાકી રહેલા અપરાધીઓને પકડવા કોઈ વિષેશ ટીમ બનાવાઈ છે કે કેમ, અને

(૩) તેની જવાબદારી કોને સોંપાઈ છે ?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) : (૦૮-૦૨-૨૦૧૬)

(૧) ૬૯ આરોપીઓ પકડવાના બાકી છે.

(૨) ના, જી.

(૩) બાકી રહેલા આરોપીઓને પકડવા અંગે સ્થાનિક પોલીસ સ્ટેશન ઈન્ચાર્જશ્રી, પેરોલફર્લો/નાસતા ફરતા સ્કવોર્ડ તેમજ સ્થાનિક ગુન્હા શોધક શાખા દ્વારા કામગીરી કરવામાં આવે છે.

------

### ભાવનગર, બોટાદ અને અમરેલી જિલ્લામાં ગૌવંશના બાકી અપરાધીઓને પકડવા બાબત

અતારાંકિતઃ ૭૦૦૧ (૨૨-૧૨-૨૦૧૫) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) ભાવનગર, બોટાદ અને અમરેલી જિલ્લામાં તા. ૩૦-૦૬-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ગૌવંશ હત્યા, કતલ અને ગૌવંશની ગેરકાયદે હેરાફેરીના ગુન્હાઓમાં સંડોવાયેલા કુલ કેટલા અપરાધીઓ પકડવાના બાકી,

(૨) બાકી રહેલા અપરાધીઓને પકડવા કોઈ વિષેશ ટીમ બનાવાઈ છે કે કેમ, અને

(૩) તેની જવાબદારી કોને સોંપાઈ છે ?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) : (૦૮-૦૨-૨૦૧૬)

(૧) ૬ આરોપીઓ પકડવાના બાકી છે.

(૨) ના, જી.

(૩) બાકી રહેલા આરોપીઓને પકડવા અંગે સ્થાનિક પોલીસ સ્ટેશન ઈન્ચાર્જશ્રી, પેરોલફર્લો/નાસતા ફરતા સ્કવોર્ડ તેમજ સ્થાનિક ગુન્હા શોધક શાખા દ્વારા કામગીરી કરવામાં આવે છે.

------

### રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં ગૌવંશનાં બાકી અપરાધીઓને પકડવા બાબત

## તા. ૩૦મી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નો

અતારાંકિતઃ ૭૦૦૨ (૨૨–૧૨–૨૦૧૫) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :–

(૧) રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૦–૦૬–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ગૌવંશ હત્યા, કતલ અને ગૌવંશની ગેરકાયદે હેરાફેરીના ગુન્હાઓમાં સંડોવાયેલા કુલ કેટલા અપરાધીઓ પકડવાના બાકી છે

(૨) બાકી રહેલા અપરાધીઓને પકડવા કોઈ વિશેષ ટીમ બનાવાઈ છે કે કેમ, અને

(૩) તેની જવાબદારી કોને સોંપાઈ છે ?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) : (૦૮–૦૨–૨૦૧૬)

(૧) ૧૮ આરોપીઓ પકડવાના બાકી છે.

(૨) ના, જી.

(૩) બાકી રહેલા આરોપીઓને પકડવા અંગે સ્થાનિક પોલીસ સ્ટેશન ઈન્ચાર્જશ્રી, પેરોલફર્લો/નાસતા ફરતા સ્કવોર્ડ તેમજ સ્થાનિક ગુન્હા શોધક શાખા દ્વારા કામગીરી કરવામાં આવે છે.

------

### દેવભૂમિ દ્વારકા, જામનગર અને કચ્છ જિલ્લામાં ગૌવંશનાં બાકી અપરાધીઓને પકડવા બાબત

અતારાંકિતઃ ૭૦૦૩ (૨૨–૧૨–૨૦૧૫) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :–

(૧) દેવભૂમિ દ્વારકા, જામનગર અને કચ્છ જિલ્લામાં તા. ૩૦–૦૬–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ગૌવંશ હત્યા, કતલ અને ગૌવંશની ગેરકાયદે હેરાફેરીના ગુન્હાઓમાં સંડોવાયેલા કુલ કેટલા અપરાધીઓ પકડવાના બાકી છે,

(૨) બાકી રહેલા અપરાધીઓને પકડવા કોઈ વિષેશ ટીમ બનાવાઈ છે કે કેમ, અને

(૩) તેની જવાબદારી કોને સોંપાઈ છે ?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) : (૦૮–૦૨–૨૦૧૬)

(૧) ૧ આરોપીઓ પકડવાનો બાકી છે.

(૨) ના, જી.

(૩) બાકી રહેલા આરોપીઓને પકડવા અંગે સ્થાનિક પોલીસ સ્ટેશન ઈન્ચાર્જશ્રી, પેરોલફર્લો/નાસતા ફરતા સ્કવોર્ડ તેમજ સ્થાનિક ગુન્હા શોધક શાખા દ્વારા કામગીરી કરવામાં આવે છે.

------

### ગીર સોમનાથ, જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં ગૌવંશનાં બાકી અપરાધીઓને પકડવા બાબત

અતારાંકિતઃ ૭૦૦૪ (૨૨–૧૨–૨૦૧૫) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :–

(૧) ગીર સોમનાથ, જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં તા. ૩૦–૦૬–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ગૌવંશ હત્યા, કતલ અને ગૌવંશની ગેરકાયદે હેરાફેરીના ગુન્હાઓમાં સંડોવાયેલા કુલ કેટલા અપરાધીઓ પકડવાના બાકી છે,

(૨) બાકી રહેલા અપરાધીઓને પકડવા કોઈ વિશેષ ટીમ બનાવાઈ છે કે કેમ, અને

(૩) તેની જવાબદારી કોને સોંપાઈ છે ?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) : (૦૮–૦૨–૨૦૧૬)

(૧) ૪ આરોપીઓ પકડવાના બાકી છે.

(૨) ના, જી.

(૩) બાકી રહેલા આરોપીઓને પકડવા અંગે સ્થાનિક પોલીસ સ્ટેશન ઈન્ચાર્જશ્રી, પેરોલફર્લો/નાસતા ફરતા સ્કવોર્ડ તેમજ સ્થાનિક ગુન્હા શોધક શાખા દ્વારા કામગીરી કરવામાં આવે છે.

------

### વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લામાં ગૌવંશનાં બાકી અપરાધીઓને પકડવા બાબત

અતારાંકિતઃ ૭૦૦૫ (૨૨–૧૨–૨૦૧૫) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :–

(૧) વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લામાં તા. ૩૦-૦૬-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ગૌવંશ હત્યા, કતલ અને ગૌવંશની ગેરકાયદે હેરાફેરીના ગુન્હાઓમાં સંડોવાયેલા કુલ કેટલા અપરાધીઓ પકડવાના બાકી છે,

(૨) બાકી રહેલા અપરાધીઓને પકડવા કોઈ વિશેષ ટીમ બનાવાઈ છે કે કેમ, અને

(૩) તેની જવાબદારી કોને સોંપાઈ છે ?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) : (૦૮-૦૨-૨૦૧૬)

(૧) ૩ આરોપીઓ પકડવાના બાકી છે.

(૨) ના, જી.

(૩) બાકી રહેલા આરોપીઓને પકડવા અંગે સ્થાનિક પોલીસ સ્ટેશન ઈન્ચાર્જશ્રી, પેરોલફર્લો/નાસતા ફરતા સ્કવોર્ડ તેમજ સ્થાનિક ગુન્હા શોધક શાખા દ્વારા કામગીરી કરવામાં આવે છે.

------

વડોદરા, છોટાઉદેપુર અને નર્મદા જિલ્લામાં ગૌવંશનાં બાકી અપરાધીઓને પકડવા બાબત

અતારાંકિતઃ ૭૦૦૬ (૨૨-૧૨-૨૦૧૫) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) વડોદરા, છોટાઉદેપુર અને નર્મદા જિલ્લામાં તા. ૩૦-૦૬-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ગૌવંશ હત્યા, કતલ અને ગૌવંશની ગેરકાયદે હેરાફેરીના ગુન્હાઓમાં સંડોવાયેલા કુલ કેટલા અપરાધીઓ પકડવાના બાકી છે

(૨) બાકી રહેલા અપરાધીઓને પકડવા કોઈ વિષેશ ટીમ બનાવાઈ છે કે કેમ, અને

(૩) તેની જવાબદારી કોને સોંપાઈ છે ?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) : (૦૮-૦૨-૨૦૧૬)

(૧) ૯ આરોપીઓ પકડવાના બાકી છે.

(૨) ના, જી.

(૩) બાકી રહેલા આરોપીઓને પકડવા અંગે સ્થાનિક પોલીસ સ્ટેશન ઈન્ચાર્જશ્રી, પેરોલફર્લો/નાસતા ફરતા સ્કવોર્ડ તેમજ સ્થાનિક ગુન્હા શોધક શાખા દ્વારા કામગીરી કરવામાં આવે છે.

------

આણંદ, ખેડા અને મહીસાગર જિલ્લામાં ગૌવંશનાં બાકી અપરાધીઓને પકડવા બાબત

અતારાંકિતઃ ૭૦૦૭ (૨૨-૧૨-૨૦૧૫) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) આણંદ, ખેડા અને મહીસાગર જિલ્લામાં તા. ૩૦-૦૬-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ગૌવંશ હત્યા, કતલ અને ગૌવંશની ગેરકાયદે હેરાફેરીના ગુન્હાઓમાં સંડોવાયેલા કુલ કેટલા અપરાધીઓ પકડવાના બાકી છે,

(૨) બાકી રહેલા અપરાધીઓને પકડવા કોઈ વિશેષ ટીમ બનાવાઈ છે કે કેમ, અને

(૩) તેની જવાબદારી કોને સોંપાઈ છે ?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) : (૦૮-૦૨-૨૦૧૬)

(૧) ૩ આરોપીઓ પકડવાના બાકી છે.

(૨) ના, જી.

(૩) બાકી રહેલા આરોપીઓને પકડવા અંગે સ્થાનિક પોલીસ સ્ટેશન ઈન્ચાર્જશ્રી, પેરોલફર્લો/નાસતા ફરતા સ્કવોર્ડ તેમજ સ્થાનિક ગુન્હા શોધક શાખા દ્વારા કામગીરી કરવામાં આવે છે.

------

જામનગર-કાલાવાડ રોડ પરના પીઠડીયા ગામ પાસેથી ઘેટા-બકરાઓને બચાવવા બાબત

અતારાંકિતઃ ૭૦૦૮ (૨૨-૧૨-૨૦૧૫) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) ગૌ રક્ષકોની બાતમી અને માહિતીના આધારે જામનગર-કાલાવડ રોડ પર પીઠડીયા ગામ પાસેથી તા. ૨૧-૧૦-૨૦૧૫ના રોજ દોરડાથી ક્રૂરતા પૂર્વક બાંધેલી હાલતમાં ૨૭ ઘેટાં-બકરાને બચાવી લીધા હતા તે હકિકત સાચી છે,

(૨) જો હા, તો આ ગુનાહિત ઘટનામાં કેટલા આરોપીઓ સામે શી કાનૂની કાર્યવાહી કરવામાં આવી છે ?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) : (૩૦-૦૧-૨૦૧૬)

## અતારાંકિત પ્રશ્નો

(૧) હા, જી. જો કે તા. ૨૧-૧૦-૨૦૧૫ના રોજ નહિ પણ તા. ૧૯-૧૦-૨૦૧૫ના રોજ આ ઘેટાં બકરાને બચાવવામાં આવેલ.

(૨) આ ઘટનામાં કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં. ૩૨/૨૦૧૫ ઈપીકો કલમ-૨૭૯ એમ.વી. એકટ કલમ-૧૮૪, ૧૭૭ તથા પ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૫૪ની કલમ-૫,૮,૯,૧૦ મુજબ ગુન્હો દાખલ કરી ૫(પાંચ) આરોપીઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

------

ગોમટા ચોકડી પાસે ભેંસ/પાડાને બચાવવા બાબત

અતારાંકિતઃ ૭૦૩૧ (૨૨-૧૨-૨૦૧૫) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) ગોંડલ તાલુકાના ગોમટા ચોકડી પાસે ગૌ સેવકોએ એક ટ્રકમાં ક્રૂરતાપૂર્વક ભરેલ સાત ભેંસો અને બે પાડાને તા. ૧૧-૧૧-૨૦૧૫ના રોજ કતલખાનામાં લઈ જવાતા બચાવી લઈ પોલીસને હવાલે કર્યા હતા તે હકિકત સાચી છે,

(૨) જો હા, તો આ ગુનાહિત ઘટનામાં કેટલા આરોપીઓ સામે શી કાનૂની કાર્યવાહી કરવામાં આવી છે ?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) : (૩૦-૦૧-૨૦૧૬)

(૧) હા, જી. જો કે, તા. ૧૧-૧૧-૨૦૧૫ના રોજ નહિ પણ તા. ૧૮-૧૦-૨૦૧૫ના રોજ આ પશુઓને બચાવી પોલીસને સોંપવામાં આવેલ હતાં.

(૨) આ અંગે ગોંડલ પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં. ૨૪૯/૧૫ ઢોર અતિક્રમણધારા કલમ-૧૧(ડી)(એલ) મુજબ તા. ૧૮-૧૦-૧૫ના રોજ ગુન્હો નોંધી, ૩(ત્રણ) આરોપીઓની અટક કરી, કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

------

આણંદ-મોગરી રોડ પર ગૌમાંસ મળવા બાબત

અતારાંકિતઃ ૭૦૩૫ (તા. ૨૨-૧૨-૨૦૧૫) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા): માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) આણંદ-મોગરી રોડ પર તા. ૬-૧૦-૨૦૧૫ના રોજ એક વાહનમાં રૂ. ૭૦૦૦ની કિંમતનું ગૌમાંસ પોલીસને મળી આવ્યું હતુ તે હકિકત સાચી છે, અને

(૨) જો હા, તો આ ગુનાહિત ઘટનામાં સંડોવાયેલા કેટલા આરોપીઓ સામે શી કાનૂની કાર્યવાહી થઈ છે તથા વાહનને ૬ માસ માટે જપ્ત કરાયુ છે કે કેમ ?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) : (૩૦-૦૧-૨૦૧૬)

(૧) હા, જી જો કે, આ વાહન તા. ૦૬-૧૦-૨૦૧૫ના રોજ નહીં, પણ તા. ૦૩-૧૦-૨૦૧૫ના રોજ મળી આવેલ હતું.

(૨) આ બાબતે વિદ્યાનગર પો. સ્ટે. સેકન્ડ. ગુ.ર.નં. ૩૦૯૮/૧૫ ઈ.પી.કો. કલમ-૪૨૯, ૧૧૪ તથા પશુ સંરક્ષણ અધિનિયમ કલમ-૫, ૬(ક) (૫) (૧), ૮ (૧) (૨) (૪) મુજબ અને પશુ પ્રત્યે ઘાતકીપણા અધિનિયમ-૧૯૬૦ની કલમ-૧૧ (એલ) મુજબ તા. ૩-૧૦-૨૦૧૫ના રોજ ૩ (ત્રણ) આરોપીઓ વિરૂધ્ધ ગુનો દાખલ કરી, આરોપીઓની અટક કરી, કોર્ટ કસ્ટડીમાં મોકલી આપેલ છે. આ ગુનામાં સંડોવાયેલ વાહન (ઓટો રીક્ષા) ૬ માસ માટે જપ્ત કરવામાં આવેલ છે.

-------

ભરૂડી ટોલનાકા પાસેથી ગાયોને બચાવવા બાબત

અતારાંકિતઃ ૭૦૬૯ (તા. ૦૭-૦૧-૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા): માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજકોટ જિલ્લાના ગોંડલ, રાજકોટ નેશનલ હાઈવે પર ભરૂડી ટોલનાકા પાસે જુલાઈ-૨૦૧૫માં બે મેટાડોરમાં ક્રૂરતાપૂર્વક ભરીને કતલખાનામાં લઈ જવાતી કુલ નવ જેટલી ગાયોને ગૌરક્ષકોએ બચાવીને પોલીસને સોંપી હતી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ ગુનાના કેટલા આરોપીઓ સામે શી કાનૂની કાર્યવાહી થઈ છે, અને

(૩) ગુન્હામાં સંડોવાયેલ વાહનને ગુજરાત પ્રાણી સંરક્ષણ (સુધારા) અધિનિયમ-૨૦૧૧માં થયેલ જોગવાઈ મુજબ ૬ માસ માટે જપ્ત કરવામાં આવ્યું છે કે કેમ ?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) : (૮-૨-૧૬)

(૧) હા, જી. પરંતુ ગાયોને કતલખાને નહીં પણ કોડીનાર ગૌશાળામાં મુકવા જઈ રહેલ હતાં.

(૨) આ અંગે ગોંડલ તાલુકા પો.સ્ટે.સેકન્ડ ગુ.ર.નં. ૩૧૫૮/૧૫ પશુ પ્રત્યે ઘાતકી પણાની કલમ-૧૧ (ડી), (એલ) મુજબનો ગુનો નોંધાયેલ છે. જેમાં ૩ (ત્રણ) આરોપીઓને પકડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

(૩) આ ગુનામાં ગાયોને કતલખાને લઈ જવામાં આવતી ન હોવાથી, પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ–૨૦૧૧ની કલમ લગાડેલ ન હોવાથી વાહન ૬ માસ માટે જપ્ત કરેલ નથી.

-------

ઈડર તાલુકામાં ગૌવંશ ભરેલી ટ્રક પકડવા બાબત

અતારાંકિતઃ ૭૦૭૩ (તા. ૦૭–૦૧–૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા): માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકામાં પંજાબથી બાયડ તરફ લઈ જવાતી બાર ગાયો તથા ત્રણ વાછરડાં મળી કુલ પંદર ગૌવંશને વેલીડ પરમીટ ઘાસચારો, પાણીની સુવિધા વિનાની એક ટ્રક ઝડપી લેવાઈ હતી તે હકિકત સાચી છે,

(૨) આ ગુનાહીત કામમાં કેટલા આરોપીઓ સામે શી કાનૂની કાર્યવાહી થઈ છે, અને

(૩) ગુન્હામાં સંડોવાયેલા વાહન સામે ગુજરાત પ્રાણી સંરક્ષણ (સુધારા) અધિનિયમ–૨૦૧૧ મુજબ ૬ માસ માટે જપ્ત કરાયું છે કે કેમ ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૮–૨–૧૬)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

અમદાવાદમાં ગૌમાંસ, પોલીસ દ્વારા પકડાયા બાબત

અતારાંકિતઃ ૭૦૭૪ (તા. ૦૭–૦૧–૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) અમદાવાદના ગિરધરનગર બ્રીજ પરતી તા. ૩–૮–૨૦૧૫ના રોજ બિનવારસી કારમાંથી ચારસો કિલો ગૌમાંસ પોલીસને મળી આવ્યું હતું તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત ગુનામાં સંડોવાયેલા કેટલા આરોપીઓ સામે શી કાનૂની કાર્યવાહી થઈ છે,

(૩) સન ૨૦૧૧ના નવા સુધારા અધિનિયમ હેઠળ સંડોવાયેલા વાહનને ૬ માસ માટે જપ્ત કરવામાં આવ્યું છે, કે કેમ ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૮–૨–૧૬)

(૧) હા, જી.

(૨) આ ગુન્હાના કામે શાહીબાગ પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં. ૩૧૬૨/૨૦૧૫, ધી પશુ સંરક્ષણ અધિનિયમ–૨૦૧૧ ની કલમ ૫, ૬, ૬(ખ), (૧), (૨), (૩), તથા ૮ મુજબ ગુનો દાખલ કરવામાં આવેલ છે. ગુનામા ટાટા ઈન્ડીગો કાર નં. GJ-20-A-2290 બિનવારસી પકડાયેલ છે અને ગુનાની તપાસ ચાલુ છે તથા આરોપીનો પત્તો મેળવવાની કાર્યવાહી ચાલુમાં છે.

(૩) વાહન ૬ (છ) માસ માટે જપ્ત કરેલ છે.

-------

જૂનાગઢ જિલ્લાનાં માંગરોળ ખાતે કતલખાનું પકડાયા બાબત

અતારાંકિતઃ ૭૦૭૫ (તા. ૦૭–૦૧–૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) જૂનાગઢ જિલ્લામાં માંગરોળ ખાતે તા. ૩–૮–૨૦૧૫ના રોજ એક જ અઠવાડિયામાં સતત ગૌવંશની કતલનું બીજું કતલખાનું પોલીસે પકડી પાડ્યું હતું જેમાં ત્રાણું (૯૩) ગૌવંશ ચામડાં, બસ્સો કિલ્લો ગૌમાંસ મળી આવ્યું હતું તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો કેટલા આરોપીઓ સામે શી કાનૂની કાર્યવાહી થઈ છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૮–૨–૧૬)

(૧) જૂનાગઢ જિલ્લામાં માંગરોળ ખાતે તા. ૦૩–૦૮–૨૦૧૫ના રોજ એક જ અઠવાડિયામાં સતત બીજું કતલખાનું પકડેલ હોવાની બાબત સાચી નથી. પરંતુ તા. ૦૩–૦૮–૨૦૧૫ના રોજ ગૌમાંસની બાતમી મળતા પોલીસે રેઈડ કરી ૨૦૦ કિલો ગૌવંશનું માંસ, જીવતો બળદ–૧, પાડી–૫, પાડા–૨ તથા ગૌવંશના લાલ કલરના ચામડા નંગ–૧૦ અને કાળા કલરના (ગૌવંશ સિવાય) ચામડા નંગ–૮૩ પકડી એક કતલખાનું પકડી પાડેલ હતું.

(૨) આ કામે માંગરોળ પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૫૦/૧૫ ઈ.પી.કો. કલમ–૨૯૫, ૪૨૯, ૧૨૦બી, ૧૧૪, પશુ સંરક્ષણધારા અધિનિયમ–૨૦૧૧ની કલમ ૫, ૬(ક) (ખ), ૮, ૧૦ તથા પશુ પ્રત્યે ઘાતકીપણા અટકાવવાની કલમ–૧, આઈ.ડી.ઈ.એફ મુજબ ગુનો દાખલ કરી, ૩ (ત્રણ) આરોપીઓની અટક કરી, કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

-------

માંગરોળમાં ગૌવંશનું કતલખાનું

અતારાંકિતઃ ૭૦૭૬ (તા. ૦૭–૦૧–૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) જૂનાગઢ જિલ્લામાં માંગરોળમાં ગૌવંશની કતલ કરતું ગેરકાયદે કતલખાનું ઓગષ્ટ–૨૦૧૫ના પ્રથમ સપ્તાહમાં પકડાયું હતું તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ કતલખાનાના સંચાલકો સામે પાસા સહિત શી કાનૂની કાર્યવાહી હાથ ધરાઈ છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૮–૨–૧૬)

(૧) હા, જી.

(૨) આ ગુન્હાના કામે માંગરોળ પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૫૦/૧૫ ઈ.પી.કો.કલમ–૨૯૫, ૪૨૯, ૧૨૦બી, ૧૧૪, પશુ સંરક્ષણધારા અધિનિયમ–૨૦૧૧ની કલમ–૫, ૬(ક) (ખ), ૮, ૧૦ તથા પશુ પ્રત્યે ઘાતકીપણા અટકાવવાની કલમ–૧૧, આઈ.ડી.ઈ.એફ મુજબ ગુનો દાખલ કરી, ૩ (ત્રણ) વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે તથા તે પૈકી ૧ (એક) આરોપી ઉપર પાસા કરવામાં આવેલ છે.

-------

દેવગઢ બારીયામાંથી ગૌવંશને પકડવા બાબત

અતારાંકિતઃ ૭૦૭૭ (તા. ૦૭–૦૧–૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) દાહોદ તાલુકાના દેવગઢબારીયામાંથી તા. ૩–૮–૨૦૧૫ના રોજ પાણી–ઘાસચારા વિના કતલખાનામાં લઈ જવાતા ગૌવંશ વાછરડાઓને દોરડા વડે પગે અને મો પર અત્યંત ક્રૂરતાપૂર્વક બાંધી લોડીંગ રીક્ષામાં લઈ જતા પકડાયા હતા તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ ગુનાહીત કૃત્યના કેટલા આરોપીઓ સામે શી કાનૂની કાર્યવાહી થઈ છે, અને

(૩) ગુન્હામાં સંડોવાયેલ વાહન ૨૦૧૧ના નવા સુધારા અધિનિયમ નીચે ૬ માસ માટે જપ્ત કરાયું છે કે કેમ ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૮–૨–૧૬)

(૧) હા, જી.

(૨) આ ગુનાના કામે દેવગઢ બારીયા પો.સ્ટે. સેકન્ડ ગુ.ર.નં. ૧૨૨/૧૫ પ્રાણી ક્રુરતા અધિનિયમ ૧૯૬૦ની કલમ – ૧૧(૧) એ,ડીસી,ઈ,એફ,એચ તથા પ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪ની કલમ ૫, ૮ (૩) તથા ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ–૨૦૧૧ની કલમ–૫ (૧) (ક), ૬(ક) તથા ઈ.પી.કો. કલમ–૨૭૯, ૧૧૪ મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ છે. આ ગુનામાં કુલ–૨ (બે) આરોપીઓની અટક કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩) વાહન ૬ (છ) માસ માટે જપ્ત કરેલ છે.

-------

સુરેન્દ્રનગર જિલ્લાનાં રતનપર ગામમાંથી ભેંસોને બચાવવા બાબત

અતારાંકિતઃ ૭૦૭૮ (તા. ૦૭–૦૧–૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના રતનપર ગામમાંથી જોરાવરનગર પોલીસે ગૌરક્ષકોની બાતમીના આધારે તા. ૩–૮–૨૦૧૫ના રોજ ગેરકાયદેસર કતલખાનામાં ક્રૂરતાપૂર્વક લઈ જવાતી આઠ ભેંસોને બચાવી લીધી હતી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ ગુનાહીત કૃત્યના કેટલા આરોપીઓ સામે શી કાનૂની કાર્યવાહી થઈ છે, અને

(૩) ગુન્હામાં સંડોવાયેલ વાહન ૨૦૧૧ના નવા સુધારા અધિનિયમ નીચે છ માસ માટે જપ્ત કરાયું છે કે કેમ ?

## અતારાંકિત પ્રશ્નો

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૮–૨–૧૬)

(૧) હા, જી. પરંતુ આ ભેંસોને કતલખાને લઈ જવામાં આવતી ન હતી.

(૨) બનાવ અંગે જોરાવરનગર પો.સ્ટે. સેકન્ડ ગુ.ર.નં. ૩૦૭૧/૨૦૧૫ પશુ ક્રુરતા અધિનિયમ ૧૯૬૦ની કલમ –૧૧ ઘ, ચ, છ મુજબનો ગુનો નોંધાયેલ છે. આ ગુનામાં ૨ (બે) આરોપીઓને પકડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

(૩) ગુન્હામાં પકડાયેલ ભેંસો કતલખાનામાં લઈ જવાતી ન હોવાથી, પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ–૨૦૧૧ની કલમ લગાડેલ ન હોય વાહન છ માસ માટે જપ્ત કરાયેલ નથી.

–––––––

માતર તાલુકામાં સંધાણા ગામની સીમમાં ગૌવંશની કતલ બાબત

અતારાંકિતઃ ૭૨૦૮ (તા. ૦૬–૦૧–૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) માતર તાલુકાના સંધાણા ગામની સીમમાં તા. ૬–૧૦–૧૪ના રોજ રેડ પાડતા પોલીસે એક વાછરડાની કતલ કરેલ હાલતમાં જ્યારે અન્ય ચાર ગૌવંશ વાછરડા જીવતા મળી આવ્યા હતા તે હકિકત સાચી છે, અને

(૨) જો હા, તો આ ગુનાહીત કૃત્યના કેટલા આરોપીઓ સામે શી કાર્યવાહી થઈ છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૮–૨–૧૬)

(૧) હા, જી.

(૨) આ ગુન્હાના કામે માતર પો.સ્ટે. સેકન્ડ ગુ.ર.નં. ૫૧/૨૦૧૪ પશુ સંરક્ષણ ધારા અને ગૌહત્યા પ્રતિબંધ ધારા કલમ–૫, ૬, ૮, ૧૦ મુજબનો ગુનો દાખલ કરીને કુલ–૨(બે) આરોપીઓની અટક કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

–––––––

હળવદ તાલુકાનાં પાંડાલીરથી ગામમાં ગૌવંશ કતલનું કતલખાનું પકડાયા બાબત

અતારાંકિતઃ ૭૨૦૯ (તા. ૦૭–૦૧–૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) હળવદ તાલુકાના પાંડાલીરથી ગામમાં ગૌવંશનું ગેરકાયદે કતલખાનું ડિસેમ્બર–૨૦૧૫ના પ્રથમ સપ્તાહમાં મળી આવ્યું હતુ તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ ગેરકાનુની કતલખાનુ ચલાવતા કેટલા ઈસમો સામે શી કાનૂની કાર્યવાહી થઈ છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૮–૨–૧૬)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

–––––––

હળવદ તાલુકાનાં સરંભડા ગામની વાડીમાંથી પકડાયેલ ગૌમાંસ બાબત

અતારાંકિતઃ ૭૨૧૦ (તા. ૦૭–૦૧–૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) હળવદ તાલુકાના સરંભડા ગામની વાડીની ઓરડીઓમાંથી ડિસેમ્બર–૨૦૧૫માં આશરે ૩૦૦ કિલો ગૌમાંસ મળી આવ્યું હતું તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત ગુનાહિત કામમાં સંડોવાયેલા કેટલા ઈસમો સામે શી કાનૂની કાર્યવાહી થઈ છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૮–૨–૧૬)

(૧) હા, જી.

(૨) આ ગુન્હાના કામે હળવદ પો. સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૧૫૭/૧૫ ઈ.પી.કો.કલમ–૪૨૯ તથા પશુ સંરક્ષણ અધિનિયમ કલમ–૫, ૬, ૮, ૯, ૧૦ તથા ઢોર અતિક્રમણ ધારા કલમ–૧૧ (એલ) (એ) મુજબ ગુનો દાખલ કરીને કુલ–૩ (ત્રણ) આરોપીઓની અટક કરી, કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

–––––––

## તા. ૩૦મી માર્ચ, ૨૦૧૬
## અતારાંકિત પ્રશ્નો

અમદાવાદમાં બાળકોની જાતિય સતામણીના કેસ અદાલતમાં ચલાવવા સરકારી વકીલની નિમણૂક બાબત

અતારાંકિતઃ ૬૬૨૨ (૧૪–૧૨–૧૫) શ્રી રાઘવજીભાઈ પટેલ (જામનગર–ગ્રામ્ય): માનનીય કાયદામંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) અમદાવાદમાં બાળકોની જાતિય–સતામણી સંબંધી કેસો ચલાવવા "પોસ્કો" (ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુલ ઓફેન્સીસ એક્ટ–૨૦૧૨) અદાલતની તા. ૧–૩–૨૦૧૪માં સ્થાપના કરાઈ છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૦–જુન–૨૦૧૫ની સ્થિતિએ આ અદાલતમાં સરકારી વકીલ નીમવામાં આવ્યા નથી, તે હકીકત થી સરકાર વાકેફ છે,

(૩) અદાલત શરુ થઈ ગયા પછી આટલા લાંબા સમય સુધી સરકારી વકીલની નિમણૂક નહી કરવાના શા કારણો છે. અને તે માટે કોણ જવાબદાર છે,

(૪) જવાબદાર સામે ઉક્ત સ્થિતિએ શા પગલા લેવાયા છે, અને

(૫) આ નિમણૂક ક્યા સુધીમાં કરવામાં આવનાર છે ?

કાયદામંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૪–૨–૧૬)

(૧) હા, જી.

(૨) "પોસ્કો" (ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુલ ઓફેન્સીસ એક્ટ–૨૦૧૨) હેઠળના કેસો માટે સ્થાપાયેલી ખાસ અદાલતોમાં આ પ્રકારના કેસો ચલાવવા માટે અત્રેના તા. ૧૫–૪–૨૦૧૫ના જાહેરનામાં ક્રમાંકઃ એપીટી/૩૩૨૦૧૪/ ૨૮૧/ હ થી તમામ જિલ્લા સરકારી વકીલ/પબ્લિક પ્રોસીક્યુટરને અધિકૃત કરેલા છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

પોરબંદર, ગીર સોમનાથ અને કચ્છ જિલ્લામાં ઈન્દિરા આવાસ અને સરદાર આવાસ યોજના

અતારાંકિતઃ ૫૫૩૯ (૨૨–૦૭–૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે :–

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૫ ની સ્થિતિએ રાજ્ય સરકાર સરદાર આવાસ યોજના બંધ કરવાની વિચારણા કરી રહી છે તે હકીકત સાચી છે,

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર સરદાર આવાસ યોજના અને ઈન્દિરા આવાસ યોજના હેઠળ પોરબંદર, ગીર સોમનાથ અને કચ્છ જિલ્લામાં કેટલા આવાસો બાંધવામાં આવ્યા,

(૩) આ આવાસો બાંધવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર અને લાભાર્થીનો કેટલો ફાળો નકકી કરવામાં આવેલ છે, અને

(૪) ઉકત આવાસો બાંધવા માટે કેન્દ્ર સરકાર પાસે વર્ષવાર કેટલી ગ્રાન્ટની માંગણી સામે કેટલી ગ્રાન્ટ મંજૂર કરી?

પંચાયત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) : (૦૧–૦૨–૨૦૧૬)

(૧) ના, જી

(૨) તા. ૩૧–૦૩–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર સરદાર આવાસ યોજના હેઠળ પોરબંદર, ગીર સોમનાથ અને કચ્છ જિલ્લામાં કુલ ૬૧૩૬ આવાસો બાંધવામાં આવ્યા, જેની વર્ષવાર અને જિલ્લાવાર વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | પોરબંદર | ગીર સોમનાથ | કચ્છ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૦–૧૧ | ૪૧૩ | ૭૦ | ૯૪૫ | ૧૪૨૮ |
| ૨ | ૨૦૧૧–૧૨ | ૫૭ | ૪૪૩ | ૧૨ | ૫૧૨ |
| ૩ | ૨૦૧૨–૧૩ | ૬૫૬ | ૮૪૫ | ૨૫૯ | ૧૭૬૦ |
| ૪ | ૨૦૧૩–૧૪ | ૬૦ | ૧૩૨ | ૨૨૨૨ | ૨૪૧૪ |
| ૫ | ૨૦૧૪–૧૫ | ૦ | ૦ | ૨૨ | ૨૨ |

| | | | | |
|---|---|---|---|---|
| કુલ | ૧૧૮૬ | ૧૪૯૦ | ૩૪૬૦ | ૬૧૩૬ |

(અ) તા. ૩૧-૦૩-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ પોરબંદર, ગીર સોમનાથ અને કચ્છ જિલ્લામાં ૫૭૮૮ આવાસો બાંધવામાં આવ્યા, જેની વર્ષવાર અને જિલ્લાવાર વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | પોરબંદર | ગીર સોમનાથ | કચ્છ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૦-૧૧ | ૨૫ | ૪૪૦ | ૨૫૭ | ૭૨૨ |
| ૨ | ૨૦૧૧-૧૨ | ૧૮૩ | ૮૭૭ | ૨૩૮ | ૧૨૯૮ |
| ૩ | ૨૦૧૨-૧૩ | ૪૩૮ | ૨૯૨ | ૪૨૪ | ૧૧૫૪ |
| ૪ | ૨૦૧૩-૧૪ | ૨૯૭ | ૧૦૯૫ | ૫૨૯ | ૧૯૨૧ |
| ૫ | ૨૦૧૪-૧૫ | ૯૬ | ૫૦૯ | ૮૮ | ૬૯૩ |
| | કુલ | ૧૦૩૯ | ૩૨૧૩ | ૧૫૩૬ | ૫૭૮૮ |

(૩) આ ઈન્દિરા આવાસો બાંધવા કેન્દ્ર સરકારનો ૭૫% અને રાજય સરકારનો ૨૫% ફાળો છે લાભાર્થીઓનો ફાળો નથી. જયારે સરદાર આવાસ યોજના હેઠળ રાજય સરકારની સહાય રૂ. ૪૫૦૦૦/- લાભાર્થી શ્રમ ફાળો રૂ. ૭૦૦૦/- છે અને કેન્દ્ર સરકાર તરફથી કોઈ સહાય આપવામાં આવતી નથી.

(૪) ઈન્દિરા આવાસ યોજનામાં ભારત સરકારશ્રીના ગ્રામીણ વિકાસ મંત્રાલયને ૬૦% કે તેથી વધુ ખર્ચ કરીને બે હપ્તામાં ગ્રાન્ટ દરખાસ્ત મોકલવાની હોય છે. આ દરખાસ્તના અનુસંધાને ભારત સરકારશ્રી તરફથી જિલ્લાને ફાળવેલ લક્ષ્યાંકના ૫૦% મુજબની ગ્રાન્ટ પ્રથમ હપ્તામાં અને ૫૦% મુજબની ગ્રાન્ટ બીજા હપ્તામાં ફાળવવામાં આવતી હોય છે, તેથી દરખાસ્તમાં રકમ માંગણી કરવાનો પ્રશ્ન રહેતો નથી.

ઉકત આવાસો બાંધવા માટે કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૧૫૧૫.૧૭ લાખની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી. વર્ષવાર અને જિલ્લાવાર વિગતો દર્શાવતું પત્રક નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | ભારત સરકારશ્રી દ્વારા મંજુર કરેલ રકમ રૂ. લાખમાં | | | કુલ |
|---|---|---|---|---|---|
| | | પોરબંદર | ગીર સોમનાથ | કચ્છ | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ૨૦૧૦-૧૧ | ૧૨૮.૩૪ | ૦.૦૦ | ૭૪૪.૩૭ | ૮૭૨.૭૧ |
| ૨ | ૨૦૧૧-૧૨ | ૮૧.૦૨ | ૦.૦૦ | ૦.૦૦ | ૮૧.૦૨ |
| ૩ | ૨૦૧૨-૧૩ | ૧૩૮.૯ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૩૮.૯૦ |
| ૪ | ૨૦૧૩-૧૪ | ૧૩૬.૫૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૩૬.૫ |
| ૫ | ૨૦૧૪-૧૫ | ૪૦.૯૫ | ૦.૦૦ | ૨૪૫.૦૯ | ૨૮૬.૦૪ |
| | કુલ | ૫૨૫.૭૧ | ૦.૦૦ | ૯૮૯.૪૬ | ૧૫૧૫.૧૭ |

સરદાર આવાસ યોજના ૧૦૦% રાજય પુરસ્કૃત યોજના હોવાથી તેના પૂરતો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------

રાજકોટ, દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં ઈન્દિરા આવાસ અને સરદાર આવાસ યોજના

અતારાંકિતઃ ૫૫૪૧ (૨૨-૦૭-૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૫ ની સ્થિતિએ રાજય સરકાર સરદાર આવાસ યોજના બંધ કરવાની વિચારણા કરી રહી છે તે હકીકત સાચી છે,

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર સરદાર આવાસ યોજના અને ઈન્દિરા આવાસ યોજના હેઠળ રાજકોટ, દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં કેટલા આવાસો બાંધવામાં આવ્યા,

(૩) આ આવાસો બાંધવા માટે કેન્દ્ર અને રાજય સરકાર અને લાભાર્થીનો કેટલો ફાળો નકકી કરવામાં આવેલ છે, અને

(૪) ઉકત આવાસો બાંધવા માટે કેન્દ્ર સરકાર પાસે વર્ષવાર કેટલી ગ્રાન્ટની માંગણી સામે કેટલી ગ્રાન્ટ મંજૂર કરી?

પંચાયત મંત્રીશ્રી (રાજય કક્ષા) : (૦૨-૦૨-૨૦૧૬)

(૧) ના, જી

(૨) તા. ૩૧-૦૩-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર સરદાર આવાસ યોજના હેઠળ રાજકોટ, દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં કુલ ૨૬૦૦ આવાસો બાંધવામાં આવ્યા, જેની વર્ષવાર અને જિલ્લાવાર વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | રાજકોટ | દેવભૂમિ દ્વારકા | જામનગર | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૦-૧૧ | ૦ | ૧૨૪ | ૦ | ૧૨૪ |
| ૨ | ૨૦૧૧-૧૨ | ૪ | ૬૮ | ૦ | ૭૨ |
| ૩ | ૨૦૧૨-૧૩ | ૯૩૭ | ૩૬૬ | ૬૭૪ | ૧૯૭૭ |
| ૪ | ૨૦૧૩-૧૪ | ૧૨ | ૪૭ | ૩૩૭ | ૩૯૬ |
| ૫ | ૨૦૧૪-૧૫ | ૦ | ૩૧ | ૦ | ૩૧ |
| | કુલ | ૯૫૩ | ૬૩૬ | ૧૦૧૧ | ૨૬૦૦ |

(અ) તા. ૩૧-૦૩-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ રાજકોટ, દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં ૫૮૮૯ આવાસો બાંધવામાં આવ્યા, જેની વર્ષવાર અને જિલ્લાવાર વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | રાજકોટ | દેવભૂમિ દ્વારકા | જામનગર | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૦-૧૧ | ૯૫૮ | ૫૩ | ૧૩૩ | ૧૧૪૪ |
| ૨ | ૨૦૧૧-૧૨ | ૪૪૦ | ૨૯૬ | ૫૧૬ | ૧૨૫૨ |
| ૩ | ૨૦૧૨-૧૩ | ૪૭૯ | ૩૦૪ | ૩૩૩ | ૧૧૧૬ |
| ૪ | ૨૦૧૩-૧૪ | ૬૬૮ | ૨૮૦ | ૨૮૪ | ૧૨૩૨ |
| ૫ | ૨૦૧૪-૧૫ | ૩૭૮ | ૩૯૬ | ૩૭૧ | ૧૧૪૫ |
| | કુલ | ૨૯૨૩ | ૧૩૨૯ | ૧૬૩૭ | ૫૮૮૯ |

(૩) આ ઈન્દિરા આવાસો બાંધવા કેન્દ્ર સરકારનો ૭૫% અને રાજય સરકારનો ૨૫% ફાળો છે લાભાર્થીઓનો ફાળો નથી. જયારે સરદાર આવાસ યોજના હેઠળ રાજય સરકારની સહાય રૂ. ૪૫૦૦૦/- લાભાર્થી શ્રમ ફાળો રૂ. ૭૦૦૦/- છે અને કેન્દ્ર સરકાર તરફથી કોઈ સહાય આપવામાં આવતી નથી.

(૪) ઈન્દિરા આવાસ યોજનામાં ભારત સરકારશ્રીના ગ્રામીણ વિકાસ મંત્રાલયને ૬૦% કે તેથી વધુ ખર્ચ કરીને બે હપ્તામાં ગ્રાન્ટ દરખાસ્ત મોકલવાની હોય છે. આ દરખાસ્તના અનુસંધાને ભારત સરકારશ્રી તરફથી જિલ્લાને ફાળવેલ લક્ષ્યાંકના ૫૦% મુજબની ગ્રાન્ટ પ્રથમ હપ્તામાં અને ૫૦% મુજબની ગ્રાન્ટ બીજા હપ્તામાં ફાળવવામાં આવતી હોય છે, તેથી ગ્રાન્ટ દરખાસ્તમાં રકમ માંગણી કરવાનો પ્રશ્ન રહેતો નથી.

ઉકત આવાસો બાંધવા માટે કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૧૦૨૯.૨૭ લાખની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી. વર્ષવાર અને જિલ્લાવાર વિગતો દર્શાવતું પત્રક નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | ભારત સરકારશ્રી દ્વારા મંજુર કરેલ રકમ રૂ. લાખમાં | | | કુલ |
|---|---|---|---|---|---|
| | | રાજકોટ | દેવભૂમિ દ્વારકા | જામનગર | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ૨૦૧૦-૧૧ | ૦.૦૦ | ૮૭.૭૬ | ૭૭.૫૦ | ૧૬૫.૨૬ |
| ૨ | ૨૦૧૧-૧૨ | ૦.૦૦ | ૩૭.૧૩ | ૩૯.૩૬ | ૭૩.૪૯ |
| ૩ | ૨૦૧૨-૧૩ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૪ | ૨૦૧૩-૧૪ | ૦.૦૦ | ૨૭૫.૧૧ | ૫૧૨.૪૧ | ૭૮૭.૫૨ |
| ૫ | ૨૦૧૪-૧૫ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| કુલ | ૦.૦૦ | ૪૦૦.૦૦ | ૬૨૯.૨૭ | ૧૦૨૯.૨૭ |

સરદાર આવાસ યોજના ૧૦૦% રાજ્ય પુરસ્કૃત યોજના હોવાથી તેના પૂરતો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------

બનાસકાંઠા, સાબરકાંઠા અને પાટણ જિલ્લામાં ઈન્દિરા આવાસ અને સરદાર આવાસ યોજના

અતારાંકિતઃ ૫૫૪૨ (૨૨-૦૭-૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૫ ની સ્થિતએ રાજ્ય સરકાર સરદાર આવાસ યોજના બંધ કરવાની વિચારણા કરી રહી છે તે હકીકત સાચી છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર સરદાર આવાસ યોજના અને ઈન્દિરા આવાસ યોજના હેઠળ બનાસકાંઠા, સાબરકાંઠા અને પાટણ જિલ્લામાં કેટલા આવાસો બાંધવામાં આવ્યા,

(૩) આ આવાસો બાંધવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર અને લાભાર્થીનો કેટલો ફાળો નકકી કરવામાં આવેલ છે, અને

(૪) ઉક્ત આવાસો બાંધવા માટે કેન્દ્ર સરકાર પાસે વર્ષવાર કેટલી ગ્રાન્ટની માંગણી સામે કેટલી ગ્રાન્ટ મંજૂર કરી?

પંચાયત મંત્રીશ્રી (રાજય કક્ષા) : (૦૧-૦૨-૨૦૧૬)

(૧) ના, જી

ઉક્ત નીતિ પાંચ વર્ષ માટે અમલી રહેશે અને તે દરમ્યાન સ્થાપાયેલ એકમ વધુમાં વધુ ૨૫ વર્ષ સુધી નીતિ અંતર્ગત લાભો મેળવવા પાત્ર રહેશે.

આ નીતિ અંતર્ગત આવા પાવર પ્રોજેક્ટ માટે જમીન શહેરી સ્થાનિક સંસ્થા, મ્યુનિસિપલ કોર્પોરેશન વગેરે જે તે સંસ્થા દ્વારા રૂ. ૧ના પ્રતિક દરે લીઝ ઉપર આપવામાં આવશે અને તે અંગેની સ્ટેમ્પ ડ્યૂટી જે તે શહેરી સ્થાનિક સંસ્થા ભોગવશે. વિશેષમાં સંબંધિત શહેરી સ્થાનિક સંસ્થા ઞિબિફક્ષ ક્ક્ષભફહ ઇઞ્ઞમુ (ઞક્ઇ)ીં પાવર પ્રોજેક્ટ ઉપર કોઇ ટેક્સ/સેસ/રોયલ્ટી/લેવી કે તે પ્રકારના ચાર્જ નાખશે નહીં.

જે તે શહેરી સ્થાનિક સંસ્થા (ઞક્ઇ) શહેરી ઘન કચરો પાવર પ્રોજેક્ટ માટે વિના મૂલ્યે આપશે અને તેવો કચરો પાવર પ્રોજેક્ટના સ્થળે જે તે ઞક્ઇ પહોંચાડશે. રૂ. ૧ના દરે લીઝ પર મળતી જમીન અને વિના મૂલ્યે અપાનાર શહેરી ઘન કચરો લક્ષમાં રાખીને ગુજરાત એનર્જી રેગ્યુલેટરી કમિશન દ્વારા સામાન્ય (જેનેરીક) ટેરીફ નિર્ધારિત કરવામાં આવશે. સંબંધિત શહેરી સ્થાનિક સંસ્થા દ્વારા કચરામાંથી ઉર્જા ઉત્પન્ન કરવાના પ્રોજેકટ માટે બીડ મંગાવવામાં આવશે, જેમાં પ્રોજેક્ટના ડેવલોપર દ્વારા વેચાનાર વીજળીના યુનિટ દીઠ કેટલી સબસિડી (ટ્શફબહ્ય ત્ર્ફ્ફા ત્ર્ીક્ષમશક્ષલ) જોઇએ છે, તે રકમ સ્પર્ધાત્મક બીડમાં જણાવવાની રહેશે અને તે આધારે સૌથી ઓછું ટ્શફબહ્ય ત્ર્ફ્ફા ત્ર્ીક્ષમશક્ષલ માંગતા બીડરને ઞક્ઇ પ્રોજેક્ટ હેઠળ ડેવલપર તરીકે પસંદ કરવામાં આવશે.

આવા પ્રોજેક્ટોમાંથી ઉત્પન્ન થતી વીજળીને વિદ્યુત શુલ્કમાંથી સંપૂર્ણપણે મુક્તિ આપવામાં આવશે અને તેને ક્રોસ સબસિડી સરચાર્જ-એડિશનલ સરચાર્જમાંથી પણ મુક્તિ આપવામાં આવશે. તે જ રીતે વ્હીલીંગ ચાર્જીસ અને ડિસ્ટ્રીબ્યુશન લોસમાં પણ ૫૦ ટકા કન્સેશન આપવામાં આવશે. આ નીતિ શહેરી ઘન કચરાના નિકાલ માટે ઉત્તમ વિકલ્પ સાબિત થશે અને પર્યાવરણ બચાવવાના હેતુ માટે તેમજ શહેરી વિસ્તારોમાં સામાન્ય જનની સ્વાસ્થ્ય સુખાકારી માટે આ નીતિ અંતર્ગત સ્થાપાનાર પ્રોજેક્ટો માટે હિતકારી રહેશે તેવી અપેક્ષા છે.

### ગુજરાત સ્મોલ હાઇડલ પોલીસી-૨૦૧૬

રાજયમાં ડેમ, નહેરો કે નદી ઉપર જળ આધારિત નાના વિદ્યુત પ્રોજેક્ટોને પ્રોત્સાહન આપવાના હેતુથી તા. ૨૮-૩-૨૦૧૬ના રોજ આ નીતિ જાહેર કરવામાં આવેલ છે.

ઉક્ત પોલીસી પાંચ વર્ષ માટે અમલી રહેશે અને તે દરમ્યાન સ્થપાનાર એકમો મહત્તમ ૩૫ વર્ષ સુધી લાભો મેળવી શકશે. આ નીતિ અંતર્ગત ૨૫ મેગાવોટ સુધીના જળ વિદ્યુત એકમો સ્થાપાશે અને તેઓ દ્વારા ઉત્પન્ન થતી વીજળી ગુજરાત એનર્જી રેગ્યુલેટરી કમિશન નિર્ધારિત કરે તે ટેરીફથી અથવા સ્પર્ધાત્મક બીડથી નક્કી થાય તે ટેરીફથી વેચી શકાશે.

આવા એકમો દ્વારા ઉત્પન્ન થતી વીજળી વિદ્યુત શુલ્કમાંથી સંપૂર્ણપણે મુક્ત રહેશે અને આવા કેપ્ટીવ પાવર પ્રોજેક્ટોને વ્હીલીંગ ચાર્જ અને ડિસ્ટ્રીબ્યુશન લોસમાં ૫૦ ટકા કન્સેશન મળવાપાત્ર રહેશે. વિશેષમાં ત્રીજા પક્ષકારને વીજળી વેચે તેવા નાના હાઇડલ પ્રોજેક્ટને ક્રોસ સબસિડી સરચાર્જ અને એડિશનલ સરચાર્જમાં પણ ૫૦ ટકા કન્સેશન મળવાપાત્ર રહેશે.

પર્યાવરણ બચાવવાની પહેલ તરીકે અને પ્રદૂષણ રહિત પુનઃપ્રાપ્ય ઉર્જાને પ્રોત્સાહન આપવાના હેતુથી આ બન્ને નીતિઓ સરકારે જાહેર કરેલ છે.

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

### અકસ્માત થતાં પરીક્ષા આપવાથી વંચિત રહેલ વિદ્યાર્થીનીઓને રાહત આપવા અંગે

શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત ઉપર માનનીય શિક્ષણ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

''તાજેતરમાં આણંદ જિલ્લાના સોજીત્રા તાલુકાના મલાતજ ગામ નજીક ધોરણ-૧૨ની વિદ્યાર્થિનીઓ ટ્રકમાં બેસી પરીક્ષા આપવા જતી હતી, તે દરમ્યાન ટ્રક ખાડામાં પડતા ૩૧ જેટલી વિદ્યાર્થિનીઓ ઇજાગ્રસ્ત થઇ હતી. તેથી તેઓ પરીક્ષા

આપવાથી વંચિત રહી ગયેલ છે. જેથી આ વિદ્યાર્થિનીઓને યોગ્ય રાહત આપવા રાજ્ય સરકારે લીધેલા કે લેવા ધારેલા પગલાં.''

શ્રી નાનુભાઇ ભ. વાનાણી (શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તા.૮મી માર્ચ ૨૦૧૬થી ધો.૧૨ સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહ અને ધો–૧૦ની પરીક્ષાઓ શરૂ કરવામાં આવેલ. રાજ્યના ૧૮,૭૫,૬૦૭ જેટલા વિદ્યાર્થીઓની પરીક્ષા ૨૦૩ ઝોનમાં ૧૬૦૭ કેન્દ્રો ઉપરથી ૬૬૭૬૮ જેટલા પરીક્ષા ખંડોમાં પરીક્ષા લેવામાં આવેલ છે/ લેવાઇ રહેલ છે.

તા–૮ માર્ચ થી ૨૨ માર્ચ દરમિયાન લેવાયેલ પરીક્ષા ખૂબ જ શાંતિપૂર્ણ વાતાવરણમાં લેવામાં આવેલ છે. ખેડા જિલ્લાની વસો તાલુકાની એસ.આઇ.પટેલ ઇપ્કોવાલા કન્યા વિદ્યાલય, ગામ રૂણની ૪૮ વિદ્યાર્થીઓ એમ.એમ.હાઇસ્કૂલ, સોજીત્રા ખાતે તા.૧૭–૩–૨૦૧૬ના રોજ બપોરના ૩.૦૦ થી ૬.૩૦ ના સમયગાળા દરમિયાન યોજાયેલ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ હિન્દી વિષયની પરીક્ષા આપવા માટે આયશર કંપનીના ખાનગી વાહન દ્વારા જતી હતી ત્યારે આ વાહનને સોજીત્રાના મલાતજ ગામ નજીક અકસ્માત નડતા ૪૮ વિદ્યાર્થીઓને નડિયાદ ખાતેની સંજય હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ.

જે પૈકી ૧૬ વિદ્યાર્થીઓને સામાન્ય ઇજા થતા જરૂરી સારવાર આપી હોસ્પિટલમાંથી રજા આપવામાં આવતાં આ વિદ્યાર્થિનીઓ તા.૧૭–૩–૨૦૧૬ના રોજ લેવામાં આવેલ હિન્દી વિષયથી પરીક્ષામાં ઉપસ્થિત રહેલ હતી અને આ વિદ્યાર્થીનીઓ ત્યારબાદની તમામ વિષયોની પરીક્ષામાં પણ ઉપસ્થિત રહેલ હતી.

જ્યારે બાકીની ૩૨ વિદ્યાર્થિનીઓને અસ્થિભંગની ઇજાઓ થવાથી તેમને સંજય હોસ્પિટલ નડિયાદમાં સારવારની વધુ જરૂરીયાત રહેતા આ ૩૨ વિદ્યાર્થિનીઓ પૈકી ૨૨ વિદ્યાર્થિનીઓ ૪ વિષયોની પરીક્ષા, ૭ વિદ્યાર્થિનીઓ ૨ વિષયોની અને ૩ વિદ્યાર્થિનીઓ ૧ વિષયની પરીક્ષા આપી શકેલ ન હતી. અકસ્માત સંદર્ભે પોલીસ દ્વારા ગુન્હો દાખલ કરવામાં આવેલ છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પરીક્ષા વિનિયમો ૧૯૭૫ અને ૧૯૭૭ માં નક્કી થયેલ હતા. ત્યારબાદ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમો (સુધારેલા)–૨૦૦૫ સરકારશ્રી દ્વારા મંજૂર કરવામાં આવેલ છે. જે ધ્યાને લેતાં કોઇ વિદ્યાર્થીને આકસ્મિક સંજોગો ઉભા થાય અને બોર્ડની જાહેર પરીક્ષા આપવાથી વંચિત રહે તો એવા વિદ્યાર્થીઓ માટે અલગથી પરીક્ષા લેવાની કોઇ જોગવાઇ પરીક્ષા વિનિયમો અંતર્ગત થયેલ નથી.

હાલમાં જે જોગવાઇઓ છે તે મુજબ સામાન્ય પ્રવાહ ધો–૧૨માં કોઇ વિદ્યાર્થી કોઇ એક વિષયમાં નાપાસ થાય અથવા તો ગેરહાજર રહે તો તેવા વિદ્યાર્થીઓ માટે જુલાઇમાં પુરક પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવે છે. એકથી વધારે વિષયોમાં નાપાસ થાય અથવા ગેરહાજર રહે તેવા વિદ્યાર્થીઓએ ત્યારબાદના વર્ષમાં માર્ચ મહિનામાં જ પરીક્ષા આપવાની રહે છે.

ધો–૧૨ સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉત્તર બુનિયાદી અને સંસ્કૃત માધ્યમમાં મળીને કુલ વિષયો ૯૨ છે. જુલાઇ પુરકમાં એક વિષયમાં નાપાસ થનાર વિદ્યાર્થીઓની પરીક્ષા લેવામાં આવે છે. જેમાં દર વર્ષે લગભગ એક લાખ જેટલા વિદ્યાર્થીઓની પુરક પરીક્ષા લેવામાં આવે છે. એકથી વધુ વિષયો માટે જો પુરક પરીક્ષા લેવાનું રાખવામાં આવે તો ધો–૧૨ સામાન્ય પ્રવાહની માફક જ ૯૨ વિષયો માટે ઓછામાં ઓછા ૧૨ દિવસ પરીક્ષા લેવી પડે. હાલ જે વ્યવસ્થા છે તેમાં ૯૨ વિષયોની પુરક પરીક્ષા એક જ દિવસે અલગ અલગ પરીક્ષા બિલ્ડીંગોમાં અલગ અલગ બ્લોકમાં અલગ અલગ વિષયની લેવાની વ્યવસ્થા કરાય છે. જો એક કરતા વધુ વિષયની પરીક્ષા લેવાની હોય તો તે માટે સામાન્ય પરીક્ષાની જેમ જ કાર્યક્રમ બનાવવો પડે. જે બાબત શિક્ષણને વિપરીત અસર કરનાર નીવડે. ઉત્તરવહીઓના મૂલ્યાંકન અને પરિણામમાં પણ એક માસ જેટલો સમય લાગે. જુન માસથી શાળાઓનું શૈક્ષણિક સત્ર શરૂ થઇ ગયેલ હોય છે. જેથી ઉત્તરવહીના મૂલ્યાંકનમાં પણ મુશ્કેલીઓ ઉભી થાય અને શાળાના શિક્ષણકાર્યને પણ અસર થાય. આ બધી બાબતોને ધ્યાને લઇને બોર્ડ દ્વારા ધો–૧૨ સામાન્ય પ્રવાહમાં જુલાઇમાં પુરક પરીક્ષા માટે એક જ વિષયની પરીક્ષા લેવાનું નિયત કરવામાં આવેલ છે.

જે વિદ્યાર્થીનીઓ પરીક્ષાથી વંચિત રહેલ છે તેઓ પૈકી જેમને એક જ વિષયની પરીક્ષા આપવાની બાકી હોય તેમને જુલાઇમાં પુરક પરીક્ષા આપવાની તક મળે છે. બાકી રહેલ ૩૨ વિદ્યાર્થીનીઓ માટે નિયમોમાં કોઇ જોગવાઇ ન હોવાથી તેઓને આવતી સાલ એટલે કે માર્ચ–૨૦૧૭માં પરીક્ષા આપવાની રહે છે.

બોર્ડ દ્વારા જો જુલાઇ પુરકમાં માત્ર ૩૨ વિદ્યાર્થીનીઓની વ્યવસ્થા કરવા સંદર્ભે વિચારણા કરવામાં આવે તો રાજ્યના બીજા વિદ્યાર્થીઓ કે જે પરીક્ષા આપવાની કોઇને કોઇ કારણોસર વંચિત રહ્યા હોય તેવા વિદ્યાર્થીઓને પણ અન્યાય થાય.

હાલની વ્યવસ્થા બોર્ડ પાસે છે તેને ધ્યાને લેતાં બોર્ડ એક કરતાં વધુ વિષયોની પરીક્ષા જુલાઇ પુરકમાં લઇ શકે તેમ નથી.

શ્રી સંજયકુમાર ૨. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જિલ્લાની ૩૧ જેટલી વિદ્યાર્થિનીઓ પરીક્ષા આપવા જતી હતી અને તે વખતે અકસ્માત થતાં કોઇ વિદ્યાર્થિનીઓ ૪ વિષય, કોઇ ૨ વિષય અને કોઇ ૧ વિષયની પરીક્ષામાં ઉપસ્થિત રહી શકી નથી. એના કારણે એમનું આખુ વર્ષ એના એ જ ધોરણમાં રહેવું પડે તેવી પરિસ્થિતિ છે. સરકારશ્રીએ નિવેદનમાં જણાવ્યું છે કે નિયમ મુજબ કોઇ અલગ વ્યવસ્થા થઇ શકે તેમ નથી. તો આ સિવાય બીજો કોઇ રસ્તો મળે તેવી વ્યવસ્થા કરવા માગો છો કે કેમ?

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ અકસ્માતમાં ૩૨ જેટલી વિદ્યાર્થિનીઓ છે. જેમને કોઇને કોઇ રીતે ફ્રેક્ચર થયેલ હોવાથી પરીક્ષા આપી શકેલ નથી. પરંતુ બોર્ડના વિનિયમો છે તેમાં પરીક્ષામાં છૂટછાટ આપવા માટેની કોઇ જોગવાઇ ન હોવાથી તેમને એક વર્ષ બાદ માર્ચ-૨૦૧૭માં જ તક આપવામાં આવશે.

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

માર્ગ વાહન વ્યવહાર નિગમના ૨૦૧૫-૨૦૧૬ના સુધારેલા અંદાજો

શ્રી શંકરભાઇ લ. ચૌધરી (રા.ક.ના વાહન વ્યવહાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમના સન ૨૦૧૫-૨૦૧૬ના સુધારેલા અંદાજો તેમજ સન ૨૦૧૬-૨૦૧૭ના અંદાજો સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

સુધારેલા અંદાજો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

સ્થાનિક ભંડોળ હિસાબ નિરીક્ષકશ્રીના ઓડિટ અહેવાલ સન ૨૦૧૧-૧૨

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા ( રા.ક.ના પંચાયત મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીનો સન ૨૦૧૧-૨૦૧૨ના વર્ષનો ગ્રામ પંચાયતના હિસાબો પરનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

ઓડિટ અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

સ્થાનિક ભંડોળ હિસાબ નિરીક્ષકશ્રીના ઓડિટ અહેવાલ સન ૨૦૧૨-૧૩

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા ( રા.ક.ના પંચાયત મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીનો સન ૨૦૧૨-૨૦૧૩ના વર્ષનો જિલ્લા અને તાલુકા પંચાયતોના હિસાબો પરનો ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૧૨-૧૩નો ઓડિટ અહેવાલ

શ્રી જશાભાઇ ભા. બારડ ( રા.ક.ના કૃષિ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૧૨-૨૦૧૩નો ઓડિટ અહેવાલ અને તેના ઉપર લેવાયેલ પગલાંનું નિવેદન તથા વાર્ષિક હિસાબ તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

ઓડિટ અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

માનવ અધિકાર આયોગના સન ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ ના વાર્ષિક અહેવાલ

શ્રી રજનીકાંત સો. પટેલ ( રા.ક.ના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત માનવ અધિકાર આયોગના સન ૨૦૧૩-૨૦૧૪ અને ૨૦૧૪-૨૦૧૫ના વાર્ષિક અહેવાલો તથા સન ૨૦૧૩-૨૦૧૪ના વાર્ષિક અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા વર્ષ ૨૦૧૫

શ્રી રમણલાલ વોરા ( શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના :-

સન ૧૯૪૯ના ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનયમ અન્વયેના,

(૧) તા. ૭/૧૧/૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક-કેવી-૨૦૧૫નો ૨૮૮-એએમએન-૨૦૨૦૦૦/૩૧૩૩-પી

(૨) તા. ૭/૧૧/૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક-કેવી-૨૦૧૫નો ૨૮૯-એએમએન-૨૦૨૦૦૦/૩૧૩૩-પી સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

જાહેરનામા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

તારાંકિત પ્રશ્નક્રમાંકઃ ૨૩૧૯૩(અગ્રતાક્રમ-૬)ના અનુસંધાને વધારાની માહિતી.

શ્રી છત્રસિંહ પું. મોરી (અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૧૪-૩-૨૦૧૬ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા સભ્યશ્રી ઇશ્વરસિંહ પટેલના ''અંકલેશ્વર તાલુ;કામાં રાહતદરે ચીજવસ્તુઓનું વિતરણ '' વિષયના તારાંકિત પ્રશ્નક્રમાંકઃ ૨૩૧૯૩ (અગ્રતાક્રમ-૬ )ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

દાખલ કરવાના તથા પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના સરકારી વિધેયકો

તા. ૩૦મી માર્ચ, ૨૦૧૬

ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૧૬

સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ૨૯

ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૧૬

સન ૨૦૧૭ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજયના એકત્રિત ફંડમાંથી અમુક રકમ આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક.

શ્રી સૌરભભાઇ પટેલ (નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંક–૨૯–સન ૨૦૧૬નું ગુજરાત વિનિયોગ વિધેયકને હું આપની પરવાનગીથી દાખલ કરુ છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંક–૨૯–સન ૨૦૧૬ના ગુજરાત વિનિયોગ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : આજે વિનિયોગ વિધેયક ચર્ચા માટે હાથ ધરવાનું છે. આ વિધેયક ઉપર પ્રણાલી મુજબ મુદ્દા સ્વીકારવામાં આવે છે. આ વિધેયકની ચર્ચામાં ભાગ લેવા માટે વિરોધ પક્ષના સભ્યશ્રીએ તેમના મુદ્દા આપેલ છે, પરંતુ તેઓને ગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવામાં આવેલ હોવાથી વિનિયોગ વિધેયક ઉપર હવે ચર્ચાનો કોઇ અવકાશ રહેતો નથી. તેથી વિનિયોગ વિધેયક સીધું જ સભાગૃહના મત પર મૂકવામાં આવશે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંક–૨૯–સન ૨૦૧૬નું ગુજરાત વિનિયોગ વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

કલમ–૨ અને ૩ અને અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકિટંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંક– ૨૯–સન ૨૦૧૬નું ગુજરાત વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી: સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંક–૨૯–સન ૨૦૧૬નું ગુજરાત વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તેને પસાર કરવામાં આવે છે.

સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૩૦

ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ ) વિધેયક, ૨૦૧૬.

સન ૨૦૦૪ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખ, સન ૨૦૦૫ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખ, સન ૨૦૦૬ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખ અને સન ૨૦૦૭ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજયના એકત્રિત ફંડમાંથી અમુક વધુ રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક.

શ્રી સૌરભભાઇ પટેલ (નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંક–૩૦–સન ૨૦૧૬નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયકને હું આપની પરવાનગીથી દાખલ કરુ છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંક–૩૦–સન ૨૦૧૬ના ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી સૌરભભાઇ પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંક–૩૦–સન ૨૦૧૬ના ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૬, અનુસૂચિઓ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકિટંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંક–૩૦–સન ૨૦૧૬ના ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

---

* વિધેયક ૨૮મી માર્ચ, ૨૦૧૬ના રોજ ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

* વિધેયક તા. ૨૯મી માર્ચ, ૨૦૧૬ના રોજ ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

ચૈત્ર ૧૦,૧૯૩૮ શાકે

ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયક, ૨૦૧૬

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંક–૩૦–સન ૨૦૧૬ના ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંક ૨૫.

ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયક, ૨૦૧૬

ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ વધુ સુધારવા બાબત વિધેયક.

શ્રી સૌરભભાઇ પટેલ (નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંક–૨૫–સન ૨૦૧૬ના ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયકને હું આપની પરવાનગીથી દાખલ કરું છું.

વિધેયક દાખલ કરવામાં આવ્યું.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંક–૨૫–સન ૨૦૧૬ના ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી સૌરભભાઇ પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૬–૧૭નું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. ઘણી બધી ચર્ચાઓ આ હાઉસમાં આ બજેટ વિશે કરવામાં આવી હતી. પરંતુ ટેકસેશન બાબતમાં થોડા નિર્ણયો આપણે લીધા હતા અને એ નિર્ણયોના કારણે વેટ એક્ટમાં થોડા એમેન્ડમેન્ટસ અત્યારે હું હાઉસમાં લાવ્યો છું. વાહનોની ખરીદી ઇન્સ્ટિટ્યૂશનલ પરચેઝ થતું હોય છે. આ ઇન્સ્ટિટ્યૂશનલ પરચેઝમાં આપણે વાહન ઉપર ૫ ટકાનો વધારો કર્યો છે એડિશનલ ટેક્સ સહિત. કરન્ટ રેટ જે ૧૫ ટકા હતો એના ૨૦ ટકા કરવા જઇ રહ્યા છીએ. આમાં સ્કૂલ બસ, કોલેજ બસ, પેસેન્જર બસ, ગુડઝ ટ્રક આ બધાની આપણે બાદબાકી રાખી છે. ખાસ કરીને જે વ્યક્તિઓ પોતાના યુઝ માટે ખરીદી કરતી હોય છે એમને પણ આ ટેક્સનું ભારણ લાગશે નહીં. આ ટેક્સનો વધારો કર્યો છે એના કારણે ઘણી બધી કંપનીઓને એના ડેપ્રિશિએશનના લાભો મળવાના છે. આના કારણે રાજ્ય સરકારને વર્ષે ૫૦ કરોડની આવકમાં વધારો થશે. બીજું જે લકઝરી કારો છે, એસ.યુ.વી. છે અને જે લકઝરી ટુ–વ્હીલરો છે એની ખરીદી કરનાર સામાન્ય રીતે એવો વર્ગ હોય છે જે સુખી–સંપન્ન હોય છે અને જેની પાસે નાણાની સારી એવી વ્યવસ્થા હોય છે અને એટલે જ એસ.યુ.વી. કાર ખરીદતા હોય છે. એમાં ૧૫ ટકાના ૨૦ ટકા, એડિશનલ ૫ ટકાના વધારા સાથે અને ૧૫ લાખ ઉપરની લકઝરી કારની ખરીદી માટે છે અને ૧૫ લાખની ખરીદી કરનાર વ્યક્તિ પાસેથી આપણે આ ટેક્સનો વધારો લેવા માગીએ છીએ. એવી રીતે ટુ–વ્હીલરમાં પણ અઢી લાખ રૂપિયા ઉપરનું હોય એનો આમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આના કારણે આપણને વર્ષે ૩૦ કરોડ રૂપિયાની આવકમાં વધારો થશે. પાન–મસાલા, આપણે સૌ જાણીએ છીએ કે હાનિકારક છે. ટોબેકો તો આપણે ત્યાં પ્રોહિબિટેડ છે. પણ પાન – મસાલાનો ઓછો ઉપયોગ કેવી રીતે કરવો એના માટે ટેક્સની અંદર ૧૫% થી ૨૫% સુધી કરવા જઇએ છીએ. ઇન્કલુડીંગ ઓફ એડિશનલ ટેકસ અને આ મૂળ હેતુ છે કે આપણે ડિસકરેજ કરવું છે. લોકોને ખાતા રોકવા તો રોકી શકાય નહિ પણ આના કારણે, મોંઘવારીના કારણે એ લોકોનું કન્ઝમ્પ્શન કેમ ઘટે એ હેતુથી આપણે આ ટેક્સ નાખવા માગીએ છીએ અને એના કારણે ૭૫ કરોડ રૂપિયાની વર્ષે આની અંદર આવક થશે.

માનનીય અધ્યક્ષશ્રી, સોલ્ટ. સોલ્ટ વિષે પણ હાઉસની અંદર ઘણી બધી ચર્ચા થઇ. મારે સભ્યશ્રીઓને ખાસ જાણકારી આપવી છે કે ખાવા માટેના સોલ્ટ ઉપર કોઇ ટેક્સમાં વધારો કર્યો નથી. માત્ર ઇન્ડસ્ટ્રીયલ સોલ્ટ ઉપર જ વધારો કરીએ છીએ. વધારો એટલે આપણે જે સોલ્ટ ઉપર સંપૂર્ણપણે એકઝમશન હતું. એ એકઝમ્પ્શન દૂર કરીએ છીએ અને એની અંદર ઇન્ડસ્ટ્રીયલ સોલ્ટ ઉપર ૫% ટેક્સ લાગે એ પ્રમાણેની આપણી દરખાસ્ત છે. હવે જે સોલ્ટ ખઇએ છીએ એને ફરજીયાત રિફાઇનરી ઉપર મોકલીએ. એટલે આયોડાઇઝ સોલ્ટ ઉપર કોઇ જાતનો ટેક્સ ખાવા ઉપર નથી લાગવાનો અને જે ઇન્ડસ્ટ્રીયલ સોલ્ટ છે એની અંદર ઇન્ડસ્ટ્રીયલ રો–મટિરિયલ્સની અંદર આપણે ડેફીનેશનમાં ઉમેરીએ છીએ. એટલે દા.ત. મોરબી, કચ્છ કે ભરૂચ હોય એ લોકોને ગુજરાતની અંદર કોઇપણ કેમિકલ યુનીટની અંદર માલ વેચ્યો હોય તો ટેક્સ લગાડે સામે કંપની ખરીદનારી કંપનીને એનો ઇનપુટ ટેક્સ ક્રેડિટ મળી જાય એટલે કોઇ જાતનું ભારણ રાજ્ય સરકારને કે ગ્રાહકને કોઇ જાતનું ભારણ થતું નથી. આ માત્ર ને માત્ર એક જાતનું નાનું કાણું–બાકોરું હતું એ પૂરી એટલે છીએ કે જ્યારે આ સોલ્ટ ગુજરાતની બહાર જાય ત્યારે સોલ્ટમાં માફી હોય ત્યારે આપણે ૨% સી.એસ.ટી. લઇ શકતા નથી. એ જ્યારે માફી બાદ કરીએ છીએ. એટલે ઇન્ડસ્ટ્રીયલ સોલ્ટ ઉપર ટેક્સ નાખીએ છીએ. એટલે ૨% સી.એસ.ટી. આપણે લગાવી શકીશું. એટલે આનું ભારણ જે પડશે એ ગુજરાતની બહારના ઉદ્યોગોને પડશે. ગુજરાતના ઉદ્યોગોને પડશે નહિ. એટલે મારે બે વસ્તુની ક્લેરિટી કરવી છે. પહેલું ખાવાના સોલ્ટ ઉપર કોઇ ટેકસ નથી. ઇન્ડસ્ટ્રીયલ સોલ્ટ જે ગુજરાતમાં વેચાણ થશે એને ઇન્ડસ્ટ્રીયલ સોલ્ટની ઇનપૂટ ટેક્સ ક્રેડિટમાં એનો સંપૂર્ણપણે લાભ મળશે એટલે ભારણ પડશે નહિ અને માત્ર ને માત્ર સી.એસ.ટી. જે છે એ સી.એસ.ટી. ઉપર ૨%નો ટેક્સ નાખવાથી આપણને લાભ મળે. એટલે ગુજરાત બહારના ઉદ્યોગોએ આપણને ટેક્સ ભરવો પડે એટલે ૧૦ કરોડની જે માત્ર લૂપ હોલ હતો એ લૂપ હોલ પૂરવાની આપણે કોશિશ કરી છે.

* વિધેયક તા. ૧૯મી માર્ચ, ૨૦૧૬ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

## તા. ૩૦મી માર્ચ, ૨૦૧૬

## ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયક, ૨૦૧૬

માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત આપણે એક નવું એમેન્ડમેન્ટ લાવીએ છીએ. એ એમેન્ડમેન્ટની સેકશન–૭(૨). આપણે ત્યાં ડીઝલ–પેટ્રોલ કે કોઇ રીતથી આપણે ટેક્સમાં વધારો કરી ના શકાય એ પ્રમાણે કાયદાની અંદર જોગવાઇ હતી. બીજા રાજ્યોની અંદર આપણે જોવા જઇએ અને કેન્દ્ર સરકારમાં પણ જોવા જઇએ તો આની અંદર એ લોકોએ કાયદાની અંદર એવી જોગવાઇ કરી છે કે કોઇપણ વધારો કરવો હોય તો નોટિફિકેશન દ્વારા વધારો કરી શકાય. એટલે જે સ્પેસિફિક રેટ હતા એ રેટની જગાએ આપણે નોટિફિકેશન દ્વારા આની અંદર આપણે સત્તા લઇએ છીએ. ઘણાં બધા રાજ્યોની અંદર આ પ્રમાણેની અત્યારે વ્યવસ્થા ગોઠવેલી જ છે અને એના કારણે એ લોકો લાભ લે છે જ. આમાં ઘણી વખત એવું બનતું હોય છે કે રાજ્યને ઇમિજિયટલી આવકની જરૂર પડે અને ટેક્સ વધારો કરવો પડતો હોય અને એની અંદર વિધાનસભામાં ફરજીયાત આવવું પડે તો એ શક્ય બનતું નથી હોતું. એટલે એના કારણે એ લોકો કાયદાની અંદર જ જોગવાઇ એવી કરે છે કે એ લોકો નોટિફિકેશન દ્વારા જ ટેક્સમાં વધારો કરી શકે. દા.ત. મહારાષ્ટ્રે એના વેટ એક્ટની અંદર ૨૦૦૯ની અંદર સુધારો કર્યો હતો અને સ્ટેટને સત્તા આપી હતી કે નોટિફિકેશન દ્વારા કરી શકે. રાજસ્થાનમાં એ એક્ટની અંદર પહેલા દિવસથી એ પ્રમાણેની વ્યવસ્થા કરેલી છે કે ટેક્સમાં એ લોકો નોટિફિકેશન દ્વારા કરી શકે. દિલ્હીની અંદર પણ એ લોકો ૨૦૧૬ની અંદર નોટિફિકેશન લાવ્યાં અને એની અંદર પણ એ લોકોએ સત્તા નોટિફિકેશન દ્વારા લેવાની લીધી છે. મધ્યપ્રદેશમાં પણ સેકશન – ૯૯, ૯ (એ) (એ) નું એ લોકોએ પ્રોવિઝન કર્યું છે અને એ ૨૦૧૫માં કર્યું છે. એની અંદર પણ એ લોકોએ સત્તા નોટિફીકેશન દ્વારા કર્યું છે. પંજાબ છે એણે પણ આ વ્યવસ્થા કરી છે અને સેન્ટ્રલ એક્સાઇઝ, કેન્દ્ર સરકારે તો આના માટે ૧૯૮૫થી એમના કાયદાની અંદર એ પ્રમાણેની વ્યવસ્થા કરી. એટલે એ કાયદામાં ૧૯૮૫ પછી બધી જ સરકારો આવી ગઇ. કેન્દ્રની અંદર કોંગ્રેસની યુ.પી.એ. સરકાર આવી, એન.ડી.એ. સરકાર આવી એટલે એ વખતથી જ આ વ્યવસ્થા અંદર હતી. એટલે અત્યારે આપણી પાસે વ્યવસ્થા હતી નહીં એટલે આ વ્યવસ્થા આપણે કરીએ છીએ. અને અત્યારે આપણે ઘટાડવા માટેની જ વ્યવસ્થા નોટિફીકેશન દ્વારા હતી. એટલે આ કાયદામાં નવી જોગવાઇ કરી અને એમેન્ડમેન્ટ ઇન સેકશન– ૭૨ આપણે લાવીએ છીએ. અને એમાં આપણે જે સુધારા લાવીએ છીએ એમાં જે ભાવથી આપણે સુધારા કરી શકીએ, વોલ્યુમથી કરી શકીએ એટલે પર કિલો લીટરથી કરી શકીએ પછી વેટથી કરી શકીએ, મેજરમેન્ટથી કરી શકીએ એ પ્રમાણેનો સેકશન – ૭૨ (૧) એન્ડ (૨)ની અંદર આપણે સુધારા લાવી અને આમાં પેટ્રોલિયમ પ્રોડ્કટમાં આપણે લાવીએ છીએ.

જેમ મેં કહ્યું કે, એસ.યુ.વી. અને લકઝરી કારમાં પણ સેકશન – ૭ અને સેકશન – ૯ની અંદર આપણે સેકશન–૭(૧)(એ) અને સેકશન – ૯(૬)ની અંદર એમેન્ડમેન્ટ લાવીએ છીએ. શિડ્યુઅલ– ૨માં ૪૯(સી), ૫૫ અને ૮૦(એ) સેકશન હેવ બીન એડેડ પેટ્રોલ–ડીઝલમાં મેં સેકશનો એના વિશેની વાત કરી. ઇન્ડસ્ટ્રીયલ સોલ્ટનું જે એકઝમ્પ્શન લિસ્ટ છે એમાં પણ મેં આપને વાત કરી અને એમાં શિડ્યુલ વનની અંદર આપણે આ પ્રમાણેના સુધારા લાવીએ છીએ. એટલે જે મેં વિષયની વાત કરી કે, જે ટેક્સીસ આપણે એસ.યુ.વી. હોય કે પાન–મસાલા હોય કે જેમાં જે વધારો કર્યો છે એમાં નિયમ પ્રમાણે જ્યાં જ્યાં વેટ એક્ટમાં સેકશનમાં સુધારા લાવી અને એજ પ્રમાણે પેટ્રોલ–ડીઝલની અંદર પણ નોટિફીકેશન દ્વારા આપણે ટેક્સમાં લઇ શકીએ એ સત્તા લઇએ છીએ અને એમાં પણ યોગ્ય એમેન્ડમેન્ટ લાવી અને આ હાઉસમાં લાવ્યા છીએ.

શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ગુજરાત મૂલ્યવર્ધિત વેરા વિધેયક લઇને આવ્યા છે એમાં હું થોડા મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની અંદર જે વિકાસ થઇ રહ્યો છે અને જે સમગ્ર ભારત દેશનું ગ્રોથ એન્જિન તરીકે ગુજરાત રાજ્ય અને મોડેલ રાજ્ય તરીકે ગુજરાત આગળ આવી રહ્યું છે. સમગ્ર ગુજરાતની જનતાને તમામે તમામ ક્ષેત્રે જે વિકાસ છેલ્લા પંદર–વીસ વર્ષથી ગુજરાતની અંદર જે એક વિકાસની ભૂખ ઉઘડી અને આ વિકાસ સમગ્ર દેશના લોકોએ પણ ગુજરાતનો જોયો અને એમાં જ્યારે ગુજરાત આપણું નંબર વન છે અને એમાં વધારે ગતિશીલતા લાવવા માટે જે અત્યારે આપણા દેશની અંદર અને સમગ્ર વિશ્વમાં જે ક્રુડ ઓઇલ વપરાય છે. જે ક્રુડ ઓઇલ વપરાવવાની પદ્ધતિ છે અને ક્રુડ ઓઇલની જે આયાત થાય છે, આ આયાતમાં કોમોડિટી પ્રમાણે જે વધ–ઘટ થતી હોય છે. સમગ્ર વિશ્વની અંદર જે આતંરરાષ્ટ્રીય મુશ્કેલીઓ ઉભી થતી હોય, મંદીઓ થતી હોય, ક્યાંય વોર થતા હોય અને ક્રુડ ઓઇલના ઉત્પાદનમાં પણ વધ–ઘટ થતી હોય ત્યારે આવી પરિસ્થિતિમાં જ્યારે વધ–ઘટ થતી હોય અને એમાં છેલ્લા બે વર્ષની અંદર ગુજરાતમાં સમગ્ર દેશમાં જે પેટ્રોલ–ડીઝલની આયાત થઇ એમાં ખૂબ મોટા ઘટાડા થયા અને એમાં વધારો પણ થાય છે. ત્યારે ઘણાં રાજ્યોની અંદર ત્રણ–ત્રણ, ચાર–ચાર વખત ટેક્સમાં વધારો કરવામાં આવ્યો પણ ગુજરાતની અંદર છેલ્લે એક વખત જ ખાલી નોર્મલ વધારો કરવામાં આવ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, આવી પરિસ્થિતિમાં રાજ્યનો વિકાસ આપણા આયોજન પ્રમાણે, જે આપણા બજેટ પ્રમાણે, જે આપણી ધારણા પ્રમાણે, ગોઠવણી પ્રમાણે વ્યવસ્થિત થાય અને એમાં રાજયના વિકાસની અંદર કોઇપણ ડિપાર્ટમેન્ટની અંદર કયારેય કાપ ન આવે અને આપણા આયોજન પ્રમાણે રાજયનો વિકાસ થાય એના માટે આ બિલની અંદર જોગવાઇ છે, એમાં અગાઉ પણ સરકારે જયારે વેચાણવેરો એટલે કે સેલ્સ ટેક્સ હતો ત્યારે તા. ૧–૪–૨૦૦૦ ના સમયમાં પાંચ આઇટમોની અંદર સંપૂર્ણ ટેક્સ નાબૂદ કરેલો, ૧૪ની અંદર ટેક્સ ઘટાડયો હતો. આવી જ રીતે તા. ૧–૪–૨૦૦૬ થી રાજયની અંદર ૬૧ જેટલી ચીજો ઉપર સંપૂર્ણ ટેક્સ નાબૂદ કરવામાં આવેલો છે અને રાજયના લોકો ઉપરથી એનું ભારણ ઘટાડેલું છે. આ સિવાય ત્યારપછી ૪૫ જેટલી એવી આઇટમો છે કે જેમાં ટેક્સના દર એટલે કે વેરાના, વેટના દર ઘટાડવામાં આવ્યા છે. આવી રીતે આ રાજયની અંદર લોકોની રજૂઆત હોય, જયાં જયાં લોકોને મુશ્કેલીઓ થતી હોય અથવા જે આપણા રાજયના વેચાણમાં, બીજા

## ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયક, ૨૦૧૬

રાજયની હરિફાઇમાં જે જે વસ્તુઓમાં મુશ્કેલીઓ થતી હોય, આંતરરાષ્ટ્રીય મુશ્કેલીઓ પણ થતી હોય છે આયાત નિકાસમાં એને લીધે પણ ઘણી વસ્તુઓનો ટેકસ ઘટાડેલો છે. હમણા મંત્રીશ્રીએ જે વાત કરી એ પ્રમાણે પેટ્રોલની અંદર ઝારખંડમાં ૨૨ ટકા ટેકસ અને ૨૨ ટકા ટેકસ પ્લસ એણે એવું નકકી કર્યું છે કે ૨૨ ટકા અથવા એક લિટરે ૧૫ રૂપિયા રાજયને મળે વધઘટ ગમે ત્યારે થાય પેટ્રોલના ભાવ ઘટે કે વધે પણ ૧૫ રૂપિયાની આવક પર લિટરે આ રાજયને થાય. એવી જ રીતે ઉત્તર પ્રદેશમાં પણ ૨૬.૮૦ ટકા ટેકસ પેટ્રોલમાં છે અને એણે બીજો વિકલ્પ એવો રાખ્યો છે કે ૧૬ રૂપિયા અને ૭૪ પૈસા એક લિટર પેટ્રોલે સરકારને વેટ તરીકે ટેકસ તરીકે મળવા જોઇએ. આ જ રીતે ઉત્તરાખંડમાં પણ ૨૫ ટકા પેટ્રોલમાં ટેકસ છે અથવા એણે વધારાનો વિકલ્પ રાખ્યો છે કે ૧૭ રૂપિયા એક લિટરે મળે એટલે કિંમત આધારિત વપરાશ ઉપર ટેકસ લેવાનું આ સરકારે પણ એક દીર્ઘદ્રષ્ટિથી આયોજન કર્યું છે. એવી જ રીતે ડિઝલની અંદર પણ આ રીતની વ્યવસ્થા છે જયારે વેરાની ચૂકવણી એ રક્ષણનો હકક આપે છે અને આ રાજયની અંદર જે અત્યારે આપણી ભારતીય જનતા પાર્ટીની સરકાર, માનનીય નાણામંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એમાં એક સામાન્ય સુધારો છે કે આપણી જે કલમ-૭ છે એની પેટા કલમ (૨)માં ખાલી એટલી જ જોગવાઇ કરવા માટે રજૂઆત છે કે પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ભવિષ્યમાં ઘટાડા કે વધારા વખતે તેના પર કુલ વેરાના દરમાં રાજય સરકાર દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવે તેવો વધારો કે ઘટાડો કરી શકશે આટલો જ સુધારો કરવાનો છે અને જે રાજયના અને લોકોના વિકાસને માટે ખૂબ જરૂરી છે તો પેટ્રોલ, ડિઝલમાં જથ્થો, વજન અને માપ એના આધારે ફેરફાર કરવાનું માનનીય મંત્રીશ્રીએ રજૂ કર્યું છે કે કિંમતોમાં વારંવાર આજે ફેરફાર થાય છે એટલે આપણા રાજયની આવક સ્થિર રહે એટલા પૂરતી જ જે આપણે ધારાકીય સત્તા સોંપવાની છે એમાં એટલો સુધારો કરવાનો છે કિંમત, વજન, માપ અથવા એકમના આધારે વેરો લેવા માટે અનુસૂચિ-૩માં કોઇ નોંધ ઉમેરવાની અથવા એમાંથી કોઇ નોંધ બાકાત કરવાની અથવા તેમાં સુધારો કરવાની અથવા તેમાં ફેરફાર કરવાની અથવા અનુસૂચિ-૩માં નિર્દિષ્ટ કરેલા કોઇ માલના સબંધમાં ભરવાપાત્ર વેરાના દરને ઘટાડવા અથવા વધારવાની સત્તા આપવામાં આવી છે એ માન્ય રહે એવું હું ઘ્યાન દોરું છું.

શ્રી રણજીતભાઇ મં. ગીલીટવાલા(સુરત પૂર્વ) : માનનીય અઘ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ ધી ગુજરાત વેલ્યુ એડેડ ટેક્સ એમેન્ડમેન્ટ બિલ ૨૦૧૬ લાવ્યા છે એને અનુમોદન આપવા માટે હું ઉપસ્થિત થયો છું.

અઘ્યક્ષશ્રી : આપણે વિરામ પહેલાં આ બિલો પૂરા કરવા પડશે. કામકાજ સલાહકાર સમિતિનો આપણે બધાએ સ્વીકાર કર્યો છે. પાંચ મિનિટનો સમય છે.

શ્રી રણજિતભાઇ મં. ગિલિટવાલા : નાણામંત્રીશ્રીએ વિધાનસભામાં વર્ષ-૨૦૧૬-૧૭નું અંદાજપત્ર રજૂ કરતી વખતે તેઓની બજેટ સ્પીચમાં કેટલીક ચીજવસ્તુઓ ઉપર વેલ્યુએડેડ ટેક્સના દરો વધારવા માટેની દરખાસ્ત કરી હતી. નાણામંત્રીશ્રીના બજેટ સ્પીચમાં કરવામાં આવેલા વેટ વધારા માટેની દરખાસ્તોને કાયદામાં સુધારો કરવો આવશ્યક છે. કાયદાનું સ્વરૂપ આપવા માટે કાયદામાં સુધારો કરવો આવશ્યક હોય ત્યારે આપણે બધા જાણીએ છીએ ત્યારે આ ગુજરાત વેલ્યુ એડેડ ટેક્સ એમેન્ડમેન્ટ બિલ ૨૦૧૬ આ વિધાનસભામાં લાવવામાં આવ્યું છે. માનનીય નાણામંત્રીશ્રીએ લકઝરી કાર, એસ.યુ.વી. અને લકઝરી ટુ વ્હીલર્સ તથા સંસ્થાઓ દ્વારા ખરીદવામાં આવતાં વાહનો, પાન મસાલાના હાલના દરો વધારવા અને ઇન્ડસ્ટ્રિયલ સોલ્ટ ઉપર વેટ લાગુ કરવા માટેની દરખાસ્ત કરી હતી. નાણામંત્રીશ્રીએ તેઓના ૨૦૧૬-૧૭ ના બજેટ અંદાજપત્ર પ્રવચનના ભાગ -ખ માં વેટ વધારવા માટે કરેલી દરખાસ્ત પૈકી સંસ્થાઓ દ્વારા ખરીદવામાં આવેલ એમાં સાહેબે ઓલરેડી એનો ઉલ્લેખ કરેલ છે, એટલે કંપનીઓ, પેઢીઓ, સંસ્થાઓ, એસોસીએશન, ટ્રસ્ટ, સરકારી ખાતાઓ, બોર્ડ અને નિગમ, કોર્પોરેશન, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ આ બધાં વાહનોની ખરીદી કરતાં હોય તો હાલના વેરાના દર વધારાના વેરા સહિત ૧૫ ટકાથી વધારીને વધારાના વેરા સહિત ૨૦ ટકા કરવા માટે દરખાસ્ત કરી હતી. નાણામંત્રીશ્રીએ આ દરખાસ્ત ઉપર સ્કૂલની બસો, કોલેજની બસ, પૅસેન્જર બસો તથા માલ વાહક ટ્રકોને મુક્તિ આપી છે અને સાથે સાથે વ્યક્તિઓ દ્વારા અંગત રીતે ખરીદી થાય તો તેને પણ મુક્તિ આપવામાં આવી છે. આ દરખાસ્તને કાયદાનું સ્વરૂપ આપવા માટે ધી ગુજરાત વેલ્યુ એડેડ ટેક્સ ૨૦૦૩ ના શિડ્યુલ-૨ ની એન્ટ્રી નં. ૮૦ પછી, એન્ટ્રી નં.૮૦(એ) દાખલ કરવામાં આવશે. નાણામંત્રીશ્રીએ લકઝરી કાર, એસ.યુ.વી. અને લકઝરી ટુ-વ્હીલર્સ પરનો હાલનો દર વધારાના વેરા સહિત ૧૫ ટકા છે, તેને વધારીને ૨૦ ટકા કરવા માટેની દરખાસ્ત કરી હતી. નાણામંત્રીશ્રીએ ૧૫ લાખથી વધુ કિંમતની લકઝરી કાર, લકઝરી એસ.યુ.વી.અને અઢી લાખથી વધુ કિંમતના ટુ-વ્હીલર્સ કાર ઉપર સૂચિત વેરાદર લાગુ કરવા માટેની દરખાસ્ત કરી હતી. આ દરખાસ્તને કાયદાનું સ્વરૂપ આપવા માટે ધી ગુજરાત વેલ્યુ એડેડ ટેક્સ ૨૦૦૩ ના શિડ્યુલ-૨ ની સિરિયલ નં. ૪૯(બી) પછી સિરિયલ નં.૪૯(સી) દાખલ કરવામાં આવશે. રાજ્યમાં હાલ તમાકુ યુક્ત ગુટખા વેચાણ ઉપર પ્રતિબંધ છે. પણ પાનમસાલા અને તમાકુનાં જુદાં જુદાં પૅકેટોનો ગુટકા તરીકે ઉપયોગ થતો હોય છે. આ બજારમાં એને કોમ્બો કહેવામાં આવે છે. પાનમસાલા અને તમાકુ બંનેને ભેગું કરીને ખાય છે. એટલે આપણે ઓલરેડી તમાકુનું આ પ્રકારે રિસ્ટ્રિક્શન છે. લોકો તમાકુ છૂટું અને પાનમસાલા ભેગા કરીને કોમ્બો ખાતા હોય છે. રાજ્યમાં તમાકુ અને તમાકુની બનાવટો જેવી બીડી, સિગારેટ, ટોબેકો, છીકણી ઉપર ઊંચા દરે વેટ લાગવામાં આવેલ છે. પણ પાનમસાલા અને તમાકુના સંયુકત વપરાશને અંકુશમાં રાખવા માટે પાનમસાલા ઉપર વેરો વધારવો આવશ્યક છે. નાણામંત્રીશ્રીએ બજેટ સ્પીચમાં પાનમસાલા ઉપરનો હાલનો દર વધારાના વેરા સહિત ૧૫

ટકાથી વધારીને વધારાના વેરા સહિત ૨૫ ટકા કરવા માટેની દરખાસ્ત કરી હતી. આ દરખાસ્તને કાયદાનું સ્વરૂપ આપવા માટે શિડ્યૂલ-૨ ની સિરિલય નં. ૫૫ પછી સિરિયલ નં. ૫૫ (એ) થી ગુજરાત વેલ્યુ એડેડ ટેક્સ ૨૦૦૩ માં દાખલ કરવામાં આવશે. રાજયમાં ઇન્ડસ્ટ્રીયલ સોલ્ટનો ખૂબ સારો એવો ખુલાસો કર્યો છે. ઇન્ડસ્ટ્રીયલ સોલ્ટનું ઉત્પાદન મોટા પાયે થાય છે. આખા દેશમાં સૌથી વધારે મીઠું આપણા ગુજરાતમાં પાકે છે. માલના ઉત્પાદનમાં વપરાતા ઇન્ડસ્ટ્રિયલ ઇનપૂટ તરીકે ઇન્ડસ્ટ્રીયલ સોલ્ટને વેરાપાત્ર કરવાથી રાજયના ઔદ્યોગિક હેતુ માટે વપરાતા ઇન્ડસ્ટ્રીયલ સોલ્ટ ઉપર ટેક્સ અનિવાર્ય છે. લોકલ એના માટે વાપરશે તેની પ્રોડકશનની અંદર ટેક્સ મળી રહે તેથી રાજયમાં વપરાતા ઇન્ડસ્ટ્રીયલ સોલ્ટ ઉપર વધારાનું ભારણ આવશે નહિ. ઔદ્યોગિક હેતુ માટે વપરાતા ઇન્ડસ્ટ્રીયલ સોલ્ટના ખૂબ મોટા પાયે ઇન્ટર સ્ટેટ વેચાણો થતા હોય છે તેના ઉપર વેરાકીય આવક ખૂબ સારી વધે તેવી અપેક્ષા છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રીએ માલના ઉત્પાદનમાં ઇન્ડસ્ટ્રીયલ સોલ્ટ પર વધારાના વેરા સહિત પાંચ ટકાનો દર લાગુ કરવા માટેની દરખાસ્ત કરી છે. નાણા મંત્રીશ્રીની આ દરખાસ્તને કાનૂની સ્વરૂપ આપવા માટે ઇંક્ષ વિંચ ।શિક્ષભશાફહ અભ શિંક્ષ જભવયમીહય-૧, રજ્ઞ વિંચ યક્ષુિંફ઼િ તિંયશિફહ ગજ્ઞ.૫૦ ક્ષયૂ યક્ષુિં તિવફહહ બચ તીબતશિંીિંયિંમ શક્ષ વિંચ તભવયમીહય-૧ જ્ઞર વિંચ ત્રીષફફિ઼િ દિંફહીય ફમમયમ ફિંક્ષ- ૨૦૦૩ માનનીય નાણા મંત્રીશ્રી જે વેટનો વધારો સૂચવ્યો છે અને તેના પાછળના કારણો પણ સૂચવ્યા છે ત્યારે હું તેને વ્યાજબી અને આવશ્યક ગણતો હોઇ અનુમોદન આપું છું. આપનો આભાર.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બંને સભ્યશ્રીઓએ સમર્થન આપ્યું છે એટલે આ બિલ વિશે આગળ મારે કંઇ કહેવાનું રહેતું નથી.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંકઃ ૨૫-સન ૨૦૧૬નું ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.

કલમ-૨ થી ૫, કલમ-૧, દીર્ઘ સંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંકઃ ૨૫-સન ૨૦૧૬નું ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને વિધેયક પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંકઃ ૨૫-સન ૨૦૧૬નું ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે. નેકસ્ટ.

સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ૨૬

ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા (સુધારા) વિધેયક, ૨૦૧૬

ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા અધિનિયમ, ૨૦૦૧ વધુ સુધારવા બાબત વિધેયક

શ્રી સૌરભભાઇ પટેલ (નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંક-૨૬ ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા(સુધારા) વિધેયકને હું આપની પરવાનગીથી દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંકઃ ૨૬-સન ૨૦૧૬નું ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એન્ટ્રી ટેક્સ એકટમાં થોડા એમેન્ડમેન્ટ લઇને આવ્યો છું. આ વખતે વિધાનસભાની અંદર આપણે લેવલ પ્લેઇંગ ફીલ્ડ આપણા નાના નાના વેપારીઓ જે દુકાનો ચલાવતા હોય, જુદા જુદા વ્યવસાયમાં હોય તે લોકોને રાજયની બહાર હરિફાઇમાં ઉભા રહેવા માટે એક લેવલ પ્લેઇંગ ફીલ્ડ મળે તે માટે આ એન્ટ્રી ટેક્સની અંદર પહેલી વખત જે ઓનલાઇન પરચેઝ થાય છે, વેબ બેઇઝ સોફ્ટવેર એપ્લીકેશન દ્વારા જે પરચેઝ થઇ રહી છે તેને આપણે એન્ટ્રી ટેક્સની અંદર સમાવેશ કરવા માગીએ છીએ. હાલની તારીખમાં આ ટેક્સ હતો તે ટેક્સ રાજય સરકાર દા.ત. ગુજરાતની અંદર કોઇ પ્રોડકટની અંદર તેમાં આપણે મોબાઇલ લઇએ તો ગુજરાતની અંદર ૧૫ ટકા ટેક્સ છે અને મહારાષ્ટ્રની અંદર ૫ ટકા ટેક્સ છે. હું આ દાખલો આપું છું. એટલે જે આપણી ઇ-કોમર્સની ફર્મ્સ હોય કે અહીંયા ગુજરાતના ગ્રાહકોને મોબાઇલ ખરીદવો હોય તો એ ઓન લાઇન મહારાષ્ટ્રથી ખરીદે ત્યારે એ મોબાઇલ ઉપર ૫ ટકાનો જ વેરો લાગતો હતો અને ગુજરાતમાંથી જો દુકાનમાંથી ખરીદે તો એને ૧૫ ટકા વેરો લાગે, એટલે આ ૧૦ ટકા તફાવતના કારણે ગુજરાતના દુકાનદારોનો વ્યવસાય કાયમ માટે જતો હતો અને એટલે વધારાનો જે ૫ ટકા વેરો હતો એ મહારાષ્ટ્ર સરકારને મળતો હતો ગુજરાત સરકારને મળતો ન હતો હવે આ લેવલ પ્લેઇંગ ફિલ્ડની અંદર વિષય એવો કર્યો છે કે હાલમાં ગુજરાતમાં કોઇ પણ પ્રોડકટ ઉપર જે ટેક્સ

---

* વિધેયક તા.૧૯મી માર્ચ ૨૦૧૬ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

લાગતો હોય, દાખલા તરીકે મોબાઇલ ઉપર ૧૫ ટકા ટેકસ હોય તો મહારાષ્ટ્રથી એ મોબાઇલ ગુજરાતમાં લાવે તો એન્ટ્રી ટેકસ એટલે કે વધારાનો ૧૦ ટકાનો ટેકસ એ લોકોને ભરવો પડે એટલે વધારાનો ૧૦ ટકાનો ટેકસ ભરે એટલે આપણા જે વેપારીઓ છે એને લેવલ પ્લેઇંગ ફિલ્ડ મળી રહે એટલે આ સરખામણી માટે એન્ટ્રી ટેકસ નાંખ્યો છે. એટલે આખા દેશમાં કોઇ પણ જગ્યાએ ૫ ટકા મોબાઇલ ઉપર હોય અને ગુજરાતમાં ૧૫ ટકા હોય તો તાત્કાલિક ત્યાંથી બહારથી લાવવો હોય તો એણે એ એન્ટ્રી ટેકસ ભરવો પડે. એટલે આ એક આપણે સુધારો એન્ટ્રી ટેકસમાં કર્યો છે એટલે આના કારણે કોઇ પણ પ્રોડકટમાં ઇ–કોમર્સ દ્વાર કોઇ પણ ગ્રાહક પ્રોડકટ ગુજરાતમાં મંગાવે તો ગુજરાતમાં જેટલો ટેકસ હોય અને જો ડીફરન્સ હોય, જો સરખો હોય તો ભરવો ન પડે. દાખલા તરીકે જ્યાંથી આવતો હોય ત્યાં ૧૫ ટકા હોય અને આપણે ત્યાં પણ ૧૫ ટકા હોય તો ભરવો ન પડે પરંતુ ત્યાં ઓછો હોય તો એ વચ્ચેનો તફાવત ભરવો પડે અને એટલે લેવલ પ્લેઇંગ ફિલ્ડ લેવા માટે આ આપણે એન્ટ્રી ટેકસ લાવ્યા છીએ અને આની અંદર ઇ–કોમર્સ જે ઓપરેટર છે એને ઇમ્પોર્ટરની ડેફિનેશનમાં આપણે ઉમેર્યા છે એટલે ઇમ્પોર્ટર તરીકેની ઓળખાણ થશે એટલે જે એન્ટ્રી ટેકસમાં કલોઝ–ઇ સેકશન–૨ એની અંદર આપણે આ એમેન્ડમેન્ડ કર્યું છે. એટલે ઇ–ઓપરેટરને ઇમ્પોર્ટરની વ્યાખ્યામાં આપણે ઉમેરીએ છીએ અને બીજું સેકશન–૩માં પણ આપણે એમેન્ડમેન્ડ કર્યા છે કે ઇ–ઓપરેટરને આપણે ઉમર્યા તો ખરા પણ ઇ–ઓપરેટર ઇઝ લાયેબલ ટુ પે ટેકસ એટલે એની જવાબદારી છે કે કન્ઝ્યુમર્સ પાસેથી ઉઘરાવે એટલે કે જે ઇ–ઓપરેટરનું ઇન્વોઇસ હોય એ ઇ–ઇન્વોઇસની અંદર એન્ટ્રી ટેકસનો સમાવેશ હોવો જોઇએ અને એ ગ્રાહકને જયારે બીલ મોબાઇલનું આપે એમાં ટેકસનો ઉમેરો કરે અને ઉમેરો કર્યા પછી એ જે પૈસા ઉઘરાવે એ પૈસા એણે જવાબદારીપૂર્વક રાજય સરકારની તિજોરીમાં રીટર્નમાં ભરવા પડે એ પ્રમાણે ઓપરેટરને આપણે આ એમેન્ડમેન્ડ કરવાથી એને લાયેબલ ટુ પે ટેકસ કરીએ છીએ અને કલેકશન ઓફ ટેકસ ફ્રમ કન્ઝ્યુમર કરીએ છીએ.

<u>ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને</u>

માનનીય અધ્યક્ષશ્રી, આ બે અગત્યના સેકશનોમાં આપણે ફેરફાર કરીએ છીએ. ત્રીજું એક સેકશન છે ન્યુ સેકશન ૧૦ ઇઝ એડેડ માનનીય અધ્યક્ષશ્રી, આમાં ઓલવેઝ એક વેટ એકટમાં થર્ડ પાર્ટી રીકવરીની વ્યાખ્યા છે. થર્ડ પાર્ટી રીકવરી એટલે આજે કોઇ ગ્રાહક છે જે ટેકસ ભરતા નથી. હવે એ ટેકસ ભરતા ન હોય તો વેટ એકટમાં એક વ્યાખ્યા છે કે, એના જો પૈસા બેન્કમાં હોય તો આપણે બેન્કોને લખીએ તો બેન્કો એટેચમેન્ટ કરે અને બેન્કોએ એ પૈસા ભરવા પડે. એટલે થર્ડ પાર્ટી રીકવરી એ વેટ એકટમાં છે પણ એન્ટ્રી ટેકસમાં થર્ડ પાર્ટી રીકવરી જેવું કાંઇ છે નહીં એટલે કાલે ઉઠીને આપણા પૈસા ઉઘરાવ્યા હોય દાખલા તરીકે કોઇ ફર્મ્સ હોય ઇ–કોમર્સ ફર્મ્સમાં તો ઘણું બધું ઓનલાઇન ચાલતું હોય, એ ઓનલાઇન ફર્મ્સ પૈસા ઉઘરાવે અને એ કર્ણાટકમાં હોય કે તામિલનાડુમાં હોય કે મેઘાલયમાં હોય કે બીજા કોઇ રાજયમાં રજિસ્ટ્રેશન થયેલું હોય અને એ ઉઘરાવેલ પૈસા ન ભરતો હોય તો એના બેન્ક એકાઉન્ટ ઉપર આપણે થર્ડ પાર્ટી દ્વારા એ પૈસાની ઉઘરાણીની સત્તા આની અંદર આપણે મેળવીએ છીએ અને એના કારણે જે ડીફોલ્ટર થાય એના માટે આ વ્યાખ્યામાં આપણે સુધારા કર્યા છે. એટલે એન્ટ્રી ટેકસમાં તો બેઝિકલી મેં કહ્યું એમ લેવલ પ્લેઇંગ ફિલ્ડ આપણા નાના નાના દુકાનદારોને ધંધાની અંદર કાલે ઉઠીને ખોટ ન થાય અને એમને લેવલ પ્લેઇંગ ફિલ્ડ મળે એ માટે આ બિલમાં હું નાના સુધારા લઇને આ હાઉસમાં આવ્યો છું.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા(સુધારા) વિધેયક લાવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું અને સમર્થન આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો અભિનંદન આપું કે, એક નાનો વેપારી કે નાના લોકો જે આ રાજયની અંદર વેપાર કરે છે તેના માટેનો વિચાર કરીને આ સુધારા વિધેયક લાવ્યા છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે. આજના યુગમાં ઇલેકટ્રોનિક કોમર્સ એટલે કે ઇ–કોમર્સનો વેપાર દિવસેને દિવસે વધતો જાય છે. અને મોટાભાગે જેટલા ઉદ્યોગો છે દેશ અને વિદેશની અંદર તે પોત પોતાના ઓન લાઇન સ્ટોર્સ  દરેક જગ્યાએ ઉભાં કરતા જાય છે આજે આપણે ટી.વી.માં એડ જોઇએ છીએ તે રહશાસફ્રિ, તક્ષફ્રામયફ્હ, ખુક્ષર્ફ્રિ, અળફુજ્ઞક્ષ તે આ બધીજ કંપનીઓ આજે ઓન લાઇન બિઝનેશમાં છેક કોમ્પીટીશનમાં આવી ગઇ છે. આજે આપણે અમેરીકામાં જોઇએ તો જે ૬૦ ટકા બિઝનેશ છે, જે ધંધો છે તે આજે ઓન લાઇન થયો છે અને એ આ રાજયની અંદર નહીં આ દેશની અંદર પણ ખૂબ વધી રહ્યો છે. મોર્ડન વર્લ્ડનો શબ્દ વાપરીએ ત્યાં ટેકનોલોજી ઇ–કોમર્સનો બિઝનેશ છે તે વધતો જાય છે ત્યારે આ અગત્યનો ફેરફાર કરવામાં આવ્યો છે.  ઝવય ત્રદ્બષફક્રિઝિફદ્ઘ જ્ઞક્ષ ઊક્ષર્ફ્રિજ્ઞર જાયભશરશયમ ત્રહ્મજ્ઞઙ્ગમત શક્ષઙ્ગિં ક્ક્ષભફ્હ અચિફ્ત અભર્િ ૨૦૦૧ ની અંદર જે માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે હયદ્યહ ાહફુશક્ષલ રશયહમ પૂરું પાડવાના રાજયનો વપરાશ માટે અને કે વેચાણ માટે લાવવામાં આવતા કેટલાક નિર્દિષ્ટ માલ ઉપર એન્ટ્રી ટેકસ લાગે તેવી જોગવાઇ કરી છે. અને એનાથી આ રાજયના છૂટક અને નાના વેપારીઓ પર વેપાર પર વિપરીત અસર થયેલ છે અને તેને હયદ્યહ ાહફુશક્ષલ રશયહમ પૂરું પાડવા માટે ઇ–કોમર્સના રાજયમાં આવતા માલને એન્ટ્રી ટેકસ જે આ નિર્ણય લઇએ છીએ તે ખરેખર સુધારાને આવકારદાયક છે અને અભિનંદનને પાત્ર છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સુધારા મુજબ ઇ–કોમર્સની કંપની માલ લાવનાર તરીકે ગણાશે અને જેમ માનનીય મંત્રીએ કહ્યું કે ઓન લાઇન ખરીદી ્યબ બફતયમ તજ્ઞરૂફ્રિંચિ ચિંહયતવજ્ઞાાશક્ષલ ાહફરિંજ્ઞળિ   દ્વારા રાજયમાં આવતા માલ પરના એન્ટ્રી ટેકસ ભરવા જવાબદાર છે. એટલે વધારે તેની અંદર કશું કહેવું નથી પણ જે છૂટક અને નાના વેપારીઓ છે તેની અંદર તેનો વેપાર જળવાઇ રહેશે, તેમનું હિત જળવાઇ રહેશે એ આશયથી માનનીય મંત્રીશ્રી જે આ લાવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

## ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા (સુધારા) વિધેયક, ૨૦૧૬

શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડિયાપાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે ૨૦૧૬નું એન્ટ્રી ટેક્સ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું અને સમર્થન આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આમ તો ત્રજ્ઞઝ્રમત શળાજ્ઞાર્િંશક્ષઙ્ગિં હજ્ઞભફહ ફચિફત નું કામ તો ૨૦૦૧થી આપણાં રાજયમાં અમલમાં છે જ જે આયાત કરતા વેપારીઓ બીજા રાજયમાંથી માલ લાવતાં હોય અને અહીંયા વેચાણ કરતા હોય તો એ જોગવાઇ આપણી પાસે છે જ. અને જે તે વેરા ટેક્સ નાંખવાની જે કઇ રાજય રાજયની પોત પોતાની સત્તા હોય છે એટલે તેની મર્યાદામાં આપણે વસૂલાત કરીએ છીએ. પણ અત્યારે એક નવો ટ્રેન્ડ ઉભો થયો છે ઇ–કોમર્સ એટલે ઓન લાઇન પરચેઝીંગ અને હું માનુ છું ત્યાં સુધી કોઇ પણ ફેમિલીની અંદર જયાં આપણાં જુવાનીયા છોકરા–છોકરીઓ છે તે લોકો ખાસ કરીને ફેમિલીમાં પોતાના પપ્પા–મમ્મી બધાને કહેતા હોય છે કે તમે શું કામ બજારમાં લેવા જાવ છો તમને હું ઓન લાઇનમાં તે મંગાવીને બજાર ભાવ કરતા બે હજાર રૂપિયા સસ્તી પણ વસ્તુ મળશે. આ બાબતમાં મારી થોડી ચર્ચા કાલે કોંગ્રેસના ધારાસભ્ય નિરંજનભાઇ જોડે ચાલતી હતી. તે એમ કહેતા હતા કે સાહેબ દીકરાની ટી.વી.ની દુકાન છે અને એક વર્ષથી નવરો બેઠો છે તેના ટી.વી. વેચાતા નથી. મેં પણ જયારે મારો મોબાઇલ ખરીદવાનો હતો તો મારો દીકરો કહે કે હું એમોઝેન ઉપરથી બજાર કરતા બે હજાર રૂપિયા સસ્તો મોબાઇલ તમને અપાવી દઉં અને તે કાલે જ આવી જશે. એટલે આ રીતે જે મોટી મોટી કંપનીઓ છે એ બધી કંપનીઓ મારફતે આ ઇકોમર્સથી બીજા રાજયમાં માનનીય નાણા મંત્રીશ્રીએ કહ્યું એમ ત્યાં ટેક્સ ઓછો હોય અને આપણે ત્યાં વધારે હોય અને એ રીતે કંપનીઓ જયારે ગ્રાહકોને માલ પૂરો પાડતી હોય એટલે મેં એમને પૂછ્યું કે, એમેઝોનમાં તું આટલું બધું જાણે છે તો એનું ટર્નઓવર તો કહો? આખા વર્લ્ડમાં એનું ઇકોમર્સ માર્કેટિંગ કેટલું છે? ઇન્ડીયામાં કેટલું છે અને આપણા ગુજરાતમાં કેટલું છે? તો સાહેબ જાણવા મળ્યું કે, આખા વર્લ્ડની અંદર ૨૫.૪ બિલિયન એનું ટર્નઓવર દર વર્ષનું છે, ઇન્ડીયાની અંદર દર વર્ષે એનું ૧૦૨૨ કરોડ રૂપિયાનું છે. મેં એને કહ્યું કે આપણા ગુજરાતમાં એનું થોડુંક વેચાતું હશેને? તો આપણા ત્યાં પણ સવા સો કરોડ રૂપિયાનું એક વર્ષનું ટર્નઓવર છે. એના પાસેથી ઇકોમર્સથી એની પાસે જે કોઇ વસ્તુ છે એ આપણે ખરીદીએ છીએ અને માનનીય દુષ્યંતભાઇએ કહ્યું એમ બજારમાં આપણા ઘણા બધા નાના નાના વેપારીએ છે કે જે ઇમાનદારીથી ટેક્સ ભરે છે. ઇમાનદારીથી ગ્રાહકોને ગેરંટી આપે છે અને પોતાનું વેચાણ કરે છે એટલે આવા લોકો પર પણ સીધી અસરો થઇ છે, અને આવા લોકો પણ માર્કેટમાં ટકી શકતા નથી એટલે એ લોકો પણ માર્કેટમાં ટકી શકે, તંદુરસ્ત હરિફાઇ રહે. સરકારને જે કોઇ ટેક્સીસ લેવાના છે જે કોઇ વેરો લેવાનો છે તે પણ મળી રહે એટલે આ શુભ હેતુથી માનનીય નાણા મંત્રીશ્રી જે એન્ટ્રી ટેક્સ અંગેનું વિધેયક લઇને આવ્યા છે એને હું અભિનંદન આપીને સમર્થન કરું છું.

શ્રી સતિશભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ સાહેબ સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૨૬– સન ૨૦૧૬નું ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા (સુધારા) વિધેયક લઇને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર એક જાગૃત સરકાર છે એટલે આ સુધારો ભલે નાનો હોય પણ રાજય સરકારને આનાથી ઘણો મોટો લાભ થવાનો હોય ત્યારે આ સરકાર આ સુધારા વિધેયક લઇને આવી છે. રાજયમાં ઇકોમર્સથી વેપાર જયારે વધ્યો હોય ત્યારે આ એક રાજયની ગતિશીલતા દેખાઇ આવતી હોય છે. ઇકોમર્સ કંપની અન્ય રાજયમાંથી માલ લાવીને વેચાણ કરે છે અને જયારે એમના ધંધાનું સ્થળ રાજયની બહાર હોય છે ત્યારે આ એન્ટ્રી ટેક્સ ઉઘરાવવા માટે આપણને ઘણી અગવડ ઉભી થતી હોય છે અને જયારે રાજયમાં હોય ત્યારે એના પોતાના માલમિલકત પર ટાંચ મૂકીને પણ એનો ટેક્સ આપણે વસૂલ કરતા હોઇએ છીએ પરંતુ જયારે રાજય બહારથી આ માલ આવતો હોય ત્યારે આ ટેક્સ ઉઘરાવવાનો ઘણો અઘરો પણ પડતો હોય છે ત્યારે માનનીય મંત્રીશ્રી જે રીતે બેંકના એકાઉન્ટ પર ટાંચ લઇને આપણે વસૂલાત કરવા માટે જયારે આ વિધેયક લાવ્યા હોય ત્યારે હું આ વિધેયકને મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વેબસાઇટથી ધંધો કરનાર વ્યક્તિઓને આપણે શોધવામાં પણ મુશ્કેલી પડતી હોય છે ત્યારે આ બેંક એકાઉન્ટના કારણે આપણે એમની પાસેથી નાણાંની વસૂલાત કરી શકતા હોઇએ છીએ ત્યારે આ એક નાનો સુધારો અને એમાંય આ સુધારા પર માનનીય મંત્રીશ્રીએ ઘણી બધી છણાવટ કરી હોય ત્યારે બાકી વધુ ન કહેતાં જે આ સુધારો લઇને આવ્યા છે તેને હું સમર્થન આપું છું.

શ્રી સૌરભભાઇ પટેલ (નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ત્રણેક માનનીય સભ્યશ્રીઓએ આ બિલ ઉપર સારા એવા પોતાના વિચારો વ્યક્ત કર્યા અને સમર્થન આપ્યું છે એટલે આગળ મારે આ બિલ ઉપર કંઇ કહેવાનું નથી.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરૂ છું કે સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૨૬–સન ૨૦૧૬નું ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

કલમ– ૨ થી ૪, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ચૈત્ર ૧૦,૧૯૩૮ શાકે

## રજિસ્ટ્રેશન (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૧૬

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરૂ છું કે સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૨૬–સન ૨૦૧૬નું ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષશ્રી : સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૨૬–સન ૨૦૧૬નું ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૪

રજિસ્ટ્રેશન (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૧૬

ગુજરાત રાજયને લાગુ પડતો હોય તેટલા પૂરતો રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૦૮ વધુ સુધારવા બાબત વિધેયક.

શ્રી શ્રી નીતિનભાઇ ર. પટેલ(મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન–૨૦૧૬ના વિધેયક ક્રમાંક–૪, સન–૨૦૧૬નું રજિસ્ટ્રેશન (ગુજરાત સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરૂ છું કે સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૪–સન ૨૦૧૬નું રજિસ્ટ્રેશન (ગુજરાત સુધારા) વિધેયકનું પહેલુ વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી નીતિનભાઇ ર. પટેલઃ ભારતીય નોંધણી અધિનિયમ,૧૯૦૮ અત્યારે અમલમાં છે અને એની જોગવાઇઓ પ્રમાણે નોંધણી માટે જે દસ્તાવેજો અને લેખો રજૂ થાય એનું રજિસ્ટ્રેશન કરવાનું રહે છે. આ અધિનિયમ નિયમ ૧૯૦૮ની કલમ ૧૭માં દસ્તાવેજોની નોંધણી કરવાનું ફરજિયાત છે. એ દસ્તાવેજોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને તે પ્રમાણે કલમ ૧૭(૧)જી માં દર્શાવેલ દસ્તાવેજો પક્ષકાર દ્વારા નોંધણી કરાવવામાં આવે છે એની જે નોંધણી થાય છે એના ઉપર નિયમ પ્રમાણે જે સ્ટેમ્પ ડયુટી લાગતી હોય એ ભરવાની રહેતી હોય છે. પરંતુ રાજયનો જે પ્રમાણે વિકાસ થયો અને ખાસ કરીને શહેરી વિસ્તારોની આજુબાજુમાં મોટા પ્રમાણમાં વિકાસ થયો છે જેમાં રહેણાંકનો વિકાસ હોય કે કોમર્શિયલ શોપીંગ સેન્ટરો હોય, મોલો વગેરેનો વિકાસ હોય અને એની સાથે સાથે નાના મોટા જે ધંધા ઉદ્યોગ વધ્યા એના કારણે શહેરોની આજુબાજુના વિસ્તારોમાં મોટા પ્રમાણમાં જમીનોની કિંમતો વધી છે. સ્વાભાવિક છે કે જે જમીન ખેડૂતની કે વ્યકિતની માલિકીની હોય છે, એ વ્યકિત પોતે પોતાની જમીનનો વિકાસ કરવા ઉત્સુક હોય તો અન્ય વ્યકિતઓ સાથે એટલે કે કન્સ્ટ્રકશન સાથે સંકળાયેલા વ્યકિતઓ કે બિલ્ડરો સાથે કરાર કરતા હોય છે. હું આ જમીન તમને આપું છું તેના ઉપર સોસાયટી, મકાનો, ફલેટો, કોમર્શિયલ, શોપીંગ સેન્ટરો બનાવે અને પછી એનું વેચાણ કરવામાં આવતું હોય છે. એટલે જમીનનું એક પ્રકારનું આ વેચાણ થયેલુ ગણાય કે જેનો વિકાસ થવાનો છે. જે ખુલ્લી જમીન તરીકેની કિંમત છે એના કરતાં એની કિંમતમાં આ બાંધકામ થવાથી અનેકગણો વધારો થતો હોય છે. આ જે વધારો થાય તેનો લાભ નાણાકીય રીતે સરકારની તિજોરીને પ્રાપ્ત થતો નથી. કારણ કે કોન્ટ્રાકટરે અને જમીન માલિકે જે કરાર કર્યો હોય છે તેનું રજિસ્ટ્રેશન કરાવેલું હોતું નથી. એટલે અગાઉ આપણે કાયદો કરેલો છે એ પ્રમાણે હવે દરેક દસ્તાવેજના કરારનું પણ ફરજીયાત રજિસ્ટ્રેશન કરાવવું જોઇએ કે જેથી ડેવલોપર અને જમીન માલિક વચ્ચે જે કરાર થયો હોય તેનો સ્ટેમ્પ બને. એ સ્ટેમ્પની આવક સ્ટેમ્પ ડ્યૂટી તરીકે રાજ્ય સરકારની તિજોરીમાં જમા થાય. તેવી જ રીતે બીજો એક સુધારો આ કાયદામાં લાવીએ છીએ તેમાં પણ ભાગીદારી લેખ અંગેનો જે ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ની અનુસૂચિ (૧)ના આર્ટીકલ–૪૪ મુજબ સ્ટેમ્પ ડ્યૂટી ભરવાની રહે છે. આ દસ્તાવેજ નોંધાય, કોઇ ભાગીદારી બને તો એ દસ્તાવેજની સાથે ભાગીદારીની સાથે મિલકત પણ જોડાયેલી હોય છે. રાજ્ય સરકારના ધ્યાન ઉપર એવું આવ્યું કે આ ભાગીદારીમાં કોઇ વ્યક્તિઓ મિલકત પણ સાથે જોડે તો તેનો પણ લાભ સરકારની આવકમાં થવો જોઇએ. પરંતુ તેની નોંધણી થતી નહોતી એટલે આ ભાગીદારી લેખની પણ નોંધણી ફરજીયાત કરવામાં આવે તો તેની સ્ટેમ્પ ડ્યૂટીની રાજ્ય સરકારને આવક વધે એટલા માટે અત્યાર સુધી અનેક પ્રકારની સ્ટેમ્પ ડ્યૂટીની આવક જુદા જુદા પ્રકારની મિલકતોની લે–વેચ ગમે તે કરો અને જે સ્ટેમ્પ થાય તેની સરકારને આવક થતી હોય છે, પરંતુ આ બે–ત્રણ વસ્તુ એવી હતી કે જેની નોંધણી નહીં થવાના કારણે એ સ્ટેમ્પ ડ્યૂટીની આવક રાજ્ય સરકારને થતી નહોતી એટલે જે સુધારો મેં રજૂ કર્યો છે તેમાં ૧૯૦૮ની કલમ–૧૭(૧)માં આ પ્રમાણેની જોગવાઇ આપણે દાખલ કરીએ છીએ કે જેમાં બન્ને પક્ષોએ નોંધણી કરાવવી, ભાગીદારી નોંધણી કરાવવી અને કરાર લેખની પણ નોંધણી કરાવવી અને તેના ઉપર જે સ્ટેમ્પ ભરવાનો થતો હોય એ રાજ્ય સરકારને પ્રાપ્ત થાય એ પ્રમાણેનો સુધારો આજે આ બિલ રજૂ કરીને મેં રજૂ કર્યો છે તો હું માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરું, આપ સૌ રાજ્યના હિતમાં સરકારની આવક વધે અને જે બીજાં લોકો સારી રીતે વ્યવસાય કરે છે, સ્ટેમ્પ ડ્યૂટી ભરે છે તેમને નુકસાન ન થાય અને જે લોકો બાકાત રહી જાય છે એ રહી ન જાય અને સરકારને આવક મળે એ પ્રમાણેનો જે સુધારો રજૂ કર્યો છે એ મંજૂર કરવા માનનીય સભ્યશ્રીઓને હું વિનંતી કરું છું.

---

* વિધેયક સન ૨૦૧૬ની ૨૨મી ફેબ્રુઆરીના રોજ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ થયું છે..

તા. ૩૦મી માર્ચ, ૨૦૧૬

રજિસ્ટ્રેશન (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૧૬

શ્રી જનકભાઇ મ. કાછડિયા (પટેલ) : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીના માધ્યમથી હું આ સન્માનનીય સભાગૃહને જણાવવા માગું છું કે સ્વચ્છ, સુધારાવાદી અને ગતિશીલ સરકાર છે અને આ સરકારના સુશાસનના ભાગ રૂપે આ રાજયના ગતિશીલ મુખ્યમંત્રી અને માતૃસ્વરૂપા આનંદીબેન પટેલ કે જેઓ આ રાજ્યનો મહેસૂલ વિભાગ પણ સંભાળી રહ્યા છે. તેઓ છેલ્લા વર્ષોમાં આ વિભાગમાં ઘણા સુધારા લઇને આવ્યા છે. આજ રોજ તેઓ જે સુધારા વિધેયક લાવ્યા છે તેને અનુમોદન આપીને આ સુધારા વિશેના મારા મંતવ્યો આ સન્માનનીય સભાગૃહની સમક્ષ મૂકવા માગું છું.

સદરહુ વિધેયક જે સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંક-૪ તરીકે રજૂ થયું છે અને સદર વિધેયક સન ૧૯૦૮ના ૧૬મા અધિનિયમની કલમ-૧૭ના સુધારા તરીકે રજૂ કરવામાં આવ્યું છે. આ વિધેયક દ્વારા સરકાર ખેડૂતો તથા નાના જમીન ધારકોના હિતને વધુ સંરક્ષિત કરવાની નેમ ધરાવે છે. સાંપ્રત સમયમાં જમીન બાંધકામ કરનારા અમુક બિલ્ડરો તથા જમીન માફીયાઓ અસલ ખેડૂતો સાથે ફકત ૧૦૦ રૂપિયાના સ્ટેમ્પ પેપર ઉપર સાદા કરારો અથવા વિકાસ કરાર બનાવીને અથવા તો ભાગીદારી કરાર બનાવીને પોતે કરોડો રૂપિયા કમાઇ લે છે, જયારે ગરીબ ખેડૂતોના હિસ્સામાં કરવેરા વગેરે બાદ કરતા ઘણી ઓછી રકમ આવતી હોય છે. તેમજ આ સમગ્ર પ્રકરણોમાં સરકારની મહેસૂલી આવકમાં પણ ખૂબ મોટુ નુકસાન થતું હોય છે. આવા ફકત ૧૦૦ રૂપિયાના સ્ટેમ્પ પેપર ઉપર જે કરારો થાય છે તેમાં હકીકતમાં તો કરોડો રૂપિયાની લેવડ-દેવડનો ઉલ્લેખ થયેલો હોય છે. ત્યારે આ દરેક વાત તેમજ પ્રક્રિયાનો આ ગતિશીલ સરકારે ઝીણવટભર્યો વિચાર કર્યો છે અને એટલા માટે આ વિધેયકથી સરકાર દ્વારા નાના જમીન ધારકોનું હિત સચવાય તે દિશામાં વધુ એક નક્કર પગલું છે. સ્થાવર મિલકત અથવા જમીન જાયદાદને લગતા એવા ઘણાં પ્રકારના દસ્તાવેજો કે જેની નોંધણી ફરજીયાત નહોતી. આથી કાયદાની છટકબારીનો લાભ લઇને છટકી જતા લોકોને કાયદાની મર્યાદામાં લાવવા માટે આવા તમામ દસ્તાવેજોની નોંધણી આ સુધારા દ્વારા ફરજીયાત કરવામાં આવી છે. જેના દ્વારા સરકારની મહેસૂલી આવક પણ વધશે. જેનો સદુપયોગ નાના ગરીબ ખેડૂતો, શ્રમયોગીઓ, કર્મયોગીઓ, ગરીબ દર્દીઓ અને આર્થિક રીતે પછાત પરિવારના બાળકોના શિક્ષણ તેમજ આરોગ્ય જેવા ક્ષેત્રમાં આ રકમ વપરાશે તેવી આ સરકાર નેમ ધરાવે છે. સદરહુ વિધેયક દ્વારા સ્થાવર, જંગમ મિલ્કતને લગતા ઘણાં ગેરકાયદેસરના લખાણો જેવા કે સાટાખત અથવા તો વેચાણ કરાર, ભાડા કરાર, એક કરતા વધુ વર્ષની મુદતના મિલકત પટ્ટા, સમજૂતિ કરાર, વિકાસ કરાર, ભાગીદારી કરાર અથવા તો ભાગીદારીનો વિસર્જન કરાર, ભાડા પટ્ટા અથવા તો લીઝ ટેન્ડન્સી, અવેજ દર્શાવેલ બિન વસિયતપણાના લેખો, કબજા રસીદ અથવા કબજા વેચાણ કરાર, મુખત્યારનામુ અથવા કબજા સાથેનો પાવર ઓફ એટર્ની, દસ્તાવેજ અથવા બીજા આધાર પુરાવા, જેમાં જમા કરાવીને થતું ગીરોખત, એમ ઘણા પ્રકારના લેખ, જમીનનો વેપાર કરનારા અથવા તો ખેડૂતોના હિત જોખમમાં નાખીને પોતાનો વેપાર વધારવાનો મનસુબો ધરાવે છે તેવા તત્વો દ્વારા કાયદામાં રહેલ છીંડાનો લાભ લઇને આ પ્રકારના કૃત્યો કરતા હતા. જેના ઉપર આ વિધેયક દ્વારા ચોક્કસપણે મજબૂતપણે અંકૂશ લાવી શકાશે તેવું દ્રઢપણે હું માનું છું. આ બાબતે એક દાખલો આપું છું. ૧૯૮૪માં અમદાવાદ શહેરમાં અમદાવાદના અમુક વિસ્તારમાં અશાંત ધારો અમલમાં આવ્યો. પાવર ઓફ એટર્ની એટલે કે કુલમુખત્યારનામું રજૂ કરવામાં આવતું. આ સુધારા દ્વારા મહેસૂલી આવક પણ વધવાની છે અને તેના દ્વારા નાના માણસોને ફાયદો પણ થવાનો છે. તેથી તમામ સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે આ વિધેયકને અનુમોદન આપે.

શ્રી ચિમનભાઇ ધ. સાપરિયા(જામજોધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક-૪ રજિસ્ટ્રેશન સુધારા વિધેયક લઇને આવ્યા છે તેમાં મારા કેટલાક વિચારો રજૂ કરવા માટે અને સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય નોંધણી અધિનિયમ ૧૯૦૮ની કલમ ૧૭માં ફરજીયાત નોંધણીને પાત્ર હોય તેવા દસ્તાવેજોનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. તે મુજબ દસ્તાવેજોની નોંધણી કરાવવામાં આવે છે અને તેના દ્વારા રાજ્ય સરકારને સ્ટેમ્પ ડ્યૂટી અને નોંધણી ફીની મહેસૂલી આવક થાય છે. રાજ્યમાં થઇ રહેલો વિકાસ અને મિલકતોની કિંમતમાં થઇ રહેલો વધારો જોતાં ડેવલપમેન્ટ એગ્રીમેન્ટ તથા ભાગીદારોના લેખોની નોંધણી ફરજીયાત ન હોવાના કારણે આવા દસ્તાવેજોની નોંધણી કરવામાં ન આવે તેથી સરકારશ્રીની મહેસૂલી આવકને ખૂબ મોટું નુકસાન થાય છે. તે નિવારવા તેમજ અન્ય ફાયદા માટે પણ આવા લેખોની નોંધણી ફરજીયાત કરવી ઉચિત જણાય છે. ડેવલપમેન્ટ એગ્રીમેન્ટ જેમાં ડેવલપર દ્વારા મિલકતોમાં બાંધકામ કરીને ઉંચી કિંમતે વેચાણ કરવામાં આવે છે. આવા વ્યવહારોમાં નફાનું ધોરણ ઘણું ઉંચું હોય છે. પરંતુ નોંધણી ફરજીયાત ન હોવાથી આવા લેખોની નોંધણી કરાવવામાં આવતી નથી. જે ફરજિયાત કરવામાં આવે તો સરકારશ્રીને મહેસૂલની આવકમાં પણ વધારો થશે અને સાથોસાથ લેખોની નોંધણી કરાવવાથી સબ રજિસ્ટ્રાર કચેરીમાંથી જાહેર જનતાને જરૂરી માહિતી તથા પ્રમાણભૂત નકલો પણ મળી શકશે. સબ રજિસ્ટ્રાર કચેરીમાં આવા લેખોની નોંધણી થવાથી પક્ષકારોને બાયો મેટ્રીક થમ્બ, ઇમેજ તથા વેબ કેમેરા દ્વારા ફોટોગ્રાફ લેવાના કારણે કમ્પ્યુટરાઇઝડ રેકર્ડ ઉપલબ્ધ બનશે. જેના કારણે મિલકતોના લીટીગેશનના પ્રશ્નો પણ ઓછા થશે. આવું ખુબ સારું સુધારા વિધેયક માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે એને હું સમર્થન આપી વિરમુ છું.

શ્રી ભૂષણ અ. ભટ્ટ(જમાલપુર-ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક:૪- સન ૨૦૧૬નું રજિસ્ટ્રેશન (ગુજરાત સુધારા ) વિધેયક માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ આ સભાગૃહ સમક્ષ લઇને આવ્યા છે તેને સમર્થન સાથે મારા વિચાર રજુ કરુ છું. રાજયની અંદર ભારતીય નોંધણી અધિનિયમન ૧૯૦૮ તો અમલમાં છે

જ તેમાં પ્રવર્તમાન સમય સંજોગ અને સ્થિતિને ધ્યાને લઇ તેમજ સૂચિત સુધારા હાલમાં આવશ્યક જયારે બન્યા છે ત્યારે મારે કહેવું પડે કે હાલમાં જે ડેવલપમેન્ટ કરાર તથા ભાગીદારીના દસ્તાવેજ ફરજિયાત નોંધણીને પાત્ર ન હોવાને કારણે બન્ને પક્ષકારો માત્ર વીસ રૂપિયા, પચાસ રૂપિયા કે સો રૂપિયાના સામાન્ય રકમના સ્ટેમ્પ ઉપર લખાણ કરાવી નોટરી સમક્ષ સહી સીકકા કરાવી અને લેખો કરવામાં આવે છે એવા સંજોગોમાં નોટરી પણ પોતાને ત્યાં હાજર હોય અને નોટરી પણ પોતાનો હોય એવા સંજોગોમાં ભૂમાફીયાઓ એનો અનેક રીતે દુરુપયોગ કરે એવા અનેક દાખલાઓ આપણને જોવા મળ્યા છે જેના કારણે સરકારની મહેસૂલી આવકમાં તો ઘટાડો થાય છે અને મોટા પ્રમાણમાં મહેસૂલી આવકમાં નુકસાન થતું હોય ત્યારે એવા સંજોગોમાં જયારે આ વિધેયકમાં સુધારા લઇને આવ્યા છે ત્યારે જેના કારણે આપણે જોયું પણ છે અને જાણ્યું પણ છે અનેક જગ્યાએ આવા અન્ય રજીસ્ટરો, દસ્તાવેજોમાં લેભાગુ તત્વો દ્વારા ખોટી સહી કરીને, ખોટું રેકર્ડ ઉભું કરીને મિલકત અન્યના નામે ટ્રાન્સફર કરાવી લેવાના અનેક કિસ્સાઓ આપણને જોવા-જાણવા મળ્યા છે જેના કારણે ગરીબ અને મધ્યમ વર્ગના કે સામાન્ય વર્ગના લોકોને ખૂબ જ હાડમારી ભોગવવી પડે એવા દાખલાઓ પણ આપણને અનેક જોવા મળ્યા છે. આવા કેસોમાં નાછૂટકે કોર્ટ અને કચેરીઓનો આશરો લેવો પડે અને તેમાં અનેક વર્ષો સુધી હેરાન પરેશાન થવું પડે છે. આ સાથે પરેશાનીનો ભોગ ન બનવું પડે એ માટે વિકાસના કરાર તથા ભાગીદારીના કરાર ફરજીયાત નોંધણીને પાત્ર બનાવવામાં આવે તો સરકારની મહેસૂલની આવકમાં વધારો થાય, બન્ને પક્ષકારોની જે બાયોમેટ્રીક થમ્બ ઇમેજ આપણે દસ્તાવેજ રજીસ્ટ્રેશનમાં લઇએ અને વીડીયો રેકોર્ડીંગ લઇ આવ્યા એના કારણે જે ખોટા દસ્તાવેજો થતા હતા એ ખોટા દસ્તાવેજ થવાનું અટકયું છે. આની અંદર પણ જો આવી વીડીયોગ્રાફી થાય તો મિલકતોના વ્યવહારમાં થતા ફ્રોડ પણ અટકાવી શકાય. સામાન્ય માણસ પોતાના મનથી સુરક્ષીતતા અનુભવી શકશે. કોર્ટ કચેરીના ધકકા પણ અટકી જશે. ભૂતકાળમાં આજથી ૨૦-૨૨ વર્ષ પહેલા અમદાવાદમાં આબાદ ડેરી આવી હતી એ આબાદ ડેરી ૨૦-૨૨ વર્ષ પહેલા ભુમાફિયાઓએ ખોટા દસ્તાવેજ, ખોટા કરાર કરી એના ઉપર ડેવલપમેન્ટ કરાર, ભાગીદારી કરાર અને એ જગ્યા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ડેરીની જગ્યા હતી. એ ડેરી રાજય સરકારે ગુજરાત ડેરી ડેવલપમેન્ટ કોર્પોરેશનને ડેરી ચલાવવા આપેલી હતી. એ ચલાવવા આપેલી ડેરી બંધ થતા એક શખ્સે, આજે મારા સાથી મિત્રો જતા રહ્યા છે પણ એવા શખ્સોએ ભૂતકાળમાં એ ડેરીનું વેચાણ કરી નાખ્યું, એ સરકારી જમીનનું વેચાણ કરી નાખ્યું અને એની ઉપર ડેવલપમેન્ટ કરાર, એની ઉપર ભાગીદારી કરાર કર્યા અને અનેક ગરીબ માણસ એની અંદર સલવાયા, એ વખતે આવો વિચાર કર્યો હોત કે આવા સુધારા લાવ્યા હોત તો અનેક ગરીબ લોકોના પૈસા બચ્યા હોત એટલા માટે જ માનનીય મંત્રીશ્રી જે સુધારા વિધેયક લઇને આવ્યા છે એને મારું સમર્થન આપુ છું અને સભાગૃહના સૌ સભ્યશ્રીઓને અપીલ કરુ છું કે એને સમર્થન આપે એ જ અભ્યર્થના.

શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક-૪ લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું અને વિસ્તૃત રજૂઆત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહને જણાવતા મને આનંદ થાય છે કે, જ્યારે મહેસૂલ વિભાગ માનનીય મુખ્યમંત્રીશ્રી સંભાળી રહ્યા છે ત્યારે એમણે એક મહિલા મુખ્યમંત્રી તરીકે મહિલાઓ જ્યારે કોઇપણ દસ્તાવેજને રજિસ્ટર્ડ કરાવે, મહિલાના નામે જ્યારે મિલકત રજિસ્ટર્ડ થાય ત્યારે એમાં ૧૦૦ ટકા રજિસ્ટ્રેશન ફીમાં રાહત આપી છે અને એ રાહત ૯૦૦ કરોડ જેવી થવા જાય છે ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી ખૂબ ખૂબ અભિનંદનને પાત્ર છે. કોઇપણ રજિસ્ટ્રેશન કરાવવું હોય તો તાલુકા ક્ષેત્રે રજિસ્ટ્રાર કચેરીઓ ખોલવામાં આવી છે જેથી ખેડૂતોને અને અન્ય લોકોને દૂર સુધી જવું ન પડે એટલા માટે દરેક તાલુકવાર, દરેક શહેરમાં રજિસ્ટ્રાર કચેરી ખોલવામાં આવી છે. તેવી જ રીતે ખેડૂતોના જે દસ્તાવેજો કરવામાં આવે છે એમાં પણ કોંગ્રેસના રાજમાં જે ભૂમાફિયાઓ ડેવલપ થયા હતા એ લોકોને રોકવા માટે માનનીય નીતિનભાઇ સાહેબ અને સરકારે અથાગ પ્રયત્ન કરીને એક વિડિયોગ્રાફી જેવી સિસ્ટમ ડેવલપ કરી છે ત્યારે દસ્તાવેજ થતો હોય ત્યારે વિડિયોગ્રાફી થઇ શકે. આના કારણે ખેડૂત ક્યાંય છેતરાય નહીં એના માટેની સરસ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. જંત્રી પણ વૈજ્ઞાનિક પદ્ધતિથી સમગ્ર રાજ્યમાં કરવામાં આવી છે જેથી ખેડૂત ખોટી રીતે છેતરાય નહીં એના માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ ખૂબ જ ક્રાંતિકારી ફેરફારો લાવીને સમગ્ર રાજ્યમાં સમાંતર રીતે દસ્તાવેજો થાય, નોંધણી થાય, લેખોની નોંધણી થાય એવા ક્રાંતિકારી વિચારોથી આ સરકારી તંત્રે કામ કર્યું છે ત્યારે મારે અધિકારીઓને પણ લાખ લાખ અભિનંદન આપવા છે. ખૂબ જ સરસ વ્યવસ્થા ઉભી કરી છે ત્યારે ખેડૂતને વર્ષમાં એકવાર ૭/૧૨નો ઉતારો ફ્રીમાં મળી રહે એવી પણ વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવી છે. ઓન લાઇન ૭/૧૨ના ઉતારા પણ મળી શકે છે. જે ઇ-ગ્રામ વ્યવસ્થા છે એમાં પણ માત્ર ૧૦ રૂપિયામાં કોઇપણ ખેડૂતને ૭/૧૨ના ઉતારાની નકલ પોતાના ગામમાં જ મળી રહે એવી વ્યવસ્થા કરવામાં આવી છે ત્યારે સરકાર અભિનંદનને પાત્ર છે. ભારતીય રજિસ્ટ્રેશન અધિનિયમ ૧૯૫૮ અનુસાર કોઇપણ દસ્તાવેજ નોંધણી અર્થે રજૂ થયેથી તેની સ્ટેમ્પ ડ્યૂટી તથા નોંધણી ફી વસૂલ લઇ શકાય. હાલમાં ડેવલપમેન્ટ કરતા ભાગીદાર લેખોની ફરજિયાત નોંધણી ન હોવાના કારણે રજિસ્ટ્રેશન ડેવલપમેન્ટ કરાર અનુસાર અનરજિસ્ટર્ડ ભાગીદાર લેખોથી બાંધકામ કરવામાં આવેલ મિલકતના રીસેલના દસ્તાવેજો નોંધણી અર્થે રજૂ થાય છે ત્યારે ડેવલપમેન્ટ કરાર અને ભાગીદાર લેખોની નોંધણી થયેલ ન હોવાના કારણે મિલકત બાંધકામની કિંમત માટે એકાઉન્ટન્ટ જનરલશ્રી દ્વારા ઓડિટ પેરામાં જ્યારે દસ્તાવેજ આવે ત્યારે સમયાંતરે જાહેર હિસાબ

સમિતિ સમક્ષ જે ખુલાસા આપવામાં આવે છે ત્યારે ઘણા બધા પ્રશ્નો ઉપસ્થિત થાય છે. આવા બધા પ્રશ્નો ઉપસ્થિત ન થાય એના માટે માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એ ખૂબ સરાહનીય બાબત છે. રાજ્ય સરકાર દ્વારા સ્ટેમ્પ અધિનિયમ ૧૦૫૮માં છેલ્લે સુધારા કરવામાં આવ્યા છે ત્યારે ડેવલપમેન્ટ કરાર અને સાડા ત્રણ ટકા ડ્યૂટી છે એ ડ્યૂટી વિનિયમિત કરવામાં આવે છે. પણ એ ફરજિયાત ન હોવાના કારણે ડેવલપમેન્ટ કરાર એ લોકો નોંધી શકતા નથી અને છટકબારીના કારણે સરકારની આવક ગુમાવવી પડે છે. આના કારણે સરકારને પણ ખૂબ મોટી આવક થશે. હું સૌ સભ્યશ્રીને વિનંતી કરું છું કે આને સમર્થન આપે અને હું મારું સમર્થન આપું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (મહેસૂલ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મેં રજૂ કરેલા વિધેયક ઉપર માનનીય સભ્યશ્રી જનકભાઇ કાછડિયા, શ્રી ચીમનભાઇ સાપરિયા, શ્રી ભૂષણભાઇ ભટ્ટ અને શ્રી જગદીશભાઇ પંચાલે ખૂબ જ વિસ્તૃત વિચારો વ્યક્ત કરી આખા કાયદાની અત્યારની પ્રક્રિયાની અને મહેસૂલ વિભાગની ખેડૂતલક્ષી, પ્રજાલક્ષી કામગીરીની ખૂબ છણાવટપૂર્વક ચર્ચા કરી છે ત્યારે આ વિધેયક જે મેં રજૂ કર્યું છે એના ઉપર પૂરતી ચર્ચા વિચારણા થયેલી છે. સુધારો પ્રજાલક્ષી, સરકારલક્ષી અને સરકારને જે આવક થાય તેનો સદુપયોગ પ્રજા માટે થાય એ પ્રમાણેના સુધારાથી જે આવક થવાની છે એનો લાભ પ્રજાને મળવાનો છે ત્યારે આ બિલ ઉપર મારે વધારે કાંઇ કહેવું નથી. માનનીય સભ્યશ્રીઓએ જે સમર્થન આપ્યું એમનો હું આભાર માનું છું. પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે– સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંક–૪ નું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

કલમ–ર, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકના ભાગ બની.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે– સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંક–૪નું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષશ્રી : સર્વાનુમતે વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક વિના વિરોધે પસાર કરવામાં આવે છે.

( વિરામ બપોરના ૨–૨૭ થી ૩–૧૫ )

ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

બિન–સરકારી સંકલ્પ

ડો.બાબાસાહેબ આંબેડકર પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા વિવિધ કાર્યક્રમોને સફળ બનાવવા સઘન પ્રયાસો કરવા અંગે.

શ્રી પીયૂષભાઇ દિ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સંકલ્પ રજૂ કરું છું કે, ડો.બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિની ઊજવણી કરી અનોખી શ્રદ્ધાંજલિ આપવાના ભાગરૂપે રાજ્ય સરકારે સન ૨૦૧૫–૨૦૧૬ના બજેટમાં રૂપિયા ૧૨૫ કરોડની જોગવાઇ કરી હતી. ડો.બાબાસાહેબ આંબેડકરના વિચારોના પ્રચાર પ્રસાર માટે વિવિધ શાળાઓમાં નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, ડો.બાબાસાહેબ આંબેડકરના જીવન સંદેશ દર્શાવતું નાટક અને ભવાઇ, દલિત કવિ સંમેલનો, દલિત સાહિત્ય, પરિસંવાદો, ભજનો અને લોક ડાયરા વગેરે કાર્યક્રમો યોજાયા હતા. આ ઉપરાંત ડો.બાબાસાહેબ આંબેડકરના જીવન પર આધારિત ડોક્યુમેન્ટરી ફિલ્મો તૈયાર કરીને તેનું તમામ જિલ્લાઓમાં નિદર્શન કરવામાં આવ્યું હતું.

ડો.બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિ નિમિત્તે રાજ્ય સરકાર દ્વારા શામળાજી પાસે દેવની મોરી ખાતે "બૌદ્ધ વિહાર સંકુલ" અને વડોદરામાં "સંકલ્પ ભૂમિ" ખાતે સંકુલ ઊભું કરવાનો નિર્ણય કરેલ છે. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને વિકસતી જાતિના યુવાનોનું મહાકુંભ સ્વરૂપે મહાસંમેલન યોજવા માટે રાજ્ય સરકારે આયોજન કર્યું છે. ડો.બાબાસાહેબ આંબેડકર પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા સન ૨૦૧૫–૧૬ના વર્ષમાં સરકારે વિવિધતા સભર કાર્યક્રમો યોજ્યા હતા અને આ માટે ભાવિ આયોજન પણ કરવામાં આવ્યું છે. જેને સફળ બનાવવાના સઘન પ્રયાસો કરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.

શ્રી પીયૂષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આજે તેરમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં એક દિવસ જ્યારે બાકી છે ત્યારે ખૂબ આનંદ અને હું ગૌરવની લાગણી અનુભવું છું, આ સંકલ્પ રજૂ કરતાં. ભારતના સપૂત, બંધારણના ઘડવૈયા અને વિશ્વ માનવ તરીકે પણ આપણે જેમને બિરૂદ આપવું હોય તો આપી શકાય એવા મહામાનવ, દલિતોના મસિહા આંબેડકરજીની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે અનેકવિધ કાર્યક્રમોનું રાજ્ય સરકારે આયોજન કર્યું છે. એમાં ૧૨૫ કરોડનું પહેલીવાર આ આયોજન થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ડો.બાબાસાહેબ આંબેડકરના જીવન સંદેશને જન જન સુધી પહોંચાડવા માટે ડો.બાબાસાહેબ આંબેડકરના જીવન અને એમના કથન ઉપરનું નાટક, "ભાગ્ય વિધાતા" એ તમામ જિલ્લાના મથકો અને મહાનગરપાલિકાઓમાં દર્શાવવામાં આવ્યા છે. મને જણાવતાં આનંદ થાય કે, આપણા કાર્યક્ષમ મંત્રી આદરણીય શ્રી રમણભાઇ નવસારી ખાતે આવ્યા આંબેડકર ભવનના ઉદ્ઘાટન પ્રસંગે ત્યારે શ્રી મંગુભાઇ અને આર.સી.પટેલ એ વિસ્તારના

આગેવાનો હાજર હતા. ફક્ત એ વખતે એક શ્રી અમૃતભાઇ કોળી તરીકે દક્ષિણ ગુજરાતમાં અમારા ઝંખના બહેન અને આર.સી. પટેલ અને એ બધા જાણે છે, ખૂબ પ્રચલિત નામ છે, એ કોઇ પણ સમારંભ હોય ત્યારે એ એનો ફોટો જે છે એ ફક્ત ને ફક્ત આંબેડકરજીનો આપે છે, વર્ષોથી આ ઇતિહાસ રહ્યો છે. આ મિત્રો જેવી તેવી વાત નથી.

માનનીય અધ્યક્ષશ્રી, જેવી રીતે ગાંધીજી માટે દુનિયાના મહાન વૈજ્ઞાનિક આઇન્સ્ટાઇને કહ્યું હતું કે, ભવિષ્યની પેઢી માનવા તૈયાર નહીં થશે કે આવા મહામાનવ આ દુનિયા ઉપર આવ્યા હતા, ભવિષ્યની પેઢી માટે. અને એ જ રીતે બાબાસાહેબના કર્મો પણ આજે ભવિષ્યની પેઢી માટે જે રાજ્ય સરકાર ખાસ કરીને માનનીય મુખ્યમંત્રીશ્રી અને વિભાગના મંત્રીશ્રી રમણભાઇ ૧૨૫ કરોડનો જે ખર્ચ કરી રહ્યા છે એમાં અલગ અલગ પ્રકારની ગુજરાત રાજયની અંદર એમણે જે સ્કીમો દાખલ કરી છે એનાથી ભવિષ્યની પેઢી પણ ભવિષ્યમાં ડો.બાબાસાહેબ આંબેડકરજી માટેના એક સંસ્કારનું સિંચન એ મારફતે થઇ રહ્યું છે એમ કહું તો ખોટું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ડો.બાબાસાહેબ આંબેડકરજી ફક્ત દલિતોના નેતા નહતા પરંતુ સમાજના તમામ વર્ગો જે શોષિત હોય, પીડિત હોય, દુ:ખી હોય તેવા તમામ સમાજના નેતા હતા એમ કહું તો ખોટું નથી. કોઇપણ અમાનવીય ઘટના બને તેના જાગૃત નાગરિક તરીકેનું જો કોઇએ કામ કર્યું હોય તો આંબેડકરજીએ કર્યું છે. હું પણ મારી જાત માટે ગર્વ અનુભવું છું કે એવા મહામાનવની આપણે વાત કરી રહયા છીએ કે આજે અમેરિકાની અંદર માર્ટીન લ્યૂથર કીંગની જો વાત કરવી હોય તો માર્ટીન લ્યૂથર કીંગ અને સાઉથ આફ્રિકામાં નેલ્સન મંડેલા એમણે જે ચળવળ માટે કામ કર્યું છે એની સરખામણી જો કોઇની સાથે કરવી હોય તો એને ફકત ને ફકત આંબેડકરસાહેબ સાથે કરી શકાય એમ કહું તો ખોટું નથી. આપણા લોખંડી પુરુષ અને ગૃહમંત્રી સરદાર પટેલ સાહેબે જેમ દેશને જોડયો હતો તેમ આંબેડકરજીએ સમાજને જોડયો છે એમ કહું તો ખોટું નથી. આજે મને એ પણ જણાવતા આનંદ થાય છે કે આંબેડકરજી જે બંગલાની અંદર રહેતા હતા એ બંગલાને રાષ્ટ્રીય સ્મારક તરીકે એની આધારશીલા એક અઠવાડિયા પહેલા જે સો કરોડના ખર્ચે બનવા જઇ રહી છે એ આધારશીલાનું કામ તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના પ્રધાનમંત્રીએ અત્યારે જ કર્યું છે આ જેવી તેવી વાત નથી. હું વિરોધ પક્ષના સભ્યો નથી એટલે ચર્ચામાં નથી પડવા માગતો પરંતુ જયારે ભારતને આઝાદી મળી ત્યારે ૧૯૫૨ની અંદર લોકસભાની અંદર આંબેડકરજી નહીં આવે એ જો કોઇએ કામ કર્યું હોય તો એ કોંગ્રેસના મિત્રોએ, તે વખતની સરકારે કર્યું છે કે એ લોકસભામાં આવી નહીં શકે અને આ જેવી તેવી વાત એટલા માટે નથી કે એ બાબતમાં મંત્રીશ્રી આગળ પ્રકાશ પાડશે પણ જે આધારશીલા બનવાની છે, એમનું જે સ્મારક બનવાનું છે એ આપણા જે બંધારણના ઘડવૈયા છે, એ બંધારણના ગ્રંથ પ્રમાણેની ડિઝાઇન બનાવીને એનું સ્મારક બનાવવા જઇ રહ્યા છીએ. આ જેવી તેવી વાત નથી. મારે એ સિવાય, આદરણીય પ્રધાનમંત્રીએ પણ ૧૪મી એપ્રિલ, ૨૦૧૬ થી

ઉપાધ્યક્ષશ્રી : એક મિનિટમાં પૂરું કરો.

શ્રી પીયૂષભાઇ દિ. દેસાઇ : સાહેબ, આ સંકલ્પ ખૂબ મોટા મહામાનવ માટેનો છે, આપ પણ એમાં છો એટલે મને થોડો સમય આપો. આજે આખો દિવસ પણ જો જાયને તો પણ ઓછો પડે એવા મહામાનવની વાત કરવાની છે. મારે આજે એ પણ આ ગૃહને યાદ અપાવવું છે કે સ્વ. ફકીરભાઇ, આપ ઉપાધ્યક્ષ અને અમારા ખૂબ કાર્યક્ષમ, અનુભવી મંત્રી અને વિદ્વાન મંત્રી રમણભાઇ અને અહીંયા બેઠેલા દલિત સમાજના સભ્યો છે એમણે પણ પોતાની જાત વર્ષોથી ઘસી કાઢી છે ખૂબ સારા કર્મો કરવા માટે એ પણ આ સભાગૃહ હંમેશા આપને બધાને યાદ રાખશે. માનનીય પ્રધાનમંત્રીની વાત છેલ્લે મારે એટલા માટે કરવી છે કે હાલમાં જ એમણે જાહેરાત કરી કે ૧૪ મી એપ્રિલ, ૨૦૧૬ થી ૨૪ મી એપ્રિલ, ૨૦૧૬ સુધી તમામ ગ્રામ પંચાયતો, સમગ્ર દેશની ગ્રામ પંચાયતોમાં અનેક કાર્યક્રમો કરવા માટે સૂચનાઓ એમણે આપી છે જેમાં સામાજિક સમરસતા દિવસની ઉજવણી, પંચાયતી રાજની ઉજવણી, તમામ ગ્રામ પંચાયતોમાં ડોકટર બાબાસાહેબ આંબેડકરની ૧૨૫ મી જન્મજયંતિની ઉજવણીના કાર્યક્રમો ગોઠવવા માટે એમણે સૂચનાઓ આપી છે. બીજા અનેક કાર્યક્રમો એવા છે ગતિશીલ ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેનના વડપણ હેઠળ પણ ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫ મી જન્મજયંતિ જયારે ઉજવી રહ્યા છીએ ત્યારે અટલ પેન્શન યોજના જે સરકારે જાહેર કરી છે એ પણ હોય, પ્રધાન મંત્રી જીવન જયોતિ વીમા યોજના પણ હોય, પ્રધાનમંત્રી જીવન સુરક્ષા વીમા યોજના પણ હોય, સુકન્યા સમૃદ્ધિ યોજના પણ હોય આ તમામ યોજનાનો જયારે લાભ થયો છે ત્યારે હું આ સભાગૃહને હૃદયપૂર્વકની વિનંતી કરું છું કે આપની આંતરિક સમૃદ્ધિ પણ વધે એક એવા માનવની જન્મજયંતિનો સંકલ્પ આપણે સ્વીકારવા જઇ રહ્યા છીએ કે આપણે બધાને માટે પણ જીવનમાં એક આનંદ અને એવો અવસર છે કે જેમાં સભાગૃહના તમામ સભ્યોને મારી હૃદયપૂર્વકની અપીલ છે કે મેં જે સંકલ્પ રજૂ કર્યો છે એ આપણે સર્વાનુમતે સ્વીકારીએ. આભાર, ભારત માતા કી જય.

શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડિયાપાડા) : માનનીય અધ્યક્ષશ્રી, મારા આદરણીય વડીલ સભ્યશ્રી પિયુષભાઇ આ ગૃહમાં ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫ મી જન્મજયંતિની ઉજવણી માટે જે સંકલ્પ લઇને આવ્યા છે, એને હું સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું બહુ ભાગ્યશાળી સમજું છું કે આવા મહાન વ્યક્તિના ઊજવણીના સંકલ્પ ઉપર મને વાત કરવાની, એમના વિચારો રજૂ કરવાની તક મળી છે. આ જ ગૃહમાં ૧૯૯૧ માં જ્યારે ૧૦૦મી જન્મજયંતિ ઊજવવાનો આવો જ એક સંકલ્પ હાઉસમાં લાવવામાં આવ્યો હતો, ત્યારે જનતા મારચા અને ભારતીય જનતા પાર્ટીની સરકાર હતી. કેશુભાઇ અને આદરણીય ફકીરભાઇની આગેવાનીમાં અમે ૧૦૦મી જન્મજયંતિ ખૂબ ધામધુમથી આખા ગુજરાતમાં પાર્ટીના લોકોએ ઊજવણી

કરી હતી. દિલ્હીની અંદર જનતા મોરચા અને બી.જે.પી.ની સરકાર હતી અને રામવિલાસ પાસવાનજી ત્યાં હતા. આ વખતે દિલ્હીમાં રામવિલાસ પાસવાનજી ત્યાં છે. ત્યાં પણ આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબની આગેવાનીમાં ૧૨૫મી જન્મજયંતિ ઊજવવાની છે. અહીયા ગુજરાતના મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ અને અમારા મંત્રીશ્રી રમણભાઇની આગેવાનીમાં ૧૨૫મી જન્મજયંતિ ઊજવવાની છે, ત્યારે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર અને આ એમના વિચારો જ આ દેશની અંદર મહાન વ્યક્તિનું અનુસરણ કરીને પ્રજા સુધી લઇ જવાનું કામ આ સરકાર જ કરી શકે. આજે આખા વિશ્વની અંદર જુઓ દેશ હોય કે રાજ્ય હોય આવા મહાન વ્યક્તિઓના જ્યાં પણ માન સન્માન સાથે સ્ટેચ્યુ મુકવામાં આવે છે અને જ્યારે એમની ગણતરી આખા ભારતના બધા રાજ્યોમાં, વિશ્વમાં કરવામાં આવે ત્યારે હું માનું છું કે સૌથી વધારે સ્ટેચ્યુ ગામડાંથી લઇને મોટાં શહેરોની અંદર સૌથી આદરભાવથી મુકવામાં આવેલ હશે તો આંબેડકરના હશે, બીજા લોકોના નહિ હોય. આપણે જોઇ શકીએ છીએ. આ સ્ટેચ્યુ શહેરના પ્રવેશ દ્વાર ઉપર અને શહેરમાં મધ્ય ભાગ ઉપર મુકવામાં આવ્યા હશે. કોઇ જગ્યાએ છેવાડે આંબેડકરના સ્ટેચ્યુ મુકવામાં આવ્યા નહિ હોય. ભારત દેશના દરેક સમાજના આ મહાન વ્યક્તિને આટલું સન્માન આપી રહ્યા છે. અમે ૧૦૦મી જન્મજયંતિ ઊજવતા હતા, ત્યારે ધારાસભ્ય તરીકે સતત ત્રણ દિવસ સુધી અમે વિવિધ કાર્યક્રમો રાખ્યા હતા. મારા આદિવાસી સમાજના બે–ત્રણ તાલુકાઓમાં ઘણા લોકોને બોલાવ્યા અને સાંસ્કૃતિક કાર્યક્રમો, રમત–ગમતો જેવા ખૂબ મોટા કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. ઘણા બધા લોકોએ આની નોંધ પણ લીધી હતી. એ દિશામાં ૧૨૫મી જન્મજયંતિ ઊજવવાની છે. એમનું એક વાક્ય હંમેશા મને યાદ રહ્યું છે. જ્યારે તેઓ પોતાનું વકતવ્ય આપતા, ત્યારે તેમનું વકતવ્ય એટલું પ્રભાવશાળી હતું. એમના લેખો વાંચીએ છીએ. ત્યારે એ જે કંઇ વિષય ઉપર વાત મૂકતા, વકતવ્ય કરતા તો તે વિષયના એટલા બધા ઉંડાણમાં જતા કે સામાવાળા વ્યક્તિ ઉપર એના વક્તવ્યનો પૂરેપૂરો પ્રભાવ એ લોકોની અંદર પડતો. વિષયને સમજવા માટે લોકો પ્રયત્ન કરતા. આજે શું પરિસ્થિતિ છે? એ હંમેશા એવું કહેતા કે પહેલાં તમે કોઇ વિષયને સમજો, શિક્ષણ મેળવો અને પછી સંગઠિત થાવ. તમે બધા જ્યારે સમજીને વિચારો અને પછી જ્યાં તમારા અધિકાર માટે અન્યાય થયો હોય ત્યાં લડત કરો અને આ રીતે ન્યાય મેળવો. આજે શું થઇ રહ્યું છે. આજે કયો સમાજ કયા વિષયને સમજવા માગે છે? આજે લોકો ડાયરેકટ સંઘર્ષમાં આવી જાય છે. શાના માટે લડીએ છીએ, કેમ લડીએ છીએ, કોના હકક માટે લડીએ છીએ? આ હક્ક મળશે કે કેમ? આજે આખા દેશમાં અને રાજ્યમાં લોકો સીધા સંઘર્ષમાં આવે છે. જે તે વખતે એમણે એવું કહ્યું કે તમે વિષયને સમજો, ભણો, જ્ઞાન મેળવો, સંગઠિત થાવ, ચર્ચા કરો, પછી તમારી જરૂરિયાત પ્રમાણે માગણી માટે સંઘર્ષ કરો તો તમને ચોક્કસ ન્યાય મળશે. એ આપણને વર્ષો પહેલાં કહી ગયા છે. જો આપણે એ દિશામાં ચાલીએ, વિષયને સમજીએ અને એના ઉપર ચર્ચા કરી અને સંગઠિત થઇએ પછી અધિકાર માટે લડીએ તો હું માનું છું કે દેશમાં, રાજ્યમાં આવા સંઘર્ષ કરવા માટેનાં કોઇ ચોક્કસ કારણ ઊભાં ન થાય.

૧૨૫ કરોડ રૂપિયાની વ્યવસ્થા કરી છે. આદરણીય મંત્રીશ્રી રમણભાઇએ તેના અનુસંધાને ઘણા બધા કાર્યક્રમો આ રાજયની અંદર તેની ઉજવણીના ભાગરૂપે ઘડી કાઢયા છે. જેમાં આ ઉજવણી સાંસ્કૃતિક રીતે, વકૃત્વ સ્પર્ધા, રમત ગમત, લોક સંવાદ રીતે ઉજવણી થવાની છે ત્યારે માનનીય સભ્યશ્રી પિયુષભાઇ જે સંકલ્પ લઇને આવ્યા છે તેને હું સમર્થન કરીને મારી વાત પૂરી કરું છું.

શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય સભ્ય શ્રી પિયુષભાઇ દેસાઇ ડો.બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિ અંગેનો પ્રસ્તાવ લઇને આવ્યા છે તેને અનુમોદન આપવા માટે હું ઉપસ્થિત થયો છું. મારું સદ્ભાગ્ય છે કે ભારતીય જનતા પાર્ટીએ મને આ વિષય ઉપર બોલવા માટેની તક આપી છે. બાબાસાહેબ આંબેડકરનો જન્મ ૧૪ એપ્રિલ ૧૯૮૧માં થયો અને આવનાર ૧૪મી એપ્રિલે તેને ૧૨૫ વર્ષ પૂરા થશે. બાબાસાહેબ આંબેડકરને ભારત સરકાર તરફથી ભારત રત્નનો ઇન્કલાબ આપવામાં આવ્યો. તે ઇન્કલાબ ૧૪ એપ્રિલ ૧૯૯૦ના રોજ આપવામાં આવ્યો. આજે કોંગ્રેસના મિત્રો નથી, મારે તેમને પૂછવું હતું કે આટલા વર્ષો સુધી તમે રાહ કેમ જોઇ? બાબાસાહેબ આંબેડકર ભારત રત્નને લાયક હતા તેની વિચારણા કરવા માટે તમને આટલા બધા વર્ષોનો સમય લાગ્યો. જે આ દેશ માટે અને કોંગ્રેસ પાર્ટી માટે શરમજનક ઘટના કહેવાય. બાબાસાહેબ આંબેડકર પોતે વિદ્વાન હતા, તે ઉચ્ચ કોટિના વિદ્વાન હતા. તેમણે પોતે બી.એ., એમ.એ., પી.એચડી., એમ.એસસી., બી.એસસી., એલ.એલ.બી., એલ.ડી., ડૉકટર ઓફ લિટરેચર જેવી અનેક પદવીઓ તેમણે પ્રાપ્ત કરી હતી. ગરીબ સમાજમાં અને ગરીબ કુટુંબમાં જનમ્યા હોવા છતાં સંઘર્ષ કરીને અભ્યાસ કર્યો હતો. આ તબકકે વડોદરાના મહારાજા સયાજીરાવને આપણે ભૂલવા ન જોઇએ. કારણ કે મહારાજા સયાજીરાવે તેમને સ્કોલરશિપ આપી તેમને પ્રોત્સાહિત કરીને ભણવા માટે મોકલ્યા. એટલા જ કારણે તેમને જે આર્થિક મદદ મળી અને તેઓ વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરી શકયા. એમણે એવી યુનિવર્સિટીઓમાં અભ્યાસ કર્યો છે જેમાં કોલંબિયા યુનિવર્સિટી, લંડન સ્કૂલ ઓફ ઇકોનોમિકસ એન્ડ પોલિટિકલ સાયન્સ કે જેને આંતર રાષ્ટ્રીય કક્ષાએ શ્રેષ્ઠ ગણવામાં આવે છે. ડૉ.બાબાસાહેબ આંબેડકરનું અનેક ભાષાઓ ઉપર પ્રભુત્વ હતું. આપણે જાણીએ છીએ તેમ મરાઠી, ગુજરાતી અને અમદાવાદમાં આવ્યા ત્યારે તેમણે ગુજરાતીમાં ભાષણ આપેલું. ગુજરાતી, હિન્દી, પારસી, સંસ્કૃત, ઉર્દૂ, જર્મન, ફ્રેન્ચ, અંગ્રેજી અને પર્શીયન ભાષા ઉપર તેમની જાણકારી અને પ્રભુત્વ હતું. તેમના જે વિચારો છે તેમાં રાજકીય વિચારો, આર્થિક અને સામાજિક વિચારો, ધાર્મિક વિચારો તથા સમકાલીન સમયના જે વિષયો હતા તેના ઉપર લખાણ કરેલ છે, તેના ઉપર પોતાના વિચારો વ્યક્ત કરેલા છે. પોતે પોલિટિકલ સાયન્સ, ઇકોનોમિકસ, લૉ, સોશ્યોલોજી, એન્થ્રોપોલોજી, ફિલોસોફી, રીલીજીયન, લેન્ગવેજ વગેરે વિષયના લાખો પુસ્તકો

પોતે વસાવેલા હતા. આપણે જોઇએ છીએ કે ઘણા માણસો પુસ્તકો વસાવે છે પણ વાંચે નહીં. ત્યારે બાબાસાહેબ આંબેડકર પુસ્તકો વસાવતા, ખરીદતા અને વાંચતા પણ હતા. તેમના વિશાળ વાચનના કારણે જોઇ શકીએ છીએ કે આ દેશની અંદર બંધારણ ઘડવામાં અને અનેક કાયદાઓ ઘડવાની અંદર ભૂલી ન શકીએ તેવું યોગદાન આપ્યું છે. તે પોતે એક વિચારક હતા, પત્રકાર તરીકે પણ કામ કર્યુ છે, લેખક તરીકે પણ કામ કર્યુ છે. તેઓ શ્રેષ્ઠ વકતા હતા અને ધારાશાસ્ત્રી પણ હતા. શિક્ષણ શાસ્ત્રી પણ હતા, સિદ્ધાર્થ કોલેજના પ્રિન્સિપાલ પણ રહી ચૂક્યા છે, અને એવી જ રીતે પોતે એક પાર્લામેન્ટરીયન પણ હતા અને એ પોતે એક સમાજની જેને આપણે લડવૈયા કહી શકીએ એવા લડવૈયા પણ હતા. આપણે જોઇએ છીએ કે ઘણા બધા લોકો ભણ્યા ઘણું હોય પણ લડવાની વાત આવે ત્યારે એ પાછા પડી જતા હોય છે એના બદલે ડો. બાબાસાહેબ આંબેડકર પોતે પોતાના વિચારો જેમાં માનતા હતા એ વાત રજૂ કરવા માટે પોતે હંમેશા સમાજ માટે અને ગરીબ માણસો માટે લડતા રહ્યા હતા. માનનીય અધ્યક્ષશ્રી, હું આજે માનનીય મુખ્ય મંત્રીશ્રીને અને માનનીય મંત્રીશ્રી રમણભાઇને અભિનંદન આપુ છું કે, ૯૮ વરસ પહેલા વડોદરાના કમાટી બાગમાં જે જગ્યાને આપણે સંકલ્પ ભૂમિ તરીકે ઓળખીએ છીએ એ સંકલ્પ ભૂમિમાં રાષ્ટ્રીય સ્મારક બને એ માટે ૧૦ કરોડ રૂપિયાની જોગવાઇ અને એમાંથી ૫ કરોડ રૂપિયાની ગ્રાન્ટ તો કલેકટરશ્રીના હવાલે મૂકી દેવામાં આવી છે. ભારત સરકારના આંબેડકર ફાઉન્ડેશને પણ ૧ કરોડ રૂપિયા આપીને ૧૧ કરોડ રૂપિયાની અંદર સંકલ્પ ભૂમિમાં રાષ્ટ્રીય સ્મારક બનવાનું છે ત્યારે મારી રાજય સરકારને વિનંતી છે કે ૨૦૧૯માં સંકલ્પ ભૂમિના ૧૦૦ વરસ થવાના છે ત્યારે એ પહેલા આ સંકલ્પ ભૂમિનું સ્મારક છે એ પૂર્ણ કરવામાં આવે એવી વિનંતી છે. એવી જ રીતે અમદાવાદમાં રાણીપ ખાતે પણ રાષ્ટ્રીય સ્મારક બનાવવામાં આવી રહ્યું છે, ત્યાં લાયબ્રેરીની વ્યવસ્થા કરવામાં આવી છે, મ્યુઝિયમ પણ બનાવવામાં આવી રહ્યું છે. દેવની મોરીની અંદર પણ બુદ્ધ વિહાર બનાવવામાં આવી રહ્યું છે. ૧૨૫મી જન્મ જયંતી નીમિતે રાજ્ય સરકારે ૧૨૫ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે અને એ જોગવાઇ માટે માનનીય મુખ્ય મંત્રીશ્રી અને માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રી રમણભાઇને આપણે જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે. ભારત સરકારે અલીપુરમાં જે ભાઇએ ઉલ્લેખ કર્યો કે ૧૦૦ કરોડના ખર્ચે ત્યાં રાષ્ટ્રીય સ્મારક બનાવવામાં આવશે, જનપથ રોડ પર ૨૦૦ કરોડના ખર્ચે આંતર રાષ્ટ્રીય બાબાસાહેબ સ્મારક બનશે, મુંબઇની ચૈત્ય ભૂમિમાં પણ સ્મારક બનશે, નાગપુરમાં દિક્ષાભૂમિ ખાતે સ્મારક બન્યું છે, મધ્યપ્રદેશમાં આંબેડકર યુનિવર્સિટીની સ્થાપના થઇ છે ત્યાં પણ રાષ્ટ્રીય સ્મારક બનાવવામાં આવ્યું છે અને ઇંગ્લેન્ડની અંદર બાબાસાહેબ જયાં ભણતા હતા અને જયાં રહેતા હતા એ ફ્લેટ પણ ૨૨ કરોડના ખર્ચે મહારાષ્ટ્ર સરકારે ખરીદી લીધેલ છે અને એને પણ સ્મારક બનાવ્યું છે, જાપાનમાં પણ ત્યાંની યુનિવર્સિટીમાં મહારાષ્ટ્ર સરકારે ડો. બાબાસાહેબ આંબેડકરનું સ્ટેચ્યુ મૂક્યું છે અને કોલંબિયા યુનિવર્સિટીએ જાહેર કર્યું છે કે, યુનિવર્સિટીની સ્થાપના થઇ ત્યારથી અત્યાર સુધીના ઇતિહાસમાં જે કોઇ વિદ્યાર્થી આવ્યા એ બધામાં જો કોઇ શ્રેષ્ઠ વિદ્યાર્થી હોય, જે સૌથી વધારે વિદ્ધાન અને ઇન્ટેલિજન્ટ હોય તો એ ડો.બાબાસાહેબ આંબેડકર હતા. એવી તકતી કોલંબિયા યુનિવર્સિટીની અંદર મૂકવામાં આવી છે. રાજય સરકારને ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતીની ઉજવણી માટે હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને મારી વાત પૂરી કરું છું. ભારત માતા કી જય, જય ભીમ.

શ્રી રમણલાલ વોરા (સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, બૌદ્ધીસત્વ–ભારત રત્ન ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતી નિમિતે આ ગૃહના સભ્ય આદરણીય પિયુષભાઇ દેસાઇ જે સંકલ્પ લઇને આવ્યા છે આ સંકલ્પને હું આવકારું છું અને એમને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ડો. બાબાસાહેબ આંબેડકરની જ્યારે ૧૨૫મી જન્મ જયંતી આપણે ઉજવી રહ્યા છીએ ત્યારે ઘણાં બધા લોકોના મનમાં એવું છે કે, ડો. બાબાસાહેબ આંબેડકર એ દલિતોના નેતા હતાં. ડો. બાબાસાહેબ આંબેડકર દલિતોના નેતા તો હતા જ પરંતુ એમણે સમગ્ર રાષ્ટ્રને જે અર્પણ કર્યું છે એની વિગતો મારે આપવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ડો. બાબાસાહેબ આંબેડકર એ બાબાસાહેબ આંબેડકર હતા કે, એ દિવસોમાં એમણે પાવર જનરેશન માટેની વાત એક મંત્રી તરીકે દિલ્હીની પાર્લામેન્ટમાં કરેલી હતી અને ડો. બાબાસાહેબ આંબેડકરની વાત માનીને એ વખતના શાસકોએ જો આ પાવર જનરેશનની વાત સ્વીકારી હોત તો આજે જે ભારત વર્ષમાં ૧૮૦૦૦ કરતા વધારે ગામડાંઓમાં વીજળીનો એક પણ બલ્બ ચાલતો નથી, જો ડો. બાબાસાહેબ આંબેડકરની વાત સ્વીકારી હોત તો આજે સમગ્ર ભારત વર્ષમાં આપણે વીજળી પેદા કરી શક્યા હોત. માનનીય અધ્યક્ષશ્રી, ઉનાળો આવે એટલે પાણીની અછત થતી હોય છે. બાબાસાહેબ આંબેડકર રાષ્ટ્રીય નેતૃત્વ એ હતા કે એ વખતે પાણીની ગ્રીડ માટે અને અછતવાળા વિસ્તારોની અંદર પાણી કેવી રીતે લઇ જઇ શકાય એની સૌથી પહેલી વાત જો પાર્લામેન્ટમાં કોઇ નેતાએ કરી હોય તો એ ડો.બાબાસાહેબ આંબેડકરે કરી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે બધા જાણીએ છીએ તેમ ડો.બાબાસાહેબ આંબેડકર એક સારા અર્થશાસ્ત્રી હતા. બ્રિટિશ સલ્તનત વખતે જયારે રૂપિયાનું અવમૂલ્યન થયુ ત્યારે ડો.બાબાસાહેબ આંબેડકરે ધ પ્રોબ્લેમ ઓફ રૂપી નામનો મહાનિબંધ લખ્યો અને આ મહાનિબંધના કારણે આજે દેશની રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાની સ્થાપના થઇ. મતલબ આજે જે રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાની સ્થાપના આપણે જોઇ રહ્યાં છીએ તે ડો.બાબાસાહેબ આંબેડકરને આભારી છે. આ દેશમાં એક માત્ર અર્થશાસ્ત્રના નોબલ પારિતોષિક વિજેતા હોય તો એ આમર્ત્ય સેન છે. અને આમર્ત્ય સેને એવુ કહ્યું છે કે અર્થશાસ્ત્રના વિષયમાં જો કોઇ મારા ગુરુ હોય તો એ ડો.બાબાસાહેબ આંબેડકર છે. અને આ ડો.બાબાસાહેબ આંબેડકર માત્ર આપણે એમને ભારતના બંધારણના ઘડવૈયા તરીકે સીમિત રાખીએ હા, એ વાત સાચી કે ડો.બાબાસાહેબ આંબેડકરે ૨ વર્ષ ૧૧ મહિના અને

તા. ૩૦મી માર્ચ, ૨૦૧૬

બિન–સરકારી સંકલ્પ

૧૮ દિવસ સુધી સતત પ્રયાસો કરીને આ દેશને એક સુંદર મજાનું બંધારણ આપ્યુ. પરંતુ એ બંધારણ આપતા પહેલાં જયારે ૧૯૪૭ પછી મિલી જુલી સરકાર થઇ તે વખતે બાબાસાહેબ આંબેડકરે સૌથી પહેલું જો કોઇ કામ કર્યુ હોય તો એ સમગ્ર ભારત વર્ષની મહિલાઓ માટેનું કામ કર્યુ છે. આજે આપણે જયારે મહિલા સશસ્ત્રીકરણની વાત કરીએ છીએ ત્યારે બાબાસાહેબ આંબેડકરે તે વખતની દિલ્હીની પાર્લામેન્ટની અંદર હિન્દુ કોડ બિલ રજૂ કર્યુ. આપણે બધા જાણીએ છીએ તેમ કોઇ બિલ રજૂ થતું હોય ત્યારે સૌથી પહેલાં એ વિભાગ એ વાતને સ્વીકારે, કેબિનેટ એ વાતને સ્વીકારે, કેબિનેટ એ વાત સ્વીકાર્યા પછી એ બિલ વિધાનસભામાં કે પાર્લામેન્ટમાં આવતું હોય છે. આ કેબિનેટે હિન્દુ કોડ બિલને સ્વીકાર્યા પછી જયારે દિલ્હીની પાર્લામેન્ટમાં મૂકવામાં આવ્યું તો આ હિન્દુ કોડ બિલ શું હતું ? આજે પણ ડો.બાબાસાહેબ આંબેડકરે હિન્દુ કોડ બિલ રજૂ કર્યુ ત્યારે માનતા હતા કે આજે દેશના પુરુષોને જેટલા અધિકારો મળે છે તે તમામ અધિકારો મહિલાઓને પણ મળવા જોઇએ. આ કોઇ એક સમાજની મહિલા માટેની વાત નથી સમગ્ર ભારત વર્ષની તમામ મહિલાઓને પુરુષ સમાવેડી ગણીને તેમને જે હક્ક અને અધિકારો મળે છે તે મહિલાઓને મળવા જોઇએ. તેના લગ્ન માટેના અધિકારો, તેના છૂટાછેડા માટેના અધિકાર હોય, તેના છૂટાછેડા માટેના અધિકાર, તેની સંપત્તિમાં તેનો અધિકાર હોય, તે રાજનીતિમાં જઇ શકે, તે સારું શિક્ષણ લઇ શકે આ બધી જ વાત હિન્દુ કોડ બિલમાં રજૂ કરી હતી પરંતુ તે વખતે જે તે શાસકોનો પોલીટીકલી વિલ પાવર નહીં હોવાના કારણે દિલ્હીની પાર્લામેન્ટમાં હિન્દુ કોડ બિલ રજૂ થયુ પણ હિન્દુ કોડ બિલ મંજૂર ના થઇ શકયું, બિલ હારી ગયુ અને આનાથી વ્યથિત થયેલા ડો.બાબાસાહેબ આંબેડકરે સ્વીકાર્યુ કે આ દેશની અંદર જો મહિલાઓને આટલુ સન્માન ન મળે તો એ સન્માન નહીં આપનારી સરકારનો હું ભાગ ના હોઇ શકું અને એટલા માટે પહેલા કાયદા મંત્રી તરીકે ડો. બાબાસાહેબ આંબેડકરે રાજીનામું આપ્યું. આજે આપણે મજૂરોની વાત કરીએ છીએ, અસંગઠિત ક્ષેત્રના કામદારોની વાત કરીએ છીએ, મજૂર પ્રધાન તરીકે ડો.બાબાસાહેબ આંબેડકરે એ વખતે મજૂરો માટેના કાયદા કર્યા. મજૂરો માટેનો આઠ કલાકનો સમય હોવો જોઇએ, તેને રિસેષ મળવી જોઇએ, તેને લઘુત્તમ વેતન મળવું જોઇએ, મહિલા હોય તો તેને પ્રસુતિના લાભો મળવા જોઇએ, તેને રાત્રે નોકરી નહીં કરવાની વ્યવસ્થા હોવી જોઇએ, તેને પેન્શન મળવું જોઇએ, તેને ગ્રેચ્યુઇટી મળવી જોઇએ મિત્રો આજે જે ચર્ચા કરીએ છીએ તે બધા જ કાયદાઓ ડો.બાબાસાહેબ આંબેડકરે એક મજૂર પ્રધાન તરીકે કરેલા છે. અને એટલા માટે આપણે ડો.બાબાસાહેબ આંબેડકરને એક વર્ગના નેતા તરીકે સીમિત નહીં રાખતાં ડો.બાબાસાહેબ આંબેડકર રાષ્ટ્રીય નાયક હતા અને હમણાં જેમ કહ્યું તે પ્રમાણે ડો.બાબાસાહેબ તે આંતરરાષ્ટ્રીય નેતા હતા. અહીંયા જયારે કહેવામાં આવ્યુ છે તેમ ડો.બાબાસાહેબ આંબેડકર અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીમાં એમ.એ,પી.એચ.ડી.ની ડિગ્રી મેળવી. ગત વર્ષમાં આ અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીને ૩૦૦ વર્ષ પૂરાં થયા અને આ ૩૦૦ વર્ષ પૂરાં થયા ત્યારે એ યુનિવર્સિટીએ નક્કી કર્યુ કે અમારા ૩૦૦ વર્ષના ઇતિહાસમાં અમારો સર્વશ્રેષ્ઠ વિદ્યાર્થી કોણ? અને ૩૦૦ વર્ષના ઇતિહાસમાં અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીએ જાહેર કર્યુ કે અમારી યુનિવર્સિટીનો સર્વશ્રેષ્ઠ જો કોઇ વિદ્યાર્થી હોય તો એ ડો.બાબાસાહેબ આંબેડકર છે. આંતરરાષ્ટ્રીય જગતની અંદર આપણે કયારેય કોઇ વિદ્યાર્થીનું સ્ટેચ્યુ કોઇ યુનિવર્સિટીમાં મૂકાયું હોય એ જોયું, જાણ્યું કે સાંભળ્યું નથી. આ પહેલી અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટી છે કે, એના પ્રાંગણની અંદર ડો. બાબાસાહેબ આંબેડકરનું સ્ટેચ્યુ મૂકવામાં આવ્યું અને અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ બરાક ઓબામાએ એનું અનાવરણ કર્યું અને આ સ્ટેચ્યુ પર લખવામાં આવ્યું કે, 'ધ સીમ્બોલ ઓફ નોલેજ' એટલે કે 'જ્ઞાનનું પ્રતિક' આ ડો. બાબાસાહેબ આંબેડકર વિશ્વ વિભૂતિ તરીકે અને દેશના પ્રધાન મંત્રીશ્રીએ જયારે યુગ પુરુષ તરીકે કહ્યા છે ત્યારે આ મહામાનવની જન્મજયંતી ઉજવવા રાજય સરકારે અને દિલ્હી સરકારે એનો પ્રયાસ કર્યો છે. જે પણ સમાજ પોતાના પૂર્વજોને યાદ રાખતો નથી, જે પણ સમાજ પોતાનો ઇતિહાસ જાણતો નથી એ સમાજ કયારેય ઇતિહાસની રચના કરી શકતો નથી અને આ ભારતીય જનતા પાર્ટીની સરકાર ગાંધીનગરમાં બેઠેલી માનનીય શ્રીમતી આનંદીબહેન પટેલના નેતૃત્વવાળી સરકાર હોય કે દિલ્હીમાં આદરણીય નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વવાળી સરકાર હોય, આ સરકારોએ ઇતિહાસ બનાવીને ઇતિહાસ જોઇને, જાણીને આગામી દિવસમાં ઇતિહાસ રચવાનું કામ કર્યુ છે એટલા માટે ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતી ઉજવીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ડો. બાબાસાહેબ આંબેડકરના જયારે જીવન અને કવનની વાત કરતા હોઇએ ત્યારે શ્રીમતી આનંદીબહેન પટેલ અને અમારા નાણા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે ૧૨૫ કરોડ રૂપિયાની ફાળવણી કરી. અમે એવું માનીને ચાલીએ છીએ કે, જે નવી પેઢી છે, આવનારું બાળક પણ આપણા ઇતિહાસને જાણે એટલે ધોરણ એકથી ધોરણ બાર સુધીના વિદ્યાર્થીઓ માટે અમે લગભગ ૬ લાખ ૨૮ હજાર કરતાં વધારે પુસ્તકો આ બાળકોને આપ્યાં કે તેઓ ડો. બાબાસાહેબ આંબેડકર વિશે વાંચે. માત્ર વાંચે નહીં એ વાંચ્યા પછી એના ઉપર નિબંધ લખાય, એના ઉપર વક્તૃત્વ સ્પર્ધા થાય. આજે શિક્ષણ મંત્રી તરીકે આદરણીય ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને ભાઇશ્રી નાનુભાઇ અને શ્રીમતી વસુબેનનો હું આભાર વ્યક્ત કરું છું કે શિક્ષણ વિભાગે આ કામ સમગ્ર ગુજરાત રાજયની તમામ શાળાઓની અંદર બધા જ વિદ્યાર્થીઓને પુસ્તકો આપ્યાં અને નિબંધ સ્પર્ધા કરી, વક્તૃત્વ સ્પર્ધા કરી, તાલુકા કક્ષાએ ઇનામો આપ્યાં, જિલ્લા કક્ષાએ ઇનામો આપ્યાં, રાજય કક્ષાએ ઇનામો આપ્યાં અને 'વાંચે ગુજરાત'પછીનો જો કોઇ સફળતાપૂર્વક કાર્યક્રમ હોય તો ડો. બાબાસાહેબ આંબેડકરના જીવન અને કવનના પુસ્તકો ૩૪ લાખ ગુજરાતના વિદ્યાર્થીઓએ વાંચ્યા અને આ રાજય સરકારે ૩૫ લાખ કરતાં વધારે ઇનામો આ વિદ્યાર્થીઓને આપવાનો પ્રયાસ કર્યો છે. એ સાથે સાથે આ રાજય સરકારે ડો. બાબાસાહેબ આંબેડકરના જીવન અને કવન માટે વિસરાઇ જતી આપણી રંગભૂમિના કલાકારો અને એના માટેની ભવાઇનો કાર્યક્રમ, ગ્રામ્ય વિસ્તારની અંદર ભવાઇના કાર્યક્રમો

કર્યા. નગરપાલિકા, મહાનગરપાલિકા,જિલ્લાના વડામથકે 'ભારત ભાગ્ય વિધાતા' નાટક રજૂ કરીને ડો. બાબાસાહેબ આંબેડકરને ચરિતાર્થ કરવાનું કામ કર્યું અને તમામ જિલ્લાઓની અંદર લોક ડાયરાના માધ્યમથી નામી કલાકારોને સાથે રાખીને લોક ડાયરા દ્વારા ડો. બાબાસાહેબ આંબેડકરના જીવન અને કવન વિશેની વાત આ રાજય સરકારે કરી છે. માત્ર કલ્ચરલ કાર્યક્રમ એટલું પૂરતું નથી પણ મેં કહ્યું એ પ્રમાણે માત્ર રાજય સરકાર એટલે અમારો સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ એ એક વિભાગ નહીં પણ અન્ય વિભાગોએ પણ ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫ જન્મજયંતી નિમિત્તે કામ કર્યું છે ત્યારે ઉર્જા વિભાગ તરફથી નક્કી કરવામાં આવ્યું કે, જયાં ૫૦ ઘર અથવા ૨૫૦થી વધારે વસતિવાળો જયાં પણ વિસ્તાર હોય ત્યાં મફત વીજળીકરણ કરીશું અને મને જણાવતાં આનંદ થાય છે કે રાજય સરકારે સફળતાપૂર્વક આ વીજળી આપવાનું કામ કર્યું છે. ૫૦ ઘર હોય ત્યાં પાણીની સુવિધા મળે એ માટે પાણી પુરવઠા વિભાગના આદરણીય માનનીય મંત્રીશ્રીએ પ્રમાણિકતાપૂર્વક કામ કરીને આ ગામોને પાણી પહોંચાડવાનું કામ કર્યું છે. આ ગામોની અંદર આરોગ્ય મેળા કરવાનું કામ કર્યું છે. રાજય સરકારની અનેકવિધ યોજનાઓ છે, માનનીય મુખ્યમત્રીશ્રી અમૃત્તમ યોજના હોય, મા વાત્સલ્ય કાર્ડની યોજના હોય તો જે તે વિભાગે ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજ્યંતી નિમિત્તે આ દબાયેલા, પીસાયેલા, કચડાયેલા વર્ગને પણ આ યોજનાનો લાભ મળે એના માટે મા યોજના અને મા વાત્સલ્ય કાર્ડ યોજના આપવાનો પ્રયાસ કર્યો છે.

મહિલા અને બાળ કલ્યાણ વિભાગની જેટલી પણ વિધવાઓ છે એમાંથી કોઇપણ વિધવા બાકી ન રહી જાય, એમને પેન્શન મળે, એમને તાલીમ મળે અને બાકીની મહિલાઓ છે એની સખી મંડળીઓ થાય તેના દ્વારા પોતાની સ્વરોજગારી કરે એના માટેનું કામ કર્યું છે. સિચાઇ વિભાગમાં અમારા ખેડૂતો માટે ટપક સિંચાઇમાં અત્યાર સુધી ૫૦ ટકાની રાહત આપવામાં આવે છે. ૧૨૫ જન્મ જયંતિ નિમિત્તે ૭૫ ટકા રાહત આપીને નદી કેનાલ કે ટયુબવેલમાંથી પાણી કાઢવા માટે એના માટે અલગ સિંચાઇ વિભાગે યોજના કરીને બાબા સાહેબ આંબેડકરની ૧૨૫ જન્મ જયંતિ ઉજવવાનો પ્રયાસ કર્યો છે.

ઉદ્યોગ વિભાગ તથા કુટિર ઉદ્યોગ વિભાગે મહિલા ઔદ્યોગિક સહકારી મંડળીમાં પહેલા પાંચ ટકા રીબેટ આપવામાં આવતુ હતું એ વધારીને ૧૫ ટકા આપ્યું. ખાસ વળતર તરીકે ૧૦ ટકા અપતુ હતું એમાં ૨૦ ટકા આપીને ડોકટર બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિ ઉજવવાનો આ રાજય સરકારે પ્રયાસ કર્યો છે.

એ સિવાય પણ આ રાજય સરકારે જેમ અગાઉ વાત થઇ એ પ્રમાણે ડોકટર બાબાસાહેબ આંબેડકર એમના જન્મથી એ પ્રાથમિક શાળાનું શિક્ષણ, માધ્યમિક શાળાનું અને ઉચ્ચ શિક્ષણ મેળવ્યું, બેરીસ્ટર થયા, બાર એટ લો થયા, અને વડોદરામાં એમને મહારાજા સયાજીરાવ ગાયકવાડની કરાર આધારિત નોકરી કરવાની થઇ. ત્યાં સુધી પણ ડોકટર બાબાસાહેબ આંબેડકરે અપમાનો સહન કર્યા. એ અપમાનો સહન કરીને જયારે મહરાજા સયાજીરાવની નોકરી છોડવાની આવી તો એ વડોદરાની પવિત્ર ભૂમિ ઉપર એ સંકલ્પ ભૂમિ ઉપર ડોકટર બાબાસાહેબે સંકલ્પ કર્યો હતો કે હવે પછીનું મારું સમગ્ર જીવન આ રાષ્ટ્રને સમર્પિત કરૂ છું. આ સંકલ્પ કર્યો એ સંકલ્પભૂમિ પર રાજય સરકાર ૧૧ કરોડના ખર્ચે એક સ્મારક બનાવવાનો વિચાર કર્યો છે.

અમારા પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તરફથી અરવલ્લી જિલ્લાની દેવની મોરી ખાતે બૌદ્ધ વિહાર માટેના ૧૮ કરોડના ખર્ચે સંકુલ બનાવવાનો વિચાર કર્યો છે.

દબાયેલા કચડાયેલા વર્ગની વાત કરીએ તો અમારો વિભાગ અનુસૂચતિ જાતિ આર્થિક વિકાસ નિગમ કે સફાઇ કામદાર નિગમ હોય, લોન લીધી છે પણ કોઇપણ કારણસર ભરી શકયા નથી તો આ ૧૨૫મી જન્મ જયંતિ નિમિત્તે માત્ર એમનુ મુદ્દલ ભરવાનું એનું વ્યાજ અને દંડનીય વ્યાજ બાદ કરીને આ રીતે ૧૨૫ જન્મ જયંતિ નિમિત્તે ૮૨ કરોડ માફ કરવાનું કામ આદરણી આનંદીબહેન પટેલની સરકારે કર્યું છે.

દલિત સહિત્યકારો માટેના કવિ સંમેલનો, એના પરિસંવાદો, જિલ્લા કક્ષાના, રાજય કક્ષાના, રાષ્ટ્રીય કક્ષાના અને આંતરરાષ્ટ્રીય કક્ષાના પ્રયાસો કરવાનું કામ આ રાજય સરકારે કર્યું છે. અનેકવિધ કામોની સાથે મેં કહ્યું એ પ્રમાણે ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્રભાઇ મોદી જયારે દિલ્હીમાં વડાપ્રધાન તરીકે બેઠેલા છે ત્યારે આ દિલ્હી સરકારે પણ ડોકટર બાબાસાહેબ આંબેડકરને સાચી શ્રદ્ધાંજલિ આપવા માટેનું કામ કર્યું છે એમણે ત્યાં પંચતિર્થ નામની યોજના અમલમાં મૂકી છે.

આપણે બધા જાણીએ છીએ તેમ બાબાસાહેબ આંબેડકરનો જન્મ મધ્યપ્રદેશની લશ્કરી છાવણી મહુ ખાતે થયો હતો. અને આ મહુ એટલે એમનું જન્મસ્થળ અને આ જન્સસ્થળી ઉપર ડોકટર બાબાસાહેબનું એક સ્ટડી સેન્ટર હતું એમાં આ વર્ષે ૨૩ એકર જમીનમાં ડોકટર બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટી ઓફ સોશ્યલ સાયન્સ બનાવવાનું દિલ્હી સરકારે નક્કી કર્યું છે અને મને જણાવતા આનંદ થાય છે કે આ ૧૪મી એપ્રિલના રોજ બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિ નિમિત્તે મધ્યપ્રદેશની સરકાર ત્યાં મહાકૂભનો કાર્યક્રમ કરે છે. અને આ કાર્યક્રમની અંદર લાખોની સંખ્યામાં લોકો ભેગા થાય છે ત્યારે દેશના આદરણીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી પણ હાજરી આપવાના છે.

બાબાસાહેબ આંબેડકરે દીક્ષા લીધી નાગપુરની પવિત્ર ભૂમિ ઉપર જેને દીક્ષાંતભૂમિ કહેવામાં આવે છે. ભારતીય જનતા પાર્ટીની સરકારના અમારા કેન્દ્રીય મંત્રી અને એ વખતના પી.ડબલ્યુ.ડી. મિનિસ્ટર આદરણીય નીતિન ગડકરીજી હતા એ વખતે આ દીક્ષાંતભૂમિનું કામ કરવાનું નક્કી થયું છે.

## તા. ૩૦મી માર્ચ, ૨૦૧૬

## બિન–સરકારી સંકલ્પ

ડોકટર બાબાસાહેબ આંબેડકરે ૨૬ અલીપુર નવી દિલ્હી ખાતે શ્વાસ છોડયા હતા. આદરણીય અટલ બિહારી બાજપાઇ જયારે દેશના વડાપ્રધાન હતા ત્યારે એમણે નક્કી કર્યું કે બાબાસાહેબ આંબેડકરે જે જગ્યાએ છેલ્લા શ્વાસ છોડયા છે એ ૨૬ અલીપુર રોડ ત્યાં અમે રાષ્ટ્રીય સમારક બનાવીશું. ૨૦૦૩માં નિર્ણય થયો, ૨૦૦૪માં અટલજીની સરકાર ગઇ એ પછી એક દાયકાનો સમય પૂરો થયો કશું ન થઇ શકયું. દેશના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદી બેઠા અને ગઇ ૨૧મી માર્ચના દિવસે આ પરિનિર્વાણ ભૂમિ ઉપર ડોકટર બાબાસાહેબ આંબેડકરનું ૨૬ અલીપુર રોડ ખાતે ૧૦૦ કરોડ રૂપિયાના ખર્ચે સ્મારક કરવાનો શિલાન્યાસ વિધિ કર્યો અને એ દિવસે જાહેરાત કરી કે ૧૮મી એપ્રિલ, ૨૦૧૮ના દિવસે આનો અમે લોકાર્પણનો કાર્યક્રમ કરીશું. જે દિવસે શીલાન્યાસ કર્યો એ જ દિવસે તારીખ આપી દીધી.

માનનીય અધ્યક્ષશ્રી, એના પહેલાં ડો. બાબાસાહેબ આંબેડકર ફાઉન્ડેશન, દિલ્હી સરકારે ૨૦૦ કરોડ રૂપિયાના ખર્ચે ડો. બાબાસાહેબ આંબેડકરનું રાષ્ટ્રીય સ્મારક બનાવ્યું છે. ૨૨ મહિનામાં પૂરું કરવાનો કેન્દ્ર સરકારનો નિર્ણય છે. ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે ૧૨૫ રૂપિયાનો ચલણી સિક્કો એમણે બહાર પાડ્યો છે. ડો. બાબાસાહેબ આંબેડકરે અંતિમ શ્વાસ ૨૬, અલીપુર રોડ ખાતે લીધા પરંતુ તેમની અંતિમ વિધિ એ મુંબઇ–દાદરની ચૈત્ય ભૂમિ પર થઇ. આજે કહેતા દુઃખ થાય છે કે દિલ્હીના કાયદા મંત્રી હતા, પહેલાં મજૂર મંત્રી હતા ત્યારે ૨૬, અલીપુર રોડ ખાતે ડો. બાબાસાહેબ આંબેડકરે છેલ્લા શ્વાસ લીધા. એમના પાર્થિવ દેહને જ્યારે દિલ્હી લઇ જવાનો હતો અને એ વખતે કહેવામાં આવ્યું કે તેના માટેનું વિમાન ફાળવવામાં આવે. કહેતા દુઃખ થાય કે સરકારે એવું કહ્યું કે તમે રૂપિયા ભરો તો તમને વિમાન મળે. મિત્રો, ડો. બાબાસાહેબ આંબેડકરના મોતનો મલાજો પણ નહીં જાળવવાવાળા લોકો આજે જયારે ડો. બાબાસાહેબ આંબેડકરની વાત કરતા હોય છે ત્યારે આ ચૈત્ય ભૂમિ પર હમણાં દેશના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદીના હસ્તે ઇન્દુ મિલની ૨૩ એકર જમીન પર ૫૦૦ કરોડ રૂપિયાના ખર્ચે રાષ્ટ્રીય સ્મારક બનાવવાનું ભૂમિપૂજન થયું છે. ડો. બાબાસાહેબ આંબેડકરે એમ.એ. અર્થશાસ્ત્ર લંડનની સ્કૂલ ઓફ ઇકોનોમિક્સમાં એમણે અભ્યાસ કર્યો. જેની આપણે વાત કરીએ, મહારાષ્ટ્ર સરકારે આ મકાન ખરીદી લીધું. ભારતવર્ષમાંથી જનાર કોઇ પણ વિદ્યાર્થી ત્યાં રહી શકે તેના માટેની વ્યવસ્થા એ રાજય સરકારે કરી છે. એટલું પૂરતું નથી. ૨૬ નવેમ્બર એટલે બંધારણ દિવસ. ડો. બાબાસાહેબ આંબેડકરે જે બંધારણ સુપરત કર્યું એ ૨૬મી નવેમ્બર હતી. આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ ૨૬મી નવેમ્બરને બંધારણ દિવસ તરીકે ઘોષિત કરીને બે દિવસ રાજયસભા અને લોકસભા ચાલુ રાખીને ડો. બાબાસાહેબ આંબેડકરના જીવન અને કવનની વાત દિલ્હીની પાર્લામેન્ટમાં કરી. તે પહેલાં પણ આપણે બધા જાણીએ છીએ તેમ આદરણીય નરેન્દ્રભાઇ મોદી જયારે આપણા તત્કાલિન મુખ્યમંત્રી હતા. ૨૦૧૦ની સ્વર્ણિમ જયંતિ આપણે ઉજવતા હતા ત્યારે સુરેન્દ્રનગરની ધરતી પર ડો. બાબાસાહેબ આંબેડકરને શ્રદ્ધાંજલિ આપવા માટે હાથીની અંબાડી પર ડો. બાબાસાહેબ આંબેડકરનું સંવિધાન, છ ફૂટનું તૈલચિત્ર અને એક લાખ લોકોની રેલીમાં આદરણીય નરેન્દ્રભાઇ મોદીએ પાંચ કિલોમીટર ચાલીને ડો. બાબાસાહેબ આંબેડકરને શ્રદ્ધાંજલિ આપવાનું કામ કર્યું છે. મારો કહેવાનો મતલબ એટલો જ છે કે કયારેય વિશ્વમાં ન થઇ હોય એવી ઘટના પ્રધાનમંત્રીશ્રીના નેતૃત્વમાં થઇ છે ત્યારે હમણાં જેમ વાત થઇ એ પ્રમાણે ૧૪, ૧૫ અને ૧૬ એપ્રિલના દિવસોમાં ગુજરાતના ૧૮,૬૦૦ ગામોમાં પ્રત્યેક પંચાયતની અંદર ડો. બાબાસાહેબ આંબેડકરના તૈલચિત્રને શ્રદ્ધાસુમન અર્પવાનું કામ, ગામમાં સમરસતા ઉભી થાય તેના માટેનું કામ, ડો. બાબાસાહેબ આંબેડકરના જીવન અને કવન વિશેની વાત થાય તેના માટેની વાત, ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે પ્રતિભાશાળી બાળકોનું સન્માન થાય, કેન્દ્ર સરકારે અને રાજય સરકારે આ લોકો માટે કરેલા કામોની વાત થાય, આઝાદીના ઇતિહાસમાં પ્રત્યેક ગામ દીઠ ડો. બાબાસાહેબ આંબેડકરને શ્રદ્ધાંજલિ અર્પવાનું, સામાજીક સમરસતાનું ઉત્તમ ઉદાહરણ દિલ્હીની સરકારે કર્યું છે. સાથે સાથે મારે એ બાબતમાં પણ આ સભાગૃહનું ધ્યાન દોરવું છે કે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ કે જે રાષ્ટ્રભક્તો દ્વારા ચલાવાતો સંઘ છે. જેને ડો. બાબાસાહેબ આંબેડકરે આ દેશની અંદર સામાજીક સમરસતા થાય તેના માટે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ દ્વારા અખિલ ભારતીય પ્રતિનિધિ સભા ૧૩,૧૪ માર્ચ ૨૦૧૬, નાગોર રાજસ્થાન ખાતે મળી અને એ પ્રતિનિધિસભાની અંદર સમગ્ર રાષ્ટ્રની અંદર સમરસતાપૂર્ણ વ્યવહાર થાય, સામાજીક સમરસતા થાય તેના માટેનો પ્રસ્તાવ પારિત કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર અને દિલ્હી સરકાર જ્યારે કામ કરે છે ત્યારે હમણાં ઉલ્લેખ થયો તેમ ડો.બાબાસાહેબ આંબેડકર પહેલા કાયદા મંત્રી તો બન્યા પણ સ્વતંત્ર ભારતમાં પહેલી ચૂંટણી ૧૯૫૨માં થઇ. ઘણા બધા નેતાઓ બિનહરીફ થયા. ડો.બાબાસાહેબ આંબેડકર મુંબઇની દાદરની લોકસભાની સીટ ઉપરથી ચૂંટણી લડતા હતા. કોંગ્રેસે એમની સામે ઉમેદવાર મૂક્યો. પંડિત જવાહરલાલ નહેરુ ઉમેદવારની તરફેણમાં પ્રચાર કરવા માટે ગયા. ૧૯૫૨ની લોકસભાની ચૂંટણી કોંગ્રેસના પાપે ડો.બાબાસાહેબ આંબેડકર હારી ગયા. અમેરિકાનું બંધારણ જેમણે બનાવ્યું. એ અમેરિકાનું બંધારણ બનાવનાર વ્યક્તિને બિનહરીફ સેનેટમાં મોકલવામાં આવ્યા. એની સામે જેમણે આ દેશને સુંદર મજાનું લોકશાહીનું શ્રેષ્ઠ બંધારણ આપ્યું એવા ડો.બાબાસાહેબ આંબેડકરને દિલ્હીની પાર્લામેન્ટમાં જતા રોકવાનું કામ આ કોંગ્રેસે કર્યું. જ્યારે કોંગ્રેસ આ બધી વાત કરતી હોય છે ત્યારે મારે આ પ્રસંગે એ પણ કહેવું છે કે દલિત, શોષિત, પિડિત અને આદિવાસી સમાજ જેમના ખભે બંદૂક મૂકીને ગાંધીનગર અને દિલ્હીની ગાદી ઉપર કોંગ્રેસ બેઠી છે. ડો.બાબાસાહેબ આંબેડકરે સમગ્ર જીવન માત્ર દલિતો નહીં સમગ્ર ભારત વર્ષ માટે સમર્પિત કર્યું છે. તો આ ડો.બાબાસાહેબ આંબેડકરને ભારત રત્નનો ઇલ્કાબ કેમ નહીં? ૧૯૫૫માં દેશના વડાપ્રધાન આદરણીય સ્વ.પંડિત જવાહરલાલ નહેરુને ભારત રત્નનો એવોર્ડ, ૧૯૭૧માં દેશના વડાપ્રધાન

બિન–સરકારી સંકલ્પ

સ્વ.ઈન્દિરાબેન ગાંધીને ભારત રત્નનો એવોર્ડ, ૧૯૮૪માં સ્વ. વડાપ્રધાન રાજીવ ગાંધીને ભારત રત્નનો એવોર્ડ. ડો.બાબાસાહેબ આંબેડકરને કેમ નહીં? સરદાર વલ્લભભાઇ પટેલને કેમ નહીં? કોંગ્રેસ જ્યારે સરદાર પટેલની વાત કરતી હોય ત્યારે ડો.બાબાસાહેબ આંબેડકર અને સરદાર વલ્લભભાઇને મરણોત્તર ભારત રત્નનો ઇલ્કાબ આ સરકારોમાં આપવામાં આવ્યો. એટલે માત્રને માત્ર કોંગ્રેસે આ સમાજના મિત્રોને ગેરમાર્ગે દોરવાનું અને કરોડો લોકોના મસિહાને અપમાનિત કરવાનું કામ કર્યું છે ડો.બાબાસાહેબ આંબેડકર એ સાચા અર્થમાં યુગપુરુષ છે. હમણાં જેમ વાત થઇ એમ આદરણીય પ્રધાનમંત્રીએ કહ્યું કે હું ડો.બાબાસાહેબ આંબેડકરનો ભક્ત છું. જ્યારે ભક્ત છું ત્યારે રાજનીતિ માટેનું માત્ર કામ નથી. ડો.બાબાસાહેબ આંબેડકરનું નામ, ડો.બાબાસાહેબ આંબેડકરનું કામ, ડો.બાબાસાહેબ આંબેડકરની સમર્પિતતા, માનવતા માટેનું કામ અને માનવતાનું કામ અમે કરીએ છીએ. મે કહ્યું એમ તેઓ પ્રાથમિક શાળામાં અપમાનિત થયા, માધ્યમિક શાળામાં અપમાનિત થયા. બાર કાઉન્સિલમાં પણ એટલા અપમાનિત થયા. ડગલે અને પગલે જે માણસ અપમાનિત થાય એના હાથમાં કલમ આપવામાં આવે કે તમે ભારતનું બંધારણ ઘડો. ક્યાંય કટુતાનો ભાવ ન હોય, ક્યાંય રાગદ્વેષની વાત જોવા ન મળે. માત્રને માત્ર ભારત વર્ષ અને તેની લોકશાહી કેવી રીતે ટકે એના માટેનું કટુતા સિવાયનું એમણે બંધારણ આપ્યું ત્યારે દેશના આદરણીય વડાપ્રધાન જ્યારે એમને યુગપુરુષ તરીકે સ્વીકારે છે ત્યારે ભારતીય જનતા પાર્ટીની સરકાર શ્રીમતી આનંદીબેન પટેલની સરકાર અને દેશમાં શ્રી નરેન્દ્રભાઇ મોદીની આ ભારતીય જનતા પાર્ટીની સરકાર ડો.બાબાસાહેબ આંબેડકરની ૧૨૫ જન્મ જયંતી નિમિત્તે એમને શત્ શત્ વંદન કરીએ છીએ, એમને શ્રદ્ધા સુમન અર્પણ કરીએ છીએ. આદરણીય પિયુષભાઇ આ જે પ્રસ્તાવ લઇને આવ્યા છે એમના પ્રસ્તાવનો રાજ્ય સરકારવતી હું સ્વીકાર કરું છું. એમણે જે આશા અને અપેક્ષા રાખી છે એ દિશામાં સરકાર કામ કરશે એવી અભ્યર્થના સાથે જય હિન્દ.

શ્રી પીયૂષભાઇ દિ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, આ ઇતિહાસમાં ખૂબ વિરલ ઘટના છે એમ કહું તો ખોટું નથી. આ સભાગૃહમાં પણ જ્યારે સત્ર પૂરું થઇ રહ્યું છે ત્યારે આપ પણ દલિત સમાજમાંથી આવો છો એટલે આપે પણ ખૂબ કામો કર્યા હશે. આ પણ એક ગૌરવપૂર્ણ ઘટના છે. જ્યારે આપ બેઠા હોવ અને સંકલ્પનો સ્વીકાર થાય એ પણ ખૂબ મોટી વાત છે. શ્રી રમણભાઇએ આખી જીંદગી ઘસી કાઢી છે દલિતોથી માંડીને સમાજના તમામ વર્ગો માટે અને એમણે પણ ખૂબ સુંદર પ્રવચન આપ્યું છે. તેમને અને આ ગૃહના તમામ દલિત સમાજના સભ્યો એ બહેનો હોય કે ભાઇઓ હોય, એ સ્વ. ફકીરભાઇ વાઘેલાને હું યાદ કરું છું અને તમામને યાદ કરીને આ સંકલ્પનો આપ જ્યારે સ્વીકાર કરો છો ત્યારે તમામનો આભાર માની વિરમું છું. ભારત માતા કી જય.

સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

સભાગૃહનું કામકાજ સાંજના ૪–૦૫ વાગ્યે પૂરું થતાં સભાગૃહ ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરૂવાર, તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૬ના રોજ સવારના ૮–૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

# તા. ૩૧મી માર્ચ, ૨૦૧૬
## તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા
ગુરુવાર, તા. ૩૧મી માર્ચ, ૨૦૧૬
ચૈત્ર ૧૧, ૧૯૩૮ શાકે
સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.
ઉપાધ્યક્ષશ્રી આત્મારામ પરમાર અધ્યક્ષસ્થાને

### તારાંકિત પ્રશ્નો

#### ભાવનગર જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળા

* ૨૬૦૬૦ શ્રી શિવાભાઈ ગોહીલ (તળાજા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૨૫. |
| (૨) આ ભરતી મેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપી? | (૨) ૮૩૭૮. |

શ્રી શિવાભાઇ જે. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લામાં તા. ૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતી મેળા કરવાનું આયોજન કરવામાં આવ્યું, એમાં કેટલા નોકરીદાતા હાજર રહ્યા, કેટલા ઉમેદવારો હાજર રહ્યા અને એમને કેવા પ્રકારની રોજગારી આપવામાં આવી?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : ભાવનગર જિલ્લાની અંદર કુલ ૨૫ ઔદ્યોગિક ભરતી મેળા કરવામાં આવ્યા. એમાં ભાવનગરમાં ૨૧ ભરતી મેળા કરવામાં આવ્યા છે. આ ભરતી મેળામાં ૧૦૪૦૮ ઉમેદવારોની સંખ્યા હતી. ૬૩ નોકરીદાતાની સંખ્યા હતી અને ૮૦૮૮ લોકોને ભરતી મેળામાં નોકરી આપવા માટેનું કામ કરવામાં આવ્યું. મહુવામાં બે ભરતી મેળા કરવામાં આવ્યા એમાં ૨૬૬ ઉમેદવારો હાજર રહ્યા હતા. ચાર નોકરીદાતા હાજર હતા અને ૧૦૧ બેરોજગારોને રોજગારી આપવા માટેનું કામ કરવામાં આવ્યું. એ જ રીતે તળાજા ખાતે બે ભરતી મેળા કરવામાં આવ્યા. એમાં ૨૯૬ ઉમેદવારો હાજર રહ્યા હતા. ચાર નોકરીદાતા હાજર હતા અને ૧૮૯ લોકોને રોજગારી આપવામાં આવી છે. આમ ભાવનગર જિલ્લાની અંદર કુલ ૨૫ ભરતી મેળા કરવામાં આવ્યા એમાં ૧૦૯૭૦ લોકો હાજર રહ્યા, ૭૭ નોકરીદાતા હાજર રહ્યા અને ૮૩૭૧ લોકોને રોજગારી આપવામાં આવી છે.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : ગુજરાત રાજય એ દેશમાં સૌથી વધારે રોજગારી આપતું રાજય છે અને વર્ષોથી એ પરંપરા ચાલી આવે છે. આ વર્ષના કેન્દ્ર સરકારના ફિગરો આવ્યા છે એમાં આખા દેશમાં સૌથી વધારે રોજગારી આપતું હોય તો એ ગુજરાત રાજય છે. તો આ અંગે હું માનનીય મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલને અભિનંદન આપું છું અને સાથે સાથે મારો પ્રશ્ન એ છે કે આજના યુવાનો વિદેશ અભ્યાસ અર્થે જાય છે, એ નોકરી માટે જતો હોય છે એને મદદરૂપ થવા માટે સરકારશ્રી દ્વારા કોઇ યોજના ચાલે છે કે કેમ, જો ચાલતી હોય તો એ કઇ કઇ છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : આપણા રાજયના યુવાનો બેરોજગાર ન રહે એના માટે આપણે સતત પ્રયત્નો કરતાં હોઇએ છીએ. વિદેશમાં રોજગારી મેળવવા માટે ઘણા બધા યુવાનો જતા હોય છે. આપણા યુવાનો ઉચ્ચ અભ્યાસ અર્થે, રોજગારી અર્થે વિદેશમાં જતા હોય છે એના માટે રાજય સરકાર ખૂબ જ ચિંતિત છે. એટલા માટે આવા ઉમેદવારોને મદદરૂપ થવા માટે ઓવરસીસ એમ્પ્લોઇમેન્ટ એન્ડ કેરીયર ઇન્ફરમેશન સેન્ટરની સ્થાપના રાજય સરકાર દ્વારા કરવામાં આવી છે. રાજયમાં અમદાવાદ, વડોદરા અને રાજકોટ ખાતે આવા સેન્ટરો કાર્યરત છે. આ કેન્દ્રો દ્વારા વિદેશ રોજગારી અર્થે અથવા તો અભ્યાસ માટે જવા ઇચ્છતા યુવાનોને વિદેશ જવા માટે કોઇ મુશ્કેલી ન પડે એટલા માટે ભાષા ક્ષમતા માટે આઇ.ઇ.એલ.ટી.એસ. કે ટોફેલની તાલીમ, પાસપોર્ટ વિઝાની પ્રક્રિયા, વિદેશની યુનિવર્સિટીઓની માહિતી અને ત્યાંનું ફીનું માળખું તેમજ વિદેશ જવા માટે અંદાજીત ખર્ચ અને તે માટેની પ્રક્રિયા માટે સેમિનારો યોજીને વિસ્તૃત માર્ગદર્શન તજજ્ઞો અને નિષ્ણાતો દ્વારા પૂરૂ પાડવામાં આવતું હોય છે. આ સેન્ટર હેઠળ ઇજનેરી મેનેજમેન્ટ, નર્સીંગ, ડોક્ટરી, સાયન્સ, ફાર્મસી જેવા વિષયોની નામાંકિત કોલેજોમાં ઓવરસીઝ કાઉન્સીલર દ્વારા વિદ્યાર્થીઓને વિદેશ જવા માટે પાસપોર્ટ, વીઝા, વિદેશમાં રોજગારી અને શિક્ષણની તકો તથા કારકિર્દી બનાવવા માટે દેશની પસંદગીની માંડીને વિદેશ જવા ઇચ્છુક દરેક ઉમેદવારને વિશ્વના દરેક દેશમાં રહેલી રોજગારીની તકોની માહિતી પૂરી પાડવામાં આવે છે. છેલ્લા બે વર્ષમાં કુલ ૧૮૨ સેમીનાર કરીને ૨૪,૬૨૦ આવા વિદેશ જવા ઇચ્છુકોને માર્ગદર્શન આપવાનું પણ કામ કરવામાં આવ્યું છે.

ચૈત્ર ૧૧, ૧૯૩૮ શાકે

## તારાંકિત પ્રશ્નો

શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે રાજયની રોજગાર કચેરીઓ ખાતે ઉમેદવારોને રોજગારલક્ષી તથા કારકિર્દીલક્ષી માર્ગદર્શન મળી રહે તે માટે સરકારે કોઇ વ્યવસ્થા કરેલ છે કે કેમ? જો હા, તો તેની વિગતો શું છે અને મારો બીજો પ્રશ્ન એ છે કે સરકાર દ્વારા આર્મીની કોઇ તાલીમ આપવામાં આવે છે કે કેમ? જો હા, તો તેમાં કેટલા સીલેક્ટ થયા છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ઉમેદવારોને રોજગારલક્ષી તથા કારકિર્દીલક્ષી માર્ગદર્શન મળી રહે તે માટે રાજ્ય સરકારે રાજ્યની ૨૬ રોજગાર કચેરીઓ ખાતે કેરિયર કાઉન્સીલરની નિમણૂંક કરેલી છે. આ કેરિયર કાઉન્સીલર ઉમેદવારોને જરૂરી બાબતોનું માર્ગદર્શન આપે, જેમાં ઉમેદવારોને તેઓની વિવિધ લાયકાત, ઉંમર પ્રમાણે જૂથ બનાવીને રોજગારલક્ષી તેમજ કારકિર્દીલક્ષી માર્ગદર્શન આપવામાં આવે છે. દેશ–વિદેશમાં મળતા અભ્યાસક્રમોનું તથા રોજગારીને લગતું માર્ગદર્શન, રોજગારીને લગતી માહિતી જેવી કે રોજગારલક્ષી જાહેરાતો, ખાનગી–સરકારી ક્ષેત્રોમાં મળતી રોજગારીની માહિતીનું માર્ગદર્શન આપવામાં આવતું હોય છે. આર્મી, એરફોર્સ, નેવી જેવી સંરક્ષણ દળોની ભરતી અંગેની માહિતી અને માર્ગદર્શન આપવામાં આવતું હોય છે. આવા ઉમેદવારો માટે રોજગારી, સ્વરોજગારી તથા આગળ અભ્યાસ કરવાની ઇચ્છા ધરાવતા હોય તો તે અંગે પણ માર્ગદર્શન આપવામાં આવે છે. સ્વરોજગારી આપતી સંસ્થાઓ/કચેરીઓના સંપર્કમાં રહીને બેરોજગારોને જરૂરી માર્ગદર્શન આપવામાં આવતું હોય છે. સરકારી, અર્ધસરકારી, સ્થાનિક સ્વરાજયની કચેરીઓમાં તથા અન્ય ખાનગી કંપનીઓ/સંસ્થાઓમાં ખાલી પડતી જગ્યાઓ સામે થનાર ભરતી માટે માર્ગદર્શન આપવામાં આવે છે. જયારે રોજગારીની માંગ હોય તેવા વ્યવસાયો શોધી કાઢીને તેને અનુરૂપ ઉમેદવારોને માહિતી અને માર્ગદર્શન આપવામાં આવે છે. શાળા તથા કોલેજોમાં વ્યવસાય માર્ગદર્શન તથા સ્વવિકાસ, પ્રતિભાવિકાસ કાર્યક્રમો દ્વારા મનોવૈજ્ઞાનિક પ્રશિક્ષણનું આયોજન પણ કરવામાં આવતું હોય છે. નોંધાયેલ બેરોજગારોને તેઓની શૈક્ષણિક લાયકાતને અનુરૂપ જૂથ બનાવીને જૂથવાર કાઉન્સેલીંગ તથા વિવિધ જાહેરાતોના સ્વરોજગારી સંદર્ભે કાઉન્સેલીંગ કરવામાં આવે છે. જિલ્લામાં ઉપલબ્ધ રોજગારીના ક્ષેત્રો જેવા કે ઔદ્યોગિક એકમો, મોલ, કોલ સેન્ટર, બી.પી.ઓ., હોસ્પિટલ, સહકારી મંડળી વિગેરેના ક્ષેત્રોમાં સંપર્કમાં રહી તેમાં રોજગારી માટેનું માર્ગદર્શન આપવામાં આવતું હોય છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપનો જવાબ હજુ લાંબો છે? તો ટેબલ પર મૂકી દેજો.

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : પૂરો થવામાં છે. આ ઉપરાંત વિદેશ રોજગારીની માહિતી શાળા, કોલેજ, શૈક્ષણિક સંસ્થાઓમાં તથા કચેરીઓમાં કારકિર્દી વાર્તાલાપ યોજીને આપવામાં આવે છે. માનનીય સભ્યશ્રીએ જણાવ્યું કે લશ્કરી ભરતી મેળાઓ કરવામાં આવે છે તેમાં પણ યુવાનો લશ્કરમાં જોડાય તેના માટે ભાવનગરમાં જે રીતે માહિતી આપી અને શિક્ષણ આપ્યું, તે શિક્ષણના કારણે ભાવનગર જિલ્લાના ૧૬ યુવાનોને લશ્કરમાં પણ રોજગારી મળી રહી છે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, ઔદ્યોગિક રોજગાર મેળાથી એક ઐતિહાસિક કામ રાજય સરકાર કરી રહી છે ત્યારે મારે એ જાણવું છે કે જે.એન.યુ.માં જે રીતે દેશ વિરોધી સુત્રો પોકારાયા છે..

ઉપાધ્યક્ષશ્રી : પ્રશ્ન ઉપર આવો.

જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : એવા વખતે આ યુવાનોમાં દેશભક્તિ પ્રગટે તેના માટેનું કોઇ આયોજન છે કે કેમ?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, યુવાનોમાં દેશભક્તિ પ્રગટે એટલા માટે મેં આગળના જવાબમાં જણાવ્યું તે પ્રમાણે આર્મી, એરફોર્સ અને નેવી જેવી તાલીમો રાખીને દેશ ભાવના જાગૃત થાય તેવી કામગીરી કરવામાં આવતી હોય છે.

### છોટાઉદેપુર જિલ્લામાં મહિલા તાલીમાર્થીઓને સાયકલ

* ૨૬૧૩૮ શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ (વાઘોડિયા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિદ્યાસાધના યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૪–૧૫ દરમિયાન છોટાઉદેપુર જિલ્લામાં કેટલી મહિલા તાલીમાર્થીઓને સાયકલ ભેટ આપવામાં આવી, અને | (૧) ૫૧. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલી મહિલા તાલીમાર્થીઓને સાયકલ ભેટ આપવાની બાકી છે? | (૨) એક પણ નહિ. |

શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ : માનનીય અધ્યક્ષશ્રી, છોટાઉદેપુર જિલ્લામાં વિદ્યાસાધના યોજના અંતર્ગત મહિલા તાલીમાર્થીઓને સાઇકલો ભેટ આપવામાં આવેલ છે તેની તાલુકાવાર વિગતો શું છે?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, નસવાડીમાં મહિલા તાલીમાર્થીઓની સંખ્યા ૬૨ છે અને ૪૨ને સાઇકલો આપવામાં આવી, સંખેડામાં મહિલા તાલીમાર્થીઓની સંખ્યા ૨૦ અને ૯ને સાઇકલો આપવામાં આવી, છોટાઉદેપુરમાં મહિલા તાલીમાર્થીઓની સંખ્યા ૪ છે પરંતુ એકપણ મહિલાને સાઇકલ આપવામાં આવી નથી. બોડેલી જબુગામમાં ૩૦ મહિલા તાલીમાર્થીઓ છે પરંતુ એકપણ મહિલાને સાઇકલ આપવામાં આવી નથી, ક્વાંટમાં કોઇ મહિલા તાલીમાર્થી નથી, પાવી જેતપુરમાં ૫ મહિલા તાલીમાર્થીઓ છે પરંતુ એકપણ મહિલાને સાઇકલ આપવામાં આવી નથી. એનું કારણ એ છે કે આવક મર્યાદા ધ્યાનમાં રાખીને જે મહિલા તાલીમાર્થીઓને સાઇકલ આપવાપાત્ર હતી તે તમામને આપવામાં આવી છે.

## તા. ૩૧મી માર્ચ, ૨૦૧૬

## તારાંકિત પ્રશ્નો

શ્રી સતિશભાઈ મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યાસાધના યોજનાનો લાભ ક્યા વર્ગની મહિલા તાલીમાર્થીઓને આપવામાં આવે છે?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યાસાધના યોજનાનો લાભ જે મહિલા તાલીમાર્થીઓના વાલીની આવક શહેરી વિસ્તાર માટે રૂ.૬૮,૦૦૦/– અને ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૪૭,૦૦૦/– થી ઓછી હોય તેવી તમામ વર્ગની મહિલાઓને કોઈપણ જાતના ભેદભાવ રાખ્યા વગર આ સાઈકલો આપવામાં આવે છે.

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, આ વિદ્યા સાધના યોજનામાં મહિલા તાલીમાર્થીઓને સાઈકલો આપવામાં આવે છે તેની ખરીદી કોના દ્વારા કરવામાં આવે છે અને કઈ રીતે કરવામાં આવે છે?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, સરકારના વિવિધ વિભાગો હેઠળ આ સાઈકલો આપવામાં આવતી હોય છે. વિદ્યા સાધના યોજના તેમજ સરસ્વતી સાધના યોજના હેઠળ મહિલા તાલીમાર્થીઓને સાઈકલો ભેટ આપવામાં આવતી હોય છે. તે તમામ યોજનાની જરૂરિયાત મુજબ માગણી ગ્રીમકોને મોકલવામાં આવે છે. ગ્રીમકો દ્વારા મળેલ કુલ માગણીનું જરૂરી ઈ–ટેન્ડરીંગ પદ્ધતિથી ટેન્ડર બહાર પાડવામાં આવે છે. ટેકનીકલ બીડમાં પાત્ર થતી કંપનીઓના નાણાકીય બીડ ખોલવામાં આવે છે. એમાં ઓછામાં ઓછા ભાવ જે કંપનીએ ભરેલા હોય તે કંપનીને ઓર્ડર આપવામાં આવે છે. તે કંપનીએ ઓર્ડરની શરત મુજબ સાઈકલો પૂરી પાડવાની હોય છે. જરૂરીયાત મુજબ તાલુકા લેવલ સુધી સાઈકલો પહોંચાડવાની હોય છે. ઓર્ડરની ૩૦ ટકા સાઈકલો કંપનીને ઓર્ડર આપ્યા બાદ ૩૦ દિવસમાં પૂરી પાડવાની હોય છે અને બાકી રહેલ ૭૦ ટકા સાઈકલો બીજા ૬૦ દિવસમાં પૂરી કરવાની હોય છે. આમ સાઈકલોનો ઓર્ડર આપ્યા બાદ ૩ માસમાં સાઈકલો પૂરી પાડવાની હોય છે.

શ્રી બાલકૃષ્ણભાઈ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાનો કઈ રીતે અમલ કરવામાં આવે છે?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ વિદ્યા સાધના યોજનાનો લાભ અમારી આઈટીઆઈમાં છ માસ કે તેથી વધુ સમય માટેના કોર્ષમાં તાલીમ લેતી મહિલાઓને મળતો હોય છે. એના માટેની આવક મર્યાદા અગાઉ જણાવી દીધી છે. આવી મહિલા તાલીમાર્થીઓને સાઈકલો સંસ્થાની અંદરથી આપવામાં આવતી હોય છે. સામાન્ય રીતે લાભ મેળવવાપાત્ર મહિલાઓને નજીકમાં ટૂંક સમયમાં ગરીબ કલ્યાણ મેળો આવતો હોય તો ત્યાં આપતા હોઈએ છીએ. વિશ્વ મહિલા દિવસ નજીકમાં આવતો હોય તો તે દિવસોની આસપાસ આપતા હોઈએ છીએ. વર્લ્ડ સ્કીલ ડે જેવો દિવસ નજીકમાં હોય તો એવા દિવસોમાં મહિલાઓને સાઈકલ આપવાનું કામ કરવામાં આવે છે.

શ્રી યોગેશભાઈ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહિલા તાલીમાર્થીને સાઈકલ મેળવવા માટે કેટલી આવક જરૂરી છે?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ પણ કહ્યું કે શહેરી વિસ્તારની અંદર ૬૮ હજાર અને ગ્રામ વિસ્તારની અંદર ૪૭ હજાર આવકની મર્યાદા નક્કી કરવામાં આવેલી છે.

### અમદાવાદ ખાતે બેરોજગારોને રોજગારી

* ૨૬૧૫૧ શ્રી બાબુભાઈ પટેલ (દસક્રોઈ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લા રોજગાર કચેરીમાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને | (૧) ૮૧૭૦૧. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી ? | (૨) ૪૭૨૫૬. |

બાબુભાઈ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે અમદાવાદ જિલ્લામાં રોજગાર કચેરી મારફત સરકારી નોકરી મળી કે કેમ? જો મળી તો તેની વિગતો શું છે?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં રોજગારી આપવામાં આવે છે એમાં રાજય સરકાર મારફત કુલ ૪૫૪ ઉમેદવારોને રોજગારી આપી છે. એની માનનીય સભ્યશ્રીએ વિગત માગી છે તો ઉત્તર ગુજરાત વીજ કંપની સાબરમતી અમદાવાદ, લાઈનમેન તરીકે ૬૦ લોકોને રોજગારી આપવામાં આવી છે. ગુજરાત કેન્સર રીસર્ચ સોસાયટી અમદાવાદ, ડેટાએન્ટ્રી ઓપરેટર તરીકે એક વ્યક્તિને રોજગારી આપવામાં આવી છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ, પ્રાયમરી શિક્ષક તરીકે ૩૮૪ લોકોને રોજગારી આપવામાં આવી છે. ગાંધીનગર જી.ઈ.બી.માં એપ્રેન્ટીસ તરીકે નવ લોકોને રોજગારી આપવામાં આવી છે. આમ અમદાવાદના કુલ ૪૫૪ લોકોને સરકારી નોકરી આપવામાં આવી છે.

શ્રી ભૂષણ અ. ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે રાજયમાં ઘણા બધા વિકાસ સેકટરમાં આગેકૂચ કરીને સતત પ્રથમ ક્રમે રહ્યું છે ત્યારે રોજગારી ક્ષેત્રે પણ રાજય દેશમાં કયા ક્રમે છે તેની વિગતો માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું. મારો બીજો પ્રશ્ન અમદાવાદ જિલ્લામાં કુલ કેટલા ભરતી મેળા થયા અને એ ભરતી મેળામાંથી કુલ કેટલા લોકોને રોજગારી મળી?

## તારાંકિત પ્રશ્નો

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ભારત દેશની અંદર દેશના અન્ય રાજયો કરતા આપણું રાજય છેલ્લા દસ વર્ષ કરતા પણ વધારે સમયથી રોજગારી આપવામાં નંબર વન રાજય રહ્યું છે. ભારત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા ૨૦૧૫ના આંકડાઓ જોઇએ તો સમગ્ર ભારતમાં તમામ રાજયોની રોજગાર કચેરીઓ મળીને, ૩,૩૮,૫૦૦ ઉમેદવારોને રોજગારી આપી છે. જયારે આ ૩,૩૮,૫૦૦માંથી ગુજરાતે ૨,૯૦,૮૦૦ ઉમેદવારોને રોજગારી આપીને ૮૬ ટકા સિદ્ધિ હાંસલ કરી છે. તેવી જ રીતે મહિલાઓને રોજગારી પુરી પાડવામાં ગુજરાત પ્રથમ ક્રમાંકે છે ૪૮૭૬૯ મહિલાઓને એટલે કે ૮૦ ટકા મહિલાઓને રોજગારી પૂરી પાડવામાં ગુજરાત નંબર વન તરીકે આગળ છે. એવી જ રીતે અનુસૂચિત જાતિના ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં પણ ગુજરાત પ્રથમ ક્રમાંકે છે. કુલ ૧૮૮૫૦ ઉમેદવારો એટલે કે ૫૯ ટકા ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં ગુજરાત પ્રથમ ક્રમાંકે છે. અનુસૂચિત જનજાતિના ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં પણ ગુજરાત પ્રથમ ક્રમાંકે રહ્યું છે. કુલ ૧૮૮૪૦ ઉમેદવારો એટલે કે ૮૯ ટકા ઉમેદવારોને રોજગારી પૂરી પડવામાં આવેલી છે.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે અમદાવાદ જિલ્લામાં રોજગારી માટે ઉમેદવારોને કેન્દ્ર સરકાર, વીમા કંપની અને બેન્કોમાં કોઇ રોજગારી આપવામાં આવી છે કે કેમ અને જો આપવામાં આવી હોય તો માનનીય મંત્રીશ્રી પાસેથી તેની માહિતી જાણવા માગુ છું.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી,અમદાવાદ જિલ્લામાં સેકટરવાર બેકઅપ એમણે માગ્યો છે. ઓ.એન.જી.સી. મકરપુરા વડોદરા, ઇલેકટ્રીશીયન, ફીટર, ઇન્સ્ટ્રુમેન્ટ ટનર, વેલ્ડર, પ્રોગ્રામીંગ આસીસ્ટન તરીકે ૩૦ લોકોને ઓ.એન.જી.સી.માં રોજગારી આપવામાં આવી છે. એલ.આઇ.સી. ઓફ ઇન્ડિયા, અમદાવાદ ખાતે પટાવાળા તરીકે ૮ લોકોને રોજગારી આપવામાં આવી છે. સૈનિક હોસ્પિટલ અમદાવાદ ખાતે સફાઇ કામદાર તરીકે ૧ વ્યકિતને રોજગારી આપવામાં આવી છે. કેનેરા બેન્ક અમદાવાદ ખાતે હાઉસ કિપર કમ પ્યૂન તરીકે ૧૧ લોકોને રોજગારી આપવામાં આવી છે. બેન્ક ઓફ બરોડા અમદાવાદ ખાતે સ્વીપર કમ પ્યૂન તરીકે ૨ લોકોને રોજગારી આપવામાં આવી છે. રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા અમદાવાદ ખાતે સિક્યુરિટી ગાર્ડ તરીકે ૨ લોકોને રોજગારી આપવામાં આવી છે. આમ, આવા સરકારી સેકટરોમાં કુલ ૫૪ લોકોને રોજગારી આપવામાં આવી છે.

ડો. નિર્મલાબહેન સુ. વાધવાણી : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, અમદાવાદ જિલ્લામાં આપવામાં આવેલ રોજગારીમાં ઉમેદવારોને ખાનગી ક્ષેત્રે એટલે કે પ્રાઇવેટ સેકટરમાં આપવામાં આવેલ રોજગારીની વિગતો શું છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : અમદાવાદ જિલ્લામાં ખાનગી ક્ષેત્રમાં કુલ ૪૫,૮૭૪ ઉમેદવારોને રોજગારી આપવામાં આવી છે એમાં સિકયુરિટી ગાર્ડ તરીકે ૬૬૦ લોકોને રોજગારી આપવામાં આવી છે. વોઇસ એજન્ટ તરીકે ૧૯૫૯ લોકોને, મશીનિસ્ટ, હેલ્પર, ઓપરેટર, વર્કર તરીકે ૧૩૬૭ લોકોને, હાઉસ કિપર તરીકે ૪૮૭ લોકોને, સેલ્સ ઓફિસર તરીકે ૧૦૮ લોકોને, સેલ્સ એક્ઝિકયુટીવ, કસ્ટમર કેર એક્ઝિકયુટીવ, કસ્ટમર સેલ્સ એક્ઝિકયુટીવ તરીકે ૩૦૪૩ લોકોને, લાઇન ઓપરેટર તરીકે ૪૯૦ લોકોને, કોલ સેન્ટર ચલાવવાવાળા લોકો માટે ૧૦૬૪ લોકોને, નર્સિંગમાં ૪૬ લોકોને, એન્જિનિયરીંગમાં ૪૮૫ લોકોને, સેલ્સ માર્કેટિંગમાં ૪૮૧ લોકોને, ટેકનિશિયન્સ તરીકે ૧૭૪ લોકોને, ટેલિ કોલર તરીકે ૨૫૩ લોકો, ટ્રેઇની તરીકે ૧૯૪ લોકોને, ઓફિસ વર્કર તરીકે ૮૧૮ લોકોને, રીસર્ચ એસોશિએટ તરીકે ૩૦૯ લોકોને, ઓફિસ એક્ઝિકયુટીવ હેલ્પર તરીકે ૧૦૮૩ લોકોને, એકાઉન્ટન્ટ ટેલિ કોલર સેલ્સ ૧૬૭ લોકોને રોજગારી આપવામાં આવી છે અને આવી બીજી અલગ અલગ પ્રાઇવેટ સંસ્થાઓમાં ૩૦,૭૩૬ લોકો મળીને કુલ ૪૫,૮૭૪ લોકોને ખાનગી ક્ષેત્રમાં રોજગારી આપવામાં આવી છે.

### નર્મદા જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૨૬૧૫૨ શ્રી મોતીલાલ વસાવા (દેડિયાપાડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લા રોજગાર કચેરીમાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને | (૧) ૬૪૫૫. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી? | (૨) ૪૮૮૬. |

શ્રી મોતીલાલ પુ. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા જિલ્લામાં રોજગાર વિનિમય કચેરીમાં કુલ ૬૪૫૫ બેરોજગારો નોંધાયા હતા એમાંથી ૪૮૮૬ ઉમેદવારોને રોજગારી આપવામાં આવી છે એટલે કે ૮૦ ટકા લોકોને રોજગારી મળી છે. એટલે જ ગતિશીલ ગુજરાત છે. આને પ્રગતિ કહેવાય. નર્મદા જિલ્લામાં જે બેરોજગારો નોંધાયેલ છે એને રોજગારી કઇ કઇ રીતે આપણે પૂરી પાડીએ છીએ?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા રાજયના યુવાનો વિકાસની પ્રક્રિયામાં સહભાગી બની શકે એ માટે રાજયનો યુવાન બેકાર ન રહે અને રાજય ગતિશીલ તરીકે ખૂબ આગળ વધે એના માટેના રાજય સરકારના પ્રયાસો હોય છે. ખાનગી ક્ષેત્રમાં રોજગારી માટે જે તે વિસ્તારમાં જ્યાં ઔદ્યોગિક એકમો હોય ત્યાં નોકરીદાતાઓને કેટલા લોકોની જરૂરિયાત છે એનો એક સરવે કરવામાં આવતો હોય છે. આ સરવે કર્યા પછી વર્ષ ૨૦૧૫માં આ જિલ્લામાં ૩૪ ભરતી મેળાઓ કરવામાં આવ્યા છે. ૧૦૮ નોકરીદાતાઓને આ ભરતી મેળામાં હાજર રાખવામાં આવ્યા છે. ૩૩૦૧ યુવાનોને

આ ભરતી મેળામાં રોજગારી પૂરી પાડવામાં આવી છે. આમ, રોજગારવાંછુઓને રોજગારી પૂરી પાડવા, જરૂરી વ્યવસાયિક માર્ગદર્શન આપવા માટે વર્ષ ૨૦૧૫માં ૨૫ જેટલા કારકિર્દી વાર્તાલાપો પણ કરવામાં આવ્યા. ૨૬૦ જેટલા જૂથ વાર્તાલાપ યોજવામાં આવ્યાં, જેમાં ૮૪૮ ઉમેદવારોને રોજગારીનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે. એવી જ રીતે સ્વરોજગાર શિબિરો પણ કરવામાં આવતી હોય છે અને આ સ્વરોજગાર શિબિરો દ્વારા રોજગારવાંછુંઓને સ્વરોજગારી માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. અલગ અલગ ખાતાઓ દ્વારા લોન સહાય અપાવીને સ્વરોજગારી આપવામાં આવે છે અને નર્મદા જિલ્લામાં આવી ૨૩ શિબિરો કરવામાં આવી છે અને આ ૨૩ શિબિરોની અંદર ૮૦૭ ઉમેદવારોએ સ્વરોજગારી માટે સંમતિ દર્શાવી છે. ૪૮ લાખ ૪૨ હજારની એને રોજગાર વિભાગ મારફત મદદરૂપ થવા માટે લોન આપીને એને સ્વરોજગારી મળી શકે એના માટેના પ્રયાસો કરવામાં આવ્યાં છે. આ ઉપરાંત શાળા અને કોલેજોમાં પણ ૫૧ કેરિયર કોર્નર કાર્યરત કરવામાં આવ્યા છે, જેમાં વિદ્યાર્થીઓને રોજગારીલક્ષી માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. સ્વરક્ષણ ક્ષેત્રે પણ યુવાનોને રોજગારી મળી શકે તે માટે ૩૦ દિવસની નિવાસી તાલીમનું આયોજન કરવામાં પણ આવતું હોય છે. આ ઉપરાંત જે લોકો વિદેશ જવા ઇચ્છુક યુવાનોને રોજગારીની ઉચ્ચ અભ્યાસ માર્ગદર્શન, ઓવર્સીયર એમ્પ્લોયમેન્ટ એન્ડ કેરિયર સેન્ટર વડોદરા દ્વારા રાજપીપળાખાતે સેમિનાર યોજીને ૧૭૬ યુવાનોને માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે ડિપ્લોમા હોલ્ડર અને આઇ.ટી.આઇ. છે એને એપ્રેન્ટીસ હેઠળ નોકરી મળે છે પણ જે ડીગ્રી એન્જિનિયર થાય છે. આપણા ગુજરાતમાં આજે હજારો ડીગ્રી એન્જિનિયર થાય છે તો એ લોકો જ્યારે એપ્લાય કરે છે તો એમને એપ્રેન્ટીશીપ તરીકે લેતા નથી. કેન્દ્ર સરકારનો કાયદો છે ગ્રેજ્યુએટ એન્જિનિયર ટ્રેઇની – જી.ઇ.ટી. તો આ કાયદો આપણે જો ગુજરાતમાં લાવીએ તો આપણા હજારો વિદ્યાર્થીઓને એટલીસ્ટ એક વર્ષ કે અગિયાર મહિનાના ફોરમેટમાં આપણે એને ટ્રેઇનિંગ આપી શકીએ છીએ. જ્યારે આ એન્જિનિયર જે બી.ઇ.સિવિલ, કેમિકલ, મિકેનિકલ જે કાંઇ થયા છે એ જ્યારે નોકરી લેવા જાય છે ત્યારે એ લોકોને નથી એપ્રેન્ટીસમાં લેતા, નથી એ લોકોને નોકરીમાં લેતા કારણ કે એ લોકોને અનુભવ પૂછાય છે તો આપણે આ રાજ્ય સરકાર જ્યારે આટલો બધો ઔદ્યોગિક વિકાસ છે તો આપણે આવો જી.ઇ.ટી. જેવો કાયદો લાવવા માગીએ છીએ કે કેમ?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું સૂચન ખૂબ સારું છે અને એ અંગે અમે હકારાત્મક વિચારણા કરીશું.

શ્રી શબ્દશરણ ભા. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૫ની સ્થિતિએ ૬૪૫૫ બેરોજગાર નોંધાયા હતા એની સામે સરકારશ્રીએ ૪૮૮૬ જેટલી રોજગારી આપી છે એના માટે સરકારે ખૂબ પ્રયત્નો કર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે હું જાણવા માગુ છું કે, આ રોજગારીની તાલીમ મળે, રોજગારીની તકો મળે એના માટે સ્વરોજગાર શિબિરો કઇ રીતે યોજવામાં આવે છે? એ સ્વરોજગાર શિબિરોમાં ઉમેદવારોને કઇ રીતે બોલવવામાં આવે છે? એમાં ઉમેદવારોને લોન વગેરે આપવામાં આવે છે એ કોના દ્વારા આપવામાં આવે છે અને આ લોન સહાયમાં સરકારશ્રી શું ભાગ ભજવે છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું એમ જે બેરોજગારો નોંધાયેલા છે એમને રોજગારી મળી શકે એના માટે સરવે કરવામાં આવતું હોય છે. નજીકમાં નોકરીદાતાઓ ક્યાં અવેલેબલ થાય એનો પણ સરવે કરવામાં આવતો હોય છે. નોકરીદાતાઓ અને બેરોજગારોને એક મંચ પર ભેગા કરીને એમને માર્ગદર્શન પણ આપવામાં આવતું હોય છે. આ ઉમેદવારોને કયા પ્રકારની જોબ જોઇએ છે, કયા પ્રકારની એમણે લાઇન મેળવેલી છે, એમનું જ્ઞાન કયા પ્રકારનું છે એ પ્રમાણે નોકરીદાતાઓને ભેગા કરીને, નોકરીદાતાઓ દ્વારા રોજગારી આપવા માટે કામ કરવામાં આવતું હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, એમણે બીજું કહ્યું કે, એમના માટે બીજી શું શું વ્યવસ્થાઓ કરવામાં આવે છે? જે લોકો રોજગારી મેળળવામાં પોતાના પગ પર ઊભા રહેવા માગતા હોય મેં અગાઉ પણ જવાબમાં કહ્યું છે. એવી રીતે બોર્ડ–નિગમોને પણ બોલાવવામાં આવતા હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, બેંકોવાળાઓને પણ હાજર રાખવામાં આવતા હોય છે. એમને સ્વનિર્ભર રહેવું હોય, પોતાના પગ પર કામ કરવું હોય તેઓને બેંકમાંથી લોન અપાવવામાં માટેનું પણ માર્ગદર્શન આપવામાં આવતું હોય છે.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં યુવાનો માટે નોકરીઓમાં પ્રથમ સ્થાન ગુજરાતે મેળવ્યું છે ત્યારે મારે મંત્રીશ્રી પાસે એ જાણવું છે કે, યુવાનો માટે કારકિર્દી અને વ્યવસાય માર્ગદર્શન માટે કાર્યવાહીમાં વાર્તાલાપ અને જુથ વાર્તાલાપો જે યોજવામાં આવે છે એનું સંચાલન કોણ કરે છે ? અને આવા જુથ વાર્તાલાપો ગુજરાતની શાળા અને કોલેજોમાં યોજવામાં આવે છે કે કેમ?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, જે બેરોજગારો રોજગારી મેળવવા માગતા હોય એમને સચોટ માર્ગદર્શન મળી રહે એ માટે આવા જુથ વાર્તાલાપોનું આયોજન કરવામાં આવતું હોય છે. એની અંદર રોજગારીનું માર્ગદર્શન આપવા માટે નિષ્ણાતો પણ રાખવામાં આવતા હોય છે, વિભાગના લોકો પણ હાજર રહેતા હોય છે અને જ્યારે ભણતા બાળકો કોલેજ કરી રહ્યા હોય એવા લોકોને પણ એનું માર્ગદર્શન મળી રહે એના માટે પણ મેં અગાઉ જવાબમાં કહ્યું એમ વ્યવસ્થા ગોઠવેલી છે અને એ લોકોને અભ્યાસ કર્યા પછી કઇ સાચી દિશામાં જવું, ખોટી દિશામાં ના જાય એના માટેનું પણ માર્ગદર્શન આપવામાં આવે છે.

## તારાંકિત પ્રશ્નો

શ્રી સતિશભાઇ મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, ઓવરસિસ એમ્પ્લોયમેન્ટ એન્ડ કેરિયર ઇન્ફર્મેશન સેન્ટર શું છે અને તેમાં કેવા પ્રકારની કામગીરી કરવામાં આવે છે ?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની અંદર શિક્ષણનો વ્યાપ વધવા સાથે સાથે વિવિધ પ્રકારની શૈક્ષણિક લાયકાત ધરાવતા યુવાનોનું પ્રમાણ વધ્યું છે. રાજ્યમાં રોજગારીની વિશાળ તકો હોવા સાથે ગુજરાતનો યુવાન વિદેશમાં ઉપલબ્ધ રોજગારી તેમજ વધુ અભ્યાસ માટે જવા હંમેશા ઉત્સુક હોય છે. તે સ્થિતિમાં ગુજરાતના યુવાનને યોગ્ય માર્ગદર્શનના અભાવે તેમજ લેભાગુ સંસ્થાઓના હાથમાં ફસાય નહીં, છેતરાય નહીં તે માટે રાજ્યમાં અમદાવાદ, વડોદરા અને રાજકોટ ખાતે ઓવરસિસ એમ્પ્લોયમેન્ટ એન્ડ કેરિયર ઇન્ફર્મેશન સેન્ટરની સ્થાપના કરવામાં આવેલી છે. આ કેન્દ્ર દ્વારા વિદેશમાં રોજગારી, અભ્યાસ માટે જવા માટે ઇચ્છુક ઉમેદવારોને વિદેશમાં જવા માટે જરૂરિયાત એવી ભાષા, ભાષાની ક્ષમતા માટે આઇ.એલ.ઇ.ટી.એસ. (આઇલેટ્સ) તથા ટોફેલ જેવી ભાષાઓનું માર્ગદર્શન આપવામાં આવે છે તથા પાસપોર્ટ–વિઝા મેળવવાની પ્રક્રિયા, અભ્યાસ માટે યુનિવર્સિટીઓની માહિતી, ત્યાંની યુનિવર્સિટીઓનું ફીનું માળખું તથા વિદેશ જવા માટે અંદાજીત ખર્ચ અને તે સબબ કરવામાં થતી પ્રક્રિયા અંગે સેમિનારો કરીને વિસ્તૃત માર્ગદર્શન આવા લોકોને આપવામાં આવતું હોય છે.

### આણંદ જિલ્લામાં પાલક માતા–પિતા યોજના

* ૨૬૦૭૩ શ્રી રોહિત પટેલ (આણંદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લા ખાતે પાલક માતા પિતા યોજના હેઠળ તા.૩૧–૧૨–૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળી, | (૧) મળેલ અરજી – ૭૯. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) મંજૂર અરજી – ૭૬. |
| (૩) કેટલી સહાય ચુકવવામાં આવી? | (૩) રૂ. ૩,૨૭,૦૦૦/– |

શ્રી રોહિતભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો હું માનનીય મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલને ખૂબ ખૂબ એટલા માટે અભિનંદન આપું છું કે, આણંદ જિલ્લામાં પાલક માતા–પિતા યોજનામાં આ વર્ષમાં કુલ ૭૯ અરજીઓ આવી એમાંથી ૭૬ તો મંજૂર પણ થઇ ગઇ અને સાથે સાથે ૩ લાખ, ૨૭ હજારની રકમનું પેમેન્ટ પણ થઇ ગયું. એટલે મને મારા બિઝનેશ ઇયર્સના શરૂઆતના ૩૦ વર્ષ યાદ આવી ગયા કે, કોંગ્રેસ સરકારે લાલચો આપી આપીને અમને વગડા જેવી જગ્યામાં ઇન્ડસ્ટ્રીઝ કરાવડાવી. સબસિડી મળશે, તરત રો–મટિરિયલ મળશે, એ વખતે રો–મટિરિયલ ઉપર પણ બહુ રિસ્ટ્રીકશન હતા, તરત રો–મટિરિયલ મળશે આવી લાલચો આપી અને વગડામાં ઇન્ડસ્ટ્રીઝ કરી. એપ્લાય એપ્લાય બટ નો રિપ્લાય, ધક્કા ખાવ પણ નો રિઝલ્ટ. વર્ષો સુધી પાંચ–પાંચ વર્ષે સબસિડી હાથમાં આવે ત્યારે એનો ઉપયોગ ના રહ્યો હોય એ સંજોગોમાં આટલું ત્વરિત પેમેન્ટ. ફરીથી હું ખૂબ ખૂબ વંદન સાથે એમને અભિનંદન આપું છું અને એક મારો પ્રશ્ન એ છે કે, જે ત્રણ અરજીઓ નામંજૂર થઇ એ કયા કારણોસર નામંજૂર થઇ ? અને પાલક માતા–પિતા યોજના સમગ્ર રાજ્યમાં ક્યારથી લાગુ પાડવામાં આવી ? તે વખતે સહાયના દરો શું હતા અને હાલમાં સહાયના દર શું છે ?

શ્રી રમણલાલ ઇ. વોરા : `માનનીય અધ્યક્ષશ્રી, જે બાળક કોઇ આકસ્મિક કારણોસર એના માતા–પિતાનું અવસાન થાય છે અને એ બાળક અનાથ થાય છે. આ અનાથ બાળકને એના નજીકના સગાવ્હાલાં જે રાખે એ બાળકોને પાલક માતા–પિતા યોજના અન્વયે આપણે સહાય કરીએ છીએ. યોજના જ્યારે શરૂ થઇ ત્યારે ૭૫ રૂપિયાની સહાય ચૂકવવામાં આવતી હતી. આજે આ સરકાર એમાં એક હજાર રૂપિયાનું ચેકથી સહાયનું વિતરણ કરે છે.

શ્રી સંજયકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પાલક માતા પિતા યોજનામાં પાત્રતાના માપદંડો શું છે? અને હાલ જે સહાય ચૂકવવામાં આવે છે એ વધારવા માગે છે કે કેમ? અને હા, તો કેટલી?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના શરૂ થઇ એ વખતે ૦ થી ૧૨ વર્ષ સુધીના બાળકોને અનાથ બાળકો તરીકે આપણે ગણતા હતા હવે પછી ૦ થી ૧૮ વર્ષ સુધીના બાળકોનો આ યોજનામાં સમાવેશ કરવામાં આવનાર છે. આ યોજનામાં મેં કહ્યું એ પ્રમાણે આ વર્ષ સુધી એટલે કે આજ સુધી એનો સહાયનો દર ૧૦૦૦ રૂપિયા હતો. આ વર્ષના બજેટની અંદર આની અંદર વધારો કરીને ૩૦૦૦ રૂપિયા આપવાનું રાજય સરકારે નકકી કરેલું છે. જે બાળકના માતા પિતાની આવક ૨૭૦૦૦ અને ૩૬૦૦૦ એટલે બી.પી.એલ.ની યાદી કરતા વધારે જેની આવક હોય અને એ લોકો આ બાળકને રાખતા હોય છે અને એ સગાવહાલાઓને આપણે ૩૦૦૦ રૂપિયાની સહાય એપ્રિલ મહિનાથી આપીશું.

### રાજ્યમાં આઇ.એમ.વી. ને એ. આર.ટી.ઓ. તરીકે બઢતી

* ૨૬૧૦૪ શ્રી કિશોરસિંહ ચૌહાણ (વેજલપુર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યમાં મોટર વાહન ખાતામાં વર્ષ ૨૦૧૫–૧૬માં તા. | વર્ષ ૨૦૧૫–૧૬માં તા. ૩૧ જાન્યુઆરી–૨૦૧૬ અંતિત |

## તા. ૩૧મી માર્ચ, ૨૦૧૬
## તારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| ૩૧ જાન્યુઆરી–૨૦૧૬ અંતિત કેટલા ઇન્સ્પેક્ટર ઓફ મોટર વ્હીકલ (આઇએમવી)ને એઆરટીઓ તરીકે બઢતી આપી? | એ.આર.ટી.ઓ. તરીકે કોઇ બઢતી આપવામાં આવેલ નથી. |

શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજયમાં એ.આર.ટી.ઓ.નું મહેકમ કેટલું છે? અને ૨૦૧૫–૧૬ના વર્ષમાં છેલ્લે અત્યાર સુધીમાં કયારે અને કેટલી બઢતીઓ આપવામાં આવી?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, એ.આર.ટી.ઓ.નું મહેકમ રાજયની અંદર ૫૦ નું છે. એ.આર.ટી.ઓ.નું પ્રમોશન બઢતીથી અને નવી ભરતીથી બંનેથી થતું હોય છે એનો રેશીયો ૨:૧ નો હોય છે. વર્ષ ૨૦૧૫–૧૬ના પહેલા અને ૨૦૧૪–૧૫માં ૨૦ જેટલા ઇન્સ્પેક્ટર ઓફ મોટર વ્હીકલને એ.આર.ટી.ઓ. તરીકેની બઢતી અમે તા. ૧૮–૭–૨૦૧૪ થી આપી અને જગ્યાઓ ભરવામાં આવી.

શ્રી રાકેશ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે એમણે જે રીતે કીધું કે આઇ.એમ.વી.ને એ.આર.ટી.ઓ. તરીકે બઢતી અપાય છે ત્યારે જયારે એ.આર.ટી.ઓ.ની જગ્યાનો રાજય સરકારનું જે ભરતી કેલેન્ડર હોય છે ૧૦ વર્ષનું એમાં સમાવેશ થાય છે? અને જો થાય છે તો આગામી સમયમાં વર્ષવાર કેટલી જગ્યાઓ માનનીય મંત્રીશ્રી ભરવા માગે છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રી દ્વારા વિવિધ સંવર્ગની ખાલી પડેલી જગ્યાનું વિશ્લેષણ કરીએ તો છેલ્લા ૧૦ વર્ષ માટેની ભરતી માટેનું એક કેલેન્ડર બનાવ્યું છે અને એ અમલમાં મુકયું છે જે અમલમાં આવ્યું છે અને વર્ષવાર દરેક તબકકે અલગ અલગ છે એટલે આખા વર્ષનું જો હું વાંચીશ તો બહુ લાંબુ થશે પરંતુ જે ભરતી કેલેન્ડર તૈયાર થયું છે એ પ્રમાણેની ભરતીની પ્રક્રિયાઓ અમે કેટલીક જી.પી.એસ.સી. કક્ષાએ હોય તો ત્યાં અને અહીંયા પ્રમોશનથી કરવાનું થાય તો ત્યાં એ બંને અમે ચાલુ કર્યું છે.

શ્રી પંકજ અ. મહેતા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે એ.આર.ટી.ઓ.ની જે જગ્યાઓ ખાલી છે એ બઢતી અને ભરતીથી બે પ્રકારે ભરતા હોઇએ છીએ તો એ ભરવા માટેનું શું આયોજન છે અને કેટલા સમયમાં ભરવા માગીએ છીએ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, અમે એક સિનિયોરીટી લિસ્ટ જે પ્રમોશનથી આપવાનું છે એ તૈયાર કરીને બહાર પાડયું છે. ૬ મોટર વાહન નિરીક્ષકોએ એ.આર.ટી.ઓ.ની ખાતાકીય પરીક્ષા પાસ કરી છે. એની પસંદગી યાદી અને એના રિપોર્ટ પણ અમે મંગાવ્યા છે એટલે એ આવશે તો અમે એમને પ્રમોશન આપી શકીશું અને નવી સીધી ભરતી માટેની જગ્યાઓ છે એ ૧૬ જેટલી ખાલી જગ્યાઓમાં ભરતી કરવા માટે અમે ૯–૨૦૧૫–૧૬ અંતર્ગત તા. ૧૨–૭–૨૦૧૫ થી એક જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવી છે. જી.પી.એસ.સી.ના માધ્યમથી એ પ્રક્રિયા પૂરી થયે એ ભરતી પણ અમે કરી દઇશું.

શ્રી રોહિતભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવાની અપેક્ષા છે કે એ.આર.ટી.ઓ.ની જગ્યાનો સીધી ભરતી અને બઢતીનો રેશીયો શું છે તથા જે કેડરમાંથી બઢતી આપવામાં આવે છે એ ઇન્સ્પેક્ટર ઓફ મોટર વ્હીકલનું રાજયમાં મહેકમ કેટલું છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : મેં અગાઉના પ્રશ્નના જવાબમાં રેશિયાની વાત કરી અને વિગત આપી હતી. રેશિયો સીધી ભરતી અને પ્રમોશનનો ૨:૧ નો છે. મહેકમનો સવાલ છે ત્યાં સુધી મંજૂર મહેકમ ૨૫૦ નું છે.

### ભાલકા તીર્થનો વિકાસ

* ૨૬૧૩૩ શ્રી કેશુભાઇ નાકરાણી (ગારીયાધાર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર–સોમનાથ જિલ્લાના ભાલકાતીર્થના વિકાસ માટે શું કામગીરી હાથ ધરવામાં આવી છે, અને | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર–સોમનાથ જિલ્લાના ભાલકાતીર્થના વિકાસ માટે નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવી છે.<br>• મંદીરના પુનઃ વિકાસની કામગીરી<br>• ભોજનાલય (મલ્ટીપરપઝ હોલ),<br>• પાર્કીંગ<br>• ટોઇલેટ<br>• દુકાનો (નંગ–૬)<br>• લેન્ડ સ્કેપીંગ<br>• સિટિંગ બેંચીસ<br>• પીવાના પાણીની સુવિધા |

- પાથવે
- મુખ્ય પ્રવેશ દ્વાર
- વીજળીકરણ જેવી કામગીરી

| | |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ આ કામગીરી ક્યાં તબક્કે છે? | (૨) ઉક્ત સ્થિતિએ ભોજનાલય (મલ્ટી પરપઝ હોલ), પાર્કીંગ, ટોઇલેટ, દુકાનો (નંગ-૬) અને લેન્ડ સ્કેપીંગની કામગીરી પૂર્ણ કરી લોકાર્પણ કરવામાં આવેલ છે. જ્યારે મંદીરના પુનઃ વિકાસની કામગીરી, સિટિંગ બેંચીસ, પીવાના પાણીની સુવિધા, પાથવે, વીજળીકરણની કામગીરી અને મુખ્ય પ્રવેશદ્વાર જેવી કામગીરી પ્રગતિમાં છે. |

શ્રી કેશુભાઇ હી. નાકરાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ભાલકાતીર્થ ખાતે જે કામો હાથ ધરવામાં આવેલ છે તેનો અંદાજિત ખર્ચ કેટલો થશે? અને બાકી રહેલ કામો ક્યારે પૂર્ણ થનાર છે?

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : ભાલકાતીર્થ ભગવાન શ્રી કૃષ્ણ સાથે જોડાયેલ ધામ છે. આપણે જાણીએ છીએ તેમ ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ મથુરામાં થયો, એમનું બાળપણ ગોકુલમાં વીત્યુ અને એમણે દ્વારિકામાં રાજ કર્યુ. ભગવાન શ્રીકૃષ્ણે પોતાની અવતારલીલા ભાલકાતીર્થ ખાતે પૂર્ણ કરી હતી. ભાલકાતીર્થમાં ઐતિહાસિક એવી વાત છે કે જરા પારધીએ ભગવાનના શ્રીચરણમાં અંકિત તેજસ્વી ચિન્હને મૃગની આંખ સમજીને બાણ માર્યુ, ત્યારે વ્યથિત થયેલ પારધીનો કોઇ અપરાધ નથી અને ભગવાનની પોતાની ઇચ્છાથી બાણ વાગ્યું છે, તેવો અનુગ્રહ કરીને પારધીને મોક્ષ કરાવેલ, જેથી આ સ્થળને ભાલકાતીર્થ કહેવામાં આવે છે. આ ભાલકાતીર્થ ખાતે મંદિર બનાવેલ છે. સભ્યશ્રીએ પૂછ્યું તેમ ગુજરાતના યાત્રાધામો અને ગુજરાતના ધર્મસ્થાનોની ભવ્યતા, દિવ્યતામાં વધારો થાય, એના માટે ભાલકાતીર્થ ખાતે ૧૧ કરોડ ૬ લાખ રૂપિયાનો પ્રોજેક્ટ હાથ ઉપર લીધો છે. આ પ્રોજેક્ટ ૩૧મી માર્ચ, ૨૦૧૭ ના રોજ પૂર્ણ થનાર છે.

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ ભાલકાતીર્થ ખાતે યાત્રાળુઓને વધારે સુવિધા મળે એના માટે આ પ્રોજેક્ટ દ્વારા યાત્રાળુઓને અત્યારે જે સુવિધા છે એમાં શું વધારો થશે?

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : આ ભાલકાતીર્થ ખાતે ફેઇઝ-૧ માં ૧૧ કરોડ કરતા વધારે રૂપિયાના માધ્યમથી એનાં વિકાસ કામો હાથ ઉપર લીધેલ છે. ત્યાંથી આપણે અટકવા માગતા નથી, પરંતુ આ ભાલકાતીર્થમાં ફેઇઝ-૨ માં અત્યારે ભાવી આયોજન તરીકે ૩૬ કરોડ ૬૦ લાખ રૂપિયાનું પ્લાનિંગ કર્યુ છે. અને ફેઇઝ-૨ માં ભગવાન શ્રીકૃષ્ણના જન્મથી લઇને ગોલકધામ સુધી પ્રસ્થાન કર્યુ. એમની આખી જિંદગીની લીલાનો સમાવેશ કરવામાં આવ્યો છે. આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી ભગવાનનું જીવન ચરિત્ર જુદા જુદા માધ્યમોથી રજૂ કરવામાં આવનાર છે. તેના અંતર્ગત ભગવાન શ્રીકૃષ્ણ મ્યુઝિયમ, લાઇટ એન્ડ સાઉન્ડ, શ્રી કૃષ્ણ ધામ, વિશ્રામ ગૃહ, લેન્ડ સ્કેપિંગ, એપ્રોચ રોડ, સીટિંગ પેવેલિયન અને આનુષંગિક ઇલેક્ટ્રિફિકેશન આ બધુ ફેઇઝ-૨ માં ભાવિ આયોજન સ્વરૂપે સમાવેશ કર્યો છે.

શ્રી ચિમનભાઇ ધ. સાપરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે સોમનાથ ખાતે આવનાર યાત્રાળુઓ પૈકી મોટા ભાગના યાત્રાળુઓ ભાલકાતીર્થ અને દેહોત્સર્ગ ખાતે આવતા હોય છે. દેહોત્સર્ગ ખાતે વિકાસનાં કામોનું આયોજન વિચારેલ છે કે કેમ? જો વિચારેલ છે તો શું વિચારેલ છે?

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : આ સોમનાથ એક ધામ છે. સરદાર વલ્લભભાઇ પટેલનું સ્વપ્ન હતું. એમણે ત્યાં ઘોષણા કરી હતી. એમના શબ્દોમાં કહું તો ''નૂતન વર્ષના આ શુભ દિવસે આપણે સંકલ્પ કર્યો છે કે સોમનાથ મંદિરનું નિર્માણ થવું જોઇએ. આ પરમ કર્તવ્ય છે. જેમાં સૌએ ભાગ લેવો જોઇએ''. સોમનાથ ખાતે સરદાર વલ્લભભાઇ પટેલના સ્વપ્નને સાકાર કરવા માટે ગુજરાત સરકારે સોમનાથના વિકાસની સાથે ભાલકાતીર્થ અને દેહોત્સર્ગનો વિકાસ હાથમાં લીધો છે. આ દેહોત્સર્ગના પ્લેસ અંગે વાત કરું તો આ એક એવું પ્લેસ છે કે ભાલકાતીર્થ ખાતે ભગવાન શ્રીકૃષ્ણના ચરણમાં બાણ વાગ્યા બાદ ભગવાન શ્રીકૃષ્ણ પગપાળા આ સ્થળે આવ્યા હતા. માનનીય અધ્યક્ષશ્રી, આ સ્થળે પોતાની જીવનલીલા સંકેલીને ગૌલોકધામ તરફ પ્રયાણ કર્યુ હતું. આ સ્થાન સાથે ભગવાન શ્રીકૃષ્ણના ભાઇ બલરામે શેષનાગ અવતારનું સ્વરૂપ ધારણ કરીને પાતાળની અંદર ધ્યાન પામેલા. બલરામજી અને ભગવાન શ્રીકૃષ્ણ આ સ્થળેથી સદેહે સિધાવ્યા હતા. આ સોમનાથ ધામ એવું છે કે જયાં ૧૫-૨૦ વર્ષ પહેલાં જોઇએ તો ૧૫ થી ૨૦ લાખ લોકો યાત્રા માટે આવતા હતા. આ સોમનાથ ધામમાં સુવિધાઓમાં અનેકગણો વધારો કરવાને કારણે સમગ્ર દેશ અને દુનિયામાંથી આશરે ૮૭ લાખ કરતાં વધારે દર્શનાર્થી અહીં દર્શન કરવા આવે છે. શ્રદ્ધા અને આસ્થાથી સોમનાથ દાદાના ચરણોમાં શીષ ઝુકાવીને આશિર્વાદ મેળવે છે ત્યારે આ દેહોત્સર્ગના સ્થાનમાં રાજય સરકારે ફેઝ-૧ની અંદર મંદિર અને ફેઝ-૨ની અંદર કોમ્પલેક્ષ માટેના ભાવિ આયોજન કરેલ છે. ફેઝ-૧ અને ફેઝ-૨ બંનેની ગણતરી કરીએ તો ૭૦ કરોડના ભાવિ આયોજન હાલ વિચારણા હેઠળ છે.

### વલસાડ જિલ્લામાં મહિલા તાલીમાર્થીઓને સાયકલ

* ૨૬૧૧૯ શ્રી કનુભાઇ દેસાઇ (પારડી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિદ્યાસાધના યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૪-૧૫ | (૧) ૩૫૬. |

| | |
|---|---|
| દરમિયાન વલસાડ જિલ્લામાં કેટલી મહિલા તાલીમાર્થીઓને સાયકલ ભેટ આપવામાં આવી, અને | |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલી મહિલા તાલીમાર્થીઓને સાયલક ભેટ આપવાની બાકી છે? | (૨) એકપણ નહિ. |

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, વલસાડ જિલ્લામાં વિદ્યા સાધના યોજના હેઠળ જે સાયકલ આપવામાં આવી છે તેની તાલુકાવાર વિગતો શું છે?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લાની અંદર વિદ્યા સાધના યોજનામાં જે સાઇકલો આપવામાં આવી છે તેમાં પારડી તાલુકામાં ૯૩ સાઇકલો આપવામાં આવી છે, ધરમપુર તાલુકામાં ૧૪૭ સાઇકલો આપવામાં આવી, ઉમરગામ તાલુકાના ભિલાડ આઇ.ટી.આઇ.માં. ૧૪ સાઇકલો આપવામાં આવી, વલસાડની મહિલા આઇ.ટી.આઇ.માં ૭૦ સાઇકલો આપવામાં આવી, કપરાડાની આઇ.ટી.આઇ.માં ૩૨ સાઇકલો આપવામાં આવી, વાપી તાલુકામાં એકપણ સાઇકલ આપવામાં આવી નથી. કારણ કે ત્યાં આવક મર્યાદાનો રેશિયો જળવાતો ન હતો એટલે સાઇકલ આપેલી નથી. આમ કુલ ૬૦૬ મહિલાઓ આઇ.ટી.આઇ.માં તાલીમ લઇ રહી હતી તેમાંથી ૩૫૬ મહિલા તાલીમાર્થીઓને સાઇકલ આપવામાં આવી છે.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મહિલા તાલીમાર્થીઓને જે સાઇકલ ભેટ આપવામાં આવે છે તેના ધોરણો શું છે તથા આ લાભ કયા ટ્રેડની તાલીમ લેતી મહિલા તાલીમાર્થીઓને આપવામાં આવે છે?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ પણ કહ્યું કે આઇ.ટી.આઇ.માં તાલીમ લેતી મહિલા તાલીમાર્થીઓની આવક મર્યાદા શહેરી વિસ્તારમાં ૬૮ હજાર અને ગ્રામ્ય વિસ્તાર માટે ૪૭ હજારની નકકી કરી છે. આ યોજના અંતર્ગત છ માસ કે તેથી વધુ સમયના ટ્રેડ કે કોર્સમાં પ્રવેશ મેળવેલ હોય તેવી તાલીમાર્થીઓને સાઇકલ આપવાની યોજના છે.

શ્રી રમણલાલ ના. પાટકર :માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું કે, આ મહિલા તાલીમાર્થીઓને સાઇકલ ભેટ આપવાની યોજના કયારે શરૂ કરવામાં આવી, આ યોજનાનો હેતુ શું છે તથા આ યોજના ચાલુ કરવામાં આવી છે તેનાથી સમગ્ર ગુજરાતમાં કેટલી તાલીમાર્થી મહિલાઓને ફાયદો થયો છે?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે શિક્ષણ વિભાગમાંથી સાઇકલો આપવામાં આવી તેના કારણે ડ્રોપ આઉટ રેશિયો સ્કૂલોમાં ઘટાડી શકયા છીએ. આઇ.ટી.આઇ.માં જે મહિલા તાલીમાર્થીઓ તાલીમ માટે આવતી હોય છે તેમાં ઘણીવાર એવું બનતું હોય છે કે કોઇપણ ટ્રેડમાં પ્રવેશ મેળવ્યા પછી તેમાં પણ ડ્રોપ આઉટ રેશિયો જોવા મળતો હતો. એટલે અમે એવું વિચાર્યુ કે મહિલાઓને પ્રોત્સાહિત કરવા માટે તથા મહિલાઓ સમયસર તાલીમ લેવા માટે આવે તે માટે ૨૦૧૪-૧૫માં આ યોજના દાખલ કરવામાં આવી. આના કારણે મહિલાઓને અવર જવરમાં સરળતા પ્રાપ્ત થાય છે. જેમ શિક્ષણમાં ડ્રોપ આઉટ રેશિયો ઘટાડી શક્યા તેવી જ રીતે આ મહિલા તાલીમાર્થીઓને સાઇકલ આપવાથી આઇ.ટી.આઇ.માં ડ્રોપ આઉટ રેશિયો ઘટાડી શકયા છીએ. તેમજ મહિલાઓ વધુ પ્રમાણમાં આઇ.ટી.આઇ.માં દાખલ થાય તેના માટે પ્રોત્સાહિત થઇ છે.

### રાજકોટ જિલ્લામાં ડીટેઇન વાહનો

* ૨૬૦૮૩ શ્રી પ્રવિણભાઇ માકડીયા (ધોરાજી) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૫-૧૬માં રાજકોટ જિલ્લામાં આર.ટી.ઓ એ તા.૩૧ જાન્યુઆરી-૨૦૧૬ અંતિત કુલ કેટલા વાહનો ડીટેઇન કરવામાં આવ્યા, અને | (૧) ૨૨૯૬૬ વાહનો ડીટેઇન કરવામાં આવ્યા. |
| (૨) તે અન્વયે દંડની કેટલી રકમ વસુલાવામાં આવી? | (૨) તે અન્વયે દંડ પેટે રૂ. ૧,૨૬,૩૪,૨૪૫/-ની વસુલાત કરવામાં આવી. |

શ્રી પ્રવીણભાઇ મો. માકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં ૨૦૧૫-૧૬ના વર્ષ દરમ્યાન જે વાહનો ડિટેઇન કરવામાં આવ્યા છે તે ક્યા પ્રકારના હતા, અને તેમાં દંડની રકમ કેટલી વસુલાત કરવામાં આવી છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, જયારે કોઇ વાહન ચાલક પોતે વ્હીકલ એકટનો ભંગ કરતા હોય છે ત્યારે એને ડિટેઇન કરવા માટેના કેટલાક અધિકારો પોલીસ ખાતાને અને કેટલાક આર.ટી.ઓ. ખાતાને મળેલા છે એના ભાગરૂપે અમારા આર.ટી.ઓ.ના અધિકારીઓ નિયમનો ભંગ કરે છે તે વાહનોને ડિટેઇન કરતા હોય છે. માનનીય સભ્યશ્રીએ જે પૂછ્યું છે કે, કેવા પ્રકારના વાહનો હતા, અને સંખ્યા અને એની રકમ કેટલી? એવો પ્રશ્ન પૂછ્યો છે ત્યારે ટુ વ્હીલર વ્હીકલો ડિટેઇન કરેલ છે તેની સંખ્યા ૧૧૪૮૬ અને એની સામે વસુલ કરેલ રકમ રૂપિયા ૩૪.૪૫ લાખ છે, ફોર વ્હીલર ૫૭૪૩ અને તેની સામે વસુલાત કરેલ રકમ રૂપિયા ૨૨.૯૭ લાખ, ટેકસી ૨૮૭૧ અને એની સામે વસુલ કરેલ રકમ રૂપિયા ૫૭.૪૨ લાખ, ઓટો રીક્ષા ૧૪૩૫ એની સામે વસુલ કરેલ રકમ છે એ ૨.૮૭ લાખ, લાઇટ અને મિડિયમ ગુડ્ઝ વ્હીકલ જે નાના વાહનો કહી શકાય જે માલ-સામાનની હેરાફેરી માટે વપરાય છે તેવા ૭૪૦ અને એની સામે વસુલ કરેલ રકમ ૩.૭૦ લાખ અને હેવી ગુડ્ઝ

વ્હીકલ અને બસ ૬૯૧, એની સામે વસુલ કરેલ રકમ રૂપિયા ૪.૯૨ લાખ એટલે ટોટલ ૨૨૯૬૬ જેટલા વ્હીકલ ડિટેઇન કરવામાં આવેલા છે અને એની સામે વસુલ કરેલ દંડની રકમ ૧.૨૬ કરોડ રૂપિયા જેવી થાય છે.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આર.ટી.ઓ. મારફત જે વાહનો ડિટેઇન કરવામાં આવે છે એ ડિટેઇન કરેલ વાહનોને મુક્ત કરવા માટે શું જોગવાઇ છે, અને એના માટે કોઇ અપિલ કરવાની હોય છે કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, એમાં સ્થળ ઉપર એમની પાસેથી દંડ વસુલ કરીને મુક્ત કરવાની જોગવાઇ કરવામાં આવી છે એટલે એને માંડવાળ ફી કાયદાની ભાષામાં કહેતા હોય છે. અપિલ થઇ શકતી નથી પરંતુ ડિટેઇન થયેલ વાહન જો મુકત ન કરવામાં આવે તો એવા હુકમ સામે એ એપેલેન્ટ ટ્રિબ્યુનલમાં કલમ ૯૦ હેઠળ રિવિઝન અરજી કરી શકતા હોય છે. પરંતુ મોટા ભાગે સ્થળ ઉપર જ દંડ લઇને વ્હીકલને જવા દેવામાં આવે છે.

શ્રી રાજેન્દ્ર સૂ. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, રાજકોટમાં માત્ર ૧૦ મહિનામાં ૨૨ હજાર ઉપરાંત વાહનો પકડીને આર.ટી.ઓ.એ ખૂબ સારી કામગીરી કરી છે અને ૧.૨૫ કરોડ ઉપરાંતની રકમ દંડ તરીકે મેળવી છે ત્યારે વાહન ડિટેઇન કરવાની જોગવાઇ શું છે, અને એ ડિટેઇન કરવાની સત્તા કોને છે, પોલીસને છે કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી તો એડવોકેટ છે એટલે એમણે કાયદાનો જ પ્રશ્ન પૂછ્યો છે. મોટર વાહન કાયદાની અંદર મોટર વ્હીકલ એકટ ૧૯૮૮ની કલમ ૨૦૭માં વાહન ડિટેઇન કરવાની જોગવાઇ કરવામાં આવી છે એમાં કેટલાક અધિકારો પોલીસને આપવામાં આવ્યા છે અને કેટલાક આર.ટી.ઓ.ને છે. કોઇ લાયન્સસ વગર વાહન ચલાવતો હોય, પૂરતી ઉંમર ન હોય અને વાહન ચલાવે, રજીસ્ટ્રેશન કર્યા સિવાય વાહન ચલાવતા હોય, ટ્રાન્સપોર્ટ વાહન ફીટનેશ ન હોય અને ચલાવતા હોય અથવા ટ્રાન્સપોર્ટ વાહનની પરમિટમાં દર્શાવલ એરિયા અને રૂટ સિવાયના એરિયામાં ચલાવતા હોય અને શરતનો ભંગ કર્યો હોય અથવા તો ટેકસ ચૂકવવાનો બાકી હોય જેવા કેસોમાં વાહન ડિટેઇન કરવામાં આવે છે. ડિટેઇન કરવાની સત્તા છે એ મોટર વાહન ખાતાના સહાયક મોટર વાહન નિરિક્ષક કે તેના ઉપરી અધિકારીને તેમજ પોલીસ ખાતાના પોલીસ સબ ઇન્સ્પેકટરથી ઉપરના અધિકારીને ડિટેઇન કરવાના અધિકારો આપવામાં આવેલા છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મને મારો જવાબ મળી ગયો છે.

જુનાગઢ જિલ્લામાં રીચાર્જીંગ કાર્યક્રમ

* ૨૬૦૭૭ શ્રી અરવિંદભાઇ લાડાણી (કેશોદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૧૫–૧૬ માં પાણી પુરવઠા બોર્ડ દ્વારા રીચાર્જીંગ કાર્યક્રમ હેઠળ કઇ કામગીરી કરવામાં આવેલ છે, | (૧) બોર બ્લાસ્ટીંગ ટેકનિક (બીબીટી) દ્વારા રીચાર્જીંગની કામગીરી કરવામાં આવેલ છે. |
| (૨) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ આ કામગીરી માટે સરકાર દ્વારા કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને | (૨) રૂા. ૩૨.૨૪ લાખ. |
| (૩) સદર કામગીરી કેટલા ગામોમાં કરવામાં આવેલ છે? | (૩) રીચાર્જીંગની કામગીરી ૧૩ ગામોમાં કરવામાં આવેલ છે. |

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, જુનાગઢ જિલ્લાના કયા કયા વિસ્તારની અંદર, ગામોની અંદર બ્લાસ્ટીંગની કામગીરી કરવામાં આવી છે ? અને આ બ્લાસ્ટીંગની કામગીરી કરવામાં આવી હોય તો મારા તાલુકાના કયા ગામોની અંદર બ્લાસ્ટીંગની કામગીરી કરવામાં આવી છે ?

શ્રી જયેશભાઇ વિ. રાદડિયા : માનનીય અધ્યક્ષશ્રી, જુનાગઢ જિલ્લાના ૧૩ ગામોની અંદર આ બોર બ્લાસ્ટીંગની કામગીરી કરવામાં આવી છે. જેમાં કેશોદ તાલુકાના અજાબ ગામમાં ૪ યુનિટ અને બોરની સંખ્યા ૨૪, કેશોદના ભાટસિમરોળી ગામમાં ૧૮ બોરની સંખ્યા કરવામાં આવી છે, કેશોદ તાલુકાના ઇસરા ગામમાં ૧૮ બોરની સંખ્યા કરવામાં આવી છે, કેશોદ તાલુકાના મઘરવાડા ગામની અંદર ૩૦ બોરની સંખ્યા કરવામાં આવી છે, કેશોદ તાલુકાના ટીટોડી ગામમાં ૧૮ની સંખ્યા છે,

માળિયા તાલુકાના આંબલગઢ ગામમાં ૧૮ની સંખ્યા છે, માળિયા તાલુકાના કાલીંભડા ગામમાં ૩૦ બોરની સંખ્યા છે, માળિયા તાલુકાના વીરડી ગામમાં ૩૦ બોરની સંખ્યા છે, વિસાવદર તાલુકાના નાના કોટડા ગામમાં ૧૮, વિસાવદર તાલુકો દુધાળા ગામ ૩૦, વિસાવદર તાલુકાના શાપુર ગામમાં ૧૮, વિસાવદર તાલુકો સુડાવડ ગામ ૧૮ અને વિસાવદર તાલુકાના વીછાવડ ગામમાં ૩૦ બોરની આમ જુનાગઢ જિલ્લાના ૧૩ ગ્રામ્ય વિસ્તારમાં ૫૦ યુનિટમાં ૩૦૦ બોર કરી અને અંદાજે ૩૨.૨૪ લાખના ખર્ચે આ બ્લાસ્ટીંગ કરવામાં આવ્યું છે.

ડો. ઠાકરશીભાઇ દે. માણીયા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટી સરકારનો જે પાણી પુરવઠા વિભાગ છે તે ઐતિહાસિક અને વર્લ્ડ રેકોર્ડ કામગીરી કરી રહ્યો છે ત્યારે વિભાગના બન્ને મંત્રીશ્રીઓને અને મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપુ છું અને આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, વરસાદી પાણીના રીચાર્જ માટે પાણી પુરવઠા વિભાગ કઇ કઇ કામગીરી કરે છે ? અને જુનાગઢ જિલ્લામાં વરસાદી પાણીના રીચાર્જ માટે વર્ષ ૨૦૧૬-૧૭માં શું આયોજન કરેલ છે ?

શ્રી જયેશભાઇ વિ. રાદડિયા : માનનીય અધ્યક્ષશ્રી, વરસાદી પાણીના રીચાર્જ માટે બોર બ્લાસ્ટીંગ કરી અને ૨૫ થી ૩૦ મીટરના બોર કરવામાં આવે છે એમાં પાણી પુરવઠા વિભાગ દ્વારા વરસાદી પાણીના રીચાર્જ માટે ચેકડેમ, નાળા પ્લમીંગ, ꠸ત્ર꠸ઈ꠸꠸, વુમફ્રિ ાહફ્ક્ષ્ફ્ર્િ હેન્ડ પંપ રીચાર્જ જેવી કામગીરી કરવામાં આવે છે. અને જુનાગઢ જિલ્લાનો જયાં સુધી પ્રશ્ન છે ત્યાં સુધી પાણીના રીચાર્જ માટે ૧૩ ગામની અંદર ૩૨ લાખના ખર્ચે કામગીરી કરી અને આવનારા ૨૦૧૬-૧૭ના વર્ષમાં ૪ ગામમાં ૧૨૦ બોર બ્લાસ્ટીંગ કરી અને આવનારા દિવસોમાં તેનું આયોજન છે તેમાં વિસાવદર, કેશોદ અને માળિયા હાટીનાના ગામડાંઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ બોર બ્લાસ્ટીંગ કરવાથી ત્યાંના વિસ્તારમાં શું ફાયદો થાય છે ? અને આ બોરનું બ્લાસ્ટીંગ કરવાથી ત્યાં કેટલો ખર્ચ થશે ?

શ્રી જયેશભાઇ વિ. રાદડિયા : માનનીય અધ્યક્ષશ્રી, બોર બ્લાસ્ટીંગથી જયાં વરસાદનું પાણી એકઠું થતું હોય તેવા ગામના નીચાણવાળા ભાગમાં આપણે આ બોર બ્લાસ્ટીંગ કરીએ છીએ જેમાં તળાવમાં બોર બ્લાસ્ટીંગ કરી અને જમીનમાં નીચા રહેલા પત્થરોમાં પહેલાં તિરાડો પાડવામાં આવે છે. જેમાં વરસાદનું પાણી સંગ્રહ થઇ શકે અને નજીકમાં પીવાના પાણીનો સ્ત્રોત હોય તેને આપણે રીચાર્જ કરી શકીએ છીએ અને આ માટે ૧ યુનિટ દીઠ ૬૦ હજાર રૂપિયાનો ખર્ચ થાય છે.

પંચમહાલ જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૨૬૧૫૩ શ્રીમતી નિમિષાબેન સુથાર (મોરવાહડફ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લા રોજગાર કચેરીમાં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને | (૧) ૧૨૩૫૧. |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી ? | (૨) ૧૫૦૧૩. |

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા પ્રથમ તો માનનીય મુખ્યમંત્રીશ્રીને મોરવાહડફ ખાતે ૧૩૬ કરોડની હોરડા પાણી પુરવઠા જૂથ યોજનાનું ઉદઘાટન કરવા આવવાના છે ત્યારે પાણી પુરવઠા વિભાગનો ખૂબ ખૂબ આભાર માનુ છું. મારો પ્રશ્ન છે કે, પંચમહાલ જિલ્લામાં નોંધાયેલા બેરોજગારને રોજગારી કઇ કઇ રીતે પૂરી પાડવામાં આવે છે ?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, સરકારે છેલ્લાં વર્ષ ૨૦૧૫માં..

ઉપાધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લાની કચેરીઓમાં ખાલી જગ્યાઓ

* ૨૬૭૨૭ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં જિલ્લાવાર વાહન વ્યવહાર વિભાગ હસ્તકની કચેરીઓમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કેટલું છે, | (૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ વાહન વ્યવહાર વિભાગ હસ્તકની ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લાની કચેરીઓમાં સંવર્ગવાર મંજુર થયેલ, ભરાયેલ અને ખાલી જગ્યાની મહેકમની વિગતો નીચે મુજબ છે. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, | |

| ક્રમ | સંવર્ગનું | એઆરટીઓ વેરાવળ | આરટીઓ જુનાગઢ |
|---|---|---|---|

| | નામ | (ગીર સોમનાથ) | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | મંજુર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | મંજુર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | – | – | – | ૦૧ | – | ૦૧ |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ | – | ૦૧ | ૦૧ | ૦૧ | – |
| ૩ | મોટર વાહન નિરિક્ષક | ૦૧ | ૦૧ | – | ૦૫ | ૦૨ | ૦૩ |
| ૪ | સહાયક મોટર વાહન નિરિક્ષક | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૭ | ૦૪ | ૦૩ |
| ૫ | જનસંપર્ક અધિકારી | – | – | – | ૦૧ | ૦૧ | – |
| ૬ | હેડ કલાર્ક | ૦૧ | ૦૧ | – | ૦૨ | ૦૨ | – |
| ૭ | સીનીયર કલાર્ક | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૫ | ૦૩ | ૦૨ |
| ૮ | જુનીયર કલાર્ક | ૦૩ | ૦૩ | – | ૧૪ | ૧૦ | ૦૪ |
| ૯ | હિસાબનીશ | ૦૧ | – | ૦૧ | ૦૧ | ૦૧ | – |
| ૧૦ | સબ ઓડીટર | – | – | – | ૦૧ | – | ૦૧ |
| ૧૧ | આંકડા મદદનીશ | – | – | – | ૦૧ | ૦૧ | – |
| ૧૨ | સર્કલ ઓફિસર | – | – | – | ૦૧ | – | ૦૧ |
| ૧૩ | ડ્રાઈવર | – | – | – | ૦૧ | – | ૦૧ |
| ૧૪ | નાયક | – | – | – | ૦૧ | ૦૧ | – |
| ૧૫ | પટાવાળા | – | – | – | ૦૩ | ૦૧ | ૦૨ |
| | કુલઃ– | ૧૧ | ૦૭ | ૦૪ | ૪૫ | ૨૭ | ૧૮ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી ગીર સોમનાથમાં ૦૩ અને જુનાગઢમાં ૦૯ જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે.

(૪) આ ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

(૪) જે જગ્યાઓનો સમાવેશ ૧૦ વર્ષના ભરતી કેલેન્ડરમાં થાય છે તે જગ્યાઓ ભરતી કેલેન્ડર મુજબ અને તે સિવાયની જગ્યાઓ વહીવટી અનુકુળતા મુજબ ભરવામાં આવશે.

---------

## તા. ૩૧મી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નો

### ધરમપુર શહેરમાં દેવાલયોનો વિકાસ

* ૨૬૩૯૦ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૧૬ની સ્થિતિએ ધરમપુર શહેરમાં જુના મોહનગઢ અને હનુમાનજી અને રાધાકૃષ્ણ અને લક્ષ્મીનારાયણ દેવાલયો વર્ષો જુના છે તેને વિકસાવવા સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી દરખાસ્તો મળી, અને<br>(૨) તે અન્વયે સરકારે શાં પગલા લીધા? | (૧) અને (૨)<br>ધરમપુર શહેરમાં જુના મોહનગઢ ઉપર આવેલ શિવ મંદિર અને હનુમાનજી મંદિર એ ખાનગી મંદિર છે, લક્ષ્મીનારાયણ મંદિર સરકાર હસ્તકનું મંદિર છે. આ મંદિરો અંગેની કોઈ દરખાસ્ત મળેલ નથી.<br>જ્યારે રાધાકૃષ્ણ મંદિર એ પુરાતત્વ ખાતા હસ્તક છે. અને તે માટે કાર્યપાલક ઈજનેરશ્રી, (માર્ગ અને મકાન વિભાગ) વલસાડ દ્વારા તા.૩૦–૦૧–૨૦૧૫ થી નિયામકશ્રી, પુરાતત્વ અને સંગ્રહાલય, ગાંધીનગરને મંદિરના જીર્ણોધ્ધાર માટે અંદાજીત રૂપિયા ૬૫.૦૦ લાખની દરખાસ્ત કરવામાં આવેલ છે. |

---------

### બનાસકાંઠા જિલ્લામાં વિદ્યાર્થીઓને ટેબલેટ

* ૨૬૦૪૨ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિજ્ઞાન પ્રવાહના ધો.–૧૨ના વિદ્યાર્થીઓ માટેની ટેબલેટ આપવાની યોજના મુજબ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પણ આ યોજના લાગુ પડે છે કે કેમ, | (૧) હા જી. |
| (૨) જો હા તો, તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ આપવામાં આવેલ છે, અને | (૨) ૪૧. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલા વિદ્યાર્થીઓને ટેબલેટ આપવાના બાકી છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### વૃધ્ધ પેન્શનની રકમમાં વધારો

* ૨૬૬૪૬ શ્રી પુનમભાઈ પરમાર (સોજીત્રા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વૃધ્ધ પેન્શન યોજના હેઠળ સરકાર લાભાર્થીઓને માસિક કેટલી રકમ ચુકવે છે, અને | (૧)<br>– નિરાધાર વૃધ્ધ પેન્શન યોજનામાં રૂા. ૪૦૦<br>– ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજનામાં<br>– ૬૦ થી ૭૯ વર્ષનાને રૂા. ૪૦૦<br>– ૮૦ વર્ષથી વધુ વર્ષનાને રૂા. ૭૦૦ |
| (૨) સરકારે મોંઘવારી ભથ્થાના વધારા સાથે વૃદ્ધ પેન્શનને જોડવા માટેનું કોઈ આયોજન વિચારેલ છે કે કેમ? | (૨) ના, જી. |

---------

### છોટાઉદેપુર જિલ્લામાં મિની પાણી પુરવઠા યોજનાઓ

* ૨૬૬૭૩ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

## અતારાંકિત પ્રશ્નો

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલી મીની પાણી પુરવઠા યોજનાઓ બનાવવામાં આવેલ છે, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલી યોજનાઓ કયારથી ચાલુ છે?

જવાબ

(૧) નીચે મુજબ

| તાલુકો | મીની યોજના બનાવવામાં આવી |
|---|---|
| સંખેડા | ૧૩ |
| બોડેલી | ૧૨૨ |
| જેતપુરપાવી | ૩૯૯ |
| છોટાઉદેપુર | ૬૬૮ |
| કવાંટ | ૬૬૨ |
| નસવાડી | ૨૩૨ |
| કુલઃ- | ૨૦૯૬ |

(૨) તમામ ૨૦૯૬ મીની યોજનાઓ જે તે વર્ષે ચાલુ કરી ગ્રામ પંચાયતને સોંપેલ છે.

---------

### પાટણ જિલ્લામાં બલ્કપાઈપલાઈન નેટવર્ક

* ૨૬૦૩૮ શ્રી બલવંતસિંહ રાજપુત (સિધ્ધપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ પીવાના પાણીની સમસ્યા દૂર કરવા માટે છેલ્લાં બે વર્ષમાં પાટણ જિલ્લામાં કેટલાં કિલોમીટર બલ્કપાઈપલાઈન નેટવર્ક તૈયાર કરવામાં આવ્યું, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર આ અંગે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

જવાબ

(૧) પાટણ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં બલ્કપાઈપલાઈન નેટવર્ક તૈયાર કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિતિ થતો નથી.

---------

### અરવલ્લી જિલ્લામાં સેસ પેટે જમા રકમ

* ૨૬૩૩૬ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ સરકારી બાંધકામના બીલમાંથી શ્રમિકો-મજુરોના કલ્યાણ માટે અમુક ચોક્કસ સેસ પેટેની રકમ સરકારમાં જમા લેવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તે અન્વયે ઉક્ત સ્થિતિએ કુલ કેટલી રકમ સરકારમાં જમા છે, અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી જિલ્લામાં શ્રમિકો-મજુરોના કલ્યાણ માટેની મુખ્યત્વે કઇ પ્રવૃત્તિઓમાં કેટલી રકમ વાપરવામાં આવી?

જવાબ

(૧) હા.

(૨) રૂા. ૧૨૩૬.૫૮ કરોડ.

(૩) સને ૨૦૧૪ માં શૂન્ય અને સને ૨૦૧૫માં ૧૭ લાભાર્થીઓને રૂ. ૨,૩૦,૫૪૫/- શિક્ષણ સહાય પેટે ચુકવવામાં આવ્યા.

---------

### વિભાગ હસ્તકના નિગમોને ગેરંટી

* ૨૬૬૨૪ શ્રી જોઇતાભાઇ પટેલ (ધાનેરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) કેન્દ્ર સરકાર/કેન્દ્ર સરકારના સાહકો દ્વારા રાજ્યના ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમને સહાય ચુકવવા રાજ્ય સરકારે ગેરંટી આપવાની હોય છે તે વાત ખરી છે, અને

જવાબ

(૧) હા. જી.

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અપાયેલ ગેરંટીની વિગતો શી છે? | (૨) રૂ. ૫.૦૦ કરોડની ગેરેંટી આપવામાં આવી છે. |

---------

દાંતીવાડા જુથ યોજના હેઠળના ગામોને અપુરતા દબાણથી પાણી

* ૨૬૭૦૭ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાની દાંતીવાડા જુથ પાણી પુરવઠા યોજનામાં જોડાયેલ ગામોને પુરતા દબાણથી પાણી મળતુ ન હોવાથી પાણીનો અપુરતો પુરવઠો મળે છે તે હકીકત સાચી છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ ફરિયાદના નિવારણ માટે સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શા પગલાં લીધા છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

સોમનાથ ખાતે યાત્રાળુઓની સવલતના કાર્યો

* ૨૬૧૩૪ શ્રી હિરાભાઇ સોલંકી (રાજુલા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સોમનાથ ખાતે યાત્રાળુઓની સવલતના કયા કામો હાથ ધરેલ છે, અને

જવાબ

(૧) અને (૨) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સોમનાથ ખાતે યાત્રાળુઓની સવલતના નીચે દર્શાવ્યા મુજબના કામો હાથ ધરેલ છે.

સોમનાથઃ

- લાઇટ એન્ડ સાઉન્ડ શો ની કામગીરી

ભાલકા તીર્થઃ

- ભોજનાલય (મલ્ટીપરપઝ હોલ), પાર્કીંગ, ટોઇલેટ, દુકાનો (નંગ-૬), લેન્ડ સ્કેપીંગ, સિટિંગ બેંચીસ, પીવાના પાણીની સુવિધા, પાથવે, મુખ્ય પ્રવેશદ્વાર, વીજળીકરણ જેવી કામગીરી હાથ ધરેલ છે. આ પૈકી ભોજનાલય (મલ્ટી પરપઝ હોલ), પાર્કીંગ, ટોઇલેટ, દુકાનો (નંગ-૬), લેન્ડ સ્કેપીંગની કામગીરી પૂર્ણ કરી લોકાર્પણ કરવામાં આવેલ છે.

સોમનાથ કેવ (ગુફા) મ્યુઝીયમઃ

- પીવાના પાણીની સુવિધા, સિટીંગ બેંચીસ, ટોઇલેટ, પાર્કીંગ, કાફેટરીયા, ઇન્ટર પ્રિટેશન સેન્ટર જેવી કામગીરી

વધુમાં શ્રી સોમનાથ ટ્રસ્ટ ના સહયોગથી નીચે મુજબની વિશેષ સુવિધા યાત્રાળુઓ માટે ઉપલબ્ધ કરવામાં આવી છે.

- ભીડના દિવસોમાં દરેક લોકો ભગવાનની આરતીના દર્શન કરી શકે તે માટે શ્રી સોમનાથ મંદિર તેમજ ચોપાટી ખાતે બે મોટી એલઇડી વોલ ની સુવિધા
- શ્રી સોમનાથ મંદિરમાં સભા મંડપમાં એરકુલિંગ સિસ્ટમ ની સુવિધા
- વૃધ્ધ, વિકલાંગ, તેમજ બાળકો માટે શ્રી સોમનાથ મંદિરમાં ગોલ્ફ કાર્ટ તેમજ મદદનીશ સાથેની વ્હીલચેરની વિના મુલ્યે સુવિધા

- સવારે તેમજ બપોરે વેરાવળ રેલ્વે સ્ટેશનથી સોમનાથ મંદિર કે ગેસ્ટ હાઉસ પર આવવા માટે યાત્રાળુઓ માટે ખાસ બસની વિના મુલ્યે સુવિધા.
- યાત્રાળુઓને રહેવા માટે માત્ર રૂપિયા ૧૫/–ના દરે સુલભ રહેઠાણ તેમજ જમવા માટે માત્ર રૂપિયા ૧૫/–ના દરે ભોજન માટેની સુવિધા.
- ટ્રસ્ટનાં ગેસ્ટ હાઉસમાં રોકાયેલ દર્શનાર્થીઓ માટે વિના મુલ્યે મંદિર દર્શન લાવવા–લઇ જવાની દર્શન વ્યવસ્થા
- ઓનલાઇન બુકિંગ વ્યવસ્થા
- પરિસરમાં વયોવૃધ્ધ, વિકલાંગ, તેમજ બાળકો માટે શૌચાલયની ખાસ વ્યવસ્થા
- શુધ્ધ તેમજ ઠંડુ પીવાનું પાણી મળી શકે તે માટેની વ્યવસ્થા
- યાત્રીઓ માટે ઓછા દરે ફિઝિયોથેરાપીની સારવાર મળી શકે તે માટે ફિઝિયોથેરાપી સેન્ટરની સુવિધા
- યાત્રીઓ યાદગીરી સ્વરૂપે ખરીદી કરી શકે તે માટે સ્વસ્તિક શોપિંગ સેન્ટર સેન્ટરની સુવિધા
- તહેવારોના દિવસોમાં ધાર્મિક તહેવારને અનુરૂપ યાત્રીઓ માટે લોકડાયરો, ભજન સંધ્યા, કથા જેવા આયોજનો
- લોકોને ટ્રાફિક અડચણરૂપ ન થાય અને પોતાના વાહનો સરળતાથી પાર્કિંગ સુધી પહોંચાડી સમયસર મંદિરે પહોંચી શકે તે માટે વધારાના નવા રોડની સુવિધા.

(૨) ઉક્ત સ્થિતિએ આ કામો હેઠળ કઇ કામગીરી કરવામાં આવેલી છે?

---------

રાજકોટ જિલ્લામાં સમાજ કલ્યાણ નિરીક્ષકની ખાલી જગ્યાઓ

* ૨૫૯૯૦ શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં મંજૂર મહેકમ પૈકી સમાજ કલ્યાણ નિરીક્ષકની કેટલી જગ્યાઓ ભરેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) સરકાર ઉક્ત્ત ખાલી જગ્યાઓ ક્યારે ભરવા માંગે છે ?

જવાબ

(૧)

| મંજૂર | ભરેલ | ખાલી |
|---|---|---|
* ૨૬૦૭૫ શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

રાજ્યમાં વર્ષ ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૦૧–૨૦૧૬ અંતિત ડ્રાઈવીંગ લાયસન્સ પ્રણાલીમાં (સારથી સોફ્ટવેરમાં) કઈ આરટીઓ/એઆરટીઓ કચેરીમાં સીંગલ વિન્ડો સીસ્ટમ કાર્યરત છે?

જવાબ

નીચેની ૩૫ આરટીઓ/એઆરટીઓ કચેરીમાં સીંગલ વિન્ડો સીસ્ટમ કાર્યરત છે.

| ક્રમ | આરટીઓ/એઆરટીઓ કચેરીનું નામ | ક્રમ | આરટીઓ/એઆરટીઓ કચેરીનું નામ |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૯ | બારડોલી |
| ૨ | મહેસાણા | ૨૦ | દાહોદ |
| ૩ | રાજકોટ | ૨૧ | નવસારી |
| ૪ | ભાવનગર | ૨૨ | રાજપીપલા |
| ૫ | સુરત | ૨૩ | આણંદ |
| ૬ | વડોદરા | ૨૪ | પાટણ |
| ૭ | નડીયાદ | ૨૫ | પોરબંદર |
| ૮ | પાલનપુર | ૨૬ | વ્યારા |
| ૯ | હિંમતનગર | ૨૭ | અમદાવાદ પૂર્વ |
| ૧૦ | જામનગર | ૨૮ | આહવા–ડાંગ |
| ૧૧ | જુનાગઢ | ૨૯ | મોડાસા (અરવલ્લી) |
| ૧૨ | ભુજ | ૩૦ | વેરાવળ (ગીર સોમનાથ) |
| ૧૩ | સુરેન્દ્રનગર | ૩૧ | બોટાદ |
| ૧૪ | અમરેલી | ૩૨ | છોટાઉદેપુર |
| ૧૫ | વલસાડ | ૩૩ | લુણાવાડા (મહીસાગર) |
| ૧૬ | ભરૂચ | ૩૪ | ખંભાળીયા |
| ૧૭ | ગોધરા | ૩૫ | મોરબી |
| ૧૮ | ગાંધીનગર | | |

### બોટાદ જિલ્લામાં એઆરટીઓ કચેરી

* ૨૬૦૭૬ ડૉ. ટી. ડી. માણીયા (બોટાદ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| બોટાદ જિલ્લામાં એઆરટીઓ કચેરી શરૂ કરવા માટે વર્ષ ૨૦૧૫–૧૬ માં તા.૩૧ જાન્યુઆરી–૨૦૧૬ અંતિત રાજ્ય સરકારે શું પગલાં લીધા છે? | તા.૧–૦૫–૨૦૧૫ ના રોજથી કચેરી કાર્યરત કરવામાં આવેલ છે. |

### અમરેલી જિલ્લામાં આદર્શ નિવાસી શાળાઓ

* ૨૬૦૬૫ શ્રી બાવકુભાઈ ઉંધાડ (લાઠી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

## તા. ૩૧મી માર્ચ, ૨૦૧૬
## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ અનુસૂચિત જાતિના કુમારની કેટલી આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે, અને | (૧) ૧. |
| (૨) ઉક્ત શાળામાં મુખ્યત્વે શી સગવડતા આપવામાં આવે છે? | (૨) તેમાં વિદ્યાર્થીઓને અભ્યાસ, રહેવા-જમવાની, બે જોડી ગણવેશ, બૂટ-મોજા, પુસ્તકો અને સ્ટેશનરીની સગવડ વિના મૂલ્યે આપવામાં આવે છે. |

### ગાંધીનગર જિલ્લામાં ગણવેશ સહાય

* ૨૬૦૮૭ શ્રી અશોકકુમાર પટેલ (ગાંધીનગર ઉત્તર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬માં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ વિકસતી જાતિના વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા કુલ કેટલી અરજીઓ મળી, અને | (૧) ૧,૨૩,૧૦૮ અરજીઓ. |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૨) ૧,૨૩,૧૦૮ વિદ્યાર્થીઓને કુલ રૂ. ૩,૬૯,૩૨,૪૦૦/- ની સહાય ચૂકવવામાં આવી. |

### રાજ્યની આર.ટી.ઓ. માં સીંગલ વિન્ડો સીસ્ટમ

* ૨૬૦૪૬ શ્રી કિશોરભાઈ કાનાણી (વરાછારોડ) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં વર્ષ ૨૦૧૫-૧૬માં તા. ૩૧ જાન્યુઆરી-૨૦૧૬ અંતિત આર.સી. પ્રણાલીમાં (વાહન સોફ્ટવેરમાં) કઈ આરટીઓ/એઆરટીઓ કચેરીમાં સીંગલ વિન્ડો સીસ્ટમ કાર્યરત છે?

**જવાબ**

નીચેની ૩૫ આરટીઓ/એઆરટીઓ કચેરીમાં સીંગલ વિન્ડો સીસ્ટમ કાર્યરત છે.

| ક્રમ | આરટીઓ/એઆરટીઓ કચેરીનું નામ | ક્રમ | આરટીઓ/એઆરટીઓ કચેરીનું નામ |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૯ | બારડોલી |
| ૨ | મહેસાણા | ૨૦ | દાહોદ |
| ૩ | રાજકોટ | ૨૧ | નવસારી |
| ૪ | ભાવનગર | ૨૨ | રાજપીપલા |
| ૫ | સુરત | ૨૩ | આણંદ |
| ૬ | વડોદરા | ૨૪ | પાટણ |
| ૭ | નડીયાદ | ૨૫ | પોરબંદર |
| ૮ | પાલનપુર | ૨૬ | વ્યારા |
| ૯ | હિંમતનગર | ૨૭ | અમદાવાદ પૂર્વ |
| ૧૦ | જામનગર | ૨૮ | આહવા-ડાંગ |
| ૧૧ | જુનાગઢ | ૨૯ | મોડાસા (અરવલ્લી) |
| ૧૨ | ભુજ | ૩૦ | વેરાવળ (ગીર સોમનાથ) |
| ૧૩ | સુરેન્દ્રનગર | ૩૧ | બોટાદ |
| ૧૪ | અમરેલી | ૩૨ | છોટાઉદેપુર |
| ૧૫ | વલસાડ | ૩૩ | લુણાવાડા (મહીસાગર) |
| ૧૬ | ભરૂચ | ૩૪ | ખંભાળીયા |
| ૧૭ | ગોધરા | ૩૫ | મોરબી |
| ૧૮ | ગાંધીનગર | | |

### શ્રમિકોના વેલ્ફેર માટે સેસની જમા રકમ

* ૨૬૦૩૩ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ વેલ્ફેર સેસ એક્ટ ૧૯૯૬ હેઠળ ઘડાયેલા કેન્દ્રીય નિયમોના નિયમ નં. ૫(૩) અનુસાર એકત્રિત થયેલ સેસની રકમ ૩૦ દિવસની અંદર બોર્ડના અલાયદા બેંક ખાતામાં જમા કરાવવાની થાય છે તે હકીકત તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે કેટલી રકમ રાજ્યની તિજોરીમાં જમા કરાવી અને બોર્ડને ગ્રાન્ટ તરીકે ફાળવવાની થતી રકમ પૈકી કેટલી રકમ ફાળવી, અને | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂા. ૪૬૦.૩૨ કરોડ જમા કરાવી અને ૩૦૪.૦૦ કરોડ રૂપિયા બોર્ડને ગ્રાન્ટ તરીકે ફાળવ્યા. |
| (૩) જો રાજ્ય સરકાર આ રકમ રાજ્યની તિજોરીમાં જમા ન કરાવતી હોય અને બોર્ડને ફાળવણી કરવામાં ન આવતી હોય તો તેના કારણો શા છે? | (૩) આ સેસની રકમ રાજ્યની તિજોરીમાં જમા થાય છે અને તેમાંથી અંદાજપત્રિય જોગવાઈ કરી બોર્ડને ફાળવવામાં આવે છે, આથી કારણો આપવાના થતાં નથી. |

### જામનગર જિલ્લામાં વૃધ્ધોને સહાય

* ૨૬૦૮૦ શ્રી ચીમનભાઈ શાપરીયા (જામજોધપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં રાજ્ય સરકારની નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે, અને

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી અને કેટલી અરજીઓ નામંજુર કરી?

**જવાબ**

(૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ તાલુકાવાર મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | જામનગર શહેર | ૪૧૧ | ૧૫૨ | ૧૯૮ |
| ૨ | જામનગર ગ્રામ્ય | ૬૯ | ૫૨ | ૧૭ |
| ૩ | ધ્રોલ | ૧૨ | ૦૩ | ૦૯ |
| ૪ | જોડીયા | ૧૯ | ૧૨ | ૦૬ |
| ૫ | કાલાવડ | ૨૨ | ૧૦ | ૧૦ |
| ૬ | લાલપુર | ૬૨ | ૨૯ | ૧૭ |
| ૭ | જામજોધપુર | ૭૭ | ૪૯ | ૨૧ |
| | કુલ | ૬૭૨ | ૩૦૭ | ૨૭૮ |

### એસ.ટી. નિગમને નવી બસો ખરીદવા ગ્રાન્ટ

* ૨૬૧૦૨ શ્રીમતી સંગીતાબેન પાટીલ (લીંબાયત) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) એસ.ટી. નિગમને તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા નવી બસો ખરીદવા ગ્રાન્ટની જોગવાઈ કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી રકમની જોગવાઈ અન્વયે નિગમને કેટલી રકમની ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવી હતી?

**જવાબ**

(૧) એસ.ટી. નિગમને છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા નવી બસો ખરીદવા માટે મૂડી ફાળા પેટે (ઈકવીટી) ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે.

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા એસ.ટી. નિગમને નવી બસો ખરીદવા માટે રાજ્ય સરકાર દ્વારા મૂડી ફાળા પેટે (ઈકવીટી) ગ્રાન્ટની નીચે મુજબ ફાળવણી કરવામાં આવેલ છે.

| ક્રમ | વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ (રૂ. કરોડમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૩-૧૪ | રૂ. ૨૯૦.૦૦ |

| | | |
|---|---|---|
| ૨ | ૨૦૧૪-૧૫ | રૂ. ૯૦.૦૦ |

જામનગર જિલ્લામાં આઈ.ટી.આઈ. ટ્રેડમાં તાલીમ

* ૨૬૭૪૮ શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં તાલુકાવાર ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કેટલા ટ્રેડની તાલીમ આપવામાં આવી રહી છે, અને | (૧) જામનગર જિલ્લામાં તાલુકાવાર ચાલતા ટ્રેડની સંખ્યા નીચે દર્શાવ્યા મુજબ છે. |

| ક્રમ | તાલુકો | સંસ્થાનું નામ | ટ્રેડની સંખ્યા |
|---|---|---|---|
| (૧) | કાલાવાડ | કાલાવાડ | ૦૬ |
| (૨) | જામ-જોધપુર | જામ-જોધપુર | ૦૯ |
| (૩) | જામનગર | જામનગર | ૩૭ |
| | | જામનગર સીટી (મહિલા) | ૦૭ |
| | | જામનગર-ગુલાબનગર | ૦૪ |
| (૪) | જોડિયા | જોડિયા | ૦૮ |
| (૫) | ધ્રોલ | ધ્રોલ | ૦૮ |
| (૬) | લાલપુર | લાલપુર | ૦૪ |

| | |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ કયા ટ્રેડની તાલીમ આપવાના નવા કોર્સ શરૂ કરવાથી ઉક્ત જિલ્લાના ઉદ્યોગોને તાલીમી કુશળ માનવબળ પૂરૂ પાડી શકાય તેમ છે? | (૨) જે તે જિલ્લાની આઈ.ટી.આઈ. માં સ્થાનિક ઉદ્યોગોની કુશળ માનવબળની માંગ, રોજગારી/સ્વરોજગારી આપવા માટેની સક્ષમતા, તાલીમાર્થીઓમાં જે તે ટ્રેડની લોકપ્રિયતા વગેરે બાબતોને ધ્યાને લઈ ટ્રેડ શરૂ કરવામાં આવેલ છે. |

ઉત્કંઠેશ્વર મહાદેવ ખાતે વિકાસ કામો

* ૨૬૧૪૮ શ્રી ભુષણ ભટ્ટ (જમાલપુર ખાડિયા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં આવેલ ઉત્કંઠેશ્વર મહાદેવ ખાતે યાત્રાળુલક્ષી વિકાસના કયા કામો હાથ ધરેલ છે, અને<br>(૨) ઉક્ત સ્થિતિએ આ કામગીરી કયા તબક્કે છે? | (૧) અને (૨) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ખેડા જિલ્લામાં આવેલ ઉત્કંઠેશ્વર મહાદેવ ખાતે યાત્રાળુલક્ષી વિકાસના નીચે મુજબના કામો કરવામાં આવેલ છે. |

- મંદિર પરિસરનો વિકાસ
- મંદિરના કલેડીંગ કામો
- ગઝેબો (નંગ-૨)
- ટોઈલેટ બ્લોક
- પાર્કીંગ
- કમ્પાઉન્ડ વોલ
- સિટિંગ બેંચીસ
- પીવાના પાણીની સુવિધા
- પાર્કીંગથી મંદિર જવાનો રસ્તો

આ તમામ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

વલસાડ જિલ્લામાં પાલક માતા-પિતા યોજના

* ૨૬૧૧૭ શ્રી રમણલાલ પાટકર (ઉંમરગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|

## અતારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| (૧) વલસાડ જિલ્લા ખાતે પાલક માતા પિતા યોજના હેઠળ તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળી, | (૧) મળેલ અરજી – ૪૩. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) મંજૂર અરજી – ૪૨. |
| (૩) કેટલી સહાય ચુકવવામાં આવી? | (૩) રૂ. ૨,૧૦,૦૦૦/-. |

### પ્રાંતિજ શહેરમાં ભૂગર્ભગટર લાઇનના કામો

* ૨૬૭૧૩ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ શહેરમાં મંજૂર થયેલ ભૂગર્ભ ગટર લાઇનના પ્લાન, નકશા, અંદાજો છેલ્લે ક્યારે મંજૂર કરવામાં આવેલ છે, | (૧) અને (૨) પ્રાંતિજ શહેરની ભૂગર્ભ ગટર યોજનાના પ્લાન, નકશા અને અંદાજોને ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ મીશન, ગાંધીનગર દ્વારા તા. ૨૮-૭-૨૦૧૪ના પત્રથી વહીવટી મંજૂરી મળેલ છે. જે મુજબ કામગીરી પ્રગતિમાં છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ જે કામગીરી પ્રગતિમાં છે તે ક્યારે મંજુર થયેલ પ્લાન, નકશા અંદાજોના આધારે છે, અને | |
| (૩) ઉક્ત કામ શરૂ થતાં અગાઉ કઈ તારીખે વર્કીંગ સર્વે કરવામાં આવેલ ? | (૩) માર્ચ-૨૦૧૫માં વર્કીંગ સર્વે કરવામાં આવેલ. |

### દાહોદ જિલ્લામાં કામદારોમાં વ્યવસાયજન્ય રોગોનું નિદાન

* ૨૫૯૯૪ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ અસંગઠિત ક્ષેત્રના કામદારોનું વ્યવસાય જન્ય રોગોનું નિદાન કરવાનું હોય છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તે અન્વયે દાહોદ જિલ્લામાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કામદારોનું નિદાન કરવામાં આવ્યું, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તે અન્વયે ઉક્ત વર્ષવાર કેટલા કામદારો કયા રોગનો ભોગ બન્યાનું નિદાન થયુ અને ઉક્ત કામદારો કયા કામ/વ્યવસાય સાથે સંકળાયેલા હતા ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### દાહોદ જિલ્લામાં કિટસની વહેંચણી

* ૨૬૧૧૬ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ માનવ ગરિમા યોજના હેઠળ દાહોદ જિલ્લામાં વિકસતિ જાતિની કેટલી અરજીઓ મળી, | (૧) ૩૨૮ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરી, અને | (૨) ૩૨૮ |
| (૩) કેટલી કિટસ વિતરણ કરવામાં આવી? | (૩) ૩૨૮ |

### બોટાદ જિલ્લામાં કન્યા છાત્રાલયો

* ૨૬૭૨૮ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વિદ્યાર્થીનીઓ માટે કેટલી કન્યા છાત્રાલય આવેલી છે, | (૧) એકપણ નહીં. |

(૨) કયા સ્થળોએ ઉક્ત છાત્રાલય આવેલ છે અને તેમાં કેટલી વિદ્યાર્થિનીઓ ઉક્ત સ્થિતિએ અભ્યાસ કરે છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) જો ઉકત જિલ્લામાં એક પણ કન્યા છાત્રાલય ન હોય તો સરકાર નવું કન્યા છાત્રાલય બનાવવા માંગે છે કે કેમ ?

(૩) હાલ કોઈ આયોજન નથી.

બનાસકાંઠા જિલ્લામાં બાંધકામ કામદાર કલ્યાણ બોર્ડ દ્વારા સેસની જમા રકમ

* ૨૬૦૪૩ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં બાંધકામ કામદાર કલ્યાણ બોર્ડ દ્વારા બાંધકામના સેસની કેટલી રકમ જમા થઈ, અને

(૨) તે પૈકી કામદાર કલ્યાણ પેટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) રૂ. ૨૦,૦૧,૨૦,૦૭૪/-.

(૩) રૂ. ૫,૫૫,૭૫૦/-.

છોટા ઉદેપુર જિલ્લામાં વાસ્મો યોજના હેઠળના ગામો

* ૨૬૬૭૪ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર ‘વાસ્મો’ યોજના છેલ્લા બે વર્ષમાં કેટલા ગામોમાં બનાવવામાં આવી અને તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ યોજના હેઠળ સમાવેશથી વંચિત રહેતા ગામો માટે પીવાના પાણી માટે શું આયોજન છે ?

જવાબ

(૧)

| તાલુકો | વાસ્મો યોજના બનાવવામાં આવેલ ગામો | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| સંખેડા | ૨૧ | ૩૮.૦૩ |
| છોટા ઉદેપુર | ૫૧ | ૧૩૧.૦૨ |
| જેતપુર–પાવી | ૩૬ | ૧૦૯.૪૪ |
| બોડેલી | ૨૬ | ૩૨.૫૦ |
| ક્વાંટ | ૨૭ | ૫૨.૮૬ |
| નસવાડી | ૪૨ | ૮૯.૧૨ |
| કુલ | ૨૦૩ | ૪૫૨.૯૭ |

(૨) લોકભાગીદારી અને લોકમાંગ આધારિત રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળની ગામની આંતરિક પેયજળ યોજના હેઠળ યોજનામાં સમાવેશ થવા માંગતા ગામની પાણી સમિતિના ઠરાવ અને માંગણી મેળવી વહેલી તકે આવરી લેવાનું આયોજન છે.

પંદર મુદ્દાના વિકાસ કાર્યક્રમ માટે સમિતિ ન બનાવવા બાબત

* ૨૬૦૩૯ શ્રી બલવંતસિંહ રાજપુત (સિધ્ધપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) લઘુમતીઓના વિકાસ માટે વડાપ્રધાનશ્રીના પંદર મુદ્દાનો કાર્યક્રમ રાજ્ય સરકારને તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ ક્યારે મળેલ છે,

(૨) મળેલ કાર્યક્રમ યોગ્ય રીતે લાગુ થાય તે માટે રાજ્ય અને જિલ્લા કક્ષાની સમિતિઓ ઉક્ત સ્થિતિએ બનાવવામાં આવેલ નથી તે હકીકત સાચી છે, અને

(૩) જો હા, તો ઉક્ત સ્થિતિએ સમિતિઓ ન બનાવવાના કારણો શાં છે ?

જવાબ

(૧) તા. ૧૫–૦૭–૨૦૦૬ના રોજ મળેલ છે.

(૨) હા, જી.

(૩) હવે રાજ્યકક્ષાની સમિતિની રચના તા.૨૯–૦૧–૨૦૧૬ના રોજ કરવામાં આવી છે. જિલ્લા કક્ષાની સમિતિની રચનાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા

હેઠળ છે.

આણંદ જિલ્લામાં ગણવેશ સહાય

* ૨૬૧૦૯ શ્રી રોહિત પટેલ (આણંદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ વિકસતી જાતિના વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા કુલ કેટલી અરજીઓ મળી, અને | (૧) ૨,૧૦,૩૪૫. |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી રકમ સહાય ચૂકવવામાં આવી ? | (૨) ૨,૧૦,૩૪૫ વિદ્યાર્થીઓને કુલ રૂ. ૬,૩૧,૦૩,૫૦૦/– ની સહાય ચૂકવવામાં આવી. |

સ્વર્ણીમ ગુજરાત સૌરાષ્ટ્ર કચ્છ વોટરગ્રીડ પાઈપલાઈન પરીયોજના

* ૨૬૩૩૭ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સ્વર્ણીમ ગુજરાત સૌરાષ્ટ્ર કચ્છ વોટરગ્રીડ પાઈપલાઈન પરીયોજના અન્વયે પ્રતિદિન કેટલા એમએલડી નર્મદા પેયજલ પરિવહન અને વિતરણના અંદાજ/લક્ષ્યાંક ક્યારે નક્કી કરવામાં આવ્યા, અને | (૧) સ્વર્ણીમ ગુજરાત સૌરાષ્ટ્ર કચ્છ વોટરગ્રીડ પાઈપલાઈન પરીયોજના અન્વયે એન.સી. ૨૬ એન.સી. ૨૭, એન.સી. ૩૦ એન.સી. ૩૧ અને એન.સી. ૩૨ એન.સી. ૩૩ એન.સી. ૩૪ યોજનાઓમાં અનુક્રમે ૪૦૦ એમ.એલ.ડી, ૫૦૦ એમ.એલ.ડી અને ૫૪૫ એમ.એલ.ડી આમ કુલ ૧૪૪૫ એમ.એલ.ડીના લક્ષ્યાંક વર્ષ ૨૦૧૧માં નક્કી કરેલ હતા. |
| (૨) તે અન્વયે તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સરેરાશ પ્રતિદિન કેટલું પાણી સ્વર્ણીમ ગુજરાત સૌરાષ્ટ્ર, કચ્છ વોટરગ્રીડ પાઈપલાઈન પરીયોજના મારફતે નર્મદા પેયજલ વહાવવામાં/પહોંચાડવામાં આવ્યું ? | (૨) યોજનાકીય કામો માર્ચ ૨૦૧૫માં પૂર્ણ કરી ૧૪૪૫ એમ.એલ.ડી. ની ક્ષમતા ઉભી કરી યોજના કાર્યરત કરેલ છે. જે પૈકી સ્વર્ણીમ ગુજરાત સૌરાષ્ટ્ર કચ્છ વોટરગ્રીડ પાઈપલાઈન પરીયોજનામાં જરૂરીયાત મુજબ વર્ષ ૨૦૧૫માં ૫૧૫ એમ.એલ.ડી. પાણી વહેવડાવવામાં આવેલ છે. |

રાજકોટ જિલ્લામાં શિષ્યવૃત્તિ

* ૨૬૧૦૬ શ્રી પ્રવિણભાઈ માકડીયા (ધોરાજી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં ધોરણ ૧ થી ૪ શિષ્યવૃત્તિ યોજનામાં નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ આર્થિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ મેળવવા કેટલી અરજીઓ મળી, અને | (૧) ૧૦,૧૭૮ અરજીઓ. |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી શિષ્યવૃત્તિની રકમ ચૂકવવામાં આવી ? | (૨) ૧૦,૧૭૮ વિદ્યાર્થીઓને કુલ રૂ.૫૦,૮૯,૦૦૦/– ની રકમ ચૂકવવામાં આવેલ છે. |

તકેદારી અને મોનીટરીંગ સમિતિની મળેલ બેઠકો

* ૨૬૬૨૫ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અનુસૂચિત જાતિ/જનજાતિ અત્યાચાર નિવારણનિયમ, ૧૯૯૫ અન્વયે રાજ્ય કક્ષાની તકેદારી અને મોનીટરીંગ સમિતિની બેઠકો ક્યારે મળી અને તેમાં મુખ્યત્વે શું નિર્ણયો કરવામાં આવ્યા ? | રાજ્યકક્ષાની તકેદારી અને મોનીટરીંગ સમિતિની બેઠકો તા.૭–૪–૨૦૧૪, તા.૫–૯–૨૦૧૪, તા.૨૭–૭–૨૦૧૫ અને તા.૨૯–૧૨–૨૦૧૫ના રોજ મળેલ છે. જેમાં મુખ્યત્વે નીચે મુજબના નિર્ણયો કરવામાં આવ્યા.<br>૧. અત્યાચારના બાકી તમામ કેસોમાં ૩૦ દિવસમાં કામગીરી કરવા.<br>૨. નાયબ પોલીસ અધિક્ષકશ્રી એસ.સી./એસ.ટી. સેલની ખાલી જગ્યાઓ ભરવા.<br>૩. અત્યાચારના કોર્ટ કેસોના ઝડપી નિકાલને અગ્રીમતા |

આપવા.

૪. અસરગ્રસ્તોને બાકી સહાય સત્વરે ચૂકવવા અંગે.

બનાસકાંઠા જિલ્લામાં સાતફેરા સમૂહ લગ્ન સહાય

* ૨૬૭૦૮ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ વિકસતી જાતિની સામાજીક સંસ્થાઓ દ્વારા સાતફેરા સમૂહલગ્ન યોજના અન્વયે બનાસકાંઠા જિલ્લામાં કેટલી અરજીઓ છેલ્લા બે વર્ષમાં મળી છે,

(૨) તે પૈકી વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી સહાય સંસ્થાને તથા યુગલોને આપવામાં આવી,

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી અને તેના શા કારણો છે, અને

(૪) ઉકત સ્થિતિએ પડતર તમામ અરજીઓમાં સહાય ક્યાં સુધીમાં ચૂકવવામાં આવનાર છે ?

જવાબ

(૧)

| મળેલ અરજીઓ | | |
|---|---|---|
| વર્ષ | સંસ્થા | યુગલ |
| ૨૦૧૪ | ૦૧ | ૧૪ |
| ૨૦૧૫ | ૦૨ | ૪૦ |
| કુલ | ૦૩ | ૫૪ |

(૨)

| વર્ષ | મંજૂર અરજીઓ | | ચૂકવેલ સહાય (રૂ.લાખમાં) | | કુલ ચૂકવેલ સહાય (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|---|
| | સંસ્થા | યુગલ | સંસ્થા | યુગલ | |
| ૨૦૧૪ | ૧ | ૧૪ | ૦.૨૮ | ૧.૪૦ | ૧.૬૮ |
| ૨૦૧૫ | ૨ | ૩૫ | ૦.૭૦ | ૩.૫૦ | ૪.૨૦ |

(૩) વર્ષ ૨૦૧૪ માં શૂન્ય. વર્ષ ૨૦૧૫ માં ૫ અરજીઓ નિયત આવક મર્યાદા કરતાં વધુ આવક હોવાથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં વિદેશ ઉચ્ચ અભ્યાસ લોન

* ૨૫૯૯૩ શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓની છેલ્લા બે વર્ષમાં વિદેશ ઉચ્ચ અભ્યાસ લોન માટેની કેટલી અરજીઓ મળી,

(૨) તે અન્વયે વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર થઈ અને કેટલી અરજીઓ ના મંજૂર થઈ, અને

(૩) અરજીઓ નામંજૂર થવાના કારણો શા છે અને ઉકત સ્થિતિએ પડતર રહેલ અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

જવાબ

(૧) અને (૨) :

| વર્ષ | મળેલ અરજીઓ | મંજૂર કરેલ અરજીઓ | નામંજૂર કરેલ અરજીઓ |
|---|---|---|---|
| ૨૦૧૪–૧૫ | ૧૧ | ૦૯ | ૦૧ |
| ૨૦૧૫–૧૬ | ૨૦ | ૦૦ | ૦૦ |
| કુલ | ૩૧ | ૦૯ | ૦૧ |

(૩) ના મંજૂર અરજીઓ.

વિદેશ ગયા પછી અરજી કરવાના કારણે નામંજૂર કરાઈ છે. પડતર અરજીઓ વહેલી તકે મંજૂર કરાશે.

પોરબંદર જિલ્લામાં ઔદ્યોગિક તાલીમ સંસ્થાના આચાર્ય સામે ફરિયાદ

* ૨૬૬૫૦ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : તા.૩૧–૩–૧૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૯૪૫૯ (અગ્રતા–૮૨૫)ના અનુસંધાને માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા, પોરબંદરના આચાર્ય સામે મળેલ ફરીયાદો પૈકી ૮ ફરીયાદ અંગે તપાસની કાર્યવાહી ચાલુ હતી તે તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૨) તે અન્વયે કોઈ ફરીયાદોમાં તપાસ પૂર્ણ થઈ હોય તો સરકારે શા પગલાં લીધાં, અને

જવાબ

(૧) ઔદ્યોગિક તાલીમ સંસ્થા, પોરબંદરના આચાર્ય સામે મળેલ ફરિયાદો પૈકી ૦૮ ફરિયાદો અંગે તપાસની કાર્યવાહી ચાલુ હતી, તે તમામ ૦૮ તપાસની કાર્યવાહી પૂર્ણ થયેલ છે.

(૨) (૧) નિયામકશ્રીની કચેરી દ્વારા ૦૬ ફરિયાદો અન્વયે પ્રાથમિક તપાસ અહેવાલના આધારે આચાર્યશ્રીની

ઔદ્યોગિક તાલીમ સંસ્થા–વિરમગામ ખાતે બદલી કરેલ છે તેમજ તેઓ દ્વારા થયેલ ક્ષતિઓમાં ગંભીર પ્રકારનું નાણાંકીય નુકશાન થયેલ જણાતું ન હોઈ પ્રકરણ દફ્તરે કરવામાં આવેલ છે.

(૨) ૦૨ ફરિયાદો અન્વયે નાયબ નિયામક (તાલીમ), પ્રાદેશિક કચેરી, રાજકોટના તપાસ અન્વયેમાં કરેલ ભલામણ મુજબ નિયામકશ્રી કક્ષાએથી ફરિયાદ દફ્તરે કરેલ છે.

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) બાકી તપાસ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## ગુજરાત હાઈકોર્ટ ખાતે સરકારી વકીલની ખાલી જગ્યાઓ

* ૨૬૦૦૬ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત હાઈકોર્ટમાં સરકારી વકીલની અને મદદનીશ સરકારી વકીલની કુલ કેટલી જગ્યાઓ ભરવામાં આવેલ છે, | (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત હાઈકોર્ટમાં સરકારી વકીલની ૧(એક), પબ્લિક પ્રોસીક્યુટરની ૧(એક) અને મદદનીશ સરકારી વકીલની ૯ (નવ) એમ કુલ ૧૧(અગિયાર) જગ્યાઓ ભરવામાં આવેલ છે. |
| (૨) આ ભરવામાં આવેલ જગ્યાઓ માટે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો માટેના અનામત ના માપદંડો જાળવવામાં આવ્યા છે કે કેમ, અને | (૨) લાગુ પડતું નથી. |
| (૩) જો ના, તો તેના કારણો ક્યા છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## અંબાજી ખાતે બ્યુટીફીકેશનની કામગીરી

* ૨૬૧૩૧ શ્રી હસમુખભાઈ પટેલ (અમરાઈવાડી) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં પવિત્ર યાત્રાધામ અંબાજી મંદિર પરિસર વિસ્તૃતીકરણ અને બ્યુટીફીકેશન કામગીરી માટે કોઈ આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કઈ કામગીરી કરવામાં આવેલી છે ? | (૨) મંદિર સંકુલ ડેવલપમેન્ટ, વિસ્તૃતીકરણ અને બ્યુટીફીકેશન પ્રોજેકટ અંતર્ગત નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે. |

- યાત્રાળુઓ માટે સુવ્યવસ્થિત દર્શન વ્યવસ્થા તથા માહિતી કેન્દ્ર
- યાત્રાળુઓ માટે લગેજ અને પગરખા કેન્દ્રની અલાયદી વ્યવસ્થા.
- યાત્રાળુઓ માટે યુરીનલ શૌચાલયની સુવિધા તથા બેઠક વ્યવસ્થા.
- મહાનુભાવો માટે વાતાનુકુલિત પ્રતિક્ષાલય, પાર્કીંગ સુવિધા તથા ભેટ કેન્દ્ર.
- યાત્રાળુઓ માટે વાતાનુકુલિત એ.એચ.યુ. (એર હેન્ડલીંગ યુનિટ) પ્રતિક્ષાલય તથા લાઈન વ્યવસ્થા.
- શોપીંગ સેન્ટરની મધ્યમાં મંદિર સન્મુખ ચાર

રંગબેરંગી ફુવારા.

- વિકલાંગો માટે રેમ્પ.
- શોપીંગ સેન્ટરના એલીવેશન માટે સ્ટોન કલેડીંગ.
- ફલાય ઓવરબ્રીજનું ફલોરીંગ.
- ઈલેકટ્રીફીકેશન તથા વહીવટદાર કચેરી આગળ એલીવેશન માટે પથ્થરની જાળીવાળી દિવાલ.
- મંદિર સંકુલમાં લાઈન વ્યવસ્થા માટે ફાઈબર ડોમની જગ્યાએ કલાત્મક કોતરણીવાળા પથ્થરનો દર્શનપથ, સ્ટેનલેસ સ્ટીલની રેલીંગ તથા તેના નીચે ભાગે પોડિયમમાં મજબુતાઈ માટે માળખું ઉભું કરવાની કામગીરી.
- મંદિરમાં સભા મંડપમાં વાતાનુકુલિત માટે એ.એચ.યુ. (એર હેન્ડલીંગ યુનિટ) સીસ્ટમ.
- બંને તરફના શોપીંગ સેન્ટરના ટેરેસ ઉપર વોટરપ્રુફીંગનું કામ.
- લાઈટીંગ તથા બંને તરફના શોપીંગ સેન્ટર કોલમનું સ્ટોન કલેડીંગ તથા રેટ્રોફીટીંગ.
- અંબાજી મંદિર પરિસર વિસ્તૃતીકરણ માટે વિજ્યાભુવન ધર્મશાળા તરફનો ચોક વિસ્તારવામાં આવેલ છે.

જામનગર જિલ્લામાં સંકટ મોચન યોજના

* ૨૬૦૮૨ શ્રી મેઘજીભાઈ ચાવડા (કાલાવડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં સંકટ મોચન યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે, અને

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરી અને કેટલી અરજીઓ નામંજૂર કરી ?

જવાબ

(૧) અને (૨)

તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં સંકટમોચન યોજના હેઠળ તાલુકાવાર મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજુર અરજીઓ | નામંજૂર અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | જામનગર શહેર | ૪૫૪ | ૩૧૧ | ૧૦૮ |
| ૨ | જામનગર ગ્રામ્ય | ૧૨ | ૭ | ૫ |
| ૩ | ધ્રોલ | ૫૫ | ૧૨ | ૪૩ |
| ૪ | જોડીયા | ૩ | ૨ | ૧ |
| ૫ | કાલાવડ | ૬ | ૪ | ૧ |
| ૬ | લાલપુર | ૩ | ૩ | ૦ |
| ૭ | જામજોધપુર | ૨૬ | ૬ | ૧૯ |
| | કુલ | ૫૫૯ | ૩૪૫ | ૧૭૭ |

ગાંધીનગર જિલ્લામાં વૃદ્ધોને પેન્શન

* ૨૬૧૨૫ શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર દક્ષિણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક

જવાબ

(૧) અને (૨) : તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા

વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રિય વૃદ્ધ પેન્શન યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે, અને

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરી અને કેટલી અરજીઓ નામંજૂર કરી ?

એક વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના હેઠળ તાલુકાવાર મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૭૯ | ૫૮ | ૨૧ |
| ૨ | કલોલ | ૧૮૦ | ૧૬૩ | ૧૭ |
| ૩ | માણસા | ૮૨ | ૬૪ | ૧૮ |
| ૪ | દહેગામ | ૨૩૪ | ૧૨૬ | ૧૦૮ |
| | કુલ | ૫૭૫ | ૪૧૧ | ૧૬૪ |

મહિસાગર જિલ્લામાં બંધ હેન્ડપંપ

* ૨૬૦૧૨ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં તાલુકાવાર કેટલા હેન્ડપંપ છે,

(૨) ઉકત હેન્ડ પંપો પૈકી તાલુકાવાર ઉકત સ્થિતિએ કેટલા કાર્યરત છે અને કેટલા બંધ હાલતમાં છે, અને

જવાબ

(૧) અને (૨) : નીચે મુજબ.

| તાલુકો | કુલ હેન્ડપંપની સંખ્યા | કાર્યરત હેન્ડપંપની સંખ્યા | રીપેરીંગ હેઠળ બંધ હેન્ડપંપ |
|---|---|---|---|
| લુણાવાડા | ૪૪૮૫ | ૪૪૬૦ | ૨૫ |
| ખાનપુર | ૨૫૩૫ | ૨૫૧૯ | ૧૬ |
| સંતરામપુર | ૫૬૨૭ | ૫૬૦૭ | ૨૦ |
| કડાણા | ૩૧૩૨ | ૩૧૧૯ | ૧૩ |
| બાલાસિનોર | ૭૯૨ | ૭૮૨ | ૧૦ |
| વિરપુર | ૮૬૦ | ૮૫૧ | ૯ |
| કુલ | ૧૭૪૩૧ | ૧૭૩૩૮ | ૯૩ |

(૩) ઉકત સ્થિતિએ બંધ હેન્ડ પંપને ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવશે ?

(૩) તા.૮–૧–૨૦૧૬ સુધીમાં ૯૩ બંધ હેન્ડપંપો રીપેર કરી કાર્યરત કરેલ છે.

આણંદ અને વડોદરા જિલ્લામાં હેન્ડપંપ

* ૨૬૭૩૪ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને વડોદરા જિલ્લામાં તાલુકવાર કેટલા હેન્ડપંપ બનાવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા હેન્ડપંપ કાર્યરત છે અને કેટલા બંધ હાલતમાં છે,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા હેન્ડપંપ રીપેરીંગ કરવામાં આવ્યા, અને

(૪) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

જવાબ

(૧) (૨) (૩) અને (૪) નીચે મુજબ,

આણંદ જિલ્લો

| તાલુકો | બે વર્ષમાં બનાવેલ હેન્ડપંપ | કાર્યરત હેન્ડપંપ | રીપેરીંગ હેઠળ બંધ હેન્ડપંપ | રીપેરીંગ કરેલ હેન્ડપંપ | રીપેરીંગ પાછળ થયેલ ખર્ચ રૂ.લાખમાં |
|---|---|---|---|---|---|
| આણંદ | ૪૬ | ૫૦૬ | ૩ | ૭૧૧ | ૭.૮૨ |
| આંકલાવ | ૯૫ | ૫૭૫ | ૧ | ૯૨૫ | ૧૦.૧૮ |
| ઉમરેઠ | ૩૪ | ૩૦૨ | ૧ | ૬૦૫ | ૬.૬૬ |
| ખંભાત | ૧૮ | ૪૮૭ | ૧૮ | ૬૩૯ | ૭.૦૩ |
| તારાપુર | ૦ | ૪૮ | ૦ | ૩૮ | ૦.૪૨ |
| પેટલાદ | ૫૬ | ૪૬૬ | ૦ | ૮૯૫ | ૯.૮૫ |
| બોરસદ | ૮૯ | ૬૪૩ | ૦ | ૧૦૯૫ | ૧૨.૦૫ |
| સોજીત્રા | ૫૦ | ૨૧૪ | ૦ | ૩૯૮ | ૪.૩૮ |
| કુલ | ૩૮૮ | ૩૨૪૧ | ૨૩ | ૫૩૦૬ | ૫૮.૩૭ |

વડોદરા જિલ્લો

| તાલુકો | બે વર્ષમાં બનાવેલ હેન્ડપંપ | કાર્યરત હેન્ડપંપ | રીપેરીંગ હેઠળ બંધ હેન્ડપંપ | રીપેરીંગ કરેલ હેન્ડપંપ | રીપેરીંગ પાછળ થયેલ ખર્ચ રૂ.લાખમાં |
|---|---|---|---|---|---|
| વડોદરા | ૪૨ | ૩૮૫ | ૩ | ૭૬૬ | ૯.૪૩ |
| કરજણ | ૦૨ | ૧૦૨ | ૦ | ૩૯ | ૦.૪૬ |
| પાદરા | ૯૮ | ૪૯૬ | ૪ | ૬૯૯ | ૮.૬૪ |
| સાવલી | ૩૨ | ૭૨૪ | ૯ | ૧૮૪૧ | ૨૨.૫૮ |
| ડેસર | ૨૬ | ૩૭૭ | ૧ | ૧૧૯૩ | ૧૪.૮૫ |
| વાઘોડીયા | ૬૧ | ૬૬૭ | ૪ | ૧૫૬૮ | ૧૯.૨૭ |
| ડભોઈ | ૦૩ | ૧૯૩ | ૦ | ૧૧૬ | ૧.૪૫ |
| શિનોર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| કુલ | ૨૬૪ | ૨૯૪૪ | ૨૧ | ૬૨૨૨ | ૭૬.૬૮ |

ભાવનગર અને સાબરકાંઠા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના

* ૨૬૧૫૯ શ્રી પ્રવિણભાઈ રાઠોડ (પાલીતાણા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ સરસ્વતી સાધના યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં ભાવનગર અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૧)

ભાવનગર

| ક્રમ | તાલુકો | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | ભાવનગર | ૪૫૨૩ |
| ૨ | ઘોઘા | ૪૯૭ |
| ૩ | તળાજા | ૨૫૨૪ |
| ૪ | મહુવા | ૨૯૩૪ |
| ૫ | જેસર | ૨૪૨ |
| ૬ | ગારીયાધાર | ૯૪૪ |
| ૭ | પાલીતાણા | ૨૧૯૭ |
| ૮ | શિહોર | ૧૬૯૭ |
| ૯ | ઉંમરાળા | ૭૫૦ |
| ૧૦ | વલ્લભીપુર | ૩૨૯ |
| | કુલ | ૧૬૬૩૭ |

સાબરકાંઠા

| ક્રમ | તાલુકો | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૨૯૫૮ |
| ૨ | ઈડર | ૨૪૯૭ |
| ૩ | વડાલી | ૮૩૩ |
| ૪ | પ્રાંતિજ | ૧૭૫૯ |
| ૫ | તલોદ | ૧૮૪૦ |
| ૬ | ખેડબ્રહ્મા | ૫૦૦ |
| ૭ | વિજયનગર | ૧૬૮ |
| | કુલ | ૧૦૫૫૫ |

(૨) કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને

(૨)

ભાવનગર

| ક્રમ | તાલુકો | મંજુર અરજીઓ |
|---|---|---|
| ૧ | ભાવનગર | ૪૫૦૩ |
| ૨ | ઘોઘા | ૪૯૫ |
| ૩ | તળાજા | ૨૫૧૫ |
| ૪ | મહુવા | ૨૯૨૫ |
| ૫ | જેસર | ૨૪૨ |
| ૬ | ગારીયાધાર | ૯૪૩ |
| ૭ | પાલીતાણા | ૨૧૯૫ |
| ૮ | શિહોર | ૧૬૯૪ |

સાબરકાંઠા

| ક્રમ | તાલુકો | મંજુર અરજીઓ |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૨૯૫૮ |
| ૨ | ઈડર | ૨૪૯૭ |
| ૩ | વડાલી | ૮૩૩ |
| ૪ | પ્રાંતિજ | ૧૭૫૯ |
| ૫ | તલોદ | ૧૮૪૦ |
| ૬ | ખેડબ્રહ્મા | ૫૦૦ |
| ૭ | વિજયનગર | ૧૬૮ |
| | કુલ | ૧૦૫૫૫ |

| | | |
|---|---|---|
| ૯ | ઉંમરાળા | ૭૪૮ |
| ૧૦ | વલ્લભીપુર | ૩૨૭ |
| | કુલ | ૧૬૫૮૭ |

(૩) કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી? | (૩) ૫૦.

### બનાસકાંઠા જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૨૬૦૯૯ શ્રી પરબતભાઈ પટેલ (થરાદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લા રોજગાર કચેરીમાં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને | (૧) ૨૪૬૯૦. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી ? | (૨) ૭૦૬૦. |

### સ્વર્ણીમ ગુજરાત સૌરાષ્ટ્ર કચ્છ વોટરગ્રીડ પાઈપલાઈન પરીયોજના

* ૨૬૩૬૭ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ સ્વર્ણીમ ગુજરાત સૌરાષ્ટ્ર કચ્છ વોટરગ્રીડ પાઈપલાઈન પરીયોજના અન્વયે પ્રતિદિન કેટલા એમએલડી નર્મદા પેયજલ પરિવહન અને વિતરણના અંદાજ/લક્ષ્યાંક ક્યારે નક્કી કરવામાં આવ્યા, અને | (૧) સ્વર્ણીમ ગુજરાત સૌરાષ્ટ્ર કચ્છ વોટરગ્રીડ પાઈપલાઈન પરીયોજના અન્વયે એન.સી. ૨૬ એન.સી. ૨૭ એન.સી. ૩૦ એન.સી. ૩૧ અને એન.સી. ૩૨ એન.સી. ૩૩ એન.સી. ૩૪ યોજનાઓમાં અનુક્રમે ૪૦૦ એમ.એલ.ડી., ૫૦૦ એમ.એલ.ડી. અને ૫૪૫ એમ.એલ.ડી.આમ કુલ ૧૪૪૫ એમ.એલ.ડી.ના લક્ષ્યાંક વર્ષ ૨૦૧૧ માં નક્કી કરેલ હતા. |
| (૨) તે અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સરેરાશ પ્રતિદિન કેટલું પાણી સ્વર્ણીમ ગુજરાત સૌરાષ્ટ્ર કચ્છ વોટરગ્રીડ પાઈપલાઈન પરીયોજના મારફતે નર્મદા પેયજલ પહોંચાડવામાં આવ્યું ? | (૨) યોજનાકીય કામો માર્ચ ૨૦૧૫માં પુર્ણ કરી ૧૪૪૫ એમ.એલ.ડી.ની ક્ષમતા ઉભી કરી યોજના કાર્યરત કરેલ છે, જે પૈકી સ્વર્ણીમ ગુજરાત સૌરાષ્ટ્ર કચ્છ વોટરગ્રીડ પાઈપલાઈન પરીયોજનામાં જરૂરીયાત મુજબ વર્ષ ૨૦૧૫માં ૫૧૫ એમ.એલ.ડી. પાણી વહેવડાવવામાં આવેલ છે. |

### રાજકોટ જિલ્લામાં મહિલા તાલીમાર્થીઓને સાયકલ

* ૨૬૦૮૫ શ્રીમતી ભાનુબેન બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિદ્યાસાધના યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન રાજકોટ જિલ્લામાં કેટલી મહિલા તાલીમાર્થીઓને સાયકલ ભેટ આપવામાં આવી, અને | (૧) ૨૯૬. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલી મહિલા તાલીમાર્થીઓને સાયકલ ભેટ આપવાની બાકી છે ? | (૨) એક પણ નહિ. |

### અરવલ્લી જિલ્લામાં શ્રમિકોને આવાસ

* ૨૬૭૩૮ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં બાંધકામક્ષેત્ર સાથે જોડાયેલ કામદારો માટે આવાસ માટે સહાય આપવાની કોઈ યોજના છે કે કેમ, | (૧) હા. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કેટલા કામદારોને આવાસ માટે સહાય આપવામાં આવી, અને | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં કોઈ કામદારને આવાસ સહાય આપવામાં આવેલ નથી. |
| (૩) તે પાછળ તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

આવ્યો ?

વલસાડ જિલ્લાની આઈ.ટી.આઈ.માં ખાલી જગ્યાઓ

* ૨૬૭૧૯ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલી આઈ.ટી.આઈ. આવેલ છે,

જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર આવેલ આઈ.ટી.આઈ. નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧ | ધરમપુર | ધરમપુર–૦૧ |
| ૨ | ઉમરગામ | ભિલાડ–૦૧ |
| ૩ | વાપી | વાપી–૦૧ |
| ૪ | કપરાડા | કપરાડા–૦૧ |
| ૫ | પારડી | પારડી–૦૧ |
| ૬ | વલસાડ | વલસાડ(મહીલા)–૦૧ |

(૨) તે પૈકી તેમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

(૨) પત્રક–૧ મુજબ.

(૩) તે પૈકી કયા વર્ગનું કેટલું મહેકમ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે કે તેથી વધુ વર્ષથી ખાલી છે, અને

(૩) પત્રક–૧ મુજબ.

(૪) તે કયારે ભરવામાં આવશે ?

(૪) વહીવટી અનુકુળતા ધ્યાને લઈ જગ્યાઓ ભરવામાં આવશે.

પત્રક–૧

તા.૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ વલસાડ જીલ્લામાં આવેલ આઈ.ટી.આઈ. ખાતે સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ, ખાલી જગ્યા અને બે કે તેથી વધુ વર્ષથી ખાલી પડેલ જગ્યાની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગનું નામ | મંજુર જગ્યાની સંખ્યા | ખાલી જગ્યાની સંખ્યા | બે કે તેથી વધુ વર્ષથી ખાલી પડેલ જગ્યાની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | આચાર્ય વર્ગ–૧ | ૧ | ૦ | ૦ |
| ૨ | આચાર્ય વર્ગ–૨ | ૭ | ૩ | ૦ |
| ૩ | ફોરમેન ઈન્સ્ટ્રકટર | ૨૩ | ૮ | ૦ |
| ૪ | ગ્રૃપ ઈન્સ્ટ્રકટર | ૪ | ૨ | ૧ |
| ૫ | સ્ટોર કીપર | ૩ | ૨ | ૨ |
| ૬ | આસીસ્ટન્ટ સ્ટોરકીપર | ૭ | ૫ | ૪ |
| ૭ | સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર | ૧૮૬ | ૫૯ | ૨૧ |
| ૮ | જુનીયર ટ્રેનીંગ ઓફીસર | ૧ | ૧ | ૧ |
| ૯ | લેબોરેટરી એટેન્ડન્ટ | ૧ | ૧ | ૧ |
| ૧૦ | વહિવટી અધિકારી વર્ગ–૨ | ૧ | ૧ | ૦ |
| ૧૧ | કચેરી અધિક્ષક | ૧ | ૦ | ૦ |
| ૧૨ | મુખ્ય કારકુન | ૩ | ૧ | ૦ |
| ૧૩ | સીનીયર કારકુન | ૭ | ૧ | ૦ |
| ૧૪ | જુનીયર કારકુન | ૫ | ૨ | ૧ |
| ૧૫ | વર્ગ–૪ | ૨૧ | ૧ | ૦ |
| | કુલ | ૨૭૧ | ૮૭ | ૩૧ |

મહેસાણા જિલ્લામાં ગણવેશ સહાય

## અતારાંકિત પ્રશ્નો

* ૨૬૦૯૪ શ્રી નારાયણભાઈ પટેલ (ઉંઝા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬માં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ વિકસતી જાતિના વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા કુલ કેટલી અરજીઓ મળી, અને | (૧) ૨,૦૬,૧૦૦. |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૨) ૨,૦૬,૧૦૦ વિદ્યાર્થીઓને રૂ.૬,૧૮,૩૦,૦૦૦/- રકમની સહાય ચૂકવવામાં આવી. |

### આણંદ જિલ્લામાં મફત કાનુની સહાય

* ૨૫૯૯૭ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૧૬ની સ્થિતિએ રાજ્યની કોર્ટોમાં આર્થિક રીતે નબળા લોકોને કાનુની કાર્યવાહી અર્થે મફત કાનુની સેવા આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ જિલ્લામાં કેટલા અરજદારોને કાનુની સેવા મફત આપવામાં આવી અને તે અન્વયે વકીલોને ફી પેટે સરકારે કેટલી રકમ ચુકવી? | (૨) |

| વર્ષ | અરજદારને મફત કાનુની સેવાઓ આપવામાં આવેલ તેની સંખ્યા | વકીલોને ફી પેટે ચૂકવેલ રકમ રૂ. |
|---|---|---|
| તા.૧-૨-૨૦૧૪ થી તા.૩૧-૧-૨૦૧૫ સુધી | ૫૧ | રૂ.૩૬,૦૦૦/- |
| તા.૧-૨-૨૦૧૫ થી તા.૩૧-૧-૨૦૧૬ સુધી | ૮૯ | રૂ.૫૨,૬૦૬/- |

### એસ.ટી નિગમમાં સીધી ભરતી

* ૨૬૧૦૧ શ્રી જીતેન્દ્રભાઈ વાઘાણી (ભાવનગર પશ્ચિમ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર તરફથી એસ.ટી. નિગમને તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન વિવિધ કેડરોમાં સીધી ભરતી કરવા મંજુરી આપવામાં આવી છે, કે કેમ, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો કઈ કેડરમાં વર્ષવાર કેટલી મંજુરી અપાઈ છે ? | (૨) |

| આપેલ મંજુરીનું વર્ષ | કક્ષા | મંજુરીની જગ્યાઓ |
|---|---|---|
| ૨૦૧૪ | ડ્રાયવર | ૧૧૦૬ |
| | કંડકટર | ૧૦૪૫ |
| | મીકેનીક | ૫૮૦ |
| ૨૦૧૫ | ડ્રાયવર | ૭૩૩ |
| | કંડકટર | ૬૯૭ |
| | વહીવટી સ્ટાફ | |
| | જુની. એકા. | ૧૫ |
| | સીની. એકા./ | ૬ |

| | | |
|---|---|---|
| | ઈન્સ્પે.ઓફ.એકા. | |
| | કલાર્ક | ૫૦૦ |
| | જુની.આસી. | ૭૦ |
| | સીની.આસી. | ૫ |
| | ટી.સી. | ૭૦ |
| | એ.ટી.આઈ. | ૨૫ |
| | ટી.આઈ. | ૪૦ |
| | એ.ટી.એસ. | ૧ |
| | સ્ટોર કીપર | ૧૫ |
| | સ્ટોર સુપરવાઈઝર | ૯ |
| | સુરક્ષા મદદનીશ | ૨૦ |
| | મદદનીશ સુરક્ષા નિરીક્ષક | ૧૨ |
| | વિભાગીય સુરક્ષા નિરીક્ષક | ૩ |
| | સ્ટેનો-બી (ગુજરાતી) | ૫ |
| | કુલ | ૪૯૫૭ |

બનાસકાંઠા જિલ્લામાં પીવાના પાણીની વ્યવસ્થા

* ૨૬૦૧૮ શ્રી કાંતિભાઇ ખરાડી (દાંતા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર પીવાના પાણીની કેટલી જરૂરીયાત છે અને કેટલું પાણી ઉપલબ્ધ છે, અને

જવાબ

(૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર પીવાના પાણીની જરૂરીયાત તથા ઉપલબ્ધી નીચે મુજબ છે.

| અનુ. | તાલુકો | પીવાના પાણીની જરૂરીયાત (ખકઉ) | ઉપલબ્ધ જથ્થો (ખકઉ) |
|---|---|---|---|
| ૧ | અમીરગઢ | ૧૦.૧૯ | ૧૦.૪૦ |
| ૨ | ભાભર | ૧૧.૧૭ | ૧૧.૫૭ |
| ૩ | દાંતા | ૧૮.૬૮ | ૧૯.૦૧ |
| ૪ | દાંતીવાડા | ૮.૮૭ | ૯.૪૦ |
| ૫ | ડીસા | ૪૫.૯૨ | ૪૭.૨૪ |
| ૬ | દિયોદર | ૧૩.૫૨ | ૧૪.૪૪ |
| ૭ | ધાનેરા | ૨૦.૦૪ | ૨૧.૧૮ |
| ૮ | કાંકરેજ | ૨૨.૬૧ | ૨૪.૪૫ |
| ૯ | લાખણી | ૧૨.૧૧ | ૧૨.૪૭ |
| ૧૦ | પાલનપુર | ૪૬.૧૨ | ૪૭.૧૯ |
| ૧૧ | સુઇગામ | ૬.૪૪ | ૬.૭૬ |
| ૧૨ | થરાદ | ૨૪.૮૮ | ૨૬.૮૧ |
| ૧૩ | વડગામ | ૧૯.૧૫ | ૧૯.૮૭ |
| ૧૪ | વાવ | ૧૨.૫૧ | ૧૩.૫૧ |
| | કુલ | ૨૭૨.૨૧ | ૨૮૪.૩૦ |

(૨) તે અન્વયે સન ૨૦૧૬ના ઉનાળાને ધ્યાને લઇ ઉક્ત જિલ્લામાં પીવાના પાણીની તંગી ના પ્રવર્તે તે માટે રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે કે પગલાં લીધેલ છે?

(૨) વર્ષ ૨૦૧૬ ના ઉનાળાને ધ્યાને લઇ, બનાસકાંઠા જિલ્લામાં સંભવિત તંગી નિવારવા પાતાળકુવા, પંપીગ મશીનરી તથા ટેન્કર દ્વારા પાણી પુરવઠો આપવાનું આયોજન કરેલ છે.

વિસનગર ખાતે સિનીયર સિવિલ જજની કોર્ટ

* ૨૬૧૧૨ શ્રી ઋષિકેશ પટેલ (વિસનગર) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) મહેસાણા જિલ્લાના વિસનગર ખાતે પૂર્ણ સમયની સિનિયર સિવિલ જજની કોર્ટની સ્થાપનાની મંજુરી

જવાબ

(૧) હા, જી.

અતારાંકિત પ્રશ્નો

રાજ્ય સરકાર દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬માં તા.૨૦-૧-૧૬ની સ્થિતિએ આપેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ કોર્ટ ક્યારથી કાર્યરત થયેલ છે?

(૨) મહેસાણા જિલ્લાના વિસનગર ખાતે પૂર્ણ સમયની સિનિયર સિવિલ જજની કોર્ટ તા.૦૨-૧૧-૨૦૧૫ ના રોજથી કાર્યરત થયેલ છે જે સંબધે અધિસૂચના ક્રમાંકઃ ન્યઉ/૩૮/ ૨૦૧૫/ઈઈઅ/ ૧૦૨૦૧૪/ ૧૧૧૩ /ઉ (ડ્ફર્િ૧૧) તા. ૨૮-૧૦-૨૦૧૫ના રોજ આ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ છે.

અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં હોસ્ટેલો

* ૨૬૭૪૨ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૬ની સ્થિતિએ અમદાવાદ તથા ગાંધીનગર જિલ્લામાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનાં વિદ્યાર્થીઓને રહેવા માટે કેટલી હોસ્ટેલો આવેલ છે, | (૧) ૭૪. |
| (૨) વિદ્યાર્થીઓની જરૂરિયાતના પ્રમાણમાં ઉક્ત સ્થિતિએ પૂરતા પ્રમાણમાં હોસ્ટેલો છે, અને | (૨) હા, જી. |
| (૩) વિદ્યાર્થીઓને આ હોસ્ટેલોમાં શી સગવડો આપવામાં આવે છે ? | (૩) વિના મૂલ્યે રહેવા-જમવાની, ભણવાની અને અન્ય આનુષાંગિક સગવડો આપવામાં આવે છે. |

ખેડા જિલ્લામાં માનવ ગરીમા યોજના

* ૨૬૧૨૬ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં માનવ ગરીમા યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ વિકસતી જાતિની કેટલી અરજીઓ મળી, | (૧) ૭૭૯. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૭૭૯. |
| (૩) કેટલી કીટસ વિતરણ કરવામાં આવી ? | (૩) ૭૭૯. |

મોરબી જિલ્લામાં સંકટ મોચન યોજના

* ૨૬૧૨૩ શ્રી કાંતીલાલ અમૃતીયા (મોરબી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મોરબી જિલ્લામાં સંકટ મોચન યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે, અને

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરી અને કેટલી અરજીઓ નામંજૂર કરી?

જવાબ

(૧) અને (૨) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મોરબી જિલ્લામાં સંકટમોચન યોજના હેઠળ તાલુકાવાર મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજુર અરજીઓ | નામંજુર અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | મોરબી | ૪૮ | ૩૪ | ૧૪ |
| ૨ | માળીયા (મી) | ૦ | ૦ | ૦ |
| ૩ | વાંકાનેર | ૨ | ૦ | ૨ |
| ૪ | ટંકારા | ૧ | ૦ | ૧ |
| ૫ | હળવદ | ૮ | ૫ | ૩ |
| | કુલ | ૫૯ | ૩૯ | ૨૦ |

જુનાગઢ જિલ્લામાં ટ્રેકટર ટ્રોલીનું પાસીંગ

* ૨૬૦૧૦ શ્રી બાબુભાઇ વાજા (માંગરોળ) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન જવાબ

## અતારાંકિત પ્રશ્નો

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં ટ્રેક્ટર ટ્રોલીનું પાસીંગ બંધ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૧) ના.

(૨) જો હા, તો ક્યાં કારણોસર બંધ છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ક્યારે ચાલુ કરવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### સાબરકાંઠા જિલ્લામાં રીચાર્જીંગ કાર્યક્રમ

* ૨૬૦૯૦ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬માં પાણી પુરવઠા બોર્ડ દ્વારા રીચાર્જીંગ કાર્યક્રમ હેઠળ કઇ કામગીરી કરવામાં આવેલ છે, | (૧) વર્ષ ૨૦૧૪–૧૫માં બોર બ્લાસ્ટીંગ કુલ–૨૦૦ યુનીટ અને<br>વર્ષ ૨૦૧૫–૧૬માં કાયમી બંધ/સીઝનલ બંધ હેન્ડપંપના બોર પર રીચાર્જ સ્ટ્રકચરના કુલ–૧૯૫ કામો કરવામાં આવેલ છે. |
| (૨) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ આ કામગીરી માટે સરકાર દ્વારા કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને | (૨) કુલ ૧૪૧.૨૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |
| (૩) સદર કામગીરી કેટલા ગામોમાં કરવામાં આવેલ છે? | (૩) કુલ ૧૬૪ ગામોમાં. |

### બનાસકાંઠા જિલ્લામાં ગણવેશ સહાય

* ૨૬૧૧૦ શ્રી કેશાજી ચૌહાણ (દિયોદર) : માનનીય સમાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વિકસતી જાતિના વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા કુલ કેટલી અરજીઓ મળી, અને | (૧) ૩,૮૩,૩૧૫ અરજીઓ. |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી રકમ સહાય ચૂકવવામાં આવી? | (૨) ૩,૮૩,૩૧૫ વિદ્યાર્થીઓને કુલ રૂ. ૧૧,૪૯,૯૪,૫૦૦/– સહાય ચૂકવવામાં આવી. |

### ગાંધીનગર જિલ્લામાં વિકસતી જાતિના છાત્રાલયો

* ૨૬૭૩૨ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં કઇ જગ્યાએ વિકસતી જાતિના વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ માટે છાત્રાલયો કાર્યરત છે,<br>(૨) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલા વિદ્યાર્થીઓ/ વિદ્યાર્થીનીઓની સંખ્યા છે, અને<br>(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કયા છાત્રાલયમાં કેટલી વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓની સંખ્યાનો વધારો મંજુર કરવામાં આવ્યો? | (૧), (૨) અને (૩)<br>પત્રક ૧ અને પત્રક ૨ મુજબ. |

પત્રકઃ–૧

વિદ્યાર્થીઓ (કુમાર) માટેના છાત્રાલયોની વિગત

| અનં. | છાત્રાલયનું નામ | છાત્રાલયનું સ્થળ | તાલુકો | માન્ય સંખ્યા | સંખ્યા વધારાની વિગત |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રેયસ કુમાર છાત્રાલય | સેકટર–૬, ગાંધીનગર | ગાંધીનગર | ૩૯ | – |
| ૨ | જ્ઞાનજ્યોત બક્ષીપંચ કુમાર છાત્રાલય | સેકટર–૨૭, ગાંધીનગર | ગાંધીનગર | ૨૫ | – |

| અનં. | છાત્રાલયનું નામ | છાત્રાલયનું સ્થળ | તાલુકો | માન્ય સંખ્યા | સંખ્યા વધારાની વિગત |
|---|---|---|---|---|---|
| ૩ | તક્ષશિલા કુમાર છાત્રાલય | સેકટર–૧૩, ગાંધીનગર | ગાંધીનગર | ૬૦ | ૧૦ |
| ૪ | બક્ષીપંચ કુમાર છાત્રાલય (કોલેજ કક્ષા) | સેકટર–૧૫, ગાંધીનગર | ગાંધીનગર | ૨૦ | – |
| ૫ | સિધ્ધેશ્વરી કુમાર છાત્રાલય | ભાટ | ગાંધીનગર | ૨૦ | – |
| ૬ | સર્વોદય કુમાર છાત્રાલય | સેકટર–૩/બી, ગાંધીનગર | ગાંધીનગર | ૩૭ | – |
| ૭ | ભારતીય જનકલ્યાણ છાત્રાલય | ટીંટોડા | ગાંધીનગર | ૨૦ | – |
| ૮ | ડી. એમ.કુમાર છાત્રાલય, દંતાલી | દંતાલી | ગાંધીનગર | ૮૨ | – |
| ૯ | સર્વોદય ઉન્નતી બક્ષીપંચ કુમાર છાત્રાલય | મગોડી | ગાંધીનગર | ૪૩ | – |
| ૧૦ | બાબા રામદેવ કુમાર છાત્રાલય | બોરીજ | ગાંધીનગર | ૩૦ | – |
| ૧૧ | રઘુવીર કુમાર છાત્રાલય | લવારપુર | ગાંધીનગર | ૪૫ | – |
| ૧૨ | રામરંગ કુમાર છાત્રાલય | કુવાદરા | માણસા | ૬૫ | – |
| ૧૩ | સરદાર કુમાર વિદ્યાર્થી આશ્રમ | અમરાપુર | માણસા | ૮૦ | – |
| ૧૪ | નવજીવન કુમાર છાત્રાલય | લાકરોડા | માણસા | ૨૫ | – |
| ૧૫ | લીંબચ બક્ષીપંચ કુમાર છાત્રાલય | કલોલ | કલોલ | ૩૦ | ૫ |
| ૧૬ | બક્ષીપંચ કુમાર છાત્રાલય | પલસાણા | કલોલ | ૮૩ | – |
| ૧૭ | ગોપાલબા ગંભીરસિંહ રાઠોડ કુમાર છાત્રાલય | દહેગામ | દહેગામ | ૨૦ | – |
| ૧૮ | બક્ષીપંચ કુમાર છાત્રાલય | દહેગામ | દહેગામ | ૩૦ | – |
| ૧૯ | શ્રી સિધ્ધરાજ બક્ષીપંચ કુમાર છાત્રાલય | દહેગામ | દહેગામ | ૩૫ | ૧૦ |
| ૨૦ | વિવેક કુમાર છાત્રાલય | રખિયાલ | દહેગામ | ૮૧ | – |
| ૨૧ | વિકસતી જાતિ કુમાર છાત્રાલય | મોટી પાવઠી | દહેગામ | ૧૩૦ | – |
| ૨૨ | સ્નેહલ કુમાર છાત્રાલય | વેલપુરા | દહેગામ | ૫૫ | – |
| ૨૩ | બક્ષીપંચ કુમાર છાત્રાલય | શિયાવાડા | દેહગામ | ૬૨ | ૧૦ |
| ૨૪ | ગીતા કુમાર છાત્રાલય | મોટાના મુવાડા | દહેગામ | ૬૦ | – |
| ૨૫ | સાર્વજનીક કુમાર છાત્રાલય | કમાલબંધ વાસણા | દહેગામ | ૪૦ | – |
| ૨૬ | પૂ. ગુરૂશ્રી લક્ષ્મી સ્વામી કુમાર છાત્રાલય | ઝાક | દહેગામ | ૮૫ | ૧૫ |
| ૨૭ | સરકારી કુમાર છાત્રાલય (વિ.જા.) ધો.૧૧/૧૨ | સેકટર–૩૦ ગાંધીનગર | ગાંધીનગર | ૧૨૦ | – |
| ૨૮ | સરકારી કુમાર છાત્રાલય (વિ.જા.) કોલેજ કક્ષા | સેકટર–૧૩ ગાંધીનગર | ગાંધીનગર | ૧૨૦ | – |
| ૨૯ | સરકારી કુમાર છાત્રાલય (વિ.જા.) કલોલ | કલોલ | કલોલ | ૪૦ | – |
| | | | કુલ | ૧૫૮૨ | |

પત્રકઃ–૨

વિદ્યાર્થીનીઓ (કન્યા) માટેના છાત્રાલયોની વિગત

| અનં. | છાત્રાલયનું નામ | છાત્રાલયનું સ્થળ | તાલુકો | માન્ય સંખ્યા | સંખ્યા વધારાની વિગત |
|---|---|---|---|---|---|
| ૧ | એચઆર.દેસાઇ ગોપાલક કન્યા છાત્રાલય | સેકટર–૧૫, ગાંધીનગર | ગાંધીનગર | ૧૬૦ | – |
| ૨ | સહિયર કન્યા છાત્રાલય | વાવોલ | ગાંધીનગર | ૨૫ | – |
| ૩ | બક્ષીપંચ કન્યા છાત્રાલય | આજોલ | માણસા | ૧૨૦ | – |
| ૪ | દેવબાઇ કન્યા છાત્રાલય | રખિયાલ | દહેગામ | ૨૭ | – |
| ૫ | વિકસતી જાતિ કન્યા છાત્રાલય | મોટીપાવઠી | દહેગામ | ૮૫ | – |
| ૬ | શ્રીમતી આઇ.એચ.પંડ્યા કન્યા છાત્રાલય | વેલપુરા | દહેગામ | ૨૫ | – |
| ૭ | વિચરતી જાતિ કન્યા છાત્રાલય | આજોલ | માણસા | ૨૦ | – |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮ | વિચરતી જાતિ કન્યા છાત્રાલય | નારદીપુર | કલોલ | ૨૦ | – |
| ૯ | સરકારી કન્યા છાત્રાલય (વિ.જા.) | સેકટર–૧૩ ગાંધીનગર | ગાંધીનગર | ૫૦ | – |
| | | | કુલ | ૫૩૨ | |

પંચમહાલ જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૨૬૬૩૬ શ્રી જેઠાભાઇ ભરવાડ (શહેરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલા શિક્ષિત બેરોજગારોની નોંધણી થઇ, અને

જવાબ

(૧) નીચે દર્શાવ્યા પ્રમાણેની તાલુકાવાર નોંધણી થયેલ છે.

| ક્રમ | તાલુકો | શિક્ષિત બેરોજગારોની થયેલ નોંધણી |
|---|---|---|
| ૧ | ગોધરા | ૫૯૧૦ |
| ૨ | શહેરા | ૧૯૯૨ |
| ૩ | મોરવા | ૧૦૬૩ |
| ૪ | કાલોલ | ૨૮૧૧ |
| ૫ | હાલોલ | ૩૪૪૯ |
| ૬ | ઘોઘંબા | ૬૫૯ |
| ૭ | જાંબુઘોડા | ૬૩૨ |
| ૮ | લુણાવાડા | ૭૫૦ |
| ૯ | ખાનપુર | ૩૨૭ |
| ૧૦ | સંતરામપુર | ૬૪૧ |
| ૧૧ | કડાણા | ૪૪૪ |
| | કુલ | ૧૮૬૭૮ |

(૨) તે પૈકી કેટલા રોજગારી વિષયક ભરતીમેળાનું આયોજન કરી કેટલા શિક્ષિત બેરોજગારોને રોજગારી આપી?

(૨) નીચે દર્શાવ્યા પ્રમાણેની તાલુકાવાર રોજગારી અપાયેલ છે.

| ક્રમ | તાલુકો | ભરતી મેળાની સંખ્યા | શિક્ષિક બેરોજગારોને અપાયેલ રોજગારી |
|---|---|---|---|
| ૧ | ગોધરા | ૨૧ | ૨૨૭૬ |
| ૨ | શહેરા | ૫ | ૨૪૫ |
| ૩ | મોરવા | ૭ | ૩૪૭ |
| ૪ | કાલોલ | ૧૦ | ૫૩૩ |
| ૫ | હાલોલ | ૧૮ | ૨૧૯૧ |
| ૬ | ઘોઘંબા | ૩ | ૧૧૮ |
| ૭ | જાંબુઘોડા | ૪ | ૨૪૯ |
| ૮ | લુણાવાડા | ૫ | ૧૨૪૧ |
| ૯ | ખાનપુર | ૧ | ૫૯ |
| ૧૦ | સંતરામપુર | શૂન્ય | શૂન્ય |
| ૧૧ | કડાણા | શૂન્ય | શૂન્ય |
| | કુલ | ૭૪ | ૭૨૫૯ |

નવસારી જિલ્લામાં શારકામ થયેલ હેન્ડપંપ

* ૨૬૦૭૦ શ્રી પિયુષભાઈ દેસાઇ (નવસારી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫–૧૬ માં નવસારી જિલ્લામાં નોન ટ્રાયબલ કાર્યક્રમ હેઠળ કેટલા બોર/હેન્ડપંપ મંજુર કરવામાં આવ્યા,

જવાબ

(૧) ૧૫૦ બોર/હેન્ડપંપ

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ કેટલા બોર/હેન્ડપંપ શારવામાં આવ્યા તથા કેટલા બોર/હેન્ડપંપ શારવામાં બાકી છે, અને

(૨) ૪૮ બોર/હેન્ડપંપ શારવામાં આવ્યા.
૧૦૨ બોર/હેન્ડપંપ શારવામાં બાકી છે.

(૩) ઉક્ત બાકી રહેલ કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૩) સર્વેક્ષણ કરી જરૂરિયાત મુજબ માર્ચ-૨૦૧૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

છોટાઉદેપુર જિલ્લામાં આઈ.ટી.આઈ.

* ૨૬૧૨૦ શ્રી જયંતીભાઈ રાઠવા (જેતપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં કેટલી અને કઇ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ કાર્યરત છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલા અને ક્યા રાષ્ટ્રીય કક્ષાના વ્યવસાયો ચલાવવામાં આવે છે ?

જવાબ

(૧) છોટાઉદેપુર જિલ્લામાં નીચે દર્શાવ્યા મુજબની ૦૬ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ કાર્યરત છે.
(૧) ક્વાંટ (૨) છોટાઉદેપુર (૩) જબુગામ (૪) નસવાડી (૫) પાવી-જેતપુર (૬) સંખેડા.

(૨) આ સંસ્થાઓમાં આ સાથેના પત્રકમાં દર્શાવ્યા મુજબના ૧૦ વ્યવસાયો ચલાવવામાં આવે છે.

પત્રક

| ક્રમ | રાષ્ટ્રીય કક્ષાના વ્યવસાયો |
|---|---|
| ૧ | ઇલેક્ટ્રીશીયન |
| ૨ | ઇલેક્ટ્રોનિક્સ મિકેનિક |
| ૩ | કોમ્પ્યુટર ઓપરેટર-કમ-પ્રોગ્રામીંગ આસિસ્ટન્ટ |
| ૪ | પ્લમ્બર |
| ૫ | ફીટર |
| ૬ | મિકેનિક ડીઝલ એન્જિન |
| ૭ | મિકેનિક મોટર વ્હિકલ |
| ૮ | વાયરમેન |
| ૯ | વેલ્ડર |
| ૧૦ | સુઇંગ ટેકનોલોજી |

અમદાવાદ શહેરમાં બોઈલરોની તપાસ

* ૨૬૫૮૯ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેરમાં વટવા, લાંભા, નારોલ, દાણીલીમડા અને બહેરામપુરા વિસ્તારમાં બોઇલર ઇન્સ્પેક્ટરો દ્વારા કુલ કેટલી ફેક્ટરીઓ/કારખાના કે કંપનીઓમાં બોઇલરોની તપાસ કરવામાં આવી,

(૨) આ તપાસ દરમ્યાન કઇ ફેક્ટરીઓ/કારખાના કે કંપનીઓમાં ખામીઓ કે ગેરરીતિઓ સામે આવી,

(૩) તે અન્વયે કેટલી ફેક્ટરી/કારખાના/કંપનીઓને સીલ કરવામાં આવી, અને

(૪) તે અન્વયે કેટલા ઇસમો સામે શા પગલાં લેવામાં આવ્યા ?

જવાબ

(૧)

| વર્ષ | કુલ ફેક્ટરીઓ |
|---|---|
| ૨૦૧૪ | ૨૬૧ |
| ૨૦૧૫ | ૨૬૫. |

(૨) પરિશિષ્ટ મુજબ.

(૩) જે ક્ષતિઓ માલૂમ પડેલ હતી, તેની પૂર્તતા સંસ્થા દ્વારા કરાવામાં આવેલ હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પરિશિષ્ટ

| ક્રમ | સંસ્થાનું નામ | સ્થળ |
|---|---|---|
| ૧ | જાવેદ જમાલભાઈ | નારોલ |
| ૨ | આકાર ટેક્ષટાઇલ | નારોલ |
| ૩ | મયંક પ્રોસેર્સ પ્રા.લી. | પીપલજ |

| ક્રમ | સંસ્થાનું નામ | સ્થળ |
|---|---|---|
| ૪ | કાદમાવાલા ટેક્ષટાઇલ મીલ્સ પ્રા.લી. | વટવા |
| ૫ | પાર્થ કેમ એન્ડ ટેકનોલોજીસ | વટવા |
| ૬ | રોહન ડાયઝ એન્ડ ઇન્ટરમીડીયેટસ લી. | વટવા |
| ૭ | એમ.જી. ટેક્ષટાઇલ મીલ્સ | નારોલ |
| ૮ | એજીસ કેમીકલ્સ | વટવા |
| ૯ | મયંક પ્રોસેસર્સ પ્રા.લી. | નારોલ |
| ૧૦ | સન કેમીકલ્સ | વટવા |
| ૧૧ | સુકેમ લેબોરેટરીઝ | વટવા |
| ૧૨ | ક્રિષ્ના સ્ક્રીન આર્ટ | નારોલ |
| ૧૩ | દાનૂ ટેક્ષટાઇલ પ્રોસેસીંગ | બહેરામપુરા |
| ૧૪ | જીન્દાલ હોમટેક્ષ આઇ.એન.સી. | નારોલ |
| ૧૫ | સેવન પ્રોસેસર્સ | પીપલજ |
| ૧૬ | બોદલ કેમીકલ લી. | વટવા |
| ૧૭ | આવડત ટ્રેડિંગ પ્રા.લી. | બહેરામપુરા |
| ૧૮ | એડવાન્સ મલ્ટી ટેક પ્રા.લી. | પીપલજ |
| ૧૯ | મુકેશ ઇન્ડસ્ટ્રીઝ લી. | નારોલ |
| ૨૦ | રંગરેજ પ્રોસેસર્સ | પીપલજ |
| ૨૧ | ન્યુ રૂપ ટેક્ષટાઇલ, નારોલ | નારોલ |
| ૨૨ | બાબા ટેક્ષટાઇલ પ્રોસેસર્સ | નારોલ |
| ૨૩ | મંગલ ટેક્ષટાઇલ મીલ્સ પ્રા.લી. | નારોલ |
| ૨૪ | અંજની સીન્થેટીક્સ પ્રા.લી. | નારોલ |
| ૨૫ | અરફાત ડાઇંગ | સુએઝફાર્મ |
| ૨૬ | કેદાર કોટચપિન પ્રા.લી. | નારોલ |
| ૨૭ | વિશાલ ફેબ્રીક્સ પ્રા.લી. | નારોલ |
| ૨૮ | શિવમ સાઇઝીંગ | વટવા |
| ૨૯ | અરફત ડાઇંગ | સુએઝફાર્મ |
| ૩૦ | કાજલ ટેક્ષ મીલ | પીપલજ |
| ૩૧ | એસ.એફ.ડાઇંગ એન્ડ ફીનીશીંગ | નારોલ |
| ૩૨ | કે. રજાઇવાલા | દાણીલીમડા |
| ૩૩ | વિશ્વકર્મા ટેક્ષટાઇલ મીલ પ્રા.લી. | નારોલ |
| ૩૪ | મહેક સીન્થેટીક મીલ પ્રા.લી. | પીપલજ |
| ૩૫ | ખેડાવાલા કેલેન્ડર ફેક્ટરી | નારોલ |
| ૩૬ | મંગલ ટેક્ષટાઇલ મીલ્સ પ્રા.લી. | નારોલ |
| ૩૭ | જીંદાલ હોમટેક્ષ ઇંગઇ | પીપલજ |
| ૩૮ | કુમાર કોટન મીલ પ્રા.લી. | નારોલ |
| ૩૯ | એન.એચ.એચ. ટેક્ષ. પ્રોસેર્સ | બહેરામપુરા |
| ૪૦ | કોમલ ટેક્ષ ફેબ પ્રા.લી. | નારોલ |
| ૪૧ | હેમલાઇન્સ ટેક્ષટાઇલ્સ એક્ષપોર્ટસ પ્રા.લી. | નારોલ |
| ૪૨ | ઓમકાર ટેક્ષટાઇલ મીલ્સ | વટવા |
| ૪૩ | જય અંબે (ટેક્ષટાઇલ પ્રોસેસર્સ) | નારોલ |
| ૪૪ | આકાશ ફેશન પ્રિન્ટસ | નારોલ |
| ૪૫ | સ્વાન એનર્જી લી. | નારોલ |
| ૪૬ | વૈભવ લક્ષ્મી પ્રા.લી. | નારોલ |
| ૪૭ | નંદન ચીરીપાલ એનર્જી કોર્પોરેશન લી. | નારોલ |
| ૪૮ | આર.વી. ડેનીમ એક્ષપોર્ટસ લી. | નારોલ |

અતારાંકિત પ્રશ્નો

| ક્રમ | સંસ્થાનું નામ | સ્થળ |
|---|---|---|
| ૪૯ | શ્યામ કોર્પો. પ્રા.લી. | નારોલ |
| ૫૦ | સાગર ડ્રગ્સ એન્ડ ફર્માસ્યુટીકલ્સ પ્રા.લી. | વટવા |
| ૫૧ | બાલાજી ટેક્ષટાઇલ | નારોલ |
| ૫૨ | ક્રિએટીવ કલેક્શન | દાણીલીમડા |
| ૫૩ | ચિરાગ હેન્ડ પ્રોસેસ | દાણીલીમડા |
| ૫૪ | શીતલ ટેક્ષટાઇલ | નારોલ |
| ૫૫ | ભુમી ટેક્ષટાઇલ | નારોલ |
| ૫૬ | સાગર હેન્ડ પ્રોસેસ | નારોલ |
| ૫૭ | અકીક ડાય કેમ | દાણીલીમડા |
| ૫૮ | રાન્કાસ ટેક્ષફેબ | નારોલ |
| ૫૯ | સાહિલ ડાઇંગ | દાણીલીમડા |
| ૬૦ | બાલક્રિષ્ના ટેક્ષટાઇલ્સ પ્રા.લી. (યુનીટ–૨) | નારોલ–સરખેજ હાઇવે |
| ૬૧ | શ્રી શિવ શક્તિ કોટ ફેબ પ્રા.લી. | પીપલજ |

જુનાગઢ યાત્રાધામ ખાતે યાત્રાળુઓનો ઘસારો

* ૨૬૭૨૨ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ યાત્રાધામમાં દેવદિવાળીની પરિક્રમા તથા શિવરાત્રીના લાખો યાત્રિકોના ઘસારાને કારણે યાત્રિકોની ભીડ થવાથી મંદિરોમાં દર્શન તથા યાત્રાના સ્થળે પહોંચવામાં પડતી મુશ્કેલીની ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેના નિવારણ માટે સરકારે શી વ્યવસ્થા હાથ ધરી છે ?

જવાબ

(૧) અને (૨)

ના, જી. કોઇ ફરિયાદ મળેલ નથી. પરંતુ દેવદિવાળીની પરિક્રમા અને મહાશિવરાત્રી મેળાના આયોજન અંગેની બેઠકોમાં થતી રજુઆતોને ધ્યાને લઇ નીચે મુજબ વ્યવસ્થા કરવામાં આવે છે.

(૧) દેવદિવાળી પરિક્રમા અને મહાશિવરાત્રી મેળા દરમ્યાન શ્રધ્ધાળુઓની વિશેષ પ્રમાણમાં સુવિધા અને સુરક્ષા જળવાય તેમજ મુશ્કેલી ન પડે તે માટે વહીવટી તંત્રના સંલગ્ન વિભાગ/કચેરીઓનું સેવાલક્ષી સંકલન કરી જરૂરી વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

(૨) પોલીસતંત્રના ટ્રાફિક નિયમનના હેતુસર જરૂરિયાત મુજબ જાહેરનામા પ્રસિદ્ધ કરી અમલવારી કરવામાં આવે છે.

(૩) મોટી સંખ્યામાં મંદિરોએ જતાં યાત્રાળુઓની સુવિધા અને સગવડ માટે સ્થાનિક પુજારી/સંચાલકોના સંકલનમાં રહી તથા ઉચિત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવે છે.

દાહોદ જિલ્લામાંથી રોજગાર અર્થે સ્થળાંતરિત શ્રમિકો

* ૨૬૦૧૫ શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાંથી પ્રતિવર્ષ રોજગારી અર્થે જિલ્લા બહાર જતાં મજુરોની નોંધણી કરવામાં આવે છે કે કેમ, અને

(૨) ઉક્ત જિલ્લામાં સ્થાનિક કક્ષાએ જ રોજગારી મળે અને રોજગારી માટે સ્થળાંતરિત ન થવુ પડે તે માટે સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શા પગલા લીધા ?

જવાબ

(૧) રોજગારી અર્થે જિલ્લા બહાર જતાં મજુરોની નોંધણી કરવા અંગેની કોઇ જોગવાઇ શ્રમ કાયદાઓમાં નથી. આથી નોંધણી કરવામાં આવતી નથી.

(૨) કોન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦ હેઠળ જ્યારે કોન્ટ્રાક્ટ લેબર લાયસન્સ આપવામાં આવે છે ત્યારે કોન્ટ્રાક્ટરો પાસેથી ૮૫ ટકા સ્થાનિક ભરતી કરવા અંગેની બાંહેધરી લેવામાં આવે છે, જેના કારણે શ્રમિકોને સ્થાનિક કક્ષાએ જ રોજગારી

ઉપલબ્ધ કરાવી શકાય છે. આથી ઉક્ત સ્થિતિએ કોઇ ફરિયાદ મળેલ નથી, આથી પગલા ભરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

આણંદ જિલ્લામાં વિકલાંગોને શિષ્યવૃત્તિ

* ૨૬૦૭૫ શ્રી સંજયકુમાર પટેલ (ખંભાત) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) આણંદ જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી રકમ ચુકવવામાં આવી ?

જવાબ

(૧) ૨,૧૨૩.

(૨) ૨,૦૧૬.

(૩) કુલ રૂપિયા ૨૪,૨૩,૫૦૦/– (અંકે રૂપિયા ચોવીસ લાખ ત્રેવીસ હજાર પાંચસો પુરા)ની શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી.

બોટાદ જિલ્લામાં વિકલાંગોને શિષ્યવૃત્તિ

* ૨૬૧૧૮ ડૉ. ટી. ડી. માણીયા (બોટાદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) બોટાદ જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી રકમ ચુકવવામાં આવી ?

જવાબ

(૧) ૧૯૫.

(૨) ૧૯૨.

(૩) કુલ રૂપિયા ૨,૪૫,૦૦૦/– (અંકે રૂપિયા બે લાખ પીસ્તાળીસ હજાર પુરા)ની શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી.

ગાંધીનગર જિલ્લામાં સંકટ મોચન યોજના

* ૨૬૧૨૪ શ્રી અશોકકુમાર પટેલ (ગાંધીનગર ઉત્તર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં સંકટ મોચન યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે, અને

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરી અને કેટલી અરજીઓ નામંજૂર કરી ?

જવાબ

(૧) અને (૨)

તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં સંકટમોચન યોજના હેઠળ તાલુકાવાર મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૧૦ | ૬ | ૪ |
| ૨ | કલોલ | ૫૯ | ૩૪ | ૨૫ |
| ૩ | માણસા | ૪૧ | ૨૯ | ૧૨ |
| ૪ | દહેગામ | ૫૬ | ૩૯ | ૧૭ |
| | કુલ | ૧૬૬ | ૧૦૮ | ૫૮ |

શ્રમિકોના કલ્યાણ માટે સેસની જમા રકમ

* ૨૬૦૩૪ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ વેલ્ફેર સેસ એક્ટ–૧૯૯૬ હેઠળ એકત્રિત થતી સેસની રકમમાંથી કેટલીક રકમને ગુજરાત સ્ટેટ ફાઇનાન્સીયલ સર્વિસ લિમિટેડ નામની બેંકમાં ડીપોઝીટ કરાવવાની થાય છે તે હકીકત તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ સાચી છે,

જવાબ

(૧) સેસની રકમ રાજ્યના એકત્રિત ભંડોળમાં જમા થાય છે અને તે અન્વયે અંદાજપત્રિય જોગવાઇ કરી, ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડને ગ્રાન્ટ તરીકે રકમની ફાળવણી કરવામાં આવે છે. આ ગ્રાન્ટની વણવપરાયેલ રકમ નાણા વિભાગની પ્રવર્તમાન સૂચનાઓ મુજબ ગુજરાત સ્ટેટ ફાઇનાન્સીયલ સર્વિસીસમાં થાપણ તરીકે જમા કરાવવાની રહે છે.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ઉક્ત બેંકમાં જમા છે, અને — (૨) રૂ.૫૮૫.૬૬ કરોડ.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જમા રકમ અન્વયે કેટલી રકમ વ્યાજરૂપે મળેલ છે ? — (૩) રૂ.૪૩૮૬.૬૭ લાખ.

જામનગર જિલ્લામાં શિષ્યવૃત્તિ

* ૨૬૧૦૭ શ્રી ચીમનભાઈ શાપરીયા (જામજોધપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં ધોરણ ૧ થી ૪ શિષ્યવૃત્તિ યોજનામાં નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ મેળવવા કેટલી અરજીઓ મળી, અને | (૧) ૬,૩૩૬ અરજીઓ. |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી શિષ્યવૃત્તિની રકમ ચૂકવવામાં આવી ? | (૨) ૬,૩૩૬ વિદ્યાર્થીઓને કુલ રૂ.૩૧,૬૮,૦૦૦/– ની રકમ ચૂકવવામાં આવેલ છે. |

જામનગર જિલ્લામાં સમૂહ લગ્ન સહાય

* ૨૬૭૫૧ શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વિકસતી જાતિની સામાજીક સંસ્થાઓ દ્વારા સાતફેરા સમૂહલગ્ન યોજના અન્વયે જામનગર જિલ્લામાં કેટલી અરજીઓ છેલ્લા બે વર્ષમાં મળી છે, — (૧)

| મળેલ અરજીઓ | | |
|---|---|---|
| વર્ષ | સંસ્થા | યુગલ |
| ૨૦૧૪ | ૦૧ | ૧૬ |
| ૨૦૧૫ | ૦૫ | ૬૭ |
| કુલ | ૦૬ | ૮૩ |

(૨) તે પૈકી વર્ષવાર કેટલી સહાય સંસ્થાને તથા યુગલોને આપવામાં આવી, — (૨)

| વર્ષ | ચૂકવેલ સહાય (રૂ.લાખમાં) | | કુલ ચૂકવેલ સહાય (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| | સંસ્થા | યુગલ | |
| ૨૦૧૪ | ૦.૩૨ | ૧.૬૦ | ૧.૯૨ |
| ૨૦૧૫ | ૧.૩૪ | ૬.૭૦ | ૮.૦૪ |

(૩) કેટલી અરજીઓ ના મંજૂર કરવામાં આવી અને તેના શા કારણો છે, અને — (૩) શૂન્ય.

(૪) ઉકત સ્થિતિએ પડતર તમામ અરજીઓમાં સહાય ક્યાં સુધીમાં ચૂકવવામાં આવનાર છે ? — (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અરવલ્લી જિલ્લામાં ગ્રાન્ટ ઈન એઈડ વિકલાંગ શાળાઓ

* ૨૬૭૧૪ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર વિકલાંગો માટેની ગ્રાન્ટેડ ઈન એઈડ કુલ કેટલી વિકલાંગ શાળાઓ આવેલી છે, | (૧) ૪ |
| (૨) ગ્રાન્ટેડ ઈન એઈડ વિકલાંગ શાળામાં ૧૧ માસના કરાર આધારે ફરજ બજાવતાં શૈક્ષણિક કર્મચારીઓને ઉકત સ્થિતિએ માસિક કેટલું વેતન આપવામાં આવે છે, અને | (૨) રૂ.૩૮૦૦/– |

(૩) કરાર આધારે ફરજ બજાવતાં ઉકત શૈક્ષણિક કર્મચારીઓને માસિક વેતન આપવામાં આવે છે તેમાં વધારો કરવાનું આયોજન છે કે કેમ ?

(૩) કરાર આધારે ફરજ બજાવતા ઉકત શૈક્ષણિક કર્મચારીઓને માસિક વેતન આપવામાં આવે છે. તેમાં વધારો કરવા ઉચ્ચકક્ષાએ બેઠકનું આયોજન છે.

દાહોદ જિલ્લામાં પીવાના પાણીની વ્યવસ્થા

* ૨૫૯૯૬ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર પીવાના પાણીની કેટલી જરૂરીયાત છે અને કેટલું પાણી ઉપલબ્ધ છે, અને

જવાબ

(૧) દાહોદ જિલ્લામાં તાલુકાવાર પીવાના પાણીની જરૂરીયાત તથા ઉપલબ્ધી નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | પીવાના પાણીની જરૂરીયાત (ખકઉ) | ઉપલબ્ધ જથ્થો (ખકઉ) |
|---|---|---|---|
| ૧ | દાહોદ | ૪૫.૭૦ | ૫૨.૩૧ |
| ૨ | ગરબાડા | ૧૪.૮૭ | ૧૪.૮૭ |
| ૩ | લીમખેડા | ૨૩.૧૯ | ૨૩.૧૯ |
| ૪ | ધાનપુર | ૧૩.૪૮ | ૧૩.૪૮ |
| ૫ | દેવગઢબારીયા | ૨૦.૨૧ | ૨૨.૨૪ |
| ૬ | ઝાલોદ | ૩૦.૯૬ | ૩૦.૯૬ |
| ૭ | ફતેપુરા | ૧૭.૮૦ | ૧૮.૨૦ |
| ૮ | સંજેલી | ૦૭.૧૨ | ૭.૧૨ |
| | કુલ | ૧૭૩.૩૩ | ૧૮૨.૩૭ |

(૨) તે અન્વયે સન ૨૦૧૬ના ઉનાળાને ધ્યાને લઈ ઉકત જિલ્લામાં પીવાના પાણીની તંગી ના પ્રવર્તે તે માટે રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે કે પગલાં લીધેલ છે ?

(૨) સને ૨૦૧૬ ના ઉનાળાને ધ્યાને લઈ દાહોદ જિલ્લામાં સંભવિત પીવાના પાણીની તંગી નિવારવા જરૂરીયાત મુજબ નવીન હેન્ડપંપ, હેન્ડપંપ રીપેરીંગ, નવીન બોર, હયાત વ્યકિતગત/જુથ યોજના સુધારણા તથા જરૂર જણાયે ટેન્કરથી પાણી પુરૂં પાડવાનું આયોજન કરેલ છે.

ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં સમાજ કલ્યાણ નિરીક્ષકની ખાલી જગ્યાઓ

* ૨૬૭૨૯ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં જિલ્લાવાર વિકસતી જાતિ કલ્યાણ વિભાગ હસ્તકની કચેરીઓમાં સમાજ કલ્યાણ નિરીક્ષકનું મંજૂર થયેલ મહેકમ તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ કેટલું છે,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ઉકત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

જવાબ

(૧), (૨) અને (૩) :

| જિલ્લાવાર નીચે મુજબ છે | | | | |
|---|---|---|---|---|
| જિલ્લો | મંજૂર થયેલ મહેકમ | મંજૂર પૈકી ભરાયેલ જગ્યાઓ | મંજૂર પૈકી ખાલી જગ્યાઓ | ખાલી પૈકી એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી જગ્યાઓ |
| ગીર સોમનાથ | ૫ | ૩ | ૨ | ૨ |
| જૂનાગઢ | ૮ | ૪ | ૪ | ૪ |

(૪) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૪) વહેલી તકે.

ગુજરાત સ્ટેટ પ્રોટેકશન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ કમિશનમાં ખાલી જગ્યાઓ

* ૨૬૦૪૦ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૮–૯–૨૦૧૨ ના જાહેરનામાથી રાજ્યમાં ગુજરાત સ્ટેટ કમિશન ફોર પ્રોટેકશન ઓફ

જવાબ

(૧) હા, જી.

ચાઈલ્ડ રાઈટ્સની રચના કરવામાં આવેલ છે તે હકીકત તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ સાચી છે,

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને સંવર્ગવાર કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૨)

| ક્રમ | જગ્યાનું નામ | સંવર્ગ | મંજૂર જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ક્યારથી ખાલી |
|---|---|---|---|---|---|---|
| ૧ | સચિવ | આઈ.એ.એસ. | ૧ | ૦ | ૧ | ૧.૧૦.૧૩ |
| ૨ | નાયબ સચિવ/ અધિક સચિવ | વર્ગ-૧ | ૧ | ૧ | ૦ | |
| ૩ | સેકશન અધિકારી | વર્ગ-૨ | ૧ | ૧ | ૦ | |
| ૪ | સ્ટેનોગ્રાફર | વર્ગ-૨ | ૨ | ૧ | ૧ | ૧.૪.૧૩ |
| ૫ | નાયબ સેકશન અધિકારી | વર્ગ-૩ | ૨ | ૧ | ૧ | ૧.૭.૧૩ |
| ૬ | નાયબ હિસાબનીશ | વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | |
| ૭ | કલાર્ક | વર્ગ-૩ | ૨ | ૨ | ૦ | |
| | | કુલ | ૧૦ | ૭ | ૩ | |

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) બનતી ત્વરાએ.

### અમીરગઢ, ગુંદરી, અંબાજી અને થરાદ ચેકપોસ્ટ પર બંધ કેમેરા

* ૨૬૭૦૯ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વાહનવ્યવહાર વિભાગની અમીરગઢ, ગુંદરી, અંબાજી અને થરાદ ચેકપોસ્ટો પરના સીસીટીવી કેમેરા વારંવાર બંધ હાલતમાં રહે છે તે હકીકત સાચી છે કે કેમ, અને

(૨) જો હા, તો આ ફરીયાદના નિવારણ માટે સરકારે શા પગલાં લીધા છે ?

જવાબ

(૧) ના, આ ચેકપોસ્ટો ઉપરના સી.સી.ટી.વી. કેમેરા ઘણા વર્ષો પહેલાં લગાવેલા છે માટે તાંત્રિક ક્ષતિઓના કારણે ક્યારેક-ક્યારેક બંધ હાલતમાં રહે છે.

(૨) સીસ્ટમ ઈન્ટીગ્રેટેડ પ્રોજેકટ અંતર્ગત રાજ્યની તમામ ચેકપોસ્ટો ખાતે અદ્યતન ટેકનોલોજીવાળા સીસીટીવી કેમેરા પ્રથાપિત કરવામાં આવનાર છે. વર્ષ ૨૦૧૬ના અંત સુધીમાં આ કામગીરી પૂર્ણ કરવાનો અંદાજ છે.

### જામનગર જિલ્લામાં ગણવેશ સહાય

* ૨૬૧૦૮ શ્રી મેઘજીભાઈ ચાવડા (કાલાવડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) જામનગર જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ વિકસતી જાતિના વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા કુલ કેટલી અરજીઓ મળી, અને

(૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી રકમ સહાય ચૂકવવામાં આવી ?

જવાબ

(૧) ૮૧૨૪૯.

(૨) ૮૧,૨૪૯ વિદ્યાર્થીઓને રૂ.૨,૪૩,૭૪,૭૦૦/- ની સહાય ચૂકવવામાં આવી.

### મહીસાગર જિલ્લામાં વાસ્મો યોજના

* ૨૬૦૧૩ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

## અતારાંકિત પ્રશ્નો

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં તાલુકાવાર વાસ્મો યોજના અન્વયે પાણીની સુવિધા માટે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી અરજીઓ/ માંગણીઓ મળી,

(૨) તે અન્વયે ઉકત તાલુકાવાર, વર્ષવાર કેટલી યોજનાઓ મંજૂર કરી અને કેટલી રકમના ખર્ચે ક્યા કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) ઉકત સ્થિતિએ કેટલા કામો અપૂર્ણ છે અને તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

જવાબ

(૧), (૨) અને (૩) : તાલુકાવાર અને વર્ષવાર નીચેની વિગતે.

| વર્ષ-૨૦૧૪ | | | | | |
|---|---|---|---|---|---|
| તાલુકો | અરજી/ માંગણી | યોજના મંજૂર | યોજના પૂર્ણ | યોજના પ્રગતિમાં | થયેલ ખર્ચ રૂ.(લાખમાં) |
| લુણાવાડા | ૧૭ | ૧૭ | ૫ | ૧૨ | ૮૬.૧૩ |
| વિરપુર | ૭ | ૭ | ૨ | ૫ | ૧૭.૭૦ |
| સંતરામપુર | ૧૮ | ૧૮ | ૨ | ૧૬ | ૧૧૦.૮૩ |
| કડાણા | ૩૫ | ૩૫ | ૮ | ૨૭ | ૨૦૮.૫૧ |
| ખાનપુર | ૨૪ | ૨૪ | ૫ | ૧૯ | ૮૨.૩૪ |
| બાલાસિનોર | ૧૦ | ૧૦ | ૫ | ૫ | ૫૮.૨૨ |
| કુલ | ૧૧૧ | ૧૧૧ | ૨૭ | ૮૪ | ૫૬૩.૭૩ |
| વર્ષ-૨૦૧૫ | | | | | |
| તાલુકો | અરજી/ માંગણી | યોજના મંજૂર | યોજના પૂર્ણ | યોજના પ્રગતિમાં | થયેલ ખર્ચ રૂ.(લાખમાં) |
| લુણાવાડા | ૨૧ | ૨૧ | ૫ | ૧૬ | ૫૪.૮૭ |
| વિરપુર | ૯ | ૯ | ૦ | ૯ | ૩૦.૪૭ |
| સંતરામપુર | ૨૩ | ૨૩ | ૦ | ૨૩ | ૧૮.૮૫ |
| કડાણા | ૧૭ | ૧૭ | ૦ | ૧૭ | ૨૪.૦૮ |
| ખાનપુર | ૧૧ | ૧૧ | ૦ | ૧૧ | ૧૨.૪૫ |
| બાલાસિનોર | ૧૦ | ૧૦ | ૧ | ૯ | ૧૮.૯૯ |
| કુલ | ૯૧ | ૯૧ | ૬ | ૮૫ | ૧૫૯.૭૧ |
| કુલ સરવાળો | ૨૦૨ | ૨૦૨ | ૩૩ | ૧૬૯ | ૭૨૩.૪૪ |

કુલ મળેલ ૨૦૨ યોજનાની માંગણી પૈકી તમામ ૨૦૨ યોજના મંજૂર કરેલ છે. તે પૈકી ૩૩ યોજનામાં ગામની આંતરિક પેયજળ યોજના હેઠળ સોર્સ, પંપીગ મશીનરી, પંપરૂમ, પાઈપ લાઈન, સ્ટૉરેજના વગેરે આનુશાંગિક કામો સંબંધિત પાણી સમિતિ મારફત હાથ ધરી પૂર્ણ કરવામાં આવેલ છે. અને પ્રગતિ હેઠળની ૧૬૯ યોજનાઓ સંબંધિત પાણી સમિતિ મારફત વહેલીતકે પૂર્ણ કરવાનું આયોજન છે.

### બનાસકાંઠા જિલ્લામાં આદર્શ નિવાસી શાળાઓ

* ૨૬૧૨૭ શ્રી પરબતભાઈ પટેલ (થરાદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની કેટલી આદર્શ નિવાસી શાળાઓ આવેલી છે, અને

(૨) તે પૈકી કેટલી આદર્શ નિવાસી શાળાઓ સરકારી મકાનમાં કાર્યરત છે ?

જવાબ

(૧) ૦૨.

(૨) ૦૨.

### રાજકોટ જિલ્લામાં કન્યાઓને સાયકલ સહાય

* ૨૬૧૧૧ શ્રીમતી ભાનુબેન બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) રાજકોટ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં તા.૩૧-૧૨-

જવાબ

(૧) ૬૩૫૨.

૨૦૧૫ની સ્થિતિએ વિકસતી જાતિની કન્યાઓની સાયકલ માટેની કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, (૨) ૬૩૫૨.

અને

(૩) કેટલી કન્યાઓને સાયકલો વિતરણ કરી ? (૩) ૬૩૨૨.

અરવલ્લી જિલ્લામાં વિદ્યાર્થીઓને લોન સહાય

* ૨૬૭૩૯ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અનુસૂચિત જાતિના કેટલા વિદ્યાર્થીઓને વિદેશ ઉચ્ચ અભ્યાસ માટે અને કોમર્શીયલ પાયલોટ તાલીમ માટે લોન સહાય આપવામાં આવી, અને

જવાબ

(૧) વિદેશ ઉચ્ચ અભ્યાસ લોન યોજના હેઠળ તાલુકાવાર આપેલ લોન નીચે મુજબ છે.

| તા. ૦૧–૦૧–૨૦૧૪ થી તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં | | | તા. ૦૧–૦૧–૨૦૧૫ થી તા. ૩૧–૧–૨૦૧૬ સુધીમાં | | |
|---|---|---|---|---|---|
| અ.નં. | તાલુકાનું નામ | વિદ્યાર્થીની સંખ્યા | અ.નં. | તાલુકાનું નામ | વિદ્યાર્થીની સંખ્યા |
| ૧ | ભીલોડા | ૦૧ | ૧ | ભીલોડા | ૦૦ |
| ૨ | મોડાસા | ૦૧ | ૨ | મોડાસા | ૦૧ |
| ૩ | મેઘરજ | ૦૦ | ૩ | મેઘરજ | ૦૦ |
| ૪ | માલપુર | ૦૦ | ૪ | માલપુર | ૦૦ |
| ૫ | ધનસુરા | ૦૦ | ૫ | ધનસુરા | ૦૦ |
| ૬ | બાયડ | ૦૦ | ૬ | બાયડ | ૦૦ |
| | કુલઃ– | ૦૨ | | કુલઃ– | ૦૧ |

કોમર્શિયલ પાયલોટ તાલીમ લોન યોજનામાં અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં એક પણ અરજી મળેલ ન હોઈ લોન સહાય આપવામાં આવેલ નથી.

(૨) તે પાછળ ઉક્ત વર્ષવાર તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૨) વિદેશ ઉચ્ચ અભ્યાસ લોન યોજના

| તા. ૦૧–૦૧–૨૦૧૪ થી તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં | | | તા. ૦૧–૦૧–૨૦૧૫ થી તા. ૩૧–૧–૨૦૧૬ સુધીમાં | | |
|---|---|---|---|---|---|
| અ.નં. | તાલુકાનું નામ | ખર્ચ (રૂ. લાખમાં) | અ.નં. | તાલુકાનું નામ | ખર્ચ (રૂ. લાખમાં) |
| ૧ | ભીલોડા | ૧૫.૦૦ | ૧ | ભીલોડા | ૦૦ |
| ૨ | મોડાસા | ૧૫.૦૦ | ૨ | મોડાસા | ૧૫.૦૦ |
| ૩ | મેઘરજ | ૦૦ | ૩ | મેઘરજ | ૦૦ |
| ૪ | માલપુર | ૦૦ | ૪ | માલપુર | ૦૦ |
| ૫ | ધનસુરા | ૦૦ | ૫ | ધનસુરા | ૦૦ |
| ૬ | બાયડ | ૦૦ | ૬ | બાયડ | ૦૦ |
| | કુલઃ– | રૂ. ૩૦.૦૦ | | કુલઃ– | રૂ. ૧૫.૦૦ |

કોમર્શિયલ પાયલોટ તાલીમ લોન યોજનામાં અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં એક પણ અરજી મળેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત

## તા. ૩૧મી માર્ચ, ૨૦૧૬
## અતારાંકિત પ્રશ્નો
થતો નથી.

### નવસારી જિલ્લામાં વિકલાંગોને શિષ્યવૃત્તિ

* ૨૬૧૨૧ શ્રી પિયુષભાઈ દેસાઈ (નવસારી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના અન્વયે તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, અને | (૧) ૪૫૯ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૪૫૫ |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૩) કુલ રૂ. ૫,૨૮,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ લાખ અઠ્ઠાવીસ હજાર પુરા)ની શિષ્યવૃત્તિ ચુકવવામાં આવેલ છે. |

### આણંદ જિલ્લામાં શિષ્યવૃત્તિ

* ૨૬૧૨૮ શ્રી સંજયકુમાર પટેલ (ખંભાત) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં ધોરણ ૧ થી ૪ શિષ્યવૃત્તિ યોજનામાં નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ મેળવવા કેટલી અરજીઓ મળી, અને | (૧) ૬૨,૬૮૮ અરજીઓ |
| (૨) તે અન્વયે કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી શિષ્યવૃત્તિની રકમ ચૂકવવામાં આવી? | (૨) ૬૨,૬૮૮ વિદ્યાર્થીઓને કુલ રૂ. ૨,૯૪,૪૨,૦૦૦/–ની રકમ ચૂકવવામાં આવી. |

### અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં શ્રમિકોને યુવિન (ઞ-ઠઈંગ) કાર્ડ

* ૨૬૦૩૫ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

રાજ્યકક્ષાના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ અસંગઠિત ક્ષેત્રના શ્રમયોગીઓને યુવિન (ઝ-ઠ્ઇંગ) કાર્ડ આપવાનો પ્રોજેક્ટ કાર્યરત છે,

(૨) જો હા, તો ઉક્ત પ્રોજેક્ટમાં આધાર કાર્ડને મુખ્ય પુરાવા તરીકે લઇને યુવિન (ઝ-ઠ્ઇંગ) કાર્ડ આપવામાં આવે છે તે હકીક્ત સાચી છે,

(૩) જો હા, તો તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર કેટલા શ્રમયોગીઓને યુવિન (ઝ-ઠ્ઇંગ) કાર્ડ આપવામાં આવ્યા?

જવાબ

(૧) હા,

(૨) અસંગઠિત શ્રમયોગીઓની નોંધણી માટેના ઠરાવેલ ફોર્મ સાથે જુદા જુદા પુરાવા જેવા કે, ચુંટણી ઓળખકાર્ડ, રેશનકાર્ડ, આધારકાર્ડ, વિગેરે પુરાવાઓ નક્કી કરેલ છે જેમાં આધારકાર્ડ એક પુરાવા તરીકે નક્કી કરેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં કુલ ૨૯૦૦૭ શ્રમયોગીઓને ઝ-ઠ્ઇંગ કાર્ડ આપવામાં આવ્યા છે, જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લાવાર | ઝ-ઠ્ઇંગ કાર્ડની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૬૩૯૬ |
| ૨ | ગાંધીનગર | ૧૨૬૧૧ |

ગુજરાત બાર કાઉન્સિલને સહાય

* ૨૬૭૧૬ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ગુજરાત બાર કાઉન્સિલ દ્વારા છેલ્લા બે વર્ષમાં ગુજરાત રાજ્યના વકીલોના વેલ્ફેર માટે રાજ્ય સરકાર દ્વારા નાણાંકીય સહાય મળી રહે તે સારૂ સરકારને કોઈ દરખાસ્ત મળેલ છે કે કેમ,

(૨) જો હા, તો તે અન્વયે કોઈ રકમ ફાળવણી કરવામાં આવેલ છે કે કેમ, અને

(૩) જો કોઈ રકમ ફાળવી ન હોય તો ક્યાં સુધીમાં આ દરખાસ્ત પર નિર્ણય કરવામાં આવશે?

જવાબ

(૧) હા જી.

(૨) ના જી.

(૩) સરકારશ્રીના વિચારાધીન છે.

---------

રાજ્યકક્ષાના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)

(૧) કોમન સર્વિસ પોર્ટલ કાર્યાન્વિત કરવા અંગે

શ્રી ગોવિંદભાઈ પટેલ ( રાજયકક્ષાના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા આપણો તાલુકો- વાયબ્રન્ટ તાલુકો અને ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ સેન્ટરો દ્વારા રાજયની પ્રજાને સેવાઓ પૂરી પાડવાની કામગીરી કરવામાં આવે છે. રાજયની પ્રજાને આજના આધુનિક યુગમાં ઓનલાઇન સેવાઓ પૂરી પાડવા માટે રાજય સરકાર કટિબદ્ધ છે.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇના ડિજીટલ ઇન્ડિયાના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં માનનીય મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની ગતિશીલ સરકાર ડિજીટલ ગુજરાત અંતર્ગત રાજયના નાગરિકોને એક પોર્ટલની સુવિધા અર્પણ કરે છે.

રાજય સરકાર, રાજયના નાગરિકોને જુદા જુદા વિભાગોની સેવાઓ એક પોર્ટલના માધ્યમથી ઓનલાઇન ઉપલબ્ધ થાય તે માટે મશલશફિંહલીષફિ.િલજ્ઞદ.શક્ષ નામના પોર્ટલના માધ્યમથી જુદા જુદા વિભાગોની સેવાઓ, જન સેવા કેન્દ્રો તથા આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ તબક્કાવાર રાજયના નાગરિકોને ઘેર બેઠાં ઉપલબ્ધ કરાવવામાં આવશે.

પોર્ટલમાં પેમેન્ટ ગેટવેની સુવિધા રાખવામાં આવેલ છે, જે દ્વારા અરજદાર સેવા માટે નિયત ફી ભરી શકશે. આ સેવાઓ ઓનલાઇન મેળવવા માટે સામાન્યતઃ ઓનલાઇન ચૂકવણી માટે ટ્રાન્ઝેકશન ચાર્જ જે તે બેંક દ્વારા વસૂલ કરવામાં આવતો હોય છે. રાજયના નાગરિકોને આ ટ્રાન્ઝેકશન ચાર્જ ચૂકવવો ન પડે તેવી વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે. આ ટ્રાન્ઝેકશન ચાર્જ રાજય સરકાર ભોગવશે.

## તા. ૩૧મી માર્ચ, ૨૦૧૬

## રાજયકક્ષાના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪)

અરજદારો પોતાના અસલ પ્રમાણપત્રો એક વખત જે તે એટીવીટી સેન્ટરો / જન સેવા કેન્દ્રો ઉપર ચકાસણી કરાવી ડિજીટલ વોલ્ટનો પણ ઉપયોગ કરી શકશે. ત્યાર બાદ ડિજીટલ વોલ્ટ મારફતે સિસ્ટમ દ્વારા અરજદારને કોઇ પણ સેવા મેળવવા માટે અસલ પ્રમાણપત્રોની ચકાસણી વારંવાર કરાવવી નહીં પડે.

તા. ૧ એપ્રિલ, ૨૦૧૬થી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ, મહેસૂલ વિભાગ, નાણા વિભાગ, મહિલા અને બાળ કલ્યાણ વિભાગ અને ગૃહ વિભાગની નીચે જણાવેલ સેવાઓ તુરત જ ઓનલાઇન ઉપલબ્ધ થશે.

નાના ખેડૂતનું પ્રમાણપત્ર, આવકનું પ્રમાણપત્ર, એસ.ઇ.બી.સી. (SEBC) પ્રમાણપત્ર, એસ.સી./એસ.ટી. જાતિ પ્રમાણપત્ર, વારસાઇ સર્ટિફિકેટ, ડોમિસાઇલ પ્રમાણપત્ર, વરિષ્ઠ નાગરિક પ્રમાણપત્ર, ચારિત્ર્ય પ્રમાણપત્ર, ધાર્મિક લઘુમતી પ્રમાણપત્ર, વિધવા પ્રમાણપત્ર, આર્થિક રીતે પછાતનું પ્રમાણપત્ર, હોટલ લાયસન્સ રિન્યુઅલ, પાક સંરક્ષણ આર્મ લાયસન્સ રીન્યુઅલ, નોન ક્રિમી લેયર પ્રમાણપત્ર ( કેન્દ્ર સરકારની સેવાઓ માટે), નોન ક્રિમી લેયર પ્રમાણપત્ર ( રાજય સરકારની સેવા માટે), રેશન કાર્ડમાં નામ દાખલ ( ફોર્મ –૩), નવા રેશન કાર્ડ માટેની અરજી (ફોર્મ– ૨), રેશન કાર્ડમાંથી નામ કમી ( ફોર્મ–૪), રહેઠાણ ફેરબદલીની અરજી (ફોર્મ–૬), જુદું રેશન કાર્ડ બનાવવાની અરજી (ફોર્મ–૫ ), ડુપ્લીકેટ રેશન કાર્ડ અંગેની અરજી ( ફોર્મ–૯) વગેરે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે રાજયના નાગિરકો હાલની વ્યવસ્થા મુજબ એટીવીટી સેન્ટરો, જનસેવા કેન્દ્રો અને ઇ–ગ્રામ વિશ્વગ્રામ સેન્ટરો મારફતે જે સેવાઓ મેળવે છે તે ઉપરાંત પ્રથમ તબક્કે જુદી જુદી ૨૮ સેવાઓનો લાભ ઘેર બેઠાં ઓનલાઇન મેળવી શકશે, અને જરૂરી પ્રમાણપત્ર કે જવાબ જે તે સેન્ટર ઉપરથી રૂબરૂ, ટપાલ મારફતે અથવા ઓનલાઇન મેળવવાની જોગવાઇ કરવામાં આવેલ છે.

રાજયના નાગરિકોને ઓનલાઇન અરજી કરવા માટે જરૂરી માર્ગદર્શન અથવા ફરિયાદ નિવારણ માટે ૨૪ x ૭ હેલ્પ લાઇનની વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે.

### બાયસેગ દ્વારા સંચાલિત વંદે ગુજરાત ચેનલના પ્રસારણ અંગે

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સેટેલાઇટ કમ્યુનિકેશન (સેટકોમ) એ ઉપગ્રહના માધ્યમથી લોકોના ઘર સુધી ટીવી પર શિક્ષણ, તાલીમ, માહિતી વગેરે પહોંચાડવા માટેની પ્રણાલી છે. આ પ્રણાલીના ઉપયોગથી રાજય સરકાર લોકોને ડાયરેકટ ટુ હોમ (ડીટીએચ) ચેનલના માધ્યમથી શિક્ષણ, તાલીમ, માહિતી, કૌશલ્ય વર્ધન, મહિલા સશકિતકરણ, કમ્પ્યુટરની તાલીમ, આરોગ્ય, કૃષિ અને પશુપાલન, વિભાગીય તાલીમ અને વિસ્તરણ અને સ્વચ્છતા અભિયાન વગેરેને લગતા કાર્યક્રમો વિના મૂલ્યે ઘર સુધી ટીવી પર પહોંચાડી શકે છે.

વિજ્ઞાન અને પ્રાદ્યોગિકી વિભાગ દ્વારા બાયસેગ ખાતેથી આ પ્રકારની બે ડીટીએચ ચેનલ વર્ષ ૨૦૦૫–૦૬થી ચલાવવામાં આવે છે. આ ચેનલનો ઉપયોગ રાજયના લગભગ બધા જ વિભાગો જેવા કે શિક્ષણ, આરોગ્ય, ગૃહ, કૃષિ અને સહકાર, રોજગાર અને તાલીમ, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગ્રામ વિકાસ, સામાન્ય વહીવટ વગેરે દ્વારા કરવામાં આવતો હતો.

આ સુવિધાનો ઉપયોગ વધતા ગુજરાત સરકારે વિશિષ્ટ શૈક્ષણિક ડી.ટી.એચ. ચેનલના માધ્યમથી શિક્ષણ, કૌશલ્યવર્ધન, મહિલા સશકિતકરણ, કમ્પ્યુટરની તાલીમ, આરોગ્ય, કૃષિ અને પશુપાલન, વિભાગીય તાલીમ અને વિસ્તરણ, ડીજીટલ જ્ઞાન, સ્વચ્છતા અભિયાન વગેરેને લગતા કાર્યક્રમો વિના મૂલ્યે ઘર સુધી ટીવી પર પહોંચાડવા માટેનો સંકલ્પ કર્યો અને આ પ્રકારની વધારે ચેનલ શરૂ કરવા જરૂરી ઉપગ્રહ સુવિધા પૂરી પાડવા માટે કેન્દ્ર સરકારને વિનંતી કરી.

જે સંદર્ભમાં કેન્દ્ર સરકાર તરફથી નવી ૧૬ જેટલી ડી.ટી.એચ. ચેનલ શરૂ કરવા માટે જરૂરી ઉપગ્રહ સુવિધા પૂરી પાડવામાં આવેલ તેમજ તેનો ઉપયોગ કરવા માટે ઓકટોબર, ૨૦૧૪માં મંજૂરી આપવામાં આવેલ.

આ ચેનલો શરૂ કરવા માટે રાજય સરકારે બાયસેગ ખાતે ૧૦ સ્ટુડિયો, ૧૬ રેકોર્ડેડ ચેનલ માટેનો સેટ–અપ, કન્ટેન્ટ ડેવલપમેન્ટ સુવિધા તેમજ ૧૧ મીટર ડીજીટલ અપલીંક અર્થ સ્ટેશન કાર્યરત કરેલ અને ઓકટોબર,૨૦૧૫ થી ''વંદે ગુજરાત'' અંતર્ગત ૧૬ ચેનલોનું પ્રસારણ વિધિવત શરૂ કરવામાં આવ્યું.

વંદે ગુજરાત અંતર્ગત શિક્ષણ, અનુશિક્ષણ (કોચીંગ) વિદેશી ભાષા, કૌશલ્ય વર્ધન, વિભાગીય તાલીમ, સ્પર્ધાત્મક પરીક્ષા, ખેતીવાડી, આરોગ્ય, સશકિતકરણ, સ્વચ્છતા અભિયાન, વિજ્ઞાન, ડીજીટલ જ્ઞાન (ડીજીટલ લીટરસી) વગેરેના કાર્યક્રમોનું પ્રસારણ કરવામાં આવે છે.

અગાઉ બાયસેગ સંચાલિત વંદે ગુજરાત ચેનલના કાર્યક્રમ જીએસએટી–૮ ઉપગ્રહ પરથી પ્રસારિત થતાં જેનાં બદલે આ કાર્યક્રમો દૂરદર્શન વાળા ઉપગ્રહ પર પ્રસારિત થાય અને કોઇ પણ પ્રકારના વધારાના ખર્ચ વગર લોકોના ઘર સુધી પહોંચી શકે તે માટે માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે માનનીય પ્રધાનમંત્રીશ્રીને વિનંતી કરતો પત્ર પાઠવેલ. જેના સંદર્ભમાં કેન્દ્ર સરકારે રાજય સરકારને દૂરદર્શન જે ઉપગ્રહ પર પોતાના કાર્યક્રમોનું પ્રસારણ કરે છે તે જીએસએટી–૧૫ ઉપગ્રહ પર વંદે ગુજરાત ચેનલ માટે ટ્રાન્સપોન્ડરની ફાળવણી કરી આપેલ છે.

બાયસેગ દ્વારા આ ઉપગ્રહ પર પ્રસારણ ચાલુ કરી દેવામાં આવેલ છે. આથી, હવેથી જે લોકોના ઘરે દૂરદર્શનનું ''ડીડી ફ્રી ડીશ'' ઉપલબ્ધ હશે તે લોકો આ કાર્યક્રમો વિના મૂલ્યે ઘેર બેઠા જોઇ શકશે.

રાજયકક્ષાના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪)

જે લોકોના ઘરે આ ડીડી ફ્રી ડીશ લગાવેલ નથી તેઓ અંદાજીત રૂપિયા ૧૫૦૦ના ખર્ચે આ ડીડી ફ્રી ડીશ લગાવીને આ કાર્યક્રમોનો લાભ લઇ શકશે.

આ કાર્યક્રમોનું અવિરત પ્રસારણ થઇ શકે તે માટે રાજય સરકાર દ્વારા બાયસેગ ખાતે સ્ટેન્ડબાય તરીકે ૯.૩ મીટર ડીજીટલ અપલીંક અર્થ–સ્ટેશન ઉભું કરવામાં આવેલ છે.

આ પ્રકારની સુવિધા ધરાવતુ ગુજરાત એક માત્ર રાજય છે.

સેટકોમ દ્વારા થતા કાર્યક્રમોથી સમય અને પૈસાની બચત થાય છે. લોકોને સ્થળાંતર કરવાની જરૂર પડતી નથી. લોકોને એક સમાન શિક્ષણ કે તાલીમનો લાભ મળે છે તેમજ કોઇપણ સ્થળે અને કોઇ પણ સમયે આ પ્રકારના કાર્યક્રમોનો લાભ મળી શકે છે.

આ માળખાકીય સુવિધાનો ઉપયોગ કરીને વિવિધ કાર્યક્રમો ઘર સુધી પહોંચાડવાથી સમાજના દરેક વર્ગને નીચે મુજબના લાભ થઇ શકશે. જેમાં વિદ્યાર્થીઓની યોગ્યતા વધશે. પરિણામમાં સુધારો આવશે, નોકરી માટે લોકોની યોગ્યતા વધશે, વિદ્યાર્થીઓને મફત અનુશિક્ષણનો લાભ મળશે અને ગ્રામીણ વિદ્યાર્થીઓને સમાજ શિક્ષણનો લાભ મળશે. જયારે સામાન્ય લોકોને વ્યવસાયલક્ષી તાલીમનો લાભ મળશે અને આરોગ્ય અંગે લોકોમાં જાગૃતતા વધશે. ખેડૂતોને ખેતી વિષયક તેમજ પશુપાલન અંગે માર્ગદર્શન મળી રહેશે તેમજ સમાજના તમામ વર્ગોને સરકાર તરફથી મળતી વિવિધ સહાય યોજનાઓ અંગેની માહિતી ઉપલબ્ધ થઇ શકશે.

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

ગુજરાત સરકારના સન ૨૦૧૪–૧૫ના વર્ષના નાણાકીય હિસાબો

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું

( ક) ગુજરાત સરકારના સન ૨૦૧૪–૨૦૧૫ના વર્ષના નાણાકીય હિસાબો ભાગ–૧ અને ભાગ–૨ (અંગ્રેજી તથા ગુજરાતી)

(ખ) ગુજરાત સરકારના સન ૨૦૧૪–૨૦૧૫ના વર્ષના વિનિયોગ હિસાબો (અંગ્રેજી તથા ગુજરાતી)

(ગ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૪–૨૦૧૫ના વર્ષનો ઓડિટ અહેવાલ (રાજયની નાણાકીય પરિસ્થિતિ) (અંગ્રેજી તથા ગુજરાતી)

(ઘ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૪–૨૦૧૫ના વર્ષનો ઓડિટ અહેવાલ (મહેસૂલ ક્ષેત્ર) (અંગ્રેજી તથા ગુજરાતી)

(ચ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૪–૨૦૧૫ના વર્ષનો ઓડિટ અહેવાલ (જાહેર સાહસો) (અંગ્રેજી તથા ગુજરાતી)

(છ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૪–૨૦૧૫ના વર્ષનો ઓડિટ અહેવાલ (આર્થિક ક્ષેત્ર) (અંગ્રેજી તથા ગુજરાતી)

(જ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૪–૨૦૧૫ના વર્ષનો ઓડિટ અહેવાલ (સામાન્ય અને સામાજિક ક્ષેત્ર) (અંગ્રેજી તથા ગુજરાતી) સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

નાણાકીય હિસાબો તથા ઓડિટ અહેવાલો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

ગુજરાત રાજય પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૪–૨૦૧૫નો વાર્ષિક અહેવાલ

શ્રી ગોવિંદભાઇ પટેલ (રાજય કક્ષાના પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૪–૨૦૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

કામધેનુ યુનિવર્સિટીનો સન ૨૦૧૪–૨૦૧૫નો વાર્ષિક અહેવાલ

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા (પશુપાલન મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું કામધેનુ યુનિવર્સિટીનો સન ૨૦૧૪–૨૦૧૫નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા

શ્રી નીતિનભાઇ ૨. પટેલ (શહેરી વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના :–

સન ૧૯૬૩ના ગુજરાત નગરપાલિકા અધિનિયમ અન્વયેના,

ગુજરાત ખાસ મૂડીરોકાણ પ્રદેશ(સુધારા)વિધેયક, ૨૦૧૬

(૧) તા. ૧૩/૨/૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક–કેવી–૨૦૧૫નો ૯૨–એનપીએલ–૪૫૨૦૧૪–૫૬૩૫–એમ તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૨) તા. ૧/૧૨/૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક–કેવી–૨૦૧૫નો ૩૧૮–એનપીએલ–૪૫૧૩–૧૦૩–એમ

(૩) તા. ૧/૧૨/૨૯૧૫ના જાહેરનામા ક્રમાંક–કેવી–૨૦૧૫નો ૩૧૯–એનપીએલ–૪૫૧૩–૧૦૩–એમ સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

જાહેરનામા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

કૃષિ અને સહકાર વિભાગની વધારાની માહિતી

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા ( કૃષિ અને સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૧૮મી માર્ચ, ૨૦૧૬ના રોજની કૃષિ અને સહકાર વિભાગની માગણીઓ પરની ચર્ચા દરમિયાન માનનીય સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે કરેલ ઉલ્લેખો સંબંધે વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

અધ્યક્ષશ્રીની જાહેરાત

સમિતિઓ ઉપર સભ્યોની ચૂંટણીના કાર્યક્રમ અંગે

ઉપાધ્યક્ષશ્રી : હવે ગુજરાત વિધાનસભાની સન ૨૦૧૬–૧૭ના વર્ષ માટેની અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ અને પંચાયતી રાજ સમિતિ ઉપર ૧૫–૧૫ સભ્યોની ચૂંટણી માટે હું નીચે મુજબનો કાર્યક્રમ ઠરાવું છું.

૧. નામ નિર્દેશન પત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય સોમવાર, તા. ૧૧–૪–૧૬, સાંજના ૬–૦૦ વાગ્યા સુધી.

૨. નામ નિર્દેશન પત્રો ચકાસણીની તારીખ, સમય અને સ્થળ મંગળવાર, તા. ૧૨–૪–૧૬, સાંજના ૪–૩૦ વાગ્ય સુધી. નાયબ સચિવ શ્રી એસ.એમ. મેમણની ચેમ્બરમાં.

૩. નામ નિર્દેશન પત્રો પાછા ખેંચી લેવાની તારીખ અને સમય શનિવાર, તા. ૧૬–૪–૧૬, સાંજના ૫–૦૦ વાગ્યા સુધી.

૪. મતદાન, જો જરૂરી બને તો તારીખ, સમય અને સ્થળ પાછળથી જાહેર કરવામાં આવશે.

આ ચૂંટણી માટેના નામ નિર્દેશન પત્રો કામકાજના દિવસ અને સમય દરમ્યાન વિધાનસભાના મકાનમાં પહેલા માળે આવેલ સમિતિ શાખા–૧માંથી મળી શકશે.

સરકારી વિધેયકો

સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૧૭

ગુજરાત ખાસ મૂડીરોકાણ પ્રદેશ(સુધારા)વિધેયક, ૨૦૧૬

ગુજરાત ખાસ મૂડીરોકાણ પ્રદેશ અધિનિયમ, ૨૦૦૯ વધુ સુધારવા બાબત વિધેયક

શ્રી સૌરભભાઇ પટેલ (ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન–૨૦૧૬ના વિધેયક ક્રમાંક–૧૭, સન–૨૦૧૬ના ગુજરાત ખાસ મૂડી રોકાણ પ્રદેશ (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી સૌરભભાઇ પટેલ(ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૧૬ના વિધેયક ક્રમાંક–૧૭, સન–૨૦૧૬ના ગુજરાત ખાસ મૂડી રોકાણ પ્રદેશ (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ખાસ મૂડી રોકાણ પ્રદેશ (સુધારા) વિધેયકની દરખાસ્ત લઇને આ વિધાનસભાગૃહમાં આવ્યો છું. કેન્દ્ર સરકારે ૨૦૦૬ની અંદર દિલ્હી મુંબઇ ઇન્ડસ્ટ્રીયલ કોરીડોર અને ખાસ કરીને ડેડીકેટેડ ફ્રેઇટ કોરીડોર બનાવવાનું નક્કી કર્યું હતું અને ૧૪૮૩ કિ.મી.ની અંદર લોજીસ્ટીક મુવમેન્ટ કેમ ઝડપથી થાય એ માટેનો નિર્ણય ૨૦૦૬ની અંદર લેવામાં આવ્યો હતો. આજે ફ્રેઇટ કોરીડોર છે એ અનેક રાજ્યોમાંથી પસાર થાય છે. એમાં ૩૮ ટકા જેટલો હિસ્સો ગુજરાત રાજ્યમાંથી પસાર થાય છે. આ ફ્રેઇટ કોરીડોર છે એની અંદર ૧૫૦ કિ.મી. એક એરીયા નોર્મ્સ આઇડેન્ટીફાઇડ કર્યા અને કેન્દ્ર સરકારે એ નોર્મ્સ ઉપર ખૂબ મોટા પ્રમાણમાં ઇન્ડસ્ટ્રીયલ એક્ટીવીટી કેવી રીતે થાય અને નોટ ઓન્લી ઇન્ડસ્ટ્રીયલ એક્ટીવીટી પણ સંપૂર્ણપણે ત્યાં દરેક જાતનું ઇન્ફ્રાસ્ટ્રકચર કેવી રીતે ઉભું કરાય, ફેક્ટરીઓ આવે, રહેવાની વ્યવસ્થા કેવી રીતે કરાય? એ પ્રમાણેનો આખા ફ્રેઇટ કોરીડોર ઉપર જુદી જુદી જગ્યાએ નોર્મ્સ નક્કી કરવામાં આવ્યા. ૩૮ ટકા હિસ્સાની અંદર ગુજરાતને છ નોર્મ્સ આપવામાં આવ્યા. એમાં ફર્સ્ટ ફેઇઝની અંદર અમદાવાદ ધોલેરાની પસંદગી કરવામાં આવી. જેની અંદર ડેવલપમેન્ટની કામગીરી ચાલુ થઇ ગઇ છે. એટલે આ ૧૫૦ કિ.મી.ની મેં વાત કરી. એની અંદર ભરૂચ દહેજ

---

* વિધેયક તા.૨જી માર્ચ, ૨૦૧૬ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

રીજીયનનો સમાવેશ છે. પાલનપુર મહેસાણા રિજિયનનો સમાવેશ છે, વડોદરા ભરૂચ, સુરત–નવસારી અને વલસાડ–ઉમરગામનો સમાવેશ છે. આ સારી રીતે ડેવલપમેન્ટ કેવી રીતે થાય એના માટે ગુજરાત સરકારે ગુજરાત સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયન એક્ટ ૨૦૦૯ આ વિધાનસભાગૃહની અંદર લાવ્યા હતા. આ એક્ટ દ્વારા આ નોર્મ્સ એસ્ટાબ્લીશમેન્ટ, ઓપરેશન અને રેગ્યુલેશન કેવી રીતે કરવું અને આટલા મોટા રિજિયોનલ ઇન્વેસ્ટમેન્ટ રિજીયનને આપણે કેવી રીતથી મેનેજ કરવું. આ બધુ જ આ કાયદાની અંદર આપણે સમાવેશ કર્યો હતો. એટલે આ એકએક રોડ ગ્લોબલ હબ તરીકે ઇકોનોમિક ડેવલપમેન્ટ કેવી રીતે સ્થાપિત કરાય અને એની અંદર વર્લ્ડ ક્લાસ ઇન્ફ્રાસ્ટ્રકચર હોય, શહેરોમાં હોય તેવી બધી જ જાતની સુવિધા ત્યાં કેવી રીતે મળે? એના માટે નીતિ કેવી રીતે બનાવવામાં આવે? એ કાયદાની અંદર આપણે એમાં ખુલાસા કર્યા હતા. આપણી જીઆઇડીબીને આપણે એપેક્ષ ઓથોરીટી તરીકે નક્કી કરી હતી. એટલે ઓવર ઓલ જીઆઇડીબી આ એપેક્ષ ઓથોરીટી તરીકે આનું સંપૂર્ણપણે ધ્યાન રાખે છે. ધોલેરા એસઆઇઆર એ સૌથી મોટું એસઆઇઆર છે. એ ૮૭૯ સ્કવેર કિ.મી.નું એસઆઇઆર છે. અત્યારે એનું કામ પ્રોગ્રેસમાં છે. દહેજ એસઆઇઆરનું કામ પ્રોગ્રેસમાં છે. ૪૫૨ સ્કવેર કિ.મી. છે અને માંડલ બેચરાજી એસઆઇઆર ૧૦૧ સ્કવેર કી.મી. છે એનું કામ પ્રોગ્રેસમાં છે, આલીયાબેટ એસઆઇઆર પ્રોગ્રેસમાં છે, સાંતલપુર એસઆઇઆર છે, હાલોલ –સાવલી એસઆર છે અને નવલખી એસઆઇઆર છે. આ બધાનો પણ આની અંદર સમાવેશ કર્યો છે. પણ એની કામગીરી આયોજન સ્ટેજે છે. આવતા દિવસોમાં રાજ્ય સરકાર નક્કી કરશે કે એમાં કઇ જાતની કામગીરી કરવી કે ન કરવી અને કેવી રીતે કરવી? આ તો રાજ્ય સરકારે પગલા લીધા. પણ જોડે જોડે કેન્દ્ર સરકારે પણ આ બધા જ ગ્રીનફીલ્ડ એરિયાઝને કેવી રીતે પ્રમોટ કરવા અને એના માટે ડીએમઆઇસી ટ્રસ્ટની સ્થાપના કરી એટલે સ્પેશિયલ પર્પઝ વ્હીકલ બનાવવાનું કેન્દ્ર સરકારે નક્કી કર્યું. એટલે એ ડીએમઆઇસી ટ્રસ્ટ રાજ્ય સરકારની જોડે બેસી અને આ રોડ્સને એ લોકો ડેવલપ કરે. એટલે ડી.એમ.આઇ.સી. ટ્રસ્ટ રૂપિયા મૂકે ઇકવીટીની અંદર , રાજય સરકાર જે જમીન આપે એ જમીન પણ ઇકવીટી તરીકે મૂકે એટલે આ બન્નેની જે ઇકવીટી ફોર્મેશન થાય એ ઇકવીટી ફોર્મેશનના કારણ ઉપર પછી આવતા દિવસોમાં જરૂર પડે તો બેન્કો પાસેથી પણ લોન લઇ શકાય. પરંતુ એ સ્પેશીયલ પર્પઝ વિહિકલ દ્વારા આખા એરીયાનું ડેવલપમેન્ટ થાય. મારે આનંદ સાથે આપને કહેવું પડે કે ૨૦૧૫માં આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇની દિલ્હીમાં એન.ડી.એ.ની સરકારે ૨૭૮૪ કરોડ રૂપિયા ધોલેરા એસ.આઇ.આર. માટે મંજૂર કર્યા છે. આ એમના ઇકવીટીના મૂડીરોકાણ પેટે અને એટલે આપણી જે જમીન હતી એ આપણે મૂડી રોકાણ તરીકે કાઢી, અને એ લોકોએ મૂડીરોકાણ તરીકે કાઢી, એટલે આપણી ૧૧૭૮ હેકટર સરકારી જગ્યા ૬૦૦ રૂપિયે પર સ્કવેર મીટર એમ કરીને આપણે એને ઇકવીટીમાં કન્વર્ટ કર્યુ અને આ ડી.એમ.આઇ.સી. ટ્રસ્ટે જે ૨૭૮૪ કરોડ રૂપિયા પ્રોજેકટ માટે મંજૂર કર્યા છે એનો પહેલો હપ્તો ૭૦૭ કરોડનો એક ઓલરેડી આપણને મળી ગયો છે. એટલે આ બધું જે યુનિટ કેપિટલ મંજૂર કર્યુ છે એની અંદર આપણે પહેલા ફેઝની અંદર ઓલરેડી ટેન્ડર પણ બહાર પાડી દીધું છે, આવતા દિવસોમાં ટેન્ડર અપાઇ પણ ગયું છે કામ ચાલુ થશે એટલે આપણે પહેલું જે કામ કરીએ છીએ એની અંદર ટી.પી. આધારીત રોડસ છે, બિલ્ડીંગ છે, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ છે, સુવેઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ છે, કોમન એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન છે આ બધાની કામગીરી આપણે કરવાના છીએ. આ જે ધોલેરા ઇન્ડસ્ટ્રીયલ સીટી ડેવલપમેન્ટ લીમીટેડ એમાં ૫૧ ટકા આપણી પાસે રહેશે અને ૪૯ ટકા એ ડી.એમ.આઇ.સી. ટ્રસ્ટના રહેશે અને એના કારણે આ કામગીરી આપણે કરવાના છીએ. આમાં સૌથી અગત્યનો વિષય એ છે કે હાલમાં આ કાયદા દ્વારા આપણે સેકશન– ૧૦માં રીઝનલ ડેવલપમેન્ટ ઓથોરીટી નકકી કરી છે. આની કામગીરી કોણ કરે તો ધોલેરા એસ.આઇ.આર.ની કામગીરી રીઝનલ ડેવલપમેન્ટ ઓથોરીટીને સત્તા આપી છે અને રીઝનલ ડેવલપમેન્ટ ઓથોરીટીમાં સેકશન ૧૦માં જે સભ્યોના નામો છે એમાં ચેર પર્સન છે એ રાજય સરકાર નકકી કરે છે, વાઇસ ચેરમેન એક છે એ પણ રાજય સરકાર એપોઇન્ટ કરશે. ઓફીસર્સ ઓફ ઘ સ્ટેટ ગવર્નમેન્ટ એટલે બે અધિકારીઓ એ પણ રાજય સરકાર નક્કી કરશે. જી.આઇ.ડી.બી. જે એપેકસ ઓથોરીટી છે એમના એક પ્રતિનિઘ હશે, બે વ્યકિતઓ જે એડમીનીસ્ટ્રેશનમાં નિષ્ણાત હશે એમાં એકનું સિલેકટ થશે. આયોજનમાં બે વ્યકિતઓને સીલેકટ કરવામાં આવશે જે એકસ્પર્ટ ઇન પ્લાનીંગ હોય, બે વ્યકિતઓ ઇન્ડસ્ટ્રી અને બિઝનેસના રીલેટેડ હોય એમને પસંદ કરવામાં આવશે. રીઝનલ ડેવલપમેન્ટ ઓથોરીટીના સી.ઇ.ઓ. ને મેમ્બર સેક્રેટરી તરીકે એપોઇન્ટ કરીએ. આ જે હું બિલ વિધાનસભામાં લાવુ છું એની અંદર એમેન્ડમેન્ટ એ પ્રપોઝ કરીએ છીએ કે આ રીટેલ ડેવલપમેન્ટ ઓથોરીટીને જે આપણે સેકશન–૧૦માં મેમ્બરનું પ્રપોઝ કર્યુ એની અંદર કોઇ ચૂંટાયેલા પ્રતિનિધિઓ નથી એટલે આટલું મોટું કરતા હોઇએ ત્યારે ચૂંટાયેલા પ્રતિનિધિઓનો શેહ હોવો જોઇએ, એટલે આ કાયદાની અંદર આપણે બે ફેરફાર કરીએ છીએ, એક તો ડીસ્ટ્રીકટ પંચાયતના પ્રમુખ હોય, તો એ ડીસ્ટ્રીકટ પંચાયતના પ્રમુખની ઓટોમેટીક નિમણૂક થાય, અને બીજું લોકલ ઓથોરીટી, કોઇપણ લોકલ ઓથોરીટી હોય એ લોકલ ઓથોરીટીના ચૂંટાયેલા સભ્યો મેમ્બર હોય એ ચાર મેમ્બરોને આપણે આના દ્વારા એપોઇન્ટમેન્ટ આપીએ છીએ એટલે તાલુકા પંચાયતના ચૂંટાયેલા હોય, ગ્રામ પંચાયતના હોય, એટલે આખા રીઝનલ ડેવલપમેન્ટ ઓથોરીટીમાં ચાર સભ્ય અને પંચાયત એ પ્રમાણેનું આ એમેન્ડમેન્ટ લાવ્યા છીએ. આ દસ નંબરના સેકશનની અંદર સુધારો લઇને હું આ વિધાનસભાગૃહની અંદર આવ્યો છું.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત ખાસ મૂડીરોકાણ પ્રદેશ (સુધારા) વિધેયક જે લઇને આવ્યા છે એને હું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારના રેલવે મંત્રાલય દ્વારા દાદરી, ન્યુ દિલ્હીથી મુંબઇ જે.એન.પી.ટી. પોર્ટ સુધીનું

ડેડીકેટેડ ફ્રેડ કોરિડોરનો અમલ કરાનાર છે. આ યોજના આશરે ૧૫૦૪ કિલોમીટરની છે. જેમાંથી આશરે ૫૬૫ કિલોમીટર જેટલો એલાઇમેન્ટ ગુજરાત રાજ્યમાંથી પસાર થાય છે, જેમ માનનીય મંત્રીશ્રીએ કહ્યું. આ ઉપરાંત ભારત સરકારની નીતિ અનુસાર ડેડીકેટેડ ફ્રેડ કોરિડોરના બન્ને બાજુએ ૧૫૦ કિલોમીટર વિસ્તારને દિલ્હી–મુંબઇ ઇન્ડસ્ટ્રીયલ કોરિડોર તરીકે વિકસાવવા માટે આયોજન કરવામાં આવેલ છે. આ ડેડીકેટેડ ફ્રેડ કોરિડોર અને દિલ્હી–મુંબઇ ઇન્ડસ્ટ્રીયલ કોરિડોરમાં ગુજરાત રાજ્યમાં આવતા વિસ્તારમાં મોટા પ્રમાણમાં આર્થિક વિકાસના ક્ષેત્રો અને વિસ્તાર વિકસે તેવા ઉદ્ધેશથી રાજ્ય સરકારે સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ એક્ટ ૨૦૦૯નું ઘડતર કરેલ છે. ગુજરાત ખાસ મૂડી રોકાણ પ્રદેશ અધિનિયમ એટલે સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ એક્ટ ૨૦૦૯ની કલમ–૩ અને ૪ હેઠળ તા. ૨૨–૫–૨૦૦૯ના જાહેરનામાથી ધોલેરા ખાસ મૂડીરોકાણ પ્રદેશ, ડી.એસ.આઇ.આર. જાહેર કરેલ છે. ગુજરાત ખાસ મૂડીરોકાણ પ્રદેશ અધિનિયમ–૨૦૦૯ની જોગવાઇઓ હેઠળ તા. ૧૬–૨–૨૦૧૦થી ધોલેરા ખાસ મૂડીરોકાણ પ્રાદેશિક વિકાસ સત્તા મંડળ એટલે ડી.એસ.આઇ.આર.ડી.એ. ની રચના કરવામાં આવેલ છે. એનાથી આગળ જઇએ તો ધોલેરા ખાસ મૂડીરોકાણ પ્રાદેશિક સત્તામંડળ આશરે ૯૨૦ ચોરસ કિલોમીટર જેટલા જમીન વિસ્તારમાં આવરી લેવામાં આવેલ છે અને તેમાં ધંધૂકા તાલુકાના ૧૯ ગામો, બરવાળા તાલુકાના ૨ ગામો મળીને અમદાવાદ જિલ્લાના કુલ ૨૨ ગામોનો સમાવેશ થાય છે. હાલ જે નવરચિત ધોલેરા તાલુકો છે તેમાં આવતા તમામ ૨૨ ગામોનો સમાવેશ થાય છે. ધોલેરા સત્તામંડળ મુસદ્ધારૂપ વિકાસ યોજના સર્વોચ્ચ સત્તામંડળ એટલે જી.આઇ.ડી.બી. દ્ધારા તા. ૧૦–૯–૨૦૧૨ના રોજ મંજૂર કરવામાં આવેલ છે તથા હાલ અમલમાં છે. ધોલેરા ખાસ મૂડીરોકાણ સત્તામંડળ એટલે ડી.એસ.આઇ.આર. માટે વિકાસ યોજના મુસદ્ધાના હેતુસર ૨૦૧૦થી ૩૦ વર્ષ સુધીના સમયગાળા માટે ડી.એસ.આઇ.આર. વિસ્તારના વિકાસ અને વૃદ્ધિ માટે લાંબાગાળાનું માળખું પ્રસ્થાપિત કરવાનું છે. મુસદ્ધારૂપ વિકાસ યોજના દરખાસ્તના અમલીકરણ માટે ૬ નગરરચના યોજના બનાવવામાં આવેલ છે. જેનો કુલ વિસ્તાર ૪૨૨ કિલોમીટર છે. ખાસ કરીને જોવા જઇએ તો ધોલેરા ખાસ મૂડીરોકાણ પ્રદેશની યોજનાને ભારત સરકાર દ્ધારા પર્યાવરણની મંજૂરી તા. ૧૯–૯–૨૦૧૫થી મળેલ છે. આ ખૂબ મહત્ત્વનો નિર્ણય થયો છે અને મંજૂર થયેલ મુસદ્ધા નગરરચના યોજના ૧,૨ અને ૪ને આખરી કરવામાં નગરરચના અધિકારીની નિમણૂંક પણ કરવામાં આવી છે. એમ કહી શકાય કે માનનીય મંત્રીશ્રી જે સુધારા લાવ્યા છે કે આની અંદર લોકપ્રતિનિધિની નિમણૂંક કરવાની જોગવાઇનું સૂચન કર્યું છે. લોકપ્રતિનિધિ એની અંદર હોય તો જાહેર કરેલા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજિયન વિસ્તારમાં આવેલા લોકલ ઓથોરિટીમાં ૪થી વધુ નહીં એટલા રાજ્ય સરકાર નોમિનેટ કરે અને જિલ્લા પંચાયતના માનનીય પ્રમુખ આની અંદર નોમિનેટ થાય એ જે સુધારા વિધેયક માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે તેને હું સમર્થન આપું છું.

શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ સન ૨૦૧૬નું ગુજરાત ખાસ મૂડીરોકાણ પ્રદેશ (સુધારા) વિધેયક લઇને આવ્યા છે તેને મારા અનુમોદન સાથે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખેતી ઉપરનું રોજગારીનું ભારણ ઘટે, ગુજરાતનો આર્થિક વિકાસ થાય, યુવાનોને વૈકલ્પિક રોજગારી મળે એવા ઉમદા હેતુથી ભારતીય જનતા પાર્ટીની સરકારે ૨૦૦૯માં સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજિયન એક્ટ ૨૦૦૯ પસાર કર્યો હતો. આ સરના માધ્યમથી ગુજરાતની અંદર વૈશ્વિક કક્ષાની આંતરમાળખાકીય સુવિધાઓ સાથેનું એક ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપ થાય, ઔદ્યોગિક વસાહતો ઊભી થાય એવો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો. આના અમલીકરણ માટે એક અલાયદું વ્યવસ્થાતંત્ર ઊભું કરવામાં આવ્યું છે. એપેક્ષ ઓથોરિટી તરીકે ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડની રચના કરી અને સાથે સાથે જુદા જુદા સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રિજિયન માટે રિજિયોનલ ડેવલપમેન્ટ ઓથોરિટીની પણ રચના કરવામાં આવી. આ રિજિયોનલ ડેવલપમેન્ટ ઓથોરિટી લેન્ડ એક્વીઝીશન અને ટાઉન પ્લાનિંગ અર્બન ડેવલપમેન્ટ એક્ટ ૧૯૭૬ હેઠળ જમીન પ્રાપ્ત કરીને આ સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રિજિયનની રચના કરી રહી છે. અત્યાર સુધીમાં રાજ્ય સરકાર દ્ધારા આવા સાત સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રિજિયનની જાહેરાત કરવામાં આવી છે. આ સાતના નામ નહિ આપું, માનનીય મંત્રીશ્રી એ બોલ્યાં છે પણ વિશેષ કરીને માંડલ, બેચરાજી. ખાસ મૂડીરોકાણ પ્રદેશની વાત કરી. તા.૨૪/૯/૨૦૧૨ ના રોજ ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્ધારા આ એસ.આઇ.આર.ની જાહેરાત કરવામાં આવી હતી અને આ જાહેરનામામાં ૪૪ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ ૪૪ ગામોના સમાવેશ કરેલા વિસ્તારનો વિકાસ કરવા માટે રિજિયોનલ ડેવલપમેન્ટ ઓથોરિટી દ્ધારા તા.૧૪/૫/૨૦૧૩ ના રોજ એક મુસદ્ધા યોજના જાહેર કરી અને આ પ્રમાણે માનનીય મંત્રીશ્રી જે સુધારા બિલ લઇને આવ્યાં છે એને હું મારું અનુમોદન આપું છું.

ઉપાધ્યક્ષશ્રી : માનનીયશ્રી જીતુભાઇ સુખડીઆજી ૩ મિનિટ છે.

શ્રી જિતેન્દ્રભાઇ ર. સુખડીઆ(સયાજીગંજ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ભાગ્યેજ બોલવા ઊભો થતો હોવ છું. તમે મને આજે ૧૦ મિનિટમાંથી ૩ મિનિટ પર લાવી દીધો છે એ બરોબર નથી.

ઉપાધ્યક્ષશ્રી : આપ માનનીય દંડકશ્રીને કહો.

શ્રી જિતેન્દ્રભાઇ ર. સુખડીઆ : માનનીય અધ્યક્ષશ્રી, કેટલીક વિગતો આ બાબતની કહેવી છે કે ગુજરાતને તેની જાણ થાય એ જરૂરી છે એટલે મને વધુ સમય આપવા વિનંતી છે.

ઉપાધ્યક્ષશ્રી : ચાલો.

ચૈત્ર ૧૧, ૧૯૩૮ શાકે

## ગુજરાત ખાસ મૂડીરોકાણ પ્રદેશ(સુધારા)વિધેયક, ૨૦૧૬

શ્રી જિતેન્દ્રભાઇ ર. સુખડીઆ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતે જાન્યુઆરી ૨૦૦૯માં એસ.આઇ.આર. એક્ટ પાસ કર્યો. જે દ્વારા મોટા કદના ઇન્વેસ્ટમેન્ટ રિજિયન એટલે કે ૧૦૦ હેકટરથી મોટા અને ઇન્ડસ્ટ્રીયલ એરિયા એટલે ૫૦ હેકટરથી મોટા એવા ગ્લોબલ ઇકોનોમિક હબ તરીકે વિકસાવવાનો આની પાછળનો હેતુ છે. કેન્દ્ર સરકારે દિલ્હી–મુંબઇ ઇન્ડસ્ટ્રીયલ કોરિડોર – ડી.એમ.આઇ.સી. ૧૪૭૩ કિલોમીટર લંબાઇનો પાસ કર્યો તેના અનુસંધાને ડી.એમ.આઇ.સી. જ્યાંથી પસાર થાય છે એ ૬ રાજ્યો દિલ્હી, હરિયાણા, યુ.પી., રાજસ્થાન, ગુજરાત અને મહારાષ્ટ્રે એસ.આઇ.આર.ની સ્થાપના તથા ઇન્ડસ્ટ્રીયલ એરિયાની સ્થાપનાનો નિર્ણય લીધેલો. આ પ્રમાણે ગુજરાતમાં એક અમદાવાદ–ધોલેરા સર તથા ભરૂચ–દહેજ સર એમ બે એસ.આઇ.આર. તથા અંકલેશ્વર–મહેસાણા અને હજીરા–ઉમરગામ એમ ચાર ઇન્ડસ્ટ્રીયલ એરિયા સ્થાપવાના છે. ગુજરાતે આમાં વધારો કરી બીજા વધારાના પાંચ એસ.આઇ.આર. સાંતલપુર–હાલોલ–સાવલી, નવલખી–આલીયાબેટ તથા માંડલ–બેચરાજીને પણ વિકસાવવાનું નક્કી કર્યુ છે. આમ ગુજરાતમાં કુલ સાત એસ.આઇ.આર. બનશે. સાહેબ, અમદાવાદ–ધોલેરા સર ૯૦૦ ચોરસ કિલો મિટરના વિસ્તારમાં સૌથી મોટો એસ.આઇ.આર. હશે. જ્યાં બંદરો, ઇન્ટરનેશનલ એરપોર્ટ, મેટ્રો ટ્રેઇન તથા એક્સપ્રેસ હાઇવેનું જોડાણ પણ હશે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી છે. આ માટે કહેલું, જ્યારે એક એરપોર્ટના ઉદ્ઘાટન પ્રસંગે પધાર્યા હતા ત્યારે તેમણે કહ્યું હતું એની મેં નોંધ કરી છે કે, ધોલેરા સર દિલ્હી કરતા બમણું અને સાંઘાઇ કરતા ૬ ગણું મોટું હશે તથા વિશ્વનો અર્બન ડેવલપમેન્ટનો સૌથી મોટો પ્રોજેક્ટ આ હશે. આ દેશના માનનીય વડાપ્રધાનશ્રી એ સ્વપ્ન દ્રષ્ટા છે અને હંમેશા વિશ્વમાં ભારતનું નામ કેમ કરીને ઉજ્જવળ બને? ભારતની જે આબાદી છે અને ભારતની જે પ્રગતિ છે, ભારતનો જે વિકાસ છે એ છેવાડાના માનવીના ઘર સુધી કેવી રીતે પહોંચે? એ અંગેના અનેક આયામો એમના તરફથી વિચારવામાં આવ્યા હતા અને તેમાંનુ આ એક છે. દહેજ–ભરુચ S.I .R. પેટ્રોલિયમ–કેમિકલ્સ માટે ૪૫૦ કિલોમીટરનો વિકાસ પામશે. દરેક S.I .R.માં અલગ સત્તા મંડળ હશે તથા સ્ટેટ લેવલે જી.આઇ.ડી.બી., ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રચર ડેવલપમેન્ટ બોર્ડ ઓથોરિટી રહેશે. આ S.I .R.માં વિશ્વ કક્ષાની ઇન્ફ્રાસ્ટ્રક્ચરની સગવડો, શાળા, હોસ્પિટલ, કોમ્યુનિટી ડેવલપમેન્ટ, હાઉસીંગ જેવી તમામ સવલતો રહેશે. લોકલ રોજગારીની મબલખ તકો ત્યાં ઉપલબ્ધ થશે. જે રોજગારીની વિશેષ આવશ્યકતા છે તે આના દ્વારા મબલખ પ્રમાણમાં આપણને પ્રાપ્ત થશે. ૧,૪૮૩ કિલોમીટરના લાંબા ડી.એમ.આઇ.સી. ફ્રેઇટ કોરિડોરનો ૩૭ ટકા હિસ્સો ગુજરાતમાંથી પસાર થાય છે, જે ૫૪૬ કિલો મીટરનો છે. તેની બંને બાજુ ૧૫૦ કિલો મીટર સુધીના વિસ્તારનો ઔદ્યોગિક વિકાસ થશે. ડી.એમ.આઇ.સી. ફ્રેઇટ કોરિડોરમાં અંદાજે ૯૦૦ બિલિયન અમેરિકી ડોલરનું મૂડી રોકાણ આવશે. જે રકમ બિલિયન ડોલરને આપણે કન્વર્ટ કરીએ તો રૂપિયા છ લાખ કરોડ જેટલો એનો અંદાજ છે. આમાંથી ગુજરાતમાં એક તૃતિયાંશ એટલે બે લાખ કરોડનું વિદેશી રોકાણ આવતા વર્ષોમાં આવશે. આ સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજિયનમાં ઓટોમોબાઇલસ્, હેવી એન્જિનિયરીંગ, ફાર્મા, ઇલેક્ટ્રોનિક્સ, પેટ્રો–કેમિકલ્સ, એગ્રો પ્રોસેસીંગ, મેટલ, પ્લાસ્ટિક, ટેક્સટાઇલસ્, મશીનરી જેવા મોટા ઉદ્યોગો સ્થપાશે. ગુજરાતમાં આટલા મોટા પ્રમાણમાં ઔદ્યોગિક વિકાસ થયો તેની પાછળ ગુજરાતની વર્ષોની મહેનત છે. ગુજરાતનું જે ગુજરાતીપણું છે એ આમાં ઉજાગર થાય છે. ગુજરાત આજે દેશનું સૌથી વધુ ઔદ્યોગિક રીતે વિકસીત રાજ્ય છે. જ્યાં જી.ડી.પી. ગ્રોથ રેઇટ ગત દાયકામાં દસ ટકાથી વધુ હતો અને ચાલુ વર્ષે પણ દેશ કરતાં વધુ છે. ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ દર દસ ટકા છે તથા દેશનો ઔદ્યોગિક ઉત્પાદનમાં ગુજરાતનો ૧૭ ટકા હિસ્સો છે. દેશમાં ૧૫ વર્ષમાં આવેલા કુલ વિદેશી મૂડી રોકાણોનો ૧૫ ટકા હિસ્સો, ૧૧ બિલિયન ડોલર ગુજરાતમાં આવેલો છે. ગુજરાતમાં ૧,૬૦૦ કિલો મીટરનો લાંબો દરિયા કિનારો છે તથા ૧૮ એક્ટીવ પોર્ટસ્ છે. કુલ ૪૦ બંદરો છે આપણે ત્યાં એમાં એક્ટીવ પોર્ટસની સંખ્યા ૧૮ની છે. જે દેશનો ૨૫ ટકા કાર્ગો હેન્ડલ કરે છે. રાજ્યમાં વિશ્વ કક્ષાના રસ્તા છે તથા ૨,૨૦૦ કિલો મીટરની ગેસ ગ્રિડ છે. રાજ્યમાં સૌથી વધુ ૧૩ એરપોર્ટ છે. દેશની સૌથી મોટી રિફાઇનરી અહીં છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન ટૂંકાવો.

શ્રી જિતેન્દ્રભાઇ ર. સુખડીઆ : બે મિનિટ સાહેબ. અનેક ઔદ્યોગિક ઉત્પાદનોમાં ગુજરાત અગ્રેસર છે. જેમાં ફાર્મા, સિમેન્ટ, કેમિકલ્સ, પેટ્રો–કેમિકલ્સ, ડેરી, સીરામિક, ટેક્સટાઇલ્સ, હીરા વગેરે છે. આમ ઔદ્યોગિક વિકાસ માટે ગુજરાત હિન્દુસ્તાનનું શ્રેષ્ઠ રાજ્ય છે. વેપાર માટેની સરળતામાં વિશ્વ બેન્કના રિપોર્ટ પ્રમાણે ૨૦૧૫–૧૬માં દેશમાં ગુજરાત પ્રથમ સ્થાને છે. ગુજરાતની આદ્યોગિક નીતિ ઉદાર અને વિશાળ છે. એસ.આઇ.બી. ઉદ્યોગો માટે પણ ગુજરાતે તથા જીઆઇડીસીએ ઘણાં પગલાંઓ લીધા છે. ગુજરાત રાષ્ટ્રના વિકાસનું ગ્રોથ એન્જિન બની ચૂક્યું છે અને તેની વિશ્વ કક્ષાએ પણ નોંધ લેવાઇ છે. આ બેઇઝ તૈયાર કરવાનો શ્રેય પૂર્વ મુખ્યમંત્રી તથા હાલના આપણા માનવંતા દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીને જાય છે. દસમી, અગિયારમી અને બારમી, આ ત્રણેય પંચવર્ષિય યોજનાઓમાં ગુજરાતનો સરેરાશ વિકાસ દર દસ ટકાથી વધુ રહ્યો છે. જે દેશના તમામ રાજ્યોમાં પ્રથમ નંબરે છે. ગુજરાતના વિકાસને જોવા ગયા વર્ષે ચીનના પ્રમુખ શ્રી જીન પીંગ પણ ગુજરાત આવેલા. ચીનના પ્રમુખ ગુજરાતની મુલાકાતે કેમ આવ્યા છે? વિશ્વ આખામાં એના વેપારનો એમના ધંધાનો વિકાસ કર્યો છે એમણે, એ ગુજરાતની મુલાકાતે આવેલા. સાતમી વાયબ્રન્ટ ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ કોન્ફરન્સ જાન્યુઆરી, ૨૦૧૫માં ગુજરાતમાં

વર્લ્ડ બેન્કના પ્રમુખશ્રી તથા યુનોના મહામંત્રીશ્રી પણ આવેલા અને તેમાં ૧૧૦ દેશો તથા ૨૫,૦૦૦ ડેલિગેટ્સો પણ હાજર રહેલા. રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વમાં રાજ્યના ઔદ્યોગિક વિકાસમાં આક્રમક ગતિશીલતા આવી છે. રાજ્યના ખૂણે ખૂણાના વિકાસની સ્ટ્રેટેજીથી ગુજરાતના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત એવા આપણા માનવંતા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, "સૌનો સાથ સૌનો વિકાસ" એ સૂત્રને સાર્થક કરી રહ્યા છે. સાથે સાથે કેન્દ્રની "મેક ઇન ઇન્ડિયા", "સ્ટાર્ટ અપ ઇન્ડિયા" જેવી નવીન યોજનાઓએ પણ આદ્યોગિક વિકાસને તથા મૂડી રોકાણને વેગ આપ્યો છે. આ માટે કેન્દ્ર સરકારનો સતત સહયોગ આપણને મળી રહ્યો છે. આ તમામ પરિબળોથી ગુજરાત સ્પેશ્યિલ ઇન્વેસ્ટમેન્ટ રિજિયનમાં ખૂબ ઝડપથી આગળ વધી રહ્યું છે તથા આવતા બે દાયકા ગુજરાત માટે ખૂબ મહત્વના સાબિત થવાના છે. જય જય ગરવી ગુજરાત.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીઓએ બિલ ઉપર બહુ વિગતવાર પોતાના વિચારો રજૂ કર્યા. એક નાનો ખુલાસો પણ કરી દઉં જે જિલ્લા પંચાયતના પ્રમુખોની વાત કરી એમાં એસ.આઇ.આર.ની અંદર બે જિલ્લા પંચાયત આવતી હોય તો બંનેના પ્રમુખ આવે એટલે દા.ત. ધોલેરાની અંદર અમદાવાદ જિલ્લો આવે તો એક પ્રમુખ આવે. ભરૂચ-દહેજ આવતો હોય તો એક આવે પણ માંડલ-બેચરાજી છે એમાં અમદાવાદ જિલ્લો પણ આવતો હોય, મહેસાણા જિલ્લો પણ આવતો હોય તો બંને જિલ્લાના પ્રમુખો આની અંદર આવે અને બીજું, જે લોકલ ઓથોરીટીની મેં વાત કરી એમાં ગ્રામ પંચાયત આવે, નગર પંચાયત આવે, તાલુકા પંચાયત આવે, જિલ્લા પંચાયત આવે, મ્યુનિસિપાલીટી, નગરપાલિકા અને કોર્પોરેશન આવે. આમાંથી ચાર સભ્યોને રાજ્ય સરકાર આ રીજીયોનલ ડેવલપમેન્ટ ઓથોરીટીમાં સભ્ય તરીકે બનાવશે. આ ખુલાસો વિગતવાર કરી દઉં.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંક-૧૭નું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

કલમ-૨, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૬ના સુધારેલા વિધેયક ક્રમાંક-૧૭નું ત્રીજું વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષશ્રી : સર્વાનુમતે વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંક – ૫

જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૧૬

ગુજરાત રાજ્યને લાગુ પડતા જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ, ૨૦૧૩ વધુ સુધારવા બાબત વિધેયક.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (મહેસૂલ વિભાગનો વધારાનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી,* રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંક –૫, સન ૨૦૧૬ના જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને વાજબી પારદર્શિતાનો અધિકાર (ગુજરાત સુધારા) વિધેયકને આપની પરવાનગીથી દાખલ કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંક –૫, સન ૨૦૧૬ના જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને વાજબી પારદર્શિતાનો અધિકાર (ગુજરાત સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે બધા જાણીએ છીએ કે ભારત સરકારે ૨૦૧૩માં જે સમગ્ર દેશ માટે જમીન સંપાદન માટેનો નવો કાયદો પસાર કર્યો એ કાયદો પસાર થયા પછી અગાઉની જેમ જમીન સંપાદન અધિનિયમ ૧૮-૬-૧૯૯૪ અસ્તિત્ત્વમાં હતો. એના હેઠળ અત્યાર સુધી સમગ્ર દેશમાં વિવિધ કામગીરી માટે રાજ્ય સરકારો જમીન સંપાદન કરતી હતી. એ કાયદો રદ થયો અને એની જગ્યાએ નવો લેન્ડ એક્વિઝેશન એક્ટ સમગ્ર દેશમાં અમલમાં આવ્યો છે. આ કાયદો અમલમાં આવ્યા પછી આ કાયદો એ બંધારણીય જોગવાઇ પ્રમાણે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર બંનેને લગતી બાબતો હોવાથી સંયુક્ત યાદીમાં કાયદો આવે છે, એટલે કે ભારત સરકારે પસાર કરેલ કાયદામાં રાજ્ય સરકાર જો

* સન ૨૦૧૬ના ફેબ્રુઆરી મહિનાની ૨૨ મી તારીખે ગુજરાત સરકારી રાજ્યપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ.

પોતાને યોગ્ય લાગે, રાજ્યને અનુકૂળ હોય અને રાજ્યની જરૂરિયાત હોય એ પ્રમાણેના કાયદામાં સુધારો કરવા માગે તો રાજ્ય સરકાર પ્રક્રિયા કરીને આ કાયદો બનાવી, માનનીય રાષ્ટ્રપતિશ્રીની મંજૂરી માટે મોકલે, રાષ્ટ્રપતિશ્રી એને મંજૂરી આપે તો ભારત સરકારના કાયદાની અંદર સુધારો કરવાનો અધિકાર જે રાજ્યને પ્રાપ્ત થયો છે, એ પ્રમાણે એનો લાભ લઈ શકીએ. દરેક રાજ્ય પોતાની સ્થાનિક જરૂરિયાતના અનુસંધાનમાં પોતે આ પ્રમાણે કરે એવી કેન્દ્ર સરકારે પણ માનનીય વડાપ્રધાનશ્રીએ અને કેન્દ્રના મંત્રીશ્રીએ પણ લોકસભામાં આ કાયદો પસાર કરતી વખતે જાહેરાત કરી હતી અને એના અનુસંધાનમાં રાજ્ય સરકારને જ્યારે એમ લાગ્યું છે કે ગુજરાત સરકારની જમીન સંપાદન માટેની વિશિષ્ટ પરિસ્થિતિ, જે પ્રોજેક્ટની જરૂરિયાત અને એમાં પણ ખાસ કરીને જાહેર હેતુ માટે જેવી કે સિંચાઇ યોજના હોય કે નર્મદા યોજના જેવી મોટી મોટી યોજના અત્યારે આપણે હાથ ઉપર લીધી છે, જેમાં મોટા પ્રમાણમાં જમીન સંપાદન અત્યાર સુધી જૂના કાયદા પ્રમાણે થયું છે અને અબજો રૂપિયાનું જમીનનું વળતર એ ખેડૂતોને આપ્યું છે. હવે જ્યારે આ પ્રોજેક્ટ પૂર્ણતાના આરે છે. જ્યાં જ્યાં એના માટે જમીન જોઇએ તો એ જમીન આપણે ભારત સરકારે પસાર કરેલ કાયદા પ્રમાણે મેળવવા જઇએ તો ખૂબ લાંબી સમય મર્યાદા જાય. ભારત સરકારે બે મુખ્ય જોગવાઇ કરી છે. એક એના આખા કાયદાના અનુસંધાનમાં જે વિસ્તારમાં જમીન સંપાદન કરવાની હોય ત્યાં સામાજિક અસરો તપાસવા માટેની વ્યવસ્થા ઊભી કરી છે. જે ખૂબ લાંબો સમય માગી લેતી પ્રક્રિયા છે. એવી જ રીતે જે જમીન સંપાદનમાં આપણે ગુજરાતમાં જોયું છે કે ખેડૂતોને સમજાવટથી સંમતિ એવોર્ડ કરાવીએ છીએ. એટલે કે રાજ્ય સરકાર વતી કલેક્ટર હોય, અન્ય જમીન સંપાદન અધિકારી હોય એ ખેડૂત સાથે વાટાઘાટો કરે અને વાટાઘાટો કરીને જમીનની કિંમત નક્કી થાય અને કિંમત પ્રમાણે જો ખેડૂતને પોતાના વિસ્તારમાં નર્મદાની કેનાલ લાવવી હોય, કોઇ રસ્તાઓ લાવવા હોય, શાળા કૉલેજનું મકાન બનાવવું હોય, હોસ્પિટલ બનાવવી હોય તો ગામના જમીન માલિકો સામેથી સંમતિ આપતા હોય છે. આ કિંમત અમને મળશે તો સ્વેચ્છાએ અમે આ કિંમત લઇ અમારી જમીન રાજ્ય સરકારને આવાં જાહેર હેતુનાં કામ માટે આપવા માટે સંમત છીએ, પરંતુ ભારત સરકારે જે નવો કાયદો બનાવ્યો એમાં ગમે તે કારણોસર આ સંમતિ એવોર્ડ કરવાનો અથવા તો વાટાઘાટથી જમીનની લે–વેચ કરવાની, એટલે કે ખેડૂતો, જમીન માલિકો વેચે અને સરકાર જાહેર હેતુ માટે ખરીદે એવી કેન્દ્રના હાલના કાયદામાં જોગવાઇ નથી, એટલે આપણે નવી જોગવાઇ દાખલ કરીએ છીએ. આ સન્માનનીય ગૃહને માહિતી માટે કહું કે આપણે ગુજરાત સરકારમાં અત્યાર સુધી ગામડાંને જોડતો કે શહેરને જોડતો રસ્તો નીકળતો હોય તો કન્સેન્ટ એવોર્ડથી જમીનો મેળવી છે. નર્મદા માટે ખૂબ મોટા પ્રમાણમાં આપણે છેલ્લાં ૩–૪ વર્ષમાં જમીનો મેળવી છે. તેવી જ રીતે જાહેર હેતુઓ જેવા કે સ્કૂલ, કોલેજ, સરકારી બિલ્ડીંગો આ બધું બનતું હોય, નર્મદા કે બીજી સિંચાઇ યોજનાની કેનાલ નીકળતી હોય, રેલવે લાઇન નીકળતી હોય તો આપણે મોટા પ્રમાણમાં સંપાદન કરી, કન્સેન્ટ એવોર્ડ કરી મેળવતા હતા તેની જોગવાઇ અત્યાર સુધી ન હતી. નર્મદા પૂરતો દાખલો આપું તો પાછલા ચાર વર્ષની અંદર રાજ્ય સરકારે કુલ ૭૨૫૧ ખેડૂતો પાસે ૧૧૭૩૫ હેક્ટર જમીન તેમની સાથે ચર્ચા વિચારણા કરી, સમાધાનપૂર્વકની રકમ નકકી કરી વળતર ચુકવેલ છે. તેમાં આપણે ૮૫૨ કરોડ રૂપિયાની કિંમત ખેડૂતોને ચુકવી છે. આવી રીતે ભારત સરકારના કાયદામાં સંમતિ એવોર્ડની જોગવાઇ ન હતી તે સંમિત એવોર્ડની આમાં જોગવાઇ કરી છે. બીજું કે ભારત સરકારના કાયદામાં બીજી જે જોગવાઇ છે કે જયારે જમીન સંપાદન કરવાની થાય તો તેમાં અસરગ્રસ્ત ખેડૂતો અથવા જમીન માલિકો હોય તેમની સંમતિ મેળવવી પડે, તેમની પાસે ઠરાવ મેળવવો પડે આની અંદર ૮૦ ટકા ખેડૂતો સંમિત આપે તો જ આપણે તે પ્રોજેક્ટ આગળ વધારી શકીએ. ત્યારે આપણે જાણીએ છીએ કે ગુજરાત એક સરહદી રાજ્ય છે. આપણે ત્યાં અનેક પ્રકારની સલામતિની, રાષ્ટ્રીય સુરક્ષાની કામગીરી છે. ગુજરાતમાં હવાઇદળ, ભૂમિદળ કે નૌકાદળ હોય તેમાં ત્રણ બાજુ પાકિસ્તાન સાથેની બોર્ડર છે ત્યાં આ સંરક્ષણ દળો મૂકેલા છે. દેશની સુરક્ષા માટે તેમને પણ અવાર નવાર અનેક પ્રકારની જમીનની જરૂરિયાત ઉભી થતી હોય છે. આ બધી વસ્તુ ભારત સરકારના કાયદા પ્રમાણે પ્રક્રિયા કરવા જઇએ તો તેમાં સામાજિક અસરો તપાસવી, સાથે સાથે જે અસરગ્રસ્ત ખેડૂતો છે તેમાંથી ૮૦ ટકાની મંજૂરી મેળવવી તે ખૂબ લાંબી પ્રોસેસ થાય. એટલે રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે, આ કાયદામાં અમે જે સુધારો કરીએ છીએ કે આવી રાષ્ટ્રિય સુરક્ષા માટેની વાત હોય, સંરક્ષણદળો માટેની જરૂરિયાત હોય, અત્યારે દેશ મોટા પ્રમાણમાં પરદેશી હથિયારો ખરીદે છે. ભારત સરકારના અબજો રૂપિયા પરદેશમાં આપીને હથિયારો ખરીદવા પડે. છે. આપણા દેશની અંદર સ્થાનિક કક્ષાએ અતિ આધુનિક હથિયારોનું ઉત્પાદન આપણે ત્યાં માપનું અને મર્યાદિત થાય છે. ત્યારે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ જે મેઇક ઇન ઇન્ડિયા પ્રોજેક્ટ હાથ ઉપર લીધો છે અને તેની અંદર જે વિકસિત દેશો છે તેમની સાથે રહી લશ્કરી સાધનો, હથિયારોનું ઉત્પાદન થાય તે પ્રમાણે તેની ફેક્ટરીઓ ભારતમાં અથવા કોઇપણ વિસ્તારમાં નંખાય તે આવશ્યક છે. તો આવા દેશની સુરક્ષા માટેના ઉપયોગી હથિયારો ઉત્પાદન કરવા માટેની ફેક્ટરીઓ વગેરે નંખાય અને જેનાથી લાંબાગાળે દેશની સુરક્ષાને આપણે મજબૂત કરી શકીએ. તે કામ કરવું હોય તો તોવી જમીનો પ્રાપ્ત કરવી હોય, હથિયારો ઉત્પાદન માટેના મોટા પ્રોજેક્ટ નાંખવા હોય અથવા સંરક્ષણ દળો માટે જરૂરિયાત હોય તેવી જમીનો વગેરે ખરીદવી હોય તો તેને આ પ્રક્રિયામાં છૂટછાટ આપી જમીન ખરીદી શકે તેવી જોગવાઇ દાખલ કરીએ છીએ. દા.ત.અત્યારે આપણા એરફોર્સ દ્વારા વડોદરા ખાતે ૭૫ એકર જમીનની માગણી કરવામાં આવી છે. જેમાં ખાનગી જમીન મેળવવી પડે. તેવી જ રીતે કચ્છ ખાતે અબડાસામાં ૧૮૦ એકર જમીન લશ્કર દ્વારા માગવામાં આવી છે. એવી જ રીતે અબડાસાના ભનાડામાં પણ ૧૮૦ એકર ખાનગી જમીન સંપાદન કરી આપવા માટે ભારત સરકારના લશ્કરી દળોએ આપણી રાજ્ય સરકારને વિનંતી કરી છે. આપણે બધા જાણીએ છીએ કે, ભારત સરકારની કોઇપણ સંસ્થા હોય કે

## તા. ૩૧મી માર્ચ, ૨૦૧૬

## જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૧૬

રાજય સરકારની કોઇપણ સંસ્થા હોય તેને ખાનગી જમીન ખરીદવી હોય, સંપાદન કરવી હોય તો વાયા ગુજરાત સરકાર થકી, રેવન્યુ વિભાગ મારફત તથા જમીન સંપાદન અધિકારી દ્વારા તે કામગીરી કરવાની થાય છે. જે કામગીરી કરવા માટે સમય બચે અને ખેડૂતોને ચર્ચા વિચારણા કરી વ્યાજબી કિંમત અપાય તેવી પણ જોગવાઇ કરીએ છીએ. માનનીય વડાપ્રધાનશ્રીએ ગુજરાત માટે મોટો પ્રોજેક્ટ અમદાવાદ મુંબઇ હાઇસ્પીડ કોરિડોર કે જેને આપણે બુલેટ ટ્રેન પ્રોજેક્ટ તરીકે ઓળખીએ છીએ. ૯૮ હજાર કરોડનો આ જે પ્રોજેક્ટ બનવાનો છે એનો ૮૫ ટકા ભાગ ગુજરાતમાં આવે છે ત્યારે એના માટે પણ મોટા પ્રમાણમાં જમીન સંપાદન કરવી પડશે. આપણે રસ્તાઓને પણ પહોળા કરી રહ્યા છીએ, ટુ લેનમાંથી ફોર લેન, ફોર લેનમાંથી સિક્સ લેન આ બધું કરવું હોય તો એ પ્રક્રિયા પણ આપણે ટૂંકાવવી પડે ત્યારે આ બધું જ કરવું છે અને કરવાની જરૂરિયાત છે એને અનુસંધાનમાં અમે આજના બિલ મારફતે સુધારા લાવ્યા છીએ એ કોને કોને લાગુ પડશે એ હું સન્માનનીય ગૃહને અને ગુજરાતની પ્રજાને સ્પષ્ટ કરવા માગુ છું. કોઇ પણ ખાનગી પ્રોજેક્ટ માટે, કોઇ પણ ખાનગી કંપની માટે એક પણ પ્રક્રિયા ભારત સરકારના કાયદા પ્રમાણેની જે છે એને આપણે આ નવા સુધારાથી ટૂંકાવતા નથી, ફકત રાજય સરકારને જ્યાં જાહેર હેતુ માટે પીવાના પાણીની વ્યવસ્થા કરવી હોય, હોસ્પિટલો કરવી હોય, મેડિકલ કોલેજ કરવી હોય, સ્કૂલો કરવી હોય કે લશ્કર માટે જરૂરિયાત હોય એવા કોઇ પ્રોજેક્ટ કરવા હોય અથવા ગામડાંની અંદર વીજળીના સબ સ્ટેશનો ઉભા કરવા હોય, બીજું અત્યારે ભારત સરકારે અને રાજય સરકારે પણ ખૂબ મોટા પ્રમાણમાં ગરીબ આવાસ યોજનાઓ અને મધ્યમ વર્ગ માટેની એફોર્ડેબલ હાઉસિંગ સ્કીમો મોટા પ્રમાણમાં ઉભી કરવાનું જે આયોજન કર્યું છે જેમાં હજારો કરોડ રૂપિયાનું રાજય સરકાર રોકાણ કરવાની છે તો એવી હાઉસિંગ કોલોનીઓ ગરીબો માટેની અથવા મધ્યમ વર્ગ માટેના મકાનો બનાવવાની પણ જોગવાઇ કરવા માટે જે જમીન જોઇએ એ પણ આ કાયદા હેઠળ આપણે ખરીદવા માટેનો સુધારો કરીએ છીએ. એવી જ રીતે આપણો જે ઇન્ડસ્ટ્રીયલ કોરિડોર નીકળ્યો છે રેલવે લાઇન એની બંને બાજુ એક એક કિલોમીટર સુધી ગુજરાત સરકાર માટે, ગુજરાત સરકારના કોઇ બોર્ડ નિગમની કંપની માટે, ગુજરાત સરકારની માલિકીની કોઇ કંપની માટે અથવા તો પી.પી.પી. ધોરણે ગુજરાત સરકાર પણ ભાગીદાર હોય અને ખાનગી કંપની પણ ભાગીદાર હોય પણ જેમાં જમીન ગુજરાત સરકારના નામે રહેવાની હોય એવા પ્રોજેક્ટો માટે રેલવે લાઇનની એક એક કિલોમીટરની આજુ બાજુ જમીન સંપાદન કરવાની થાય તો એને પણ આપણે આ કાયદા હેઠળ આવરી લઇએ છીએ અને એ પ્રમાણે ફકત ગુજરાત સરકાર માટે, જાહેર હેતુ માટે, ગુજરાતના ગરીબોના કે મધ્યમ વર્ગના મકાનો માટે, પીવાના પાણીની–સિંચાઇની, વીજળીની, રસ્તાઓની, ઇન્ફ્રાસ્ટ્રકચર વ્યવસ્થાઓ વધારવા માટે જે જે જમીન ખાનગી જમીન સંપાદન કરવાની થશે એને આ બે બાબતોમાં આપણે મુક્તિ આપીએ છીએ, એક ૮૦ ટકા સંમતિની જરૂર નહીં પડે, એક એન્વાયરમેન્ટ પ્રોસેસ જે કરવાની છે સામાજિક અસરો તપાસવાની એમાંથી મુક્તિ આપીએ છીએ. બીજું માનનીય અધ્યક્ષશ્રી, આપણે એ પણ જોગવાઇ કરી છે કે, જે જમીન ખરીદવાની ચર્ચા થાય એની વાટાઘાટ બાદ નિર્ણય થાય એટલે ૮૦ ટકા જમીનની કિંમત ખેડૂતને આપણે પહેલાથી જ આપી દઇશું એટલે જમીનની જે કિંમત થાય એના ૮૦ ટકા સંમતિ એવોર્ડના તુરત જે તે ખેડૂતોની જમીનનો આગોતરો કબજો લેવા માટે આપણે ચૂકવણું કરશું. આપણે એ પણ જાણવું જોઇએ કે, અત્યારે આ કાયદાના કારણે અથવા જૂના કાયદાના કારણે સરકારે જે એવોર્ડ કર્યો હોય જમીન સંપાદનના એની સામે હજારો કેસો વિવિધ કોર્ટોમાં પેન્ડીંગ છે, એવા લગભગ ૨૨ હજાર જેટલા કેસો અત્યારે રાજયની જુદી જુદી કોર્ટોમાં પેન્ડીંગ છે. એટલે ખેડૂતો કેસ લડવા માટે કોર્ટમાં સમય આપે અને વકીલોને ફી ચૂકવે, સરકારને પણ ખર્ચ કરવો પડે એમ બંને પક્ષે નુકસાન થાય એ બધાના નિવારણ માટે સંમતિ એવોર્ડ સહિતના આપણે સુધારા કરીએ છીએ. બીજો એક જે સુધારો કર્યો છે કે, ભારત સરકારના જૂના કાયદામાં એવી જોગવાઇ છે કે, જમીન જેણે સંપાદન કરી હોય એ પાંચ વર્ષમાં એનો ઉપયોગ ન કરે તો એ જમીન ખાલસા થઇ જાય. આપણે એવો નવો સુધારો કરીએ છીએ કે કોઇ કોર્ટ મેટરના કારણે વિલંબ થાય, દાખલા તરીકે કોઇએ જમીન ખરીદી અને કોર્ટમાં કોઇ મેટર થઇ અને કોર્ટે બાંધકામ કરવા માટે, પ્લાન્ટ બનાવવા માટે કે એના લાયસન્સ મંજૂર કરવા માટે જો સ્ટે આપ્યો હોય તો એ કોર્ટના સ્ટેની સમય મર્યાદા આ પાંચ વર્ષની સમય મર્યાદામાંથી એને એટલી મુક્તિ મળશે. એટલે કોઇ પ્રોજેક્ટ કોર્ટના સ્ટેને કારણે વિલંબમાં મૂકાય તો પાંચ વર્ષે ખાલસા થાય એવું ન બને એ પણ આપણે આમાં જોઇએ છીએ. એટલે માનનીય સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે, ગુજરાતના વિકાસ માટે ગતિશીલ ગુજરાતની પ્રગતિ જાળવી રાખવા માટે આપ સૌ આ બિલને સર્વાનુમતે મંજૂર કરો.

( વિરામ ૧૦–૩૦ થી ૧૧–૦૦)

ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી(સુરત (પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, સન–૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૫–૨૦૧૬નું જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ ૨૦૧૩ (ગુજરાત સુધારા ) વિધેયક ૨૦૧૬ માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ આ વિધેયક લઇને આવ્યા છે તેને હું મારું અનુમોદન આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, જેમ •(ડડડ) તેની કોઇ અસરકારતા નથી તેવી જ રીતે આ જમીન સંપાદનનો કાયદો.

ઉપાધ્યક્ષશ્રી : આ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

---

• માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ચૈત્ર ૧૧, ૧૯૩૮ શાકે

જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૧૬

શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી : જમીન સંપાદનનો કાયદો પણ સવાસો વર્ષ જૂનો હોવાને કારણે વળતરની ઓછી ચૂકવણી, પારદર્શિતાનો અભાવ, પરામર્શનો અભાવ, આઝાદીના ૬૮મા વર્ષે પણ કોઇ નવો સુધારો નહીં. આજના આધુનિક યુગમાં વિશ્વની કોઇ પણ સરકાર હોય એ આધુનિક ટેકનોલોજીનો શ્રેષ્ઠ ઉપયોગ કરી પોતાના દેશની અને રાજયની જનતાને આધુનિક સગવડ પૂરી પાડે જેમ કે, રોજગારીની સગવડ આપવા માટે ઉદ્યોગની સ્થાપના માટે જમીન જોઇએ, પાણીની સગવડ આપવા માટે સિંચાઇ માટે જમીન જોઇએ, વીજળીની સગવડ આપવા માટે વીજ થાંભલા અને ટ્રાન્સફર્મર માટે પણ જમીન જોઇએ, એકસપ્રેસ વે બનાવવા માટે, હાઇવે બનાવવા માટે પણ જમીન જોઇએ, બુલેટ ટ્રેન, મેટ્રો ટ્રેન, એકસપ્રેસ ટ્રેનની સગવડ બનાવવા માટે રેલ્વેના પાટા નાંખવા માટે પણ જમીન જોઇએ. આખા દેશમાં હજારો ટન કચરાનો વૈજ્ઞાનિક નિકાલ કરવા માટે પણ જમીન જોઇએ આવા સંજોગોમાં ડગલે અને પગલે જમીનની જરૂરિયાત ઉભી થાય ત્યારે જાહેર હિત માટે ઝડપથી જમીન સંપાદન થાય અને રાજયની જનતા તેના આ વિકાસના ફળ ચાખે તે માટે ખૂબ જરૂરી છે. ૨૦૦૫માં સ્પેશ્યલ ઇકોનોમિક ઝોન લાગુ થતાં તેનો ખૂબ વિરોધ થયો અને તેના અનુસંધાનમાં ૨૦૧૩માં જમીન સંપાદનનો કાયદો લાવવામાં આવ્યો પરંતુ એ જમીન સંપાદનના કાયદામાં અનેક વિસંગતતા હતી જેને કારણે આજનું આપણું આ વિધેયક આ વિસંગતતા દૂર કરવા માટે સક્ષમ બને છે. એમાં સૌથી પહેલાં જરૂર જણાય એટલી જમીન સંપાદન કરવી, જમીન સંમતિથી મેળવવી, સંપાદનવાળી જમીનના માલિકને ન્યાય અને વળતર આપવું, જમીન સંપાદનને કારણે જમીન વગરના અસરગ્રસ્તોના પરિવારને પુનઃસ્થાપન અને પુનઃવસવાટ માટે જોગવાઇ કરવી, અસરગ્રસ્ત વ્યકિત વિકાસના ભાગીદાર બને, જમીન સંપાદનમાં જમીનના માલિકોનું જીવન-ધોરણ સામાજીક અને આર્થિક પ્રગતિ થાય એના માટે કલમ-૧૧માં પણ આપણે સુધારો કરીને કલેકટરને પાવર આપ્યા છે કે જમીન માલિક લેખિતમાં એગ્રીમેન્ટ કરી કબૂલાત આપે તો વધુ તપાસ કર્યા સિવાય વળતરની રકમ ચૂકવવાનો એવોર્ડ જાહેર કરી શકે.

શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇ પટેલ બિલ નંબર-૫, ૨૦૧૬ લઇને આવ્યા છે તેને સમર્થન આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ ગુજરાતના વિકાસ માટે ખૂબ જરૂરી છે. કારણ કે ગુજરાત રાજય આપણે બધા જાણીએ છીએ લોકો સામેવાળા સ્વીકારે કે ના સ્વીકારે પણ ગુજરાત એ આ દેશનું ગ્રોથ એન્જીન છે અને તેમાં ઔદ્યોગિક વિકાસ હોય કે કોઇ પણ પ્રકારનો વિકાસ હોય તેના માટે ગુજરાત અગ્રેસર છે ત્યારે ભારત સરકારનો કાયદો જે ૧-૧-૨૦૧૪થી અમલમાં આવ્યો છે તેના કારણે સંપાદનની પ્રક્રિયા છે તે લગભગ સ્થગિત થઇ ગઇ છે. આજે સામાજીક ઇમ્પેકટ અને સંમતિ મેળવવાની જે વાત છે અને ખેડૂતોનું શોષણ ન થાય તે બાબતે પણ રાજય સરકાર કાળજી લેતી હોય ત્યારે ખૂબ જરૂરી છે કે મહત્વના જે કાર્યક્રમો હોય તેની અંદર દા.ત. રાષ્ટ્રીય કક્ષાએ મેઇક ઇન ઇન્ડિયાનો જયારે કેમ્પેઇન ચાલતો હોય ત્યારે ગુજરાતની અંદર પણ ઔદ્યોગિકરણની જે દરખાસ્તો છે તેમાં જમીન સંપાદનની પ્રપોઝલોમાં વિલંબ થાય તો આ વિકાસ અટકી જાય છે. અને એટલા જ માટે જે સુધારો રજૂ કરવામાં આવ્યો છે તેને હું સમર્થ આપુ છું. આજે રાષ્ટ્રીય સલામતી અને સુરક્ષાના જે કોઇ પ્રોજેકટો હોય, ગ્રામિણ માળખાકીય સુવિધા, વીજળીકરણ જેવા પ્રોજેકટો હોય ગરીબોને આવાસ આપવા માટે વડાપ્રધાનશ્રીએ કહ્યું કે ૨૦૨૨ સુધીમાં આ દેશના તમામ લોકોને આવાસો આપીશું. એટલે ગુજરાત સરકારે પણ પોતે આવાસના ઘણા બધા પ્રોજેકટો, ઇન્ડસ્ટ્રીયલ કોરીડોર, બોમ્બે દિલ્હી ઇન્ડસ્ટ્રીયલ કોરીડોર અને જેનો હાઇસ્પીડ બુલેટ ટ્રેનનો માનનીય મંત્રીશ્રીએ ઉલ્લેખ કર્યો એ માળખાગત સુવિધાઓ, પ્રોજેકટો છે એ બધાને માટે જે મુક્તિ, સંમતિ અને સામાજિક મિલકતમાંથી મુક્તિ આપવાની વાત છે એ ખૂબ આવકાર્ય છે. બીજું, મહત્વનું એ છે કે, કર્મચારીઓ અને અધિકારીઓ કોઇ ગુનો કરે એટલે વિભાગનો સચિવ દોષિત જણાય એના બદલે સી.આર.પી.સી.માં જે પ્રોટેક્શન આપવામાં આવ્યું છે કર્મચારીઓ અને અધિકારીઓની અંદર, એટલે નિર્દિષ્ટ પ્રક્રિયા કલમ ૧૯૭ નીચેની નિર્દિષ્ટ પ્રક્રિયા પૂરી કર્યા બાદ જ કોઇ પણ ગુનો દાખલ થશે આજે ભારત સરકારના ભજ્ઞક્ષતયક્ષર્િૃફમિ કાયદામાં જોગવાઇ નથી, તો એની પણ જોગવાઇ કરવામાં આવી છે. આપણી પરંપરા છે કે સંમતિથી નર્મદા યોજનાની અંદર માનનીય મંત્રીશ્રીએ વાત કરી છે, (અંતરાય) એટલે આ બિલને હું સમર્થન આપું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા આ બિલ ઉપર માનનીય સભ્યશ્રી પૂર્ણેશભાઇ મોદી અને સભ્ય શ્રી આર. એમ. પટેલે પોતાના વિચારો વ્યકત કરીને બિલને સમર્થન આપ્યું છે એ બદલ હું એમનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એક સ્પષ્ટતા પણ સન્માનનીય ગૃહ સમક્ષ મૂકવા માગું છું કે, આ સુધારો ફકત વહીવટી પ્રક્રિયાઓને ટૂંકાવવા બાબતનો જ છે. ઝડપથી જમીન સંપાદન થાય, સરકારી પ્રોજેકટો, જાહેર હેતુ માટેના પ્રોજેકટો, રોજગારી આપતા પ્રોજેકટો, ગરીબોને આવાસ માટેના પ્રોજેકટો ઝડપથી અમલમાં મૂકાય એ આનો મુખ્ય હેતુ છે એટલે જમીનની કિંમત બાબતમાં કોઇપણ અસર આમાં થવાની નથી. ભારત સરકારનો અત્યારનો જે કાયદો છે એ કાયદામાં જમીનની કિંમત નકકી કરવાનો, જે જમીન સંપાદન કરવાની છે, એની કિંમત નકકી કરવાની પ્રક્રિયામાં કે એની કિંમતમાં ઘટાડા માટે કોઇ જાતની પ્રસ્તાવના કે દરખાસ્ત કે સુધારો આ કાયદામાં નથી. ખેડૂતોને મળવાપાત્ર નવા કાયદા પ્રમાણેની તમામ કિંમત ખેડૂતોને મળી શકશે અને આ કિંમત જે નકકી થાય એના સામે પણ કોઇ ખેડૂતને અસંતોષ હોય, જમીન માલિકને અસંતોષ હોય તો તેઓ કોર્ટ

દ્વારા પણ વધારે જમીન વળતર મેળવવા માટે એમનો અધિકાર ધરાવતા રહેશે, એમના અધિકાર પ્રમાણે એનો લાભ મેળવી શકશે એ સ્પષ્ટતા સાથે આ બિલને સૌ સભ્યશ્રીઓ સમર્થન આપે એવી વિનંતી છે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ર૯૧૬ના વિધેયક ક્રમાંક–પનું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

કલમ ૨ થી ૭ વિધેયકનો ભાગ બની.

કલમ–૮ પરનો સુધારો

શ્રી પંકજ દેસાઇ ( મુખ્ય દંડકશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે પ્રમાણેનો સુધારો રજૂ કરું છું.

'ઇંક્ષ ભહફીતચ ૮, રજ્ઞાિવિંચ્ ્જ્ઞમિત ફક્ષમ રશલીચિ, 'તીબ-ભહફીતચ(શ)'

તીબતર્શિિર્ીચિં વિંચ્ ્જ્ઞમિત ફક્ષમ રશલીચિત 'તીબ-ભહફીતચત (શ) ફક્ષમ (શશ)'.

સુધારો રજૂ કરવામાં આવ્યો.

સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ –૮ વિધેયકનો ભાગ બની.

કલમ–૯, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરૂ છું કે સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૫–સન ૨૦૧૬નું જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર (ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષશ્રી : સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંક –પનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૨૭

ગુજરાત રાજ્ય ઉચ્ચ શિક્ષણ પરિષદ વિધેયક,૨૦૧૬

ગુજરાત રાજ્ય ઉચ્ચ શિક્ષણ પરિષદ તરીકે ઓળખાતી પરિષદની સ્થાપના અને સંસ્થાપન કરવા અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો અંગેનું વિધેયક

પ્રો વસુબેન ન. ત્રિવેદી ( ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંક–૨૭, સન–૨૦૧૬નું ઉચ્ચ શિક્ષણ પરિષદ વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

પ્રો. વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંક–૨૭, સન ૨૦૧૬નું ઉચ્ચ શિક્ષણ પરિષદ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, બિલને કુલ ૨૭ મિનિટ ફાળવવામાં આવેલ છે.

પ્રો. વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ઉચ્ચ શિક્ષણ પરિષદની રચના કરવા અંગે પ્રસ્તુત વિધેયક ૨૦૧૬ને વિધાનસભાના ગૃહ સમક્ષ અનુમતિ મેળવવાના હેતુથી રજૂ કરવા અંગે મને હર્ષની લાગણી થાય છે.

આ વિધેયક લાવવા અંગેનો રાજય સરકારનો ઉદ્દેશ હું ગૃહના સૌ સભ્ય સમક્ષ રજૂ કરવા માગું છું. ગુજરાત રાજય ઉચ્ચ શિક્ષણ પરિષદ તરીકે ઓળખાતી આ પરિષદની સ્થાપના કરવા અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષણ અભિયાન ૨૦૧૩ દ્વારા ભલામણ કરવામાં આવી હતી. અને જે તે વખતે જણાવ્યું કે ઉચ્ચ શિક્ષણ અંગેનું રાજયસ્તરનું આયોજન અને તેનું સંકલન ઉચ્ચ શિક્ષણ માટેની રાજય પરિષદ મારફત જ થવું જોઇએ. એમ.એચ.આર.ડી.આ પરિષદને રુસા અને યુજીસી જે ફંડ આપશે તે આ પરિષદ દ્વારા જ રાજયની યુનિવર્સિટીઓ સંસ્થાઓ અને કોલેજોને ફાળવવામાં આવશે. જે બાબત ધ્યાનમાં લેતા રાજય ઉચ્ચ શિક્ષણ પરિષદ સ્થાપવાનું રાજય સરકારને જરૂરી જણાયું છે. આ રાજયની

* વિધેયક તા.૧૯મી માર્ચ, ૨૦૧૬ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

## જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૧૬

તમામ કોલેજો અનેક યુનિવર્સિટીઓ રુસા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન પાસેથી ફંડ લાવવાની બાબતમાં સીધું જ ભલામણ કરતું હતું અને એના કારણે રાજ્ય સરકારના યુજીસીના ફંડથી શું ગતિવિધિઓ થાય છે એની કોઇને માહિતી પ્રાપ્ત થતી નહોતી. આ પરિષદ દ્વારા એ નિર્ણય કર્યો કે તમામ ફંડ એ રાજય સરકારના માધ્યમથી જ દરેક લોકોને મળે અને લાગે છે કે આ વસ્તુને ધ્યાનમાં લેતા ઉચ્ચ શિક્ષણ પરિષદ સ્થાપવાનું રાજય સરકારને ખૂબ જરૂરી જણાયું છે. આ સંસ્થા રાજયમાં ઉચ્ચ શિક્ષણ માટેની સર્વોચ્ચ માર્ગદર્શક સંસ્થા રહેશે. અને તે રાજયમાં ઉચ્ચ શિક્ષણના સુઆયોજીત સંકલિત વિકાસ માટે તેમજ ઉચ્ચ શિક્ષણને લગતી બાબતોમાં રાજય સરકારને સલાહ આપવાનું, આયોજન કરવાનું અને તેની દેખરેખ અને નિયંત્રણ રાખીને એના વિકાસનું નિરીક્ષણ કરવા માટે આ સંસ્થા જવાબદાર રહેશે. આ વિધેયકમાં ભારત સરકારની માર્ગદર્શિકા અને અન્ય રાજયોમાં આ અંગેના જે કાયદાઓ અમલમાં છે તેનો ગહન અભ્યાસ મારા વિભાગના સૌ અધિકારી, કર્મચારીઓએ કર્યા બાદ જ રાજય સરકારે પરિષદના ગઠન અને તેની કામગીરીના સંદર્ભમાં પૂરતી જોગવાઇઓ દાખલ કરી છે. દેશની અદર લગભગ પાંચ રાજયો સિવાય મોટા ભાગના રાજયોમાં આ પરિષદની સ્થાપના કરી દેવાયેલ છે. આ પરિષદનુ મુખ્ય મથક હાલ સૂચિત વિધેયકમાં રાજય સરકારે અમદાવાદ ખાતે અથવા તો રાજય સરકાર જે જાહેર કરે તે સ્થળે રાખવાનું નક્કી કરવામાં આવ્યું છે. સૂચિત વિધેયક દ્વારા સ્થાપાનાર પરિષદનું માળખું દ્વિસ્તરીય રહેવાનું છે. જેમાં ગવર્નીંગ કાઉન્સીલ અને એક્ઝીક્યુટિવ કમિટીનો સમાવેશ થશે. ગવર્નીંગ કાઉન્સીલમાં માનનીય મુખ્યમંત્રી હોદ્દાની રૂએ પરિષદના અધ્યક્ષસ્થાને રહેશે. તેમજ રાજયના શિક્ષણ મંત્રી હોદ્દાની રૂએ ઉપાધ્યક્ષ અને રાજય કક્ષાના શિક્ષણમંત્રી સહઉપાધ્યક્ષ તરીકે રહેશે. આ પરિષદમાં સરકારી સભ્યો સહિત અન્ય સભ્યો તરીકે રાજયની જે ખાનગી યુનિવર્સિટીઓ છે તેના વડાઓ, રાજયના કુલપતિ મંડળ દ્વારા સૂચિત કુલપતિ અને રાષ્ટ્રીય સ્તરે નામાંકિત એવી સંસ્થાઓના તજજ્ઞો સહિત અલગ અલગ ક્ષેત્રની હસ્તીઓની નિમણૂંક કરવામાં આવશે. જેમાં હોદ્દાની રૂએ જે સભ્યો હોય એ સિવાયના સભ્યોના હોદ્દાની મુદત ત્રણ વર્ષની રાખવામાં આવી છે. જેઓ દ્વારા પ્રાપ્ત થયેલા સૂચનો અને માર્ગદર્શનથી શિક્ષણની ગુણવત્તા ઉંચી લાવવા તેમજ તેને વેગ આપવામાં સહાય મળશે. આ પરિષદની કાર્યવાહી અને તેના નિયમન માટે રાજય સરકારની પૂર્વ અનુમતિ મેળવીને જ તેના રુલ્સ અને રેગ્યુલેશન બનાવી શકાશે. સાથે સાથે સૂચિત પરિષદના ઉદ્દેશોમાં એક સર્વાંગી લાંબાગાળાની શૈક્ષણિક યોજના વિકસાવવી તેમજ રાજયના ભાવિ વિકાસ માટેની જરૂરિયાતો ધ્યાનમાં રાખીને ઉચ્ચ શિક્ષણને અસરકારક દિશામાં લઇ જવાની બાબત મુખ્ય રીતે છે. આ પરિષદ રાજયની યુનિવર્સિટીઓને જરૂરી નાણાકીય સ્ત્રોત પૂરા પાડવા સહિત તે માટેના માપદંડ નક્કી કરવા અંગે રાજય સરકારને ભલામણ કરશે તેમજ શિક્ષણ અંગેના સ્પષ્ટ દ્રષ્ટિકોણ સાથે દૂરના ભવિષ્યમાં થનાર અપેક્ષિત ફેરફારોને લક્ષમાં લઇને ઉચ્ચ શિક્ષણમાં સુધારા અંગેના પગલાંઓ નક્કી કરવા માટે પરિષદ રાજય સરકારને ભલામણ કરશે. સાથે સાથે વૈશ્વિક સ્પર્ધાના આ યુગમાં ઉચ્ચ શિક્ષણની વિવિધ વિદ્યાશાખાઓમાં વૈશ્વિક સ્તરના નિષ્ણાતો તૈયાર કરશે. તેને તૈયાર કરવા માટે રાજયની યુનિવર્સિટીઓ સાથે પરામર્શ કરીને તેના અભ્યાસક્રમનું આયોજન અને સંકલિત વિકાસ માટેની ભલામણો કરશે. આ માટે શિક્ષણની આધુનિક પદ્ધતિઓની જાણકારી અંગે રાજય સરકારને યોગ્ય દિશા અને સૂચનો આ પરિષદ દ્વારા થશે.

માનનીય અધ્યક્ષશ્રી, એક ચિંતાનો વિષય છે. રાજયોમાં અનધિકૃત અને ગેરકાયદેસર ચાલતી શૈક્ષણિક સંસ્થાઓ અથવા એજન્સીઓ અંગેની માહિતી પરિષદ દ્વારા રાજય સરકારના ધ્યાન ઉપર લાવવામાં આવશે. જેથી આવી સંસ્થાઓ અને તેની પ્રવૃત્તિઓ પર અસરકારક નિયંત્રણ લાવવામાં મદદ મળશે. સાથે સાથે બીજી તરફ રાજયમાં યુનિવર્સિટીઓમાં ઉત્કૃષ્ટતામાં વિશ્વ કક્ષાનો લક્ષ્યાંક સિદ્ધ કરી શકાય તે માટેના પગલાં લેવાશે. આપણાં રાજયનો વિદ્યાર્થી દેશના બીજાં રાજયોમાં અને વિશ્વના દેશોમાં ઉંચુ માથું કરીને ઉભો રહી શકે તે માટેની ક્ષમતા ઊભી કરવા માટે આ પરિષદ દ્વારા સૂચનો થશે અને પગલાં લેવાશે. પરિષદ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અથવા રાજય સરકાર દ્વારા વખતોવખત આપવામાં આવેલી માર્ગદર્શિકાઓને સંકલન કરીને ઉચ્ચ શિક્ષણ અને સંશોધન માટેની સંસ્થાઓ તેમજ વૈજ્ઞાનિક અને ટેકિનકલ સંસ્થાઓ માટેના ધોરણો નક્કી કરશે. સાથે સાથે રાજયની યુનિવર્સિટીના હયાત સ્ટેચ્યુટ, અધ્યાદેશો અને વિનિયમો પર રાજય સરકારને સલાહ આપવા અને શૈક્ષણિક અભિગમ માટેની સ્વાયત્તતાને બાદ કર્યા સિવાય વહીવટમાં એકરૂપતા જાળવવા અને તાલીમ, સેમીનાર, નિષ્ણાત જૂથો સાથેની ચર્ચાઓ, યોજના તેમજ રાજયની નીતિ અનુસાર અને યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનની સૂચનાઓ ધ્યાનમાં લઇને કોલેજના અધ્યાપકો, આચાર્યો માટે બઢતી સહિતના નિયમો અને માપદંડો રાજય સરકારને સૂચવશે.

રાજય સરકાર દ્વારા ગુજરાત રાજય ઉચ્ચ શિક્ષણ પરિષદ ફંડ સ્થાપવામાં આવશે. જેમાં વખતોવખત રાજય સરકાર દ્વારા અપાનાર અને આપેલી એવી તમામ રકમો તેમજ કેન્દ્ર સરકાર અને યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન કે અન્ય સંસ્થાઓ, દાતાઓ દ્વારા મળેલી રકમનો સમાવેશ થશે. જેમાંથી પરિષદને તેની કામગીરી માટે અને તેની જવાબદારીઓ તેમજ ફરજો બજાવવા જરૂરી રકમો આપવામાં આવશે. રાજય સરકાર દ્વારા આ પરિષદના હેતુઓ પાર પાડવા માટે જયાં જરૂરી હોય ત્યાં નિયમો ઘડી શકાશે એવી જોગવાઇ પણ સૂચિત વિધેયકમાં કરવામાં આવી છે. રાજય સરકાર દ્વારા ઉચ્ચ શિક્ષણને વેગ આપવાના હેતુથી અને રાજયના તમામ જિલ્લાઓમાં સ્થપાયેલી ઉચ્ચ શિક્ષણ આપતી કોલેજો અને સંસ્થાઓ તેમજ યુનિવર્સિટીમાં ચાલતા અભ્યાસક્રમો, તેની ગુણવત્તા અને સંશોધનોને પ્રોત્સાહન મળે, સમયની જરૂરિયાત અને ઉદ્યોગોને અનુરૂપ સુશિક્ષિત માનવબળ ઉપલબ્ધ થાય તેમજ ઉચ્ચ શિક્ષણની તકો સહજતાથી વિદ્યાર્થીઓને પ્રાપ્ત થાય. તેવા ઉમદા

હેતુને અનુરૂપ ભારત સરકારના આ મહત્વાકાંક્ષી કાર્યક્રમનો રાજ્યમાં યોગ્ય રીતે અમલ થાય તે હેતુથી રાજ્યમાં સ્થપાનાર રાજ્ય ઉચ્ચ શિક્ષણ પરિષદની રચના આ વિધેયકમાં લઇને હું આવી છું. મારા સાથી સૌ સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે આ વિધેયકમાં પોતાના વિચારો રજૂ કરીને એને સમર્થન કરે.

શ્રી ભૂષણ અ. ભટ્ટ(જમાલપુર–ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં માનનીય મંત્રી શ્રીમતી વસુબેન ગુજરાત રાજ્ય ઉચ્ચ શિક્ષણ પરિષદ વિધેયક ક્રમાંક –૨૭, ૨૦૧૬ લઇને આવ્યા છે તેમાં મારા સમર્થન સાથે વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતની સંસદ દ્વારા ૧૯૮૬માં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ઘડવામાં આવી. વર્ષ ૧૯૯૨માં આચાર્ય રામમૂર્તિ સમિતિ અને રેડ્ડી સમિતિની ભલામણોનો સ્વીકાર કર્યો અને એમાં બહુ ઓછા નીતિવિષયક સૂચનો કરવામાં આવ્યા. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ આવતા લગભગ બધા રાજ્યોમાં ૧૦+૨+૩ની શિક્ષણ પદ્ધતિનો અમલ કરવામાં આવી રહ્યો છે. ૧૯૮૬માં ઉચ્ચ શિક્ષણ પ્રકરણના પાર્ટ ૫(૩૦)માં જણાવ્યા પ્રમાણે ઉચ્ચ શિક્ષણનું રાજ્ય કક્ષાનું આયોજન અને સંકલન રાજ્ય કક્ષાની કાઉન્સિલ દ્વારા કરવામાં આવે તે જરૂરી છે. યુજીસી અને માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા કાઉન્સિલની રચના એપ્રિલ ૨૦૧૬થી થતાં માત્ર કાઉન્સિલને જ આર્થિક સહાય આપવાનું નક્કી કર્યું છે. આ વિધેયકમાં સ્પષ્ટ બતાવ્યું છે. માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે આગામી સમયમાં એ કાઉન્સિલને ગ્રાન્ટ આપશે અને કાઉન્સિલ જ નીચે ગ્રાન્ટ આપે અને એકસૂત્રતા જળવાય એને ધ્યાને લઇ આ ઉચ્ચ શિક્ષણ પરિષદ એ આજના સમયની આવશ્યક બાબત છે. આગામી વર્ષમાં શિક્ષણનો વ્યાપ, કૌશલ્ય, અભ્યાસક્રમો અને શિક્ષણની ગુણવત્તા, નિરિક્ષણ અને સંશોધનો અને તેના સફળ અને સરળ સંચાલન કરવા માટે આજના સમયે આ સંસ્થાની આવશ્યકતા જરૂરી બની છે. કાઉન્સિલની રચના સમયેથી કેન્દ્ર તથા તમામ રાજ્ય સરકારો સાથે સંશોધન અને સંકલન સરળ બને. એમએચઆરડી કાઉન્સિલને, રુસાને અને યુજીસીને ગ્રાન્ટ આપશે. જે કાઉન્સિલ દ્વારા સંસ્થાઓને અને કોલેજોને ગ્રાન્ટ આપશે. જે વાત કરી એ પ્રમાણે હાલમાં જે સંજોગો જોવા મળે છે એમાં કેટલીક ડિમ્ડ યુનિવર્સિટીઓ કે યુનિવર્સિટીઓના અભ્યાસક્રમોમાં પ્રવેશ લીધો હોય ત્યારે એને ખબર જ ન હોય કે આ ડીગ્રી માન્ય છે કે નહીં? એને વર્ષ– બે વર્ષ સુધી ખબર જ ન હોય કે આ ડીગ્રી માન્ય છે કે નહીં? એ અમાન્ય હોવા છતાં એની પાસેથી લાખો રૂપિયાની ફી વસૂલ કરવામાં આવે છે. એ ભણવા ગયો અને એનો ભોગ બને. એના પૈસા જાય, એનું વર્ષ જાય, સમય બગડે. આ કાઉન્સિલની રચના થયા પછી સરળીકરણ બનશે અને આવી સંસ્થાઓ ઉપર કાપ આવી શકશે. હું ગયા વર્ષે લંડન ગયો ત્યારે એક યુનિવર્સિટી જોઇ. એ બે રૂમની અંદર યુનિવર્સિટી ચાલે. એ બે રૂમની અંદર ૮૫૦ કરતાં વધારે વિદ્યાર્થીઓ એમાં ભણે. મને નવાઇ લાગી કે ૮૫૦ વિદ્યાર્થીઓ આ બે રૂમમાં કેવી રીતે ભણતા હશે? મેં એમને પૂછ્યું તો કહે કે ઓન લાઇન અભ્યાસ કરાવવામાં આવે છે. પરીક્ષા કેવી રીતે લેવાની? તો કહે ઓન લાઇન, રિઝલ્ટ કેવી રીતે આપવાનું તો કહે ઓન લાઇન. એની બધી જ કામગીરી ઓન લાઇન. ત્યાં કોઇ હોય જ નહીં. અહીંથી ગયેલો વિદ્યાર્થી ત્યાં છેતરાઇને પાછો આવે. ડીગ્રીનું પ્રમાણપત્ર લઇને આવે. આવા ધંધો કરવાવાળા બે–ત્રણ રૂમમાં યુનિવર્સિટી ચલાવે. આવી ઉચ્ચ શિક્ષણ પરિષદ બનવાના કારણે ગુજરાત આખા દેશમાં નામના મેળવશે. આપણે શિક્ષણનો વ્યાપ વધારી શકીશું અને વિદ્યાર્થીનું ભાવિ અંધકારમય ના બને એ માટે ગતિશીલ ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની ટીમ હેઠળ માનનીય મંત્રી શ્રીમતી વસુબેન આ જે બિલ લઇને આવ્યા છે એને સમર્થન આપુ છું અને સૌ સભ્યોને પણ અપીલ કરુ છું કે એને સમર્થન આપે.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ઉચ્ચ શિક્ષણ પરિષદની રચના કરવા અંગે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણના માનનીય મંત્રી વસુબેન ત્રીવેદી જે બિલ લઇને આવ્યા છે તેને ખુબ દિલથી આવકારું છું, અનુમોદન આપુ છું, અને મારા વિચારો રજૂ કરું છું. આ પરિષદની રચનાથી આપણા રાજયમાં ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે ગુણવત્તાનો આંક વધશે અને ઉચ્ચ શિક્ષણને વેગ મળવાનો છે. અત્યાર સુધી યુ.જી.સી. દ્વારા તમામ યુનિવર્સિટીને વિવિધ વિભાગોના વિકાસ માટે સીધી ગ્રાન્ટ આપવામાં આવતી હતી. આ ઉપરાંત રાજય સરકારનો શિક્ષણ વિભાગ પણ શિક્ષણ કમિશ્નરના માધ્યમથી રાજયના બજેટમાંથી વિવિધ પ્રકારની સુવિધાઓ માટે ગ્રાન્ટ ફાળવતો હતો. આપ જાણો છો કે યુ.જી.સી. છે એ એક સ્વાયત્ત સંસ્થા છે અને સરકારને આધીન નથી. જયારે રાજય સરકારનો શિક્ષણ વિભાગ એ સરકારને આધીન છે. જયારે પણ સરકારી યુનિવર્સિટીને કોઇ સવલત જોઇતી હોય ત્યારે એ સરકાર પાસે પણ ગ્રાન્ટ માંગે અને યુ.જી.સી. પાસે પણ ગ્રાન્ટ માંગતા એવું આપણને ધ્યાને આવ્યું છે. ઘણી વખત આના કારણે વધારે પૈસા હોવા છતાં ધનના ઉપયોગમાં શંકા ઉભી થતી હતી. આ પરિષદની રચના માટે યુ.જી.સી. અને રૂસો બન્નેએ ભલામણ કરી છે. જુદી જુદી સંસ્થા કરતા એક જ સંસ્થા નીચે સારું આયોજન થાય, સંકલન થાય તે અત્યંત જરૂરી હોવાથી ઉચ્ચ શિક્ષણ પરિષદ સ્થાપવાનું રાજય સરકારને જરૂરી જણાયું છે. રાજય ઉચ્ચ શિક્ષણ પરિષદની રચના કરવાથી ભારત સરકારની તમામ ગ્રાન્ટ, યુ.જી.સી.ની તમામ ગ્રાન્ટ અને રાજય સરકારના રુસા દ્વારા મળતું જે ફંડ છે એ બધું હવે રાજય પરિષદને મળશે અને એના કારણે યોગ્ય આયોજન થશે. ઉચ્ચ શિક્ષણના વિકાસમાં વેગ આપવાની અંદર આ પરિષદ નિમિત્ત બનશે તેવું મારું માનવું છે. આ પરિષદના અધ્યક્ષ માનનીય મંત્રીશ્રીએ કહ્યું તેમ માનનીય મુખ્યમંત્રીશ્રી રહેવાના છે. આ ઉપરાંત ઉપાધ્યક્ષ તરીકે શિક્ષણ મંત્રીશ્રી રહેવાનાછે. આ ઉપરાંત વિવિધ વિભાગના સચિવો જયારે આ પરિષદના સભ્ય રહેવાના છે ત્યારે આ તમામના અનુભવ, ભલામણો અને ખાસ કરીને મુખ્યમંત્રીશ્રીનું જે વિઝન છે તેનો લાભ ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે યોગ્ય નિર્ણય લેવામાં મદદરૂપ થશે અને આનો

સાચો લાભ મારા વિદ્યાર્થીઓને પણ મળશે. જયારે યુનિવર્સિટીની સંખ્યા બહુ ઓછી હતી ત્યારે યુનિવર્સિટી જાતે પોતાનો સિલેબસ નકકી કરતી, યુનિવર્સિટીની બધી બાબતો પોતે જાતે સંભાળતી હતી પરંતુ આજે સમય અને પરિસ્થિતિ બદલાઇ છે, આજે યુનિવર્સિટીઓની સંખ્યામાં અભૂતપૂર્વ વધારો થયો છે ત્યારે આ યુનિવર્સિટીના માધ્યમથી લાખો વિદ્યાર્થીઓની કારકીર્દિ ઘડાઇ રહી છે ત્યારે ઉચ્ચ શિક્ષણ પરિષદ બિલ યોગ્ય સમયના યોગ્ય નિર્ણય માટે રાજય સરકારને અને રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી અને શિક્ષણ મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપુ છું. આ સંસ્થા રાજયમાં ઉચ્ચશિક્ષણ માટેની સર્વોચ્ચ માર્ગદર્શક સંસ્થા રહેવાની છે. ઉચ્ચ શિક્ષણને લગતી તમામ બાબતોમાં રાજય સરકારને આયોજન કરવા માટે સલાહ આપશે અને તેની દેખરેખ અને નિયંત્રણ રાખીને વિકાસનું નિરીક્ષણ કરવા માટે પણ જવાબદાર રહેશે. અન્ય કોઇ નવી યુનિવર્સિટી લાવવી હશે તો પણ સરકાર આ પરિષદને પૂછશે. એટલા માટે રાજયમાં ઉચ્ચ પ્રકારની યુનિવર્સિટીઓ આવશે તેવું મારું માનવું છે. અંતે તો આ પરિષદની રચનાથી લાભાન્વિત થશે મારા રાજયના વિદ્યાર્થીઓ કેમ કે ઉચ્ચ શિક્ષણ આપતી કોલેજો તેમજ યુનિવર્સિટીઓમાં ચાલતા અભ્યાસક્રમ, તેની ગુણવત્તામાં સતત દેખરેખ રહેશે. સીલેબસનું અપગ્રેડેશન થશે, તેના નવા અભ્યાસક્રમ માટે પણ વિચારવામાં આવશે આ ઉપરાંત પ્રાધ્યાપકોની ભરતી હોય, કર્મચારીની ભરતી હોય તેનું નિયમન થશે અને વિદ્યાર્થીઓની ફી અંગેનું પણ માપદંડ છે એ પણ આ પરિષદની અંદર વિચારવામાં આવ્યું છે. કોઇપણ વિદ્યાર્થી ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે પોતાના સપનાને પૂર્ણ કરવા જતો હોય છે, કયારેક દુઃખ પણ થાય કે બધી યુનિવર્સિટી યોગ્ય વાતાવરણ આપવામાં ખરી નથી ઉતરી, પણ ચોક્કસ દાવા સાથે કહું છું કે, આ પરિષદના બિલથી યુનિવર્સિટીઓ ઉપર સતત દેખરેખ રહેશે, તેની કાળજી લેવાશે અને યુનિવર્સિટીઓનો વિકાસ થશે. એક ઉત્તમ બાબત એ છે કે વિવિધ ક્ષેત્રોમાં સફળતાના શિખરો સર કરનારા નિષ્ણાતોનો આમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તેના કારણે વિદ્યાર્થીઓમાં રહેલા કૌશલ્યને પારખવામાં આવશે, તેને અનુકૂળ સિલેબસ બનશે, એની એકઝામ લેવાશે અને તેના કારણે વિદ્યાર્થીઓ નિરાશ નહીં થાય પણ આત્મવિશ્વાસથી ઊભા રહી શકશે. ઘણીવાર એવું બનતું હોય છે કે ઉચ્ચ શિક્ષણમાં સરકારને ભલામણ કરવા માટે રાજ્ય સરકારની કોઇ સંસ્થા ન હતી. એના કારણે ક્ષતિનો ભોગ છેલ્લે વિદ્યાર્થીને બનવું પડતું હતું ત્યારે મા જેમ પોતાના બધા બાળકો પ્રત્યે સમભાવ કેળવે છે તેમ આ સંસ્થા નીચે રહેતી તમામ ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ પ્રત્યે સમભાવ રાખી તમામ વિદ્યાર્થીઓને સહજતાથી તકો પ્રાપ્ત થાય તે ઉમદા ભાવથી આ રાજયની અંદર યોગ્ય અમલીકરણ થાય તે હેતુથી આ ઐતિહાસિક વિધેયક જે રજૂ થયું છે એનું લાગણીસભર અનુમોદન આપું છું અને સર્વને અનુમોદન કરવા વિનંતી કરું છું.

પ્રો વસુબેન ન. ત્રિવેદી ( ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય ઉચ્ચ શિક્ષણ પરિષદ વિધેયક ૨૦૧૬ના સંદર્ભે માનનીય ભાઇશ્રી ભૂષણભાઇ, માનનીય બહેનશ્રી વર્ષાબેને પોતાના વિચારો રજૂ કર્યા છે અને આ બિલને માન્ય કરવા માટેની લાગણી વ્યક્ત કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બિલ સ્વયંસ્પષ્ટ છે. એમાં રાજ્ય સરકારના શિક્ષણ માટેના જે ભાવો છે અને જે કરવા માગે છે એને અનુરૂપ આ બિલ હોવાના કારણે એમણે સંમતિ દર્શાવી છે એમ હું માનું છું. આપણે જોઇએ છીએ કે દિન–પ્રતિદિન રાજકીય અને સામાજિક જીવનમાં નૈતિક મૂલ્યોનો હ્રાસ થયો છે. તેના કારણે બિનસાંપ્રદાયિકતા, સમાજવાદ, લોકશાહી અને વ્યવસાયિક નીતિમત્તાના ધોરણો અને ધ્યેયો ખૂબ જ તણાવભરી સ્થિતિમાં હોય છે. જેનો આજે સમગ્ર દેશ અનુભવ પણ કરી રહ્યો છે. સવિશેષ ગ્રામ્ય વિસ્તારમાં અલ્પ સગવડો અને ઓછી સુવિધાના કારણે યોગ્ય શિક્ષણ અને રોજગારી ઊભી થાય એવી તકો ઊભી કરવા માટેની આવશ્યકતા રાજ્ય સરકારને લાગી છે. આ પૂર્વભૂમિકાથી સ્પષ્ટ થાય છે કે નવા પડકારો અને નવી સામાજિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે વિચારણા થવી ખૂબ જરૂરી છે. માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે આ વિષય માટે, આ પરિષદની રચના માટે ઊંડાણપૂર્વકનો અભ્યાસ, ચર્ચા વિચારણા કરીને આ ગૃહમાં લાવવા માટેનો વિચાર કર્યો છે ત્યારે વાસ્તવમાં શિક્ષણ એ વર્તમાન અને ભાવિ માટે એક અલગ પ્રકારનું રોકાણ છે. રાષ્ટ્રીય નીતિનું મુખ્ય લક્ષણ છે અને માનવીય મૂલ્યોના ઘડતર માટે સમગ્ર રાજ્યે શિક્ષણના વિકાસનો વિચાર કરવો જ પડે. મને લાગે છે કે આ બિલ એક ઐતિહાસિક નિર્ણય ગણાશે અને એટલા માટે હું ગુજરાત રાજ્ય શિક્ષણ પરિષદ વિધેયક ૨૦૧૬ને સર્વાનુમતે સભ્યોની અનુમતિ પ્રદાન થાય તેવી મારી અંતરની લાગણી ગૃહ સમક્ષ રજૂ કરું છું.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

પ્રો. વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંક–૧૭–સન ૨૦૧૬ના ગુજરાત રાજ્ય ઉચ્ચ શિક્ષણ પરિષદ વિધેયકનું બીજું વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

કલમ ૨ થી ૨૯, કલમ–૧, દીર્ઘસંજ્ઞા, ઇનેક્ટિંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની.

પ્રો. વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંક–૧૭–સન ૨૦૧૬ના ગુજરાત રાજ્ય ઉચ્ચ શિક્ષણ પરિષદ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષશ્રી : સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંક–૧૭–સન ૨૦૧૬ના ગુજરાત રાજ્ય ઉચ્ચ શિક્ષણ પરિષદ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

## તા. ૩૧મી માર્ચ, ૨૦૧૬

## ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૧૬

સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૨૩

ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૧૬

ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ વધુ સુધારવા બાબત વિધેયક

પ્રો વસુબેન ન. ત્રિવેદી (ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ મંત્રીશ્રી) : માનનીયઅધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંક ૨૩ – સન ૨૦૧૬ના ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

પ્રો. વસુબહેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૬ વિધેયક ક્રમાંક– ૨૩– સન ૨૦૧૬ના ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

પ્રો. વસુબહેન ન. ત્રિવેદી : માનનીયઅધ્યક્ષશ્રી, ગુજરાત ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક ૨૦૧૬ને ગૃહ સમક્ષ રજૂ કરતા ખૂબ હર્ષની લાગણી અનુભવું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયક લાવવા પાછળના રાજ્ય સરકારના ઉદ્દેશોને હું ગૃહ સમક્ષ લાવવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દ્વારા શાસનની ધૂરા સંભાળી. ભારતીય જનતા પાર્ટીનું શાસન રાજ્યમાં આવ્યું ત્યારથી જ પંચશક્તિના આધાર પર વિકાસની રાજનીતિ અપનાવી. જ્ઞાનશક્તિ આ પંચશક્તિ પૈકીની પ્રવર્તમાન યુગમાં વિકાસ માટે અતિ આવશ્યક છે. તત્કાલિન માનનીય મુખ્યમંત્રીશ્રી તેમજ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ તેમના યથાસમયના માનનીય શિક્ષણમંત્રી અને વર્તમાન મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ દ્વારા રાજ્યના વિકાસને વૈશ્વિક કક્ષાએ મૂકવા માટે જ્ઞાનશક્તિના આધાર પર ગુજરાતના યુવાધનને વૈશ્વિક પરિમાણ આપ્યું. સરકારની આ ધ્યેય નિષ્ઠાને આગળ ધપાવતા ઉચ્ચ શિક્ષણના વિસ્તાર અને વિકાસ માટે રાજ્ય કટિબદ્ધ છે. દેશ અને દુનિયામાં ગુજરાત રાજ્યનું શિક્ષણ આગળ આવવા માટે ગતિશીલ બની રહ્યું છે. રાજ્યના વિદ્યાર્થીઓની ઉચ્ચ શિક્ષણ મેળવવાની અભિપ્સા સંતોષાય, એને રોજગારીની વધુ ને વધુ તકો પ્રાપ્ત થાય, રાજ્યમાં ઔદ્યોગિક વિકાસ જે ઝડપે થઇ રહ્યો છે એને ધ્યાનમાં લઇને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ગુજરાતના યુવાનો હરિફાઇ કરી શકે તેવા મૂલ્ય વર્ધિત ઉચ્ચ શિક્ષણ આપવાના ઉમદા અને વિશાળ ઉદ્દેશ સાથે માનનીય મુખ્યમંત્રીશ્રીએ અને મારા મંત્રી મંડળની સૌ ટીમે ગુજરાતમાં ચાર નવી ખાનગી યુનિવર્સિટી સ્થાપવા માટેનું આયોજન કર્યુ છે. વખતો વખત આ રાજ્યને ખાનગી યુનિવર્સિટીઓ મળે. પરંતુ આ યુનિવર્સિટીઓ વિશેષ પ્રકારના અભ્યાસક્રમો લઇને આવે એને ધ્યાનમાં રાખીને યુનિવર્સિટીઓ સ્થાપવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. રાજ્યમાં ખાનગી યુનિવર્સિટી અધિનિયમ ૨૦૦૯ અમલમાં આવ્યો. એ પૂર્વે ૬ સેવાભાવી અને સંનિષ્ઠ ટ્રસ્ટો આ રાજ્યની કેટલીક કંપનીઓએ રાજ્યના યુવાનોને રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ વધુ સારી રીતે અને સરળતાથી રાજ્યની અંદર પ્રાપ્ત થાય તે હેતુથી શરૂ કરેલી ખાનગી યુનિવર્સિટીઓ આજે ચાલે છે, કાર્યરત છે અને જેના ઉત્તમ પરિણામો આજે સમાજને મળી રહ્યાં છે. જેનાથી પ્રેરાઇને રાજ્ય સરકારે ખાનગી યુનિવર્સિટી અધિનિયમ ૨૦૦૯ અમલમાં મૂક્યો. પ્રસ્તુત અધિનિયમ અમલમાં આવ્યા બાદ રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૧૭ ખાનગી યુનિવર્સિટીઓના અલગ અલગ અભ્યાસક્રમો ચલાવવા માટેની અનુમતિ આપી છે. મને કહેતા ગૌરવ થાય છે કે શિક્ષણ વિભાગની સાથે અન્ય વિભાગો પણ ઉદ્યોગ હોય, આરોગ્ય હોય એ વિભાગો દ્વારા પણ અન્ય વિશેષ પ્રકારની યુનિવર્સિટીઓ આ રાજ્ય સરકારે સ્થાપી છે અને એને કારણે દેશના સૌ લોકોનું ધ્યાન ગુજરાત તરફ આકર્ષાયુ છે. માનનીય અધ્યક્ષશ્રી, ખાનગી યુનિવર્સિટીના જે મુખ્ય ઉદ્દેશો છે એ વિજ્ઞાન, ટેકનોલોજી, સમાજ વિજ્ઞાન, શિક્ષણ, વ્યવસ્થાપન, વાણિજ્ય, કાયદો, આરોગ્ય અને માનવજાતિના ઉન્નતિ માટેના ક્ષેત્રોમાં જ્ઞાનનું સર્જન થાય, સંશોધન થાય, સંકલન થાય, સંવર્ધન અને એને પ્રસાર કરવાનો હોય આ બધી જ બાબતો ઉપર ધ્યાન દીધું છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારે શિક્ષણ વિભાગ હેઠળ રાજ્યના અલગ અલગ વિસ્તારોમાં જરૂરિયાત અને ભૌતિક સવલતોને ધ્યાનમાં લઇને રાજ્યમાં કુલ સરકારી ૧૬ યુનિવર્સિટીઓ પણ બનાવેલી છે. એ પ્રાયવેટ યુનિવર્સિટીઓ કરતાં અલગ યુનિવર્સિટીઓ છે. એટલું જ નહીં મને કહેતાં ખૂબ ખુશી થાય છે કે, મારા વિભાગના કેબીનેટ મંત્રી માનનીય શ્રી ભૂપેન્દ્રસિંહજીના માર્ગદર્શન હેઠળ આ રાજ્યના તમામ તાલુકાની અંદર કોલેજો પણ શરૂ થાય એના માટેના પ્રયત્નો અમે આદર્યા છે અને લગભગ દરેક તાલુકાની અંદર કોલેજો પણ અમે શરૂ કરી દીધી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના બાળકો આ રાજ્યનું અને દેશનું ભવિષ્ય હોવાથી દેશ નિર્માણ માટે અને ગુજરાત રાજ્યના ભવિષ્યના નિર્માણ માટે ગુજરાત થકી દેશના નિર્માણ માટેની વાત જ્યારે અમારા મનમાં હોય ત્યારે આ બાળકોની વય જૂથ અને તેઓની ભાવિ જરૂરિયાતોને અનુલક્ષીને રાજ્યમાં વિશેષ ધ્યેયલક્ષી યુનિવર્સિટીઓની સ્થાપના કરી છે. જરા ગૃહ સમક્ષ મૂકું તો ચિલ્ડ્રન યુનિવર્સિટી, પી.ડી.પી. યુનિવર્સિટી, કામધેનુ યુનિવર્સિટી, રક્ષાશક્તિ યુનિવર્સિટી, ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, સંસ્કૃત યુનિવર્સિટી વગેરે યુનિવર્સિટીઓ ભારતીય સંસ્કૃતિ, ભારતીય પરંપરા ઊજાગર કરીને આવનારી પેઢીને આ દેશના સંસ્કારોનું શિક્ષણ પ્રાપ્ત થાય એ માટે આગળ વધીને કામ કરી રહ્યા છે.

---

* વિધેયક તા.૧૯મી માર્ચ, ૨૦૧૬ ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

## ચૈત્ર ૧૧, ૧૯૩૮ શાકે

## ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૧૬

રાજ્ય સરકાર દ્વારા સરકારી યુનિવર્સિટીઓની જરૂરિયાત જણાતાં રાજ્યના સ્ત્રોતોને ધ્યાનમાં લઇને બને તેટલી સરકારી યુનિવર્સિટીઓ તો આપણે સ્થાપીએ જ, યુનિવર્સિટીઓની સ્થાપનાને મહત્વ આપીએ એના સંનિષ્ઠ પ્રયત્નો રાજ્ય સરકારે કર્યા છે. પરંતુ સરકાર કેટલું કરે? પરંતુ ઉચ્ચ શિક્ષણનો વ્યાપ અને વિસ્તાર અને શિક્ષણમાં થતી હરિફાઇઓને ધ્યાનમાં લેતાં વિકસતા ઉદ્યોગોની માંગ તેમાં જરૂરી બુદ્ધિધનની જરૂરિયાત એને સંતોષવા માટે રાજ્યમાં આ પ્રકારનું શિક્ષણ આપી શકે તેવા ખાનગી ટ્રસ્ટો, કંપનીઓની સહભાગીદારીતા એ જરૂર જણાઇ અને જનભાગીદારીથી આવા ટ્રસ્ટો અને કંપનીઓ કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સીબલીટીની ભાવનાથી કામગીરી કરવા પ્રોત્સાહિત થઇ છે, એ મહત્વની બાબત પણ આપણે નજર અંદાજ ન કરી શકીએ. ખાનગી યુનિવર્સિટીઓની રચના કરવાથી રાજ્ય સરકાર ઉપર કોઇ પણ નાણાકીય બોજ પડતો નથી એ મહત્વની બાબત છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશમાં, આપણા દેશ ભારતમાં કુલ વસ્તીના પચાસ ટકા, પચીસ વર્ષથી નાની વયના છે, યુવાનો છે. એટલે કે, આ યુવા વર્ગ વિકાસની ઊંચાઇઓને સર કરવા માટે તત્પર બન્યો છે. એક વિદ્વાને કહ્યું છે કે, શિક્ષણ માટે કરેલું રોકાણ એ માનવ સંશાધન વિકાસ માટે કરેલ રોકાણ છે, જેના પર ભવિષ્યના તમામ વિકાસનો આધાર રહેલો છે. છેલ્લા એક દાયકામાં સાક્ષરતા દરમાં ૧૨.૯૩ ટકાનો વધારો થયો છે અને એને પરિણામે રાજ્યમાં ઉચ્ચ શિક્ષણની પણ વ્યવસ્થા કરવી એ ખૂબ અનિવાર્ય બન્યું છે.

ગુજરાત અને ભારતમાં વર્ષોથી ખાનગી ક્ષેત્ર અથવા લોકભાગીદારી થકી શિક્ષણની વ્યવસ્થા થતી આવી છે. પ્રાયવેટ યુનિવર્સિટીની શરૂઆત ૧૯૯૫માં ભારતમાં તા.૧૬-૨-૨૦૧૬ના યુ.જી.સી.ની વેબ સાઇટ મુજબ સમગ્ર દેશની અંદર ૨૩૨ પ્રાયવેટ યુનિવર્સિટીઓ છે. દેશના ૨૯ પૈકી ૨૨ રાજ્યોમાં પ્રાયવેટ યુનિવર્સિટીઓની સ્થાપનાઓ થઇ ચૂકી છે અને આજે હું જે વિધેયક લઇને આવી છું એ વિધેયક થકી આ રાજ્યને પણ ચાર નવી પ્રાયવેટ યુનિવર્સિટીની દરખાસ્ત રજૂ કરી છે. આ ચાર યુનિવર્સિટીઓ એ અલગ અલગ ક્ષેત્રોની અંદર સેવાભાવીનું ક્ષેત્ર હોય, શિક્ષણની ગુણવત્તાને વધારનારું હોય, સમાજના લોકોની ચિંતા કરનારું હોય, આરોગ્યની ચિંતા કરનારું હોય, આવી ચાર યુનિવર્સિટીઓની ટૂંકી વિગત હું ગૃહ સમક્ષ રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એક પ્રાયવેટ યુનિવર્સિટી જે સાકળચંદ પટેલ યુનિવર્સિટી વિસનગર. ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૦૯માં જન્મેલા સહકારી પ્રવૃત્તિના ભિષ્મપિતામહ અને વિસનગરના કર્મવીર સ્વતંત્ર સેનાની સ્વ. શ્રી સાકળચંદભાઇ પટેલ ઓછું ભણેલા પરંતુ બાળપણથી જ તેમની સૂઝબુઝ અને હોંશિયારીના ઘણા બધા દ્રષ્ટાંતો આપણને પ્રેરણા આપનાર છે. તેઓ સમાજ માટે, કંઇક વિશિષ્ટ કરવા માટે સર્જાયેલા હતા તેથી વિસનગરમાં કેળવણી મંડળની સ્થાપના કરી, શિક્ષણક્ષેત્રે ઘણાબધા યોગદાન આપ્યા જેવા કે ગુજરાતી વિશ્વ કોષ, બાળમંદિર, કન્યા શાળાઓ, છાત્રાલયો, શૈક્ષણિક સંસ્થાઓ અને નાટયગૃહો જેવા કામ કર્યા છે. નૂતન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ જે વિસનગર ખાતે આવેલું શૈક્ષણિક મંડળ છે જેની સ્થાપના ૬૪ વર્ષ પહેલા સ્વ. શ્રી સાંકળચંદભાઇ પટેલે ૧૯૫૨માં ઉત્તર ગુજરાતમાં શિક્ષણ અને સામાજિક જરૂરિયાતના ઉદ્દેશને ધ્યાનમાં લઇને કરી હતી. સૌ પ્રથમ ૧૯૪૨ માં નૂતન સર્વ વિદ્યાલયની સ્થાપના કરાવી ત્યારબાદ ઉત્તરોત્તર નવી વિવિધ સંસ્થાઓનો એમાં ઉમેરો થયો. એક નાના બીજ રૂપે વાવેલા ઉમદા વિચારો આજે વિશાળ વટવૃક્ષ બનીને આ રાજયમાં ઉભું થયું છે. ઉત્તર ગુજરાતમાં તમામ પ્રકારની શૈક્ષણિક જરૂરિયાતોને આ સંસ્થા પૂરી પાડે છે. વર્તમાન સમયમાં સંસ્થામાં બે શાળા, તેર કોલેજો, જે અલગ અલગ કેમ્પસમાં આવેલી છે, જેમાં હાલ ૧૫૦૦૦ કરતા પણ વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. લગભગ ૮૦ એકર જેટલી વિશાળ જગ્યામાં આ શૈક્ષણિક સંકુલો કાર્યરત છે ઉપરાંત મંડળો દ્વારા ૨૦૦ બેડ ધરાવતી અદ્યતન મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ જે તદ્દન નજીવા દરે તબીબી સેવા પૂરી પાડે છે. જે એક ઉત્તમ સમાજનું, સેવાનું દ્રષ્ટાંત છે. પ્રાથમિક શિક્ષણથી લઇને અનુસ્નાતક સુધીના અભ્યાસક્રમોની અનેક સંસ્થાઓ મંડળ દ્વારા ચાલે છે. ૧૯૯૯માં મંડળ દ્વારા ટેકનીકલ અને ઉચ્ચ શિક્ષણક્ષેત્રે પ્રવેશ કરવામાં આવ્યો. આજે સાંકળચંદ પટેલ વિદ્યાશાખામાં આશરે ૭૦ એકરની વિશાળ જગ્યામાં વિવિધ કોલેજો, જુદા જુદા અભ્યાસક્રમો વિગેરે ચાલી રહ્યું છે. સાથેસાથે ઇજનેરી, ડેન્ટલ, ફાર્મસી, મેનેજમેન્ટ, કમ્પ્યુટર અને નર્સિંગ કોલેજ આ બધી જ સંસ્થાઓ સરકારના પ્રવર્તમાન ધારાધોરણ અને એ.આઇ.સી.ટી. , ડીસીઆઇ., આઇ.એન.સી., ઇસીઆઇ જેવી સ્ટેચ્યૂટરી સંસ્થાઓ દ્વારા માન્યતા ધરાવે છે. શિક્ષણના ભગીરથ કાર્યને વિશ્વ સ્તરે લઇ જવા માટે બધી જ કોલેજોને એક છત્ર નીચે લાવવા માટે વિશ્વ વિદ્યાલય યુનિવર્સિટી સ્થાપવાનો ઉમદા વિચાર રાજ્ય સરકારે કર્યો છે. સમાજના છેવાડાના વ્યકિત સુધી શિક્ષણ પહોંચી શકે, જમાના સાથે તાલ મિલાવી શકે તેવું જરૂરિયાત મુજબનું શિક્ષણ આપવાની મંડળની ખેવનાને દ્રઢ સ્વરૂપ આપવાના પ્રયાસરૂપે આ યુનિવર્સિટી સ્થાપીને શિક્ષણના સેવા યજ્ઞને દેશ અને દુનિયામાં પહોંચાડવાનો આ રાજય સરકારને એક અવસર મળ્યો છે. સ્વ. શ્રી સાંકળચંદભાઇના પ્રયાસો બદલ વર્તમાન મેનેજમેન્ટ દ્વારા યુનિવર્સિટીનું નામ સાંકળચંદ પટેલ યુનિવર્સિટી રાખીને તેમનું ઋણ ચૂકવવાનું કામ કરી રહ્યા છે. રાજય સરકારે, માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ યુનિવર્સિટીની સ્થાપના કરવા માટે ગૃહમાં વિધેયક લાવવાની અનુમતિ આપી છે.

આજે આપણે ચાર યુનિવર્સિટીનું વિધેયક લાવીએ છીએ એમાં બીજી યુનિવર્સિટી મારવાડી યુનિવર્સિટી, રાજકોટ. મારવાડી એજયુકેશન ફાઉન્ડેશનની સ્થાપના ૨૦૦૮માં ઉત્તમ ગુણવત્તાવાળુ જ્ઞાન વિદ્યાર્થીઓને મળે તે હેતુથી કરવામાં આવી. ખૂબ જ ટુંકાગાળામાં આ સંસ્થા દ્વારા ગુજરાતનું આધુનિક ટેકનીકલ કેમ્પસ રાજકોટ-મોરબી રોડ ઉપર ગૌરીદડ મુકામે ખડુ કરવામાં આવ્યું છે. હાલમાં આ સંસ્થા એન્જીનીયરીંગ, મેનેજમેન્ટ, કમ્પ્યુટર એપ્લીકેશન, આર્કીટ્રેકચર વિગેરે કોર્સ દ્વારા

સૌરાષ્ટ્રના વિદ્યાર્થીઓને રોજગારલક્ષી બનાવવામાં સફળ થઇ છે. આ સંસ્થાને ભારત સરકારના માનવ સંશાધન મંત્રાલય તરફથી એસોચેમ બેસ્ટ એન્જીનીયરીંગ કોલેજ ઓફ ઇન્ડીયાનો એવોર્ડ આપવામાં આવેલો છે. ઉપરાંત બેસ્ટ આઇ.સી.ટી. કોલેજ, ફાસ્ટેસ્ટ ગ્રોઇંગ એજયુકેશન ઇન્સ્ટીટયૂશન જેવા એવોર્ડથી પણ આ સંસ્થાને સન્માનિત કરવામાં આવી છે. મારવાડી ટેકનીકલ કેમ્પસમાં આરએફઆઇવીથી સજજ ખૂબ જ અધતન લાયબ્રેરી તૈયાર કરવામાં આવેલી છે. જેને ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ દ્વારા રીડીંગ રીલે રેકોર્ડમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આજના યુગમાં ફકત સ્ટડીશનલ કોર્સ જ નહીં, પરંતુ જુદી જુદી બ્રાન્ચના સમન્વય દ્વારા નવા નવા કોર્સ શરૂ કરવા માટે મારવાડી એજયુકેશન ફાઉન્ડેશન દ્વારા મારવાડી યુનિવર્સિટીની સ્થાપનાની રજૂઆત કરવામાં આવી છે. હાલમાં ૯૧ ટકાથી વધારે વિદ્યાર્થીઓને ભણવાનું પૂરું થાય તે પહેલા જ કેમ્પસમાં પ્લેસમેન્ટ દ્વારા નોકરી મળી ચૂકી છે. ભારતની અને વિદેશી કંપનીઓ મારવાડી ટેકનીકલ કેમ્પસના વિદ્યાર્થીઓને તેમની બહુમુખી ટ્રેનીંગના કારણે ખૂબ ઉત્સાહપૂર્વક તેમની સંસ્થામાં નોકરીની તકો આપી રહી છે. છેલ્લાં ૩ વર્ષથી એમ.બી.એ. અને એમ.સી.એ. માં ૧૦૦ ટકા વિદ્યાર્થીઓને નોકરી મળી ચૂકી છે. વિદ્યાર્થીને શિક્ષણ દ્વારા સફળ બનાવવા માટે આ સંસ્થા દ્વારા ત્રણ સ્તરમાં વિદ્યાર્થીને રસપ્રદ રીતે શીખવવામાં આવે છે. ક્રિએટીવિટી, સ્કીલ અને સાહસિકતાના ગુણ વિકસાવવામાં આ યુનિવર્સિટી કાર્યરત છે. ૪૨૫ થી વધારે કુશળ અને વિવિધ ક્ષેત્રોના અનુભવી પ્રાધ્યાપક છે. કુલ ૩૨ પ્રાધ્યાપકો પી.એચ.ડી. છે, તેથી મારવાડી સંસ્થા સૌથી વધારે પી.એચ.ડી. ડીગ્રી ધારક પ્રાધ્યાપકો સાથે ગુજરાત રાજ્યમાં બીજા નંબરની સંસ્થા બની રહી છે. મારવાડી એજ્યુકેશન ફાઉન્ડેશન, રાજકોટ ૩૫૦ કરોડથી વધારે રોકાણ દ્વારા ૨૫ એકરમાં ફેલાયેલું વિશ્વ સ્તરનું કેમ્પસ ધરાવે છે. કેમ્પસ પરની હોસ્ટેલમાં હેલ્થ સેન્ટર કાર્યરત છે. સંપૂર્ણ સુવિધા ધરાવતું જીમ્નેશિયમ છે. કેમ્પસ પર ૧૦૦૦ બેઠકોની ક્ષમતા ધરાવતું એરકન્ડીશન્ડ ઓડિટોરિયમ છે. ૧૦૦ થી ૨૦૦ બેઠકોની ક્ષમતા ધરાવતા મલ્ટી મીડિયા થિયેટર, ૧૨૫૦ થી વધુ બેઠકોની ક્ષમતા ધરાવતું એમ.પી. થિયેટર, ૧૦૦ થી ૧૫૦ બેઠકોની ક્ષમતા ધરાવતી એ.સી. સેમીનાર અને કોન્ફરન્સ હોલ આવેલા છે. આ સંસ્થાના કેમ્પસ પર ૪ એકરમાં ફેલાયેલું ઇન્ડોર અને આઉટડોર સ્પોર્ટસ સુવિધાનું સ્પોર્ટસ કોમ્પલેક્ષ આવેલું છે. ૨૦૦૦ થી વધુ વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓ માટે હોસ્ટેલની સુવિધા આ કેમ્પસમાં છે. રાજકોટ શહેરથી મારવાડી કેમ્પસ આવવા માટે બસોની સુવિધા પણ એમણે કરી છે. રાજકોટ આસપાસના વિસ્તારો જેવા કે ગોંડલ, ધ્રોલ, મોરબી શહેરોથી આવતાં વિદ્યાર્થીઓ માટે વિશ્વસ્તરીય એજ્યુકેશનની સુવિધાઓ અને બસની સુવિધાઓ પણ છે. અધતન સાધનોથી સંપન્ન એન્જિનિયરિંગ અને ડિઝાઇનના વર્કશોપ આવેલા છે. આ બીજી યુનિવર્સિટી ગૃહ સમક્ષ લાવી છું.

ત્રીજી યુનિવર્સિટી ખાનગી યુનિવર્સિટી જે પ્લાસ્ટ ઇન્ડિયા ઇન્ટરનેશનલ યુનિવર્સિટી વાપીમાં છે. પ્લાસ્ટ ઇન્ડિયા ઇન્ટરનેશનલ યુનિવર્સિટી વાપી એ પ્લાસ્ટ ઇન્ડિયા ફાઉન્ડેશન મુંબઇની મુખ્ય પહેલ છે. જેમાં મોટા ભાગના સંગઠનો, સંસ્થાઓ પ્લાસ્ટિક ઉધોગો સાથે સંકળાયેલા છે. જેની સ્થાપના ૧૯૮૭ માં થઇ છે. પ્લાસ્ટ ઇન્ડિયા ફાઉન્ડેશન એ કેમિકલ અને ફર્ટીલાઇઝર સરકારી મંત્રાલય દ્વારા આધારભૂત છે. આ ફાઉન્ડેશનનો હેતુ વિવિધ શિક્ષણ પ્રવૃત્તિઓ શરૂ કરીને માનવશક્તિ કેળવણીને અપગ્રેડ કરવા ઔધોગિક જરૂરિયાતોને પરિપૂર્ણ કરવા માટે કરેલ છે. આ પ્રકારની આ પહેલી પહેલ રાજ્યમાં થઇ રહી છે. પ્લાસ્ટિક ઉદ્યોગના સર્વાંગી વિકાસ માટે પણ ફાળો આપશે. રાજ્યની આ પહેલી પહેલ છે. પ્રશિક્ષણ, સંશોધન અને નવિનતા બૌદ્ધિક મિલકત અધિકાર ફંડામેન્ટલ વ્યવહારું જ્ઞાનનો સમાવેશ થાય છે. પ્લાસ્ટ ઇન્ડિયા ઇન્ટરનેશનલ યુનિવર્સિટી વિશ્વ કક્ષાનો સંશોધન સુવિધા સાથેનું સજ્જ કેમ્પસ બની રહેશે. પ્લાસ્ટિક બજાર ૨૫,૦૦૦ થી વધારે કંપનીઓનું બનેલું છે. ૩૦,૦૦૦ થી ૬૦,૦૦૦ લોકોને રોજગારી આપે છે. ગુજરાત રાજ્ય અગ્રણી પ્લાસ્ટિક પ્રોસેસિંગનું આ કેન્દ્ર છે. પ્લાસ્ટિક ઉત્પાદકો ૫,૦૦૦ થી વધુ પ્લાસ્ટિક કંપનીઓ સાથે મોટી સંખ્યામાં હિસ્સો ધરાવે છે. સૂચિત પ્લાસ્ટ ઇન્ડિયા ઇન્ટરનેશનલ યુનિવર્સિટી પ્રશિક્ષિત માનવ શકિત સાથે પ્લાસ્ટિક ઉદ્યોગની માંગ પૂરી કરવા માટે રાજય અને દેશના આર્થિક વિકાસ માટે ફાળો આપવા ચાવીરૂપ મહત્વનું બની શકશે. પ્લાસ્ટિક ઉદ્યોગ ટેકનોલોજીને સંબંધિત કુશળ માનવ શક્તિની માંગને પહોંચી વળવા ખૂબ જ ઉપયોગી બનશે. કુશળ માનવ શકિતની માંગને પહોંચી વળવા તાલીમ અને માનવ સંશાધન વિકાસ ઉપર ભાર મુકવામાં આવે એ જરૂરી છે. વિશ્વ કક્ષાનું સંશોધન અને પ્લાસ્ટિક પોલીમર ઉદ્યોગ ક્ષેત્રે શિક્ષણ, તાલીમ અને નવીનતા આપવા માટેના વિકાસનું કેન્દ્ર બનશે. પ્લાસ્ટ ઇન્ડિયા ઇન્ટરનેશનલ યુનિવર્સિટી આંતરારાષ્ટ્રીય સહયોગના ભાગ તરીકે યુનિવર્સિટી ઓફ મેસેચ્યુએટ લેવલ અને યુનિવર્સિટી ઓફ રિસ્કોન્સીન મેડિસીન સાથે એમ.ઓ.યુ. પર હસ્તાક્ષર કર્યા છે. પ્લાસ્ટ ઇન્ડિયા ઇન્ટરનેશનલ યુનિવર્સિટી સ્થાપવાથી એનો અભ્યાસક્રમ,મોડ્યુલર ઓફ ડિઝાઇન, સંશોધન આધારિત પ્રવૃત્તિઓ વિકસાવવા વિદ્યાર્થીઓને ફેકલ્ટી એક્ષચેંજ વગેરે માટેની તકોને ફાઉન્ડેશન મદદ કરશે.

ચોથી યુનિવર્સિટી અનંત નેશનલ યુનિવર્સિટી, અમદાવાદ ગોદાવી. આની સ્થાપના ૧૯૯૧ માં શિક્ષણનો પ્રસાર છેવાડાના વ્યક્તિ સુધી પહોંચાડવાના હેતુથી થઇ હતી. આ સંસ્થાને નહીં નફો નહીં નુકસાનના ધોરણે સંસ્કાર સાથે શિક્ષણની મદદથી ભારતના ભાવિ નાગરિકો તૈયાર કરવા કૃતસંકલ્પ છે. ૧૨૫ એકરમાં ફેલાયેલી ઝીરો કાર્બન સંકુલમાં રમણીય વાતાવરણમાં આ સંસ્થા છે. જયાં વિદ્યાર્થીને ત્યાં જ રહીને ભણી શકવાની ઉત્તમ સગવડ છે. પ્રાથમિક, માધ્યમિક, ગુજરાત બોર્ડ અને કેન્દ્રિય બોર્ડ દ્વારા વાણિજય અને વિજ્ઞાનનું અધ્યયન ત્યાં થાય છે. આર્કિટેક, ઇન્ટીરીય ડિઝાઇન અને ટાઉન પ્લાનિંગની કોલેજોમાં સ્નાતક કક્ષાનું ટેકનિકલ શિક્ષણ ત્યાં અપાય છે. યુનિવર્સિટીની સાથે સંકળાયેલી કોલેજોનું ખૂબ જ સારું

પરિણામ છે. ગ્રામીણ યુવકો અને યુવતીઓને પગભર કરવાના હેતુથી સ્કીલ બેઇઝ કોર્સિસ માટે કૌશલ્ય વર્ધન કેન્દ્રની સ્થાપના કરવામાં આવી છે. રાષ્ટ્રિય અને આંતર રાષ્ટ્રિય સ્તરે યોગમાં આ સંસ્થાના વિદ્યાર્થીઓ ભાગ લે છે અને ઉત્કૃષ્ટ પ્રદર્શન કરે છે. કોમ્પ્યુટર, આયુર્વેદ, યોગ, વાસ્તુશાસ્ત્ર જેવા કોર્સની મદદથી ભારતની પરંપરાને આધુનિક ટેકનોલોજીનો અદ્ભૂત સમન્વય આ સંસ્થામાં થઇ રહ્યો છે. વિદ્યાર્થીના વિકાસની વિવિધ પ્રવૃત્તિઓ સાથે આ સંસ્થા પચ્ચીસ વર્ષથી કાર્યરત છે. શિક્ષણની જરૂરિયાતો જેવી કે ઓડિટોરીયમ, એમ્ફી થિયેટર, હોસ્ટેલની સુવિધા, પુસ્તકાલયો, જીમ, લેબોરેટરી, ભોજનાલય, સ્ટાફ ક્વાર્ટર, રમતના મેદાનો, સોલાર પેનલ, બાગ બગીચા વિગેરે આ સંસ્થામાં ઉપલબ્ધ છે. ટ્રસ્ટ સાથે સંકળાયેલા લોકો વિવિધ ક્ષેત્રો જેવા કે મેડિસીન, મેનેજમેન્ટ, સમાજ કલ્યાણ, ઉદ્યોગ સાહસિકતા વગેરેમાંથી આવતા તજજ્ઞો છે. આ ચાર યુનિવર્સિટીઓ ખૂબ સુંદર મજાના ટ્રસ્ટો દ્વારા ચાલતી હોવાથી હું ગૃહ સમક્ષ આ વિધેયક લઇને આવી છું.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંક-૨૩ સન ૨૦૧૬નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.

કલમ.૨, કલમ-૧, દીર્ઘ સંજ્ઞા, ઇનેકટીંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની.

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંક-૨૩ સન ૨૦૧૬નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષશ્રી : સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક-૨૩-સન ૨૦૧૬નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું ત્રીજુ વાંચન કરવામાં આવે છે અને તેને પસાર કરવામાં આવે છે.

સન ૨૦૧૫નું ગુજરાત વિધેયક ક્રમાંક-૨૪

ગણપત યુનિવર્સિટી (સુધારા)વિધેયક, ૨૦૧૬

ગણપત યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૫ વધુ સુધારવા બાબત વિધેયક

પ્રો વસુબેન ન. ત્રિવેદી ( ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન-૨૦૧૬ના વિધેયક ક્રમાંક-૨૪, સન-૨૦૧૬ના ગણપત યુનિવર્સિટી (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

ઉપાધ્યક્ષશ્રી: વિધેયક દાખલ કરવામાં આવે છે.

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન-૨૦૧૬ના વિધેયક ક્રમાંક-૨૪, સન-૨૦૧૬ના ગણપત યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ગણપત યુનિવર્સિટી અધિનિયમ ૨૦૦૫ વધુ સુધારવા બાબત વિધેયક ૨૦૧૬ને ગૃહ સમક્ષ રજૂ કરું છું. આ વિધેયક લાવવા પાછળનો હેતુ ગણપત યુનિવર્સિટીની વહીવટી સરળતા અને ઉચ્ચ શિક્ષણના પ્રસારની સુગમતાના ઉદ્દેશોને આ ગૃહ સમક્ષ રજૂ કરવા માગુ છું. રાજય સરકારે ૨૦૦૫થી ગણપત યુનિવર્સિટીની રચના કરી છે. ગણપત યુનિવર્સિટી વિદ્યા દ્વારા સમાજ ઉત્કર્ષની ભાવનાથી ગુજરાતી અને બિન નિવાસી ગુજરાતી દાતાઓના ઉમદા દાનથી સ્થપાયેલી એક સામાજિક સંસ્થા છે. ગણપત યુનિવર્સિટીને ગુજરાત રાજયના ઉચ્ચતર શિક્ષણમાં ઉમદા યોગદાનને સન્માનતા એસોચેમ દ્વારા બેસ્ટ યુનિવર્સિટી ૨૦૧૪નો એવોર્ડ મળ્યો છે. ૧૨ હજારથી વધારે વિદ્યાર્થીઓને ત્યાં ડીગ્રીઓ પ્રદાન કરી છે. ચાલુ વર્ષે ૧૦ હજારથી વધારે વિદ્યાર્થીઓ ગણપત યુનિવર્સિટીના કેમ્પસમાં અભ્યાસ કરે છે. આ યુનિવર્સિટી સંલગ્ન એન્જિનિયરીંગના અભ્યાસ ક્રમો જેવા કે બાયો મેડિકલ, સિવિલ, કોમ્પ્યુટર, ઇલેક્ટ્રિકલ, ઇલેક્ટ્રોનિકસ અને કોમ્યુનિકેશન, ઇન્ફોર્મેશન ટેકનોલોજી, મિકેનિકલ, મેકાટ્રોનિકસ, મરિન તેમજ મિકેનિકલ અને સિવિલમાં પાંચ વર્ષિય ઇન્ટિગ્રેટેડ બી.ટેક. અને એમ.ટેક. કોર્સ ઉપરાંત કોમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જિનિયરીંગમાં કલાઉડ બેઇઝ્ડ એપ્લિકેશન, મોબાઇલ એપ્લિકેશન અને બીગ ડેટા એનાલિસીસના અભ્યાસ ક્રમો ચલાવવામાં આવે છે. આ યુનિવર્સિટીની સ્થાપના ૨૦૦૫માં થઇ ત્યાર બાદ વર્ષ ૨૦૦૯માં રાજય સરકાર દ્વારા પ્રાઇવેટ યુનિવર્સિટીની સ્થાપના અને સંચાલનમાં એકરૂપતા લાવી શકાય તે માટે પ્રાઇવેટ યુનિવર્સિટી એકટ પસાર કર્યો. તેમાંની જોગવાઇઓને અનુલક્ષીને કરવા માટે મહેસાણા ડિસ્ટ્રીક્ટ એજ્યુકેશન ફાઉન્ડેશન, મહેસાણા સંચાલિત ધ ગણપત યુનિવર્સિટી મહેસાણા, ખેરવા દ્વારા સદરહુ અધિનિયમમાં સુધારા કરવા માટે રાજય સરકારને દરખાસ્ત ગણપત યુનિવર્સિટી દ્વારા કરવામાં આવી. જેના અનુસંધાને રાજય સરકારે તજજ્ઞ

* વિધેયક તા.૧૯મી માર્ચ, ૨૦૧૬ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

સમિતિને તે અંગેની ચકાસણી કરીને અભિપ્રાય આપવા માટે કહેલું, તજજ્ઞ સમિતિએ રાજય સરકારને કરેલી ભલામણો અને યુનિવર્સિટીએ કરેલ દરખાસ્તમાં કરેલા સુધારા અંગેની વિગતો નીચે પ્રમાણે છે.

ડાયરેકટરના હોદાને લીધે મુશ્કેલી થાય છે, ડાયરેકટર નામાભિધાન કરવામાં આવ્યું છે તેને લીધે યુનિવર્સિટીના વડા તરીકે જયારે પત્ર વ્યવહાર થાય ત્યારે બહારના જગતમાંથી યુનિવર્સિટી સાથે પત્ર વ્યવહાર કરવામાં આવે ત્યારે યુનિવર્સિટીના વડાને ઉદેશીને જે કાંઇ રજૂઆતો કરવાની થતી હોય તેને કારણે સમસ્યા ઉભી થાય છે, એથી ડાયરેકટરને બદલે ડાયરેકટર જનરલ શબ્દ મૂકવો આવશ્યક બન્યો છે. ખાનગી યુનિવર્સિટીમાં પણ વડા તરીકે ડાયરેકટર જનરલ એવું નામાભિધાન કરવામાં આવ્યું તેને સુસંગત આ સુધારો પ્રસ્તુત ગણપત યુનિવર્સિટીના અધિનિયમ ૨૦૦૫ની આનુષાંગિક કલમોમાં પણ સુધારો કરવાની દરખાસ્ત આમાં કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેટલાક વધારાના વિષયો જે ૨૦૦૫માં દર્શાવવામાં આવ્યા હતા એમાં કેટલાક અભ્યાસ ક્રમોમાં ઉમેરો થયો છે, અને જેના માટે વર્તમાન અધિનિયમની આનુષાંગિક કલમોમાં પણ સુધારાની દરખાસ્ત જરૂરી બની છે. આ યુનિવર્સિટીમાં ૨૦૦૫માં એકેડેમિક કાઉન્સિલના સભ્ય તરીકે બે ડીનને વારાફરતી નોમીનેટ કરવાની જોગવાઇ છે તેને બદલે યુનિવર્સિટીના બધા ડીનને વારાફરતી સભ્ય તરીકે નોમીનેટ કરવાની જોગવાઇ દાખલ કરવા અંગે યુનિવર્સિટી દ્વારા સૂચવ્યું છે. ગણપત યુનિવર્સિટી અધિનિયમ ૨૦૦૫ની કલમ ૨માં વ્યાખ્યાઓ આપવામાં આવી છે એ તમામ વ્યાખ્યાઓને રેગ્યુલેટરી બોડીની વ્યાખ્યા ગુજરાત પ્રાઇવેટ યુનિવર્સિટી એકટ ૨૦૦૯ને સુસંગત ઉમેરવાની થાય છે તેનો સમાવેશ સુધારા વિધેયકમાં કરવામાં આવે છે. ગણપત યુનિવર્સિટી ૨૦૦૫ની કલમ ૪ના ખંડ-૫ પછીથી બધા જ ખંડો જે ઉમેરવાના થાય એ તમામ ખંડોની જોગવાઇઓ આમાં ઉમેરી શકાય પરંતુ ગણપત યુનિવર્સિટી રાજયની અંદર રેગ્યુલેટરી બોડી જેવી કે એ.આઇ.સી.ટી., યુ.જી.સી. એન.સી.ટી., એમ.સી.આઇ., એન.સી.આઇ. વગેરેની મંજૂરી મેળવીને ઓફ કેમ્પસ સેન્ટર, સ્ટડી સેન્ટર અને પરિક્ષા કેન્દ્ર સ્થાપી શકે તે મુજબની જોગવાઇ દાખલ કરવા માટે દરખાસ્તનો સુધારો આ વિધેયકમાં લાવવામાં આવ્યો છે.

શ્રી પંકજ દેસાઇ ( મુખ્ય દંડકશ્રી : ) માનનીય અધ્યક્ષશ્રી, કામકાજ સલાહકાર સમિતિમાં નક્કી થયા મુજબ આ બિલ પૂરૂં કરવાનું હોય, છેલ્લા દિવસના પ્રસ્તાવનો સમય થઇ ગયો હોય, આ બિલને સીધું મત ઉપર લેવા વિનંતી છે.

પ્રો. વસુબહેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ગણપત યુનિવર્સિટીના મૂળ અધિનિયમ-૧૯, ૨૦૦૫માં સેકશન ૧૦ના ખંડથી રાજય સરકારના પ્રતિનિધિઓ તરીકે દર્શાવવામાં આવેલ હોદ્દાગત અધિકારીશ્રીઓની જોગવાઇમાં અથવા તે અધિકારીશ્રીના નોમીની એવો સુધારો દાખલ કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

પ્રો. વસુબહેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, ગણપત યુનિવર્સિટી (સુધારા) વિધેયક ૨૦૧૬-ગણપત યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૫ વધુ સુધારવા બાબત વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

કલમ ૨ થી ૧૬, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકિટંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

શ્રી વસુબહેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંક-૨૪ સન ૨૦૧૬નું ગણપત યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંક-૨૪ સન ૨૦૧૬નું ગણપત યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તેને પસાર કરવામાં આવે છે.

## છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨)

### લોકસંવાદ સેતુ કાર્યક્રમની બહોળી પ્રસિદ્ધિ કરવા અંગે

શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે,

" રાજય સરકારે ૨૦૧૪ના વર્ષથી કલ્યાણ રાજયની વિભાવના અંતર્ગત પ્રજાલક્ષી અભિગમ અપનાવીને રાજયમાં " લોકસંવાદ સેતુ " કાર્યક્રમ અમલમાં મૂકેલ છે. પ્રસ્તુત કાર્યક્રમ અંતર્ગત રાજયના મુખ્યમંત્રીશ્રીએ લોક દરબારનો વ્યાપ વધારીને જિલ્લા અને તાલુકા કક્ષાએ પણ " લોકસંવાદ સેતુ " કાર્યક્રમોનું આયોજન કરવાનો નિર્ણય કરેલ છે. વહીવટીતંત્રને ગતિશીલ રાખવાના હેતુ સાથે આ કાર્યક્રમ સફળ અને સાર્થક પુરવાર થઇ રહ્યો છે. લોકસંવાદ સેતુ કાર્યક્રમની શરૂઆતથી જાન્યુઆરી, ૨૦૧૬ સુધીમાં રાજય, જિલ્લા અને તાલુકા એમ ત્રણેય કક્ષાએ યોજાયેલ કાર્યક્રમોમાં ૧૫૨૯૪ જેટલા પ્રજાકીય પ્રશ્નો વિવિધ સત્તાતંત્ર સમક્ષ રજૂ થયા છે અને તે પૈકી ૧૩૩૫૩ જેટલાનું નિરાકરણ થયેલ છે.

આમ, આ સરકારે પ્રજાલક્ષી અભિગમ અપનાવી લોકોની મુશ્કેલીઓ નિવારવા આ લોકસંવાદ સેતુ કાર્યક્રમ શરૂ કરી લોકાભિમુખ વહીવટને સાર્થક કરેલ છે. આ કાર્યક્રમનો મહત્તમ લોકો લાભ લઇ શકે અને પ્રજાની મુશ્કેલીઓનું નિવારણ ઝડપથી થઇ શકે તે માટે રાજયમાં આ યોજનાની બહોળી પ્રસિદ્ધિ કરવાનું આયોજન કરવા આ સભાગૃહ ચર્ચા વિચારણા કરે."

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : માનનીય રમણભાઇ, આપની પાસે પાંચ મિનિટ છે.

## છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨)

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય અને તેની પ્રજા આ બે વચ્ચે સુમેળભર્યા વાતાવરણની અંદર પ્રજાના પડતર પ્રશ્નોનો સારી રીતે નિકાલ થાય એ ઉદેશ્ય સાથે આ સરકારની જવાબદારી છે. સરકારે એમના તંત્રની અંદર આવેલા વિવિધ વિભાગો દ્વારા વ્યવસ્થિત રીતે પ્રજાના કામ થાય એટલા માટે આર્થિક માળખું મજબૂત કરવું અને તેની સાથે સાથે પ્રજાના પ્રશ્નોનો નિકાલ કરવો એ ઉદેશ્ય સાથે એક સંવાદ સેતુ યોજના ૧-૮-૨૦૧૪થી અમલમાં મૂકી છે. અને તેની શુભ શરૂઆત માનનીય મુખ્યમંત્રી દ્વારા ખેડા જિલ્લાના માતર તાલુકામાં કરવામાં આવી. પહેલા જિલ્લા કક્ષાએ લોક દરબારના નામે આ યોજના ઓળખાતી હતી અને તેમાં સફળતા મળવાના કારણે તેનો વ્યાપ જિલ્લા અને તાલુકા કક્ષા સુધી જાય એ રીતનું આયોજન કરવામાં આવ્યુ છે. આ તાલુકા કક્ષાએ તેનું આયોજન જયારે કરવામાં આવે છે ત્યારે સ્વભાવિક રીતે પ્રજાને તેની વધારે માહિતી પ્રાપ્ત થાય એટલા માટે તાલુકા મામલતદારશ્રીને સ્પેશ્યલ જવાબદારી સોંપવામાં આવી. ૧૫ દિવસ પહેલાં સ્થાનિક પેપરો દ્વારા તેની માહિતી પ્રજા સુધી જાય, પ્રશ્નો મેળવાય અને પ્રાંત અધિકારી સાથે તેનું સંકલન થાય અને ત્યાર બાદ ફોર્મ નંબર-૧ અને ફોર્મ નંબર-૨ની અંદર તે પ્રશ્નનું સંકલન કરી અને રાજયના સામાન્ય વહીવટ વિભાગ સુધી તેની વ્યવસ્થા જળવાય આ પ્રકારે આખી યોજના છે. માનનીય અધ્યક્ષશ્રી, ઘણી વખત આપણે જાણીએ છીએ કે, આ વહીવટી સુધારણાના કારણે ઇન્ટરનેટની મદદથી પણ ઘણા પરિપત્રો ભણેલા લોકો જોઇ લેતા હોય છે પણ ગામડાંના જે લોકો હોય અને એને જો રેશન કાર્ડ કાઢવું હોય તો પણ એને મુશ્કેલી પડે છે અને એવી જયારે મુશ્કેલી પડતી હોય ત્યારે એ સરકારની જવાબદારી સરકારે સાચી દ્રષ્ટિથી નિભાવી છે અને આપણે જાણીએ છીએ કે પ્રજાની અંદર જે નાગરિક અધિકાર પત્ર, મામલતદાર કચેરીની અંદર એનું બોર્ડ મૂકવામાં આવ્યું છે કે, રેશન કાર્ડ કાઢવું હોય તો કેટલા દિવસમાં કાઢી શકાય? પરંતુ એના માટે જો તંત્ર જાગરૂકતા ન લાવે તો સ્વાભાવિક રીતે જ લોકોને મુશ્કેલી પડતી હોય છે અને હું સરકારને અભિનંદન આપું છું કે, લોકસંવાદ સેતુનો કાર્યક્રમ સફળતાપૂર્વકનો છે. આપ સાહેબ પણ અમારા ઉંમરગામ તાલુકામાં આ કાર્યક્રમની અંદર ઉપસ્થિત રહ્યા હતા, એ દિવસે જે બોર્ડ ઉપર પ્રશ્નો આવ્યા હતા એ બોર્ડમાંથી કમસેકસ ૮૦ ટકા પ્રશ્નોનો સ્થળ ઉપર જ નિકાલ થયો હતો. આ એક ગૌરવવંતી બાબત છે. આજે ૩૭ થી ૪૦ ટકા લોકો ગામડાંમાં રહે છે. આજે આપણે આપણા ગુજરાતનાં ગામડાં જોઇએ તો ૧૮૮૫૮ જેટલાં ગામડાંઓ છે અને એ ગામડાંઓની અંદર તંત્ર વ્યવસ્થિત રીતે કામ કરે અને સરકારની કામગીરીની પ્રતીતિ કરાવે, સરકારની એ કામગીરી પ્રજા સુધી સીધી રીતે પહોંચે આ હેતુસર આ લોકસંવાદ સેતુ અમલમાં આવ્યો છે અને લોકસંવાદ સેતુની સ્વાભાવિક રીતે ગૃહની અંદર વ્યાપક ચર્ચા થાય, એની બહોળી પ્રસિધ્ધિ થાય, એનો વધારેમાં વધારે લોકો લાભ લઇ શકે એ ઉદ્ઘેશ સાથે હું આ પ્રસ્તાવ આ ગૃહમાં લાવ્યો છું અને માનનીય સાથી સભ્યશ્રીઓ પણ એને અનુમોદન આપશે એવી અપેક્ષા સાથે હું આ પ્રસ્તાવને રજૂ કરું છું.

શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડિયાપાડા) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના અમારા આદરણીય સભ્યશ્રી રમણભાઇ પાટકર લોકસંવાદ સેતુ કાર્યક્રમને અમલમાં મૂકવા માટેનો છેલ્લા દિવસનો પ્રસ્તાવ લઇને આવ્યા છે એને હું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણીવાર પ્રજાની ફરિયાદો, રજૂઆતોનો સમય મર્યાદાની અંદર નિકાલ થતો નથી અને કેટલીક નાની નાની બાબતો હોય એ માટે લોકોને અહીંયા સચિવાલય સુધી આવવું પડે અને એ પ્રશ્નના નિકાલમાં ઘણો બધો સમય પસાર થઇ જતો હોય છે એને લીધે સમય મર્યાદામાં અરજદારને જે લાભ કે ન્યાય મળવો જોઇએ એ મળી નહીં શકવાથી ઘણીવાર લોકો નારાજ થાય છે. ગુજરાતના માનનીય મુખ્ય મંત્રીશ્રી આનંદીબહેન પટેલે ખૂબ સારો નિર્ણય કર્યો, તા. ૧-૮-૨૦૧૪ના રોજ, દરેક તાલુકાની અંદર લોકસંવાદ સેતુનો કાર્યક્રમ થાય. લોકોના નાના નાના પ્રશ્નો હોય એનો ત્યાં જ સ્થળ ઉપર નિકાલ થઇ જાય. અરજદારને ન્યાય મળે, જવાબ મળે. આ કાર્યક્રમની અંદર માનનીય મંત્રીશ્રીઓ હોય છે, પ્રભારી સચિવશ્રીઓ હોય છે. આમાં પ્રશ્નનો નિકાલ લાવવા માટે વિશેષ અધિકારો પણ એમને આપવામાં આવે છે અને એના થકી સ્થળ ઉપર પ્રશ્નોનો નિકાલ થઇ જાય છે. જયારે કાર્યક્રમ ચાલુ થયો ત્યારે અધ્યક્ષ સાહેબ આપ પણ મારા મત વિસ્તારમાં આવ્યા હતા, આપના અધ્યક્ષપણા નીચે ૨૫૦ જેવા પ્રશ્નો આપની સમક્ષ લોકસંવાદ સેતુમાં આવ્યા હતા. એમાં આપણે ૯૦ ટકા પ્રશ્નોનો સ્થળ ઉપર નિકાલ કરીને લોકોને યોગ્ય ન્યાયિક જવાબ અને યોજનાઓનું નિરાકરણ થાય એનો લોકોને લાભ થાય એવા નિર્ણયો પણ થયા હતા. ઘણીવાર એવું બને છે કે, સ્થાનિક લેવલે નાની ચેનલ બનાવવાની હોય છે. ગલુડિયું બાંધવા માટે, પણ સાહેબ એ ચેનલમાંથી આગળ વધતું જાય, વધતું જાય, સચિવાલય સુધી આવે એટલે હાથી બાંધવા માટેની ચેનલ બની જાય, એવા મોટા પ્રશ્નો ઉભા થઇ જાય છે. તો આ નાના પ્રશ્નો જે લોકલ લેવલે છે એનું નિરાકરણ ખૂબ સારી રીતે થાય. દા. ત. ફોરેસ્ટ વિભાગનો પ્રશ્ન હોય કે જયાં સેન્ચુરી ના આવતી હોય અને સેન્ચુરી ના આવવાથી વાઇલ્ડ લાઇફ માટે ફોરેસ્ટની કમિટીમાં મોકલવાનો ના હોય, એક રસ્તો બનાવવાનો હોય અને રસ્તો બનાવવાનો હોય એટલે જે તે પંચાયત વિભાગ દ્વારા ફોરેસ્ટને કાગળ લખે, ડી.એફ.ઓ. પછી અહીંયાં મોકલે, સચિવાલયમાંથી પાછો એ પ્રશ્ન જાય કે ભાઇ, આ રીતે એનો નિકાલ કરવો, એટલે પાછો ડિવિઝનમાં જાય અને પછી આપણને રસ્તાની મંજૂરી માટેનો ઓર્ડર મળતો હોય છે પણ આપણી પાસે વિશેષ સત્તાઓ છે, કે ત્યાં આગળ ડી.એફ.ઓ. પણ હાજર હોય, કલેકટરશ્રી પણ હાજર હોય તો સેન્ચુરી સિવાયના રસ્તા જે વન અધિકારનો કાયદો છે એની મર્યાદામાં કલેકટરશ્રી અને ડી.એફ.ઓ. બે ભેગા થઇને લોકસંવાદ સેતુમાં મંત્રીશ્રી અથવા પ્રભારી સચિવ આવ્યા હોય તો ત્યાં સ્થળ ઉપર જ નિરાકરણ લાવીને સમય મર્યાદામાં ગામના લોકોને રસ્તાની સુવિધા પણ આપણે ઉપલબ્ધ કરાવી શકીએ. એટલે આવા ઘણા બધા નાના પ્રશ્નો હોય, હમણાં જ માનનીય રમણભાઇએ કહ્યું એમ કે ઘણીવાર વારસાઇની એન્ટ્રીનો પ્રશ્ન હોય આવા મામૂલી પ્રશ્નો હોય જિલ્લામાં અને તાલુકા કક્ષાએ પ્રાંત અધિકારી

પાસે કેસ ચાલતો હોય એને ત્યાં મહિને, બે મહિને કે ત્રણ મહિને લોકો આવતા હોય ત્યાં તારીખ ચાલતી હોય. પણ આવા લોકસંવાદ સેતુમાં બધા અધિકારીઓ બેઠા હોય અને જો નિર્ણય લઇ લેવામાં આવે તો વારસાઇની એન્ટ્રીનો તરત નિકાલ થઇ જાય.

ઘણીવાર જાતિના દાખલાનો પ્રશ્ન ઉભો થાય તો જાતિના દાખલમાં કાસ્ટ વેરિફિકેશન કરવા માટે છેક સચિવાલય સુધી આવવું પડે. પ્રભારી સચિવ અને મંત્રીશ્રીઓને વિશેષ અધિકાર છે તો એની અંદર આપણે ત્યાં જ વેરિફેકશન કરીને એમને ત્યાં જ દાખલો મળી જાય જેથી કરીને એને ઘણો લાંબો સમય રાહ જોવી ન પડે. એટલે એ રીતે આ જે કાર્યક્રમ કરવામાં આવ્યો છે એ ખૂબ અભિનંદનને પાત્ર છે અને એનું પરિણામ પણ આપણને સારું મળે છે.

આખા રાજયની અંદર ૨૦૧૪-૧૫માં લગભગ આપણે ૧૩૫૨૩ જેટલા પ્રશ્નોનો નિકાલ કર્યો હતો. સ્વાભાવિક છે કે એમાં નીતિ વિષયક હોય કે પછી કંઇક લાગતા પ્રશ્નો ન હોય એનો નિકાલ નહિ આવે, બાકીના જે નાના નાના પ્રશ્નો છે એટલે જયારે કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો ત્યારે ૮૭ ટકા જેટલી સફળતા રાજય સરકારને મળી હતી. એની સાથે સાથે ૨૦૧૫-૧૬ની અંદર પણ ફરિયાદો ખૂબ ઓછી આવી. ઘણી બધી ફરિયાદો હતી એનો નિકાલ સન ૨૦૧૪-૧૫માં થઇ ગયો હતો એટલે ૨૦૧૫-૧૬માં ૩૩૨ જેટલા પ્રશ્નો આ લોકસંવાદ સેતુમાં આવ્યા એમાં ૩૧૨ જેટલા પ્રશ્નોનો નિકાલ કરીને એમાં પણ આપણને ૯૦ ટકા જેટલી સફળતા મળી છે. એટલે આ કાર્યક્રમથી હું માનું છું કે સ્થાનિક કક્ષાએ જે નાના નાના પ્રશ્નો છે એ પ્રશ્નો પ્રજાના મૂંઝવણમાં ન રહે, પ્રજાને એ નાના પ્રશ્નો માટે દૂર દૂર સુધી જવું પડે છે કારણ કે હમણાં લોકસંવાદ સેતુ છે તો અમે ચિંતા કરીએ છીએ કે હવે પ્રશ્નો શરૂઆતમાં વધારે આવ્યા, બીજા તબક્કામાં થોડા ઓછા થયા હું માનું છું કે ત્રીજા તબક્કામાં થોડા ઓછા થશે. એટલે એ રીતે સ્થાનિક કક્ષાના લોકોના જે પ્રશ્નો છે એ ધીરે ધીરે ઓછા થતા જશે અને લોકોને દૂર સચિવાલય સુધી જિલ્લા કક્ષા સુધી ન જવું પડે અને એનો ખૂબ સારા શુભ હેતુથી એનો નિકાલ થાય એટલે આ લોકસંવાદ સેતુ કાર્યક્રમનો પ્રસ્તાવ લઇને માનનીય રમણભાઇ આવ્યા છે એને હું અનુમોદન આપું છું અને મારી વાત પૂરી કરૂ છું.

શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય અધ્યક્ષશ્રી, આ છેલ્લા દિવસનો પ્રસ્તાવ માનનીય સભ્યશ્રી રમણલાલ પાટકરજી લઇને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો વ્યકત કરૂ છું.

લોકસંવાદ સેતુ એ સરકારનો ખૂબ અગત્યનો કાર્યક્રમ છે. જયારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર ગુજરાતમાં શાસનમાં છે ત્યારથી આપણા તત્કાલિન મુખ્યમંત્રી અને હાલ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇએ પણ સ્વાગત ઓન લાઇન કાર્યક્રમ શરૂ કર્યો હતો એ પછી ગ્રામસભા આ બધા માધ્યમોથી છેવાડાના વ્યકિતના કયા પ્રકારના પ્રશ્નો છે અને એનો ખૂબ સરળતાથી ખૂબ સારી રીતે નિકાલ થાય એના માટેના જુદા જુદા કાર્યક્રમો કરીને સમગ્ર ગુજરાતના છેવાડાના વ્યકિતના પ્રશ્નો હલ કર્યા છે.

આ લોકસંવાદ સેતુ કાર્યક્રમની તા.૧-૮-૨૦૧૪થી શરૂઆત કરવામાં આવી ત્યારથી જે છેવાડાના લોકો છે એને એવી ખબર નથી કે મારો પ્રશ્ન છે એ મહેસૂલ વિભાગનો છે કે શિક્ષણ વિભાગનો છે કે જી.ઇ.બી.નો છે. તો આ બધા જ પ્રશ્નોની કઇ જગ્યાએ મારે અરજી કરવી એ પણ જયારે ખબર ન હોય એવા લોકોને આ કાર્યક્રમ હેઠળ ફકતને ફકત મામલતદારમાં અરજી કરીને મામલતદારશ્રી પોતે એનો જે તે વિભાગનો પ્રશ્ન હોય એ જગ્યાએ મોકલીને અને એનો તાત્કાલિક નિકાલ કરવાનું એક સરસ આયોજન આ સરકાર દ્વારા કરવામાં આવ્યું છે.

બીજો આ લોકસંવાદ સેતુ કાર્યક્રમની ખૂબ અગત્યની બાબત એ છે કે કોઇપણ લોક દરબાર યોજાય તો એમાં તાત્કાલિક જ પ્રશ્નો વ્યકિત પૂછે અને પછી એનો શકય હોય તો તાત્કાલિક જવાબ આપે અથવા એને એવું કહેવામાં આવે કે થોડા સમય પછી તને એનો જવાબ જે તે વિભાગ દ્વારા આપવામાં આવશે. પરંતુ આ લોકસંવાદ સેતુ કાર્યક્રમની વિશેષતા એ છે કે પ્રશ્નો મંગાવીને જે દિવસે આપણો કાર્યક્રમ લોકસંવાદ સેતુનો હોય એ દિવસે એના પ્રશ્નનો જવાબ આપવામાં આવે છે અને એનો લેખિતમાં જવાબ આપીને એનો સ્થળ ઉપર નિકાલ કરવાનો સરસ કાર્યક્રમ છે. આના લીધે ખૂબ ફાયદા પણ થયા છે એ સાથે સાથે નીતિ વિષયક નિર્ણયો સરકારે કરવાના હોય એના માટે જે તે વ્યકિતએ પ્રશ્ન રજૂ કર્યો હોય, પણ તેને પછી જણાવવામાં આવે કે તારો પ્રશ્ન નીતિવિષયક છે અને તેના માટે કલેકટરશ્રી અને પ્રભારી સચિવશ્રી નિર્ણય કરતા હોય છે કે તમારો પ્રશ્ન નીતિવિષયક છે પણ તેનો ફાયદો લોકોને એ થયો છે કે એવા જે પ્રશ્નો હતા એ બધા જ પ્રશ્નો ભેગા થઇને ગુજરાત સરકારમાં ગાંધીનગર સુધી, મુખ્યમંત્રીશ્રી, મંત્રીશ્રીઓ સુધી આ વિષય પહોંચે છે. તેના કારણે જે નીતિવિષયક નિર્ણયો છે તેનો નીચેની જગ્યાઓ ઉપર નિકાલ થઇ શકતો નથી તેમાં સરકાર દ્વારા નીતિઓ બદલીને આજે છેવાડાના વ્યકિતને ફાયદો કરાવવાનું કામ આ કાર્યક્રમ દ્વારા થાય છે અને છેવાડાના લોકોનો અવાજ છેક ગાંધીનગર સુધી પહોંચે છે. છેવાડાના વ્યકિતને તેના પ્રશ્નો માટે ફાયદો મળે છે. તો આજના આ પ્રસ્તાવમાં સૂચન છે કે આનો બહોળો પ્રચાર અને પ્રસાર થાય. તો મારી પણ એ જ લાગણી છે કે જેટલો પ્રચાર-પ્રસાર વધારે થશે એટલો લોકોને તેનો વધારે ફાયદો થશે અને લોકોને ખૂબ લાભ મળશે. માનનીય રમણભાઇના પ્રસ્તાવને હું સમર્થન આપું છું.

શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી ધારાસભ્ય માનનીય રમણભાઇ છેલ્લા દિવસનો પ્રસ્તાવ લઇને આવ્યા છે. લોકસંવાદ સેતુની ઉપયોગિતા સામાન્ય જનતા માટે ઘણી છે. સમગ્ર ગુજરાતના વિકાસ મોડેલનો જયારે ભારતે સ્વીકાર કરીને નરેન્દ્રભાઇને દેશના વડાપ્રધાન બનાવ્યા ત્યારે સમગ્ર ગુજરાતને એક ચિંતા હતી કે નરેન્દ્રભાઇ જેવું

વ્યક્તિત્વ અને નેતૃત્વ ગુજરાતમાંથી જશે તો શું થશે? ત્યારે પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકે આનંદીબેને શાસનની ધુરા સંભાળી અને ગુજરાતનો વિકાસ સમયબદ્ધ અને ક્ષેત્રવાર થાય એટલા માટે ગતિશીલ ગુજરાતના નારા સાથે દરેક ક્ષેત્રમાં મહેસૂલ હોય, શિક્ષણ હોય, પાણી હોય, વીજળી હોય તેના માટેના કાર્યક્રમો રજૂ કર્યા અને ગતિશીલ ગુજરાત ૧, ૨, ૩ એ રીતે અનેકવિધ આયામો રજૂ કર્યા અને જયારે આ બધા કામો સમયબદ્ધ રીતે થયા ત્યાર પછી લોકોમાં આ વિકાસની અસર થઇ છે કે નહીં, લોકોએ આનો શું પ્રતિભાવ આપ્યો તેના માટે એક સુંદર આયોજન ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને પ્રભારી મંત્રીઓની હાજરીમાં એક સુંદર લોકસંવાદ સેતુનું આયોજન થયું અને તેના લીધે દરેક સંવાદ સેતુમાં અમે હાજરી આપી અને જે કોમન પ્રશ્નો હોય તેનો પણ સરકારે ઝીણવટભર્યો અભ્યાસ કર્યો અને તેની પ્રતીતિ આપણને આ બજેટમાં થઇ છે. આનંદીબેન અને નીતિનભાઇએ જે જમીન સુધારણા માટે, જમીનના દસ્તાવેજો માટે જે સુંદર સજેશનો આપ્યા, સુધારા કર્યા તેનો સમગ્ર ખેડૂત આલમે પણ સ્વીકાર કર્યો છે. તે જ રીતે શિક્ષણ ખાતાએ પણ જાતિના દાખલા, ઉંમરના દાખલા મેળવવામાં તકલીફ થતી હતી આ અંગે પણ સંવાદ સેતુમાં ઘણાં પ્રશ્નો આવતા હતા. તેને પણ શિક્ષણ ખાતાએ ત્રણ વર્ષ માટે કોઇ પણ દાખલો ચાલશે એ રીતે અમલ કર્યો છે. તે જ રીતે સરકારની નીતિ ઘડવામાં પણ લોકસંવાદ સેતુએ ઘણો અગત્યનો ભાગ ભજવ્યો છે. આથી આ સંવાદ સેતુ ચાલવા જોઇએ અને નાના માણસોના પ્રશ્નો હલ કરશે એવી આશા સાથે આ પ્રસ્તાવને હું ટેકો આપું છું.

શ્રી પીયૂષભાઇ દિ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન વગરનું જીવન એ જળ વગરની નદી સમાન છે એમ કહું તો ખોટું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી રમણભાઇ પાટકર ૧૩મી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં છેલ્લી મિનિટોમાં, છેલ્લી ક્ષણો જયારે બાકી છે ત્યારે લોકસંવાદ સેતુ કાર્યક્રમ અંગેનો છેલ્લા દિવસનો પ્રસ્તાવ લાવ્યા છે તેના સમર્થનમાં ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી રાજસત્તાની પોલિટીકલ પાર્ટીઓ આઝાદી પછી એક વાત કરતી હતી. રાજય સત્તાને જયારે સત્તા સોંપી ત્યારે તેના પદાધિકારીઓને રાષ્ટ્રપિતા ગાંધીજીએ એક વાત કરી હતી કે જયારે તમે જે કોઇ નિર્ણય લો તે એવો નિર્ણય હોવો જોઇએ. જે છેવાડાના માનવીને કેટલો ફાયદો થાય છે એ વિચારીને તમારે નિર્ણય લેવા જોઇએ. આઝાદીના કેટલાય વર્ષો થયા અનેક પક્ષોએ રાજ્ય કર્યું એમાં ખાસ કરીને કોંગ્રેસ પક્ષે વધુ સમય સુધી રાજ્ય કર્યું છે. પરંતુ જો કોઇએ આ સિદ્ધાંતને અમલમાં મૂક્યો હોય તો આ ભારતીય જનતા પાર્ટીએ મૂક્યો છે. જ્યારે રમણભાઇ આ પ્રસ્તાવ લાવ્યા છે, એ દરેક જગ્યાએ, દરેક રાજ્યમાં લોક દરબાર યોજીને એના જિલ્લા કક્ષાએ એના નિરાકરણ કરવાની તમામ સત્તા હતી. સમગ્ર દેશમાં આ ગુજરાત એવું પહેલું રાજ્ય છે જ્યાં તાલુકા કક્ષાએ આ લોક સંવાદ સેતુ કરીને આ કાર્યક્રમનો અમલ કર્યો છે. સમગ્ર દેશમાં લોકદરબાર દરેક જિલ્લામાં ચાલતા હતા પણ તાલુકા કક્ષાએ ગુજરાતે આયોજન કર્યું છે એ ખૂબ અગત્યની વાત છે. એની શરૂઆત ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેને કરી છે. ગુજરાતના પ્રશ્નોનો કેવી રીતે ઉકેલ લાવવો? બીજા ક્ષેત્રોમાં પણ અનેક પ્રશ્નો હતા. ગુજરાતમાં પ્રશ્નો ઉકેલવાની ક્ષમતા પણ હતી. તંત્ર સમક્ષ પોતાની કોઠાસૂઝ દ્વારા રજૂઆત કરનાર સક્ષમ હતા. પણ એનું સંકલન કરનાર રાજકીય જે શક્તિ જોઇએ એ રાજકીય શક્તિ નહોતી. એ શક્તિનો અહેસાસ જો કરાવ્યો હોય તો એ ભારતીય જનતા પાર્ટીએ આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી અને મંત્રી મંડળના જે સભ્યો છે એમણે ૨૦૧૪થી આ લોકસંવાદ સેતુ દ્વારા કરાવ્યો છે. સરકાર પ્રજાના દ્વારે, લોકો માટેની સરકાર છે, જાહેર જનતા એ સાચી સરકાર છે એમ કોઇએ માન્યુ હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારે માન્યુ છે. મારે વિશેષ વાત કરવી નથી. પરંતુ નવસારી જિલ્લો પણ ખૂબ નસીબદાર એટલા માટે હતો કે લોકસંવાદ સેતુનો જ્યારે અમલ થયો અને એનો જે બીજો તબક્કો હતો. તા.૩૧–૮–૨૦૧૪ના દિવસે માનનીય મુખ્યમંત્રીશ્રી નવસારી જિલ્લામાં આવ્યા હતા. એમને પ્રજાએ ૧૫૩ પ્રશ્નો પૂછ્યા હતા એ તમામ પ્રશ્નોના જવાબો પ્રજાજનોને સ્થળ ઉપર આપ્યા હતા. જેનાથી પ્રજાએ આનંદની લાગણી અનુભવી હતી. ૧૫૩એ ૧૫૩ પ્રશ્નનો નિકાલ થઇ ગયો હતો એમ કહુ તો ખોટું નથી. અમારા પ્રભારી મંત્રી શ્રી નાનુભાઇ વાનાણી પણ એ જિલ્લાના લોકસંવાદ સેતુ કાર્યક્રમમાં હાજરી આપીને અંગત રસ લઇને વહીવટી તંત્રને જરૂરી માર્ગદર્શન પૂરું પાડીને જે જિલ્લાના કુલ ૫૪૧ પ્રશ્નો હતા એમાં યોજનાકીય લાભોને લગતા ૭૩ પ્રશ્નો, સ્વચ્છતા સફાઇને લગતી ફરિયાદોના ૨૯ પ્રશ્નો અને અન્ય ૨૧૭ પ્રશ્નો પૂછાયેલ. આ તમામ પ્રશ્નોને સ્થળ ઉપર જરૂરી સમજણ અને લેખિત હુકમ આપવામાં આવેલ હતો. જે રાજ્ય સરકાર અને વહીવટી તંત્ર માટે ગૌરવપૂર્ણ ઘટના છે એમ કહું તો ખોટું નથી. જ્યારે હું આ વાત કરી રહ્યો છું ત્યારે લોકોને નાનામાં નાના પ્રશ્નો માટે ગાંધીનગર આવવું પડતું એમાં અનેક સુધારા કર્યા છે અને લોકોની સાથે સીધો વિવાદ નહીં પરંતુ આપણે કોઇપણ સંજોગોની અંદર સંવાદ મારફત આ પ્રશ્નોમાં આગળ વધી શકીએ એ આજે વૈજ્ઞાનિક ઢબે આપણને સમજાવ્યું છે. જ્યારે શ્રી રમણભાઇ પાટકર આ પ્રસ્તાવ લાવ્યા છે ત્યારે ખરેખર હૃદયપૂર્વકના અભિનંદન પણ આપું છું અને ખાસ કરીને મારી એક છેલ્લી વાત મારા ખાસ મિત્ર શ્રી અરવિંદભાઇ એમણે અત્યારે બે મિનિટ પહેલા આ ચાર લીટી આપી છે. એ છેલ્લા દિવસે હું વાંચીને મારું સમાપન કરું છું. આઠમા સત્રની છેલ્લી મિનિટો જ બાકી છે.

‘‘ શોહરત અચ્છી હોતી હૈ, ગુરુર અચ્છા નહીં હોતા,
અપનોં સે બેરુખી સે પેશ આના હુજુર અચ્છા નહીં હોતા’’

માનનીય અધ્યક્ષશ્રી, આભાર.

## તા. ૩૧મી માર્ચ, ૨૦૧૬
## છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨)

શ્રી રમણલાલ વોરા ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા દિવસનો પ્રસ્તાવ લઇને ભાઇશ્રી રમણભાઇ પાટકર આવ્યા છે એમને હું ખૂબ ખૂબ અભિનંદન આપુ છું અને એમની સાથે સાથે ભાઇશ્રી મોતીભાઇ વસાવા, ભાઇશ્રી સંજયભાઇ, ભાઇશ્રી કનુભાઇ, ભાઇશ્રી પીયુષભાઇ, આ બધા લોકોએ આ પ્રસ્તાવનું સમર્થન કર્યુ છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર ૧૯૯૦માં ભાગીદારીવાળી સરકાર અને ૧૯૯૫ થી ૨૦૧૨ સુધી સતત આ લોકશાહી પ્રણાલીમાં ગુજરાતની પ્રજાએ ભારતીય જનતા પાર્ટીને સમર્થન આપ્યું છે અને ભારતીય જનતા પાર્ટીની સરકારો બની છે. આ સરકારો બનવા પાછળ પ્રજાજનોનો ભારતીય જનતા પાર્ટીની સરકારમાં વિશ્વાસ છે એનું એક કારણ એ છે કે ધોમધખતા તડકામાં પણ આ રાજય સરકારે માત્ર એ.સી. હોલમાં, એ.સી. ચેમ્બરમાં બેસીને નિર્ણય કરવાનો નહીં, છેવાડાના માનવી સુધી ધોમધખતા તડકામાં જવાનું હોય પછીએ કૃષિ મહોત્સવ હોય, કન્યા કેળવણી રથયાત્રા હોય કે લોકસંવાદ સેતુ હોય. આના સીધા સંપર્કના કારણે ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદી પટેલે નવો રાહ ચીંધીને છેક તાલુકાના મથક સુધી ગુજરાતનો પ્રજાજન ગાંધીનગર આવે એમ નહીં, ગાંધીનગરમાં બેઠેલા મંત્રીઓ, ગાંધીનગરમાં બેઠેલા ધારાસભ્યો છેવાડાના માનવી સુધી જાય એની વાતો સાંભળે, એનો વિચાર જાણે અને એનો એનો ઉકેલ કરે એ દિશામાં આ લોકસંવાદ સેતુનો અભિગમ આદરણીય મંત્રીશ્રીએ કર્યો છે. ૧લી ઓગસ્ટ ૨૦૧૪થી ખેડા જિલ્લાના માતરથી સેવા અભિયાનના સ્વરૂપે આ લોકસંવાદ સેતુની આદરણીય મુખ્યમંત્રીએ શરૂઆત કરી છે. આપણે બધા જાણીએ છીએ તેમ ''સરકાર પ્રજાને દ્વારે'' કાર્યક્રમ થતો હતો. લોક દરબારનો કાર્યક્રમ થતો હતો. દેશના વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદી સ્વાગત ઓનલાઇન કાર્યક્રમ દ્વારા સીધે સીધા લોકોને ગાંધીનગર બોલાવીને એમને સાંભળીને એમના પ્રશ્નોનું નિરાકરણ કરતા હતા. પરંતુ આ લોકસંવાદ સેતુથી છેક તાલુકા મથક, છેવાડાનો માનવી ગાંધીનગર ના પણ પહોંચે તો ગાંધીનગરનો મંત્રી હોય,ગાંધીનગરમાં બેઠેલા પ્રભારી સચિવ હોય, અમારા ધારાસભ્ય હોય, અમારા સંસદ સભ્ય હોય, તાલુકા પંચાયતનો ચૂંટાયેલો પ્રમુખ હોય, જિલ્લા પંચાયતનો ચૂંટાયેલો પ્રમુખ હોય, શહેર હોય તો નગરપાલિકાનો પ્રમુખ હોય, મહાનગરપાલિકાનો પ્રમુખ હોય સીધે સીધા લોકોની સામે પહોંચે એના માટેનો આ કાર્યક્રમ આ રાજય સરકારે કર્યો છે અને જયારે આ કાર્યક્રમ કરીએ છીએ એ પહેલા અમે બહોળી પ્રસિદ્ધિ કરીએ છીએ. લોકો પાસેથી અમે એમના પ્રશ્નો મંગાળીએ છીએ અને પ્રશ્નો મંગાવ્યા પછી કયા વિભાગના કયા કયા પ્રશ્નો છે, અમારા મામલતદાર હોય, પ્રાંત હોય, કલેકટર હોય, ડી.ડી.ઓ. હોય, એસ.પી. હોય એ એનું એનાલીસીસ કરે, એનું વિશ્લેષણ કરે અને બધા જ સભ્યોએ જેમ કહ્યું એ પ્રમાણે ૮૦ ટકા પ્રશ્નોનો હકારાત્મક દિશામાં એ જ દિવસે એનું નિરાકરણ થાય એના માટેનો પ્રયાસ આ રાજય સરકારે કર્યો છે. જયારે અહીંથી મંત્રીશ્રીઓ, પ્રભારી મંત્રીશ્રી અને અન્ય મંત્રીશ્રીઓ જતા હોય છે ત્યારે આ કાર્યક્રમોની અંદર વ્યકિત પોતાનો વ્યકિતગત પ્રશ્ન પણ રજૂ કરી શકે, પ્રજાનો સામૂહિક પ્રશ્ન પણ હોઇ શકે, રેવન્યુ વિભાગના પ્રશ્નો હોઇ શકે, પીવાના પાણીના પ્રશ્નો હોઇ શકે, વીજળી વિભાગના પ્રશ્નો હોઇ શકે, મારા કહેવાનો મતલબ સરકારના કોઇપણ વિભાગનો નડતર પ્રશ્ન હોય આ તમામ પ્રશ્નો ૨૦૧૪થી શરૂ કરીને ૨૪૭ તાલુકાઓની અંદર આ લોક સંવાદ સેતુનો કાર્યક્રમ આ રાજય સરકારે શરૂ કર્યો છે અને એના પરીપાક રૂપે લગભગ ૮૭.૨૭ ટકા જેટલા પ્રશ્નોનો હકારાત્મક નિકાલ કર્યો. ઘણા પ્રશ્ન એવા છે કે જેનો સ્થળ ઉપર નિકાલ નથી થતો, કોઇ વિભાગનો નીતિ વિષયક નિર્ણય છે તો એ વિભાગનો નીતિ વિષયક નિર્ણય જે પણ મંત્રીશ્રી ગયા હોય, જે પણ પ્રભારી મંત્રીશ્રી ગયા હોય એ જયારે ગાંધીનગર પરત આવે ત્યારે જે તે મંત્રીશ્રીને પત્ર દ્વારા અથવા મૌખિક વાત કરે છે કે તમારા વિભાગનો આ પ્રશ્ન છે, પ્રશ્ન કરવા જેવો છે, લોકોની આ મુશ્કેલી છે અને આ મુશ્કેલી દૂર કરવા જેવી છે. તો એ નીતિવિષયક નિર્ણયોની અંદર રાજય સરકાર ઉંડી ઉતરીને ફરી જયારે લોકસંવાદ સેતુ થાય એ પહેલા આ પ્રશ્નનું નિરાકરણ થાય એ પ્રકારનો રાજય સરકારનો અભિગમ રહ્યો છે. ૨૦૧૫-૧૬માં તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓ હોવાના કારણે અમે એટલા મોટા વ્યાપ ઉપર આ કાર્યક્રમ કરી શક્યા ન હતા. પરંતુ જ્યારે આજે વિધાનસભાનું સત્ર પૂરું થઇ રહ્યું છે ત્યારે આપણે બધા જાણીએ છીએ તેમ ઘણા દિવસોથી આપણે અહીંયા છીએ પરંતુ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર અને ભારતીય જનતા પાર્ટીની જે તાસીર છે એ મુજબ આવતી કાલથી જ મેં કહ્યું એમ ધોમધખતા તડકામાં ગુજરાતના ગામડાંમાં ગુજરાતના લોકોના પ્રશ્નો સાંભળવા માટે લોક સંવાદ સેતુ કાર્યક્રમ પહેલી, બીજી અને ત્રીજી એપ્રિલનો પહેલો તબક્કો આ રાજય સરકાર શરૂ કરી રહી છે. બીજો તબક્કો સાતમી અને આઠમી એપ્રિલના દિવસોએ આ રાજય સરકાર કરી રહી છે. આની અંદર શહેરી વિસ્તાર હોય તો નગરપાલિકા વિસ્તાર, મહાનગરપાલિકા વિસ્તાર, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને રાજય સરકાર, આપણે બધા અનુભવ કરીએ છીએ કે સોમવાર હોય કે મંગળવાર હોય, ગાંધીનગરમાં તમામ મંત્રીશ્રીઓની કેબિનમાં લોકો મોટા પ્રમાણમાં આવતા હોય છે. સવારથી સાંજ સુધી લોકોની લાઇનો લાગતી હોય છે. એની પાછળનું કારણ એ છે કે ગુજરાતના પ્રજાજનોને વિશ્વાસ છે કે એમની પાસે જઇશું તો અમારા કામો થશે. એક પ્રજાનો માણસ આવે અને એને કડવો અનુભવ થાય અને એનો પ્રશ્ન ન પતે તો ફરી એ ગાંધીનગર સુધી ધક્કો ન ખાય. પરંતુ જે પ્રમાણેના લોકો આવે છે એનો સીધો મતલબ એવો થાય છે કે મંત્રીમંડળના સાથીઓ તમામ લોકોને પ્રેમથી સાંભળે છે, એમના પ્રશ્નોને ઉકેલે છે, ઉકેલવાની દિશામાં સહાનુભૂતિપૂર્વકના પ્રયાસો કરે છે.

આ બધા જ કાર્યક્રમો કરીએ છીએ ત્યારે પહેલી એપ્રિલથી ફરીથી બે તબક્કામાં જ્યારે અમે કાર્યક્રમ કરવા જઇએ છીએ ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી પોતે હોય, મેં કહ્યું એ પ્રમાણે કૃષિ મહોત્સવ, કન્યા કેળવણી રથયાત્રા, લોક સંવાદ સેતું કાર્યક્રમ હોય એમાં માનનીય મુખ્યમંત્રીશ્રી, મંત્રીમંડળના સાથીઓ, સંસદીય સચિવો, દંડકશ્રી, ઉપદંડકશ્રીઓ, આપ પણ સહયોગ કરો છો, ઉપાધ્યક્ષશ્રી પણ સહયોગ કરે છે, અમારા ધારાસભ્યો હોય, સંસદસભ્યો હોય છે. અમારું એક માત્ર લક્ષ ગુજરાતના પ્રજાજનોને પડતી મુશ્કેલીઓ, એની વેદનાને વાચા આપવી, એને સાંભળવો, એને માત્ર સાંભળવો એટલું જ નહીં પણ એના પ્રશ્નનું હકારાત્મક દિશામાં નિરાકરણ થાય, એની શંકાનું સમાધાન થાય, એ જે અપેક્ષા સાથે અમારી પાસે આવ્યો હોય એ પરિપૂર્ણ થાય એ દિશામાં આ રાજ્ય સરકાર કામ કરી રહી છે. આવા સંજોગોમાં આ લોક સંવાદ સેતુનો સંકલ્પ લઇને માનનીય રમણભાઇ પાટકર આવ્યા છે, અન્ય સભ્યશ્રીઓ, આનંદ થાય છે કે ગૃહના તમામ સભ્યોની લાગણી રહી છે ત્યારે આ વાત સ્વીકારીને ચાલીએ છીએ અને આવતા દિવસોમાં પ્રજાજનોના પ્રશ્નોને હકારાત્મક દિશામાં ઉકેલવાની પ્રતિબદ્ધતા અને ખાતરી સાથે માનનીય સભ્યશ્રી રમણલાલ પાટકરના આ પ્રસ્તાવને સ્વીકારીને આભારની લાગણી વ્યક્ત કરું છું.

અધ્યક્ષશ્રી : ચર્ચા પૂરી થાય છે.

સભાગૃહના મેજ ઉપર મૂકવાના અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો

સચિવશ્રી : માનનીય અધ્યક્ષશ્રી, હું જેના લેખિત જવાબો સત્ર દરમિયાન મળ્યા છે અને સમયના અભાવે સભ્યશ્રીઓને મોકલી શકાયા નથી તેવા ૨૦ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો વિધાનસભાના નિયમોના નિયમ ૮૭(ક) અન્વયે સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા

અતારાંકિત પ્રશ્નોત્તરી

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૭(ક) અન્વયે તા.૩૧-૩-૨૦૧૬ના રોજ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવેલ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબોની યાદી

| ક્રમ | સભ્યશ્રીનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | શ્રી જવાહરભાઈ ચાવડા | ૬૯૬૭, ૭૦૯૧ | ૨ |
| ૨ | શ્રી પરેશ ધાનાણી | ૫૫૨૮, ૫૫૮૦ | ૨ |
| ૩ | ડૉ. તેજશ્રીબેન પટેલ | ૨૮૨૩, ૩૪૪૩, ૪૪૯૦, ૪૯૦૭, ૫૨૪૧, ૫૨૬૮, ૬૫૯૪ | ૭ |
| ૪ | શ્રી શૈલેષ પરમાર | ૬૦૧૬ | ૧ |
| ૫ | શ્રી રાઘવજી પટેલ | ૬૬૫૮, ૭૦૪૯, ૭૦૫૦ | ૩ |
| ૬ | શ્રી શકિતસિંહજી ગોહેલ | ૬૭૮૧ | ૧ |
| ૭ | શ્રી પુંજાભાઈ વંશ | ૬૯૩૦ | ૧ |
| ૮ | શ્રી ગેંદાલભાઈ ડામોર | ૫૯૯૧ | ૧ |
| ૯ | શ્રી મણીભાઈ વાઘેલા | ૭૧૮૬ | ૧ |
| | | કુલ | ૧૯ |

ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ-૨૦૧૩ અંતર્ગત સામેલ કરેલ સેવાઓ બાબત

અતારાંકિતઃ ૭૦૯૧ (૭-૧-૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ-૨૦૧૩ અન્વયે રૂલ્સ તા.૨૬-૨-૨૦૧૪ ના રોજ પ્રસિદ્ધ થઈ ગયા છે પણ કઈ જાહેર સેવાઓને આ અધિનિયમ લાગુ પડશે તેની યાદી તા. ૩૦ જુન-૨૦૧૫ સુધી પ્રસિદ્ધ ન થતા આ કાયદાનો કોઈ જ અમલ સમગ્ર રાજ્યમાં થઈ શક્યો નથી તે ફરીયાદથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો તેના શા કારણો છે, અને

(૩) આ યાદી ક્યાર સુધીમાં પ્રસિદ્ધ કરવામાં આવનાર છે ?

## તા. ૩૧મી માર્ચ, ૨૦૧૬
## અતારાંકિત પ્રશ્નોત્તરી (૮૭-ક)

માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) : (૧૭-૩-૨૦૧૬)

(૧), (૨) અને (૩)

ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ-૨૦૧૩ની કલમ-૨૯ હેઠળ મળેલ સત્તાની રૂએ ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) નિયમો, ૨૦૧૪ તા. ૨૬-૨-૨૦૧૪ના જાહેરનામાંથી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

આ અધિનિયમની જુદી જુદી કેટલીક કલમો તા.૨૬-૨-૨૦૧૪ તથા તા.૧૧-૮-૨૦૧૪ ના જાહેરનામાંથી અમલમાં લાવવામાં આવેલા છે. ત્યારબાદ જુદા જુદા વિભાગો તરફથી આપવામાં આવતી સેવાઓનો સંપૂર્ણપણે ચકાસણી કરી તે પૈકી સમય-મર્યાદા બાંધી શકાય તેવી સેવાઓને પૂરી પાડવા સૂચિત સમય-મર્યાદા તૈયાર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી જે પૂર્ણ થયેલ છે.

હવે આ કાયદાની કલમ-૩ હેઠળની જોગવાઈ મુજબ નાગરિકોને સેવાઓનો અધિકાર તા.૧-૪-૨૦૧૬ થી આપતું જાહેરનામું તા.૮-૩-૨૦૧૬ ના રોજ બહાર પાડેલ છે. ૧૮ વિભાગોની ૨૪૫ સેવાઓને નિયત સમય-મર્યાદામાં પૂરી પાડવા અંગેના જાહેરનામા પ્રસિદ્ધ કરવાની સૂચનાઓ સંબંધિત વિભાગોને આપવામાં આવેલ છે.

--------

### રાજ્યમાં શિક્ષણ વિભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મહેકમ

અતારાંકિતઃ ૫૫૨૮ (૧૨-૬-૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૩-૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યમાં શિક્ષણ વિભાગ અને તેની તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

(૨) ઉકત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૩) ઉકત સ્થિતિએ આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવાનું આયોજન છે

શિક્ષણ મંત્રીશ્રી : (૧૬-૩-૨૦૧૬)

(૧) તા.૩૧-૩-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં શિક્ષણ વિભાગ અને તેની તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર પ્રમાણે મંજૂર થયેલ મહેકમ નીચે પ્રમાણે છે.

| વર્ગ | મંજૂર થયેલ મહેકમ |
|---|---|
| વર્ગ-૧ | ૧૨૭૧ |
| વર્ગ-૨ | ૭૦૫૧ |
| વર્ગ-૩ | ૧૧૬૬૫ |
| વર્ગ-૪ | ૪૧૪૧ |
| કુલ | ૨૪૧૨૮ |

સંવર્ગ પ્રમાણે માહિતી સાથેના *પત્રકોમાં આપેલ છે.

(2) ઉકત સ્થિતિએ સંવર્ગવાર ભરેલી જગ્યાઓ અને કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, જે નીચે મુજબ છે.

| વર્ગ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| વર્ગ-૧ | ૫૨૬ | ૭૪૫ |
| વર્ગ-૨ | ૩૯૭૪ | ૩૦૭૭ |
| વર્ગ-૩ | ૬૨૪૧ | ૫૪૨૪ |
| વર્ગ-૪ | ૨૨૯૨ | ૧૮૪૯ |
| કુલ | ૧૩૦૩૩ | ૧૧૦૯૫ |

સંવર્ગવાર પ્રમાણે માહિતી સાથેના પત્રકોમાં આપેલ છે.

(૩) ઉકત સ્થિતિએ વર્ગ-૧ અને વર્ગ-૨ સંવર્ગની જગ્યાઓ ગુજરાત જાહેર સેવા આયોગ મારફતે તથા વર્ગ-૩ની જગ્યાઓ ગુજરાત ગૌણ સેવા પસંદગી દ્વારા ભરતી પ્રક્રિયા કરવામાં આવે છે. આવી ખાલી જગ્યાઓ નિયમ પ્રમાણે પ્રક્રિયા હાથ ધરીને ભરવામાં આવશે. જ્યારે વર્ગ-૪ સંવર્ગની જગ્યાઓ સરકારની નીતિ મુજબ હવે આઉટ સોર્સીંગથી ભરવાની રહે છે.

સંવર્ગવાર માહિતી સાથેના *પત્રકોમાં આપેલ છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

નાણા વિભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ

અતારાંકિતઃ ૪૯૦૭ (૮-૬-૨૦૧૫) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૧૫ ની સ્થિતિએ નાણા વિભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે ?

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે,

(૩) તે પૈકી ઉકત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે અને ખાલી જગ્યાઓ ક્યાં સુધી ભરવામાં આવશે, અને

(૪) ઉકત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરવામાં આવી ?

નાણા મંત્રીશ્રી : (૧૯-૩-૨૦૧૬)

(૧), (૨) અને (૩) સામેલ *પત્રક (અ) અને (બ) મુજબ.

(૪) સામેલ *પત્રક-(ક) મુજબ.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

રાજ્યમાં ગેરકાયેદસર વૃક્ષ છેદનની ફરીયાદો બાબત

અતારાંકિતઃ ૩૪૪૩ (૨૧-૧૨-૨૦૧૪) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૭-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર ગેરકાયદેસર વૃક્ષો કાપવાની કેટલી ફરીયાદો મળી છે,

(૨) મળેલ ફરીયાદો પૈકી રાજ્ય સરકારે શી કાર્યવાહી કરી, અને

(૩) આ ગેરકાયદેસર વૃક્ષો કાપતા ઇસમો સામે સરકારે શી કાર્યવાહી કરવામાં આવી

વન મંત્રીશ્રી : ( ૨૯-૩-૨૦૧૬)

(૧) ૬૬૨૦ જે વર્ષવાર પત્રકમાં સામેલ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | તા.૧-૮-૦૯ થી ૩૧-૭-૧૦ | તા.૧-૮-૧૦ થી તા.૩૧-૭-૧૧ | તા.૧-૮-૧૧ થી તા.૩૧-૭-૧૨ | તા.૧-૮-૧૨ થી તા.૩૧-૭-૧૩ | તા.૧-૮-૧૩ થી તા.૩૧-૭-૧૪ અંતિત | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૨ | ૩૫ | ૨૩ | ૪૬ | ૮૪ | ૨૧૦ |
| ૨ | અમરેલી | ૧ | ૩ | ૧ | ૪ | ૨ | ૧૧ |
| ૩ | આણંદ | ૩૪ | ૪૩ | ૧૧૫ | ૪૧ | ૨૬ | ૨૫૯ |
| ૪ | બનાસકાંઠા | ૮૨ | ૭૯ | ૫૭ | ૬૧ | ૭૯ | ૩૫૮ |
| ૫ | ભરૂચ | ૪ | ૦ | ૨૧ | ૩૦ | ૧૭ | ૭૨ |
| ૬ | ભાવનગર | ૧ | ૪ | ૧ | ૪ | ૨૭ | ૩૭ |
| ૭ | બોટાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૪ | ૪ |

| અ.નં. | જિલ્લાનું નામ | તા.૧-૮-૦૯ થી ૩૧-૭-૧૦ | તા.૧-૮-૧૦ થી તા.૩૧-૭-૧૧ | તા.૧-૮-૧૧ થી તા.૩૧-૭-૧૨ | તા.૧-૮-૧૨ થી તા.૩૧-૭-૧૩ | તા.૧-૮-૧૩ થી તા.૩૧-૭-૧૪ અંતિત | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૮ | દાહોદ | ૦ | ૮ | ૩ | ૩ | ૨૨ | ૩૬ |
| ૯ | ડાંગ | ૦ | ૩ | ૪ | ૨ | ૧ | ૧૦ |
| ૧૦ | ગાંધીનગર | ૪૭ | ૨૧ | ૩૦ | ૨૬ | ૧૧ | ૧૩૫ |
| ૧૧ | જામનગર | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૨ |
| ૧૨ | દેવભૂમિદ્વારકા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૩ | જૂનાગઢ | ૦ | ૦ | ૩ | ૧ | ૬ | ૧૦ |
| ૧૪ | ગીર સોમનાથ | ૦ | ૦ | ૦ | ૪ | ૨ | ૬ |
| ૧૫ | ખેડા | ૮૭ | ૮૪ | ૫૪ | ૭૪ | ૧૩૨ | ૪૩૧ |
| ૧૬ | કચ્છ | ૮ | ૩ | ૮ | ૧૨ | ૮ | ૩૯ |
| ૧૭ | મહેસાણા | ૩૦ | ૩૫ | ૪૭ | ૨૬ | ૨૩ | ૧૬૧ |
| ૧૮ | નર્મદા | ૭૬ | ૫૫ | ૩૬ | ૨૦ | ૨૮ | ૨૧૫ |
| ૧૯ | નવસારી | ૨૬૮ | ૩૨૦ | ૨૨૯ | ૨૩૫ | ૩૭૦ | ૧૪૨૨ |
| ૨૦ | પંચમહાલ | ૨૬ | ૨૬ | ૩૫ | ૭૦ | ૩૩ | ૧૯૦ |
| ૨૧ | મહીસાગર | ૧૧ | ૧૫ | ૧૦ | ૧૮ | ૧૧ | ૬૫ |
| ૨૨ | પાટણ | ૧૮ | ૧૩ | ૧૦ | ૯ | ૧૫ | ૬૫ |
| ૨૩ | પોરબંદર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૪ | રાજકોટ | ૨૩ | ૨૭ | ૨૩ | ૨૦ | ૨૩ | ૧૧૬ |
| ૨૫ | મોરબી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૬ | સાબરકાંઠા | ૫ | ૦ | ૨ | ૧ | ૧૦ | ૧૮ |
| ૨૭ | અરવલ્લી | ૭ | ૩૧ | ૩૪ | ૧૩ | ૪૦ | ૧૨૫ |
| ૨૮ | સુરત | ૦ | ૧૬ | ૮૨ | ૨૧ | ૩૧૭ | ૪૩૬ |
| ૨૯ | સુરેન્દ્રનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૩ |
| ૩૦ | તાપી | ૧ | ૬૦ | ૫૯ | ૩૪ | ૩૫ | ૧૮૯ |
| ૩૧ | વડોદરા | ૨૭ | ૨૦ | ૨૫ | ૨૯ | ૨૬ | ૧૨૭ |
| ૩૨ | છોટાઉદેપુર | ૧ | ૦ | ૮ | ૩ | ૧ | ૧૩ |
| ૩૩ | વલસાડ | ૨૬૨ | ૩૦૪ | ૩૬૦ | ૪૬૨ | ૪૬૭ | ૧૮૫૫ |
| | કુલ | ૧૦૪૨ | ૧૨૦૫ | ૧૨૮૦ | ૧૨૬૯ | ૧૮૨૪ | ૬૬૨૦ |

(૨) મળેલ ફરીયાદોની તપાસ કરાવી વન વિભાગ દ્વારા ભારતીય વન અધિનિયમ-૧૯૨૭, તેમજ મહેસૂલ વિભાગ તરફથી સૌરાષ્ટ્ર વૃક્ષછેદન ધારો ૧૯૫૧ની જોગવાઈઓ મુજબ કાર્યવાહી કરી ગુનેગારો પાસેથી દંડ વસૂલ કરવામાં આવેલ છે.

(૩) ગેરકાયદેસર વૃક્ષછેદન કરતા ઈસમો સામે ભારતીય વન અધિનિયમ-૧૯૨૭ની જોગવાઈઓ મુજબ તેમજ મહેસૂલ વિભાગ તરફથી સૌરાષ્ટ્ર વૃક્ષછેદન ધારો ૧૯૫૧ ની જોગવાઈઓ મુજબ કાર્યવાહી કરી ગુનેગારો પાસેથી દંડ વસૂલ કરવામાં આવેલ છે.

--------

બાળકો વિરૂધ્ધ થતા સાયબર ક્રાઈમ રોકવા એડવાઈઝરી અંગેની સૂચના બાબત

અતારાંકિતઃ ૫૨૬૮ (તા. ૨૩-૭-૨૦૧૫) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) બાળકો વિરૂધ્ધ થતા સાયબર ક્રાઈમ રોકવા અને નિયંત્રિત કરવા માટે ભારત સરકારે જાન્યુઆરી-૨૦૧૨ માં રાજ્ય સરકારને એક એડવાઈઝરી મોકલી હતી, તેના અનુસંધાને રાજ્ય સરકારે તા.૨૧-૩-૨૦૧૪ના રોજ સૂચનાઓ આપી છે તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો આ એડવાઈઝરી મળ્યા પછી સત્યાવીશ માસ જેટલી મોડી સૂચનાઓ આપવાના કારણોની વિગતો શી છે?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૧–૩–૨૦૧૬)

(૧) ના, જી. મીનીસ્ટ્રી ઓફ હોમ એફેર્સ, ભારત સરકાર, નવી દિલ્હીના તા.૧૩–૧–૨૦૧૪ના પત્રથી ''કોમ્પેન્ડીયમ'' ઓફ એડવાઈઝરી ઓન હ્યુમન ટ્રાફિકીંગ એન્ડ ક્રાઈમ અગેઈન્સ્ટ વુમેન, ચિલ્ડ્રન, સીનીયર સિટિઝન્સ એન્ડ એસ.સી./એસ.ટી. મોકલવામાં આવેલ, જેના અનુસંધાને અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી, સી.આઈ.ડી.ક્રાઈમ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૨૧–૩–૨૦૧૪ના પત્રથી તે સૂચનાઓ સરક્યુલેટ કરાઈ છે.

(૨) ઉક્ત વિગત ધ્યાને લેતાં સૂચનાઓ આપવામાં મોડું થયેલ નથી.

---------

રાજ્યની જેલોમાંથી મળી આવેલ મોબાઈલ અને સીમકાર્ડ

અતારાંકિતઃ ૬૦૧૬ (૩૧–૭–૨૦૧૫) શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૬–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યની કઈ જેલોમાંથી કેટલા મોબાઈલ અને સીમકાર્ડ મળી આવ્યા, અને

(૨) તે અન્વયે ગેરકાયદેસર મોબાઈલ અને સીમકાર્ડ રાખવા બદલ શાં પગલાં લીધાં ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૧–૩–૨૦૧૬)

(૧) સામેલ પત્રક મુજબ.

તા.૩૦–૬–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યની જેલોમાંથી મળી આવેલ મોબાઈલ તથા સીમકાર્ડની વિગતો દર્શાવતું પત્રક.

| અ.નં. | જેલનું નામ | મોબાઈલની સંખ્યા | સીમકાર્ડની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ મધ્યસ્થ જેલ | ૮૩ | ૨૨ |
| ૨ | વડોદરા મધ્યસ્થ જેલ | ૧૫૩ | ૭૨ |
| ૩ | લાજપોર મધ્યસ્થ જેલ | ૭૦ | ૩૬ |
| ૪ | રાજકોટ મધ્યસ્થ જેલ | ૭૫ | ૩૩ |
| ૫ | પોરબંદર ખાસ જેલ | ૦૨ | ૦૨ |
| ૬ | પાલારા (ભૂજ) ખાસ જેલ | ૧૪ | ૧૭ |
| ૭ | જૂનાગઢ જિલ્લા જેલ | ૨૮ | ૧૦ |
| ૮ | નડીયાદ જિલ્લા જેલ | ૦૦ | ૦૦ |
| ૯ | ભાવનગર જિલ્લા જેલ | ૧૮ | ૧૪ |
| ૧૦ | અમરેલી જિલ્લા જેલ | ૩૭ | ૦૯ |
| ૧૧ | જામનગર જિલ્લા જેલ | ૪૫ | ૨૫ |
| ૧૨ | પાલનપુર જિલ્લા જેલ | ૧ | ૦૧ |
| ૧૩ | મહેસાણા જિલ્લા જેલ | ૨ | ૦૧ |
| ૧૪ | હિંમતનગર સબ જેલ | ૦૦ | ૦૦ |
| ૧૫ | રાજપીપળા સબ જેલ | ૦૦ | ૦૧ |
| ૧૬ | ગોધરા સબ જેલ | ૦૧ | ૦૧ |
| ૧૭ | છોટાઉદેપુર સબ જેલ | ૦૧ | ૦૧ |
| ૧૮ | નવસારી સબ જેલ | ૦૧ | ૦૦ |
| ૧૯ | ભરૂચ સબ જેલ | ૨૨ | ૦૮ |
| ૨૦ | સુરેન્દ્રનગર સબ જેલ | ૨૬ | ૦૬ |
| ૨૧ | મોડાસા સબ જેલ | ૦૧ | ૦૫ |
| ૨૨ | ગોંડલ સબ જેલ | ૨૩ | ૧૨ |

| | | | |
|---|---|---|---|
| ૨૩ | મોરબી સબ જેલ | ૦૦ | ૦૧ |
| ૨૪ | પાટણ સબ જેલ | ૦૦ | ૦૦ |
| ૨૫ | અમરેલી ઓપન જેલ | ૦૦ | ૦૦ |

(૨) જવાબદાર કેદીઓ સામે સંબંધિત પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે, તેમજ જેલ મેન્યુઅલ મુજબ શિક્ષા કરવામાં આવેલ છે/આવે છે. જ્યારે જવાબદાર અધિકારી/કર્મચારીઓ વિરૂધ્ધ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે/ચાલુ છે.

--------

રાજ્યમાં ગુમ થયેલ બાળકો

અતારાંકિતઃ ૬૬૫૮ (૨૭-૧૦-૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં જિલ્લાવાર તા.૩૦-૬-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા બાળકો ગુમ થયેલા નોંધાયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તેઓને શોધી કાઢવાની શી અલાયદી વ્યવસ્થા અમલમાં મુકાઈ છે, અને

(૩) ઉક્ત તમામ બાળકોને ક્યાં સુધીમાં શોધી કાઢવામાં આવનાર છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૧૪-૩-૨૦૧૬)

(૧) પત્રક મુજબ.

(૨) ગુમ થયેલ બાળકોને શોધી કાઢવા માટે જિલ્લાવાઈઝ ડ્રાઈવ રાખવામાં આવે છે. તેમજ ગુમ બાળકોના ફોટા ભારત સરકારની વેબસાઈટ તેમજ દૂરદર્શન ટી.વી. ચેનલોમાં પ્રસિદ્ધ કરવામાં આવે છે.

(૩) ગુમ થયેલ બાળકો પૈકી ૬૫૧૫ બાળકો શોધી કાઢવામાં આવ્યા છે, જ્યારે બાકી રહેલ ૩૯૫ બાળકોને શોધી કાઢવા સઘન પ્રયત્નો ચાલુ છે.

પ ત્ર ક

| અ.નં. | શહેર/જિલ્લાનું નામ | તા.૩૦-૬-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગુમ થયેલ બાળકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૧૭૨૩ |
| ૨ | રાજકોટ શહેર | ૧૭૦ |
| ૩ | વડોદરા શહેર | ૫૫૪ |
| ૪ | સુરત શહેર | ૧૫૫૨ |
| ૫ | અમદાવાદ રૂરલ | ૧૦૬ |
| ૬ | રાજકોટ રૂરલ | ૧૬૧ |
| ૭ | વડોદરા રૂરલ | ૮૧ |
| ૮ | સુરત રૂરલ | ૭૫ |
| ૯ | જામનગર | ૨૦૮ |
| ૧૦ | સુરેન્દ્રનગર | ૭૩ |
| ૧૧ | ભાવનગર | ૩૬ |
| ૧૨ | પોરબંદર | ૩૩ |
| ૧૩ | જૂનાગઢ | ૭૯ |
| ૧૪ | અમરેલી | ૬૬ |
| ૧૫ | કચ્છ-ભૂજ (પૂર્વ) | ૭૨ |
| ૧૬ | કચ્છ-ભૂજ (પશ્ચિમ) | ૯૬ |

| | | |
|---|---|---|
| ૧૭ | બનાસકાંઠા | ૧૯૯ |
| ૧૮ | મહેસાણા | ૨૪૫ |
| ૧૯ | પાટણ | ૧૦૮ |
| ૨૦ | ગાંધીનગર | ૧૮૦ |
| ૨૧ | સાબરકાંઠા | ૪૮ |
| ૨૨ | ખેડા | ૭૮ |
| ૨૩ | આણંદ | ૧૧૧ |
| ૨૪ | ગોધરા | ૭૮ |
| ૨૫ | દાહોદ | ૬૬ |
| ૨૬ | ભરૂચ | ૧૩૪ |
| ૨૭ | નર્મદા | ૨૭ |
| ૨૮ | વલસાડ | ૧૬૯ |
| ૨૯ | આહવા-ડાંગ | ૩ |
| ૩૦ | નવસારી | ૬૦ |
| ૩૧ | તાપી | ૨૨ |
| ૩૨ | પ.રે.વડોદરા | ૭ |
| ૩૩ | પ.રે.અમદાવાદ | ૯ |
| ૩૪ | ગીર સોમનાથ | ૫૪ |
| ૩૫ | મોરબી | ૫૭ |
| ૩૬ | બોટાદ | ૫૬ |
| ૩૭ | દેવભૂમિ દ્વારકા | ૫૫ |
| ૩૮ | અરવલ્લી | ૧૯ |
| ૩૯ | છોટાઉદેપુર | ૪ |
| ૪૦ | મહીસાગર | ૩૬ |

---------

રાજ્યના પોલીસ સ્ટોશનોમાં સીટીઝન પોર્ટલ અનવ્યે ઓનલાઈન ફરીયાદો બાબતે

અતારાંકિતઃ ૬૭૮૧ (૬-૧૧-૨૦૧૫) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા)ઃ માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) ભારત સરકારે તા.૩૧ ઓગષ્ટ-૨૦૧૫ની સ્થિતિએ 'ક્રાઈમ એન્ડ ક્રીમીનલ ટ્રેકીંગ નેટવર્ક એન્ડ સીસ્ટમસ' પ્રોજેક્ટ હેઠળ સીટીઝન પોર્ટલ ઉભુ કરીને જાહેર જનતા ઓન લાઈન ફરીયાદો મોકલી શકે તેવી વ્યવસ્થા ઉભી કરવા રાજ્ય સરકારને આદેશ કર્યો છે તે હકીકત સાચી છે,

(૨) જે હા, તો ઉક્ત સ્થિતિએ રાજ્યમાં કયા જિલ્લાના કેટલા પોલીસ સ્ટેશનોમાં આ યોજના હેઠળ ઓનલાઈન ફરિયાદોની વ્યવસ્થા થઈ છે, અને

(૩) બાકી તમામ પોલીસ સ્ટેશનોમાં વ્યવસ્થા કયાં સુધીમાં ઉભી કરવામાં આવનાર છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) (૨૨-૩-૧૬)

(૧) હા, જી.

(૨) અને (૩) રાજ્ય સરકારનો ઈગુજકોપ પ્રોજેક્ટ હાલમાં ઈન્ટ્રાનેટ પર જ્યારે ઈગુજકોપ પ્રોજેક્ટને ઈન્ટરનેટ પર લઈ જવામાં આવશે ત્યારે જાહેર જનતા ઓનલાઈન ફરીયાદ કરી શકે તે રીતની વ્યવસ્થા રાજ્ય પોલીસ સ્ટેશનોમાં ઉભી થઈ શકશે.

-------------------

અમદાવાદ જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં બોઈલર ઈન્સ્પેકટરો દ્વારા બોઈલરનાં ઈન્સ્પેશન બાબત

## તા. ૩૧મી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નોત્તરી (૮૭-ક)

અતારાંકિતઃ ૨૮૨૩ (૨૫-૧-૨૦૧૪) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ)ઃ માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા ચાર વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં બોઈલર ઈન્સ્પેકટરો દ્વારા કેટલી વખત બોઈલરનાં ઈન્સ્પેકશન થયાં,

(૨) કઈ કઈ ફેકટરીના બોઈલરો બંધ કરી દેવામાં આવ્યા અને કઈ કઈ ફેકટરીના બોઈલરો ખામીયુક્ત/ભયજનક જણાયાં, અને

(૩) આવાં ખામીયુક્ત/ભયજનક બોઈલર ધરાવતી ફેકટરીઓના માલિક સામે શી કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી ?

શ્રમ અને રોજગાર મંત્રીશ્રી (૧૬-૩-૧૬)

(૧) બોઈલર અધિનિયમ-૧૯૨૩ અને તે હેઠળ ઘડાયેલ બોઈલર વિનિયમો-૧૯૫૦ અને ગુજરાત બોઈલર નિયમો-૧૯૬૬માં નિયત કરાયેલ જોગવાઈઓ અન્વયે અમદાવાદ જિલ્લામાં તારીખ ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા ચાર વર્ષમાં કુલ ૨૫૪૬ બોઈલરના નિરિક્ષણો બોઈલર ઈન્સ્પેકટરો દ્વારા કરવામાં આવ્યા.

(૨) બોઈલર અધિનિયમ-૧૯૨૩ હેઠળ કરેલ જોગવાઈઓને ધ્યાને લેતાં કોઈપણ ફેકટરીના બોઈલરોને બંધ કરી દેવામાં આવેલ નથી. કુલ ૧૬૧ ફેકટરીના બોઈલરો નિરિક્ષણ દરમ્યાન ખામીયુક્ત/ભયજનક જણાયેલા હતા, જેની વર્ષવાર યાદી પરિશિષ્ઠ-૧* મુજબ છે.

(૩) નિરિક્ષણ દરમ્યાન ખામીયુક્ત/ભયજનક જણાતા એકમો/ફેકટરીઓના માલીકોને બોઈલર અધિનિયમ-૧૯૨૩ની કલમ ૮(૫) મુજબ જરૂરી રીપેરની પુર્તતા કરવા હુકમ કરવામાં આવેલ, સદર અધિનિયમની કલમ-૧૨ મુજબ બોઈલર નિયામકની પુર્વ મંજુરી મેળવીને બોઈલ રીપેરર મારફતે રીપેલ કરાવીને બોઈલર ઈન્સ્પેકટર દ્વારા ચકાસણી કરી રીપેરીંગ સંતેષકારક જણાતાં બોઈલરને વધુ ઉપયોગ અર્થે પ્રમાણિત કરવામાં આવેલ.

(*પરિશિષ્ઠ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------------------

### નિર્મળ ભારત અભિયાન યોજના અંર્તગત શૌચાલય

અતારાંકિતઃ ૪૪૯૦ (૧૫-૦૧-૨૦૧૫) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ)ઃ માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં જિલ્લાવાર કેટલા એ.પી.એલ, અને બી.પી.એલ કુટુંબોના વ્યકિતગત શૌચાલય બનાવવામાં આવ્યા,

(૨) તે પૈકી જિલ્લાવાર નિર્મળ ભારત અભિયાન યોજના અંતર્ગત કેટલા અને નિર્મળ ગુજરાત યોજના અંતર્ગત કેટલા બનાવવામાં આવ્યા, અને

(૩) આ બંને યોજના અંર્તગત વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) ઃ (૨૨-૩-૧૬)

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં જિલ્લાવાર એ.પીએલ. અને બી.પી.એલ કુટુંબોના વ્યકિતગત શૌચાલય પત્રક-અ મુજબ બનાવવામાં આવ્યા છે.

| વર્ષ | એ.પી.એલ. | બી.પી.એલ. | કુલ |
|---|---|---|---|
| ૨૦૧૦ | ૨૬૪૩૦૧ | ૧૪૧૨૧૩ | ૪૦૫૫૧૪ |
| ૨૦૧૧ | ૧૮૫૮૯૮ | ૯૨૧૬૮ | ૨૭૮૦૬૬ |
| ૨૦૧૨ | ૧૪૬૪૧૬ | ૪૧૫૦૪ | ૧૮૭૯૨૦ |
| ૨૦૧૩ | ૧૨૮૧૯૭ | ૨૯૦૪૮ | ૧૫૭૨૪૫ |
| ૨૦૧૪ | ૧૮૪૯૫૩ | ૬૦૮૨૮ | ૨૪૫૭૮૧ |
| કુલ | ૯૦૯૭૬૫ | ૩૬૪૭૬૧ | ૧૨૭૪૫૨૬ |

અતારાંકિત પ્રશ્નોત્તરી (૮૭–ક)

(૨) તે પૈકી જિલ્લાવાર નિર્મળ ભારત અભિયાન યોજના અંતર્ગત ૭,૭૭,૪૩૨ વ્યક્તિગત શૌચાલય અને નિર્મળ ગુજરાત યોજના અંતર્ગત ૪,૯૭,૧૦૦ વ્યક્તિગત શૌચાલય પત્રક–બ મુજબ બનાવવામાં આવ્યા.

(૩) આ બન્ને યોજના અંતર્ગત વર્ષવાર નીચે મુજબનો ખર્ચ કરવામાં આવ્યો.

| વર્ષ | નિર્મળ ભારત અભિયાન | નિર્મળ ગુજરાત | કુલ રૂ. લાખમાં |
|---|---|---|---|
| ૨૦૧૦ | ૩૭૨૨.૭૭ | ૨૪૬૬.૦૩ | ૬૧૮૮.૮૦ |
| ૨૦૧૧ | ૨૬૬૮.૫૯ | ૨૧૧૬.૩૫ | ૪૭૮૪.૯૪ |
| ૨૦૧૨ | ૩૫૭૫.૮૯ | ૧૯૯૪.૬૫ | ૫૫૭૦.૫૪ |
| ૨૦૧૩ | ૫૦૪૦.૯૯ | ૧૧૨૧.૦૯ | ૬૧૬૨.૦૮ |
| ૨૦૧૪ | ૯૦૦૮.૪૭ | ૩૭૮.૯૮ | ૯૩૮૭.૪૫ |
| કુલ | ૨૪૦૧૬.૭૧ | ૮૦૭૭.૧૦ | ૩૨૦૯૩.૮૧ |

પત્રક–અ

| ક્રમ | જિલ્લાનું નામ | ૨૦૧૦ | | ૨૦૧૧ | | ૨૦૧૨ | | ૨૦૧૩ | | ૨૦૧૪ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | એ.પી.એલ. | બી.પી.એલ | એ.પી.એલ. | બી.પી.એલ | એ.પી.એલ. | બી.પી.એલ | એ.પી.એલ. | બી.પી.એલ | એ.પી.એલ. | બી.પી |
| ૧ | અમદાવાદ | ૫૮૫૨ | ૪૩૧૮ | ૧૦૨૮૨ | ૪૩૯૬ | ૧૧૬૭૨ | ૨૬૫૦ | ૧૦૭૩૫ | ૪૧૨૭ | ૮૬૦૮ | ૧ |
| ૨ | અમરેલી | ૭૫૦૦ | ૩૩૦૧ | ૮૫૩૪ | ૩૬૭૦ | ૭૫૮૦ | ૩૬૭૦ | ૭૯૮૮ | ૧૯૭૦ | ૬૨૭૧ | ૧ |
| ૩ | આણંદ | ૩૧૮૭ | ૧૪૪૩૫ | ૧૩૩૭ | ૧૩૬૪ | ૩૯૭૬ | ૬૦૧ | ૨૫૮૯ | ૧૧૦૩ | ૭૯૦૫ | |
| ૪ | બનાસકાંઠા | ૩૧૦૧૯ | ૧૨૪૦૮ | ૧૦૭૫૬ | ૭૫૧૬ | ૮૩૧૫ | ૪૬૩૮ | ૫૭૫૭ | ૧૧૧૧ | ૯૩૫૧ | |
| ૫ | ભરૂચ | ૧૪૧૭૩ | ૯૧૭૦ | ૩૮૭૪ | ૪૬૦૭ | ૨૬૪૭ | ૨૧૮૦ | ૧૫૧૯ | ૨૬૫૭ | ૭૬૧૦ | ૪ |
| ૬ | ભાવનગર | ૫૮૦૦ | ૮૨૫ | ૩૦૭૬ | ૩૩૯ | ૩૯૬૮ | ૩૪૩ | ૫૬૫૯ | ૨૦૦ | ૧૧૯૩૧ | |
| ૭ | દાહોદ | ૬૯૨૨ | ૪૪૫૦ | ૦ | ૯૦ | ૦ | ૦ | ૧૫૦૩ | ૧૨૨૦ | ૨૭૮૭ | ૨ |
| ૮ | ડાંગ–આહવા | ૨૮૬૨ | ૧૫૫૫ | ૧૨૬૬ | ૦ | ૧૩૮૨ | ૦ | ૬૮૦ | ૦ | ૬૪૯ | |
| ૯ | ગાંધીનગર | ૨૨૫૪ | ૨૮૪ | ૪૪૨૧ | ૩૪૨ | ૩૦૪૨ | ૬૮૩ | ૩૩૧૦ | ૬૯૯ | ૫૭૧૯ | ૧ |
| ૧૦ | જામનગર | ૮૭૩૯ | ૧૯૭૪ | ૧૪૩૨૫ | ૨૫૧૯ | ૧૬૩૯૭ | ૧૪૩૭ | ૬૨૯૦ | ૬૯૫ | ૭૪૩૬ | |
| ૧૧ | જુનાગઢ | ૨૪૫૨૦ | ૪૨૧૫ | ૧૮૩૪૦ | ૨૩૮૮ | ૭૪૧૦ | ૫૧૨ | ૭૪૮૪ | ૧૮૫ | ૮૧૬૯ | |
| ૧૨ | કચ્છ–ભૂજ | ૪૧૯૫ | ૨૨૫૪ | ૩૮૭૦ | ૧૩૫૬ | ૧૨૯૬ | ૩૫૨ | ૩૧૫૬ | ૧૧૬૧ | ૧૭૦૧ | ૧ |
